Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वर्ष २८ मुं
ग्रंथांक
३२१थी३२४

विविध ग्रंथमाळा

सं० २००५
आषाढथी
आश्विन

સારાં પુસ્તકો વાંચવાં, વંચાવવા પ્રેરવા,
એ સજ્જનોનું ભૂષણ છે.

सामाजिक टूंकी वार्ताओ

ग्रंथ ६ ठ्ठो-भाग ११ मो

વાર્ષિક મૂલ્ય રૂ. ૫), પોસ્ટેજ માફ.

સંપાદક: ભિક્ષુ અખંડાનંદ

प्रसिद्धिस्थान-सस्तु साहित्य वर्धक कार्यालय

अमदावाद
ભદ્ર પાસે

મૂલ્ય રૂપિયા ૨)

मुंबई-२
કાલબાદેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

माजिक टूंकी वार्ताओ ग्रंथ ६ ठ्ठो

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ....

पञ्जिका-संख्या ....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

... कांगड़ी

" વિવિધ ગ્રંથમાળા " સળંગ અંક ૩૨૧ થી૩૨૪, વર્ષ ૨૮મું. સં. ૧૯૯૫

सामाजिक टूंकी वार्ताओ

ग्रंथ ६ ठ्ठो–भाग ११ मो

([illegible]) ૧૯૯૬

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी

संपादक अने प्रकाशक : भिक्षु अखंडानंद

અમદાવાદ અને મુંબઈ–૨

CHECKED 1973
Initial

આવૃત્તિ ૧લી, પૃષ્ઠ ૭૨૦, પ્રત ૫૫૦૦, સંવત ૧૯૯૬
મૂલ્ય રૂપિયા ૨), માર્ગવ્યય જુદું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમદાવાદ-"સસ્તુ સાહિત્ય મુદ્રણાલય" માં
ભિક્ષુ અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी

प्रकाशकनुं निवेदन

આ " ટૂંકી વાર્તાઓ–ગ્રંથ છઠ્ઠો " વિવિધ ગ્રંથમાળાના ૨૮ મા વર્ષ સંવત ૧૯૯૫ના સળંગ ગ્રંથાંક ૩૨૦ થી ૩૨૪ રૂપે અને છેલ્લા પુસ્તક તરીકે પ્રસિદ્ધ થાય છે.

આ પ્રકારની વાર્તાઓના સંગ્રહના અગાઉ પાંચ ગ્રંથ ' વિવિધ ગ્રંથમાળા ' દ્વારા પ્રસિદ્ધ થઇ ચૂકેલા છે; અને તેની ઉપયોગિતા વધુ જણાવાથી આ છઠ્ઠો ગ્રંથ પ્રસિદ્ધ થાય છે. વાર્તાઓની પસંદગીમાં અત્ર તરફનો હેતુ અને ધોરણ વિષે અગાઉના ગ્રંથોમાં જણાવાયલું છે; એટલે આ સ્થળે એટલું કહેવું બસ થશે કે આ ગ્રંથમાં મજૂર, ખેડૂત, વગેરે પીડિતવર્ગની દુર્દશાનો આબેહૂબ ચિતાર રજૂ કરતી વાર્તાઓ શરૂમાં અપાઈ છે, તે પછી કેટલાક ધાર્મિક પ્રસંગોને ચર્ચતી વાર્તાઓ અપાઇ છે અને છેવટે કેટલાક ઉપયોગી લેખોનો સંગ્રહ આપવામાં આવ્યો છે.

આમાં સંગ્રહાયેલી પ્રત્યેક વાર્તા સાથે તેના લેખકનું નામ, તે વાર્તા જેમાંથી લેવાઇ છે તે પત્રનું નામ અને પ્રકટ થયા તારીખ વગેરે બનતા સુધી અપાયું છે. આ સ્થળે તે તે સર્વ લેખક, અનુવાદક અને પ્રકાશક સજ્જનોનો આભાર માની કહેવાનું કે, આ વાર્તાઓમાં જે કાંઈ ઉપકારકતા અને ઉપયોગિતા જણાય તે માટે વાંચનાર બંધુઓના પુણ્ય અને કૃપાના અધિકારી તો તે તે લેખકો, અનુવાદકો અને પ્રકાશક બંધુઓ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પુસ્તક સાથે આ સંસ્થાનું વસિયતનામું તથા બીજા લેખોનું એક નાનું પુસ્તક મોકલવામાં આવ્યું છે; તે સંબંધી ગ્રાહક-સજ્જનોનું ધ્યાન ખેંચી જણાવવાનું કે, આ સેવકની હયાતી સુધી તો ઈશ્વરેચ્છાએ આ સંસ્થા ચાલ્યા કરશે અને હયાતી બાદ ટ્રસ્ટીઓને સંસ્થા આટોપી લેતાં સહેજે ચારપાંચ વરસ નીકળી જશે. એટલે એકંદરે આઠદશ વરસ સુધી તો સંસ્થા ચાલશે; અને તે ચાલુ હશે ત્યાંસુધી ઈશ્વરેચ્છા તો ‘ વિવિધ ગ્રંથમાળા ’ પણ ચાલ્યા કરશે; તેથી ગ્રાહકોએ નવા વરસનું લવાજમ મોકલવામાં અથવા વી. પી. આવે તે સ્વીકારી લેવામાં કંઇ હરકત સમજવી નહિ.

પૃષ્ઠ ૧૬ ઉપર શુદ્ધિપત્ર અપાયેલું છે, તે મુજબ ગ્રંથ સુધારી વાંચવો ઘટે.

આ પછી વિવિધ ગ્રંથમાળાના ગ્રાહકો માટે અગત્યની સૂચના અપાઈ છે, તે તરફ ગ્રાહક સજ્જનોનું ધ્યાન ખેંચી **हरिः ॐ तत् सत्**

માગશર સુદિ ૧૫
સંવત ૧૯૯૬.

—ભિક્ષુ અખંડાનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विविध ग्रंथमाळानो पृष्ठमेळ सं. १९९५

" વિવિધ ગ્રંથમાળા "ના સંવત ૧૯૯૫ના અઠ્ઠાવીસમા વર્ષમાં ૫×૭ાના કદનાં અપાયેલાં પુસ્તકોનો પૃષ્ઠમેળ નીચે મુજબ છેઃ—

ગ્રંથાંક	પુસ્તકનું નામ	પૃષ્ઠ	મૂલ્ય
૩૧૩ થી ૩૧૬	આખ્યાનમાળા ભાગ ૨ જો	૭૨૦	રૂા. ૨)
૩૧૭ થી ૩૨૦	તુકારામ-ગાથા-ગ્રંથ ૧ લો	૮૯૬	રૂા. ૨ા
૩૨૧ થી ૩૨૪	ટૂંકી વાર્તાઓ-ગ્રંથ છઠ્ઠો	૭૨૦	રૂા. ૨)
૩૨૪ નો વધારો.	વસિયતનામું	૬૪	

કુલ પૃષ્ઠ ૨૪૦૦, રૂા. ૬ા

પુસ્તકના ઘટેલા કદના હિસાબે એકંદરે પૃષ્ઠ ૨૩૦૦)નું વાચન આપવાથી ચાલી શકે એમ હતું; પરંતુ અગાઉ જાહેર થયા પ્રમાણે પૃષ્ઠ ૨૪૦૦ અપાયાં છે તેમાં ઈશ્વરેચ્છાજ સમજવી.

ગ્રંથમાળામાં અગાઉથી પૈસા ભરી ગ્રાહક થનાર માટે વાર્ષિક લવાજમ રૂા. ૫) અને આફ્રિકા ઇત્યાદિ પરદેશો માટે લવાજમ રૂપિયા ૮) અથવા શિલિંગ ૧૨) છે; અને પોસ્ટેજ માફ છે. વર્ષની અધવચમાં ગમે ત્યારે પણ ગ્રાહક થઈ શકાય છે અને બહાર પડેલાં પુસ્તકો ગ્રાહક થતી વખતે અપાઈ બાકીનાં નીકળે તેમ તેમ ગ્રાહકોને તેમના સરનામે બુકપોસ્ટથી મોકલી આપવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધ ગ્રંથમાળાના ગ્રાહકો પ્રત્યે

હવે નવા આવેલા મુદ્રણયંત્રની સગવડને લીધે સંવત ૧૯૯૫ની સાલથી વિવિધ ગ્રંથમાળામાં અપાતાં પુસ્તકોનું કદ ઈંચ ૫×૯નું બદલીને ૫×૭ાનું રાખ્યું છે. આ બાબત સંવત ૧૯૯૫ ના પહેલા પુસ્તક 'આખ્યાનમાળા-ગ્રંથ ૨જા'માં જણાવી દીધી હતી અને પૃષ્ઠ ૨૦૦૦ થી ૨૪૦૦ સુધીનું વાચન આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું; પરંતુ તેમાં સો પાનાની શરતચૂકથી ભૂલ થયેલી છે; કારણકે ઉપર મુજબ કદના ફેરફારથી લંબાઇમાં લગભગ ⅙ જેટલું કદ ઘટવાથી પૃષ્ઠ સંખ્યામાં ૩૦૦નો વધારો થવો જોઇએ; એ હિસાબે અગાઉ જે ૫×૯ ના કદમાં ૧૬૦૦ થી ૨૦૦૦ પૃષ્ઠનું વાચન અપાતું હતું તેને બદલે હવે ૧૯૦૦ થી ૨૩૦૦ પૃષ્ઠનું વાચન આપવાનું રાખ્યું છે.

હાલ યુરોપમાં ફાટી નીકળેલી લડાઇને લીધે કાગળો વગેરેના ભાવ લગભગ દોઢા થઇ ગયા છે. આ કારણથી વાર્ષિક મૂલ્યમાં વધારો કરવાની અથવા પૃષ્ઠસંખ્યામાં ઘટાડો કરવાની જરૂર પડત; પરંતુ વાચકવર્ગના પુણ્યયોગે ચાલુ વર્ષ માટે કાગળો અગાઉના ભાવથી મળવાનું નક્કી થઇ ગયેલું હોવાથી હાલ એમ કરવું પડયું નથી. આગળ ઉપર ઈશ્વરેચ્છાએ બને તે ખરૂં.

પુસ્તકોની બાંધણીમાં પરદેશી છીંટને બદલે જો શુદ્ધ ખાદી વાપરવામાં આવે, તો તે અહિંસાની દૃષ્ટિએ પણ ઉત્તમ છે. બીજી બાજુ પરદેશી છીંટ કરતાં ખાદી લગભગ બમણી મોંઘી હોવા ઉપરાંત તેનાં પૂઠાં બનાવવામાં વિશેષ મહેનતમજૂરી પડે છે. આ બધો વિચાર અને ગણતરી કરી જોઇને એમ નક્કી કરવામાં આવ્યું છે કે, વિવિધ ગ્રંથમાળાનાં પુસ્તકો પરદેશી સળંગ છીંટનાં બાંધવાને બદલે હવે સવંત ૧૯૯૬થી બોર્ડપટ્ટીમાં બાંધેલાં આપવાં અને એમાં શુદ્ધ ખાદીની પટ્ટીનોજ ઉપયોગ કરવો. એમ કરવાથી પરદેશી છીંટના હિસાબે આવતું ખર્ચ લગભગ સરખું થઇ રહે છે.

—ભિક્ષુ અખંડાનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ग्रंथस्वीकार

નીચેનાં પુસ્તકોનો સાભાર સ્વીકાર કરી જણાવવાનું કે, આ સંસ્થા તરફ આવતાં પુસ્તકો વાંચી-વંચાવી અભિપ્રાયાદિ છાપવાનું ધોરણ રખાયું નથી; પરંતુ યોગાનુયોગ નીચે પ્રમાણે માત્ર પુસ્તકોનાં નામ, દામ, કદ, મૂલ્ય વગેરેજ જણાવાય છે.

૧-શ્રી ગીતાપ્રેસ-ગોરખપુરનાં પુસ્તકો:-

ભક્તરાજ હનુમાન—લેખક:-શ્રી. શાન્તનુ વિહારી દ્વિવેદી, કદ ૫×૭ાા, પૃષ્ઠ ૭૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦।–

સત્યપ્રેમી હરિશ્ચંદ્ર—લેખક:-શ્રી. શાન્તનુ વિહારી દ્વિવેદી. કદ ૫×૭ાા, પૃષ્ઠ ૫૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦।–

શ્રીભગવન્નામકૌમુદી—અનુવાદક:-પાંડેય રામનારાયણદત્ત શાસ્ત્રી, કદ ૫×૭ાા, પૃષ્ઠ ૨૯૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦ાાן

શ્વેતાશ્વતરોપનિષદ—સંપાદક:-શ્રી. હનુમાનપ્રસાદ પોદ્દાર, કદ ૫ાા×૯, પૃષ્ઠ ૨૬૦, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦ાાן

૨-શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય-અમદાવાદનાં પુસ્તકો

પરશુરામ (જીવનચરિત્ર)—લેખક:-શ્રી. ધૂમકેતુ, કદ ૫×૭ાા, પૃષ્ઠ ૩૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦)ן

કાળિયાર અને બીજી પ્રાણીકથાઓ (પ્રાણી-વાર્તાઓ)—લેખક:-શ્રી. મનુભાઈ જોધાણી, કદ ૫×૭ાા, પૃષ્ઠ ૧૯૨, પાકું પૂંઠું, મૂલ્ય રૂા. ૧ાા

ભવ્ય જગત (દુનિયાની અજાયબી ભરેલી ચીજોની હકીકત)—લેખક:-શ્રી. રમણલાલ નાનાલાલ શાહ, કદ ૫ાા×૭ાા, પૃષ્ઠ ૧૦૪, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦ાાן

તુલસીદાસ (જીવનચરિત્ર)—લેખક:-શ્રી. કીર્તિદા દીવાનજી, સંપાદક:-રમણલાલ નાનાલાલ શાહ, કદ ૫×૭ાા, પૃષ્ઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ૦)≈

વેરાયલાં ફૂલ—લેખકઃ-શ્રી. કપિલા ઠાકોર બી. એ, કદ ૫×૭ા, પૃષ્ઠ ૪૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ૦)≈

કેતકીનાં પુષ્પો (નિબંધો)—લેખકઃ-શ્રી. નવલરામ જગન્નાથ ત્રિવેદી, એમ. એ, કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૯૨, બોર્ડપટ્ટી, મૂલ્ય રૂ. ૧ાા

શરદબાબુની બાળવાતો—અનુવાદકઃ-શ્રી. રમણલાલ પી. સોની, કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૧૨, બોર્ડપટ્ટી, મૂલ્ય રૂ. ૧ાા

માનવ-દેહમંદિર—(શારીરિક-શાસ્ત્રની માહિતી) લેખકઃ-શ્રી દેસાઇભાઇ નાથાભાઇ પટેલ, કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૮૮, બોર્ડપટ્ટી, મૂલ્ય રૂ. ૧ા

૩-શ્રી આત્મજ્યોતિ પ્રકાશ પુષ્પમાળા-રાજકોટનાં પુસ્તકો

શ્રીરત્નચરિત્ર—લેખકઃ-એક આત્મીય જન, કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૧૨, સાદું પૂંઠું, મૂલ્ય છાપેલું નથી.

મુક્તાવલિ-પુષ્પ—લેખકઃ-વાસંતી, કદ ૫×૭ા, પૃષ્ઠ ૩૨, સાદું પૂંઠું, મૂલ્ય લખ્યું નથી.

એક મહાત્મા સાથેનો પરિચય—કદ ૫×૭ા, પૃષ્ઠ ૭૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ૦)≈

શ્રીરામસહસ્રમાળ—લેખકઃ-શ્રી. ઓધવજી શિવજી, કદ ૫×૭ા, પૃષ્ઠ ૬૬, સાદું પૂંઠું, મૂલ્ય છાપેલું નથી.

૪-અન્ય સજ્જનો તરફથી મળેલાં પુસ્તકોઃ-

શ્રીરામચંદ્ર દત્તનું જીવનવૃત્તાંત—લેખકઃ-શ્રી ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતા, કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૬૮, બોર્ડપટ્ટી, મૂલ્ય રૂ. ૦ાા

બાલ ગીતાજી (પદ્યમાં)—અનુવાદકઃ-શ્રી ફૂલચંદ ઝવેરચંદ શાહ, પ્રકાશકઃ-શ્રી. મધુસૂદન બાલુભાઇ ફૂલચંદ, ધોરા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોળ; નડિયાદ. કદ ૪।।×૫।।, પૃષ્ઠ ૧૧૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ०।

શ્રીસુદામાજી—(આખ્યાન) રચનાર:-શાહ ફૂલચંદ ઝવેરદાસ, પ્રકાશક:-શાહ બાલુભાઇ ફૂલચંદ, ઘોરાપોળ, નડિયાદ. કદ ૫×૩, પૃષ્ઠ ૩૦, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ०)॥

માતંગ-મોક્ષ—રચનાર:-શાહ ફૂલચંદ ઝવેરદાસ, પ્રકાશક:-શાહ બાલુભાઇ ફૂલચંદ, ઘોરાપોળ, નડિયાદ. કદ ૫×૭।।, પૃષ્ઠ ૩૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ०)॥

મશાલ—કર્તા:-સૈયદ પીરસાહેબ હુસેનઅલી, પ્રકાશક:-શફરૂદ્દીન અલાઉદ્દીન વજીફદાર, મલાવ ભાગોળે, પેટલાદ. કદ ૫×૭।।, પૃષ્ઠ ૯૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ०।।॥

વૈદક પારિજાત-ભાગ ૨ જો—લેખક:-વૈદ્ય ગોપાળજી કુંવરજી, સંપાદક:-આરોગ્યસિંધુ, નાનકવાડા, કરાંચી. કદ, ૫×૭।।, પૃષ્ઠ ૧૦૪, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ०।।

ઊભો અવધૂત—લેખક:-રંગ અવધૂત, પ્રકાશક:-શ્રી. અમૃતલાલ નાથાલાલ મોદી, મોટી સાંથ, નડિયાદ. કદ ૫×૭।।, પૃષ્ઠ ૨૪, સાદું પૂંઠું, મૂલ્ય રૂ. ०)-

દુ:ખ માત્ર ટાળવાનો રામબાણ ઉપાય—સંગ્રાહક અને પ્રકાશક:-શ્રી જેઠાલાલ ચુનીલાલ વકીલ. સાદરા, શ્રી. નવીનચંદ્ર મોતીલાલ શાહ, ફૂવાવાળી પોળ, શાહપુર, અમદાવાદ. કદ ૫×૭।।, પૃષ્ઠ ૬૪, બોર્ડપટ્ટી, મૂલ્ય રૂ. ०)॥

શ્રીસદ્‌ગુરુ સ્તવનમાળા તથા ગર્ભચિંતામણિ—પ્રકાશક:-શ્રીમતી મનીષા, ઠે. પંચવટી, નાશિક, કદ ૫×૭।।, પૃષ્ઠ ૬૮, સાદું પૂંઠું, મૂલ્ય છપાયેલ નથી.

પરમતત્ત્વવિલાસ—પ્રકાશક:-સદ્‌ગુરુ શંકર મહારાજ, ઉનાવા (સિદ્ધપુર), કદ ૫×૭।।, પૃષ્ઠ ૨૨૪, પાકું પૂંઠું, મૂલ્ય રૂ. ૧)

શ્રીશંકરવિલાસ—પ્રકાશક:-સદ્‌ગુરુ શંકર મહારાજ, ઉનાવા. (સિદ્ધપુર), કદ ૫×૭।।, પૃષ્ઠ ૪૩૦, પાકું પૂંઠું, મૂલ્ય રૂ. ૨।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વમોહન-કાવ્યમાળા—પ્રકાશક:-શ્રી. રામમોહનરાય, ઠે. ફૂવાવાળી પોળ, શાહપુર, અમદાવાદ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૩૩૬, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૨)

શ્રીપંચરત્ન વ્યાખ્યાનમાળા—લેખક:-શ્રી. સીતારામ શર્મા, પ્રકાશક:-શ્રી. નટવરલાલ શાસ્ત્રી, મુ. રૂપાલ, તાલુકા કલોલ. (ઉ. ગુજરાત), કદ ૫×૭॥, પૃષ્ઠ ૩૭૬, પાકું પૂંઠું, મૂલ્ય રૂા. ૨॥

નામજપનું મહત્ત્વ-ભાગ ૧ લો—ભા. ક:-શ્રી. ભોળાદત્ત ગણપતરામ શાસ્ત્રી તથા મૂળજી રણછોડ વૈદ. પ્રકાશક:-શ્રીરંગનાથ દત્તાત્રય રેગે, ગીરગામ, મુંબઇ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૧૨૪, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

ચતુર ચિંતામણિ—લેખક તથા પ્રકાશક:-શ્રી. ચતુરભાઈ કાળિદાસ પટેલ, મુ. સુંદણ, પો. અડાસ, વાયા-આણંદ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૨૪૪, પાકું પૂંઠું, મૂલ્ય રૂા. ૧)

રાસગંગા—રચનાર:-શ્રી ચંદ્રકાંત મંગળજી ઓઝા. પ્રકાશક:-શ્રી ભરત ચંદ્રકાંત ઓઝા, ભરતકુંજ, જગન્નાથ પ્લોટ, રાજકોટ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૮૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

કથાકુંજ—લેખક:-શ્રી. ચંદ્રકાંત મંગળજી ઓઝા. પ્રકાશક:-શ્રી ભરત ચંદ્રકાંત ઓઝા, ભરતકુંજ, ઠે. જગન્નાથ પ્લોટ, રાજકોટ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૩૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦।

કુંવરબાઈનું મામેરૂં—લેખક:-શ્રી ચંદ્રકાંત મંગળજી ઓઝા. પ્રકાશક:-શ્રી ભરત ચંદ્રકાંત ઓઝા, ઠે. ભાવનગરી દરબારી ઉતારા, રાજકોટ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૪૦, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦)≈

મંગળ ગરબાવલિ—લેખક:-શ્રી ચંદ્રકાંત મંગળજી ઓઝા, પ્રકાશક:-શ્રી ભરત ચંદ્રકાંત ઓઝા, ઠે. જગન્નાથ પ્લોટ, રાજકોટ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૩૪, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦)≈

શ્રીકૃષ્ણ-જન્મોત્સવ—કર્તા:-વ્યાસ કાળીદાસ ભીખાભાઇ, પટેલ ડાહ્યાભાઇ પ્રભુદાસ, ઠે. હાથીશાની પોળ, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદ ૫×૭ાા, પૃષ્ઠ ૩૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂા ૦)-

ઇશ્વરના લાડીલા—સદ્‌ગુરુ શ્રી શંકર મહારાજ, મુકામ ઉનાવા. પ્રકાશકઃ-પટેલ પુરુષોત્તમદાસ ઇશ્વરદાસ, પટેલ ચંપકલાલ જેચંદભાઈ, અમદાવાદ. કદ ૫×૭ાા, પૃષ્ઠ ૪૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦)=

અમૃતરસ પ્યાલો—પ્રકાશકઃ-અમૃતલાલ નાગજી વખારિયા, દીવાનચોક, જૂનાગઢ (કાઠિયાવાડ). કદ ૫×૭ાા, પૃષ્ઠ ૨૩૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧)

સંધ્યાસુમન—લેખકઃ-નિત્યાનંદ વેદાલંકાર. પ્રકાશકઃ-શ્રી ગુરુકુલ વિશ્વવિદ્યાલય, કાંગડી. કદ ૫×૭ાા, પૃષ્ઠ ૧૩૦, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧ા

ભવાનીદયાળ સંન્યાસી (અંગ્રેજી)—લેખકઃ-શ્રી. પ્રેમનારાયણ અગરવાલ એમ. એ, પ્રકાશકઃ-ધી ઇંડિયન કોલોનિયલ એસોસિયેશન અજીતમલ, કદ ૫ાા×૯, પૃષ્ઠ ૨૪૦, પાકું પૂંઠું, મૂલ્ય રૂા. ૧ાા

પુસ્તકાલય પ્રવૃત્તિ-ભાષણ અને લેખો-ભાગ ૨ જો—સંચય કર્તાઃ-વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ, પ્રકાશકઃ-શ્રી પુસ્તકાલય સહાયક સરકારી મંડળ લિ. વડોદરા. કદ ૫ાા×૯, પૃષ્ઠ ૪૬૦, બોર્ડપટ્ટી, મૂલ્ય રૂા. ૧ા

શ્રીરામચરિત્ર માનસ-ચિત્રાવલિ—પ્રકાશકઃ-શ્રીરામચરિત્ર માનસ સત્ર વ્યવસ્થાપક મંડળ, ઠે. શ્રી સંતરામ મંદિર, નડિયાદ. કદ ૫×૭ાા, પૃષ્ઠ ૧૬, સાદું પૂંઠું, મૂલ્ય લખ્યું નથી.

શ્રીઇશાવાસ્યોપનિષદ—પ્રકાશકઃ-શ્રી સંતરામ મંદિર નડિયાદ, કદ ૫×૭ાા, પૃષ્ઠ ૧૬, સાદું પૂંઠું, મૂલ્ય લખ્યું નથી.

સંધ્યા—લેખકઃ—શ્રી. પ્રભાશંકર નરભેરામ વ્યાસ, પ્રકાશકઃ-પ્રગતિ મંદિર વિશ્વજ્યોતિ કાર્યાલય, અડાજણ, કદ ૫×૭ાા, પૃષ્ઠ ૧૯૨, સાદું પૂંઠું, મૂલ્ય લખ્યું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫–નીચેનાં પુસ્તકો વિના મૂલ્યે અથવા પડતર કરતાં પણ ઓછા મૂલ્યે પ્રસિદ્ધ થયેલાં છે:—

નવી ભક્તમાળ—અનુવાદક:–શ્રી. વલ્લભજી ભાણજી મહેતા, પ્રકાશક:–શ્રી. રણછોડદાસ માણેકચંદ અડાલજા, કદ ૫×૭ા, પૃષ્ઠ ૪૯૨, પાકું પૂંઠું, મૂલ્ય રૂા. ૦ા≈. આ પુસ્તક પડતર કિંમત કરતાં પણ ઓછા મૂલ્યે પ્રસિદ્ધ થયું હતું અને તેની શુમારે ૫૦૦) પ્રત આ સંસ્થા મારફત વેચાઈ હતી. હાલ તે ખલાસ થવાથી મળતું નથી.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા—છપાવનાર:–રમણલાલ લલ્લુભાઇ, ઠે. મોતીબાગ એલિસબ્રીજ, અમદાવાદ. કદ ૫×૭ા, પૃષ્ઠ ૩૮૪ બોર્ડ પટ્ટી, અમૂલ્ય.

યોગદર્શનમ્—અનુવાદક:–ડા. ભાઇલાલ બાવાજી પટેલ, ભાદરણ. કદ ૫ા×૯, પૃષ્ઠ ૧૯૬, પાકું પૂંઠું, મુમુક્ષુઓ-ને અભ્યાસાર્થે ભેટ.

ન્યાયદર્શનમ્—આચાર્ય પં૦ મયાશંકર પ્રણીત ગુજરાતી ન્યાયાર્થ પ્રકાશ નામક ભાષ્ય સહિત, પ્રકાશક:–મેને-જીંગ ટ્રસ્ટી સૂરજી વલ્લભદાસ, કદ ૫ા×૮ાા, પૃષ્ઠ ૫૪૪, પાકું પૂંઠું, મુમુક્ષુઓને અભ્યાસાર્થે ભેટ.

૬–રિપોર્ટ–વૃત્તાંત ઇત્યાદિ:—

ખાનકૂવા સેવામંડળની ચાલુ પ્રવૃત્તિઓનો ટૂંક અહેવાલ.

શ્રીરામકૃષ્ણ આશ્રમ–રાજકોટનો બારમા વર્ષનો ટૂંક અહેવાલ–સને ૧૯૩૮

સ્વરાજ્ય આશ્રમ વેડછી–સને ૧૯૩૮ નું વાર્ષિક નિવેદન.

મુંબાઈ ગોગ્રાસ ભિક્ષા સંસ્થાનો ત્રણ વર્ષનો–તા. ૧–૮–૩૪ થી તા. ૩૧–૭–૩૭ સુધીનો રિપોર્ટ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अनुक्रमणिका

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક
૧	ટાંગાવાળો	૧
૨	પુરસ્કાર	૧૨
૩	હૃદયપલટો	૨૦
૪	સડક બાંધનાર	૩૬
૫	જીવન-સંધ્યા	૪૯
૬	વેઠ	૫૮
૭	ગરીબોનો પૂજારી	૬૮
૮	એ આક્રન્દ	૭૯
૯	ખૂની માતા	૮૯
૧૦	છગનનો આનંદ	૯૩
૧૧	ખૂની	૧૦૨
૧૨	ઘોર અંધારું	૧૧૦
૧૩	દેશવટો	૧૧૭
૧૪	માધાની નોકરી	૧૩૧
૧૫	મિલની નોકરી	૧૪૧
૧૬	હડતાલ	૧૪૯
૧૭	શહેરની કમાણી	૧૫૯
૧૮	નવો અવતાર	૧૬૫
૧૯	એ આવાઝ...	૧૭૬
૨૦	હોટેલવાળો ને દૂધવાળાં	૧૮૭
૨૧	એ દશ્યો	૧૯૩
૨૨	શાહુકારી સિતમ	૧૯૮
૨૩	શેઠજી! મહેરબાની કરો!	૨૦૪
૨૪	દરવાન	૨૧૧
૨૫	શોફર	૨૨૬
૨૬	હિમ પડ્યું	૨૩૭
૨૭	અમલદારના અગ્નિકુંડમાં	૨૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮ મંગુ ૨૫૮
૨૯ ક્રાન્તિની જ્યોતિર્ધર ૨૬૯
૩૦ રાધા ૨૮૪
૩૧ કુહાડીના હાથા ૨૯૨
૩૨ માતૃપ્રેમ ૨૯૬
૩૩ વશરામ રાજગર ૩૦૦
૩૪ લોહીથી લખાયેલા શબ્દ ૩૦૫
૩૫ આવરણુના થર ૩૧૦
૩૬ દગાબાજી ૩૧૪
૩૭ ઝુંઝારકાકા ૩૧૮
૩૮ પાંચસો સાક્ષી ૩૨૧
૩૯ વિઠ્ઠુ હવાલદાર ૩૨૪
૪૦ લાયબ્રરી ૩૨૭
૪૧ પાંચો ભરવાડ વાંચવા માંડે છે ૩૩૨
૪૨ દુનિયાનો દરદી ૩૪૦
૪૩ બલિદાન ૩૪૫
૪૪ તલ્લ-સાંકળી... ... ... ૩૫૨
૪૫ રાધામાંથી રશીદા ૩૫૮
૪૬ એક પતિતાની આત્મકથા ૩૭૧
૪૭ ઝઘડાઓનું મૂળ ૩૮૦
૪૮ જીવલેણ ગાડું ૩૮૫
૪૯ અધૂરો આપઘાત ૪૧૨
૫૦ જમની વાર્તા ૪૨૧
૫૧ એક જર્મન અને એક અંગ્રેજ ૪૩૩
૫૨ રામકી ૪૪૫
૫૩ ગ્રામસેવા ૪૫૪
૫૪ ગ્રેજ્યુએટ ૪૬૮
૫૫ જીવન-દીપક ૪૭૪
૫૬ શા માટે? ૪૮૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૭	દુઃખી મા	૪૯૮
૫૮	સમુની સુવાવડ	૫૦૭
૫૯	ગરીબાઈ	૫૨૪
૬૦	વેદાન્તવિષયક વાર્તા	૫૩૧
૬૧	ચાના બગીચામાં	૫૪૮
૬૨	સતી	૫૫૯
૬૩	અણઉકલ્યો પ્રશ્ન	૫૬૯
૬૪	હોલો ભગત...	૫૭૯
૬૫	ફૂટેલી ચલમની આત્મકથા	૫૮૪
૬૬	ચોર કોણ ?...	૫૮૭
૬૭	મોટાની વાણી	૫૯૦
૬૮	રાજાની ભેટ...	૫૯૨
૬૯	ઇન્સાફ	૫૯૬
૭૦	રામલો સાથી	૫૯૮
૭૧	આગળ બુદ્ધિ વાણિયો	૬૦૯
૭૨	મશ્કરી !	૬૧૯
૭૩	તૂમ તાના.......ના.......!	૬૨૫
૭૪	ક્રોડ પચાસે કાગબાઈ...	૬૩૫
૭૫	સ્વાતંત્ર્યની શોધમાં	૬૫૫
૭૬	બે જીવતાં પુસ્તકો	૬૬૫
૭૭	પ્રણાલિકાની પેલી પાર	૬૭૦
૭૮	ખાતરનો ગૃહઉદ્યોગ	૬૭૭
૭૯	દાનની દિશા	૬૮૨
૮૦	જીવનચરિત્રો અને તેનું વાચન	૬૮૪
૮૧	માર્ક્સનું આત્મનિવેદન	૬૮૮
૮૨	બગાસું	૬૯૦
૮૩	મંત્રશક્તિ	૬૯૩
૮૪	શેરડીના અદ્દ્ભુત ગુણ	૬૯૫
૮૫	લીંબડાના વૃક્ષના નાશના ભણકારા	૬૯૯
૮૬	કેટલુંક જાણવા જેવું	૭૦૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧	૬	એનાં	એના
૪	૧૨	નાખ્યો	નાખ્યું
૪	૨૩	ઘે ડાએ	ઘોડાએ
૧૪	૧૫	શકીયે	શકીએ
૨૩	૭	બેલગામમાં	બેલગામ
૪૯	૯	સ્નાનગ્રહ	સ્નાનગૃહ
૧૨૦	૨૪	વગેર	વગેરે
૧૫૩	૧૦	કુંઠે	કુંઠે
૧૫૯	૧૮	સા	સૌ
૧૭૫	૧૫	કેળવણુ	કેળવણી
૨૩૧	૨૪	વના	વિના
૨૪૦	૬	ધળીએ	ધૂળીએ
૨૪૯	૨૨	ધળીના	ધૂળીના
૨૫૨	૩	ગ્રહસંસાર	ગૃહસંસાર
૨૫૫	૨૩	માલક	માલિક
૨૭૯	૨૨	શીવ	શિવ
૩૧૦	૧૫	પુછાવ્યું કરાવી	પુછાવ્યું
૩૫૦	૬	સ્વભાવિકજ	સ્વાભાવિકજ
૩૮૨	૨૬	પ્રગાત	પ્રગતિ
૪૧૮	૨૧	ધ્રસકું	ધ્રુસકું
૪૧૯	૧૭	અ વે	આવે
૪૯૧	૧૩	વાયે	વાએ
૫૨૯	૬	ભર્તુંહાર	ભર્તૃહરિ
૬૨૩	૧૫	શંગાર	શૃંગાર

પૃષ્ઠ ૨૮૬, લીટી ત્રીજી ૨૬ કરવી અને તેજ પાન ઉપર આવેલી ૨૬ મી લીટી પાન ૨૮૧ મેં બીજી લીટીની આગળ (ઉપર) વાંચવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सामाजिक टूंकी वार्ताओ

ग्रंथ ६ ठ्ठो

૧–ટાં ગા વા ળો

(મૂળ લેખકઃ–શ્રી. જનાર્દન રોય)

આખો દહાડો ટાંગો ચલાવી, રખડાવીને થાકી લોથપોથ થઈ ગયેલો દગડુ ઘેર આવ્યો. એનાં ઘોડાયે આજે મરૂં કે કાલે મરૂં એવી અવસ્થાએ પહોંચી રહ્યા હતા. એ ત્રણે હાડપિંજર–શરીરમાં ધમણની જેમ શ્વાસ ચઢી રહ્યો હતો. થાકેલા એક ઘોડાનો થાક ઉતારવા દગડુ માલિશ કરી રહ્યો હતો. ચારે તરફ પાપની કાલિમા જેમ અંધકાર છવાયો હતો. દગડુ જ્યારે પરસેવાથી તરબોળ થઇ ગયો હતો, ત્યારે લક્ષ્મીએ કહ્યુંઃ "બીજા ઘોડાનીયે માલિશ કરવાની છે, શું એકજ ઘોડાની માલિશ કરતાં શરીર થકવી નાખવું છે?"

દગડુએ ભરાયેલા સાદે ઉત્તર આપ્યોઃ "આ લાલ ઘોડો ન હોત તો આજે ચાર આના પણ મળત નહિ, અને સફેદ ઘોડો તો હરામખોરજ નીવડ્યો છે; અભાગિયો ચાલતાં ચાલતાં રસ્તામાં ઊભો-ડું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ થઇ જાય છે. કોઇ પણ પ્રકારે ચાલેજ નહિ. માંડ માંડ એક રૂપિયાનો મેળવેલો ભાડૂત ચિડાઇને ગાડીમાંથી ઊતરી ચાલતો થયો."

લક્ષ્મીએ દીવો કરતાં કહ્યું: "કોઇ લેનાર હોય તો વેચી કેમ નાખતા નથી?"

"વેચી નાખું! અને પછી કરીશ શું? તું છે ને છોકરાઓ પણ છે, કમાઇશ નહિ તો ખવરાવીશ ક્યાંથી? અને માની લે કે, હું સફેદને વેચી નાખું, તો બીજો ટટ્ટુ જોઇશે ખરોને?"

"એને વેચી નાખતાં થોડીક રકમ મળશે, અને બાકીની રકમ ઉધાર લઇ લેવી. ભાગ્ય સારાં હશે-જો ભગવાનને સારૂંજ કરવું હશે, તો બધું સારૂં થઇ જશે." લક્ષ્મીએ શાંતિથી ઉત્તર આપ્યો.

સફેદ ટટ્ટુને હાથે ધકેલતાં દગડુએ કહ્યું: "ઉધાર માંગવાની વાતજ ના કરતી. ફરીને એ બેઇમાન ધીરનારને પગે પડું કે? જો માત્ર પચાસનું કરજ કર્યું નહોત, તો આજે એવા દિવસજ ન આવત. કોણ જાણે તને ટાંગાનો શો શોખ થઇ આવ્યો-રોજ રાત્રે હઠ કરીને મને ટાંગો લેવા વિવશ કર્યો. બાપદાદાએ આપેલું ખેતર હતું. થોડું ઘણું સુખેદુ:ખે બેઠી ખાતા હતા; પરંતુ એ ખેતર ગીરો મૂકી ટાંગો લીધો, અને હવે તો માનું દૂધ યાદ આવે છે."

લક્ષ્મીની આંખમાં વિવશતા ઝળકવા લાગી. આંસુઓના રૂપ-માં હૃદયની નિર્બળતા વહેવા લાગી. આજે એક વર્ષ થયાં લક્ષ્મી-ની હઠને લીધે દગડુએ પોતાનું ખેતર ગીરો મૂકી ટાંગો લીધો હતો; પરંતુ હવે ભાગ્યની અકૃપાને લીધે ટાંગો ભારે પડી ગયો હતો.

દગડુ ઊઠતાંબેસતાં લક્ષ્મીને મ્હેણાંટોણાં મારવા લાગ્યો: "તારેજ કારણે મારૂં હર્યુંભર્યું ખેતર ગયું." આ વાક્ય લક્ષ્મીના જિગરમાં તીરની જેમ ભોંકાતું, પણ એ બિચારી શું કરે? જીવ બાળી બેસી રહેતી. જીવનમાં એણે ગરીબી સાથે મૈત્રી કરી હતી. અત્યંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાતર થઇને એ બોલી: "હવે શું થશે?"

"શું થશે!" દગડુએ જવાબ આપ્યો. "આવતી કાલે બજાર-માં જઈ ટાંગાનું લિલામ કરીશ. બે ઘોડાંનો ટાંગો છે, ઓછામાં ઓછા પચાસ સાઠ રૂપિયા તો મળી જશે. એ રકમ એના માથે મારીને કહીશ કે મારૂં ખેતર પાછું દે!"

લક્ષ્મી શાંતિનો શ્વાસ લઇને ઘોડાને ગોઠામાં બાંધવા ગઇ. લક્ષ્મીના ગયા પછી દગડુએ સતર્ક થઇને આજુબાજુ જોયું અને ધોતિયામાંથી એક સુંદર મનીબેગ કાઢી. એના હાથ ધ્રૂજી રહ્યા હતા અને વ્યાપી રહેલા અંધકારમાં હજારો આંખો એને જોતી દેખાતી હતી. એણે એ ઉઘાડવાનો પ્રયત્ન કર્યો, પરંતુ નિષ્ફળ ગયો; કારણકે એ મનીબેગની એના માટેની વિચિત્ર ચાવીઓએ એને મૂંઝવ્યો.

થોડા વખત સુધી એ વિચારતો રહ્યો. એના હૃદયમાં યુદ્ધ જાગ્યું હતું. ઉપદેશકનો ઉપદેશ એના કાને અથડાયો: "ચોરી કરવી એ પાપ છે! ચોરી કરનારાઓ નરકમાં ઘણું દુઃખ ભોગવે છે." ત્યારે બીજી બાજુએ વિઠ્ઠલની સફળતા એને આકર્ષી રહી હતી. વિઠ્ઠલ એક આંખે ઘોડાની પૂંછડી જોતો અને બીજી આંખે મુસાફરોના ખીસાં. પોતાની કુશળતાને લીધે જે કંઇ હાથમાં આવતું તે તફડાવી લેતો. તેઓ બંને જિગરજાન દોસ્ત હતા. પરંતુ એક ચોરીચપાટીથી નીતિ-ના નામે બીનારો, બીજો દુનિયાની લીલીસૂકી જોઇને રીઢો થઇ ગયેલો વ્યવહારૂ હતો. એક પાપથી બીનારો અને બીજો પાપને ઘોળી પી જનારો હતો. આ બંને ટાંગાવાળા મિત્રો વચ્ચે પાપ અને પુણ્ય સંબંધે અવારનવાર વાદવિવાદ થયા કરતો હતો. પરિણામે બધા ટાંગાવાળા વિઠ્ઠલની તરફેણમાં જતા અને કહેતા કે, "દગડુભાઇ! વિઠ્ઠલે દુનિયા જોઇ છે; એનો અનુભવ સાચો છે. દુનિયામાં પાપ અને પુણ્ય જેવી વસ્તુજ નથી. ફાવ્યો વખણાય. દુનિયામાં ન્યાય અને ધર્મ કહેવા માટેજ સારા છે. વ્યવહારમાં એ બધા ઢોંગજ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દગડુ પોતાના આત્મવિશ્વાસ સાથે કહેતો: "જે દિવસે ન્યાય અને ધર્મને મૂકી દઇશું તેજ દિવસે આપણું આવી બન્યું સમજજો. ભગવાન ન્યાય અને ધર્મના આસન ઉપર બિરાજે છે. તમે ભલે ન માનો-હું તો માનું છું."

બીજા ટાંગાવાળાઓ દગડુની મશ્કરી કરતા અને તેને મૂંગો કરી નાખતાં. છેવટે બધાના સત્સંગથી અને ભારે ગરીબીએ દગડુની આસ્થા ડગી ગઈ. એણે પણ વિઠ્ઠલના પગલે ચાલવાનું સાહસ કર્યું. આજે સાંજે જ્યારે એક મારવાડીને તે ટાંગામાં બેસાડી બહાર હવા ખવરાવવા લઇ ગયો, ત્યારે ધીમેથી એના ખીસામાંથી 'મનીબેગ' તફડાવી લીધી. એ સમયે ભય ને ગ્લાનિએ એનું ગળું દાબી નાખ્યું; પરંતુ ધીમે ધીમે તર્કે જન્મ લઇને તેના આત્મજ્ઞાનને દાબી નાખ્યો. "આ લોકો હંમેશાં મોટરો ઉપર ફરે છે; તેઓ શું ધર્મના પૂતળાંઓ છે? જેઓ પશુઓની જેમ ખાઈ ખાઇને નાટક સિનેમાઓમાં જાય છે, ચકલા અને બજારોમાં ફરે છે; શું તેઓ ઈશ્વરના નામે બીનારા છે? શું ઈશ્વર એ બધું જોતો નહિ હોય? અહીં હું-અમે ગરીબો પરસેવો વહાવી વહાવી હાડપિંજર જેવા થઈ જઇએ છીએ, ધર્મ ધર્મ કહીને મરી જઇએ છીએ, છતાંયે અન્નના એકએક કોળિયા માટે તરફડિયાં મારીએ છીએ. રાતદિવસ સખ્ત મજૂરી કરીએ છીએ અને તેના પરિણામે માંડ માંડ સૂકો રોટલો મેળવીએ છીએ. વિઠ્ઠલને જુઓ, કેવી મજા કરે છે! આખા દિવસમાં ત્રણચાર રૂપિયા તો ટાંગો હાંકી મેળવી લે છે ને ઉપરથી ત્રણચાર રૂપિયા બીજા ઝડપી નાખે છે. એના અનેક ઘેડાઓ બબ્બે મહિનામાં મરી ગયાં, છતાંયે એનું જીવન તો સુખીજ છે અને હું ધર્મના નામે જીવનારો, ઈશ્વરથી ડરનારો ખેતર ખોઉં છું, ને ટાંગો મળ્યો તેયે તૂટ્યોફૂટ્યો, અને સફેદ ઘોડો તો અધવચ્ચેજ ઊભો રહી જાય એવો અડિયલ. આટલું બધું દુઃખ છતાંયે વાણિયાની ઉઘરાણી. અને માની લો કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ અનીતિનું કામ છે, તો શું મારા ન કરવાથી ધર્મની રક્ષા થવાની છે? ઉપદેશક વાત તો સારી કરે છે, પરંતુ પોતાનું વર્તન તેવું ક્યાં રાખે છે? ચોરી કરવાની ના પાડે છે, અને પોતે માંગવા જાય છે ત્યારે લોકોની આંખ ચોરી, તફડાવવાનું કદીયે ચૂકે છે કે? ધર્મના બંધનો અમારા જેવા ગરીબ માણસો માટેજ શા માટે? આ ઉપદેશકો ને માલેતુજાર શોષકો માટે કેમ નહિ? વિઠ્ઠલ ખરૂંજ કહે છે. અમો ગરીબ છીએ તેથી અમને ચોરી કરવાનો, ધાડ પાડવાનો અધિકાર છે. ન્યાય, દયા, ધર્મ એ બધી વસ્તુઓ તો લોહીમાં વૃક્ષારોપણ કરનારા મોટા પેટવાળાઓ માટે ઠીક છે."

બીજા દિવસ સુધી લક્ષ્મીની દૃષ્ટિમાંથી એણે મનીબેગ સંતાડી રાખી, છતાંયે એ નવોજ ખેલાડી હતો. બપોરે જ્યારે જમવા આવ્યો, ત્યારે દરવાજો બંધ કરીને લક્ષ્મીના હાથમાં મનીબેગ મૂકી દીધી: "જો એ શું છે?"

લક્ષ્મીએ આશ્ચર્યચકિત થઇને પૂછ્યું: "આ તો પૈસા રાખવાની અંગ્રેજી કોથળી છે. ક્યાંથી લાવ્યા?"

લક્ષ્મીએ પાકીટ ઉઘાડ્યું અને ઊંધું કર્યું. ખણખણાટ કરતા ચાંદીના અનેક મોટા ગોળ ટુકડા ખણખણી પડ્યા. તેની પાછળ પાછળ કાગળની એક નાની થોકડી સરકી આવી. દગડુ તૃષ્ણાપૂર્ણ આંખે તેને ગણવા લાગ્યો.

લક્ષ્મી દિગ્મૂઢ હતી. 'પાપ'નું ધન જોવા માટે એ ટેવાયેલી નહોતી. પરસેવાની કમાણી એના નયનોની શાંતિ હતી અને તેથીજ એને સમજતાં વાર ન લાગી કે એના ધણીએ ચોરી કરી છે.

દગડુએ ઉલ્લાસપૂર્ણ થઇ કહ્યું: "દસ દસની દસ નોટો છે અને ત્રીસ રોકડા છે. મેદાન મારી લીધું, જીત્યા. હવે આજે જઇને પુરણમલને કહીશ કે, "બેટમજી! મારૂં ખેતર મને પાછું દે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષ્મીએ તીવ્રતા સાથે કહ્યું: "આ રૂપિયા જ્યાંથી લાવ્યા હો ત્યાં મૂકી આવો અને ખબરદાર હવે પછી કોઇનું ખીસું કાતર્યું તો. એમ કરશો તો ઝેર ખાઇશ."

દગડુ ઘડીભર માટે દિગ્મૂઢ થઈ ગયો અને પછી સાહસ કરી-બોલ્યો: "પાપ-બાપ દુનિયામાં કહેવાનીજ વાતો છે; લક્ષ્મિ ! દુઃખના દિવસો સરળ રીતે કદીયે જતા નથી; અને દુનિયામાં જ્યારે પાપનીજ બાજી છે, ત્યારે પછી હું એકલો ધર્મના નામે મારૂં ગળું શા માટે વેતરાવું ? જો પાપપુણ્ય હોત, તો ટીનના જર્જરિત છાપરામાં દિવસો કાઢવા પડત નહિ. સૂકા રોટલા ખાઇ આંતરડાં બગાડવાં ન પડત. જેઓ ઊંધુંચત્તું કરે છે, તેઓ મોજ માણે છે. જો પુરણમલને ! લોકોનું ગળું ચૂસે છે ને લાખો ભેગા કરે છે."

લક્ષ્મી બોલી: "જો એમજ હોય તો મારે તમારૂં કંઇ કામ નથી. પાપની કમાણી ઉપર મારે જીવન જીવવું નથી."

દગડુ બોલ્યો: "સ્ત્રીઓમાં ધર્મની લાગણી તીવ્ર બનેલી હોય છે; કારણકે તેમની જવાબદારી પરિમિત રહે છે. દુનિયાના વ્યવહારની આંટીઘૂંટીમાં તેમને પડવું પડતું નથી." વળી થોડા વખત પછી એ બોલ્યો: "જો તને મારી સાથે નહિ બને તો શું તું બીજું ઘર માંડશે ? તારે વિચારવું જોઇએ કે આ કામ મેં કોના માટે કર્યું છે."

લક્ષ્મી માથું પકડી નીચે બેસી ગઈ. દગડુએ મૂછો તાણતાં કહ્યું: "બસ, હવે પોબારજ છે. ખૂબ લૂંટીશ ને ખૂબ મજા માણીશ, અને ઓ લક્ષ્મિ ! જો તું ધર્મના નામે રડ્યા કરવાની છે, તો હું વિઠ્ઠલના પંથે જનારો છું." એટલું કહી તે બહાર આવ્યો અને ઘોડાને ચાબુક મારી ચાલતો થઇ ગયો. લક્ષ્મી ઠંડા શ્વાસો ભરવા લાગી; ઘણું દુઃખ થતાં રડવા લાગી.

એક દિવસે દગડુ બેઠો બેઠો ચલમ પી રહ્યો હતો, એટલામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિઠ્ઠલ આવી બોલ્યો: "દગડુ, એક કામ કરશે ?"

દગડુએ કહ્યું: કહોને શું કરવાનું છે ?"

"જરા લક્ષ્મીને મારે ઘેર મોકલજે. મારો એક મિત્ર બિમાર પડ્યો છે. પરિચારિકા તરીકે કંઇ કરે તો ખરી."

દગડુએ કહ્યું: "મારી ના નથી, પણ એ માનશે નહિ."

"એવી તે કઇ સતી છે, જે મારે ઘેર આવતાં ગભરાય છે ? શું એ ભૂલી ગઇ જ્યારે........"

"બસ, ચૂપ રહે વિઠ્ઠલ, મેં મારી જિંદગીમાં તારી સાથે ભળીને થોડાઘણાં પાપો કર્યાં છે. તેમાં એક વધુ અત્યારેજ ઉમેરો થઇ જશે."

"એટલે ?"

"જીભ વધુ ઉઘાડશો તો જીવથી જશો." દગડુ વિઠ્ઠુની ઉદ્ધત વર્તણુંક અને લક્ષ્મી પ્રત્યેના કટાક્ષથી ઉત્તેજિત થઇ બોલ્યો.

એકાએક થયેલા અપમાનથી વિઠ્ઠલ ખિજવાયો. દગડુની ધમકી પોકળ નહોતી. એની પાછળ એક સ્ત્રી પ્રત્યેના પ્રેમનું બળ હતું. વિઠ્ઠલ સમજી ગયો, પરંતુ દગડુ આટલી હદે જશે એવું એણે ધાર્યું નહોતું. જીવનમાં અનેક સાથે મારામારીઓ કરી કરીને એણે પોતાનું શરીર કસી લીધું હતું; પરંતુ દગડુની ધમકીનો જવાબ આપવાનું સાહસ એનાથી કરાયું નહિ. દગડુના હાથમાં ચમકતો ચાકુ હતો.

"વિઠ્ઠલ, આજ સુધી મેં તારૂં અપમાન કર્યું નથી. જ્યારથી હું તારી ટોળીમાં ભળ્યો છું, ત્યારથી મેં તારા એકેએક શબ્દનું માન રાખ્યું. તેં કહ્યું તેમ કર્યા કર્યું, પરંતુ લક્ષ્મી સંબંધે કટાક્ષ મારાથી સહન નહિ થાય. એના જીવનના ભૂતકાળ સંબંધે પણ વ્યંગ હું સહન કરવાનો નથી; માટે કહું છું કે, અત્યારે ને અત્યારે ચાલ્યો જા." દગડુને શ્વાસ ચઢી રહ્યો હતો. ક્રોધની ચિન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગારી એની આંખમાંથી વર્ષવા લાગી. સિંહ સૂતો હતો, તેને વિઠ્ઠલે જાગૃત કર્યો અને હવે તે તેની ગર્જના સાંભળતો હતો.

વિઠ્ઠલની આખમાં લોહી ભરાઇ આવ્યું, મિત્રતાની લાલિમાં દૂર થઇ ગઇ. એની ઉસ્તાદીના બંધ ઢીલા થઇ ગયા. એ બોલ્યોઃ "યાદ રાખજે, જિંદગીભર માટે જેલની દીવાલો પાછળ ધકેલી દઇશ."

દગડુ અત્યારે પણ પાપી હતો. પાપકર્મોએ એનામાં ક્રોધનો અગ્નિ ચેતાવ્યો. તે દબાવાનું જાણતો ન હતો. ઠોકર ખાઇને સાવચેત થવાનું ભૂલી ગયો હતો. બળવાનને નમતું આપવાની એની વૃત્તિ ઊડી ગઇ હતી. વિઠ્ઠલની શક્તિની એણે અવગણના કરી. એની સત્તાનો સામનો કરી તે બોલ્યોઃ "જા, ચાલ્યો જા દુષ્ટ! તારી બહેન માટેજ ગમે તેવું બોલવા તૈયાર થયો. જા, નહિ તો જીવથી જશે."

ઘાયલ બનેલા સર્પની જેમ ફૂંફાડા મારતો વિઠ્ઠલ ચાલ્યો ગયો.

× × × ×

બીજા દિવસથી દગડુનો ટાંગો ખાલી આવવા લાગ્યો. કોઇ પણ મુસાફર એમાં બેસવા જાય કે તરતજ વિઠ્ઠલ તેને ઉશ્કેરતોઃ "ઘોડો સારો નથી. અધવચ ઊભો રહી જશે." દગડુ આનો કાંઇ પણ ઉત્તર દેતો નહિ.

ત્રીજાજ દિવસે સાંજે પુરણમલે આવીને કહ્યુંઃ "દગડુ, મારા પૈસા આપી દે. તારા ખેતરની રખેવાળી કરતાં હું તો હેરાન થઈ ગયો. તને પૈસા ધીર્યા, એ મહાપાપ કર્યું."

આખો દહાડો એકે મુસાફર એની ગાડીમાં બેઠો નહોતો; તેથી એ ખિજવાયલો હતો. એ બોલ્યોઃ "તારો હિસાબ કેટલો થયો છે? તેં મારા ખેતરની કેવી રખેવાળી કરી તે હું જાણું છું."

પુરણમલે હિસાબ કરીને કહ્યુંઃ "દસ આનાને હિસાબે પાંચ વર્ષના ૮૦ રૂપિયા લાવો, નહિ તો હું ખેતર હરરાજ કરી દઇશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારી પાસે અત્યારે તો કંઇ પણ નથી." દગડુએ કહ્યું.

"નથી તો હું શું કરૂં? તારૂં ઘરબાર લિલામ કરાવીને વસૂલ કરીશ." પુરણમલ ગુસ્સે થઇ બોલ્યો.

દગડુ બેઇજ્જતી થશે કે શું એ વિચારે ધ્રૂજી ગયો, ઊઠ્યો, અંદર ગયો અને દસ દસની આઠ નોટો લાવીને પુરણમલને આપી. પુરણમલે આશ્ચર્ય સાથે જોયું, આ ભિખારી પાસે આવી નવી નવી નોટો ક્યાંથી આવી? ક્યાંક હાથ માર્યો જણાય છે.

ત્યાંથી નીકળી એ ઘેર ગયો, જમી કરીને સીધો પોલીસના થાણે પહોંચ્યો, બોલ્યો: "સાહેબ નોટોની પાછળ કંઇ લખ્યું છે. આ નોટો મને દગડુએ આપી છે."

થાણાના અમલદારે વાંચ્યું. "સાહુચંદ ઝવેરી." એણે સિપાઇને બોલાવી કહ્યું: "સાહુચંદજીએ કરેલી ફરિયાદનો કંઈ પત્તો લાગ્યો કે?"

સિપાઇએ કહ્યું: "હજી સુધી પત્તો લાગ્યો નથી. નંબરો આવ્યા છે ને તપાસ ચાલુ છે."

અમલદાર ઊભો થઇ ગયો અને દગડુના મકાને પહોંચ્યો. એની સાથે ચાર સિપાઇઓ હતા.

દગડુ આનંદમાં મગ્ન હતો. તે પોતાના લીલા ખેતરનું સ્વપ્નું જોતો હતો, એટલામાં અમલદારે આવીને કહ્યું: "દગડુ! તારા જેવો ભલો ઈમાનદાર માણસ ચોરી કરે એ શરમની વાત છે!"

"સાહેબ, તમને મહિને દહાડે સો બસો મળે છે, એટલે બીજાને શરમની વાત કહો છો. વાણિયાનો જુલમ, મારવાડીનું કરજ અને ગરીબીના દુઃખમાંથી મને ફુરસદે મળતી નથી કે તમારી જેમ ધર્મ ને ઈમાનદારી તરફ પાછો ફરૂં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમલદારે હાથકડી પહેરાવી. "મને ઉપદેશ દેનારા, ચોર, હરામખોર, હવે તારી સ્થિતિનો વિચાર કર."

લક્ષ્મી દોડી આવી. અમલદારના મોઢે એક થાપટ મારી. એ ઉશ્કેરાઇ ગઇ હતી: "તમારી જીભને કાબૂમાં રાખો, અમે ગરીબ છીએ, એનો એવો અર્થ થતો નથી કે તમારા મોઢે ગમે તે સાંભળીએ. અમારા હાડમાંસથી તમારાં ખેતરો ફળદ્રૂપ બને છે; અને અમનેજ તમે દાબી નાખો છો." લક્ષ્મી અભણ હતી; પરંતુ એની જીભ પર કોઇનો અંકુશ નહોતો.

અમલદારે લક્ષ્મીને લાત મારી અને એના હાથમાંયે હાથકડી નંખાવી.

પતિપત્ની જોતજોતામાં પોલીસનાં કેદી બન્યાં.

"હવે ઘરની સંભાળ કોણ લેશે?" દગડુએ પૂછ્યું. "બાળબચ્ચાં ક્યાં રહેશે? તું જઇને માફી માંગી લે."

"હું માફી માગવાની નથી. પાપીઓને મસ્તક નમાવનારી હું બેશરમ નથી. હું તો ઇશ્વરની કૃપાને છાંયડે બેસીશ. તમારે માગવી હોય તો માગો માફી."

દગડુને ત્રણ માસની અને લક્ષ્મીને પંદર દિવસની સજા થઇ.

× × × ×

જેલની ભીંતોમાંથી છૂટીને દગડુએ લક્ષ્મીને ગળે ભેટાડી, છાતી સરસી ચાંપી અને કહ્યું: "લક્ષ્મિ, જેલમાં રહીને મેં મારાં પાપ ધોયાં. હવે ખેતર પર જઇએ, પરંતુ મને કહે આપણા ઘોડા ક્યાં છે?"

ખેતર તરફ ચાલતા ચાલતાં લક્ષ્મીએ કહ્યું: "મારી પાસે એક કંઠી હતી, તે વેચી ૩૦ રૂપિયા મેળવ્યા, તે પુરણમલને આપ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વિઠ્ઠલભાઇની કૃપાથી મને એક નોકરી મળી ગઇ—મહિને આઠ રૂપિયા અને ખાવાનું. બાકીના રૂપિયા વિઠ્ઠલભાઇએ આપ્યા હતા.

"વિઠ્ઠલ તારી પાસે આવ્યો હતો?" ઉશ્કેરાઇ જઇ દગડુ બોલ્યો.

"હા," લક્ષ્મીએ કહ્યું. "તમારા જેલમાં ગયા પછી એમને ખૂબ દુઃખ થયું. પુરણમલને એમણેજ ભડકાવીને પોલીસમાં મોકલ્યા હતા. તેઓએ આવીને મને કહ્યું: 'બહેન, તમે મારાં બહેન છો, હું તમારો ભાઇ છું.' તેમણે પશ્ચાત્તાપ કર્યો, મેં એનો સ્વીકાર કર્યો. ખેતરના ખતપત્રો એમણે છોડાવ્યા, એટલુંજ નહિ આપણા બાળકોની પણ દેખરેખ રાખી."

દગડુની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. વિઠ્ઠલ માટે એના હૃદયમાં સ્નેહ ઊભરાયો. એ ગળગળો થઇ બોલ્યો: "ગમે તેવો તોયે મિત્ર તે મિત્ર! ગરીબ મિત્ર ગરીબનો સંગાથી બને છે. અને લક્ષ્મિ! ત્યારે તો મેં ચોરી કરી એ નિષ્ફળ તો નજ ગઇને?"

"દગડુ! બરોબર છે." પાછળથી વિઠ્ઠલનો અવાજ સંભળાયો. "હવે મેં પણ ટાંગો વેચી નાખ્યો છે અને તમારા ખેતરનું ઘાસ કાપી વેચી આવું છું. ઘરડો થયો ભાઇ! હવે મારા મનમાં આવ્યું છે કે, બહેનને આશરે પડ્યો રહી મારી જિંદગી પૂરી કરૂં."

ત્રણે જણાં ખેતર તરફ ચાલવા લાગ્યાં.×

(તા. ૧૭–૫–૩૪ ના "હિંદુસ્તાન પ્રજામિત્ર" દૈનિકમાંથી)

× અનુવાદક:—શ્રી. કનૈયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨–પુરસ્કાર

(લેખકઃ–શ્રી. ભુપેંદ્ર હરીરાય છુચ,)

મજૂરોની શરીરશક્તિનું શોષણ કરી માલેતુજાર બનનાર એ મૂડીવાદી હતા. નામ અને દામ અપાવનાર મિલના માલિક હતા. એમનું નામ ધનનંદન. એમના જન્મ સમયે ટંકશાળમાં કદાચ કલદારના રણકાર વાગતા હશે.

એમની મિલમાં કામ કરતો સમગ્ર કામદાર સમૂહ એમના પર કકળતી આંતરડીએ અભિશાપની ઝડીઓ વરસાવતો.

ધનો એ મિલમાં મજૂર હતો. તેને આંધળી માતા તથા પોતાની એકની એક બાળપુત્રીનું પોષણ કરવું પડતું. એની પત્ની પણ એજ મિલમાં મજૂરી કરી કરીને શરીરને સૂકવી નાખી, અકાળે મરણ પામી હતી અને પોતાનાં મૃત્યુ પાછળ સ્મરણચિહ્ન તરીકે એક બાળકીની ભેટ આપી ગઇ હતી.

ધનો ગરીબ હોવા છતાં સ્વભાવે સુશીલ હતો. એના મીઠા સ્વભાવને લીધે એ સર્વે કામદારોનો માનીતો હતો. ધનનંદનની મિલ-માં છેલ્લાં બાવીસ વર્ષથી, તે કાયા નીચોવી રહ્યો હતો. છતાં શેઠને આઠ આનાથી વધારે રોજ આપવાની ઇચ્છા પણ થઇ નહોતી.

મજૂરો પ્રત્યે માલિકોની આ કેવી સલૂકાઈ ?

× × × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂડીવાદ અને મજૂરવાદ વચ્ચે ઘર્ષણ આરંભાયાં. મજૂરોએ કામના કલાકોમાં ઘટાડો કરવાની કે પગાર વધારવાની યોગ્ય માગણી કરી, સખ્ત ઝૂંબેશ ઉઠાવી અને છતાંયે એ મિલમાલિક ન સમજે તો ? તો ? તો......હડતાલ.

મજૂરોમાં આવેલી અને આવતી જતી જાગૃતિ મૂડીવાદીઓને અસહ્ય લાગી. મજૂરવાદની ચેતનામાં–તેની જાગૃતિમાં મૂડીવાદીઓએ પોતાની સત્તાના મિનારાઓ ડગમગતા નિહાળ્યા અને એટલેજ મજૂરવાદના ચેતન સ્ફુલ્લિંગોને ચમકતા પહેલાંજ સમાવી દેવાના સબળ પ્રયાસો ચાલુ થયા.

"શેઠ, આજે સૂરજ મિલ ભાંગી," "શેઠ, આજે ચંદ્રોદય મિલ પડી," એવા દરરોજ નવા સમાચાર સાંભળવા છતાં, ધનનંદનની પોતાની મિલના મજૂરો પ્રત્યેની બેદરકારી ચાલુજ હતી. તે કવચિત અસ્ફુટ સ્વરે બોલી ઊઠતા: "સા...ઓ ! અમારા આપેલા ટુકડા ઉપર તો જીવન ચલાવે છે અને છતાંયે એ ભિખારડાઓ, અમારી સામે થાય છે ? સા...ખાશો શું ? ધૂળ ?"

ખરેખર ! ગરીબો શું ખાશે, તેની ચિંતામાંજ શેઠિયાઓ બીજી બાબતોનો વિચાર નહિ કરી શકતા હોય ! શેઠિયાઓ ખરેજ ઉદારતાની અવધિ કરે છે. એ શેઠવર્ગ ન હોત તો મજૂરો શું કરત ? મજૂરોથી શેઠિયાઓનો આ ઉપકાર (?) ભૂલી શકાય તેમ નથી.

મજૂરોમાં ધીમું, પણ સંગીન પ્રચારકાર્ય શરૂ થયું. કાર્યસાફલ્યનેજ દષ્ટિબિંદુ બનાવવાનો ઉત્સાહ તો ભાઈ પુસાલકર તરફથીજ મજૂરોને મળતો. શ્રમજીવીઓનાં દર્દેદર્દ પિછાનનાર એ બિરાદરને હૈડે, શ્રમજીવીઓ માટે અપાર પ્રેમ અને લાગણી ભર્યાં હતાં. મજૂરોને ચળવળ ઉઠાવવાની પ્રેરણા પાનાર એ એક કામદાર હતા, પણ કેળવાયેલા. કેળવાયેલો કામદાર ધારે તો શું ન કરી શકે ?

× × × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસે રાતે મજૂરોએ તેમના મહોલ્લામાં સભા ભરાયેલી જોઇ. ભાઇ પુસાલકરે ભાષણનો પ્રવાહ ચાલુ કર્યો:—

"બિરાદરો ! આપણી જાતમહેનત પર માલેતુજાર બનનાર એ શેઠિયાઓને આપણી તમન્ના નથી; કામ કરી કરીને શરીર ઘસી નાખનાર મજૂરોનાં દર્દો પારખવાની એમને દરકાર નથી. ગુલામની માફક મજૂરોને તેઓ કચડે છે અને એ કચડાતા, ભીંસાતા દેહ પાસેથી, વધુ રક્ત મેળવવાની ઇચ્છાઓ રાખે છે. લાંબા વખતથી આપણે આવો સિતમ–જુલમ સહન કરતા આવ્યા છીએ; વધુ સહન કરવાની આપણી ઇચ્છા નથી; શક્તિ પણ નથી; જરૂર પણ નથી.

"આપણે તિજોરીમાં સાચવવા માટે વધારે પગાર નથી માગતા; મોટર–ગાડી દોડાવવા માટે વધુ પગાર નથી માગતા; પરંતુ આપણને બે ટંક પૂરતું ખાવાનું મળે, આપણાં બાળબચ્ચાંઓ અને કુટુંબનું જીવન ટકાવી શકીએ, ટાઢ અને તડકાથી આપણાં શરીર ઢાંકી શકીયે, એટલા માટેજ પગાર વધારવાની માગણી છે.

"બિરાદરો ! મજૂર વગર મિલ ચાલી શકે ખરી ? વિચાર કરો. અને કાલથીજ મિલમાં જવાનું બંધ કરો. એકસંપીથી હડતાલ ઉપર ચડો અને આપણું જોર બતાવી દો."

મંત્રમુગ્ધ થયેલા અને ઉશ્કેરાયેલા મજૂરો બૂમ પાડી ઊઠ્યા: "હડતાલ...બસ...હડતાલ." અને શાંત અંધકારમય વાતાવરણમાંથી જાણે ભયંકર પડઘો પડ્યો: "હડતાલ, હ...ડ...તાલ."

× × × ×

પરંતુ ગરીબ બિચારો ધનો ! કામ કરીનેજ પેટનો ખાડો પૂરનાર એ ધનાની સ્થિતિ વિચિત્ર થઇ પડી. શું કરવું તેની તેને સૂઝ ન પડી. કામ ઉપર ન જાય તો પૈસા ન મળે; અને પૈસા ન મળે તો પછી જીવન કેમ ટકે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આંધળી માતાનું શું થશે? વહાલસોઇ દીકરી દૂધ વગર તરફડશે તેનું શું? વળી બધાયે કામ ઉપર ન ચઢે, તો મારાથી પણ કેમ ચઢાય? મારા જેવી જર્જરિત કાયાવાળા વૃદ્ધને, બીજે નોકરી પણ કોણ આપે? હં-માટે જવું તો......વાહ, એમજ કરૂં."

પરસ્પર વિરોધી વિચારોના યુદ્ધને અંતે તેને સુલેહના વિચારોએ આકર્ષ્યો. તે ઊઠ્યો અને શેઠના બંગલા તરફ તેણે ચાલવા માંડ્યું. મજૂરોને બહાર જવા માટે વસ્ત્રો બદલવાં નથી પડતાં.

શેઠને બંગલે આવીને તે ઊભો. ભરેલા શરીરવાળા શેઠિયાઓને ભૈયા વગર કેમ નહિ ચાલતું હોય? દરવાજા પાસે પડેલી ડાંગ અને મેલાં કપડાંથી વીંટાયેલી ચલમથી ભૈયાનું અસ્તિત્વ જાણી શકાય છે.

"ભૈયાજી, જરા શેઠ સાહબ કો મિલના હય, તો ઉસ્કો બોલો કી, મિલમેંસે એક મજૂર, જરૂરી કામ કે લિયે આયા હય." ધનાએ ભૈયાને વીનવ્યો. મોં જોઇને ટીલું કરનાર એ ભૈયો, ધનાને તાકી તાકીને જોઇ રહ્યો.

"શેઠસાહબસે કયા કામ હય? અભી કામમેં હય." બારોબાર જવાબ આપી દેવાનો નોકરીસિદ્ધ હક ભૈયાથી કેમ જતો કરાય?

"અરે ભૈયાજી, મૈં મિલ કા મજૂર હું. યે બાત તો એકદમ જરૂરી હય. મહરબાની કર કે અંદર ખબર તો કરો." ધનાની વિનવણીઓ ચાલુજ હતી.

ભૈયાજીએ મહેરબાની કરી તો ખરી. ભૈયાઓએ 'ભૈયાજી' વગર નહિ સંબોધાવાનો ઇજારો તો નથી લીધો? ગુજરાતીજી, પઠાણજી, મુસ્લિમજી વગેરે નથી બોલાતું; પરંતુ ભૈયાઓને 'જી' વગર સંબોધી શકાય તેમ નથી. ભૈયો બહાર આવ્યો અને ધનાને હાથથી અંદર જવાની ઇશારત કરી.

સહેજ ગભરાતો અને સંકોચાતો ધનો શેઠના દીવાનખાનામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો. અતિ સંભાળથી સલામ ભરી, અદબ વાળીને ઊભો રહ્યો. તે શેઠને ઓળખતો હતો; શેઠને તેને ઓળખવાની પરવા ન હતી.

"કેમ અલ્યા ! ક્યાંથી આવ્યો છે ?" સલામનો જવાબ પ્રશ્નથીજ શેઠે વાળી દીધો.

"સાહેબ ! આપની મિલમાં મજૂર છું. મારૂં નામ ધનો."

"ધનો ?" શેઠને વિચાર આવી ગયો. "ધનો કે ધનનંદન ?"

"શા માટે આવ્યો છે ?" ફુરસદ ન હોવાથી (!) શેઠિયાઓ સીધાજ સવાલો કરે છે.

"શેઠ સાહેબ, એક બાતમી આપવા આવ્યો છું."

"બાતમી !" શેઠ ચમક્યા. કેટલાક શબ્દો વેપારી લાઇનમાં નવાજ લાગે છે. "શાની ? જલદી."

"સાહેબ, મિલના મજૂરો કાલથી કામ બંધ કરીને હડતાલ ઉપર જવાના છે." ધનાએ કહ્યું.

"હડતાલ ઉપર ? મારી મિલના મજૂરો ?" દરેક શેઠને પોતાની મિલ આદર્શજ લાગે છે !

"હા, અન્નદાતા !" ધનાએ જવાબ આપ્યો.

"એમ ? મારા આપેલા ટુકડાઓથી પેટ ભરનાર એ ભિખારડાઓ, મારી સામે થવા જાય છે ? જા, તને તારી વફાદારીનો બદલો જરૂર મળશે. કાલે કામ ઉપર જજે."

"આપની મહેરબાની છે, સાહેબ !" ધનો પાછો ફર્યો.

રસ્તામાંજ તેના મગજમાં વિચારોની પરંપરાએ બંડ ઉઠાવ્યું. પોતાના મજૂર બિરાદરોને બેવફા થયો, એ વિચારજ તેના હૃદયને કોરી ખાવા લાગ્યો. "પાપી-બેવફા-વિશ્વાસઘાતી-ધના ! આ તેં શું કર્યું ?" એ પ્રશ્ન આવતાંજ તેનું શરીર ધ્રૂજી ઉઠ્યું. ઘેર આવીને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિછાના ઉપર આડો પડ્યો.

વિશ્વાસઘાતીને, મિત્રદ્રોહીને તે વળી નિદ્રા આવે ?

× × × ×

ધનાના ગયા પછી શું કરવું, તેની સૂઝ શેઠને ન પડી. ટેલિફોન કરીને, વડા મેનેજરને એકદમ એકલા આવવા હુકમ કર્યો. મેનેજર આવ્યો; કૈંક છૂપી મસલત થઇ અને મેનેજર પાછો ફર્યો.

× × × ×

પ્રભાત ખીલતું જતું હતું, મિલના કર્કશ ભૂંગળાંઓએ બાંગ પુકારવી શરૂ કરી; પરંતુ એ કર્કશ આમંત્રણ મજૂરવર્ગને આજે ન આકર્ષી શક્યું.

ધીમે ધીમે, મજૂરસમૂહ, મિલના દરવાજા પાસે ભરાતો ગયો. મિલનો કારકુન કાનેથી કલમ ઉતારીને, હાજરી પૂરવા તૈયાર થઈ બેઠો; પરંતુ એ મહાન કલમધારીની કલમનો ચરેરાટ આજે કોઇને સંભળાયોજ નહિ.

મજૂરોનાં ટોળાં તરફ, એક જૂની લાકડીને આધારે ચાલતો ક્ષીણકાય પુરુષ ધીરે ધીરે આવતો જણાયો. એની અનુભવી આંખોએ, એ ટોળાંનો અનેરો ઉત્સાહ માપી જોયો અને તેના પગ જલદી ઉપડ્યા.

" ભોં-ભોં-ભૂ...પાછળથી એક લાલ રંગની મોટર ધસમસતી આવતી સંભળાઈ. હોર્ન ચાલુજ હતાં, પરંતુ પશ્ચાત્તાપના અગ્નિમાં બળતા ધનાને એ અવાજો ન સંભળાયા.

એકાએક તે મોટર આંચકા સાથે અટકી.

"સા...હરામખોર ! આમ કેમ ચલાવે છે ?" મોટરની અંદરથી ધનનંદન શેઠનો અવાજ ડ્રાઇવરને કાને અથડાયો.

"સાહેબ એ તો એક્સિડન્ટ થયો છે." ડ્રાઈવરે જવાબ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કામદાર સમૂહ જાણે ત્યાં ઊભરાઈ પડ્યો. શેઠે મોટર-માંથી ઊતર્યા વગરજ જીવદયા દાખવી: "એને દવાખાને લઈ જજો." પરંતુ મજૂરોમાં હોહા મચી રહી; મોટર આગળ ચાલી ગઈ અને ધનાને બેચાર ઓળખીતા યુવાન મજૂરોએ ખભા ઉપર નાખ્યો. એને દવાખાને લઈ ગયા. તેના ડાબા હાથ અને જમણી આંખને સખત ઇજા થઈ હતી. ડૉકટરોએ મત આપ્યો કે, "તેનો ડાબો હાથ આખો કાપી નાખવો પડશે."

બિચારો ધનો! ધન વગરનો ધનો હાથ વગરનો થયો.

અને હડતાલ? એ તો ચાલુજ હતી. પુસાલકરને મિલની આજુબાજુની સરહદમાં લોકોમાં અશાંતિ અને બેદિલી ફેલાવવા માટે ધનનંદને જેલની મજબૂત દીવાલો પાછળ ધકેલાવી મૂક્યો; છતાંયે હડતાળ તો ચાલુજ હતી.

× × × ×

ધનાનો હાથ કપાવી નાખવો પડ્યો. એક દિવસે તેને દવાખાનામાંથી રજા મળી. તે ઘર તરફ આવ્યો, તો સૂમસામ. ઘરનું ભાડું ન ભરી શકવાથી, ઘરમાલિકે એની વૃદ્ધ ડોસીને કાઢી મૂકી હતી. પરંતુ પુત્રી? તે ક્યાં.

અસહાય ધનો! કમાઇને રોટી આપવા હાથ હતો, તે પણ ગયો. દિલાસો દેનાર વૃદ્ધ માતા હતી, તે તરફડીને મૃત્યુ પામી. કાલું-ઘેલું બોલીને આખા દિવસની મહેનતનો થાક ઉતારનાર બાળકી હતી, તેનો તો કાંઇ પત્તોજ ન હતો. હવે?

અમાસના ભીષણ અંધકારને ભેદીને બહાર આવતા તારા માફક આશાનું એક કિરણુ તેના નિરાશ હૃદયમાં ઝબક્યું; જૂના ઘર આગળથી તે પાછો વળ્યો અને શેઠના બંગલા તરફ પગ જલદીથી ઊપડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠને બંગલે ભૈયો ન હતો. ધનો અંદર ગયો. એક હાથે સલામ ભરી.

"કોણ છે તું? કેમ આવ્યો છે?" શેઠને તેને એકાદ વખત જોયાની ઝાંખી થઇ, પણ અજાણતાનો દંભ કરીને પૂછ્યું: "ગરીબને ઓળખવામાં પાપ તો નથીને?

"સાહેબ! એ તો હું ધનો. આપે મને કહ્યું હતું કે...તને પછીથી બદલો આપીશ, તો...ગરીબ ઉપર દયા..."

"દયા? હા હા...હા હા..." શેઠ હસ્યા. શેઠિયાઓ કયારે અને શા માટે હસે છે, તે જાણવાનો પ્રયાસ કરવામાં દમ નથી. "અરે ગાંડા!" ડાહ્યા શેઠે ડહાપણ દાખવ્યું. "તું તો પેલે દિવસે આવેલો, તેજ ને? હું તો તારા જેવા કેટલાકને મદદ કરૂં? ચાલ, બંગલાની બહાર નીકળ."

"પણ, સાહેબ, આ હાથ તરફ તો દયા......"

"અરે ભૈયા! ઇસ પાગલ કો બહાર નીકાલો." શેઠે ધનાને પાગલજ માન્યો. શેઠિયાઓ પાસેથી પૈસા મેળવવા ઇચ્છા રાખનારાઓ તેમને પાગલજ લાગે છે.

પરંતુ ભૈયાની જરૂર પડી નહિ. તેના આવવા પહેલાંજ ધનો બહાર નીકળી ગયો. બદલો મેળવવાની આશાની ઇમારત, એકજ ઝપાટે હવામાં ઊડી ગઈ. બંગલાના દરવાજા પાસે નીકળતાંજ, નિરાશ થયેલો ધનો ફસડાઇ પડ્યો, સદાને માટે તેની આંખો મીંચાઇ ગઇ.

દૂર બાબાગાડીમાં બેઠેલી એક બાળકીએ આ દૃશ્ય નિહાળ્યું અને બૂમ પાડી: "ઓ બાપા!"

(તા ૩૦–૮–૩૯ ના "હિંદુસ્તાન પ્રજામિત્ર" દૈનિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩–હૃદયપલટો

पुस्तकालय
गुरुकुल कांगड़ी

(લેખકઃ–શ્રી. સૈનિક)

(૧)

"ક્યું ભૈયાજી, સબ તૈયારી હો ગઇ?" નવસુખલાલ શેઠે આરામખુરશી પર બેઠાં બેઠાં સામે ઊભેલા ભૈયાને પૂછ્યું.

"હજૂર સબ તૈયાર હૈ. વો બદમાશોં કી સભા શામ કો નવ બજે હોને વાલી હૈ. ઉસ વખ્ત મેં દો ચાર દોસ્તોં કી સાથ જાઉંગા ઔર સબ ઠીક હો જાયગા." ભૈયાએ સલામ કરી જવાબ આપ્યો.

"પોલીસ કો ઇત્તીલા દેનેકી જરૂર હૈ?" શેઠે પૂછ્યું.

"નહિજી, પોલીસ કી ક્યા જરૂર હૈ? હમ હી સબ સમાલ લેંગે."

"અચ્છા, તો ફીર તુમ જાઓ, મૈં વહ મકાન કી પાસ ખડા રહુંગા."

"મેરી તો રાય હૈ કી હજૂર કો ઉધર મત આના ચાહિયે. તમાસા દેખને કે લિયે આના હો તો અલાયદી બાત હૈ."

"નહિ, મૈં દેખના ચાહતા હું."

ભૈયાએ હિંદુસ્તાની કુનેહથી સલામ ભરી અને નવસુખલાલ શેઠની રજા લઇ તે બહાર નીકળ્યો.

નવસુખલાલ શેઠની મિલમાં આજે કેટલાએ દિવસથી હડતાલ ચાલતી હતી. છેલ્લાં કેટલાંએ વર્ષોથી મિલ નફો કરતી હતી. ઉદ્યોગ ખૂબ આબાદ બન્યો હતો અને મિલમાલિકને ત્યાં દોલતની છોળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

62 मा/६६ मा पुस्तकालय गुरुकुल कांगड़ी
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊડતી હતી. ભરતી પછી ઓટ આવે તેમ તેજી પછી મંદી આવી. નવસુખલાલ શેઠની મિલે નફો તો કર્યો પણ પ્રથમ જેટલો નહિ. લોભે શેઠને આંધળા કર્યા અને મજૂરોએ શેઠને ખૂબ વીનવ્યા. કુટુંબનો નિર્વાહ ચાલે તેટલું તો મળતું નહોતું તો પછી કાપ કેમ પોસાય ? મિલ ખૂબ નફો કરતી હતી ત્યારે મજૂરોના પગારમાં વધારો કરવામાં નહોતો આવ્યો, તે વાત પણ મજૂરોએ શેઠને યાદ કરાવી. મજૂરોની બધી દલીલો અને વિનંતિઓના જવાબમાં ફક્ત એકજ જવાબ મળતો: "ઓછો પગાર ન પરવડતો હોય તો બીજે જાવ; અમે જૂનો પગાર આપવાના નથી."

મજૂરો મૂંઝવણમાં પડ્યા. તેઓએ નજીકના શહેરમાં સ્થપાયલા મજૂરસંઘના આગેવાનને નોતર્યા. મજૂર આગેવાને કારીગરોનો કેસ તપાસ્યો અને તેમને જણાયું કે, પગારકાપ ગેરવાજબી હતો. તેમણે શેઠને મળી ઝગડો પંચ સમક્ષ મૂકવા વિનંતિ કરી. શેઠ આવી કોઇ ડખલ માટે તૈયાર નહોતા. મજૂર આગેવાને લાચારીએ મજૂરોને હડતાલ પાડવા સલાહ આપી.

બધા મજૂરો હડતાળમાં જોડાયા. મજૂર આગેવાને હડતાલ ચલાવવા માટે પોતાના સાથીઓને પણ બોલાવી લીધા. મજૂરસંઘના આ કાર્યકર્તાઓએ હડતાલિયાઓને સત્ય અને અહિંસાના પાઠ ભણાવ્યા અને મજૂરો તેઓની સલાહ મુજબ ન્યાય માટે ભોગ આપવા તૈયાર થયા.

શેઠ પ્રથમ તો માનતા હતા કે મજૂરો ભૂખે મરશે એટલે પાછા કામે આવશે, પરંતુ તેમને તરતજ જણાયું કે મજૂરોમાં અનાજની ભૂખ કરતાં ન્યાયની ભૂખ વધારે હતી. શેઠ માનતા હતા કે, મજૂરો ટૂંક વખતમાં તોફાને ચડશે એટલે પોલીસ વચ્ચે પડશે અને હડતાલ તૂટી જશે, પણ મજૂરો તો બિલકુલ શાંતિથી લડતા હતા; એટલે આ દિશામાં પણ શેઠને નિરાશા મળી. શેઠે હડતાલ તોડવા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નો પણ પ્રયત્ન કર્યો, નવા માણસોને કામ પર લાવવા પણ ગોઠવણ કરી; પણ જૂના મજૂરોનો ભોગ, ઉત્સાહ તથા ન્યાય મેળવવા માટેની ધગશ સામે શેઠના આ બધા પ્રયત્નો નિષ્ફળ ગયા અને મિલ જેમની તેમ બંધ પડી રહી.

છેવટે શેઠ કંટાળ્યા. બહારથી આવેલા તોફાની માણસોજ હડતાલને ટકાવી રહ્યા છે એમ તેમને ખાતરી થઇ. એ બહારના માણસોને પાઠ શીખવવા તેમણે નિશ્ચય કર્યો. આજે રાતના નવ વાગે હડતાલ સમિતિની સભા હતી તે વખતે ત્યાં ગુંડાઓને મોકલી, મજૂર આગેવાનોને સીધા કરવાની તેમણે યોજના કરી હતી.

ભૈયાના ગયા પછી નવસુખલાલ શેઠ પોતાની યોજનાની પરિપૂર્ણતાનો વિચાર કરતા મલકાતા મલકાતા બેઠા હતા, તેવામાં ટેલિફોનની ઘંટડી વાગી. શેઠે ટેલિફોન હાથમાં લઇ વાત શરૂ કરી.

"કોણ છે?" ટેલિફોન પર ઘંટડી કરતાં પણ વધારે મધુર અવાજ સંભળાયો.

"હું નવસુખલાલ, કેમ, ચંપા શું કામ છે?"

"આજે આવશો ને?"

"ના, ચંપા, હું તને ટેલિફોન કરવાનોજ હતો. આજે મારે કામ છે એટલે હું આવી શકીશ નહિ."

"હમણાં તો તમારે રોજ ને રોજ કામ હોય છે," ટેલિફોન પર છણકાભર્યો અવાજ આવ્યો.

"હું તને કાલે બધી વાત સમજાવીશ." વાતચીત બંધ થઇ.

(૨)

નવસુખલાલ શેઠના પિતા લડાઇના સમયમાં રંગના વેપારમાં ખૂબ ધન કમાયા હતા. નવસુખલાલે અભ્યાસ પૂરો કરી મિલ કાઢી ત્યારે તેમના પિતા જીવતા હતા. પરંતુ ત્યાર પછી ટૂંક મુદ્દતમાંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ ગુજરી ગયા હતા. નવસુખલાલના મોટા ભાઇ પણ તેમના પિતાના અવસાન પછી બે મહિને ગુજરી ગયા. લોકવાયકા એવી હતી કે પોતાની સ્ત્રી બેવફા નીવડેલ છે એવી તેમને ખાતરી થઇ, એટલે તેમણે આપઘાત કર્યો હતો. મોટાભાઇનું મૃત્યુ થતાં નવસુખલાલના હાથમાં પિતાની આ બધી સંપત્તિ અને આ યુવાન શેઠે લક્ષ્મીથી પ્રાપ્ત થાય તેટલા બધા વિલાસો ભોગવવા બેલગામમાં જીવન શરૂ કર્યું. શેઠનાં વૃદ્ધ માતા જૂના જમાનાનાં અને ધાર્મિક વૃત્તિનાં હતાં એટલે નવસુખલાલને તેમની સાથે રહેવું પરવડે તેમ નહોતું. શેઠે વૃદ્ધ માતાને એક જુદા બંગલામાં રહેવાનો પ્રબંધ કરી આપ્યો. વિધવા ભાભીના જીવનથી પણ શેઠ અજ્ઞાત નહોતા. ચારિત્ર્ય વિષેનું શેઠનું ધોરણ ખાસ ઊંચું નહોતું, એટલે ભાભીને અનુકૂળતા કરી આપવાનું પણ તેમને યોગ્ય લાગ્યું. ભાભીને પણ એક જુદો બંગલો આપવામાં આવ્યો.

છેલ્લામાં છેલ્લી ઢબથી શણગારાયેલા બંગલામાં નવસુખલાલ શેઠ અનેક વિલાસો ભોગવતા રહેતા હતા. માણસની પાશવવૃત્તિને ઉશ્કેરે તેવાં અશ્લીલ ચિત્રો અને સાહિત્યથી તેમનું પુસ્તકાલય ભરપૂર રહેતું. લગ્ન વિષે શેઠે હજુ કંઇ છેવટનો વિચાર કર્યોજ નહોતો. મિલકતનો કોઇ વારસ જોઇએ તેટલા માટે લગ્ન કરવું પડશે એમ શેઠ માનતા, પરંતુ તે માટે કંઈ ઉતાવળ કરવાની તેમને જરૂર જણાતી નહિ. શેઠાણી કોઈ કોઈ વાર કન્યાની વાત કાઢતાં, પણ શેઠ ઉડાઉ જવાબ આપી વાત આગળ વધવા દેતા નહિ.

શેઠના બેલગામના જીવનમાં ચંપાનું સ્થાન અનેરૂં હતું. ચંપા રૂપાળી હતી તેટલીજ બુદ્ધિશાળી હતી. શેઠ ચંપાના રૂપ અને બુદ્ધિથી આંધળા બન્યા હતા. ચંપા બાળવિધવા હતી અને ગરીબાઇએ તેને ઊંધે રસ્તે દોરી હતી. નવસુખલાલ શેઠે ચંપા માટે પણ રહેવા કરવાની બાદશાહી વ્યવસ્થા કરી હતી. શેઠ લગભગ હંમેશાં ચંપાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં જતા. હમણાં કેટલાક દિવસથી હડતાલ ચાલતી હતી એટલે શેઠ વખતને અભાવે ચંપાને ત્યાં નિયમસર જઇ શકતા નહિ.

(૩)

"યમીનખાન કેમ દેખાતા નથી ?"

"તેમની સ્ત્રી બહુ માંદી થઇ ગઇ છે. ફક્ત દૂધ પરજ રાખવાની છે અને દૂધવાળો હવે ઉધાર આપવાની ના પાડે છે એટલે આજે લાકડાં કાપી લાવી, ભારો વેચવા જવાનું કહેતા હતા. લાકડાં કાપતાં મોડું થયું હશે."

"અને હીરજી ?"

"એને તો આજે ઘરધણીએ મકાન ખાલી કરાવ્યું અને બિચારાની ગોદડી અને ઘંટી પણ જપ્ત કરી."

મજૂરમહોલ્લામાં આવેલા એક નાના મકાનમાં હડતાલ સમિતિની સભા ભરાયલી હતી. મજૂરસંઘના આગેવાને હાજર નહિ રહેલા બે સભ્યો વિષે ખબર પૂછતાં ઉપર પ્રમાણેની માહિતી તેમના મિત્રોએ રજૂ કરી. ત્યારપછી કાર્યવાહી શરૂ થઇ. જુદાજુદા મહોલ્લાના આગેવાનો મજૂરોની તકલીફો વર્ણવવા લાગ્યા. મજૂરસંઘના કાર્યવાહકો બધી હકીકત સાંભળી, દરેક તકલીફ માટે ઉપાયો સૂચવવા લાગ્યા. સભાનું કામકાજ લગભગ પૂરું થવા આવ્યું હશે તેટલામાં ઓરડીનું બારણું ઊઘડયું અને પાંચ છ માણસો દાખલ થયા. નવા આવનારા માણસો શરીરે કદાવર હતા. તેમણે માથે બુકાની બાંધી હતી, તેમના હાથમાં લાકડીઓ હતી અને તેમણે પોલીસના જેવો પહેરવેશ પહેર્યો હતો.

"દૂસરે સબ લોગ ચલે જાઓ; તુમ ચાર આદમી ઇધર ઠેરો. તુમ કો ગેટ પર લે જાનેકા હૈ." નવા આવનારામાંના એક આગેવાન જેવા દેખાતા માણસે સભાને વીખરાઇ જવાનો અને મજૂરસંઘના કાર્યકર્તાઓને રોકાવાનો હુકમ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અમને શા માટે પકડવામાં આવે છે? તમારી પાસે વૉરંટ છે?" મજૂરસંઘના આગેવાને પૂછ્યું.

"વૉરંટ દેખના હૈ, નહિ? દેખો યે વૉરંટ" એમ કહી ગુંડાઓના આગેવાને સભાના પ્રમુખને એક તમાચો ચોડી દીધો.

સભામાં ધાંધલ થઇ ગયું. વીસ પચીસ મજૂર સભ્યો હતા તે ગભરાઇ ગયા. તેમને પકડી પકડીને બહાર કાઢી મૂકવામાં આવ્યા. મજૂરસંઘના કાર્યકર્તાઓને કાંડાં પકડીને બહાર લઈ જવામાં આવ્યા અને તેમને બહાર ઊભેલી એક મોટર લૉરીમાં બેસી જવાનું કહેવામાં આવ્યું.

"હું આ મોટર લૉરીમાં નહિ બેસું" એક કાર્યકરે કહ્યું.

"નહિ બેઠો તો સોના પડેગાં" એક ગુંડાએ જવાબ વાળ્યો અને પોતાની વાતનું સત્ય પુરવાર કરવા તેણે કાર્યકર્તાના માથામાં લાકડીનો ફટકો માર્યો. માથામાંથી લોહીની શેર ફૂટી. ઘવાયલા માણસને ચક્કર આવ્યું અને તે પડી ગયો. બે ગુંડાઓએ તેને હાથ-પગ ઝાલી મોટરમાં નાખ્યો. ખરેખર, તે બેઠો નહિ પણ મોટરમાં સૂતો! મજાર કાર્યકર્તાને ઘવાતો જોઇ ગભરાઇ ગયેલા અને ટોળે વળી ઊભેલા મજૂરો તો સહુસહુને રસ્તે પડી ગયા, પણ એક યુવતી જે અત્યાર સુધી બધું શાંતિથી જોતી હતી તે મોટર નજીક આવી અને ગુંડાને સંબોધી પૂછવા લાગી:

"તમે આ ભાઇને જખ્મી કેમ કર્યા? તમે આ લોકોને ક્યાં લઈ જાઓ છો? મને જવાબ આપો, નહિ તો હું તમને નહિ જવા દઉં."

ગુંડાએ સ્ત્રીને બરાબર નિહાળી. નવજવાન ઓરતમાં તેને કંઈ દૈવત લાગ્યું નહિ. સહેજ ધક્કો મારી તેણે તે સ્ત્રીને દૂર કરી અને પોતે મોટરમાં બેસી ગયો. મોટર સપાટાબંધ શહેર બહારને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તે દોડવા લાગી. યુવતી ' દોડો દોડો ' ની બૂમ મારતી મોટર પાછળ દોડવા લાગી.

" કેમ બહેન, શું છે ?" યુવતીને વધુ દોડતી અટકાવી કોઇએ પૂછયું.

" મને રોકો મા, પેલી મોટરનો નંબર મારે જોવો છે. એ મોટરમાં કેટલાક ગુંડાઓ ચાર પાંચ માણસોને કયાંક લઇ જાય છે અને તેઓ તેમનાં ખૂન કરી નાખશે." યુવતીએ ઊંચે શ્વાસે જવાબ વાળ્યો.

" તો તમે મારી મોટરમાંજ બેસી જાઓ, આપણે તે લોરીનો પીછો પકડીએ."

" તો હું તમારો ઉપકાર કદી નહિ ભૂલું."

નવસુખલાલ શેઠની ટુ સીટર કારમાં શેઠ અને યુવતી ગોઠવાઇ ગયાં અને શેઠે મોટર હાંકી મૂકી.

નવસુખલાલ શેઠે હડતાલ સમિતિની કાર્યવાહી મકાનના રસ્તા પર પડતી એક બારીમાંથી દીવાલને ઓથે ઊભા રહી નિહાળી હતી. સભાના મજૂર સભ્યોને તો તે ઓળખતા હતા, બહારના મજૂર-સંઘના આગેવાનોને પણ તે જાણતા હતા; પણ સભામાં એક સ્ત્રી-ની હાજરી જોઈ તેમને આશ્ચર્ય થયું. સ્ત્રી સુંદર, ભણેલી અને સંસ્કારી લાગતી હતી. સભામાં સહુ તેને ' બહેન ' કહી સંબોધતા. આવી ઊંચ વર્ણની સ્ત્રી તોફાની અને દારૂડિયા મજૂરોની ગુપ્ત સભામાં કેમ આવી હશે ? તેમણે તે યુવતીનું વૃત્તાંત જાણવા નિશ્ચય કર્યો અને તેથીજ તેને મોટરમાં બેસાડી, તેમણે પોતાની મોટર પણ શહેર બહાર હંકારી.

" મોટરમાં જેમને ઉપાડી ગયા તેમને તમે ઓળખો છો ?" શેઠે વાતની શરૂઆત કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા." યુવતીએ ટૂંકો જવાબ આપ્યો.

"તેઓ તમારા સગા થાય?"

"ના."

"ત્યારે તમે તેમને કેવી રીતે ઓળખો?"

"એ બધા સાથે મારે ખૂબ સારો સંબંધ છે."

યુવતીના જવાબોથી શેઠને સંતોષ થયો નહિ. આવી ઊંચ વર્ણની સ્ત્રી આ બદમાસોની સોબતમાં શું કરતી હશે? શા માટે તેઓને માટે તે આટલી ચિંતા કરતી હશે? મજૂરસંઘના કાર્યકર્તાઓ પૈકી એકાદની સાથે યુવતી પ્રેમમાં પડી હશે, એવો વિચાર પણ તેમના મનમાં આવ્યો.

"તમે પરણેલાં છો?"

"ના."

અવિવાહિત યુવતી રાતના સમયે મજૂર મહોલ્લામાં હલકા માણસોની સભામાં શા માટે આવી હશે?

"પેલી લોરી તો દૂરને દૂર ચાલી જાય છે. તમે જલદી હાંકોને." યુવતીએ લોરી અને મોટર વચ્ચે વધતું જતું અંતર જોઈ કહ્યું.

"મને લાગે છે કે આપણે લોરીને પકડી નહિ શકીએ. હું તમને તમારે ઘેર મૂકી દઉં?" શેઠે કહ્યું.

"હાય, હાય, ત્યારે તો પેલા ગુંડાઓ તેમને મારી નાખશે." યુવતીથી બોલતાં બોલતાં રડી પડાયું.

શેઠને દયા આવી.

"ના, ના; ચિંતા કરો મા, તેમને મારી નહિ નાખે." શેઠે કહ્યું.

"તમે કેમ જાણ્યું?"

"મારામાં વિશ્વાસ રાખો, તે બધા જીવતા રહેવાના."

"તમે કોણ છો?"

"મારું નામ નવસુખલાલ. હું અહીંનો મિલમાલિક છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમે ત્યાં કેમ આવ્યા હતા ?"

"અમસ્તો."

"ઠીક, સમજી, તમેજ ગુંડાઓ રોકી આ જુલમ ગુજાર્યો એમ કહોને." યુવતીએ તિરસ્કારભર્યા અવાજે કહ્યું.

નવસુખલાલ શેઠને એકાએક ભાન આવ્યું કે, પોતાની ઓળખાણ આપવામાં પોતે ભૂલ કરી.

"મને કૃપા કરી અહીંજ ઉતારી મૂકો." યુવતીના શબ્દો શેઠના કાળજામાં બાણ જેમ વાગ્યા.

"ના, ના; હું તમને ઘેર મૂકી દઇશ. તમારૂં નામ શું ?"

"સોહિણી."

"શું કરો છો ?"

"નવસુખલાલ અરોગ્યભુવનમાં નર્સ છું."

નવસુખલાલ શેઠે પોતાના પિતાની પાછળ એક આરોગ્યભુવન બાંધ્યું હતું.

"તમે રાતના આ બદમાસોની સભામાં કેમ આવ્યાં હતાં ?"

"તમે જેમને 'બદમાશો' કહો છો તે વીર પુરુષો છે. સિદ્ધાંતને ખાતર તેઓએ ભેખ લીધો છે. ગરીબોની સેવા કાજે તેઓએ સર્વસ્વનો ત્યાગ કર્યો છે. તમે તેમને ધિક્કારો છો. તેમનો નાશ ઇચ્છો છો. તેઓ તો તમને પણ ચાહે છે. તમારૂં પણ ભલું ઇચ્છે છે. તમે મજૂરોને ગુલામ ગણો છો, તેઓ ગુલામોને માણસાઇના પાઠ શીખવે છે. તમે ધનના મદમાં આંધળા બન્યા છો, તેઓ તમને પણ માનવતાના પાઠ શીખવી સમાનતાનાં ચક્ષુ અર્પવા ઇચ્છે છે. જગતમાં સર્વને જીવવાનો હક્ક છે અને જ્યાંસુધી કોઈ ભૂખે મરતું હોય ત્યાંસુધી બીજા કોઇને નફામય પ્રવૃત્તિઓ ચલાવવાનો હક્ક નથી એ વાત તેઓ સમાજને સમજાવવા માગે છે. તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બદમાસ કહેનારા પોતાની જાતને છેતરે છે."

"પણ તમારે ને તેમને સંબંધ શું ?"

"તમારી મિલના મજૂરો તમે તેમને કરેલા અન્યાય સામે લડી રહ્યા છે. આ ભાઇઓ તેમને મદદ કરે છે. મેં મારી સેવાઓ આ ભાઇઓને અર્પી છે. તેમની સૂચના પ્રમાણે હું માંદાની માવજત કરૂં છું, દુઃખીને આશ્વાસન આપું છું, ફુરસદના વખતમાં અભણને ભણાવું છું અને ઘેરઘેર જઈ અકળાઇ ગયેલા મજૂરોને શાંતિ રાખવા સમજાવું છું."

"આ બધું ક્યારે કરો છો ?"

"નોકરીમાંથી છૂટ્યા પછી."

આરોગ્યભુવનનું ખર્ચ પણ નવસુખલાલ શેઠ આપતા હતા. તેમનો પગાર ખાનાર સ્ત્રી સામા પક્ષને મદદ કરતી હતી !

"ગુંડાઓ એ મજૂરસેવકોને ઇજા તો નહિ કરે ને ?"

"ના, ના; તેમને થોડો માર મારી દૂર દૂરં મૂકી આવશે અને આ શહેરમાં પાછા નહિ આવવાની સૂચના આપશે."

શેઠની વાત સાંભળી યુવતી હસી.

"કેમ હસ્યાં ?"

"કાલે સવારે તેઓ બધા પાછા અહીં આવશે."

"તમે કોઇને કહેશો નહિ ને ?" શેઠે પૂછ્યું.

"તેમને ઇજા નહિ થાય તેવી ખાતરી આપો તો નહિ કહું, નહિતર બધું છાપામાં આપી દઇશ."

"તેમને ઇજા નહિ થાય."

શહેરના મુખ્ય માર્ગ પર સોહિણીએ મોટર ઊભી રખાવી અને તે ઊતરી પડી. સોહિણી બે ડગલાં પણ નહિ ચાલી હોય ત્યાં એક એક ભયંકર અવાજ તેને કાને પડ્યો. સોહિણીએ પાછું વળી જોયું તો જણાયું કે નવસુખલાલ શેઠની મોટર સામેથી આવતી મોટર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે અથડાઇ હતી અને શેઠને સખત ઇજા થઇ હતી. શેઠ બેભાન થઇ ગયા હતા અને તેમને તરતજ એક બીજી મોટરમાં નાખી નવસુખલાલ આરોગ્યભુવનમાં લઇ જવામાં આવ્યા.

(૪)

ત્રણ દિવસે શેઠ ભાનમાં આવ્યા. તેમણે ઘંટડી વગાડી ડૉકટરને બોલાવ્યા.

"અહીં સોહિણી નામની નર્સ છે ને?" શેઠે પૂછ્યું.

"હા હતી ખરી, પણ હમણાં નથી."

"કયાં ગઇ?"

"તે તો બે દિવસથી જેલમાં છે. પરમ દિવસે મજૂરોની સભા હતી તેમાં તેણે કાંઇ ફિતૂરી ભાષણ કર્યું તે માટે તેને પકડવામાં આવી છે. પેલા મજૂરસંઘવાળાઓએ મજૂરોને ઉશ્કેરી મૂકયા છે. મજૂરો હવે હાથમાં રહેતા નથી. આપને અકસ્માત થયો તે દિવસે રાતે કેટલાક મજૂરોએ ભૂખથી ત્રાસી પેલા લેભાગુઓને જરા મેથીપાક જમાડચો હશે. કોણ જાણે કયાંથી આપણી નર્સ સોહિણી એ સભામાં જઇ ચડી અને ભાષણ કરવા લાગી. ભાષણમાં તેણે પોલિસનો દોષ કાઢ્યો હતો એટલે તેને પકડી હોય એમ લાગે છે."

"તેને જામીન પર છોડાવી મારી સારવાર કરવા મૂકો."

દાક્તર પોતાના શેઠને ઓળખતા હતા. તેમણે આંખો મચકાવી લહેરથી પૂછ્યું: "બીજી કોઇ સારી નર્સ મૂકું તો?"

"મેં કહ્યું તેમ કરો."

દાક્તરે માની લીધું કે શેઠ સોહિણી પાછળ ગાંડા બન્યા છે. પોતાના કાબૂ નીચે મુકાયલા આરોગ્યભુવનમાં ઊંચામાં ઊંચું નૈતિક ધોરણ જળવાય એ જોવું દાક્તરની ફરજ હતી; પરંતુ દર મહિને પગાર મેળવવો એ દાક્તરના જીવનનું ધ્યેય હતું. દાક્તરે ફરજ ચૂકીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ધ્યેયને વળગી રહેવાનું યોગ્ય ગણ્યું. સાંજ પહેલાં સોહિણી નોકરી પર હાજર થઈ ગઇ.

સોહિણી મૂંગે મોઢે પોતાનું કામ કર્યે જતી હતી. માતા કે પત્નીના જેટલી ચીવટથી તે શેઠની ચાકરી કરતી હતી, પરંતુ તેનામાં માતા કે પત્નીનો ઉમળકો નહોતો. તેના દરેક કાર્યમાં બરફ જેવી ઠંડાઈ હતી. તેના મુખ પર વ્યગ્રતા હતી. સોહિણીને શેઠની સારવાર કરવાની તક મળી તે માટે બીજી નર્સો તેની અદેખાઈ કરતી હતી, પણ સોહિણીના મુખ પર ગ્લાનિ છવાયલી રહેતી.

"મને શા માટે જેલમાંથી છોડાવી ?" દૂધ પાતાં પાતાં સોહિણીએ શેઠને પૂછ્યું.

"તમે જેલમાં સડબડો એ મને ગમતું નથી."

મોટરમાં સોહિણી સાથે વાત થયા પછી તેને વિષે વિચાર કરવાનો શેઠને અવકાશ મળ્યોજ નહોતો. આરોગ્યભુવનમાં ભાન આવ્યા પછી પ્રથમ વિચાર તેમને સોહિણીનો આવ્યો. તેમણે ત્રણ દિવસનાં છાપાં મંગાવી વાંચી જેયાં. મજૂરકાર્યકર્તાઓ પર ગુજરેલા જુલમનો અહેવાલ છાપામાં પ્રસિદ્ધ થયો હતો, પણ શેઠનું નામ ક્યાંય બહાર આવ્યું નહોતું. સોહિણીએ વચન પાળ્યું હતું. શેઠે સોહિણીને ભૂલી જવા પ્રયત્ન કર્યો પણ વારંવાર તેમને તેનાજ વિચારો આવતા હતા. "કેવી રૂપાળી છોકરી ! કેવા ઊંચા સંસ્કાર ! આવી છોકરીઓને ભાવનાની ઘેલછા કેમ લાગતી હશે ? સોહિણી કેમ પરણી ઘર માંડીને નહિ બેસતી હોય ?" શેઠે દાક્તરને બોલાવી સોહિણી વિષે તપાસ કરી. સોહિણીને જેલમાંથી જામીન પર છૂટીને આવતાં વાર થઈ તેટલામાં તો શેઠને વિમાસણ થવા લાગી. સોહિણીને પોતાને શું ? તે તો દુશ્મન પક્ષની છે. સોહિણીમાં એવું શું છે કે જે ચંપામાં નથી ? સોહિણીને કન્યા તરીકે વૃદ્ધ માતા પસંદ કરે ખરાં ? સોહિણી સાથે લગ્ન કેમ ન થાય ? શું પોતે ખરેખર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોહિણીને ચાહે છે? સોહિણી નિર્મળ હતી, વિશુદ્ધ હતી તે સાથે સ્વતંત્ર પણ હતી. સોહિણીની સ્વતંત્રતા માટેની પ્રીતિ તેના લગ્નની આડે તો નહિ આવે?' આવા આવા વિચારો શેઠના મનમાં ઘોળાયાજ કર્યા અને જ્યારે સોહિણી હાજર થઇ ત્યારેજ તેમને શાંતિ થઇ.

"મને ક્યારે જવા દેશો?" બીજે દિવસે સોહિણીએ પૂછ્યું.

"કદી નહિ."

"એટલે?" સોહિણીએ ચમકીને પૂછ્યું.

"સોહિણી, હું તને ચાહું છું."

સોહિણી ચમકી, તેનું મોં લાલ થઇ ગયું.

"શું તમે મને ચંપા માની બેઠા છો કે તમારી ભાભીના જેવી લેખો છો?" સોહિણીએ નાગણીની માફક ફૂંફાડો માર્યો.

"સોહિણી, હું તને ખરેખર ચાહું છું. હું તારી સાથે લગ્ન કરવા ઇચ્છું છું." શેઠે અપમાન ગળી જઇ નમ્રતાથી કહ્યું.

સોહિણી શાંત બની. નર્સ દર્દીને કહે તેવા અવાજે તેણે કહ્યું: "તમે સૂઇ જાઓ નહિતર તમને તાવ આવશે."

"મને શું જવાબ આપે છે?" શેઠે પૂછ્યું.

"તમે મોહને વશ થઈ આંધળા બન્યા છો. આપણું સહજીવન કદી સુખી બનેજ નહિ."

"કેમ?"

"આપણા રસ્તા જુદા છે."

"પણ હું તને મારે રસ્તે લાવવા ઇચ્છું છું."

"કેવી રીતે?"

"હું તને દારૂડિયા મજૂરો વચ્ચેથી ખેંચી લઇ મારા હૃદયમાં સ્થાપવા માગું છું. મારી મિલકત, મારી સત્તા અને મારી જાતને તારે ચરણે ધરવાના મનોરથ સેવું છું. તું ગરીબીમાં સડબડે એ હું જોઇ શકતો નથી. તું દિવસરાત મજૂરોને ઘેર ઘેર આથડ્યા કરે અને ચેપી રોગવાળા મજૂરોના સંસર્ગમાં આવે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું ખમી શકતો નથી. સોહિણી, મારી વિનંતિ સ્વીકાર અને મારી સાથે લગ્નગ્રંથિથી જોડા."

"એ તમારો રસ્તો મને પસંદ નથી. મેં તો આખું જીવન ગરીબોની સેવામાં ગાળવાનું વ્રત લીધું છે."

"તું ગરીબોની સેવા કરજે ને ગમે તેટલા પૈસા વાપરજે."

"ગરીબોની સેવા પૈસા વાપર્યે થતી નથી. ગરીબોને ધનિકોની દયા પર જીવાડવા એ તો ગરીબોનો મહાન દ્રોહ કર્યા બરાબર છે. ગરીબો તો પોતાની મહેનત પર જીવનારા છે. આજે તો એ શ્રમજીવીઓને મજૂરી કરવી છે, છતાં તેમને કામ મળતું નથી. જેમને મળે છે તેમને તેમાંથી પેટપૂરતું મળતું નથી. આજે ધનિકો નફો મેળવવા પાછળ ગાંડા બન્યા છે. ગરીબોનું શોષણ કરી, અસંખ્ય માણસોને ભૂખે મારી આજે ધનિકો નફો મેળવે છે અને પછી વાહવાહ કહેવરાવવા થોડું ધન ખર્ચી ધર્માદા કરે છે. ગરીબોની આવી રીતે સેવા કરનારા ધનિકો પોતાની જાતને છેતરે છે. ધનિકોએ જો ગરીબોની સાચી સેવા કરવી હોય, તો વેપારઉદ્યોગમાંથી નફાના તત્ત્વને ફેંકી દેવું જોઇએ, દેશના ભૂખે મરતા માણસોને રોજી મળે તેવો પ્રબંધ કરવો જોઇએ. માણસ માણસ વચ્ચેનાં વેરઝેરને દૂર કરી સર્વે સુખી થાય તેવો સમાજ ઉત્પન્ન કરવામાં સાથ આપવો જોઇએ. તમારી સત્તા અને ધનનો આ કાર્યમાં ઉપયોગ કરવા હું તમને વીનવું છું."

"તારી વાત હું સમજી શકતો નથી. જો નફો ન મળતો હોત તો હું આ બધી ઉપાધિ શા માટે વહોરૂં? આ બધું ગાંડપણ જવા દઇ મારી વાત તું નહિ માને?"

"મારી વાત તમે અત્યારે સમજી શકવાના નથી અને મારૂં ગાંડપણ તમે દૂર પણ કરી શકવાના નથી. મારી વાત તમે અત્યારે સમજો એવી મને આશા પણ નથી. હજી અમારો યજ્ઞ અધૂરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. હજી અમારે ઘણા ભોગ આપવા જોઇશે, ઘણું તપ કરવું જોઇશે, યજ્ઞ પૂરો થયે તમે સત્ય સમજશો. પ્રભુ તમને સદ્‌બુદ્ધિ આપે. હું હવે જાઉં છું."

સોહિણી શેઠને છોડી ચાલી ગઇ. શેઠ નિરાશ બની ઓશીકે માથું મૂકી સોહિણીએ કહેલી વાતો પર વિચાર કરવા લાગ્યા.

(૫)

બીજે દિવસે સાંજના શેઠની તબિયત સારી હતી. શેઠ પથારીમાં બેઠા હતા તેવામાં નર્સે ખબર આપી કે કોઇ ભૈયો મળવા આવેલ છે. ભૈયાને શેઠની સમક્ષ લાવવામાં આવ્યો.

"ક્યું ભૈયાજી, ક્યા હલચલ હૈ?"

"હજૂર, આજ તો અચ્છા હુઆ. ઉસ રોજ તો સાલે બદમાસ લોક દૂર દૂરસે વાપીસ લોટ આયે થે, લેકિન આજ તો સબકો એસા હાથ બતાયા હૈ કિ દૂસરી દફે કભી આપકા નામ નહીં લેંગે." ભૈયાએ પરાક્રમગાથા શરૂ કરી.

"આજ સુબહ મજદૂરોકી સભા હુઇ થી. હમ ભી વહાં ગયે થે. ભાષણ શુરૂ હુઆ કિ ફોરન હમે હમારા કામ શુરૂ કર દિયા. પથ્થર ફેંકના શુરૂ હુઆ ઔર બડી ધાંધલ મચ ગઈ. હમને મારામારી ભી શુરૂ કર દી. બહારવાલે બદમાસો કો અચ્છી તરહસે પીટા. એક વહ લડકી થી જો જેલમેં ગઇ થી ઉનકા તો શિર તૂટ ગયા. પોલિસ આઇ ઉસ્કી પહેલે તો હમ ચલે ગયે." ભૈયાએ વાત પૂરી કરી અને શાબાશીની આશા રાખી શેઠની સામે જોઇ રહ્યો.

"અચ્છા, અભી જાઓ, ફિર મિલના." શેઠે ભૈયાને રજા આપી.

ભૈયાની વાત સાંભળી શેઠને વજ્રપાત થયો હોય તેવો આઘાત લાગ્યો. શેઠને સોહિણી માટે અત્યંત ચિંતા થવા માંડી. તેમણે એકદમ પોલીસ-સ્ટેશને ટેલિફોન કરાવ્યો. પોલીસે ખબર આપ્યા કે સોહિણીને ઇસ્પિતાલમાં મોકલી આપવામાં આવી હતી. શેઠે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇસ્પિતાલ પર ટેલિફોન કરી સોહિણીના ખબર પૂછ્યા. દાક્તરે જવાબ આપ્યો કે સોહિણી પર હમણાંજ શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી, પરંતુ દાક્તરને સફળતા મળી નહોતી. સોહિણીનો આત્મા દેહ છોડી ચાલી નીકળ્યો હતો.

શેઠના હાથમાંથી ટેલિફોન પડી ગયો. તે ગાંડા જેવા બની ગયા. "હજી અમારે ઘણા ભોગ આપવા જોઇશે. યજ્ઞ પૂરો થયે તમે સત્ય સમજશો." સોહિણીના શબ્દો શેઠના કાનમાં ગૂંજતા હતા.

(૬)

નવસુખલાલ શેઠની મિલનાં સેંકડો મજૂરો અને અન્ય શહેરીઓ આજે શહેરના સ્મશાને એકઠા થયા હતા. સોહિણીના મૃતદેહને અગ્નિદાહ દેવાતો હતો. મજૂરો તેમની 'બહેન'ને યાદ કરી રડતા હતા. સહુ શોકમાં ગરકાવ થઇ ગયા હતા.

બધાના આશ્ચર્ય વચ્ચે સ્મશાન નજીક એક મોટર આવી ઊભી. મોટરમાંથી માંદા જેવા દેખાતા નવસુખલાલ શેઠ ઊતર્યા. શેઠ સોહિણીની ચિતા પાસે આવી ઊભા રહ્યા. શેઠની આંખોમાંથી ચોધાર આંસુ પડતાં હતાં.

"આંસુથી ચિતા કદી ઠરતી નથી અને ઠરે તોપણ તેથી દેહને છોડી જનાર આત્માને તો શાંતિ થતીજ નથી." ચિતામાંથી કોઇ બોલતું સંભળાયું.

"સોહિણીના આત્માની શાંતિ માટે હું શું કરું ?" શેઠે પૂછ્યું.

"સોહિણીએ કહ્યું હતું તે. સર્વે સુખી થાય તેવી સમાજરચના ઘડવામાં મદદ કરો."

શેઠે સર્વત્ર સુખ પ્રસરે તે માટે થતા યજ્ઞમાં આહુતિ આપવા પ્રતિજ્ઞા લીધી અને સહુ વીખરાયા.

(ફેબ્રુઆરી, ૧૯૩૬ ના "સર્વોદય" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪–સડક બાંધનાર

(લેખકઃ–શ્રી. સો૦)

(૧)

વૈશાખ માસ ચાલતો હતો. સવારથી સાંજ સુધી ભયંકર તાપ અને ઉકળાટ રહેતો. પૃથ્વી જાણે શેકાઇ જતી હોય એવી ગરમીથી વાતાવરણ બળું બળું થતું. શહેરના ધનિકો અસહ્ય તાપથી શાંતિ મેળવવા માથેરાન, મહાબળેશ્વર કે સિમલા જેવાં શીતળ સ્થળોમાં ઉનાળો ગાળવા ઊપડી ગયા હતા. રાજદરબારની કચેરીઓ, કોર્ટો, નિશાળો બધે ઉનાળાની રજાઓ ચાલતી હતી. રજાઓ નહોતી ફક્ત મધ્યમ વર્ગના કારકુનોને તથા નાના વેપારીઓને.

બંગાળ–નાગપુર રેલવેના અધિષ્ઠાતાઓએ નક્કી કર્યું હતું કે, આ વર્ષે રેલવે લાઇન ૨૦૦ માઇલ વધારવી. આ લાઇન બાંધવા માટે તેમણે એક પરદેશી કંપનીને કોન્ટ્રાકટ આપ્યો હતો અને ઘણુંખરૂં કામ અત્યારે પૂરૂં થઇ જવા આવ્યું હતું. ફક્ત ૨૫ માઇલ જેટલી લાઇન બાકી રહી હતી. ચોમાસું શરૂ થઈ જાય એ પહેલાં આ કામ પણ ખતમ થઇ જાય એવી કોન્ટ્રાકટરોની ઉમેદ હતી. એકીસાથે એક હજાર મજૂરોને કામે લગાડવામાં આવ્યા હતા. જ્યાં બેચાર માસ પહેલાં નિબિડ જંગલ હતું, ત્યાં અત્યારે ભારે કોલાહલ મચી રહ્યો હતો, મોટાં મોટાં ઝાડો નિર્મૂળ થયાં હતાં, ટેકરા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ખોદાઇ જતા હતા, સાફ પાકી સડક બનતી હતી અને બન્ને બાજુ તારની વાડો નંખાતી હતી. મજૂરો કાચાં છાપરાં નીચે કે કોઇ ઝાડની છાયામાં રાત્રિનો સમય ગાળતા અને આ રીતે ચોવીસે કલાક જંગલમાં પડ્યા રહેતા. આજુબાજુનાં ગામડાંનાં અનેક કુટુંબો મજૂરી મેળવવા ઘરબાર છોડી અનેક મહિનાઓથી જંગલમાં આવી રહ્યાં હતાં. ઉનાળાની ઋતુ આવી અને ગરમીનો ત્રાસ વધતો ગયો; એટલે નવા મજૂરો મળવાની મુશ્કેલી પડવા માંડી. જંગલની અંદર ખુલ્લા આકાશ નીચે, વરસતી લૂમાં કામ કરવા કોણ તૈયાર થાય? થોડાઘણા જે નવા મજૂરો આવ્યા તે બેચાર દિવસમાંજ ત્રાસીને પગાર છોડી છોડી ચાલતા થયા. કોન્ટ્રાકટરને લાગ્યું કે, ધારેલા વખતમાં કામ પૂરૂં નહિ થાય; તેથી તેણે પોતાના ઇજનેરને તાકીદ આપી કે, “મજૂરો સંબંધી ગમે તે બંદોબસ્ત કરો, પણ કામ ઝપાટાબંધ આગળ ચલાવો.” ઇજનેર પણ જાણતો હતો કે, જો કામ સંતોષકારક રીતે નહિ ચાલે; તો પોતાને સહન કરવું પડશે; એટલે એણે પોતાના બધા ઓવરસિયરોને બોલાવી ખૂબ કડક થવા તથા મજૂરો પર બરાબર ચોપ રાખી કામ જલદી ચલાવવા તાકીદ આપી. દરેક ઓવરસિયર નીચેના માણસોએ દરરોજ કરવાના કામના તેમને નકશા આપવામાં આવ્યા તથા જે પોતાનું દરરોજનું કામ પૂરૂં ન કરી શકે, એનો દંડ કરવામાં આવશે એમ જાહેર થયું.

મજૂરોની છાવણીમાં પણ આ વાત પહોંચી ગઇ, કારણકે આજે વરધી આપવામાં આવી હતી કે, “જે મજૂર એક દિવસ ગેરહાજર રહેશે, તેનો એક અઠવાડિયાનો પગાર જપ્ત થશે તથા જે પોતાને ગામડે ચાલી જવાની વાત કરશે, તેનો એક મહિનાનો પગાર જપ્ત થશે.”

(૨)

બાર વાગે બે કલાક માટે કામ બંધ થયું. મજૂરો છુટકારા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નો દમ ખેંચી પાવડા કોદાળી ફેંકી દઇ, કપડાં ખંખેરતા અને પસીનો લૂછતા પોતાની છાવણી તરફ વળ્યા. બીજા મજૂરો સાથે એક સ્ત્રી તથા પુરુષ પણ હતાં. સ્ત્રીની ઉંમર ત્રીસેક વર્ષની હશે. એના મોં પર થાકનાં ચિહ્નો સ્પષ્ટ જણાતાં હતાં. એ પરાણે ચાલતી હોય એમ જણાતું હતું. એ વારંવાર પાછળ પડી જતી, તેથી પુરુષ ઊભો રહ્યો અને પૂછવા લાગ્યો: "આજે તને બહુ થાક લાગ્યો જણાય છે. તારાથી ન થાય તો તું બપોરે કામે આવવું રહેવા દે!"

સ્ત્રીએ જરા સ્વસ્થ થવા પ્રયત્ન કર્યો, સાડલાના છેડાથી મોં લૂછી નાખ્યું ને જવાબ વાળ્યો: "બપોરે કામે ન જઇએ તો પછી શું થાય તે જાણો છો ને? આઠ રોજ કાપી નાખે."

હરિયાના મનમાં પણ એજ વાત હતી, પરંતુ આઠ દિવસની રોજી કરતાં એની પત્નીના આરોગ્યની એને વધુ ચિંતા હતી. હરિયો અને સુંદર ચાર માસથી અહીં મજૂરી કરતાં હતાં. એમને આશા હતી કે, કામ પૂરૂં થયે સારી જેવી રકમ બચાવી શકાશે. ગામમાં પોતાની જમીન શાહુકારને ત્યાં ગીરો મૂકેલી હતી, તે છોડાવવાની આશાથી હરિયો પોતાની સગર્ભા પત્નીને સાથે લઇ સડક બાંધવા આવ્યો હતો.

હરિયાના મનમાં થયું કે, દિવસ કાપી નાખવાનો નિયમ તો કારીગરો કામ છોડીને ભાગી જાય તેમને માટે થયો છે. બિમાર તેમજ સગર્ભા સ્ત્રીઓને એ નિયમ લાગુ ન પાડી શકાય. માંદા માણસ પાસેથી કામ લેવાથી ફાયદો પણ શો? એ થોડુંજ દિલ દઇને કામ કરી શકે છે? હું જમતા પહેલાં છોટાબાબુને મળી સુંદર માટે બપોરની રજા લઇ આવીશ. છોટાબાબુ જાણે છે કે, હું કેવો મહેનતુ માણસ છું; એટલે મને ના નહિ પાડે.

એણે પોતાનો વિચાર સુંદરને કહ્યો. સુંદરે થોડી દલીલો તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી; પરંતુ અંતે એને પણ લાગ્યું કે, કામ કરતાં કરતાં ક્યાંક પડી જવાય તો વળી ઉપાધિ થાય.

હરિયો ઉતાવળે ઉતાવળે ખાઇને તરત છોટાબાબુના કેમ્પ પર ઊપડ્યો. મજૂરોમાં છોટાબાબુ તરીકે ઓળખાતો બંગાળી જુવાન કૉન્ટ્રાક્ટરોનો પગારદાર માણસ હતો. એણે સાંભળ્યું હતું કે, વિલાયત તથા જાપાનના મજૂરોની કાર્યકુશળતા હિંદી મજૂરો કરતાં અનેકગણી વધારે છે; તેમનામાં બુદ્ધિ, શક્તિ તથા આવડત વિશેષ છે; પરંતુ એ મજૂરોનાં જીવનનું ધોરણ કેટલું ઉચ્ચ છે, તેમના મુલકમાં ભણતરનું પ્રમાણ, માલિકો તથા રાજ્ય તરફથી મળતી અનેકવિધ સગવડો કેટલી છે એ વિષયમાં તપાસ કરવાની તેને કદી જરૂર લાગી નહોતી. છોટાબાબુનું એક પ્રિય સૂત્ર હતું: “આ કમબખ્ત મજૂરો પર દેખરેખ ન રાખો, તો બિલકુલ કામજ ન કરે.” પોતાના વહીવટમાં આવું ન બને તે માટે એ સતત કાળજી રાખતા. આખો દિવસ પોતાની સાયકલ પર એ આમથી તેમ આંટા મારતા, મુકાદમોને ધમકાવતા, મજૂરોને ગાળો દેતા અને કોઈ વાર મિજાજ જાય, તો હાથમાંની નાનકડી સોટીનો ઉપયોગ કરતાં પણ અચકાતા નહિ. મજૂરો પોતાનું સ્થાન બરાબર સમજી લે, તેમની સામે કોઈ દિવસ દલીલ ન કરે, બતાવેલું કામ ઓછામાં ઓછા વખતમાં પૂરું કરે; તે માટે એ અવિરત પ્રયત્ન કરતા.

હરિયો છોટાબાબુના નાનકડા કેમ્પમાં ગયો, ત્યારે એ એક આરામખુરશીમાં પડ્યા પડ્યા છાપાનાં પાનાં ઉથલાવતા હતા. એમની સ્થૂલ કાયા કાંઈક મુશ્કેલીથી ખુરશીમાં ગોઠવાઇ હોય એમ લાગતું હતું; એટલે અવાજ થતાં એમને જરા ટટાર થવું પડ્યું, તેથી શરીરને અસુખ થયું.

એમના બપોરના આરામના સમયમાં કોઇ દખલ કરે એ સામે એમને વિરોધ હતો. એમણે હરિયાને જોઇ છાપું એક બાજુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેંકી દીધું ને ત્રાડ મારી: "કેમ શું છે? અત્યારે કેમ અહીં મર્યો છે?" હરિયો સ્તબ્ધ થઇ ગયો, પરંતુ આટલે સુધી આવેલો એ પાછો જાય એ ઠીક નહિ, એમ સમજી જરા હિંમત લાવી એણે બે હાથ જોડ્યા: "બાબુસાહેબ, એક અરજ કરવી છે. મારી ઘરવાળી-ને પાંચપંદર દિવસમાં સુવાવડ આવે એમ છે. એનાથી કામ નથી બનતું, તેથી એને રજા આપો."

છોટાબાબુને તરત ઈજનેર સાહેબની ધમકી યાદ આવી. પોતા-ના ભાગે આવેલું કામ તેણે પૂરૂં કરવુંજ જોઇએ, પૂરૂં ન થાય તો પગાર ઉપરાંત જે બોનસ મળવાનું હતું, તે મળે નહિ ને વળી કાયમી નોકરીને ધક્કો પહોંચે. હરિયાની વાત સાચી હોય તે છતાં એ એટલી છૂટ આપે તો બીજાઓ પણ એક યા બીજા કારણે રજા માગે; પૂરતા મજૂરો તો હતા નહિ, તેમાં આવા વખતે રજા આપવી કેમ પોષાય?

"સુવાવડ આવે તે દિવસથી રજા મળશે. અગાઉથી રજા નહિ મળી શકે. તમારા લોકોની મુશ્કેલી માટે શું કંપની સહન કરશે? કદી નહિ. જાવ, ચાલ્યા જાવ. જો વધુ ગરબડ કરી છે, તો તમારો બન્નેનો બાકીનો પગાર જપ્ત થશે."

નિરાશ અને પાછો પડેલો હરિયો ધીમે પગલે કેમ્પમાંથી બહાર નીકળ્યો. એણે પોતાના ઉતારે આવીને સુંદરને વાત કરી. સુંદર તો પહેલેથીજ જાણતી હતી. એણે પોતાનું દુઃખ હળવું દેખા-ડવા પ્રયત્ન કર્યો અને હરિયાને સાંત્વન આપ્યું કે, "હવે ઠીક લાગે છે અને કામ કરવામાં વાંધો નહિ આવે."

(૩)

હરિયો બીજા પચીસ મજૂરોની ટોળી સાથે એક નાળા આગળ કામ કરતો હતો. આજે બપોરે છોટાબાબુએ એની બૈરીને રજા ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપી, એથી થયેલો અસંતોષ ભૂલવા એ પ્રયત્ન કરતો હતો; પરંતુ ભૂલી શકતો નહોતો. થોડી થોડી વારે જ્યારે એની નજર ટોપલો ઊંચકીને આવતી સુંદર ઉપર પડતી, ત્યારે એની લથડાતી ચાલમાં એ સુંદરની વહી જતી શક્તિ જોઇ રહેતો. કંપનીનું કામ તો ધમધોકાર ચાલ્યેજ જતું હતું; છોટાબાબુ હમણાંજ અહીંથી પસાર થયા હતા અને કામની ઝડપ જોઈ ખુશ થયા હતા, પરંતુ ઉપરી અમલદારોએ મોઢેથી કદી પણ એ વાત કબૂલ કરવા જેટલી નબળાઇ દાખવવી ન જોઇએ, એવી માન્યતા ધરાવતા હોવાથી એમણે તો ઊલટું મજૂરોને બેચાર ગાળો દઇનેજ સંતોષ માન્યો હતો. મજૂરો તરફ દૃષ્ટિ કરતાં એમની નજર હરિયા પર પડી એટલે જરા કરડાકીમાં બોલ્યાઃ "કેમ અલ્યા! તારી બૈરીને છોકરૂં આવી ગયું?" આ ક્રૂર મશ્કરીથી હરિયાનું દિલ ધવાયું, પરંતુ એ શું કરે? હરિયાએ કશો જવાબ વાળ્યો નહિ. પોતાનો ગુસ્સો એણે કોદાળી જોરથી જમીનમાં અફાળીને ઠાલવ્યો.

થોડા સમય પછી કોદાળી ને પાવડાના ખખડાટને ઢાંકી દેતી એક ચીસ પડી. બધાએ ક્યાંથી ચીસ પડી તે તરફ જોયું. સુંદર માથે ટોપલો લઇને એક જગાએથી બીજી જગાએ માટી નાખતી હતી, તેને ઠેસ વાગવાથી તે પડી ગઈ હતી. હરિયો કોદાળી ફેંકી એ તરફ દોડ્યો. એણે પત્નીનું માથું પોતાના ખોળામાં લઇ લીધું. સદ્ભાગ્યે કોઇ ઠેકાણે ગંભીર ઇજા નહોતી થઈ; પરંતુ અશક્તિને લીધે બાઈને તમ્મર ચડી ગઈ હતી. કોઇએ થોડું પાણી લાવી આપ્યું ને તેના મોં પર છાંટ્યું. મુકાદમે કુતૂહલથી ભેગા થયેલા બીજા મજૂરોને ત્યાંથી દૂર કરી કામે વળગાડ્યા, તે છતાં એને પણ સુંદર પ્રત્યે દયા તો આવી. એણે તરતજ એક માણસને છોટાબાબુ પાસે દોડાવ્યો. છોટાબાબુ થોડે દૂર એક બીજી ટોળી કામ કરતી હતી ત્યાં ઊભા હતા. વાત સાંભળી તે હાથમાં સોટી ફેરવતા ફેર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વતા લહેરથી જ્યાં સુંદરની આસપાસ ટોળું વળ્યું હતું, તે બાજુ આવવા નીકળ્યા. દરમ્યાન હરિયાએ પોતાને માથે વીટેંલ ફાળિયું કાઢી એક ઝાડ નીચે પાથર્યું તથા તેના ઉપર જાળવીને સુંદરને સુવાડી. હરિયાનું નૂર ઊડી ગયું હતું. એની નજર સામેથી અત્યારે આ જંગલ, રેલવેના પાટા, સેંકડો મજૂરો, બધું અદૃશ્ય થતું હતું. એની આંખ સામે વાતાવરણમાં બે આકૃતિઓ ચીતરાઇ હતી. એક ગરીબડી, દયાર્દ્ર આંખોવાળી, દૂબળી પાતળી સુંદર અને બીજી મિજાજ અને ઉચ્છૃંખલતા ભરી ભીમકાય છોટાબાબુની મૂર્તિ. છોટા-બાબુ જાણે સુંદરને હાથ પકડી જોરથી ફેંકી દેવા માગતા હોય, એવો હરિયાને આભાસ થયો. હરિયો કંપી ઊઠ્યો. આંખે હાથ ફેરવી એણે એક નિશ્વાસ નાખ્યો: "અરે પ્રભુ! આ તો ભ્રમણા, પણ સુંદરનું થશે શું?"

છોટાબાબુ સિસોટી વગાડતા આવી પહોંચ્યા. સિસોટી વગા-ડવી એ એમનો પ્રિય વ્યવસાય હતો. જ્યારે છોટાબાબુ ખુશમિજાજમાં હોય, ત્યારે એ હંમેશ સિસોટી વગાડતા. એમણે આવીને મુકાદમને ઊધડો લીધો: "કેમ! આ બધી ગરબડ શાની છે? એક બાઇ પડી ગઇ તેમાં આટલો ઘોંઘાટ? મરી તો નથી ગઇ ને? મેં તને સખત તાકીદ આપી છે કે, કોઇ પણ સંજોગોમાં કામ ઘડીભર પણ અટ-કવું ન જોઇએ, તે છતાં આ શું? આ હરિયો કેમ અહીં બેઠો છે?" હરિયો આ સાંભળી ઊભો થઇ ગયો. એ ગુસ્સાથી લાલચોળ થઈ ગયો. ઘડીભર એ ભૂલી ગયો કે એ પોતે એક ગરીબ મજૂર છે ને છોટાબાબુ એનો અન્નદાતા છે. બે ડગલાં આગળ વધી એ છોટા-બાબુ પાસે આવ્યો......"સાહેબ! મારી બૈરી અહીં મરે છે ને તમારો મિજાજ જાય છે! તમારૂં તો પાંચ મિનિટ કામ બંધ રહ્યું, પણ મારૂં તો નસીબ ફૂટી ગયું! બપોરે રજા લેવા આવ્યો, પણ તમને શાની દયા આવે? તમારે તો અમારૂં લોહી પીવું છે, તમે અમારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેનત-મજૂરીના ભૂખ્યા છો, તમને તમારા નફાની પડી છે. અમે શેકાઇ જઇએ કે મરી મટીએ એની તમને પરવા નથી."

હરિયાની વાગ્ધારા આગળ ચાલી, પણ છોટાબાબુ એક હલકટ મજૂર તરફથી આ પ્રત્યુત્તરની અપેક્ષા રાખતા નહોતા. આ અશિસ્ત તથા સભ્યતાનો ભંગ જોઇ એમનો મિજાજ વધુ ગયો. એમણે એકદમ દોડી હરિયાનો હાથ પકડ્યો ને હાથમાંની સોટી ઉછાળી જોરથી એના વાંસા, હાથ તથા છાતી પર લગાવી દીધી. "સાળાઓ આજકાલ ફાટી ગયા છો? ભૂખે મરતા હતા તે ભૂલી ગયા? આજે ચાર ચાર માસથી કંપનીના રોટલા ખાવ છો અને ખરે વખતે ઢોંગ કરી કામ બગાડો છો? મુકાદમ! પેલા મજૂરો કામ છોડી કેમ આ બાજુ રોકાઇ રહ્યા છે? તું શું ખબર રાખે છે? દરેકને એક એક સોટી લગાવી દે. હરિયાનો આજનો પગાર કાપી નાખો, એની બૈરીનો પગાર કાપી નાખો અને હમણાં એને ઝાડ નીચે પડી રહેવા દો."

મુકાદમ વૃદ્ધ અને અનુભવી માણસ હતો. એ પોતે પણ એક દિવસ આવી મજૂરીજ કરતો હતો. એ જાણતો હતો કે, દિવસભર નીચી ડોકે, ટાઢતડકો વેઠી મહેનત મજૂરીનું કામ કરવું એ બચ્ચાંના ખેલ નથી. 'મોટા લોક'ની મહેરબાની મેળવવા એ હંમેશાં પ્રયત્ન કરતો અને એને લીધે એને મજૂરો પ્રત્યે કડક થવું પડતું; પરંતુ આ માટે એનું હૃદય હંમેશાં ડંખતું. કોઇ કોઈ વાર એને પશ્ચાત્તાપ પણ થતો. આજે એને લાગ્યું કે, છોટાબાબુના વર્તનથી બાજી હાથમાંથી જશે. મજૂરો જો ઉશ્કેરાશે તો પગાર કે નોકરીની પરવા કર્યા વિના છોટાબાબુ પર હુમલો કરશે અને પરિણામ વિપરીત આવશે. પોતાને પણ એમાં સહન કરવું પડશે. એણે છોટાબાબુને શાંત કરવા પ્રયત્ન કર્યો: "સાહેબ! એની બિચારાની બૈરી નરમ છે, તેથી એનું મગજ ઠેકાણે નથી. આપ મનમાં લાવશો નહિ. એ અભણ મજૂર શું સમજે? રેલવે કંપનીના રૂડા પ્રતાપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે આજે ફરતા પચીસ ગામની વસ્તીને મજૂરી મળી છે. હોય સાહેબ! દરગુજર કરો. આપ તો મોટા લોક કહેવાવ. આપે તો દિલ મોટું રાખવું જોઇએ." આ ખુશામતથી છોટાબાબુ જરા શાંત થયા અને દમામભેર ત્યાંથી બીજી બાજુ ચાલતા થયા. હરિયો તો આ તમાશો જોઇજ રહ્યો. એને થઇ આવ્યું કે, એની પાછળ દોડી એને પટકી નાખું, એક પથ્થર લઇ એનું માથું તોડી નાખું; પણ વળી ઝાડ નીચે સૂતેલી એની પત્ની એને યાદ આવી. એ મારામારી કરશે તો આની કોણ સંભાળ લેશે? એ મુકાદમ તરફ ફર્યો. મુકાદમ સમજી ગયો કે, એને સાંત્વનની જરૂર છે; નહિ તો વધુ ઉશ્કેરાશે અને કાંઇક કરી બેસશે. એણે હરિયાની પીઠ પર હાથ મૂક્યો અને ધીમેથી સમજાવવા માંડ્યો: "જો ભાઇ! સમજુ થા; દુનિયા એવીજ છે. ગરીબનો કોઇ ભાવ પૂછતું નથી. મોટા સામે બાથ ભરવા જઇએ, તો નાહક હેરાન થઇએ. તું સામું ન બોલ્યો હત, તો કાંઇ માર ખાવો પડત?" હરિયાને આ દિલાસો આજે સંતોષ આપી શકે એમ નહોતું. પીઠમાં જોરથી પડેલ સોટીના ઘા દર્દ કરતા હતા. પત્નીની ચિંતાથી દિલ ગભરાતું હતું. છોટાબાબુનો મિજાજ સાંભરતાં ગુસ્સો થતો હતો. બધા વિચાર છોડી એ પત્ની પાસે ગયો. એ હજી પણ બેહોશ પડી હતી. "શરીર ઉપર તો કશી ઇજા જણાતી નથી છતાં આમ કેમ? શું થયું હશે? સગર્ભાવસ્થાને લીધે આમ થતું હશે?" પામર, અજ્ઞાન હરિયો શું જાણે? એને દવા માટે પણ એ ક્યાં લઇ જાય? ફરતા દસ માઇલના વિસ્તારમાં એક પણ ગામ કે શહેર નહોતું. અહીં જંગલમાં કોઇની પાસે ઘરગથ્થુ દવાઓ પણ ક્યાંથી હોય? "છોટાબાબુ ધારે તો કાંઇક વ્યવસ્થા કરી શકે, પણ એ દૈત્યને ફરી બોલાવવા જાઉં તો વળી શુંનું શું કરે? એને તો બધા ઢોંગજ લાગે છે. જો એની બૈરી આ રીતે રિબાતી હોય, તો એને સમજ પડે. અરે પ્રભુ! કાં આવી ગરીબી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપી ?" આ પ્રકારના વિચારો એના મનમાં થતા હતા. એણે પહેરેલા ફાળિયાનો એક છેડો ફાડી પાણીમાં પલાળ્યો અને સુંદરના કપાળ પર મૂક્યો. સુંદરના કપાળ પરની નસો જોરથી કૂદતી હતી અને શરીરમાં તાવ ભરાતો હતો.

(૪)

બે કલાક પછી સુંદર જાગી. ન વેઠાય એવું દર્દ થતું હોય તેમ ચીસેચીસ પાડવા લાગી: "અરેરે, મરી જાઉં છું! મને ઘેર લઇ જાવ, મને પેટમાં દુખાવો ઉપડ્યો છે......." હરિયો બેબાકળો બની મુકાદમ પાસે દોડ્યો. મુકાદમે નજીકની ઓરડીમાંથી એક ખાટલો મંગાવી આપ્યો ને બે મજૂરો આપ્યા. સુંદરને ખાટલામાં નાખી ઘેર લઇ ગયા. આજુબાજુની ઓરડીઓમાં ત્રણ ચાર વૃદ્ધ બાઇઓ હતી. તેમણે સુંદરનો કબજો લીધો અને હરિયાને બહાર બેસાડ્યો. સુંદરને પ્રસૂતિની પીડા ઉપડી છે, એમ અનુભવી વૃદ્ધાઓએ જાહેર કર્યું. બહાર બેઠો બેઠો હરિયો અંદરથી આવતી ચીસો સાંભળી ચમકી ઊઠતો, પણ એ શું કરે ?

વૃદ્ધાઓએ અરસપરસ મસલત કરી. એમની જાણ મુજબના અનેક ઉપચારો અને અખતરા કર્યા ને સુંદરે મૂએલા બાળકને જન્મ આપ્યો. પછી સાંજના જ્યારે મજૂરો કામ છોડી ઘરે પાછા ફરતા હતા, તે વખતે સુંદરે પોતે પણ દેહ છોડ્યો.

એક કલાક પછી બધા સુંદરનું શબ બાળવા લઈ ગયા. બધા શાંત હતા. હરિયો પણ શાંત હતો, પણ એ શાંતિ ભયંકર હતી. સવાસો મજૂરો ખાવુંપીવું છોડી સુંદરની શબયાત્રામાં જોડાયા હતા. જે ગરનાળા આગળ કામ કરતાં કરતાં સુંદર પડી ગઇ હતી, તેની બરાબર સામે પણ બસો વાર દૂર એની ચિતા ખડકવામાં આવી. હરિયાએ એને અગ્નિદાહ દીધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫)

ફરતા પાંચ માઇલના વિસ્તારમાં સડક બાંધવાનું કામ કરતા બધા મજૂરોમાં સુંદરના મૃત્યુની વાત ફેલાઇ ગઇ. મૃત્યુની વાત સાંભળવાથી જેટલું દુઃખ ન થયું, એટલું દુઃખ જે સંજોગોમાં મૃત્યુ થયું એને લીધે થયું. બધા મજૂરો આ અન્યાય સામે મૂક રોષથી જલી રહ્યા. બીજા દિવસે કામ પૂરૂં થયા પછી મજૂરોનાં ટોળેટોળાં હરિયાની ઓરડી તરફ જવા નીકળ્યા. જુવાન અને મધ્યમ વયનાં સ્ત્રી અને પુરુષો બબ્બે ચારચાર કે વધારેના જૂથમાં હરિયાને સાંત્વન આપવા સુંદરના ઉઠમણામાં બેસવા ગયા. જેઓ ગઇ કાલે સ્મશાનમાં નહોતા ગયા તેઓ તો ખાસ ગયા.

એક વિશાળ વડલાની નીચે હારબંધ માણસો બેઠા હતા. નજીકના એક લીમડા નીચે સ્ત્રીઓ બેઠી હતી. ટોળા પર એક પ્રકારની ગમગીની છવાઇ હતી. અદૃષ્ટ ભય સામે અવશતા કે અસહાયતાની ભાવના જણાતી હતી. લોકો શાંતિથી વાતચીત કરતા હતા–જાણે વાતાવરણની ગંભીરતા તોડતાં અચકાતા હોય! એક જુવાન મજૂર ટોળાના છેડેથી ધીમે ધીમે જગા કરતો કરતો જ્યાં હરિયો બેઠો હતો ત્યાં પહોંચ્યો; એ સુંદરનો પિતરાઇ ભાઇ હતો ને આ સમાચાર સાંભળી દૂરના એક કેમ્પ પરથી આવ્યો હતો. એણે હરિયાની સામે એક નજર માંડી. એની આંખના ઊંડાણમાં-એની હતાશ મુખમુદ્રામાં એણે એનું દુઃખ વાંચ્યું. એ દુઃખની સાથે એક બીજી લાગણી પણ જોઇ–પોતાની સ્થિતિ પ્રત્યે અસહ્ય વિરોધ. જુવાન વધુ વખત શાંત ન બેઠો. એણે આજુબાજુના મજૂરોને ઉદ્દેશીને કહેવા માંડ્યું:—

"ભાઇઓ! ક્યાં સુધી આ જુલમ વેઠી લઇશું? આજે આ દૈત્યે મારી બહેનનો ભોગ લીધો, હવે કોણ જાણે કોનો વારો આવશે? આપણને ઢોર કરતાંયે બદતર ગણે, એ કેમ વેઠાય? નજીવી વાત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં ગાળ કાઢે, માર મારે, રોજ કાપી નાખે—આ બધું મૂંગે મોઢે સહી લેવું ?"

જુવાનની વાત તરફ સૌના કાન મંડાયા. સૌના દિલની એ વાત હતી. હરિયો અચાનક જાણે ઊંઘમાંથી ઊઠ્યો. એ જરા ટટાર થયો. એની ઊંડી ઊંડી આંખમાં જરા ચમક આવી. એણે ખોંખારો ખાઇ જવાબ વાળ્યો: "આ ચમન ઠીક વાત કહે છે. આપણા સૌના મનમાં એજ વાત છે. આજે એ દિવસથી હું ઊંઘ્યો નથી કે જંપ્યો નથી. મારા મનમાં એકજ વાત ઘોળાયા કરે છે. આ બધો જુલમ થાય છે, એનો ઇલાજ શો ? એ છોટાબાબુને બે હાથમાં પકડી મસળી નાખવાનું મન થાય છે, પણ વળી વિચાર કરું છું કે, એથી શું ? એથી કાંઇ આ વાતનો અંત થોડોજ આવવાનો છે ? એનાથી વધુ ખરાબ માણસો આપણા પર બંદૂકો લઇ દેખરેખ રાખશે !......અને એમની વાત તો જુઓ. એ કહે છે કે, 'આપણે ભૂખે મરતા'તા તે એમણે જીવાડ્યા.' હા ! ભાઇ હા, આપણે તૂટી મરીએ, કાયા નીચોવી નીચોવી એમને નફો કરી દઇએ, ત્યારેજ આપણને આવું સાંભળવાનો વારો આવે ને ?" સૌ આ વાતો સાંભળી સચેત થયા. એક ટીખળી જુવાને મુકાદમ ભણી આંગળી કરી ટાણો માર્યો......"ભાઇઓ ! શું કરીએ ? આવા લાકડાના હાથા કુહાડીમાં ભળે એટલે શું બાકી રહે ? જેનો આગેવાન આંધળો એનું કટક કૂવામાં. છોટાબાબુ જેટલી વાત કરે એ બધીએ મુકાદમ કબૂલ રાખે. એણે કદી મજૂરો વતી વિરોધ કર્યો છે ?" કેટલાક આથી ખુશ થયા, કેટલાકને આ ઠીક ન લાગ્યું. મુકાદમ પોતે પણ પોતાની સ્થિતિ સમજતો હતો. મજૂરોના ટેકા વિના એ ટકી શકે એમ નહોતું. એણે ઊભા થઇ લોકોને શાંત રહેવા કહ્યું અને સમજણ આપવા માંડી: "જુઓ ભાઇઓ ! હું તમારાથી જુદો નથી. મારે કાંઇ મોટા અફસર થવું નથી કે કોઇ પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ ઉપાડવો નથી. ચમન અને હરિયો કહે છે એ વાત તો સાચી છે. ખેતીનું સત્યાનાશ વળ્યું, જમીનો ડૂબી ગઇ; એટલે આપણે આ ગુલામી વેઠવાનો વખત આવ્યો. તોયે જો આપણે સંપ કરી એક થઇએ તો ઘણો ફેર પડે. આપણી ન્યાતમાં જેમ પાંચ પટેલિયા કહે એમ સૌને વર્તવું પડે છે અને તે પટેલ અન્યાયથી વર્તે તો એને ઉતારી પાડીએ છીએ, તેમ અહીંયાં પણ પંચ નીમીએ ને એ પંચ કહે એટલી વાતો કંપની કબૂલ રાખે તો ઘણી તકલીફો દૂર થાય." હરિયાને આ વાત ઠીક લાગી, બીજાઓને પણ એ ગમ્યું. એક ચાલાક મજૂરને આમાં કાંઇક યુક્તિ લાગી. એણે તરતજ કહ્યું: "જુઓ ભાઇ, પંચ થાય એ કબૂલ, પણ પંચમાં મુકાદમ હોય એ ન આવી શકે, કારણકે એથી કંપનીનો દાબ વધી જાય." મુકાદમને આ બાબતમાં કાંઇ કહેવું હોય એ સાંભળ્યા વિના સૌએ છેલ્લા માણસની વાત કબૂલ રાખી. ચમન, હરિયો અને બીજા ત્રણ મજૂરો પહેલા પંચો તરીકે ચૂંટાયા ને એમણે છોટાબાબુને બધી વાત સમજાવી, અમુક માગણીઓ મૂકવી એમ નક્કી થયું.

સુંદરના મૃતદેહની રાખ તો એ ભૂમિ પરથી વાતાવરણમાં ભળી ગઇ હતી. એ જગા પર કોઇ સ્મારક નહોતું, પરંતુ સુંદરના મૃત્યુને લીધે મજૂરોનાં હૃદયમાં જાગૃત થયેલો અગ્નિ તથા મનુષ્ય તરીકે જીવવાની અને મનુષ્ય તરીકે મરવાની જે તમન્ના જાગી તે ચિરંજીવ નીવડી. અસંગઠિત મજૂરોની નિદ્રા ઊડી ગઇ. છોટાબાબુના જુલમ સામેના સુંદરના મૂક પોકારે હરેક મજૂર-હૈયામાં પડઘો પાડ્યો ને એકએક કારીગરે એનો ઉત્તર વાળ્યો.

(સપ્ટેમ્બર ૧૯૩૬ના "સર્વોદય" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫-જીવન સંધ્યા

(લેખક:-શ્રી. સીતારામ જે. શર્મા)

(૧)

ઢળતા બપોરનાં સૂર્યકિરણો પશ્ચિમ તરફની બારીમાંથી ઓરડામાં આવી, અંદર બેઠેલાં માણસોના શરીર સાથે ગેલ કરી રહ્યાં હતાં.

ઓરડાની બરોબર વચ્ચે બેઠેલી જમનાના ખોળા આગળ એક બાલિકા માથું ગૂંથાવી રહી હતી.

એ ઓરડો દિવસે દીવાનખાનું અને રાત્રે શયનખંડ બનતો; પાણિયારૂં અને સ્નાનગ્રહ, વાચનખંડ અને બાળકોનો અભ્યાસખંડ એમ બહુરૂપીની જેમ વિવિધ વેશ ભજવતો હતો.

એક બાજુએ નાનકડું ટેબલ અને બે ખુરશીઓ, તેની બાજુના સ્ટૅન્ડ પર થોડીક ચોપડીઓ, ટેબલ પર છોકરાંઓનાં દફતર, બાજુમાં પેટીઓ પર સફાઈથી ખડકી રાખેલાં ગાદલાં, તેની સામે થોડીક ટ્રંકો, અને પરચૂરણ સામાન, ખંડમાંની બારી પાસે સાદા કંતાનથી મઢેલી એક જૂની ડેકચેર, અને દીવાલ પર એકાદ બે છબીઓ એટલો આ ખંડનો શણગાર હતો.

માતાની પાસે વાળ ગૂંથાવતી નાનકડી બાલિકા નવદસ વર્ષની ઉમરની હશે. એનું નામ હતું સુહાસ—ધાટીલી, ગોરી, તંદુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્ત અને સદાય હસતી.

સુહાસે ડેકચેર પર પડ્યા પડ્યા, ચશ્માં ચડાવીને છાપું વાંચતા દિનકરને લાડઘેલા શબ્દે કહ્યું: "બાપુજી, આજ તો તમારે અમને રાણીના બગીચામાં લઇ જવાં પડશે. અને વળી પેલું તે દિવસે કબૂલ કર્યું હતું, તે ચાવીનું રમકડું અપાવવું પડશે."

"વારૂ બહેન." દિનુએ ઋજુતાભર્યા સ્વરે કહ્યું અને વળી છાપું વાંચવાનું શરૂ કર્યું.

"તમે તો જ્યારે કહીએ ત્યારે એમજ કહો છો, પણ લઇ જવાના અખાડા. બા, આજ તો તારે બાપુજીને કહેવું પડશે."

"ઠીક, પણ હમણાં તો સીધી સમી બેસ." જમનાએ કેશ ગૂંથવા ચાલુ રાખીને કહ્યું.

દિનુનું મોઢું તે વખતે વર્તમાનપત્રની પાછળ ઢંકાયલું ન હોત, તો સુહાસના આ શબ્દોની તેના દિલ પર કેવી અસર થાય છે, તે જમના જોઇ શકત.

બાજુમાં નાની ઊર્મિલા રમકડાં સાથે ગેલ કરી રહી હતી. તેની પાસે સહુથી નાનો બાબુ ઊંઘતો હતો. બીજી તરફ સુહાસથી નાનો વિશ્વેશ અને નાના બાબુથી મોટો દિનેશ બેઠા હતા. વિશ્વેશ કોરા કાગળ પર લીંટા દોરતો હતો અને દિનેશ એક જૂના છાપા-માંનું સાયકલનું ચિત્ર જોઇ રહ્યો હતો.

"બાપુજી, આ છાયકલ કેવી મજાની છે. માલે એવી છાયકલ જોઇએ છે." ધારી ધારીને સાયકલ જોઇ રહ્યા પછી દિનેશ બાપુજીને પોતાની કાલી ભાષામાં અપીલ કરી.

"નહિ બાપુજી, એની સાયકલ પછી. પહેલાં તો તમારે મને ડગલો, ટોપી ને બૂટ અપાવવાનાં છે."

દિનેશને બાપુ જવાબ આપે તે પહેલાં વિશ્વેશ બોલી ઊઠ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વારુ ભાઈ, તને પહેલાં અપાવીશ."

"અને હું નહિ?" દિનેશ ઉં-ઉં-ઉં કરતો પગ ઘસવા લાગ્યો.

"તું પણ ખરો." દિનકરે તેનેય આશ્વાસન આપ્યું. તે વખતેજ સહુથી મોટી હસમુખ નીચેથી ઉપર આવી.

"ક્યાં જઇ આવી, હસુ?" જમનાએ સુહાસના કેશગૂંથનની ક્રિયા પૂરી કરીને પૂછ્યું.

"ચંદનને ત્યાં ગઇ હતી......બાપુજી! અમારી શાળાની છોકરીઓને નાતાલની રજાઓમાં પાવાગઢ લઇ જવાની છે." હસમુખે માતાને જવાબ આપી, પિતાને સંબોધીને વાત ચાલુ રાખી.

"એમ કે?" છાપામાં દૃષ્ટિ સ્થાપેલી રાખીને દિનકરે કહ્યું.

"હા, અને મારે પણ તે વખતે જવાનું છે."

"વારુ."

"અમારાં મોટાં બહેને તે માટે ત્રણ ત્રણ રૂપિયા દરેક છોકરી પાસે મંગાવ્યા છે."

"ત્રણ રૂપિયા?" છાપું અળગું કરીને દિનકરે પૂછ્યું-એનાથી પૂછી દેવાયું.

"હા."

"આપણાથી જવાય એમ નથી, એ તું નથી જાણતી હસુ?" જમનાએ સચિંત ભાવે કહ્યું.

હસમુખ તે સાંભળી દબાઇ ગઇ. કાળા અભ્રખંડની આડ આવતાં ચંદ્રનું તેજ ઝંખવાય તેમ તેનું વદન ઝંખવાણું પડી ગયું.

"તું એને એમ ન કહે." દિનકરે પત્નીને સમજાવી અને હસમુખને કહ્યું: "હસુ, તમારે ક્યારે જવાનું છે, બહેન?"

"નાતાલની રજાઓમાં." પિતાની આર્થિક સ્થિતિની જાણકાર હસુએ પોચે સાદે જવાબ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હજુ આજ તો પંદરમી ડિસેમ્બર થઇ ને?"

"હા."

"ત્યારે તો દસ દિવસની વાર."

"હા, પણ......" હસુની જીભ આગળ ન ચાલી શકી.

"શું? બોલ બેટા, એમ ગભરાય છે શા માટે?"

"બ્હેને તો કહ્યું છે કે, એક બે દિવસમાં પૈસા લાવવા."

"એટલુંજ ને?"

"હા."

"પણ તમે......".

જમના કંઇક બોલવા જતી હતી, પણ દિનકરે તેને વચ્ચેથીજ અટકાવીને કહ્યું: "જમના! હસુ મોટી તોયે બચ્ચુંજ છે. એની શાળાની બીજી છોકરીઓ જાય અને એ ઘેર રહે?"

"પણ ઘરની દશા કેવી છે? આ બિચારો બાબુ ટાઢે ઠીંગરાઈ જાય છે, છતાં એને સારૂ મોજાં લાવતાંયે હું કેટલો વિચાર કરૂં છું?"

"એ બધો વિચાર તો તારે ને મારે કરી લેવાનો છે, પણ આ બિચારાં કુમળાં બાળકો......"

એટલામાં માતાની પાસે માથું ગૂંથાવી છૂટી થયેલી સુહાસનો મીઠો હલક સંભળાયો:

"દહીં લેવું છે, દહીં?"

"દહીં લેવું છે, દ...હીં...?"

દિનકરે જમના સાથેની વાત વચ્ચેથીજ અટકાવી સુહાસ તરફ જોયું. સુહાસ વિવિધ અને આકર્ષક અંગમરોડ સાથે ગાતી હતી અને નાનકડી ઊર્મિલા તેનું અનુકરણ કરી રહી હતી.

ચોદિશથી સળગાવી નાખતા રણ સમા પોતાના મૂંઝવણભર્યા સંસારમાં એ મીઠી વીરડી સમું દૃશ્ય દિનકર જોઇ રહ્યો. ઘડીભર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે તમામ મનોવેદના વીસરી ગયો.

આખા ઓરડામાં શાંતિ પથરાઇ ગઈ. ક્ષણુ પહેલાંની અતિ મૂંઝવણરૂપ થઈ પડેલી કુટુંબના અર્થશાસ્ત્રની ચર્ચા પર એકાએક પડદો પડી ગયો. નાનકડી સુહાસે એક વિપળમાં ગમગીનીભર્યા વાતાવરણને પલટાવી દીધું. આખું કુટુંબ તેના સાદા સીધા છતાં મીઠા અને અભિનયભર્યાં સંગીત–નૃત્ય તરફ જોઇ રહ્યું. એ શાંત વાતાવરણમાં ત્યારે માત્ર તેનાજ શબ્દો સંભળાતા હતા.

"દહીં લેવું છે દહીં ?"

"દહીં લેવું છે દ...હીં...?"

(૨)

દિનકરના ખીસામાં દસ રૂપિયાની છેલ્લી નોટ હતી, છતાં પોતાનાં બાળકોને નારાજ કરવાની હિંમત તેનામાં નહોતી; એટલે સાંજે તે સુહાસ અને વિશ્વેશને આંગળીએ વળગાડીને બજારમાં તેડી ગયો અને થોડાક પૈસા ખર્ચી તેમને રાજી કર્યા.

છેલ્લી મૂડી આમ ખર્ચાઇ રહી હતી. નોકરીનું ઠેકાણું નહોતું. આવડું મોટું કુટુંબ, એનો નિર્વાહ કરવાનો, મકાનનું ભાડું નિયમિત ન અપાય તો તેનો લક્ષાધિપતિ માલક એક મહિનાનીયે શરમ રાખે તેમ નહોતો–એ બધી ચિંતાઓ દિનુને મૂંઝવી રહી હતી.

રાત્રે બાળકોના ઊંઘી ગયા પછી, જમનાએ તેને કહ્યું: "આજે કેટલા બધા પૈસા ખર્ચ્યા?"

"ગાંડી, છોકરાં કરતાં પૈસા વધારે છે!"

"પણ ઘરમાં પૈસા કેટલા ઊભરાય છે તે?"

"જમના, જો ભૂખે મરી જવાના હોઇશું તો આજે ખર્ચ્યા તેટલા પૈસાથી ઓછાજ જીવી જવાના હતા?"

જમનાએ નિશ્વાસ નાખ્યો.

દિનકરે તે નિશ્વાસ અંધારામાંયે ઓળખી પાડ્યો. તે પત્ની-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની ચિંતાનું કારણ જાણતો હતો. તેણે કહ્યું: "જમના, ગાંડી, આમ મૂંઝાય છે શું કામ?"

"મૂંઝાઉં નહિ તો શું કરૂં? આ જુઓને આખું ઘર ભરાય તેટલો વિસ્તાર......"

"પણ હું બેઠો છું ત્યાંસુધી?......"

"નહિ તો હું બીજું તો શું કરવાની છું? અમે તો ગમે તે દશામાં તમારી સામેજ જોઇ રહેવાનાં......"

"તું એમ હિંમત ન હાર. બધાં સારાં વાનાં થશે. હું એકાદ બે વર્તમાનપત્રોની ઑફિસમાંથી છૂટક કામ મેળવવાનો પ્રયાસ કરૂં છું અને એકાદ નોકરી શોધી કાઢીશ, કે પુસ્તક લખીશ."

"પુસ્તકો તો માથે પડે છે, અને છાપાવાળાઓનો શો વિશ્વાસ? કેટલાં વર્ષ તમે એ ધંધામાં પડીને જાત ઘસી નાખી? અને હવે આટલી ઉંમરે તમારે નોકરી માટે ફાંફાં મારવાનાં......"

"જમના, અત્યારની દુનિયાજ એવી છે, નહિ તો મારા જેવા ત્રીસ વર્ષ પહેલાંના ગ્રેજ્યુએટને આજે બાવનચોપન વરસે આવી દશા ભોગવવી પડે ખરી?"

"તમારી સાથેના......"

"ખરૂં છે. મારી સાથે પાસ થનારાઓમાંથી જેઓ રજવાડા-ની કે સરકારી નોકરીઓમાં દાખલ થઇ ગયા, તેઓ અત્યારે મોટાં મોટાં પેન્શન ખાય છે; પણ મારે અમલદાર બની લોકો પર દોર ગજવવો નહોતો. લાંચ લેવી, વેઠ કરાવવી એ મારાથી બને તેમ નહોતું. પહેલેથી મારી વૃત્તિ દેશસેવા તરફ હતી. એ સેવા પત્રકાર થઇને કરી શકાશે એમ મેં માન્યું. જીવનભર પ્રમાણિક-પણું સાચવ્યું, પણ મારૂં સ્વતંત્ર વર્તન વર્તમાનપત્રોના માલદાર માલિકોને કેમ રૂચે?"

"ગમે તેમ પણુ અત્યારે તો આપણી સ્થિતિ બચ્ચાંને રમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહું તો શું પણ જરૂરી કપડાં અપાવવા જેવીયે નથી ને?"

"સહુ સારાં વાનાં થશે. જમના હવે તું ચિંતા છોડીને ઊંઘી જા. આખો દહાડો કામ કરી કરીને જાત ઘસી નાખે છે અને આમ ઉજાગરા કરીશ તો માંદી પડીશ."

જમનાને ક્યારે ઊંઘ આવી તે તો ન કહી શકાય, પણ દિનુની ખાતર તેણે બોલવાનું બંધ કરીને આંખો મીંચી.

(૩)

દિનકર છાતીચલો, આપત્તિઓ સામે મર્દની માફક ઊભો રહી શકે તેવો હતો. જીવનભર નાના મોટા સંસારસંગ્રામો ખેડીને તે રીઢો બન્યો હતો. પરંતુ જ્યારે પત્ની અને બાળકોને ટુકડા રોટલાના સાંસા પડે તેવી સ્થિતિ ડોળા કકડાવી સામે ધસી આવતી હોય, તે વખતે જગતના નરવીરોયે રડી ગયા છે, ડગી ગયા છે.

એની આંખ આગળ કકડા રોટલા માટે રડતાં રાણા પ્રતાપનાં બાળકો દેખાયાં, પોતાની ટેક મૂકી અકબરની સાથે સમાધાન કરવાનો પત્ર લખાવતો પ્રતાપ દેખાયો અને નિર્ધન દશામાં પોતાનાં બાળકનાં શબ પર રડતાં કાર્લ માર્ક્સ અને તેની પત્ની દેખાયાં.

"દિનુ! દિનુ! આમની આગળ તું કોણ?" તે મનમાં ને મનમાં બોલ્યો. "તેં આજ સુધી જીવનસંગ્રામ ખેલ્યો, મૂડીવાદીઓના દંભો તેં ખુલ્લા પાડવા માટે કલમનો કૂચો કર્યો, સમાજવાદને નજીક લાવવા માટે તેં અનેક રાતોના ઉજાગરા કર્યા, લેખો લખ્યા, ભાષણો કર્યાં, પણ આજે તારી કેવી દશા છે?"

થાકેલી જમનાનાં નસકોરાં વાગતાં હતાં. આસપાસ તેનું બાળલશ્કર નિદ્રાને ખોળે સૂતું હતું. સમસ્ત વિશ્વમાં જાણે ભીષણ શાંતિ વ્યાપી ગઇ હતી. માત્ર દિનકરજ આજે જાગતો હતો. તેને ઊંઘ આવે તેમ ન હતું.

તેણે વારંવાર આંખો મીંચી, છતાં બળવો જાગતાં ચોદિશથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંડખોરનાં ધાડાં સંગ્રામભૂમિ તરફ ધસ્યાં જતાં હોય, તેમ વિચારોનાં ધાડેધાડાં તેના મગજમાં ધસી આવતાં હતાં. તેણે એ આક્રમણ અટકાવવા માટે માથાને દાબી રાખ્યું; એક કપડું લઇ તેની આસપાસ વીંટાળ્યું; છતાં તેમાં તે ફાવ્યો નહિ.

અંતે તે થાકીને પથારીમાં બેઠો થયો. જરાયે ખડખડાટ ન થાય તેવી રીતે બારણા પાસે ગયો. નજીકમાંજ એક વાંસની નિસરણી પડી હતી, તેની મદદથી અગાશીની ગરજ સારતા પતરાંના છાપરા પર જવાતું હતું. દિનકર એ સીડીએ થઇને છાપરા પર ગયો.

એનાં ફરતા આકારને જોતાંજ બાજુના છાપરાના મોભ પર બેઠેલું ઘુવડ એક કર્કશ ચીસ પાડી ઊડી ગયું. તે ચીસથી ગભરાયલું પોળમાંનું અર્ધભૂખ્યું, ખસલેલ કૂતરું ઊંઘમાં રડી ઊઠયું.

દિનકરે શાંતિ મેળવવા માટે આકાશ તરફ જોયું. જેને તે પોતાની વાર્તાઓમાં રાત્રિરાણીની હીરાકણીઓની જડેલી સાડી તરીકે વર્ણવતો, તે ગગનમંડળના તારકવૃંદમાંથી રાત્રિરાણીનાં અશ્રુ ટપકતાં હોય તેવું તેને લાગ્યું. રાત્રિનો શાંતિદાતા સમીર પણ તેના હૈયાને ઠંડક આપી ન શકયો. દિનકર ત્યાં પણ અકળાવા લાગ્યો.

તેણે પોતાને સંબોધીને કહ્યું: "દિનુ, તું મોટો અને જાણીતો પત્રકાર. સારાયે જગતનાં રાજકારણની ચર્ચા કરનારો આજે તારા ઘરના રાજકારણની ચર્ચા કરી શકતો નથી? દુનિયાનું ડહાપણ ડોળતો તે દહાડાનો વિચાર કર. આજે તારું ડહાપણ કયાં જતું રહ્યું? દેશ દેશનાં અંદાજપત્રોની ખામીઓ શોધી અગ્રલેખો લખતો, પણ આજે તારા ઘરના અંદાજપત્રનાં બે પાસાં સરખાં કેમ કરવાં તે તને સૂઝતું નથી? આજે તારાં ફૂલડાં સમાં બાળકોને એકાદ ઢીંગલી માટે, ટોપી માટે, શાળાની ફી માટે કે નાનકડી યાત્રા માટે તું પૈસા આપી શકતો નથી, તેથી તેમને રડવું પડે છે. તારી જમનાને રાત્રે ઊંઘ પણ આવતી નથી. આ તારા જીવનનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરવાળો? આ તારી કમાઈ? આ તારી પ્રમાણિકતાનો, દેશ-સેવાનો બદલો?"

તે અવાક્ થઇ ગયો. એની આંખ આગળ અંધારૂં—ગાઢ અંધારૂં, પ્રકાશની આછીપાતળી રેખા વિનાનું અંધારૂંજ જણાતું હતું. એની સામે મૃત્યુ સમી ભયાનક બેકારી સિવાય કશુંજ દેખાતું નહોતું.વળી કેટલીક પળોનું મૌન એકાએક તૂટ્યું.

"જીવનનાં પચાસ પચાસ વર્ષો આજે તો જાણે દૂરનો ભૂતકાળ બની ગયાં છે. વર્તમાનમાં ઘોર નિરાશા. ભવિષ્યનાં તો એમાં દર્શનેય ક્યાંથી થાય? મૂડીવાદની સામે ઝૂઝનારો તું એજ મૂડીવાદના શોષણનું સાધન બન્યો અને જીવનની સંધ્યાએ હવે તે મૂડીવાદ તારો આમ ભોગ લેવા બેઠો છે. તેં જીવનભર એની સામે વેર લીધું; આજે તે એ વેરનો બદલો લે છે. મૂડીવાદ! મૂડીવાદ! ભલે મારા જેવા અનેકોને તું તારી હોજરીમાં ધરબે; પણ યાદ રાખજે, મારા જેવા ક્ષુધાર્તોજ એક વખતે તારો નાશ કરશે," એમ કહેતી વખતે દિનકરના હાથ હવામાં ઊછળી રહ્યા. દિનકર મૂડીવાદનો વિધ્વંસ કરનારા બળવાનો નેતા બન્યો હોય તેમ ઊભો થઈ ગયો, એની આંખોમાંથી અગ્નિના તણખા ઝરવા લાગ્યા.

એજ વખતે નાનકડી સુહાસ ઊંઘમાં ગાવા લાગીઃ

"દહીં લેવું છે દહીં? દહીં લેવું છે દ...હીં?"

તે વખતે છાપરા પર ખડખડાટ થયો. કોઇક પછડાયું હોય તેવો અવાજ થવાથી જમના એકદમ જાગી ઊઠી.

"દિનુ! દિનુ!..." તેણે ગભરાટથી બૂમ મારી. તેજ વખતે છાપરા પરથી ગબડી નિસરણી આગળ પછડાઇ પડેલા બેભાન દિનુના મુખમાંથી વેદનાની ચીસ નીકળી ગઇ.

(તા. ૨૭-૧-૩૫ ના અઠવાડિક "પ્રજામિત્ર કેસરી"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ-વે ઠ

(લેખકઃ-શ્રી. ભીખુભાઇ રા. ગોહિલ)

દૃશ્ય પહેલું

પાત્રો

રતનોઃ ગામનો એક ઢેડ.
સંતોકઃ રતનાની સ્ત્રી.
વસતોઃ ગામનો મુખી.
રૂપલી, રૂડિયો, સિપાઇ અને બીજા મજૂરો વગેરે.
સ્થળઃ ગામનો હરિજનવાસ

[શિયાળાની શીતળ રાત્રીના પરોઢિયાના પાંચ : ગામને છેક છેડે આવેલો ઢેઢવાડો : તારાઓ ઠંડીને લીધે જાણે કંપી રહ્યા હોય છે. કોઇ કોઇ જગ્યાએથી કૂકડાઓના અવાજ સંભળાય છે. ટાઢથી થરથરતા કૂતરાઓનો ક્વચિત્ ક્વચિત્ અવાજ વાતાવરણને વધારે શાંતિ અર્પે છે. પરોઢિયાનું આહ્લાદજનક વાતાવરણ પથરાઈ રહ્યું છે.]

રતનો-(આંખો ઉઘાડી આકાશ સામું જોઇ) અરે! પરોઢિયું તો થઇ ગયું. આવડી આ હજી કેમ નહિ ઊઠી હોય! લાવ જગાડું. (તેની સ્ત્રીનો હાથ પકડી ઢંઢોળતો) એલી-એ...ઊઠ. (જરા જોરથી) એલી...એ...ઊઠ...ઊ...ઠ.

સંતોક-(છાતી ઉપરથી ગોદડું માથે ઓઢતી) શું...છે ? હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સખ્યે સૂવા તો દો.

રતનો–ઊઠેછ કે ચોંટિયો ભરૂં ? આ તારી કાકી સવાર પડી, પછી ઇંયા પોગાશે શી રીતે?

સંતોક–(ઠેકડો મારી ઊઠતાં) અરે આજ મને શું થઇ ગીયું? રોજ તો આંખ ઊઘડી જાય છે, અને રૂડિયો અને પૂંજી ને બધા ગીયા તોય અમને કેમ ન ઉઠાડ્યા?

રતનો–આજ ભારે થાવી છે. બોલ્યો ગોવિંદ શેઠ, આજ મોડા જાશું તો દા'ડી પણ ઓછી આપવાનો.

સંતોક–અને મારેય બોલ્યો ભીમજીભાભો મોડું થાતાં તો ગજે બાઝશે.

રતનો–હશે, કેમ કરશું. લે તું ઝટ રોટલા ઘડી નાખ્ય.

સંતોક–લોટે થઇ રીયો છે. (ડબલામાં જોઇને) આજનો ટંક થાય એટલો તો છે. સાંજે લોટ લેતા આવજો હો.

રતનો–લે હવે વાતું પછી કરજે. પે'લાં રોટલા ટીપી નાંખ્ય.

[સંતોક ચૂલો સળગાવી રોટલાનો લોટ બાંધે છે અને ઘડી તાવડીમાં નાંખે છે. રતનો દાતણ મોઢામાં નાખી બેચાર ગોદા એક બાજુ ને બેચાર બીજી દાઢમાં મારી કાઢી નાખે છે. એક પાંચેક વરસનો છોકરો પથારીમાંથી ઊઠી આંખો ચોળતો આવે છે.]

છોકરો–મા...એ...મા...ભૂખ લાગી છે, ખાવા દે ને.

સંતોક–આ રોયાને તો ખાવું ખાવું ને ખાવુંજ. ઊઠે ત્યારેય ખાવું ને સૂવે ત્યારેય ખાવું.

છોકરો–(ફરી વખત) એ મા...ખાવું છે.

સંતોક–બેસ હેઠો. (ઊતરેલા રોટલામાંથી ફડશ કાપીને આપે છે. ખાઇ લે ઝટ ઝટ.

રતનો–એ...ઇ,..રોટલો ઊતર્યો કે નહિ? મારે મોડું થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતોક-મોડું થાતુ'તું તઈ ઊઠવું'તું ને વેલું, મોડું શીદ કર્યું?

[રતનો એકદમ આવે છે. એક રોટલો પછેડીને છેડે બાંધી હોકલીનો દમ મારતો ઉતાવળો ઉતાવળો રવાના થાય છે]

સંતોક-(છોકરાને) તું આંઇ રમીશ ને? કે હારે આવવું છે?

છોકરો-તું તારે જા. મારે આંઇ રમવું છે.

[સંતોક એક કપડામાં રોટલો વીંટાળીને ઘરને તાળું મારી બહાર એક પગલું ભરે છે: ત્યાં એક ટારડા ઘોડા ઉપર બુકાનું બાંધેલ એક આધેડ વયનો ગામનો મુખી વસતો પટેલ આવે છે.]

વસતો-કોણ ઇ......(સંતોક બોલતી નથી.) (જરા જોરથી) કોણ બોલી સંતોક?

સંતોક-(ટાઢથી થરથરતા દેહની આસપાસ ફાટેલા સાડલાનું સોડિયું વાળતાં) કાં બાપુ?

વસતો-તે શં...ડ મોઢામાં મગ ભર્યા છે? જવાબ દેતાં જીભમાં કાંટા વાગે છે?

સંતોક-ના બાપુ, મેં તમને ઓળખ્યા નો'તા.

વસતો- હં......(અર્થસૂચક દૃષ્ટિ ફેંકતો) કયાં જાછ?

સંતોક-દા'ડિયે.

વસતો-હાલ્ય તારે આજ તો બાપુની દા'ડી કરવા.

સંતોક-(આગળ જવા પગ ઉપાડતી) ના...ના મારે નથી આવવું. મારે મોડું થાય છે. ભીમજી શેઠનાં ઘર ચણાય છે. ઈયાં હું તો દા'ડિયે જાઉં છું.

વસતો-શું બોલી? નથી આવવું કેમ? હમણાં બાળા ઢેડા ફાટ્યા લાગો છો?

સંતોક-(નિર્ભયતાથી) દા'ડી તો પૂરી આપવી નથી ને કામ કરાવવું છે! તે દી તમારો કોક માણસ આવી અમને ઢસડી ગયો'તો. અમને કે' કે સાત આના દા'ડી આપશું; અને કાળી બપોરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ કરીને મરી ગયાં ત્યારે સાંજે આપ્યા રોકડા આના ચાર. હવે તો બાર આના દે તોય ઇ દરબારી કામ નથી કરવું.

વસતો–ગામમાં રે'વા દે છે એટલે? સાલાઓ તમને તો ગામમાં રે'વાજ ન દેવા જોઇએ.

સંતોક–તે ક્યાં મફત રે'વા દે છે. મહિને મહિને રૂપાળું ભાડું તો આપીએ છીએ અને બીજું વેઠનું કામ કરીએ ઇ તો નોખું.

વસતો–લે હવે મોઢા આગળ થા. મારે કાંઇ નથી સાંભળવું.

સંતોક–કીધું નંઇ કે મારે નથી આવવું. હું તો મારે આ હાલી.

[સંતોક આગળ એક પગલું ભરે છે; અને સાથેજ વાંસામાં વસતા મુખીની નેતરની સોટી પડે છે. ફાટી આંખે તે વસતા તરફ ક્રોધભરી દૃષ્ટિએ જોઇ રહે છે. પોતાની નિરાધાર સ્થિતિ તથા ક્રોધની અતિશયતાથી તેનાથી રડી જવાય છે.]

સંતોક–(આંખો લૂછતાં) અમને શીદને હેરાન કરો છો બાપુ, જાવા દોને. આ બીજા જતા રહ્યા એતું કૈં નહિ અને મને એકલીને શું કામ કનડો છો?

વસતો–(નિષ્ઠુરતાથી) ચાલ આગળ થાછ કે નહિ, નકર આ બીજી પડે છે.

સંતોક–(હિંમતથી) અમ ગરીબની આંતરડી બાળવી સારી નથી હો. ભગવાન ઇ નહિ સાંખે.

વસતો–મોટી ભક્તાણીની દીકરી! ભલે અમને ભગવાન મારી નાખે.

સંતોક–(નરમાશથી વીનવતી) પણ બાપુને જઇને કે'જો ને કે ઇયાં કોઇ નથી, બધાંય દા'ડિયે ગયા છે. વસતા ભા, એટલી તો દયા કરો.

વસતો–મને જૂઠું બોલતાં શિખડાવેછ, રાંડ ધૂતારી! (વાંસામાં એક બીજી સોટી મારે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતોક-(આંખમાં નવું તેજ ચમકે છે) અને તે દી બોલ્યા બિચારા રૂડિયે તમને લાકડાં નો'તાં લાવી દીધાં તે દી આંધ નો'તો તોય, બાપુને હતો તોય નો આવ્યો કહી માર ખવરાવ્યો'તો ઈ સાચું હતું ? અને...

[ધડાધડ બે સોટીઓ તેના અર્ધઉઘાડા વાંસા પર પડે છે, અને સોટીએથી દિશાસૂચન કરતો વસતો મુખી ઘોડાને એડી મારીને તેની ઊંઘ ઉડાડે છે. પાછળથી મૂંગો વિલાપ કરતી સંતોક સૂચિત દિશા તરફ દર્દભર્યા પગલે જાય છે.]

[પડદો પડે છે.]

દૃશ્ય બીજું

સ્થળ : ગામ બહારનો એક ઉજ્જડ રસ્તો.

[બપોરના બારનો સમય : મજૂરો એક રસ્તાને ખોદી રહ્યા છે. પરસેવાથી રેબઝેબ શરીર ઉપર ધૂળ ઊડવાથી તેમનાં શરીરો ઉપર મલ જામે છે. પોલીસનો એક માણસ ચારેકોર દોડતો દોડતો તેઓની ઉપર દેખરેખ રાખે છે.]

રૂડિયો-(ધૂળનું તગારૂં ભરતાં) હાય-આજ તો મરી ગીયાં. આ હવે કયારેય છૂટા કરશે.

[બારના ટકોરા થાય છે.]

એક મજૂર-(પાસે ઊભેલા પોલીસને) એ સાબ, આ બાર તો વાગ્યા. હવે ખાવાની તો છૂટી દો.

સિપાઈ-મૂંગો મર હવે. આ રસ્તો પૂરો સરખો કરીને પછી ખાધાજ કરોને. તું એકલો કામ કરેછ કે આ બીજાય કરે છે ? એમને ભૂખ લાગી નથી ને તને એકલાનેજ લાગી છે ?

બીજો મજૂર-(ધીમેથી) ભૂખ તો અમનેય લાગી છે.

ત્રીજો મજૂર-અમારાંય પેટમાં હવે તો લાય લાગી છે.

બે ચાર સામટા-હવે તો કેડનાય કટકા થવા આવ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિપાઇ-(સોટી વીંઝતો) હવે કામે લાગો, કામે લાગો. મારા બેટા મને ફોસલાવા આવ્યા. એમ કરીને ઊભા, કેમ? ચલો.

[એક જણને સોટી લગાવે છે. મજૂરો કામે લાગી જાય છે. થોડી વાર વાતાવરણમાં ભયંકર શાંતિ પથરાય છે.]

બીજો મજૂર-(ધીમે સાદે) હેં જમાદાર, આજ શું છે તે આ રસ્તો સમો કરાવો છો?

સિપાઈ-("જમાદાર" ના સંબોધનથી ખુશ થતો) તને ખબર નથી? આ હમણાં નવા પ્રાંત સા'બ આવ્યા છે ને, તે બધાં ગામ તપાસવા નીકળે છે ને તેમની મોટર આપણાં ગામમાંથી પસાર થવાની છે.

પહેલો મજૂર-પણ ભાઈસા'બ, એમાં અમારો શું વાંક? ઈ સા'બની મોટર આંઇ બેચાર મિલિટ ફરે ઇમાં અમને આખો દી કાળી મજૂરી કરાવવી?

[જમાદારને આનો જવાબ આપવાની ફુરસદ નથી; તેનું ધ્યાન એક માટલામાંથી પાણી પીતી ઢેડી ઉપર પડે છે.]

સિપાઇ-(સોટીનો ગોદો લગાવી) પાણી, પાણી ને પાણીજ. તું કેટલી વાર પાણી પીછ, કે એમ કરીને થાક ખાવો છે?

રૂપલી-પૂરું પાણી તો પીવા દો. પાછા પૈસા બહુ આપી વળો છો તે.

સિપાઇ-(ક્રોધભરી દૃષ્ટિ કરી) ઠીક, બાપુને કહેવા દે.

[પાસેજ કામ કરતી સંતોકનું ગળું ખૂબ સુકાઈ જાય છે; પરંતુ પાસેજ સિપાઇ ઊભો હોવાથી જતાં દિલ અચકાય છે. સવારનાં સોટીનાં સોળ હજી દુખે છે, અંતે ઘણુંજ ગળું સુકાવાથી તે પાણીના માટલા તરફ વળે છે.]

સિપાઇ-એલી એ પાછી જા. આ રૂપલીને પાણી પીવાની ના પાડી ઇ નોં સાંભળ્યું તે હાલી આવછ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[સંતોક હાથ વતી પાણીની ઇશારત કરે છે. તેનાથી બોલી શકાતું નથી. જમાદાર જવાબમાં સોટી ઉગામે છે. પાછા પગલે પાછી હટતી સંતોકનો પગ એક ઢેફા ઉપર આવતાં પડે છે અને મૂર્છા પામે છે.]

સિપાઇ–કામ કરવું નથી એટલે શૂળ આવે છે કાં ? (સોટી ઉગામે છે.)

રૂપલી–એ...બા...પા...બિચારીને હવે તો રે'વા દો.

સિપાઇ–મોટી દયાવાળીની દીકરી. લે પી પાણી !

[રૂડીને એક સોટી મારી સિપાઇ ચાલ્યો જાય છે; બેચાર ઢેડીઓ સંતોકના ગળામાં પાણીનાં ટીપાં મૂકે છે.]

[પડદો પડે છે.]

દૃશ્ય ત્રીજું

સ્થળ : ઢેડવાડો

[ફરી પાછું એજ મકાનઃ રતનો ઓસરીમાં ચૂંગી પીતો બેઠો છે. તેનો છોકરો તાવ આવ્યાથી પાસેજ એક ફાટલ ગોદડી ઉપર સૂતો છે. ઉતાવળી ઉતાવળી સંતોક આવે છે.]

રતનો–અટાણ સુધી ક્યાં ગઇ'તી ? રોજ તો વે'લી આવછ.

સંતોક–(જવાબ ખાઈ જાય છે) તમે કયારૂંના આવ્યા છો ?

રતનો–હું તો આજ બપોરનો આવ્યો છું. આજ મોડું થયું ને ગોવિંદે બીજો દા'ડિયો રાખી લીધો. બપોર સુધી ગામમાં ફર્યો તોય દા'ડી નો મળી. થાકીને હું તો ઘેર આવ્યો, ત્યાં તો આ છોકરો આંઇ સૂતેલો. તાવ તો ધખધખ્યો જાય છે.

સંતોક–(છોકરાના કપાળ ઉપર હાથ ફેરવતી) આજ કોણ જાણે કોનુંય મોઢું જોયું હશે. તમે ગીયા પછી બોલ્યો રોયો વસતો આવ્યો, ને કે' કે હાલ્ય દા'ડિયે, રસ્તો સમો કરાવવો છે. મેં ના પાડી તો કાળમુખે સોટિયું મારી. પછી મારૂં તે કેટલું બળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રતનો–ક્યાં વેઠે ગઇ'તી ?

સંતોક–ગઇ નો'તી. જાવું પડ્યું'તું, સોટીની બીકથી.

[થોડી વાર બંને ક્રોધથી સમસમી બેસી રહે છે.]

રતનો–પછી કૈં પૈસા આપ્યા ?

સંતોક–હા, આપ્યા ત્રણ આના. આખી બપોર કામ કરાવ્યું. બધાયને ત્રણ ત્રણ આનાજ આપ્યા. બધાય કકળતા ઘેર ગીયા.

રતનો–ઇ વસતા ઉપર તો એવી દાઝ ચડે છે કે જાણે એક દી ઘોઘળો દાબી ગૂડી નાખું. (કપાળ ઉપર જોરથી હાથ દાબે છે.)

સંતોક–પણ દરબાર નહિ વિચારતા હોય કે, આ બધા ત્રણ આનામાં ખાશે શું ?

રતનો–પણ તને ખબર છે ?

સંતોક–(ધીમેથી) શું ?

રતનો–બધાય છાની છાની વાતું કરે છે કે, દરબાર તો ચાર આના ચૂકવે છે, પણ ઇ વસતોજ એક એક આનો બધામાંથી પડાવે છે.

સંતોક–પણ આપણે દરબાર પાસે જા'યેં તો ?

રતનો–તો બીજેજ દી ગામ બહાર નીકળવું પડે ઇ ખબર છે ? ઇ વાતમાંજ માલ નથી.

સંતોક–પણ આજ દી સુધી તો બહુ વેઠ્યું. હવે ક્યાં સુધી વેઠવું ? એને તો ભગવાનનોય ભે નથી.

છોકરો–(પાસું ફેરવતાં)...મા...!

સંતોક–(ખોળામાં લેતાં) કાં બેટા ?

છોકરો–મારે ખાવું છે.

[સંતોક તેને સુવાડી દેવાને માટે એક લૂગડાનો ગાભો તેના ઉપર ઢાંકે છે. તેના કપાળ ઉપર હાથ મૂકતાં તે ધખધખતું જણાય છે.]

સંતોક–બેટા આજ તાવ શે આવ્યો, કાંઇ રખડ્યો'તો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરો-(ધીમેથી તૂટતે સ્વરે) ના મા, આજ દીએ ટાઢ ખૂબ વાતી' તી તે હું તો નદીમાં ના'વા પડ્યો. પાણીમાં રીયો લ્યાંસુધી તો ટાઢ નોં વાઇ; પણ બાર નીકળતાંજ એવી ટાઢ ચડી કે...મા... પેટમાં દુખે છે.

રતનો-લોટબોટ કૈં લાવી છું ?

સંતોક-હા અચ્છેર લાવી છું. બીજા પૈસા તો ખોજો માગતો'તો તે આપી દીધા. મેં કીધું તમે કૈંક લાવશો.

રતનો-એના રોટલા ઘડી નાંખ્ય, ભૂખ બહુ લાગી છે.

[સંતોક અચ્છેર લોટનો એક રોટલો ઘડે છે. થોડી વારે થોડો થોડો બંને ખાય છે, ને એક બટકું છોકરાને આપે છે. છોકરો ખાઇ જાય છે, થોડું પાણી પી સૂઇ જાય છે. રતનો ને સંતોક બાકીનો પેટનો ખાડો પાણીથી પૂરો કરે છે. થોડી વારે છોકરો રાડ પાડી જાગી ઊઠે છે.]

સંતોક-બેટા...બેટા...

છોકરો-મા...એ મા...મને પેટમાં બહુજ દુખે છે.

રતનો-શું થાય છે બેટા, પાણી પીવું છે? મટી જાશે.

[પાણી આપે છે]

છોકરો-(પાણી પી પાછો રડતાં) મા...અંદરથી કોક છરીથી કાપતું હોય એમ થાય છે. મા...મા...હવે હું મરી જઇશ.

સંતોક-મરે તારા દુશ્મન, અટાણે રાતે શું કરાય. બેટા સૂઇ જા. સવારે દવા લાવશું હો ! (રતના તરફ જોઇ) શું હશે? એકદમ આ શું થયું ?

રતનો-(વિચારમાં પડે છે; થોડી વારે) આજ તને રોટલામાં કંઇક કાંકરી જેવું લાગતું 'તું ?

સંતોક-તે ઇ ખોજાને મેં હજાર વાર કીધું કે તારા લોટમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંકરી આવે છે, તો રોયો કે' જા બીજે, મારે ઉધારે નથી આપવું.

રતનો—એનાથીજ આ દુખતું લાગે છે.

સંતોક—(કકળી ઊઠતાં) ભલા ભગવાન ! કાળી મજૂરી કરતાંય અમારા નસીબમાં સખનો રોટલો નથી.

[છોકરો અસહ્ય દુખથી રાડો પાડે છે. સંતોક જઇને એક પાડોશણને તેડી લાવે છે.]

પાડોશણ—અલી એ આને કાંગસુ ખવરાવ્ય, મટી જાશે.

સંતોક—મારી પાસે તો નથી, તમારી પાસે છે ?

પાડોશણ—ના બા, મારે ઘરે ક્યાંથી હોય ? બજારમાં મળે.

સંતોક—અટાણે કોની દુકાન ઉઘાડી...(એકાએક છોકરાની રાડો બંધ પડે છે—દુખતું મટી ગયું હશે એમ ધારી રતનો અને સંતોક છોકરા પાસે એકદમ ધસે છે. તેની છાતી ઉપર હાથ મૂકતાં તેમની આંખો ફાટી રહે છે. રતનો ચૂંગી જમીન ઉપર પછાડે છે. સંતોક જમીન ઉપર પટકાય છે. ખોરડાના નળિયાના કાણામાંથી કોઇ ચાંદરણું ટાઢથી ધ્રૂજી રહે છે.)

[પડદો પડે છે.]

(તા. ૨૪–૧–૩૭ ના અઠવાડિક " પ્રજામિત્ર કેસરી "માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭–ગરીબોનો પૂજારી

(લેખકઃ–પં. મંગળજી ઉદ્ધવજી શાસ્ત્રી)

(૧)

નીરવ વાતાવરણમાં પણ વન–પર્વતોની પંક્તિઓનાં કલેજાં ચીરી ચીરીને રેલવે ચાલી જતી હતી. જગત બધું સુષુપ્ત દશામાં હોવા છતાં, એને કોઇ પણ વખત વિશ્રાંતિ લેવાની તક સાંપડી ન હતી. એ રેલવેની માફકજ નિર્જન અરણ્યની ચૌદમા નંબરની કોટડીમાં એક સાંધાવાળો, સુષુપ્ત જગતને પોતાના ગાનથી જાગૃતિ આપતો, પોતાનો એકતારો લઇને સુંદર ભજનો ગાતાં ગાતાં પ્રફુલ્લિત રહેતો.

તે હૃષ્ટપુષ્ટ શરીરવાળો સ્વરૂપવાન નવયુવક હતો. એકાંતવાસ એના યૌવન–તરંગોને બાધક બનતો હોવા છતાં, તેની છલકી જતી ઉત્સુકતા અને રસિકતા શૂન્ય–નિર્જન દિશાઓને પણ કોઇ કોઇ વખતે પ્રફુલ્લતાથી ભરી દેતી.

અઠવાડિયામાં એક દિવસ થોડે દૂરના એક ગામમાં મેળો ભરાતો. આજુબાજુનાં દરેક ગ્રામ્ય સ્ત્રી–પુરુષો ત્યાં જતાં. પરંતુ તે દિવસે તો તે રેલવે ગાડીઓનો બરાબર ખ્યાલ રાખીને તેને વારંવાર ફાટક બંધ કરવો અને ખોલવો પડતો હતો. મહા મુશ્કેલી અને અનેક વખત ઇન્સ્પેકટરને ત્યાં શેરડીના ભારાઓ તથા લીલુંછમ શાક આપ્યા બાદ આ કામ માટેજ તેની નિમણુક થઇ હતી, છતાં સાહેબ તો તેની વસ્તુઓની આશા છોડીજ શકતા ન હતા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર માસે એક વખત તેને ઇન્સ્પેકટરને બંગલે જવું પડતું. ઇન્સ્પેકટરનો બંગલો ત્યાંથી ૧૨ માઇલ દૂર થતો, છતાં પગારના પ્રલોભનથી તે થાકેલો હોય તોપણ સશક્ત બની જતો. ટિકિટના પૈસા ખર્ચવા જેટલું તેની પાસે ધન ન હતું.

જ્યારે ઇન્સ્પેકટર શહેરના વાતાવરણમાં વિલાસમય જિંદગી ગુજારતા હતા, ત્યારે આ સાંધાવાળો તેનાથી જુદીજ દુનિયામાં નિવાસ કરતો હતો; છતાં તે પોતાના એ વેશ, વર્તન અને વિચારોને સર્વોત્કૃષ્ટ માનતો. પગાર લઇને વળતી વખત તે પોતાનો એક માસનો ઘરસામાન ખરીદીને સાંજે પાછો વળતો. આમ એ પોતાની જીવન-નૌકા આગળ હંકાર્યે જતો હતો.

તેણે પોતાની કોટડીની આજુબાજુ માટી નાખીને સુંદર બગીચો બનાવ્યો હતો. તેમાં લીલોતરી શાક પણ વાવ્યું હતું. દર માસે એક દિવસ તેની પ્રસાદી તે ઇન્સ્પેકટરને પહોંચાડતો.

કોઇ પણ ટ્રેન ત્યાંથી નીકળતી ત્યારે તેની આતુર આંખો તેમાંથી ટોપીવાળા ઇન્સ્પેકટરની આકૃતિને શોધવા મથન કરતી, અને એકાદ મિનિટમાંજ યંત્રની માફક તેનો એક હાથ મસ્તકને સ્પર્શ કરી લેતો; વળી તેજ વખતે તેના મુખમાંથી સ્નેહપૂર્ણ 'રામ, રામ' શબ્દ સરકી જતો અને પોતાના મનમાં ને મનમાં પ્રસન્ન થતો. માલગાડીના પોણોસો ડબ્બાઓ ગયા બાદ પાછળના ડબ્બા-માંથી ચમકતી ટોપી જોઇને તે પોતાનું આંગણું સાફ કરવા લાગી જતો. તે સમજતો હતો કે કદાચ મારા આંગણાનો કચરો જોઇને મને રજા આપી દેશે અને મારો ગરીબનો રોટલો તૂટી જશે.

રાત્રે થોડાએક કલાકની નિદ્રા લીધા પછી સવારમાં જાગીને તે પોતાનું આંગણું સાફ કરતો. ત્યાર પછી પોતાનેજ હાથે રસોઇ બનાવીને જમી લેતો અને પોતાની ફૂલવાડીમાંની લતાઓને પાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંચી દેતો. વચમાં વચમાં દૂરનો ગડગડાટ સાંભળીને ફાટક ખોલવા દોડી જતો. મેળાનો દિવસ તો એને મન સંપૂર્ણ કર્તવ્યપરાયણતાનો દિવસ હતો. પોતાની કોટડીથી માંડીને ઇન્સ્પેકટરના બંગલા સુધીનીજ ભૂમિમાં એના સંસારની સીમા હતી, છતાં તે ઇન્સ્પેકટરના કરતાં ઓછો સુખી તો નજ હતો. માસિક બાર રૂપિયા તો એને મન બારસોથી પણ વધારે હતા.

(૨)

ગઇ કાલેજ મેળાનો દિવસ ગયેલો હોવાથી, આજે તેના શરીરમાં સુસ્તી જણાતી હતી. થોડો રોટલો અને શાક ખાઇને તે બે-ચાર મિનિટ માટે આડો પડયો અને સખ્ત પરિશ્રમ કરેલો હોવાથી તેને નિદ્રા આવી ગઇ. બપોરના અગિયારેક વાગ્યાનો સમય હતો. ટ્રેન આવવા જવાનો ટાઇમ ન હતો; પરંતુ અકસ્માત્ ખડખડાટ કરતી ઇન્સ્પેકટરની ટ્રોલી ત્યાં આવી પહોંચી. બિચારો કોટડીવાળો અર્ધનિદ્રિત અવસ્થામાં–આવતી પહેલી તારીખે પોતાનાં જૂનાં કપડાં ફેંકી દઇને નવાં કપડાં બનાવવાનું–સ્વપ્ન સેવી રહ્યો હતો, એટલે ઇન્સ્પેકટરની ટ્રોલીનો અવાજ તેને જગાડી શકયો નહિ.

ટ્રોલીને ઊભી રખાવી અને આજુબાજુમાં તેને ન જોવાથી ઇન્સ્પેકટરે કોટડીમાં પ્રવેશ કર્યો. કોટડીમાં એક શાક કરવાની નાની તપેલી, તવો અને થાળીવાટકો સિવાય સરંજામમાં બીજું કાંઇજ ન હતું! એક ફાટીતૂટી ગોદડી પર તે ઊંઘ લેતો હતો. ઇન્સ્પેકટરને આ દૃશ્ય જોઇને હસવું આવ્યું! “ કેવો ભૂત જેવો માણસ? આરામખુરશી કે પલંગ સિવાય નીચેજ સૂઇ રહ્યો છે!! અને તે પણ નોકરીના ટાઇમમાં!” ઇન્સ્પેકટર પ્રથમ તો કંઇક અંગ્રેજીમાં બબડ્યા, પરંતુ ત્યાં તેનું કોઇ સાંભળે તેમ ન હતું, આથી તેનો મિજાજ આગળ વધ્યો અને તેણે ‘ ધબ ’ દઇને સૂતેલા કોટડીવાળાને પોતાના પગની લાત મારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃત શરીરમાં પ્રાણ આવે તેમ તે આંખો ચોળતો ચોળતો ઊઠ્યો. ત્યાં તો ઇન્સ્પેકટરને પોતાના સન્મુખ ઊભેલો જોઇને તે અદબપૂર્વક નીચે મુખે ઊભો રહ્યો.

"આવીજ નોકરી કરે છે કે ? બદમા...સ." ઇન્સ્પેકટર બબડ્યા. જો કે આ તેની પહેલી અને સાધારણજ ભૂલ હતી. આથી પહેલાં તે કદી પણ દિવસના સૂઇ ગયો ન હતો, પરંતુ આ બધું ઇન્સ્પેકટરને સમજાવવા તે અશક્ત હતો, એથી તેણે મૌનપણે ઊભું રહેવુંજ પસંદ કર્યું.

ઇન્સ્પેકટરના ગયા બાદ તે ખૂબ રડ્યો, પરંતુ અહીં તેનું અરણ્યરુદન સાંભળવા કોઇ પણ તૈયાર ન હતું. તે સાંજે પણ જમ્યા વિનાજ અર્ધનિદ્રિત અવસ્થામાં આળોટતો રહ્યો.

બીજે દિવસે સવારમાં ઊઠીને તે પોતાના પ્રિય બગીચા તરફ જતો હતો, એટલામાંજ એક બેલગાડીમાંથી થોડો સામાન લઇને એક પોતાના જેવાજ વેશવાળા માણસને તેણે ઊતરતો જોયો.

"તમને ઇન્સ્પેકટરે આજે ને આજે રજા આપી છે." આવનાર માણસે ફરમાન છોડ્યું.

"હેં! ત્યારે મારે ક્યાં જવું ?" અચાનક તેના હૃદયમાંથી ઉદ્‌ગાર સરી પડ્યો.

"નરકમાં." એટલોજ પ્રત્યુત્તર આપીને ગાડીવાળો વિના પૂછ્યે કોટડીમાં ગયો અને પોતાનો સરસામાન ગોઠવવા લાગ્યો.

જેમ દૂધ ન દેનાર ગાયને ફાલતુ ગાય માનીને તેનો માલિક છોડી મૂકે, તેવીજ દશા આજે કોટડીવાળાની થઇ હતી ! બેચાર દિવસ તો તે પોતાના બગીચાની આસપાસ અનાથ બાળકની માફક ભૂખ્યોતરસ્યો ફરતો રહ્યો. તેની ઇચ્છા હતી કે, આ ફૂલવાડીને ખીસામાં મારીને લઇ જઇ શકાય તો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવો આવેલો માણસ હવે ત્યાં સહકુટુંબ રહેતો હતો. તેને બેચાર વાર નિયમિત આવતો જોઇને એક દિવસ તેણે કહી દીધું: "તું અહીં કેમ આવ્યા કરે છે? પારકી વહુ-દીકરીઓને જોવા માટે? આજથી આવવું બંધ કરી દેજે, નહિ તો મિજાજ ઠેકાણે લાવી દઇશ."

આજ દિવસ સુધી તેના હૃદયમાં વિકાર શબ્દનો આવિર્ભાવજ થયો ન હતો, છતાં આવો અસત્ય આરોપ તેનાથી સહન શી રીતે થઇ શકે? જો તે ધારે તો પોતાનું અપમાન કરનારને પહોંચી શકે તેમ હતો; પરંતુ હતાશ અને ભગ્ન હૃદયવાળો માણસ એમ કરવાનું સાહસ શી રીતે કરી શકે?

હવે તેને લાગ્યું કે, જગતમાં તેની એકજ વહાલી ફૂલવાડીનો પણ ત્યાગ કરવો પડશે! "શું પોતાને હાથે પાણી સિંચી સિંચીને પ્રફુલ્લિત કરેલી ફૂલવાડીને પણ જોવાનો અધિકાર નથી?" આમ કહેતો કહેતો તે ત્યાંજ બેસીને રડવા લાગ્યો. થોડી વાર પછી તે ઉઠ્યો અને એક વખત ઇન્સ્પેકટરનાં દર્શન કરવાની તેને ઇચ્છા થઇ.

ચાલતો ચાલતો તે ઇન્સ્પેકટરને ત્યાં પહોંચી ગયો. ત્યાં જઇને પણ તે યંત્રની માફક ઊભો રહ્યો. તેણે કંઇ ભૂલ કરી ન હતી, કે તેને ક્ષમા માગવી પડે. એ તો કેવળ એક વખત ઇન્સ્પેકટરને જોવાનેજ આવ્યો હતો. તે સમજતો હતો કે, "આખોયે સંસાર સત્યના આધાર પર છે, અને ઇન્સ્પેકટરજ એ સત્યના સમ્રાટ છે! સત્યના સમ્રાટ ઇન્સ્પેકટરની જેના પર કૃપાદૃષ્ટિ થઇ જાય, તેનો બેડો પાર થઇ જાય" એવી તેની અટલ માન્યતા હતી! કારણકે તે હજુ અસત્યની સૃષ્ટિમાં પ્રવેશ્યો ન હતો.

પરંતુ જગતના કહેવાતા મોટા માણસોના ઘરમાં ઊભા રહેવાનો તો શું, પણ તેની રજ સામે તાકવાનો પણ ગરીબોને શો અધિકાર છે? એક કલાક સુધી ઊભે પગે રહ્યા છતાં ઇન્સ્પેકટરે તેના સામું પણ ન જોયું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે તે આશ્રય વિનાનો થઇ ગયો. તેને માટે જવા યોગ્ય હવે એક પણ સ્થાન ન હતું. હવે ક્યાં જવું, એ વિચારમાંજ તે ત્યાં કાષ્ટના પૂતળાની જેમ ઊભેલો હતો, એટલામાં પટાવાળાએ તેને ધ્યાનભંગ કરીને પૂછ્યું:—

"કેમ શું કામ છે? તમને ખબર છે કે, સાહેબની ઓફિસમાં 'નો એડમિશન'નું બોર્ડ લટકાવેલું હોવાથી કોઈ પણ મનુષ્ય અંદર આવી શકતો નથી." પટાવાળાએ કાયદાની કલમનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂક્યો.

તેણે એક ઊંડો નિઃશ્વાસ મૂક્યો. "લાકડાનું પાટિયું ચોડ્યું હોય એટલે આપણાથી ત્યાં ન જવાય? હા, હવે હું સમજ્યો, પરંતુ શહેરમાં તો દુકાને દુકાને આથીયે મોટાં પાટિયાં લટકાવ્યાં છે અને ત્યાં તો હજારો માણસો આવેજાય છે. હું પણ ત્યાંથી ઘણી વાર જોઇતી ચીજો લઇ આવેલ છું. ત્યારે હું ખોટો કે પટાવાળો ખોટો?" એનો નિર્ણય તે ન કરી શક્યો.

ત્યાંથી તે સીધો ભૂખ્યે પેટે શહેરમાં આવ્યો. બજારમાં એક ધનવાન વેપારીની દુકાન હતી. ત્યાં જઇને તેણે અબોધ અને સરળ શબ્દોમાં ખાવાનું માગ્યું. જિંદગીમાં પહેલીજ વાર તેને ભીખ માગવી પડી હતી, તેથી તેને ભીખ માગવાનો ઢંગ આવડ્યો ન હતો. વેપારીએ તરતજ તેની સ્થિતિ જાણી લીધી અને તેને ખાવાનું આપ્યું. ભોજન કરીને તૃપ્ત થયા બાદ વેપારીએ પૂછવાથી તેણે પોતાની બધી વસ્તુસ્થિતિ સાદી ભાષામાં કહી સંભળાવી. વેપારી સમજુ હતો, તેથી તેણે તેને પોતાનીજ દુકાનમાં નોકર તરીકે રાખી લીધો.

શરૂઆતમાં નવીન નોકરી હોવાથી તે વારંવાર ભૂલ કરતો હતો; પરંતુ સમય જતાં તે સંપૂર્ણ યોગ્યતા મેળવી શક્યો અને શહેરના અનેક સજ્જન મનુષ્યોના પરિચયમાં આવવાથી તેનો સ્વભાવ મિલનસાર બની ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તે સુખની પળોમાં વધારે વખત રહેવા સર્જાયો ન હતો. એક દિવસ તે શેઠની આજ્ઞા પ્રમાણે પાંચસો રૂપિયાનું બિલ લેવા માટે બહારગામ ગયો. બીજે દિવસે પાંચસો રૂપિયાની નોટો લઇને તે આવ્યો. આવતો હતો ત્યારે દૈવ ઇચ્છાથી માર્ગમાંજ સો રૂપિયાની નોટનો એક કટકો પડી ગયો! તેને તે વાતની ખબર પણ ન રહી!

આવીને તેણે શેઠને હિસાબ ચૂકવવા માંડ્યો તો તેમાં સો રૂપિયાની ભૂલ જણાઇ. ફરી વખત ગણ્યા, ત્રીજી વખત ગણતાં પણ સોના સો રૂપિયા ઘટ્યા. તે બિચારો આ બાબતમાં કાંઇજ જાણતો ન હોવાથી શેઠ પાસે કરગરવા લાગ્યો.

"હવે આજીજી કરવી નકામી છે. હિસાબ આપવામાં આવી બદમાસી નહિ ચાલે! બોલ, રૂપિયા ક્યાં ગયા?"

"પરંતુ શે...ઠ, મને તે...ની..." એ વધારે બોલીજ ન શક્યો.

"હું તારી બધી ચાલાકી સમજી ગયો છું. ત્રણ માસનો તારો ચડેલો પગાર હવે નહિ મળે અને આજે ને આજે અત્યારેજ તને રજા છે. સા......ને ગરીબને રાખીને પંચાવન રૂપિયાની ખોટ ખમવી પડી." શેઠ બબડી ઉઠ્યા.

ત્રણ માસના ચડેલા પિસ્તાલીસ રૂપિયા ઉપર તો તેણે કંઇ ને કંઇ આશાની ઇમારતો બાંધી હતી, તે સર્વે શેઠના એકજ શબ્દથી ધૂળમાં મળી ગઇ.

તે કરુણાજનક દૃષ્ટિથી શેઠના સામું જોઇ રહ્યો. તેનો વિચાર હતો કે, શેઠની પાસે પોતાની નિર્દોષતા સિદ્ધ કરવી; પરંતુ ત્યાં તો શેઠનું બાદશાહી ફરમાન છૂટ્યું: "જા, હવે તારું કાળું મોં ન બતાવીશ."

તે ધીરે ધીરે દુકાનની સીડી ઉતરી નીચે આવ્યો. શેઠજીને ત્યાંથી બદનામ થયેલાને કોઇએ દુકાન પાસે ઉભવા પણ ન દીધો.

હવે તેને ભૂખમરો વેઠીને દિવસો કાઢવા પડતા હતા અને પ્રથમથી પણ વિશેષ કષ્ટો સહન કરવાં પડતાં હતાં. રાત્રિએ તો તે અન્ન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જલ વિના એમ ને એમજ પડ્યો રહેતો. જો કોઇને દયા આવતી તો થોડુંઘણું અનાજ મળી જતું; છતાં તે ભિક્ષા માગવા જઇ શકતો ન હતો અને તેને તે કામ પણ આવડતું ન હતું. આમ મહા મુશ્કેલીથી તેણે એક વર્ષ વ્યતીત કર્યું. તેમાં પણ અનેક વાર જીવન-મૃત્યુના પ્રસંગો ઉપસ્થિત થઇ ગયેલા હતા !

(૩)

લગભગ ચાર દિવસના ઉપવાસો ખેંચ્યા બાદ તે પાણી પીવા માટે શહેર બહાર નદીકિનારે ગયો. પાણી પીને શાંત થઇ તે વિચાર કરવા લાગ્યો:—

"શું સંસારનાં સર્વે મનુષ્યો મારી માફક ભૂખ્યાંજ રહે છે? શું ધનવાન અને નિર્ધન બનવા માટે યોગ્યાયોગ્યતાનો સવાલ થતો હશે? ત્યારે મારો આમાં શો દોષ? હું કેટલે અંશે નિર્દોષ છું? પરમાત્માની રચેલી વસ્તુઓ પર સર્વેને સમાન હક શા માટે નહિ? આવી દશામાં કોઇની પાસે જરૂરિયાતથી વધારે દ્રવ્ય હોય અને તેનો ઉચિત વ્યય કરવાને તે અશકત હોય, ત્યારે તેનું દ્રવ્ય બળાત્કારે ખૂંચવી લઇને દુઃખી અને ભૂખ્યા મનુષ્યોને આપી દેવામાં શું ખરેખર પાપ છે?"

આ પ્રમાણે તે અસંખ્ય પ્રશ્નોની પરંપરા ચલાવતો ગયો. સ્વાર્થી સંસારના ત્રાસથી તેના પર વીતેલી ઘટનાઓ તેની દૃષ્ટિ સમક્ષ આવી આવીને ચાલી ગઇ. અંતે તેણે પોતાનો હાથ જોરથી પૃથ્વી પર પછાડ્યો. અંતિમ નિર્ણય થઇ ચૂકયો હોય તેમ શાંતિ ધરીને ત્યાં ને ત્યાં તે બેસી રહ્યો.

"બસ...એજ નિશ્ચય"...કહીને તે ઊઠ્યો. પોતાના હોઠને દાંત નીચે દબાવતો દબાવતો તે દોડવા લાગ્યો. તે કેટલાક માઇલ સુધી દોડતોજ ચાલ્યો ગયો. હવે તેને રોકાવાની કે અટકવાની ઇચ્છાજ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી ! તેણે પોતાના જીવનની અંતિમ દિશા નિર્ણીત કરી લીધી હતી.

હવે તે લૂંટારો બન્યો હતો. પહેલેજ દિવસે કોઇ એક ગામના ખેડૂત પાસેથી રોટલાઓ લૂંટી લઇને પોતાના જીવનનું શ્રી. ગણેશાય નમઃ કરી દીધું હતું અને એક વર્ષમાં તો તે લૂંટફાટ કરવામાં એક્કો બની ગયો હતો ! એક વર્ષમાં તો તેના નામથી આજુબાજુનાં મનુષ્યો થરથરવા લાગ્યાં. તે કોઇની પણ હત્યા કરતો ન હતો, માત્ર માર્ગમાં ચાલતા કે શહેરમાં રહેતા શ્રીમંત મનુષ્યોના ઘરમાં ધાડ પાડીને પૈસા લઇ જતો.

કંગાલ જિંદગીનો મનુષ્ય ભૂખ્યા પેટે રાત્રિ વિતાવીને સવારમાં ઊઠતાંજ તેના આંગણામાં રૂપિયાની ભરેલી થેલી જોઇને આશીર્વાદ આપતો અને આંખમાં આંસુઓ લાવી જય પોકારતો. આવા અનેક કંગાલ મનુષ્યો તેના પ્રતાપ વડે થોડાજ સમયમાં ખાતાપીતા થઇ ગયા, છતાં તે માત્ર સૂકો રોટલો અને સાદાં વસ્ત્રોમાંજ આનંદ માનતો. બાકીના બચેલા રૂપિયાની થેલી ભરીને કંગાલ અને દુઃખી મનુષ્યોના ઘરના આંગણામાંજ મૂકી આવતો. થેલી ઉપર માત્ર એટલુંજ લખેલું જણાતું: " ગરીબોનો પૂજારી. "

આજે અહીં તો કાલે વળી પચીસ કોસ દૂર જઇને તે ગરીબોની આ પ્રકારેજ સેવા કરતો. જરૂર પડતાં તે નિર્ભય બનીને કંગાલોની પાસે જતો અને તેઓની અશ્રુકથા સાંભળીને બીજેજ દિવસે તે કંગાલને આંસુ વહેવડાવનારની પૂરી ખબર લેતો !

હવે તો ઘેરે ઘેર તેનીજ વાત ચાલતી હતી. કોઈ તેની ઉદારતાનાં તો કોઇ તેના શૌર્યનાં અને કોઇ તેની નીડરતાનાં વખાણ કરતાં.

તેને શોધતાં શોધતાં પોલીસના નાકમાં દમ ભરાઈ ચૂકયો હતો, તેમ છતાં તેનો કયાંય પણ પત્તો લાગતો નહિ. અંતમાં પોલીસ થાકી ગઇ હોવા છતાં પોતાની નોકરી બજાવવાને ખાતર કોઈ કોઇ વખત નિષ્ફળ છાપો મારી પાછી વળી જતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪)

કોઇ કોઇ વખત તો તે દરિદ્ર મનુષ્યને ઘેર બેત્રણ રાત્રિઓ સુધી બેસી રહેતો. એનું નામ કોઈ જાણતું ન હતું. સૌ કોઇ એને ગરીબોનો પૂજારી કહીનેજ બોલાવતા.

તેના અનેક દરિદ્રનારાયણ દેવો તેની જીવન–ગાથા સાંભળવા ઉત્સુક હતા. જ્યારે તે પ્રસન્ન હોય, ત્યારે પોતાના ગત જીવનની વાત બહુજ આવેશપૂર્વક કહેતો અને અંતે પેટ ભરીને રડી લેતો.

એક વાર કોઈ એક વૃદ્ધે તેનું ભૂતકાળનું જીવન જાણવાની ઇચ્છા કરી, ત્યારે તેણે પોતાના જીવનની શરૂઆતથી અત્યાર સુધીનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો અને છેવટમાં કહ્યું કેઃ—

“મેં મારા જીવનમાં પરસેવાની કમાણી ઉપર આજીવિકા ચલાવવા માટે ઘણાંયે ફાંફાં માર્યાં; પરંતુ આ જગતમાં તેવી કમાણી ઉપર કોણ જીવે છે? લૂંટફાટ સિવાય આ જગતમાં સર્વત્ર શું દેખાય છે? પ્રત્યેક ધનવાનો, પ્રત્યેક સત્તાધારીઓ અને વધારામાં કહીએ તો જગતમાંના સર્વે મનુષ્યો કોઇ ને કોઇ સ્વરૂપમાં લૂંટારાઓ જ છે! જ્યારે સર્વે મનુષ્યોની આ સ્થિતિ છે, ત્યારે તેના પ્રવાહમાં હું પણ તણાઇ ચૂક્યો અને એ કાર્યમાંજ મને સંપૂર્ણતા મળી. હા, પરંતુ એટલું કહી શકું છું કે, આ પાપ હું મારા પોતાના માટે નહિ પણ પરોપકાર માટે કરૂં છું.”

“પરંતુ બાપલા! હવે તો પોલીસ તમારી પાછળ પડી છે. કદાચ......”

“કદાચ શું? પકડાઇ જવાથી જેલ મળશે એજ ને? તો પણ મારી સ્વતંત્રતાને કોણ લઇ શકશે? શું જેલમાં રહેનારા બધા મનુષ્યો પરતંત્ર હોય છે? અને વળી જેલની બહાર અસંખ્ય માણસો પરતંત્ર પડેલા નથી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અને કદાચ એમાંજ મૃત્યુ થઇ જશે તોપણ શું? જગતમાં આજે કે સો વરસે પણ મરવું તો છેજ ને? મારા સિવાયના બીજા મનુષ્યો ક્યાં અમર રહી જવાના છે?...... અને તેથીજ, મેં તો એકજ નિર્ણય કર્યો છે કે, સ્વાર્થમાં સડી સડીને મરવા કરતાં પરમાર્થ કરતાં કરતાં મરવું એ હજાર દરજ્જે ઉત્તમ છે........"

અકસ્માત્ ઘરના બહારના ભાગમાં પોલીસોનો કોલાહલ સંભળાયો. તેને ખાતરી થઇ ગઈ કે હવે તે પોલીસોના હાથમાંથી બચીને જઇ શકશે નહિં, તેથી તે નિર્ભયતાથી બહાર આવ્યો. જોતજોતામાં તેના પર અસંખ્ય ગોળીઓનો વરસાદ વરસવા લાગ્યો. તે દોડીને ગામ બહાર થોડે દૂરની એક ગુફામાં ગયો. પોલીસનું ટોળું તેની પાછળ પાછળ ત્યાં સુધી જઈ પહોંચ્યું.

એક એક કરીને બધી પોલીસ ગુફામાં ઊતરી; પરંતુ ત્યાં તો તે પોતાની છાતીમાં એક છરી ભોંકીને જમીન પર ચત્તોપાટ સૂઇ રહેલો સર્વના જોવામાં આવ્યો. તેના શરીરમાંથી લોહીની ધાર વહી રહી હતી અને તે આ પાખંડી દુનિયામાંથી સદાને માટે વિદાય થઇ ચૂક્યો હતો!!

જોતજોતામાં ત્યાં ગુફા આગળ હજારો માણસોનું ટોળું એકઠું થઈ ગયું. એક પોલીસે તેની છાતીમાંથી છરી કાઢી અને જોયું, તો તે છરી પર સોનેરી અક્ષરોથી લખેલું હતું—"ગરીબોનો પૂજારી."

સર્વે મનુષ્યોના મુખમાંથી પણ એજ શબ્દ નીકળી પડ્યો.

આ પ્રમાણે તેના જીવનનો અંત આવી ગયો. ગામના મનુષ્યોએ તે ગુફામાંજ તેની એક સમાધિ બંધાવી અને તેના ઉપર પણ મોટા અક્ષરોથી કોતરાવ્યું—"ગરીબોનો પૂજારી."

("રવિવાર"ના દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮–ए आक्रन्द

(૧)

આજે જેલમાં એક નવો કેદી આવ્યો હતો. બધા કહેતા હતા કે, "તેને ફાંસીની સજા થશે."

કેદી તો રોજ ને રોજ નવા આવતા હોય છે અને ખરૂં પૂછો તો આ કેદીમાં પણ કંઇ નવું ન હતું. ન તો તે ઉચ્ચ કોમનો હતો, કે ન તો તે નાની ઉંમરનો હતો. ઉંમર ખાસી ચાલીસેક વર્ષની હશે. કાળું ભઠ મોઢું અને ગાલમાં પડેલા ખાડા ઢાંકતી વધી ગયેલી દાઢી કહી આપતાં હતાં કે, એ પણ હતો તો અમારાજ વર્ગનો. આંખો પણ બહુજ ઊંડી ઉતરી ગયેલી અને આસપાસ કાળાં કૂંડાળાં પડી ગયાં હતાં. હશે કોઇ દારૂડિયો ને જુગારી; એવા ને ખૂન કરતાં શી વાર લાગે?

તોયે એ શી રીતે અહીં આવ્યો, તે જાણવાની મને જિજ્ઞાસા થઈ અને હું પહેલીજ વારનો આવેલો તથા જરા ભણેલો હોઇને મને મળતી છૂટનો લાભ લઇ તેને મળ્યો. તેના મોઢા પર ક્યાંય ગમગીની નહોતી દેખાતી, કે નહોતી ફાંસીની બીક જણાતી. કોઇ યોગી જેવો તે બેસી રહ્યો હતો. મેં થોડી આડીઅવળી વાત કરી અને પૂછ્યું: "પહેલીજ વાર અહીં આવો છો કે બીજી વાર?"

અહીં તે પહેલી વાર આવતો હોય કે બીજી વાર, પણ તેની આખી જિંદગીમાં માનભર્યા નામથી આજેજ તેને કોઇએ બોલાવ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો, એમ તેની આશ્ચર્ય દાખવતી મુદ્રા પરથી મેં જાણ્યું.

"બીજીજ વાર." તેણે જવાબ આપ્યો.

"બધા કહે છે કે, તમે ખૂન કર્યું છે. સાચી વાત?"

નવો કેદી દાખલ થતાંવારજ તેના વિષેની બધી માહિતી બધે ફરી વળે છે, એટલે આમાં તેને કંઇ આશ્ચર્ય ન થયું.

"હા, ખરી વાત છે. મેં ખૂન કર્યું છે. કરપીણ ખૂન કર્યું છે."

"ખૂન કેમ કર્યું?"

"તમારે બધું સાંભળવું છે? લો સાંભળો. મેં એવાનું ખૂન કર્યું છે કે જેને હું કદી ઓળખતો પણ નહોતો."

મને તેની આ વર્તણુક વિચિત્ર લાગવા માંડી અને થોડી વાર શાંત બેસી રહ્યો.

પાછું તેણે શરૂ કર્યું: "શું કામ કર્યું? કંઇ નહિ, જવા દો એ વાત. હવે એથી કંઇ ફાયદો નથી. ફાયદો હતો તે મળી ગયો. જેને મળવાનો હતો તેને મળી ગયો." એટલું બોલતાં બોલતાં તેના મોઢા પર સંતોષ છવાઈ રહ્યો.

(૨)

મને તેના પ્રત્યે ખરેખરી સહાનુભૂતિ જાગી અને ધીરે ધીરે તેની વાત જાણી લીધી.

તે મિલમાં મજૂરી કરતો હતો અને અર્ધી સાજી રહેતી બૈરી અને પાંચ માયકાંગલાં બાળકોનું પેટ ભરતો હતો. કોઇને તેણે પોતાની સ્થિતિ વિષે કોઇ દહાડો ફરિયાદ કરી ન હતી અને સંતોષથી ઘરેડમાં ગાડું ચલાવ્યે જતો હતો.

"પણ તોય કોઈ ક્યાં સુખે રહેવા દે છે? મંદી આવી છે, એવી બૂમો પડવા માંડી અને એમ મજૂરોની રોજી કપાતી ચાલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટે મને રજા મળી. પછી તો જ્યાં જ્યાં ભટકું, ત્યાં ત્યાં એજ જવાબ મળે કે, અમે જૂના માણસો પણ ઓછાં કર્યાં તો નવા શી રીતે રાખીએ ?"

અને પછી તેની બેકારીના સમયની સ્થિતિનું વર્ણન, આંતરે આંતરે થતા કડાકા, એ બધીય સર્વસામાન્ય વિગતો તેણે કહી સંભળાવી. બે દિવસના ઉપવાસને અંતે તે એક વખત એક મિલ-માં ગયો હતો અને હમેશનો જવાબ સાંભળી પાછો ફરતો હતો, ત્યાં ઝાંપે એક મોટર આવીને ઊભી રહી. અંદરથી એક પુરુષ ને સ્ત્રી ઊતર્યાં. મંદીની અસર અહીં તો ક્યાંય નથી જણાતી અને કોઇ શેઠની મોટરની સંખ્યા છમાંથી પાંચની નથી થઇ, એ વાત તેના મગજમાં તરવરી રહી.

સહસા મોટરમાં તેની નજર પડી, તો એક પાકીટ બેઠક પર પડેલું હતું. વીજળીની ઝડપે આજુબાજુની નિર્જનતાની ખાતરી કરી તેના હાથોએ તે ઉઠાવી લીધું અને આજે બધાંયે ઘેર પેટ ભરીને ખાશું એવો નિરાંતનો શ્વાસ લે તે પહેલાં તો વાંસો ખોખરો કર-નારો પઠાણનો દંડો પડ્યો.

"કમજાત, ચોરી કરતો ફરે છે ?" અને તેણે બેત્રણ ઝાપટો ત્યાં ને ત્યાં લગાવી દીધા. તે પાકીટ સાથેજ તેને શેઠ પાસે લઇ ગયો.

"શું ? મોટરમાંથી પાકીટ ચોર્યું ? ડ્રાઇવર સાલો ક્યાં મૂઓ હતો ?"

ડ્રાઇવર આવીને જવાબ આપે તે પહેલાં ફરીથી શેઠ સાહેબે હુકમ કર્યોઃ "લઇ જાઓ એને પોલીસ પાસે."

ત્યાર પછી એના પર શી શી વીતી હશે તે હું તેના બોલ્યા વગરજ સમજી ગયો. તેને પંદર દિવસની સજા મળી અને તે ભોગ-વીને ઘેર પહોંચ્યો, ત્યારે તેની બૈરી ખાટલે પડી હતી અને છોકરાં ભૂખ ભૂખ કરતાં હતાં. તેને કોઇ અકસ્માતમાં સપડાયલો જાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓએ બેત્રણ દિવસ ખૂબ ખોળ કરી હતી અને છેવટે ભીખ માગવા માંડી હતી.

(૩)

તેણે આખી રાત્રિ ઉજાગરો કરીને પસાર કરી અને બીજા દિવસથી ફરી ટાંટિયાતોડ શરૂ કરી. એક બે સ્થળે તેનાથી સચ્ચાઇ કરતાં બોલી જવાયું કે, "પંદર દિવસથી પોતે જેલ ભોગવીને બહાર આવ્યો હતો." એ સાંભળતાંજ તેના તરફ એવી કરડાકી ભરી નજર થતી કે, જાણે તે સમાજનો ગંભીર ગુનેગાર હોય.

પછી તેણે આત્મવૃત્તાંત કહેવા માંડયું.

"આમ હું કામની શોધમાં ભટકતો હતો. ત્યાં મને ભૂલો મળ્યો. ભૂલો એ પહેલા નંબરનો બદમાશ હતો. એણે કહ્યું: 'કાં જગા, કયાં ચાલ્યો?' પાસે આવી તેણે મારો હાથ પકડીને ઊભો રાખ્યો ને પૂછ્યું: 'કયાંય જોડાયો?' અને મારા બોલ્યા વગરજ સમજી ગયો કે, હું બેકાર ફરતો હતો.

"ભૂલાએ કહ્યું: 'કાં, હું નહોતો કહેતો કે એમાં કાંઇ સાર નથી? સારા માણસની આ દુનિયાજ નથી. એ તો ધક્કાધક્કી કરી શકે તેજ જીવી શકે, બીજા કચડાઈ મરે. મારી વાત માન. અમારા સરદારને મેં કયારનીય વાત કરી છે અને તું તો બહુ કામ લાગીશ એમ તેણે કહ્યું છે. ચાલ એમાં વિચાર શું કરવાનો?' હું જવાબ આપું તે પહેલાં હાથ પકડી મને તે ખેંચવા લાગ્યો અને હું પણ વિવશ બનીને તેની પાછળ ઘસડાયો.

"મારે પનારે પડેલાં બૈરી–છોકરાંને ભૂખે મરી જતાં હું કેમ જોઇ શકીશ, એ વિચારથી હું વધારે અકળાવા લાગ્યો અને છેવટે ગમે તે ઉપાયે પણ એ લોકોને તો મારે પેટપૂરતો રોટલો અપાવવોજ જોઇએ એ નિશ્ચય પર આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અમે ક્યાં આવી પહોંચ્યા હતા, તેની મને ખબર ન હતી. પણ સાવધ થતાં મેં જોયું, તો એક પાંચ હાથ પડછંદ આદમી મારી સમક્ષ ઊભો હતો. 'તારૂં નામ જગો ?' મેં ડોકું હલાવી હા પાડી. 'રૂપિયા બે હજાર તને આપું. મારૂં કામ કરવું છે ?' તેણે સીધોજ સવાલ પૂછ્યો.

"હું તો તૈયારજ હતો, અને બે હજારની રકમ ? એ તો બહુ મોટી રકમ. મારાં બૈરાંછોકરાં ખુશીથી તેની ઉપર આખી જિંદગી કાઢી શકશે. એ વિચારે તરતજ મેં હા પાડી દીધી—કામ કયા પ્રકારનું છે તે જાણ્યા પહેલાંજ."

(૪)

જગાએ પછી આત્મકથાની જે ઘટનાઓ કહેવા માંડી તેથી હું તો ચકિતજ થઇ ગયો. સાંભળો તેની કથાઃ—

"તરતજ રૂપિયા બે હજારની નોટો મારા હાથમાં આવી પડી અને તેણે મને મારૂં કાર્ય સમજાવ્યું: 'કાલે સાંજે તારે જાતે પોલીસ ચોકીએ જઇને પકડાઇ જવાનું છે. આજે તેં એક ગણિકાનું ખૂન કર્યું છે અને તેનાં ઝવેરાતો લૂંટી લીધાં છે અને એ બદલ તને ફાંસીની પણ કદાચ સજા મળે. વાત એમ છે કે, એક 'ગૃહસ્થે' કંઇક ઉશ્કેરાટમાં આવી જઇને ગણિકાને મારી નાખી; પણ તેની ફાંસી ખાવાની હિંમત નથી અને અમને રૂપિયા બે હજાર આપી દીધા છે, એટલે તેને બદલે એક માણસ અમારો તૈયાર હોવો જોઇએ. ગણિકાનું જરઝવેરાત તો અમારી પાસે આવી ગયેલુંજ છે. તારી રાજીખુશીથી તેં તારૂં કામ સ્વીકારી લીધું છે, પણ જોજે કાલે બપોરના બરાબર બાર વાગેજ. એમાં જરાયે ગફલત ન થવી જોઇએ.' આટલા શબ્દો પૂરતા હતા. હું ન માનું તો શું અંજામ આવે એ હું સારી પેઠે જાણતો હતો. તેની પાસેથી કોઇ છટકી જાય એવું બનેજ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મેં પૈસાની બરાબર વ્યવસ્થા કરી દીધી અને પછી જાતે પોલીસ પાસે પકડાઇને અહીં આવ્યો છું. તમેજ બોલો, બે હજાર રૂપિયા એ નાનીસૂની રકમ કહેવાય ?"

એજ વખતે આવી ઊભેલો જેલનો દરોગો બોલ્યો: "અલ્યા તારી જિંદગીની એટલીજ કિંમત ? બે હજાર રૂપિયા માટેજ તેં ખૂન કર્યું ને ?"

જગાની આંખોમાં પહેલીજ વાર પ્રકાશ ફેલાયો. "મારી જિંદગીની કિંમત રૂપાના માત્ર બે હજાર ટુકડા ? બે હજાર ટુકડા માટે હું જાન આપી દઉં ?"

હું જગતને અને દરોગાને દીવાના પ્રકાશમાં જોઇ રહ્યો અને ઘડિયાળમાં બારના ટકોરા થયા.

(૫)

"ચાલ જગા, ઇન્સ્પેક્ટર સાહેબ બોલાવે છે." બીજે દિવસે હું બેઠો હતો ત્યાંજ એને બોલાવવા દરોગો આવ્યો. "જો, પૂછે તો બધી સાચેસાચી વાત કહી દેજે. બીશ મા." મારા મનમાં તો કાલનીજ વાત ઘોળાયા કરતી હતી; એટલે મેં ધીરેથી એના કાનમાં કહ્યું અને એણે ન સાંભળ્યું હોય એમ દરોગાની પછવાડે ચાલ્યો.

એક કલાક પછી તે પાછો ફર્યો અને મારી પાસેથી પસાર થયો, ત્યારે મારા સામું પણ ન જોયું—એની આંખો જાણે અદૃશ્ય વસ્તુ સામેજ જડાયલી લાગતી હતી. એની નજર આગળ ફાંસી તરવરતી હશે ? કે વિશ્વાસઘાતી બન્યો એનો ડંખ પીડતો હશે ? મને એનો ઉકેલ ન જડ્યો.

"જોઇ લો, કેવો સારો માણસ છે ! બીજાને પણ લેતો આવ્યો છે ને ? અલ્યા, કેવડી ટોળી ભેગી કરી'તી ?" એવા પ્રશ્નો જગાને પુછાતા મેં સાંભળ્યા, ત્યારેજ મને ખબર પડી કે તેની પાછળ એક નવું પંખીડું આવ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેત્રણ દિવસ વહી ગયા. જગો એમજ પડી રહ્યો હતો. મારી સાથે વાત કરતો ન હતો–કરી શકતો ન હતો. નવો કેદી 'લોકપ્રિય' થતો જતો હતો અને પહેલે દિવસે મેં જે અનુમાન બાંધ્યું હતું, તે ખરૂં પડશે એમ લાગતું હતું. પણ જગાનું શું થવાનું છે તે સમજાયું નહિ.

(૬)

"ચલો, તુમ કુ ભી સા'બ બુલાતા હૈ." મને ઇન્સ્પેક્ટરનું તેડું શા માટે આવ્યું તેની વિમાસણમાં હું ઑફિસમાં પહોંચ્યો.

ગુંડાની ટોળીનો સરદાર હોય એવો એક મવાલી જેવો, હાથ-પગમાં બેડી સાથે ઊભો હતો અને એક ખુરશી પર કોઇ ઉજળિયાત ગૃહસ્થ બેઠેલા હતા.

"તમને એટલા માટે બોલાવ્યા છે," મારી સામું જોઇને ઇન્સ્પેક્ટર સાહેબે કરડાકીથી શરૂ કર્યું. ઑફિસની શાંતિમાં પહેલીજ વાર ભંગ થયો હોય એમ લાગ્યું, કારણકે હાજર રહેનાર બધાય ચમકી ગયા. કાંઇક નવીન બનવાની આગાહી જણાઇ. પાંચેક ક્ષણ બાદ તેણે આગળ ચલાવ્યું: "તમને એટલા માટે બોલાવ્યા છે કે, જગાએ ખૂન કર્યું છે કે નહિ, એ તમારે કહેવાનું છે. તમારી પાસે તેણે એકરાર કરેલો છે; માટે સાચેસાચી વિગત કહી જાઓ."

મેં પહેલેથી વાત શરૂ કરી અને બે હજાર રૂપિયા આપવાની વાત આવતાં મને અટકાવીને ઇન્સ્પેક્ટરે જગાને પૂછ્યું: "એ રૂપિયા તને આપનાર આ મવાલીજ હતો કે બીજો કોઈ? એ મવાલીએ એવા વ્યવસ્થિત ગુનાઓ કર્યા છે. એના બીજા પુરાવાઓ પણ મારી પાસે છે, ખરૂં ને?" છેલ્લા શબ્દો તેણે પેલા બીજા કેદી સામું જોઇને ઉચ્ચાર્યા. 'દાદા'એ ગુનો કબૂલી લીધો. એક શબ્દ પણ તે ન બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અને જે ખૂન માટે જગાને સજા થાત એને માટે ખરેખર જવાબદાર ગૃહસ્થ-આજ સુધી ગૃહસ્થ કહેવાયા છે, માટે હું પણ ગૃહસ્થ કહીશ-હાજર છે. કેમ બરાબર છે ને?"

હું તરત બધી વાત સમજી ગયો અને ખરો ખૂની પકડાવાથી જગાને મુક્તિ મળશે એ ખ્યાલથી મને આનંદ થયો.

"રાવબહાદુર, તમારી એકે વાત કામ નહિ આવે અને પોલીસ ઇન્સ્પેકટરને મેં બોલાવ્યા છે, તે આવશે ત્યારે જામીન પર પણ ન છોડવાની હું ભલામણ કરવાનો છું. અલબત, તમે કહેશો કે મારી તમારા પ્રત્યે બીજી ફરજ હતી, પણ જગા પ્રત્યેની-નિર્દોષ જગા પ્રત્યેની ફરજ મને બળવત્તર માલૂમ પડી અને મેં આમ કર્યું."

પછી તો અમને પાછા અમારી કોટડીમાં મોકલી દીધા.

આ બધું બન્યું શી રીતે, એ મને પાછળથી દરોગાએ કહ્યું. જગાની વાત તેણે સાંભળી હતી, તેટલી સાહેબને બીજે દિવસે કહી હતી અને સાહેબે જગા પાસેથી બધી હકીકત જાણી લીધી હતી. જગાને વિશ્વાસઘાત કરવાનું દુઃખ થતું હતું, પણ બીજી બાજુએ ઉજળિયાત ગણાતા ગૃહસ્થને ઉઘાડા પાડવાની તક પણ એટલીજ લલચાવનારી હતી.

જગાની વાત પરથી એક જાસૂસને કેદી બનાવીને ત્યાં રાખવામાં આવ્યો અને અનુક્રમે તે એક પછી એક ક્રિયાઓમાં પસાર થઇ 'દાદા' પાસે પહોંચ્યો. અત્યંત સાવચેતીપૂર્વક બધું જાણી લઇને એ ટોળીને 'દાદા' સહિત પકડી લેવામાં આવી.

(૭)

પણ રાવસાહેબ સાચા ખૂની છે એ શી રીતે સાબિત કરવું, ...તે માટે પણ ઇન્સ્પેકટર પાસે અનાયાસે આધાર આવી પડ્યા.

એક સાંજે ઇન્સ્પેકટર ફરવા ગયા હતા અને થોડે દૂર મોટર ઊભી રાખીને ટહેલતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હલ્લો પંડિત સાહેબ," મોટરમાંથી ઊતરીને તેની તરફ આવતા સજ્જને બૂમ મારી.

"ઓહો, રાવબહાદુર, તમે ક્યાંથી ? કેમ છો સાહેબ ? આજે તો આપ ફરવા આવ્યા છો ?" ઇન્સ્પેક્ટર પંડિત સાહેબે હાથ મિલાવ્યા. રાવબહાદુર પ્યારેલાલ અગ્રગણ્ય બેંકના ડાયરેક્ટર હતા. સરકારી માણસોમાં પ્રતિષ્ઠા ધરાવતા હતા. એવા માણસ સાથે હાથ મિલાવવાનો કે વાત કરવાનો પ્રસંગ જેલના ઇન્સ્પેક્ટરને ક્યારે આવે ?

"હમણાં બેત્રણ દિવસથી આ ટાઇમેજ બરાબર મનમાં મૂંઝવણ ઊપડી આવે છે; એટલે ફરવા નીકળી આવું છું. કાલ સીધી સડકે પંદરવીસ માઇલ ફરી આવ્યો, આજે આ બાજુ પર આવ્યો છું. હમણાં સાલું કાંઇક..." વ્યગ્રતા દર્શાવતા રાવબહાદુર એકદમ અટકી ગયા. પોતાને જાણે ભાન થયું હતું કે, પોતે જેલ ઇન્સ્પેક્ટર જેવી બીવા જેવી વ્યક્તિ સાથે વાત કરી રહ્યા હતા.

"કામમાંથી આરામ લો જરા, રાવસાહેબ, હવાફેરે ઊપડી જાઓને ? આપને શું છે ?" જરા રમૂજમાં પંડિત બોલ્યા.

પરંતુ વાતાવરણ એવું જામતું ગયું કે, રાવબહાદુર પ્યારેલાલ વધારે ને વધારે વ્યગ્ર ને ગમગીન બનતા ગયા. વાતોજ એવા પ્રકારની નીકળી એમાં એ બિચારા શું કરે? અને જેલર તો ખૂનની અને લૂંટનીજ વાતો કરે ને? એમાં એનોય દોષ શો ? પોતે આટઆટલા પ્રયત્ન કર્યા છતાં પણ હા, ના, સિવાય બોલીજ ક્યાં શકતા હતા ?

"આ જુઓને, ચોરી ને ખૂન પણ કેવાં થાય છે ? વેશ્યાઓનેય એ લોકો છોડતા નથી. બે કે ત્રણ દિવસ પરનીજ આ વાત છે. કઇ તારીખ ? ત્રણજ દિવસ થયા એ વાતને, કે બે ?" સહસા એની આંખ પ્યારેલાલ રાવબહાદુરના ચહેરા પર પડી અને એના પ્રશ્નથી એ ધોળી પૂણી જેવા બની ગયા હતા તે જોયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્રણ, બરાબર ત્રણજ, બરાબર ત્રીજા દિવસની સાંજેજ... હું, હા...આપ શેની વાત કરો છો ?"

પણ દરેક માણસને શંકાની નજરથી જોનાર જેલર જેવી ચકોર વ્યક્તિથી એ વ્યગ્રતા અછાની રહે ? તેના ચહેરા પર તેણે ગુનાનો ચોખ્ખો એકરાર વાંચ્યો.

પછી તો રાવસાહેબે ગભરામણમાં ને ગભરામણમાં બધી વાત કબૂલી લીધી, પણ પછી ઇન્સ્પેકટરના પગમાં પડી છોટી શી ભીખ માગી કે મને બચાવી લો; પણ ઇન્સ્પેકટર સાહેબ એ ભીખ ન આપી શક્યા.

(૮)

છેવટે આ પ્રકરણનો અંજામ એ આવ્યો કે, જગો છૂટી ગયો. એનાં બૈરીછોકરાં માટે આજે એ કોઇક ઠેકાણે રોજિંદી મજૂરી કરે છે અને રાવસાહેબ મારીજ સાથે જેલમાં વસે છે...પણ રાવસાહેબ ઉચ્ચ વર્ગના કેદી છે, તેમને કશી તકલીફ નથી. રોજ સાંજે તેમનું કુટુંબ મુલાકાતે આવે છે અને રાવસાહેબ તેમની હાથીની ચાલે જેલરની ઑફિસમાં જાય છે.

રાવસાહેબ કોઇ કોઇ વાર વદે છે: "...ઠીક છે, ખૂન તો થઈ ગયું...મરનારી મરી ગઇ...આપણે શું કરીએ ?...અને પૈસા છે, સરકારમાં માન છે, તો વધારેમાં વધારે તો આટલીજ આકરી સજા ભોગવવાની છે ને ? આ ભોગવીએ છીએ......કાંઈ વાંધો નહિ...થોડા માસમાં આ સજામાંથીયે છૂટી જઇશ. મને એ આવડે છે ! રાવસાહેબો તે કદીય જેલમાં પડ્યા રહેતા હશે ?"

"સાચું છે !" હું યે સ્વગત વદું છું: "રાવસાહેબો તે કદીય જેલમાં પડ્યા રહેતા હશે ! જેલ અને ફાંસી તો જગા જેવાઓને માટેજ છે !"

(૨૪ મી નવેમ્બર ૧૯૩૮ ના "નવસૌરાષ્ટ્ર" સાપ્તાહિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯–ખૂની માતા

આખી અદાલતમાં અજબ શાંતિ છવાઇ રહી હતી. બધી આંખો એ ભિખારણના મુખ સામું તાકી રહી હતી. બધા કાન તે શું જવાબ આપે છે, તે જાણવાને અધીરા બન્યા હતા.

"અરે, બડી કલમબાજ છે એ તો. મેં કાલે એને જોઇ હતી ને ? બાગના એકાંત ખૂણામાં બેઠેલા લટ્ટુ જેવા દેખાતા મિંયા સામે આંખો તો ખૂબ નચાવતી'તી, પણ કંઇ વળ્યું નહિ."

"અરે, નશાબાજ પણ ઓછી નથી. મેં એને ઘણીયે વાર તાડીખાના પાસે જોયેલી છે."

"અને, છોકરાને લઇને બંગલાઓમાં તો રોજ જાય છે—એઠું-જૂઠું માગી ખાવાને બાને. કદાચ કોઈ જગ્યાએ કોઇને ફસાવી રાખ્યો હોય તોપણ કોણ જાણે."

આમ તરેહવારના અભિપ્રાયો અદાલતની મેદનીની જીભ બોલતી હતી.

× × × ×

મેજિસ્ટ્રેટ સાહેબ ફરી એક વાર પોકારી ઊઠ્યા, "બોલ, એઇ ભિખારણ, પોલીસ કહે છે તે ગુનો તેં કર્યો છે કે નહિ? સાચું બોલ, જવાબ આપ. તેં તારા બાળકનું ખૂન કર્યું છે કે નહિ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદાલતે તારા પર દયા કરવી કે નહિ તેનો આધાર તારા જવાબ પર રહેશે."

બોલતાં બોલતાં યુવાન મેજિસ્ટ્રેટ સાહેબને ખાસ કાળજી રાખવી પડતી હતી કે, તેના અવાજમાં ક્યાંય લાગણીશીલતાની છાયા ન આવી જાય. ન્યાયના આસને તે બેઠા હતા અને દેખાવમાં જેમ વધુ કરડાકી દર્શાવી શકાય તેમ વધુ નિષ્પક્ષપાતપણે ચુકાદો આપી શકાય ને ?

ભિખારણ બેઠી હતી ત્યાંથી ઊભી થઇ ગઇ, પણ મહાપરાણે તેનાથી પિંજરાના સળિયા પકડીને ઊભું રહેવાયું. "સાહેબ" મુખ પર સંપૂર્ણ સ્વાસ્થ્ય લાવી તેણે કહ્યું: "હું ક્યાં કહું છું કે હું નિર્દોષ છું ? મેં તો પહેલેથીજ મારો ગુનો કબૂલી લીધો છે અને હું સામે ચાલીને માગી લઉં છું કે, મને ફાંસીની શિક્ષા આપો. ફાંસીનીજ, બીજી એકે નહિ ! ના, જન્મકેદની પણ નહિ. ફાંસી, ફાંસીજ."

આખી અદાલત સ્તબ્ધ બનીને જોઇ રહી. બધાને થયું કે, એ ગાંડી બની ગઇ હતી.

મેજિસ્ટ્રેટને થયું કે, તેની ફરજ આટલેથીજ પૂરી થતી નથી. તેણે કંઇક કરવુંજ જોઇએ, જેથી કરીને ગુનેગાર ઉપર કંઇક છાપ પડે અને ગુનાઓનું પ્રમાણ અટકે.

આવી વિચારસરણી ધરાવતા ન્યાયાધીશે ભિખારણને બીજો પ્રશ્ન પૂછ્યો: "પરંતુ તેં એ ખૂન શા માટે કર્યું ? શી લાલચે તારૂં માતૃહૃદય આવું હિચકારૂં કૃત્ય કરી શકયું એ કહીશ ?"

"સાહેબ, દુનિયામાં એવી કોઇ લાલચ નથી કે, જે માતાના હૃદયને એટલી હદ સુધી નીચે લઇ જઈ શકે. બાકી તો મારૂં બાળક હતું, મેં એને જન્મ આપ્યો હતો અને મેં એને ઉછેર્યું હતું. છેવટે મેંજ એનું ખૂન કર્યું, તેમાં બીજા કોઇને શું લેવાદેવા ? કાયદો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને ફાંસીની સજા કરી શકે છે અને હું તે સહન કરવાને તૈયાર છું."

× × × ×

અદાલતમાં આવો વાર્તાલાપ એ ફારસ તો નહિ ગણાય એમ બીતાં બીતાં મેજિસ્ટ્રેટે ફરી સવાલ કર્યો: "બાઇ, બાળક તારૂં હતું એ વાત સાચી, પણ દરેક બાળક એ રાષ્ટ્રનું ધન, આખાયે દેશ-ની સંપત્તિ છે, એની તને ખબર છે? તેની પર આખા દેશનો હક છે, તેનું તને ભાન છે?"

અદાલતમાં હાજર રહેલા ઉપર મેજિસ્ટ્રેટ સાહેબની વિદ્વત્તાની અસર થઈ—એક માત્ર ભિખારણ સિવાય. તેણે જવાબ દીધો: "સાહેબ, હું સામું પૂછું છું કે, જો આખો દેશ એક બાળકને પોતાની સંપત્તિ માને છે, તો એ બાળકને ખાવાનું આપવા બંધા-યેલો છે કે નહિ? જે એની ઉપર હક ધરાવવા માગે છે, તે તેને ભૂખે મરતો શા સારૂ જોઇ રહે છે?

"સાંભળો સાહેબ, હું આજે ચાર દિવસથી ભૂખી છું, ચાર ચાર દિવસ થયાં મેં કે મારા બાળકે મોઢામાં અન્નનો દાણો મૂક્યો નહોતો. હું ઘેરઘેર ફરી, પણ ક્યાંય મને રોટલીનો ટુકડોય ન મળ્યો. મારા બાળકને રોટલીનો ટુકડો અપાવવા સારૂં હું નીચ મશ્કરીઓ સહન કરી રહી, ગલીચ શબ્દો સાંભળી રહી. કાલે રાત્રે છેવટે મારી સહનશક્તિનો દોર તૂટી ગયો. મારા બાળકનું કલ્પાંત મારાથી સાંભળ્યું ન ગયું. ભૂખના દુઃખે એ માથું પછાડતું હતું, તે મારાથી ન જોવાયું અને એકદમ ઊઠીને મેં તેનું ગળું દાબી દીધું. એકે ચીસ પાડ્યા વગર તે મૃત્યુને શરણ થયું, ચિર નિદ્રામાં પડ્યું.

"અને સાહેબ, આખી જિંદગી તે અર્ધભૂખી અવસ્થામાં, કકળતાં કકળતાં કાઢત, તેના કરતાં મેં આ શું ખોટું કર્યું? સમાજ ઉપર તો ભિખારીઓનો બોજો વધી ગયો છે ને? મેં એ બોજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડો હલકો કર્યો, એમાં શું ખોટું કર્યું ? તમે તમારે મને ફાંસીની સજા જરૂર આપો."

× × × ×

મૅજિસ્ટ્રેટ સાહેબ અવાક બની ગયા. ગઇ કાલની સાંજની મહેફિલ એમને યાદ આવી. પોતાને ત્યાં મહેમાનો નોતર્યાં હતા અને ગાર્ડનપાર્ટી ગોઠવી હતી. આમોદપ્રમોદ ચાલતો હતો, ત્યાં કોણ જાણે કેવી રીતે ઘૂસી ગયેલી એક ભિખારણનો સૂર સંભળાયો હતો; " કાંઇક ખાવાનું આપોને,સાહેબ ત્રણ ત્રણ દિવસથી હું ને આ બચ્ચું ખાધા વિનાનાં છીએ, પેટમાં કાંઇ નાખ્યું નથી. દયા કરો સાહેબ !"

પણ એ લવારો સાંભળવાની ત્યારે મૅજિસ્ટ્રેટ સાહેબને ક્યાં પડી હતી ? તેમણે તરત રામાને બોલાવ્યો હતો અને રામાએ ભિખારણ પાછળ કૂતરાને દોડાવ્યો હતો.

મૅજિસ્ટ્રેટ સ્વગત બોલ્યા: " એજ આ હશે ? મેંજ એને ખાવાનું આપ્યું હોત તો તે બાળકનું ખૂન ન કરત ને ?"

મૅજિસ્ટ્રેટે શો ચુકાદો લખવો ? ખૂનને માટે જવાબદાર કોણ ગણાય ? ગુનો કર્યા બદ્દલ દંડ કોને દેવો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦–છગનનો આનંદ

(લેખકઃ–શ્રી રમેશ)

છગને એવા કમનસીબ મુહૂર્તે મુંબઇમાં પગ મૂકયો કે હજી તેની નોકરીની ગોઠવણ થતીજ ન હતી. જૂનની શરૂઆત હતી. વાદળ ઘેરાઇ વીખરાઇ જતાં થોડો થોડો વરસાદ પડી જતો, પણ ઉકળાટ હજી શમ્યો ન હતો. દિવાળી પછી સારી નોકરી મળવાની આશાએ શ્રમજીવીઓ પોતાની મુફલિસ નોકરીને પણ અનેક અગવડો વેઠી વળગી રહેતા. ત્રણ ત્રણ મહિના થયાં તે મુંબઇના રસ્તાઓ ખૂંદતો હતો. દાદર ચઢતો ને ઊતરતો. બિચારાના શબ્દકોશમાં ખુશામતના શબ્દોયે હવે ખૂટ્યા હતા; પણ કેમ જાણે દુનિયા દુશ્મન બની હોય તેમ તેની બધી કાકલૂદી અને મહેનત નિરર્થક જતાં.

તેના ઓળખીતા ને સગાંઓને ત્યાં તે બેત્રણ દિવસ ગુજારતો. હજી તે નિરાશા ને તંગીની છેલ્લી કક્ષાએ પહોંચ્યો નહોતો; પણ તેના જેવા જુવાન ને સશક્ત માણસને નોકરી ન મળે–પોતાનું ગુજરાન ચલાવવાની તક ન સાંપડે, એ વસ્તુ એના હૃદયમાં ઊંડે ઊંડે દુઃખ અને નિરાશા ઉપજાવતી હતી.

તે બચપણથીજ મુંબઇમાં ઊછર્યો હતો ને મુંબઇમાં રહેનારની અચૂક માન્યતા હોય છે કે, મુંબઇ બહારની વસ્તુઓ ને જીવન તિરસ્કારને પાત્ર છે. તે છેક નાનો હતો ત્યારે મિલમાં બોબિન બોય તરીકે કામ કરતો. ત્યાર પછી એક મધ્યમ સ્થિતિના કુટુંબમાં ઘરઘાટી હતો ને છેલ્લાં બે વર્ષ થયાં એક કાપડિયાને ત્યાં નોકરી કરતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો; પણ દેશભરમાં અસહકારનો જુવાળ ફરી વળ્યો ને એણે નોકરી છોડી. વિસાપુરની યાત્રા પછી નોકરશાહીએ એનામાં પ્રાણ જેવું બહુજ ઓછું રહેવા દીધું હતું. તે તંદુરસ્તી સુધારવાને પોતાને ગામ ગયો, પણ એક બે મહિનામાં તે ત્યાંના જીવનથી કંટાળ્યો, અને ગામમાં રહેવા કરતાં જીવનની બધીજ અનિશ્ચિતતા અને અગવડો છતાં મુંબઇ પાછા આવવાનું પસંદ કર્યું

રસ્તા ઉપર ધ્યેય વગર ભટકવું તેને ડગલે ડગલે સાલતું. તેણે નોકરી મેળવવાને એકેએક પ્રયત્ન કરી જોયો. દૂર દૂરના ઓળખીતાને પણ કંટાળો આવે ત્યાંસુધી મળ્યો. કેટલીક વખત તો તે રસ્તે સારા માણસને અટકાવી નોકરી માટે વિનંતી કરવા ચૂકતો નહિ, પણ બધુંયે નિષ્ફળ.

આખરે તે કંટાળ્યો. તેને લાગ્યું કે દુનિયામાં તેને માટે સ્થાનજ ન હતું. તેના કેટલાક ઓળખીતા તેની વારંવારની મુલાકાતથી કંટાળ્યા હતા. બીજાઓને તેમના શેઠ તરફથી તાકીદ મળી હતી. તેને શું કરવું તે સૂઝતું ન હતું. કોઇક દિવસ તો તે ભૂખ્યે પેટેજ પડી રહેતો.

× × ×

એક દિવસ તે પોતાનો મિત્ર રણછોડ કે જે મુંબઇના દૂરના પરામાં રહેતો હતો તેને ત્યાં ગયો. રણછોડ મોહનલાલ નામના શેઠને ત્યાં ગાડીવાન હતો. તે મોહનલાલની નોકરીમાં ઘરડો થયો હતો, ને શેઠની મરજી સાચવવામાં એક્કો હતો. શેઠના ક્રોધને તાબેદારીથી સંભાળી લેતો તેમજ શેઠના ખુશમિજાજનો તે પૂરેપૂરો ઉપયોગ કરી જાણતો. તેની મીઠી જબાને શેઠના મનમાં ઊંચું સ્થાન મેળવ્યું હતું. તે બીજા નોકરો ઉપર સત્તા ચલાવતો. મોહનલાલ તેમાં આડે આવતા નહિ, બલકે તેને ઉત્તેજન આપતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છગન આવ્યો. બંનેએ પરસ્પરના સ્વજનોની વાત કર્યા પછી તેને માટે ખાવાનું મંગાવ્યું. ખાતાં ખાતાં પણ તેમની વાત ચાલુ હતી.

"કેમ હમણાં ક્યાં નોકરીએ છે ?"

"નોકરી! આજે ત્રણ મહિનાથી રખડું છું પણ ક્યાંયે પત્તો લાગતો નથી."

"તું તારા જૂના શેઠ પાસે ન ગયો ?"

"હું ગયો હતો."

"કેમ, તેણે તને રાખ્યો નહિ ?"

"મારી જગ્યાએ બીજો માણસ રાખી લીધો છે."

"હં. તમે જુવાનિયાઓ બધાજ એવા. તમે શેઠને ત્યાં નોકરી કરો અને જ્યારે તેની નોકરી છોડી જાઓ ત્યારે એવી પરિસ્થિતિ ઊભી કરો કે ત્યાં ઊભા રહેવાનું તમને સ્થાન ન મળે. આપણે એવી રીતે નોકરી કરવી જોઇએ કે શેઠના મનમાં આપણે માટે માયા બંધાય ને પાછા નોકરી રહેવા જઇએ ત્યારે જાકારો ન દેતાં રાખેલા માણસને કાઢી મૂકી આપણને રાખી લે."

"અમારાથી તો ભાઇ એ ન બને. તમારા જમાના ગયા. હવે તો એવા શેઠ મળવા મુશ્કેલ ને અમારાથીયે એવી ગુલામી નહિ થાય."

"એવા વર્તનથી શો ફાયદો ? મારોજ દાખલો લે. કોઈ કારણ-સર હું અહીંયાંથી જતો રહું તો મારો શેઠ હું પાછો આવું તો મને રાખી લે, એટલુંજ નહિ પણ એમ કરતાં એને ખૂબજ આનંદ થાય."

તે દૃષ્ટિ નીચી ઢાળી બેસી રહ્યો. નોકરી શોધવા જતાં વાદ-વિવાદ ને અભિપ્રાયો બાજુએ મૂકવા પડે છે. રણછોડને તેના મૌન-થી પ્રોત્સાહન મળશે એ વિચારથી તે શાંત રહ્યો.

"ભાઇ, એ તો ઠીક, પણ તું મારી જેમ સાધારણ ઘાટી હોય તો તારો શેઠ તને દસબાર વર્ષ નિભાવી લે છે કે નહિ તે ખબર પડે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રણછોડ ખુશ થયો. ખુશામત કોને નથી ગમતી? તેને સંતોષ થયો કે છગન કરતાં તે ઊંચા દરજ્જા પર હતો. તેણે સલાહ આપવી શરૂ કરી: "પણ તમને કામ કરતાંજ નથી આવડતું; બાકી મારી જેમ નોકરી કરો, તો તમને બીજી નોકરી શોધવાનો વખત કદી ન આવે."

છગને જવાબ ન આપ્યો. એટલામાં રણછોડને બોલાવવા માણસ આવ્યો.

"તું જરા બેસ, હું હમણાં આવું છું."

"ઠીક."

× × ×

તે પાછો આવ્યો; હોકલી સળગાવીને આમતેમ આંટા મારતાં બોલ્યો: "મારે અડધા કલાકમાં ગાડી જોડી શેઠને મુંબઇ લઇ જવાના છે." થોડા વખત પછી તેની સામે જઇ ઊભો રહ્યો. અને કહ્યું: "દોસ્ત, જો તારી મરજી હોય, તો શેઠને તારે માટે વાત કરી જોઉં."

"કેમ? તમારે ત્યાં હમણાં જગ્યા ખાલી છે?"

"એવું તો કાંઇ નથી, પણ જે માણસ પરચૂરણ કામકાજ કરે છે તે હવે ઘરડો થયો છે ને બરાબર કામ કરી શકતો નથી. સારૂં છે કે આ બાજુ સુધરાઇથી દૂર છે એટલે કોઇ તપાસ કરવા આવતું નથી; બાકી જરૂર અમારે મુશ્કેલીમાં મુકાવું પડે."

"તમે જો શેઠને કહી શકો એમ હો તો જરૂર મારે માટે ગોઠવણ કરો. તમારો ખૂબજ ઉપકાર માનીશ. બાકી મારાથી હવે નોકરી વિના રહેવાય એમ નથી."

"ત્યારે હું વાત કરી જોઇશ. તું કાલે આવજે અને તે દરમિયાન આ રૂપિયા લે. કામ આવશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું તારો શી રીતે આભાર માનું ? ત્યારે તું મારે માટે આજે વાત કરીશ ને ? જરૂર એટલી મારે માટે તસ્દી લેજે."

"ઠીક, ઠીક, હું પ્રયત્ન કરીશ."

તે ગયો ને રણછોડે ઘોડા બહાર કાઢયા, પોતાનો યુનિફોર્મ પહેર્યો અને ગાડી આગલા દરવાજા આગળ લાવી ઊભી રાખી. મોહનદાસ બહાર નીકળ્યા. ગાડીમાં પોતાની જગ્યા લીધી. રણછોડે ઘોડાને ચમકાવ્યા. મોહનદાસે મુંબઇમાં પોતાનું કામ પતાવ્યું. અને ઘેર પાછા ફર્યા. રણછોડે જોયું કે શેઠ ખુશમિજાજમાં હતા. તેણે વાત છેડીઃ

"શેઠ આજે મારે એક અરજ ગુજારવાની છે."

"કેમ, શું છે ?"

"ગામથી મારો એક સગો આવ્યો છે. દરેક કામમાં ચાલાક છે, પણ સાહેબ એને નોકરી નથી."

"હં."

"આપણે એને ન રાખી લઇએ ?"

"આપણે ત્યાં કયાં જગ્યા ખાલી છે ?"

"શેઠ, તેને પરચૂરણ કામ માટે રાખી લોને !"

"તો પછી ગણપતનું શું ?"

"ગણપત કયાં બરાબર કામ કરે છે ? હું તો કેટલા વખતથી તેને કાઢી મૂકવા તમને અરજ કરી રહ્યો છું."

"રણછોડ, એ યોગ્ય ન કહેવાય. તે મારા ઘરમાં કેટલા વરસથી કામ કરે છે ! કંઇ પણ કારણ વગર તેને કાઢી મૂકવો ?"

"સાહેબ એ કયાં મફત કામ કરે છે ? મહિનો થાય ને રોકડા રૂપિયા પંદર લે છેઃ ને તેણે જરૂર કંઈ વૃદ્ધાવસ્થા માટે બચાવ્યું તો હશેજ ને ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બચાવ્યું હશે ધૂળ ને પથ્થર! શી રીતે બચાવે? શામાંથી બચાવે? તે તો પાછો પરણેલો છે ને એની બૈરીને પણ બે વખત અનાજપાણી તો જોઇએ ને?"

"સાહેબ! એની બૈરી પણ કામ કરે છે ને કમાય છે. પાડોશમાં વાસણ અજવાળે છે."

"પણ તેમાંથી તેણે કંઈ મિલકત એકઠી કરી હશે નહિ."

"શેઠ, તમારે વળી ગણપત ને તેની બૈરીની શી ફિકર? ખરૂં કહું તો સાહેબ એ નકામો માણસ છે. એના પગારમાં તો આપણે બે સારા માણસો રાખી શકીએ. એના દરેક કામમાં ભૂલ તો હોવાનીજ. એનો જ્યારે રાતનો પહેરો હોય, ત્યારે એ હમેશાં ઊંઘતોજ માલૂમ પડે. ઠંડી તો ભાઇથી સહનજ ન થાય."

"આ બધું છતાંયે બુઢ્ઢાને કાઢી મૂકવાનું મારૂં મન માનતું નથી. મારે ત્યાં એણે પંદર વરસ કામ કર્યું છે, ને ઘડપણમાં તેની સાથે આવું વર્તન ચલાવવું–પાપજ કહેવાય." છતાં કંઈક વિચાર કરીને મોહનદાસે કહ્યું: "ઠીક, તારા સગાને કામે તો લઇ આવજે. હું વિચાર કરી જોઇશ."

"સાહેબ, એને રાખી લો તો વધારે ઠીક. એના જેવો મહેનતુ ને પ્રમાણિક માણસ બીજો મળવો મુશ્કેલ છે. મારી તો ખાતરી છે કે, એના કામથી તમને સંતોષ થશે. લડતમાં જોડાવા માટે એણે નોકરી છોડી હતી–બાકી એનો શેઠ એને છોડવા ખુશી ન હતો.

× × ×

બીજી સાંજે છગને આવીને પૂછ્યું: "કેમ ભાઇ શી ખબર?"

"પહેલાં જરા ચા તો પી લે, પછી શેઠને મળવા જઇએ."

ચા માટે છગનને ખાસ આકર્ષણ ન હતું. તે તો ભાગ્યનો નિર્ણય જાણવા આતુર હતો, પણ શિષ્ટાચારને ખાતર તેણે ચાને ઇન્સાફ આપ્યો અને પછી રણછોડ સાથે શેઠને મળવા ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહનદાસે તેના આગલા શેઠ વિષે પૂછપરછ કરી નોકરી છોડવાનું કારણ પૂછ્યું ને કામની આવડત વિષે બેત્રણ પ્રશ્નો પૂછ્યા. છેવટે છગનના જવાબથી સંતોષ થતાં તેમણે કહ્યું કે, તેઓ તેને રાખવા ખુશી હતા ને તેણે કાલે નોકરી માટે આવવું; પણ પગાર ગણપત જેટલો નહિ મળે. ધીમે ધીમે વધશે.

છગને હવે છુટકારાનો દમ ખેંચ્યો. આખરે નસીબે તેના ઉપર કૃપા કરી ખરી. તેણે કંઇ કંઇ સ્વપ્નાંઓ ઘડ્યાં, વૃદ્ધ માતાને બોલાવવાનાં–ભાઇભાંડુને મુંબઇ લઇ આવવાનાં; પણ તેને રણછોડ યાદ આવ્યો. તે રણછોડની ઓરડી તરફ વળ્યો. રણછોડે તેને સલાહ આપવી શરૂ કરી:

"દોસ્ત! બરાબર ધ્યાન આપીને કામ કરજે, મારે શરમાવા વખત ન આવે. જો તું એક વખત પણ ભૂલ કરીશ, તો તારા દરેક કામમાં ભૂલ શોધવાને તે લોકો પ્રયત્ન કરશે."

"રણછોડભાઇ, એને માટે બેફિકર રહો."

"ઠીક, ત્યારે કાલે સામાન લઇને આવી પહોંચજે."

તેણે રજા લીધી ને દરવાજા તરફ ચાલવા માંડ્યું. ગણપતની ઓરડી બહારની બાજુએ પડતી હતી ને પ્રકાશનું એક કિરણ ખુલ્લી બારીમાંથી તેના રસ્તાને અજવાળતું હતું. તેને પોતાના ભવિષ્યની ઓરડી જોવાની ઇચ્છા જાગી. બીજી બધી બારી તો બંધ હતી, પણ ઓરડીમાંની વાતચીત બહાર સ્પષ્ટ સંભળાતી હતી.

સ્ત્રીનો દર્દભર્યો અવાજ સંભળાયો: "હવે આપણે શું કરીશું?"

ગણપતનો જવાબ કાને અથડાયો: "શું કરીએ–ભીખ માગીશું!"

સ્ત્રી પાછી કકળી ઊઠી: "આપણા નસીબમાં આ અવસ્થાએ એજ બાકી છે. આપણે ગરીબ માણસો કેવી દુઃખભરી જિંદગી ગુજારીએ છીએ! આપણે સૂરજ ઊગ્યે કામે ચઢીએ ને સૂરજ આથમે ત્યારે છૂટીએ. ટાઢતડકો ને વરસાદમાં ઘર બહાર ને અંદર એકધારું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ કર્યેજ જઇએ. આપણાં જીવન નિચોવાઇ જાય ને ઘરડાં થઇએ ત્યારે હુકમ છૂટે કે, 'તમે કાંઇ કામનાં રહ્યાં નથી—ચાલ્યાં જાવ.'"

"એનો ઉપાય નથી. શેઠ ઓછાજ આપણું સાંભળે તેમ છે? એને કરગરવાથી પણ શું ફાયદો? તેને તો તેના સ્વાર્થની પડી છે. માલિક બધા સ્વાર્થીજ હોય છે. પોતાના ફાયદા સિવાય એમને બીજો વિચારજ ન આવે. આપણે જુવાનીનાં ચેતનવંતાં વરસો તેમની કામગીરી પ્રમાણિકપણે ને વફાદારીથી બજાવવામાં ખરચી નાખીએ છીએ, તેનો બદલો આપવાનું તો બાજુએ રહ્યું, પણ આપણું ચેતન ઓસરતું લાગે, ત્યારે એક દિવસ પણ વધારે આપણને રાખવા તેઓ ખુશી નથી હોતા. આપણે સ્વેચ્છાથી જતા રહીએ તેની પણ રાહ નથી જોતા."

"પણ એમાં શેઠનો વાંક નથી, બધું પેલા રણછોડનુંજ કામ છે. તેના સગાને નોકરી અપાવવા તેણે આપણા પેટ ઉપર પગ મૂક્યો."

"તે દુષ્ટનું નામ છોડ! તેને તો જીભજ હલાવતાં આવડે છે. કાંઈ નહિ બચ્ચા! હું પણ તને જોઇ લઇશ. હું સીધો શેઠ પાસે જઇશ ને રણછોડ કેવી છેતરપીંડી ચલાવે છે તે ખુલ્લી પાડીશ. ઘોડાનું ઘાસ ને ચંદી કેવી રીતે બજારમાં વેચી દે છે, તે પણ બધું એક કાગળમાં લખીને આપીશ, એટલે શેઠની આંખ ઊઘડતાં વાર નહિ લાગે."

"નહિ, નહિ, આપણે એ પાપ માથે નથી લેવું."

"પાપ! હું શું જૂઠું બોલું છું? મારો શબ્દેશબ્દ ખરો છે. હું શેઠને કહ્યા વગર રહેવાનો નથી. શેઠને નજરોનજર ખાતરી કરાવી આપીશ. શા માટે નહિ? આપણા ઉપર વિતાડવામાં કાંઈ બાકી રાખી છે? કાલે આપણે ક્યાં જઇશું? શું કરીશું? શું ખાઈશું?......એનો એણે વિચાર સરખોયે કર્યો છે?"

"આપણું તો એ રણછોડિયાએ સત્યાનાશ વાળ્યું છે, બાપ!"

સાથે સાથે સ્ત્રીનાં ડૂસકાંનો અવાજ સંભળાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છગન આખા પ્રસંગનો શ્રોતા હતો. વૃદ્ધ દંપતીના શબ્દો તેના હૃદય સોંસરા નીકળી ગયા. આ ગરીબ દંપતીને તે કેવી સ્થિતિમાં મૂકી દેશે એનું તેને ભાન થયું. "હું તો જુવાન છું, મને તો ગમે ત્યાં નોકરી મળી રહેશે, ને ન મળે તોયે ચલાવી લઈશ; પણ આ બિચારાં ડોસાડોસી ક્યાં જશે? તેના દિલમાં વિચારોનું યુદ્ધ મંડાયું. લાંબા વખત સુધી તે બહારજ ઊભો રહ્યો.

આખરે તે નિશ્ચય ઉપર આવ્યો ને ઘર તરફ પાછો ફરી રણછોડના ઓરડામાં જઇ ઊભો રહ્યો.

"કેમ પાછો આવ્યો—કંઇ ભૂલી ગયો છે?" રણછોડે પૂછ્યું.

"ના ભાઈ, રણછોડ," ધીમેથી શબ્દો શોધતાં તે બોલ્યો. "સાંભળ. જે રીતે તેં મારો સત્કાર કર્યો ને જહેમત ઉઠાવી નોકરી અપાવી તે માટે હું તારો ઉપકાર માનવા આવ્યો છું, પણ હું દિલગીર છું કે હું નોકરી કરી શકીશ નહિ."

"કેમ, કાંઇ તાડી તો નથી પીધી ને?"

"ના, મારાથી આ નોકરી નહિ થાય. હું બીજી શોધી લઈશ."

હવે તો રણછોડનો ગુસ્સો કાબૂમાં ન રહ્યો: "હરામખોર, મારી મશ્કરી કરવા આવ્યો હતો? નોકરી માટે મને વિનંતી કરતો હતો, ને ભાઇને નોકરી મળી ત્યારે કરવી નથી. બદમાસ, કાલે હું શેઠને શું મોઢું બતાવીશ?"

તેને કંઇ જવાબ જડ્યો નહિ. તેના મોઢા ઉપર લોહી તરી આવ્યું, પણ તે નીચી દૃષ્ટિ ઢાળી ઊભો રહ્યો. રણછોડ તિરસ્કારથી પીઠ ફેરવી બબડતો ઘરમાં ચાલ્યો ગયો.

છગન ઘરમાંથી બહાર નીકળ્યો; દરવાજો ઉઘાડી તે રસ્તા પર ચાલવા લાગ્યો. તેના હૃદય ઉપરથી મોટો બોજો ઊપડી ગયો હતો. તેનાં પગલાં જીવનમાં આટલા આનંદથી કવચિતજ ઊપડ્યાં હશે.

(તા. ૧૪ મી માર્ચ ૧૯૩૭ ના "પ્રજામિત્ર કેસરી" સાપ્તાહિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧-ખૂની!

(લેખકઃ-શ્રી. “ અનિલ ”)

આખી કોર્ટ માનવમેદનીથી ભરચક બની ગઇ હતી. “શેઠ જમનાદાસ ખૂન કેસ” સાંભળવા જનતા આતુર બની ગઇ હતી. ન્યાયાધીશ પણ ગંભીર મુખમુદ્રા કરી આજે ફેંસલો આપી દેવાના નિર્ણય પર હતા અને જ્યારે કોર્ટ તરફથી તહોમતદારને ખડો કરવામાં આવ્યો ત્યારે સૌ કોઇ ઊંચા નીચા થઇ, ખૂનીને જોઇ લેવા પ્રયાસ કરતા હતા. ખૂનીએ પોતાનું નિવેદન રજૂ કર્યું:-

“ નામદાર કોર્ટને હું અરજ કરૂં છું કે મહેરબાની કરી મારે જે કહેવું છે તે કહેવા દો. મારા નિવેદન પછી આપ જે પ્રશ્ન પૂછશો તેનો હું જવાબ આપીશ......” અને તેણે આગળ ચલાવ્યું. “હું, મારા બાપદાદા અસલથી જે ગામમાં જીવન ગુજારતા ત્યાં મોટો થયો હતો. અમારો ધંધો પહેલેથીજ ખેતીનો છે, એટલે મારા પિતાએ પણ પોતાની માફક મને કેળવણી આપવા માંડી હતી. જો કે તેમના અંતરમાં એટલું થયા કરતું હતું કે જો પુત્ર કાંઇ પણ ભણી શક્યો હોત તો નોકરીધંધે વળગી શકત; પરંતુ કમનસીએ એમના અંતરની ઇચ્છા અંતરમાંજ સમાઇ ગઇ. મરહૂમ શેઠ જમનાદાસ અમારા ગામમાંજ ધીરધારનો ધંધો કરતા. પહેલાં એ જ્યારે ગામમાં આવ્યા ત્યારે એમની પાસે ફૂટી બદામ પણ ન હતી, અને મને યાદ છે ત્યાંસુધી એક દિવસ મારા પિતા મરહૂમને મારે ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાવા માટે તેડી લાવ્યા હતા. એ રાત્રિ એમણે મારે ત્યાંજ વિતાવી હતી. મારા પિતાએ પોતાની થોડી શી આમદાનીમાંથી જે કંઇ મહા-મહેનતે બચાવ્યું હતું તેમાંથી થોડા રૂપિયા શેઠને ઉછીના આપ્યા અને શેઠે એ રૂપિયાનો સદુપયોગ કરવા માંડ્યો. તેમણે એ રૂપિયાના બમણા રૂપિયા બનાવી આપ્યા. આશ્ચર્યની વાત તો એ છે કે એમણે ધીમે ધીમે ગામમાં પોતાનું ઘર પણ બનાવ્યું એટલુંજ નહિ, પરંતુ કેટલાક ખેડૂતોની જમીનના પણ તે માલિક બની ચૂક્યા. મારા પિતા એ વખતે વૃદ્ધ થયા હતા. તેમને મજૂરી કરવાથી કેટલીક વાર રાત્રે તાવ આવ્યા કરતો. અમારા ઘરમાં સૌને ચિંતા પેઠી; કારણકે અમારા ઘરના ગુજરાનનો એ સવાલ હતો. મને પણ એમ થયું કે શા માટે મારે પિતાને નાહક ઉપાધિમાં નાખવા. હું તે વખતે નાની વયનો હતો તોપણ પિતાની સાથે ખેતરમાં જતો, તેમને મદદ કરતો અને જ્યારે અમે બન્ને માથે ચારના ભારા બાંધી ગામમાં આવવા નીકળીએ, ત્યારે મારા પિતા મને જીવનમાં ઉપયોગી થાય તેવી રસીલી વાતો કહેતા જાય. પછી તળાવડી આવે ત્યાં ભારા નાખી ચારને ધોઇ ફરી પાછા ગાંસડા બાંધી માથે લઇ ચાલતા થતા. એક દિવસ અમે આમ જતા હતા તેવામાં શેઠ જમનાદાસ રસ્તામાં મળ્યા.

"પિતાએ ભારો જમીન પર નાખી દીધો અને મને પણ તેમ કરવા સૂચવ્યું, પણ હું એમ ને એમ ઉભોજ રહ્યો. એક બે વખત પિતાએ ભારે ન મરવા મને જણાવ્યું, પણ મેં યૌવનની ખુમારી-માં ના પાડી. આખરે મેંજ ભારો નીચે ઉતારી દીધો ને પછી અમે આખરે બેઉ નીચે શ્વાસ ખાવા થોભ્યા. જમનાદાસ હાથમાં નેતર-ની સોટી લઇ આમતેમ વીંઝતા હતા. તેમણે કહ્યું:

"'છોકરી પરણાવી તેથી થઇ શું ગયું? પૈસાની સગવડ ન હોય એ હું સમજું છું. અમારે પણ ઘણી વખત સગવડ નથી હોતી, પણ લહેણદારને આપ્યા સિવાય નિરાંતે ઊંઘી શકાયજ કેમ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" 'શેઠ ! જરા એટલી મહેરબાની કરો ! હું પણ એટલું સમજું છું. અમારા ગરીબનું કામ કાઢયું એ આપની ઓછી દયા નથી ? હવે નાહક થોડા માટે શાને રિબાવો છો ?'

" એટલી વારમાં જમનાદાસ શેઠનો મિજાજ ગયો.

" 'રિબાવાની વાતજ ક્યાં છે ? હું મારા રૂપિયાની ઉઘરાણીજ કરી શકું નહિ ? આનો અર્થ તો એજ થયો કહેવાય. રૂપિયા પંદર દિવસમાં ખખડાવી દેવા પડશે, શું સમજ્યો ?'

" મારા પિતાએ દીન વદને હકાર ભણ્યો. મારી આંખમાં તો ખુન્નસ ભરાયું હતું. જે માણસને મારા પિતાએ આશ્રય આપ્યો હતો, જેને બે ટંકનું ભોજન મેળવવાના સાંસા પડતા હતા, એ માણસને આશ્રય આપી તેને રૂપિયા ઉછીના આપ્યા ને હવે તે માણસ બદલામાં દયા રાખવા જેટલી માનવતા ધરાવતો નથી, એ જોઇ મને ખૂબ ગુસ્સો ચઢ્યો. જ્યારે અમે ઘેર પહોંચ્યા ત્યારે મેં પિતાને કહ્યું: 'શા માટે તમે એને કહ્યું નહિ કે તું ભિખારીની દશામાં હતો ત્યારે અમારા વડે જીવ્યો હતો ?' જવાબમાં પિતાએ મારી તરફ કરડી આંખે જોયું. એ આંખના ખૂણામાં રહેલા ભાવ હું સમજ્યો અને તરતજ મારી વાચા હરી ગઇ.

" પંદર દિવસને વીતતાં કાંઇ વાર લાગે છે ? મારા પિતાએ આખરે અમારૂં પોષણ કરતાં એ ખેતર શેઠને ગીરો કરી આપ્યાં. શેઠ ગયા ત્યાર પછી તેમણે પોતાના બન્ને હાથ કપાળ પર મૂક્યા, અને મેં તેમની આંખમાં ચમકતાં બે અશ્રુબિંદુ જોયાં. મારૂં હૃદય વિદિર્ણ થતું હતું. હવે અમારૂં શું થશે એની મને મૂંઝવણ થવા લાગી. સાસરેથી જ્યારે બહેન આવી ત્યારે આ સમાચાર સાંભળી તેને અસહ્ય વેદના ઉત્પન્ન થઇ. આ બધાની વિગતમાં ઊતરવાની કાંઇ જરૂર નથી, કારણકે ખેડૂતનાં હૃદય સિવાય આ અસહ્ય સિતમની કલ્પના કોને હોઇ શકે ? મારી બહેને પોતાનાં ઘરેણાં ઉતારી પિતા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની પાસે મૂક્યાં ને તે ગદ્‌ગદ કંઠે રડી પડી. પિતાએ કહ્યું: 'ગંગા, તું શા માટે નાહક જીવ બાળે છે? તારાં ઘરેણાંને અમારાથી અડકી શકાય પણ નહિ. તું આવી ગાંડી કેમ બની જાય છે? જરા સંભાળીને લઇ લે!' બહેને મારા તરફ જોયું. મેં બહેનની તરફ જોયું. પિતાએ અમારા બન્ને સામું જોયું. સૌનાં અંતર સમસમી રહ્યાં. એક તો મારા પિતાનું વૃદ્ધ શરીર અને તેમાં વળી આવી પડેલી આ આફતથી તેમનું શરીર લથડ્યું. મૂળ તો તેમને તાવ રહ્યાજ કરતો. તાવ ધીમે ધીમે પોતાનો પંજો મજબૂત બનાવવા લાગ્યો, અને પછી મારા વૃદ્ધ પિતા એક દિવસે અમને બન્નેને—ભાઇબહેનને રડતાં મૂકી ચાલી ગયા. મારી મા ક્યારે મરી ગઇ હશે એ મને ખબર ન હતી, પણ હું મોટી બહેનના કહેવાથી એટલું તો જાણી શક્યો હતો કે તે પોતાનાં સંતાનોને મોટી વયનાં જોવા પામી ન હતી.

"ઘણી વખત દૈવ રૂઠે છે ત્યારે બધી બાજુએથી માણસને ગભરાવી મૂકે છે. મારી બહેનના સાસરાના ગામમાં પ્લેગ થયો, તેમાં સૌથી પહેલો મારો બનેવીજ ઝડપાયો. ગંગા વિધવા બની. એણે મરનારની સેવા ચાકરી કરેલી તેથી એ જ્યારે અમારે ઘેર આવી ત્યારે સાથે પ્લેગને પણ લેતી આવી. વિધવા બહેનને આવી અણધારી આફતમાં સપડાયેલી જોઇ મારૂં હૈયું બળી જવા લાગ્યું. મેં દવાદારૂમાં પૈસા વાપરવા માંડ્યા, એટલે કે પછી પ્રભુને જીવાડવી હશે તેથી મારી બહેન મૃત્યુના બિછાનેથી ઊઠી. પરંતુ મારી પાસે વિકટ પ્રશ્ન પોષણનો હતો. પૈસા હતા તેટલા દવામાં ખરચી નાખ્યા હતા, એટલે કરવું શું? એમ કરતાં ભાગે ખેડાતાં ખેતરમાંથી કાંઇ રળવાનું મળે, પણ મારે માથે દેવાનો ખડકાયેલો ડુંગર જોતાં હૈયામાંથી હામ નાશ પામતી.

"જમનાદાસ શેઠ હવે શહેરમાં રહેતા થયા હતા. તેમની પાસે અઢળક દોલત આવી હતી અને એમ પણ કહેવાતું કે એ શહેર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં બે મિલોના ધણી થઇ બેઠા છે. મેં પણ આખરે ગામડું છોડવાનો વિચાર કર્યો. ગંગા મારા વિચારને મળતી થઈ એટલે એક દિવસ અમે બન્ને શહેરમાં આવ્યાં. શેઠ જમનાદાસની એક મિલમાં સંચાના કામ પર હું નોકરી કરવા લાગ્યો. મને પ્રથમ તો પચીસ રૂપિયા પગાર મળતો હતો, પણ બે એક વર્ષમાંજ મારૂં કામ જોઇ મને બીજા સંચા પર મોકલવામાં આવ્યો અને હવે પગાર પણ વધીને અઠ્ઠાવીસ થયો હતો.

"ગંગા શહેરમાં આવી પણ તેને શહેરનું વાતાવરણ ગમતું ન હતું. તે હંમેશાં વિચાર કરતી હોય અગર તો ઉદાસ બની બેસી રહેતી. જમનાદાસ શેઠનો સ્વભાવ પણ હવે મને બદલાયો હોય એમ જણાયું. મારી સાથે એ ઘણી નમ્રતાથી વાતો કરતા, અને એક દિવસ તો તેમણે ગંગાને મારી સાથે બોલાવી હતી. ગંગાને તેમણે પોતાના ઘરમાંજ સાફસૂફ રાખવા તથા ઘરનાં બાળકો રાખવા સારૂ રોકી લીધી હતી. શેઠે તેને વીસ રૂપિયાનો પગાર પણ કરી આપ્યો હતો. ગંગાને તો હવે કામ મળ્યું તેથી તેના દિવસ પણ આનંદથી પસાર થતા. ઘરનું કામકાજ પરવારી એ રોજ શેઠને ત્યાં જતી. કોઇ કોઇ વાર એ શેઠની શ્રીમંતાઇ વર્ણવતી ત્યારે હું વિચારવશ બની જતો.

"'અને મોહનભાઇ! એમને ત્યાં શો ઠાઠ! ખુરશી, ટેબલ ગાલીચા અને રજાઇઓનો તો પાર નહિ! જાતજાતના મેવાના કરંડિયા આવતાજ હોય! બાળકોને માટે રમકડાંના ઢગ રચાતા હોય! અને એક મોટર જૂની થાય કે બીજી મોટર આવતીજ હોય! ઓહોહો! મોહનભાઇ શેઠે કયા ભવમાં આવડાં પુણ્ય કર્યાં હશે?'

"'ગંગા! એ બધી વાત જવા દે! અને આપણી પાસેય ક્યાં નથી! તારા વીસ અને મારા અઠ્ઠાવીસ! જોતજોતામાં દેવું ધોઇ નાખીશું. પછી તો લીલાલહેર ને! આપણા દેહ મજૂરી કરવા સર્જાયા છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મેં આમ કહ્યું તો ખરૂં પણ મનમાં જુદાંજ વિચારવમળ ઊઠતાં હતાં. શું જમનાદાસ શેઠ એકલાજ એવા સુખના અધિકારી હતા? શા માટે? તે મિલના માલિક હતા. પરંતુ ખરૂં જોતાં ભાગીદારીને પૈસે એ મિલનો કારભાર ચલાવતા અને તે પણ પોતે તો નહિ. એ તો માત્ર મોટરમાં બેસી આમ તેમ ફરી આવતા એટલુંજ. મિલનો નફો, મિલની મૂડી--આ બધામાંથી તે ફાવે તેવો વેપાર કરી શકતા. પરંતુ મૂડીવાદી માનસ એટલું ભૂલી જાય છે કે પોતાની મિલકતમાં પોતાની બુદ્ધિનો ફાળો હોય છે તે ઉપરાંત અગત્યનો ફાળો મજૂરી-નો હોય છે. મજૂરીનું તત્ત્વ બુદ્ધિમાં કદાચ ન ભળે તો?

"મજૂરોનો પગારકાપ થયેલો હોવાથી એ દિવસથી મિલમાં હડતાળ પડી હતી, એટલે હું તે દિવસે ઘેરજ હતો. ગંગા શેઠને ત્યાં કામે ગઇ હતી. થોડી વાર થઇ હશે એટલામાં તો એક માણસ મારે ત્યાં આવી કહેવા લાગ્યો:

"'શેઠસા'બ તુમકો બુલાતે હૈ.'

"'મને? શા માટે?'

"'માલૂમ નહિ, લેકિન બહોત જરૂરી કામ હૈ' કહી પેલો ભૈયા જેવો જણાતો માણસ ચાલ્યો ગયો. હું તરતજ શેઠને બંગલે ગયો, પણ મેં ત્યાં શું જોયું? એક ખંડમાં મારી બહેન ગંગા બેહોશની જેમ પડી હતી. તેના માથામાંથી રક્ત વહી રહ્યું હતું. થોડે દૂર એક આરામ ખુરશી પર બેસી શેઠ જમનાદાસ સિગારેટ ફૂંકી રહ્યા હતા. એક નોકર ગંગાના માથા પર પાટો બાંધવા જતો હતો. મારાથી આ દૃશ્ય વધારે વખત સહન થઇ શક્યું નહિ. હું તરતજ દોડ્યો અને બહેનને વળગી પડ્યો. અકસ્માત્ ક્યારે થયો, કેવી રીતે થયો એની વિગતો મારા કાનમાં દાખલ થવા લાગી. પેલો નોકર ડૉક્ટરને બોલાવવા ગયો, ત્યારે જમનાદાસ બીજા ખંડમાં ચાલ્યા ગયા હતા. હું એકલોજ આ વખતે ગંગાને આશ્વાસન આપી રહ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. તેણે મને પાસે બોલાવી કાનમાં કાંઇક કહ્યું અને એ સાંભળતાં-જ હું અત્યંત ઉશ્કેરાઇ ગયો.

"'પણ મોહનભાઈ! એટલો વિશ્વાસ તો તમે જરૂર રાખજો કે હું ચારિત્ર્યભ્રષ્ટ બની નથી.' આટલું કહેતામાંજ તેના વદન પર એક પ્રકારની જ્વલંત જ્યોતિ ફેલાઇ ગઇ. એ વખતે ડોકટરે ઓરડી-માં પ્રવેશ કર્યો. તેમણે ગંગાને તપાસી, માથા પર દવા લગાડી અને પાટો ફરીથી બંધાવરાવ્યો. ગંગાને હોસ્પિટલમાં ખસેડવામાં આવી. ત્યાં ત્રીજે દિવસે તેનું મૃત્યુ થયું." તહોમતદારે અહીં પલવાર શ્વાસ ખાધો. આખી માનવમેદનીએ સહાનુભૂતિપૂર્વક એક દીર્ઘ નિશ્વાસ મૂકયો અને ન્યાયાધીશ ગંભીરવદને આગળ લખતા ગયા. "મિલ-ની હડતાળનો હવે અંત આવ્યો હતો. બધાય કારીગરોની સાથે હું પણ કામે ચઢ્યો હતો; પરંતુ અમારા ખાતાનો ઉપરી મારા ઉપર વધારે ચિડાતો હતો. હડતાળમાં મારો ભાગ સક્રિય હતો, એવી તેની માન્યતા બંધાયેલી હતી, અને ખરેખર મેં એની માન્યતા મુજબ વધારે ભાગ લીધો હતો. હું કામ કરતો હતો ત્યારે અમારા જોબરે આવીને મને કહ્યું:

"'તમે બરાબર ધ્યાન રાખો! શેઠ પેલી બાજુએ ઊભા છે! ને તમારા તાર કેમ તૂટી જાય છે?'

"'એની મને શી ખબર? કદાચ બીમ રાશી હોય તો...' પાછ-ળથી વીવીંગ માસ્તરે આ શબ્દો સાંભળ્યા, એટલે તરતજ મારી પીઠ પર એક ધબ્બો પડ્યો. શેઠ હવે ત્યાં આવી પહોંચ્યા હતા. તેમણે મારવાનું કારણ પૂછ્યું, જવાબ મળ્યો: 'એવો બદમાસ થઇ ગયો છે! બીજા મજૂરોને ચઢાવી ખોટી ઉશ્કેરણી કરે છે, એ તમને કદાચ ખબર નહિ હોય!'

"'શા માટે એવા માણસોને તમે નિભાવી રહ્યા છો?' જમના-દાસ શેઠનો એ અવાજ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"'જાવ! ચાલ્યા જાઓ! તમારી નોકરીની અહીં જરૂર નથી.' જોબરે મને કહ્યું.

"અને હું ગુસ્સામાં ચાલતો થયો.

"'પેલું ચપ્પુ ક્યાં લઇ જાય છે મૂકી દે!' જોબરે મને કહ્યું. હું પણ હવે બેપરવા બની ગયો હતો. મેં જવાબ આપ્યો: 'અને નહિ મૂકું તો...'

"'એય હરામખોર! આટલા દિવસ તને નિભાવ્યો એટલે ફાટ્યો કેમ?' કહી શેઠ મારા તરફ આવવા લાગ્યા, પરંતુ એટલામાં તો પેલું ધારદાર ચપ્પુ શેઠ જમનાદાસના ગળામાં ક્યારનુંય પેસી ગયું હતું. હા, મેં શેઠનું ખૂન કર્યું છે. હું ગુનેગાર છું; પરંતુ મને આશ્ચર્ય એટલુંજ થાય છે કે જે વ્યક્તિ સમાજના બે માણસનું ખૂન કરી ત્રીજાને ભૂખમરાનો આશ્રય લેવાની ફરજ પાડે તેના દોષ સર્વદા ઢંકાયેલા રહે છે. શેઠ જમનાદાસ મારા પિતાનો ખૂની હતો; મારી વિધવા બહેનનો પણ ખૂની હતો; અને આજે હું એમનો ખૂની ઠર્યો છું. પરંતુ હું સમાજને, નામદાર કોર્ટને નમ્રતાપૂર્વક પૂછું છું કે શું મેં કરેલું ખૂન ન્યાયપુરઃસર છે કે નહિ?"

અને અચાનક કોર્ટમાં માણસોના અવાજથી ભયંકર કોલાહલ મચી રહ્યો. "ખૂની! ખૂની! નિર્દોષ! નિર્દોષ!"ના અવાજ આવવા માંડ્યા, અને પછી વકીલોની ગરમાગરમ ચર્ચા અને ઊલટ તપાસ પછી નામદાર ન્યાયમૂર્તિએ ચુકાદો આપ્યો: "તહોમતદારને દેહાંત દંડની શિક્ષા ફરમાવવામાં આવે છે."

("આરામ"ના દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨–ઘોર અંધારું

(લેખક:–શ્રી. ધૈર્યચન્દ્ર બુદ્ધ)

દૃશ્ય પહેલું

[એક જર્જરિત કેરોગેટ પતરાની કોટડીમાં એક કોડિયામાં એરંડિયાનો ઝાંખો દીવો બળે છે. એક ખૂણામાં પાણીની મટકી અને પતરાનો પ્યાલો પડ્યાં છે. બીજા ખૂણામાં ત્રણ પાણા ચૂલાને માટે ગોઠવવામાં આવ્યા છે. ત્રીજા ખૂણામાં બેચાર તૂટલફૂટલ સ્થિતિનાં માટલીનાં હાંલ્લાં પડ્યાં છે. ચોથા ખૂણામાં ખીલી પર બે ચાર તૂટલફૂટલ ચીંથરા જેવાં કપડાં ટીંગાય છે. સર્વત્ર શાંતિ છવાઇ ગઇ છે. તેમાં એકાએક મોટા અવાજે મિલનું ભૂંગળું વાગે છે. કોટડીમાં બે જણ સૂતેલાં છે. તે પૈકીમાંની એક વૃદ્ધા ઝબકીને જાગી ઊઠે છે, ટાઢથી ધ્રૂજતી પથારી ઉપાડે છે, ઓલવાઇ જવાની અણી ઉપર આવેલા દીવાને સુધારી બુઝાતો અટકાવે છે અને પાસે પડેલ માટલામાંથી પાણી લઇ હાથમોઢું ધૂએ છે. હિમ જેવી સખ્ત ઠંડીમાં તેનો દેહ કંપી ઊઠે છે. બીજી પથારીમાં સૂતેલ તેનો યુવાન પુત્ર મિલમાં મજૂરી કરે છે. મિલનું પહેલું ભૂંગળું વાગતાં દરેક મજૂરે જાગી બીજું ભૂંગળું વાગે ત્યાં તો મજૂરી પર હાજર થવાનો મિલનો કડક કાયદો છે અને તે દરમિયાન જો કોઇ મોડો આવે તો તેની જગ્યા પૂરી દેવામાં આવે. વૃદ્ધ માતા તેના પુત્રને જગાડવા લાગે છે, ઢંઢોળે છે; છતાં પુત્ર સખ્ત મજૂરી કરવાને અંગે ઘસઘસાટ ઊંઘે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને ઉઠાડવાનો માતા પ્રયાસ કરે છે.]

માતા–બેટા, ઊઠ, મિલની એક વ્હિસલ થઇ ગઇ. હમણાં બીજી થશે. નહિ ઊઠે તો આજની મજૂરી જશે ને ભૂખ્યાં દિવસ કાઢવો પડશે. (ઢંઢોળે છે.)

પુત્ર–(આંખો ચોળતાં જાગવાનો પ્રયાસ કરે છે અને ગણગણતો બોલે છે.) "ઉંહ, સૂવાનો પણ ઘડી જંપ નહિ? ભલે જતી નોકરી. 'ઘોર અંધારું' (દીવાનો મોગરો ખરી જતાં થાય છે) થઇ ગયું, હજુ તો જવાને વાર છે. (ટાઢથી પથારી ત્યાગવી ગમતી નથી.)

માતા–(દીવાસળી સળગાવી દીવો કરી પુત્રને જગાડવા મહેનત કરે છે.) ઊઠ, મિલમાં જવાનો વખત થઇ ગયો. (શરીર હલાવે છે.)

પુત્ર–(આંખો ચોળતો બેઠો થાય છે) ઘોર અંધારું–હજી હમણાં સૂતો ત્યાં મિલની સીટી પણ થઇ! તેઓને સાલાને બીજો ધંધોજ નથી. (પથારી ઉપાડે છે, ફાટલ કપડાં પહેરે છે.)

માતા–(ચૂલામાં અગ્નિ પેટાવતાં ચાની હાંલ્લી મૂકે છે. પુત્રને સવારમાં ચા વગર સુસ્તી ઊડતી નથી.) અહીં આવ અને ઘડીભર તાપ એટલે ટાઢ ઊડી જાય.

પુત્ર–એ નરાધમોએ સુસ્તી આપી શક્તિ હરી લીધી છે. જ્યાં જુઓ ત્યાં બસ ગાઢ અંધારું–ઘોર અંધારું! (આંખો ચોળે છે, વાતે વાતે અંધારું બોલવાની તેને ટેવ પડી ગઇ છે.)

માતા–(ચાની હાંલ્લીમાં રાત્રિનું પડેલ દૂધ ટાંકામાંથી લઇ નાખે છે.) 'કાળું અંધારું' એ તું શું બકે છે?

પુત્ર–આ મિલમાલિકોની નજરમાં આપણા કંગાળો માટે ઘોર અંધારુંજ છે ને? તેમણે શક્તિ હરી લેતાં આપણી કંગાળોની દુનિયાનું તેજ ઊડી ગયું છે. મારી નજરે સર્વ ઠેકાણે ઘોર અંધકાર દેખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતા-મિલમાલિકોને તો તાગડધિન્ના છે. બેટા, તેમને શું દુઃખ છે? તેમને ત્યાં તો વીજળીના દીવા બળે છે.

પુત્ર-પણ તેની નજરમાં તો ઘોર અંધારુંજ ભર્યું છે. મારા પિતા જ્યારે મિલના યંત્રમાં ઝડપાયા અને તેના શરીરમાંથી ખૂન વહેવા લાગ્યું, ત્યારે મિલમાલિક ત્યાંથી ચાલ્યા જતા હતા, છતાં તેને ન દેખાયું. એ લાલ લાલ ખૂન કદાચ તેને કાળું લાગ્યું હશે! તેની અંધારી નજરમાં-ધનના મદમાં તે અંધ બન્યા છે.

માતા-(ભુલાયલી વાત તાજી થતાં પતિનું ચૂંથાયેલું શરીર તેની નજર સમક્ષ ખડું થયું. તેના ઘામાંથી વહેતું લોહી તેને તાદશ્ય થયું. તેનાં નેત્રો અશ્રુઓથી ચમકયાં. રડતાં રડતાં તે બોલી.) ભાઇ, ખરૂં છે. આપણા ગરીબ કંગાળો માટે તે નજરમાં અંધારુંજ ભર્યું છે.

પુત્ર-અને, અને, (નેત્રો અંગાર વરસતા હોય તેવાં લાલ-ઘૂમ થઇ જાય છે-જાણે બોયલરનો દેવતા કેમ ન સળગતો હોય!) મોટાભાઇની દેહને શેઠે ડ્રાઇવીંગ કરતાં ચગદી ત્યારે પણ તેની નજરમાં અંધકારજ હતો ને? તેને કયાં કંઇ સૂઝ્યું હતું. એવો બદ-માસ! એના શબ પરથી મોટર ચલાવી ગયો હતો. તેના હૃદયમાં દયા ક્યાં હતી? પાશવતાની મૂર્તિ—ઘોર અંધારું.

માતા-(ચાની હાંલ્લી ઉતારતાં) બેટા, એ ભુલાયલી વાત સંભાર્યે શું ફાયદો? (ચા ગાળી છાલિયામાં આપે છે.)

પુત્ર-(ચા પીએ છે. ચા પી રહી ઊભો થતો) હું કામ પર જાઉં છું. (મજૂરપુત્ર ઓરડી બહાર નીકળે છે. મિલનો બીજો પાવો સંભળાય છે.)

દૃશ્ય બીજું

[મજૂરપુત્ર મિલમાં પોતાના યંત્ર પર કામે જાય છે; ત્યાં અન્ય માણસને પોતાની જગ્યા પર કામ કરતો જુએ છે. જરા મોડો આવતાં મિલ મુકાદમે તેના કામ પર બીજા માણસને નિયુક્ત કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીધો હતો. (બેચાર આના ચાપાણીના આપે તે મજૂર મુકાદમની પ્રીતિ–મેળવી શકે.) મજૂરપુત્ર મુકાદમ પાસે આવી કરગરે છે.]

મજૂરપુત્ર–જરા મોડો આવ્યો ત્યાં મારી જગ્યા પુરાઇ ગઇ. હજુ તો મશિન ચાલુ થયે બે મિનિટ પણ નથી થઇ.

મુકાદમ–મોડો આવે તો એજ દશા થાય. શું તારી જગ્યા સભાળવા બીજો કોઇ તારો બાપ હાજર હતો! પહેલી વ્હિસલ પછી બીજી વ્હિસલ પા કલાકે થાય છે ત્યારે તારી ઓરડીથી અહીં સુધીનો રસ્તો પાંચ મિનિટનો છે.

મજૂરપુત્ર–ચા પીવા રોકાયો. હવે કદી ભૂલ નહિ કરું. આ મારી પહેલીજ ભૂલ છે, તે માફ થવી જોઇએ.

મુકાદમ–બિલકુલ નહિ. કાલે આવજે અને હવે પછી જો મોડો થશે, તો કાયમને માટે રજા મળશે.

[ઉત્તર સાંભળી નિરાશ વદને મજૂરપુત્ર મજૂરી નહિ મળતાં પોતાની ઓરડી પર જવા રવાના થયો. સવાર થઇ ગયું હતું!]

દૃશ્ય ત્રીજું

માતા–(ઓરડીમાં પ્રવેશતાં તેની માતા આતુરતાથી પૂછે છે.) બેટા કેમ પાછો આવ્યો?

પુત્ર–જરા મોડો થયો તેમાં બીજાને મારી જગ્યા આપી દીધી, સાલા મુકાદમની નજરમાં પણ ઘોર અંધારું! ગાઢ અંધકાર!

[મજૂરપુત્ર ટાંકામાં પડેલા થોડા પૈસા ઉઠાવે છે. તેની માતાની નજર પડતાં—]

માતા–શું કરે છે, બેટા?

પુત્ર–પડેલા પૈસા લઉં છું. મારા મનમાં એમ કે તમારી નજરમાં પણ ઘોર અંધકાર હશે? પણ તું તો દેખે છે. (પૈસા ખીસામાં નાખે છે.)

માતા–બેટા, એ પૈસા રહેવા દે. ઘરમાં કાંઇ અનાજ નથી. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૈસામાંથીજ લાવવાનું છે. જો એ પૈસા ઉઠાવીશ, તો તો આજે ભૂખે મરવું પડશે.

પુત્ર-ભૂખે કયે દિવસ મરતાં નથી? ઘોર અંધકાર! ગાઢ અંધારું ઓહ! (બોલતો બોલતો દીવાના માફક પુત્ર ઓરડી બહાર નીકળે છે! માતા ધ્રૂજતી જોઇ રહે છે.)

દૃશ્ય ચોથું

[દારૂના પીઠામાં લાલ રંગના દારૂના શીશા એક મોટા કબાટમાં ગોઠવ્યા છે. ખુરશી-બાંકડા ફરતા ગોઠવ્યા છે. દારૂના પીઠાવાળો પારસી ટેબલ ખુરશી રાખી એક બાજુ બેઠો છે અને દારૂ પીનારના ઓર્ડર પૂરા કરવાના હુકમ તેના માણસને ફરમાવે છે. ચાર છ દારૂડિયા દારૂ ઢીંચતા ઢીંચતા ગણગણતા જાય છે. દારૂના પીઠા પર દૂરથી મજૂરપુત્ર ગણગણતો આવે છે. "ઘોર અંધારું."]

[પીઠા ઉપર એ વખતે, જે મિલમાં મજૂરપુત્ર કામ કરતો હતો તે મિલમાલિકની પુત્રી ચારુલતા તથા દસ સ્વયંસેવકો પિકેટિંગ કરવા આવે છે.]

[મજૂરપુત્ર "ઘોર અંધારું" કહેતો પીઠામાં દાખલ થવા જાય છે. મિલમાલિકની પુત્રી તેને વિનંતી કરી સમજાવે છે.]

ચારુલતા-ભાઈ, પૈસા વેડફી શરીરની ખુવારી શાને વહોરો છો? શા માટે દુઃખી થાવ છો? એ લોહી જેવા લાલ દારૂને પી પૈસો વેડફતાં તમને શરમ નથી થતી? (સ્વયંસેવકો પણ સમજાવે છે.)

મજૂરપુત્ર-મગજમાં કંઇ ચેન પડતું નથી; સુસ્તી ઉડાડવાનું એજ ખરૂં સાધન છે. વળી ઘોર અંધારું દેખાય છે.

ચારુલતા-ભાઇ એ અંધકારને દૂર કરો. નકામા જતા પૈસા બચાવો.

મજૂરપુત્ર-(લાલ નેત્રે) એ ઘોર અંધારું ફેલાવનારા તમારા પિતા છે. મારા કુટુંબને પાયમાલ કરનાર એ તમારા પિતા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા પિતાને અમારું લોહી પીવાનો શોખ લાગ્યો છે, તેથી અમોને પણ દારૂનો શોખ લાગ્યો! અમારી શક્તિનો તેણે સંહાર કર્યો છે. કાંઇ શક્તિ ને તાજગી મળે એ આશાએ અમોને દારૂનો નાદ લાગ્યો અને દારૂ પીવા લલચાયા. અમારૂં લોહી પીતા તમારા પિતા અટકે એટલે અમે દારૂ પીતા અટકીએ–દારૂ હરામ કરીએ. અત્યારે તો દારૂમાંજ અમારો આનંદ–બીજે ઘોર અંધારું.

ચારુલતા–મારા પિતા તો ભાઇઓ, મજૂરોને મજૂરી આપી રક્ષણ કરે છે.

મજૂરપુત્ર–(ઉશ્કેરાઇ જાય છે.) રક્ષણ નહિ પણ ભક્ષણ કરે છે એમ કહો. મારા ભાઇને તેની મોટર નીચે ચગદ્યા! મારા પિતાને તેના મિલના યંત્રમાં જડ્યા! તેના કફનના પૈસા દેવા પણ તમારા પિતા તૈયાર નહોતા. તેની નજરમાં તો ઘોર અંધારું ભર્યું છે. એની આંખોમાંથી તો ચિતાના ભડકા ગરીબો પર વરસે છે, એ જોઇ અમારાં નેત્રો મીંચાઇ જાય છે. અને અમે નીરખીએ છીએ ઘોર અંધારું, ગાઢ અંધારું [મજૂરપુત્ર ઉન્માદી બની અંદર ચાલ્યો જાય છે. ચારુલતા છટકી જવાનો વિચાર કરે છે. આ વખતની મોટાઇ લેવી તેને ભારે પડે છે.]

મજૂરપુત્ર–(અંદર દાખલ થઇ ખીસામાંથી પૈસા કાઢી પીઠાવાળાના ટેબલ પર ફેંકે છે. દારૂ ઢીંચે છે. ગણગણે છે.) "ઘોર અંધારું!"

[ખાવાપીવાની દરકાર વગર મજૂરપુત્ર દારૂ ઢીંચતા સુધી પીઠામાંજ રહે છે; સાંજે નશો ઉતરતાં ઓરડી તરફ રવાના થાય છે.]

દૃશ્ય પાંચમું

[મિલ વીજળીની બત્તીઓથી સર્વત્ર પ્રકાશિત બની ગઇ છે. પીઠા પરથી મજૂરપુત્ર મિલમાં આવેલ પોતાની ઓરડીમાં જવા અંદર દાખલ થાય છે. રસ્તામાં શેઠની ઑફિસ આવે છે. શેઠનો વિલાસી પુત્ર ફરીને ચાલ્યો આવે છે. સાથે હમણાં નવો બુલ ડોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપિયા સોની કિંમતે ખરીદ્યો તે હતો. એ અમીરના લાડીલાને જેટલી કિંમત કૂતરાની છે તેથી હજાર દરજ્જે ઊતરતી તેનીજ મિલમાં તેને માટે ધન ઉત્પન્ન કરી આપનારા મજૂરની નથી. કૂતરાને માખણ, દૂધ, ચોખા વગેરે મળે છે, ત્યારે મજૂરો ભૂખ્યા પેટે દહાડા કાઢે છે, તેની તેને પરવા નથી હોતી. શેઠનો પુત્ર ઓફિસમાં દાખલ થાય છે. મજૂરપુત્ર ત્યાંથીજ નીકળે છે. તેનો બુલ ડોગ ઓચિંતો છાપો મારી મજૂરપુત્ર ઉપર આક્રમણ કરે છે. પગમાંથી ખૂન વહેવા લાગે છે. તે તરફ શેઠના પુત્રની નજર જાય છે, પણ તેની દરકાર નહિ કરતાં કૂતરાને બોલાવી લે છે. કૂતરો અંદર ચાલ્યો જાય છે. લોહીલોહાણ પગે ખોડાંગતો ખોડાંગતો મજૂરપુત્ર ઓરડી પર પહોંચે છે. તેનું ચેતન હણાઇ જાય છે.]

[ઓરડીમાં તેની માતા આખા દિવસની ભૂખથી અને હિમ જેવી ટાઢથી વૃદ્ધાવસ્થાને અંગે અકડાઇ ગયેલી માલૂમ પડે છે. મજૂરપુત્ર તેને જગાડે છે, પણ તે નિર્જિવ-નિષ્પ્રાણ જણાય છે. બેશુદ્ધ થઇ મજૂરપુત્ર ધરણી પર ઢળી પડે છે. તેની આંખે અંધારાં આવે છે. ઓરડામાં સર્વત્ર ગાઢ અંધકાર ફેલાય છે, જાણે ઘોર અંધારું.]

[મજૂરપુત્રની નજર ચેતનહીન માતા ઉપર ઠરી રહે છે. એ કંગાલ ઓરડીની બારીમાંથી થોડે દૂર આવેલા મેદાનમાં મજૂરોની સભા એકઠી થયેલી જોવામાં આવે છે. તેને કાને એક મજૂરના ભાષણનો અવાજ પડે છે.]

[" કંગાલની દુનિયામાંનું એ ઘોર અંધારું મિટાવવા આજનો નવ-જુવાન મૂડીવાદને સળગાવી નવી જ્વાળા પેટાવે, તો એ ગાઢ અંધકાર દૂર થાય, શેઠિયાઓ કંગાલનાં લોહી-માંસ નિચોવી જે, તાંડવ નૃત્ય કરે છે, તે અટકાવવા આજનો નવ-મજદૂર કમર કસે છે ! "]

[વધુ સાંભળી શકે તે પહેલાં તે બેશુદ્ધ થઇ જમીન પર ફસડાઇ પડે છે. ચોતરફ અંધારું પથરાયું હોય છે.]

(તા. ૮ એપ્રીલ ૧૯૩૪ના "પ્રજામિત્ર કેસરી" સાપ્તાહિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१३-देशवटो

(લેખક:-- શ્રી. ભૂપેન્દ્ર હ. બુચ)

"બા! એક વાત કહોને."

પલંગમાં સારી પેઠે ઓઢીને સૂતેલા પાંચેક વરસના એક બાળકે, ધીરેથી આંખો ખોલીને, પથારીના છેડા ઉપર બેઠેલી એક સ્ત્રીને કહ્યું.

"હા! કહું છું હો! બોલ શેની કહું?" પુત્રની સારવાર કરતી માતાએ નાના બાળકને પૂછ્યું.

"રાજાની." માંદા બાળકના મોંમાંથી શબ્દો ખર્યા.

હિંદનાં બાળકોને વાર્તાના વિષય તરીકે "રાજા" ઘણોજ પસંદ આવ્યો છે અને...સારા રાજાઓ તો માત્ર વાર્તામાંજ રહ્યા હોય છે ને? ફક્ત કલ્પનામાંજ સારા રહેવા સર્જાયલા રાજાઓએ, બાળવાર્તાઓમાં અનોખું સ્થાન લીધું છે.

"ચાલ, કહું છું હો! જો, એક હતો રાજા..." માતાએ સૃજનજૂની હકીકત તાજી કરી......એને હતી એક રાણી......"

"એકજ? એક કે બે?" નાના બાળકે નવાઇ પામતાં પૂછ્યું.

રાજાઓને એકથી વધારેજ રાણીઓ હોવી જોઇએ, એવી માન્યતા બાળકથાકારોએ બાળકોના મન ઉપર ઠસાવી દીધી છે. એકપત્નીવ્રત માટે પૂજ્ય ગણાયેલા રાજા રામના વંશજો અનેક પત્નીવ્રતમાં અભિમાન લેતા થઇ ગયા છે. રાણીઓની સંખ્યામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉમેરો થતો રહેવાથીજ, રાજ્યની મહત્તામાં ઉમેરો થતો નથી, એ સત્ય રાજાઓએ સમજી જવા જેવું નથી?

"એકજ. એ રાજાને એક રાજકુંવર પણ હતો. રાણી તો હતી હોશિયાર, પણ રાજા સારો ન હતો. પ્રજાને ત્રાસ બહુ આપે. એક વખત રાણીએ તેની ખાનગી વાતો સાંભળી લીધી. રાણીએ રાજાને ખરાબ ટેવો છોડી દેવાને સમજાવ્યું.

"પરંતુ, રાજા તો ગુસ્સે ભરાયો, એકદમ તેણે રાણીને દેશવટો દીધો...પછી..." ધીરે સ્વરે વાત કહેતી માતાએ પુત્રને ઊંઘી ગયેલો જોતાંજ વાત બંધ કરી.

"બાબુ! એ બાબુ! ઊંઘી ગયો કે? ચાલો, સારૂં થયું." મનમાંજ તે બોલી. સ્ત્રી પલંગને જરા પણ આંચકો ન આવે તેવી રીતે ઊતરી અને એ ઓરડામાંથી બીજા ઓરડા તરફ જવા લાગી.

એનું નામ રમા હતું. ઘરની-બંગલાની એ માલિક હતી, ધનનંદન શેઠની એ પત્ની હતી, શેઠાણીના દરજ્જાને શોભાવે તેવું શરીર નહોતું; શેઠાણીઓ સ્થૂળ શરીરનાંજ હોવાં જોઇએ એવી માન્યતામાં તે અપવાદરૂપ હતાં.

ધનનંદન શેઠ મિલમાલિક હતા. કાવાદાવા અને પ્રપંચોથી, તેના પિતાએ સાચવી રાખેલી મિલકતમાં વધારો કરીને તે ધનિક થયા હતા. તેના પિતા અને ભોગીલાલ શેઠ વીસેક વરસ સુધી ભાગીદાર રહ્યા, પરંતુ ધનનંદનના પિતાના મરણથી, તેમની ભાગીદારી તૂટી ગઇ. તૂટેલી ભાગીદારીને ચાલુ રાખવા માટે ભોગીલાલે યુવાન ધનનંદનને કામકાજ શીખવ્યું અને પૈસાની ખટપટોમાં પાવરધા ધનનંદને પાંચેક વરસના ગાળામાંજ ભોગીલાલની સ્થિતિ વિષમ કરી નાખી. ભોગીલાલને જીવન અકારૂં લાગ્યું.

ભોગીલાલને સત્તરેક વરસની રમા નામની પુત્રી હતી. નવા વિચારો પ્રમાણે ભોગીલાલે તેને મેટ્રિક સુધીનું શિક્ષણ આપ્યું હતું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ મૂડીવાદીની એ પુત્રી મૂડીવાદને બેવફા નીવડી. નિશાળના પુસ્તકાલયમાંથી સમાજવાદને લગતાં પુસ્તકોના વાચને તેને ઉગ્ર સમાજવાદી બનાવી. સમાજવાદને લગતાં રસપૂર્ણ જોસદાર ભાષણો આપતી રમા, ભવિષ્યની પ્રજાની આગેવાન થવાની આગાહી આપતી.

ધનનંદનની નજર એના દેહલાવણ્ય ઉપર હતી. તેણે રમાના હાથ માટે ઉમેદવારી નોંધાવી. ભોગીલાલની સ્થિતિ સારી કરી આપવાના બદલામાં તેણે રમાની માગણી કરી. સમજુ ભોગીલાલે પુત્રીની સંમતિ વગર ચોખ્ખો જવાબ આપવાની ના પાડી. પરંતુ કેળવાયલી પુત્રી પિતાની સ્થિતિ સમજી ગઈ હતી; ધનનંદનની લુચ્ચાઇ પણ જાણી ગઇ હતી. પોતાના આદર્શો, મહત્ત્વાકાંક્ષાઓ, સિદ્ધાંતો અને સમાજવાદી વિચારોનું પિતાના સુખ માટે બલિદાન આપીને રમાએ, ધનનંદનને પતિ તરીકે સ્વીકાર્યો.

જગતની નજરમાં રમા શેઠાણી બની. જગતને રમાના સદ્‌ભાગ્યની અદેખાઇ થતી; જ્યારે તેને પોતાને, પોતાના દુર્ભાગ્યથી દિલગીરી થતી. સાતેક વરસના ગાળામાં રમાએ પુત્રને જન્મ આપ્યો. ધનનંદન શેઠે ગોળધાણા વહેંચ્યા અને જગતે તેમને "આદર્શ-સુખી" ધારી લીધાં.

પરંતુ જગતની બહુમતિએ કરેલી કલ્પનાઓ હંમેશાં ખરીજ નથી હોતી. ધનનંદન શ્રીમંત હતો, યુવાન હતો, રસિક પણ હતોજ. યુવાનીને શ્રીમંતાઇએ અણઘટતું ઉત્તેજન આપ્યું. રમા સાથેના સતત સહવાસે તેને નીરસ બનાવી. ધનનંદન સુખની શોધમાં ઘર બહાર ઘૂમવા માંડ્યો. કેળવાયેલી પત્નીનું સ્ત્રીહૃદય એ બધું સમજી શકતું નહિ, એમ ન હતું; પરંતુ આદર્શ હિંદુ લલનાઓના દાખલાઓએ પતિને પૂજ્ય ગણ્યો હતો. અગ્નિ સમક્ષ લીધેલી પ્રતિજ્ઞાઓનો ભંગ કરવાનો જન્મસિદ્ધ અધિકાર સમાજે તેને આપ્યો હતો.

ટૂંકમાં, શેઠ કે કહેવાતાં શેઠાણી, કોઇ સુખી તો નહોતાંજ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદના પુરુષોએ પોતાની સ્ત્રીઓની પવિત્રતા જાળવી રાખવા માટે અજબ નુસખાઓ કર્યાં છે. ધનનંદને પણ કેળવાયેલી પત્ની ઉપર સારો જાપ્તો રાખ્યો હતો. ભણેલી પત્ની ભયંકર ન નીવડે એટલા માટે તેણે "પડદા"ની પ્રથા શેઠાણી માટે રાખી હતી. સમાજવાદી રમાએ, મૂંગે મોઢે એ કેદખાનું સ્વીકાર્યું. ધનિકોની અદેખાઇ કરતા ગરીબોએ તેમનાં આંતરજીવન તપાસ્યાં હોય તેમ લાગતું નથી.

પરંતુ ધનનંદનની બેદરકારીએ રમાને ખરી માતા બનાવી. પુત્રની સારવારમાંજ સમય વિતાવતી રમા, પતિના અયોગ્ય વર્તનને ભૂલતી જતી હતી.

પુત્રને સૂઇ ગયેલો જોઇને રમા ધીમેથી ઊઠી. કપડાં બદલવા માટે બીજા ઓરડા તરફ તેણે ચાલવા માંડયું, પરંતુ ત્યાં જતાં જતાં તેને કાને શેઠનો અવાજ આછો આછો સંભળાયો.

"મજૂરોના પગારમાંજ કાપ મૂકીએ તો?"

વેપારમંદીના ઓઠા નીચે, મૂડીવાદીઓ કામદારોનાં પગારમાં કાપ મૂકતાં શીખ્યા છે. ધનનંદન પણ મૂડીવાદી હતો. પોતાની મિલને મંદીની અસર જણાય તે પહેલાંજ તેણે કામદારોના પગારમાં કાપ મૂકીને, મિલની સ્થિતિ સાચવી રાખવાની યોજના ઘડી. મેનેજરને બોલાવ્યો, ચર્ચા કરી અને છેવટે પોતાનો મંદીનો અકસીર ઇલાજ આગળ ધર્યો.

બીજા ઓરડામાં જતી રમા એ વાક્ય સાંભળીને ચમકી ગઇ. શેઠના એ નાના વાક્યે તેણે આઠ નવ વરસ પહેલાં વાંચેલાં સમાજવાદનાં પુસ્તકોનું વાચન તાજું કર્યું. 'મજૂર' 'મૂડી' 'પગાર' વગેરે શબ્દો એકદમ તેના સ્મૃતિપટ ઉપર તરી આવ્યા. પગારમાં કાપ, એ શબ્દોએ જાણે ઢંકાઇ ગયેલ સમાજવાદ ઉપરની રાખને ઉરાડી મૂકી. સમાજવાદનું રણશીંગું રમાના હૃદયમાં સંભળાયું.

બીજોજ અવાજ પાછો તેને કાને અથડાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બહુ સારૂં સાહેબ! કાલથીજ પગારમાં વીસ ટકાનો કાપ જાહેર કરીશું."

અને કોઇનાં પગલાં બહાર જતાં રમાને સંભળાયાં.

રમા એકદમ બધુંયે સમજી ગઈ. તેનો પતિ અનેક ગરીબ કામદારોનાં જીવન ખૂંચવી લેવાની યોજના ઘડતો હતો, તે તે એકદમ સમજી શકી. સમાજવાદી વિચારો તેના શરીરમાં અજબ ચેતન લાવતા હોય એમ તેને લાગ્યું. કદી પણ ન આવેલી હિંમત તેનામાં એકદમ આવી ગઇ.

શેઠની 'ઑફિસ' તરફ રમાએ પગલાં ફેરવ્યાં.

"કોણ રમા? અહીં કયાંથી?" ધનનંદન શેઠે રમાને ત્યાં આવેલી જોઇને આશ્ચર્ય સાથે પૂછયું. પત્ની તેને માટે નિયત કરેલા ઓરડાની બહાર નીકળે, એ તેમના સિદ્ધાંતની વિરુદ્ધ હતું. પત્નીના આગમનમાં તેમને સ્ત્રીજાતિ તરફથી બળવો થયો હોય એમ જણાયું.

"કંઈ નહિ. એ તો અમસ્તુંજ, બાબુ ઊંઘી ગયો છે." રમાએ જવાબ આપ્યો.

"પરંતુ હું હમણાં અંદર આવતોજ હતો." રખેને શેઠાણી તેમની ખાનગી વાતો સાંભળી ગયાં હોય, એ ભયથી શેઠે જવાબ વાળ્યો.

"ઘરમાં મજૂર અને મિલની વાતો થઇ શકશે?" શેઠની ગભરાટથી પહોળી થતી જતી આંખો સામે સ્થિરતાથી આંખો ગોઠવતાં રમાએ સીધોજ પ્રશ્ન કર્યો.

"મિલ" અને "મજૂર" એ શબ્દોએ શેઠની આંખો એકદમ મોટી કરી. "શું મિલની બાબતમાં માથું મારવા આવ્યાં છો?" તેના મગજમાં એક ખ્યાલ આવી ગયો.

"મિલ? બૈરાંઓ અમારી વેપારની બાબતોમાં શું સમજે?" શેઠે જરા મોટા અવાજે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદની સ્ત્રીઓ રસોઈ અને બાળઊછેર સિવાય બીજી બાબતો સમજીજ ન શકે, એવી માન્યતા હજી થોડીઘણી પ્રચલિત છે......
"અને તમે શું કહેવા માગો છો?" શેઠે ગાદી ઉપરથી અર્ધા ઊંચા થતાં સીધોજ પ્રશ્ન કર્યો.

"શેઠ......" રમાનો અવાજ તીવ્ર થયો. એનો છૂપો સમાજવાદ આગળ આવીને બોલતો સંભળાયો.

"...શેઠ! મજૂરો પણ માનવ તો છે હો! એમના ટૂંકા પગારમાં કાપ મૂકવા કરતાં આપણેજ થોડો ભાગ ઓછો કરીએ તો? મેનેજરના પગારમાં સાધારણ કાપ ન મુકાય?"

"શેઠાણિ!..." વનરાજની છટાથી ધનનંદન બોલી ઊઠ્યા. રમાની શિખામણ તેને રુચિ નહિ. "...અંદર ચાલ્યાં જાવ. અમારી વાતોમાં માથું મારવાની જરૂર નથી, સલાહ માગું ત્યારે આપજો."

પરંતુ રમા તો બોલી નાખવાનો નિશ્ચય કરીનેજ આવી હોય તેમ જણાયું: "ટૂંકા પગારના કામદારોની આવકમાં કાપ મૂકવો છે? માત્ર આપણા મોજશોખને માટે એ ગરીબ પ્રાણીઓને જીવવા પણ ન દેવાં? તમારી મિલ મજૂરો વગર ચાલવાની છે ખરી? પ્રભુને ખાતર દયા તો રાખો, જરા વિચાર તો કરો."

શેઠે વિચાર તો કર્યોજ હતો. 'દયા'એ માનવીના ઇતિહાસમાંથી અનેક કડવી ક્ષણો ઓછી કરી છે. મહારાજાઓથી તે છેક ભિખારી સુધીના બધાએ માનવો, 'દયા'ની જરૂરિયાત સ્વીકારે છે.

પરંતુ દયાનો સદુપયોગ નથી થતો, ત્યારે માનવ માત્રને ક્રોધ ચઢે છે. ક્રોધથી માનવીનો નાશ થાય છે એમ શાસ્ત્રો કહે છે; ત્યારે...માનવીના નાશનો પ્રસંગજ ન આવે એટલા માટેજ મોટા માણસો દયા નહિ રાખતા હોય તો? ઉપરીઓની આ દીર્ઘદૃષ્ટિ નથી?

"રમા! જો એક પણ અક્ષર હવે બોલ્યાં છો, તો આ ઘરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેવું ભારે થઈ પડશે. મને ઓળખો છો ?" ધનનંદને રમાને "અલ્ટીમેટમ" આપી દીધું. રમા તેને ઓળખતી તો હતીજ, એ તેમને પોતાને ખબર નહોતી. મૂડીવાદ, હંમેશાં સજાજ ફરમાવે છે; સજા કરવામાંજ તેમને પોતાનો વિજય લાગે છે. એ વિજય કહેવાય ખરો ?

"ઘરની બહાર કાઢશો ? મને ? શેઠ, મને મિલની મજૂરણ ધારી ?"

"બસ કરો !" શેઠ વચમાંજ તાડૂકી ઊઠયા. "અત્યારેજ બંગલાની બહાર નીકળી જાવ. તમારી મને જરૂર નથી. શના ! એ શના ! આ શેઠાણીને બંગલાની બહાર મૂકી આવ."

ધનનંદન ન્યાયાધીશ અને ફોજદાર બન્ને બન્યા અને પટાવાળાની મદદ લીધી.

"શનાની જરૂર નથી. હુંજ જઇશ, પણ યાદ રાખજો, મજૂરોના નિસાસા તમને સુખી નહિ રહેવા દે."

"બહાર નીકળ..." શેઠે મિલિટરી ઓર્ડર આપ્યો.

રમા બહાર નીકળી.

બહાર નીકળતાંજ તેનું સ્ત્રી હૃદય દ્રવી ઊઠ્યું. માંદો સૂતેલો પુત્ર તેને યાદ આવ્યો. પુત્રની પથારી આગળ જઇને તે ક્ષણવાર સુધી ઊભી. પરસ્પર વિરોધી વિચારોએ તેના મગજમાં બંડ શરૂ કર્યું. માંદા પુત્ર તરફનો પ્રેમ અને બીજી બાજુ સમગ્ર કામદાર જનતા પ્રત્યેની ફરજ, એ બે વચ્ચે ખેંચતાણ થવા લાગી; પરંતુ છેવટે તેણે પોતાનો નિશ્ચય નક્કી કર્યો. સૂતેલા પુત્રને માથે હાથ ફેરવીને તે એકદમ પાછી વળી ગઇ. આંખમાં આવેલાં આંસુ સાડીના પાલવે પાછાં વાળ્યાં; રમા બંગલાનાં પગથિયાં ઊતરી ગઇ.

અને એજ ક્ષણે તેને વિચાર આવ્યો." એક હતો રાજા...એક હતી રાણી...રાણીએ શિખામણના શબ્દો કહ્યા......રાણીને દેશવટો દીધો......"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વિશાળ જગતમાં રમા ભળી ગઇ.

× × ×

મજૂરોમાં સંગઠનશક્તિ કેળવાતી જતી હતી. કામદાર બિરાદરોમાં મૂડીવાદ અને મૂડીવાદીઓની લોહીચૂસણ નીતિ તરફ સખ્ત બેદિલી ફેલાતી જતી હતી. જગતના કામદારોએ મૂડીવાદીઓ સામે મીટ માંડવી શરૂ કરી દીધી હતી. શેઠ અને ગુલામની અંધશ્રદ્ધાળુ, એકતરફી ભાવનાનો ત્યાગ કરવા મજૂરમહાજનો અને કામદારમંડળો પણ સ્થપાતાં જતાં હતાં. એ સંગઠને એ કચડાતા સમાજને એક શસ્ત્ર આપ્યું; શાંત બચાવ કરવાનું મજબૂત હથિયાર, અને તે હડતાળ. હડતાલ વગર મજૂરો બીજું શું કરી શકે તેમ છે?

જગતના મૂડીવાદીઓએ, પાછળ મૂકેલાં પગલાંઓ તરફ ધનનંદન ધસતા જતા હતા. પોતાની મિલના મજૂરોના પગારમાં વીસ ટકાનો કાપ મૂક્યો. જાગૃતિ પામતા જતા કામદારો એ સમાચારથી ખળભળી ઊઠ્યા અને એમના મજૂરમંડળે પણ જગત–કામદારોએ આપેલું પગલું પકડ્યું.

ગરમાગરમ શબ્દોવાળાં ભાષણોએ મૂડીવાદીઓની બદમાશી કામદારો આગળ ઉઘાડી પાડી. મૂડીવાદીઓએ કામદારોની આસપાસ રચેલી ગુલામીની શૃંખલાઓ જાહેરમાં લાવી તેમને સાવચેત કર્યા.

અને ધનનંદનની મિલના મજૂરો હડતાલ ઉપર ચઢ્યા.

× × ×

"કરસન! ઓ કરસન! પેલાં દેવીના ભાષણમાં આવવું છે ને?"

"હા, હા, ચાલોને! એનાં દર્શન તો થશે."

થોડા વખતથી કામદારોના આગેવાન મંડળમાં એક આગેવાન વધ્યો હતો. "શ્રીદેવી" નામની સ્ત્રીએ કામદારોને ઉત્સાહ અને પ્રેરણા આપવાનું શરૂ કર્યું હતું. ટૂંક સમયમાંજ શ્રીદેવીએ કામદાર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંડળમાં અનોખું સ્થાન લઇ લીધું. આગેવાનોની એ પ્રેરણામૂર્તિ બની. શક્તિવાન સ્ત્રી અજબ ભક્તિ ઉપજાવી શકે છે અને સ્ત્રી એ માત્ર ભોગ્યજ નહિ, પણ પૂજનિય પણ છે એવી ભાવના પુરુષ-હૃદયમાં લાવી શકે છે; તેમાં પણ અભણ, નિખાલસ અને સરલ કામદારોને તો એવી સ્ત્રી દેવી સમાનજ લાગે છે.

શ્રીદેવીનાં ભાષણોએ કામદારોને દઢતર બનાવ્યા. તેની હાજરીથી પ્રત્યેક સભા દીપી ઊઠતી. તેની દલીલોને કામદારો "વેદ"નાં સૂત્રો માનતા. તેની યોજનાઓ પાર પાડવા કામદાર-સમૂહ ઉત્સાહથી પ્રતિજ્ઞાઓ લેતો...અને મિલની હડતાળ તો ચાલુજ હતી.

મજૂરોના ભક્તિભાવથી, શ્રીદેવી તેમનાજ લત્તામાં રહેવા આવ્યાં. એક સારી ઝૂંપડી ગરીબ મજૂરોએ તેમને આપી હતી. ગરીબો ઉદાર નથી હોતા એ વાતમાં ખાસ સત્ય નથી; આજુબાજુનાં વાતાવરણ અને સંયોગોજ તેમને ઉદાર બનવાની તક નથી આપતા. કદાચ તેવા સંયોગોમાં પણ ગરીબ માણસ ઉદારતા દાખવે, તો જગત તેને ઉડાઉ ગણી કાઢે છે. ધનિકોના ઉડાઉપણાને પણ ઉદારતા કહેનારૂં જગત, ગરીબોની ઉદારતાને ઉડાઉપણું ગણી કાઢે છે. ધનિકોની કંજૂસાઇને સાદાઇનું નામ આપી વખાણનાર જગત, ગરીબની સાદાઇને કંજૂસાઇ કહી વખોડે છે. આમ જગત એ બાજુની ઢોલકી બજાવે છે; પરંતુ એકજ ઢાલની બન્ને બાજુ, એકજ દૃષ્ટિએથી જોવાની, જગતને ફુરસદ નથી...જગત વિચિત્ર નથી?

ધનનંદનને પણ હડતાળની પરવા નહોતી; રમાની પણ નહોતી; રમાને કાઢી મૂકયા પછી તેનું વિલાસી પતિહૃદય આનંદી બની રહ્યું. પત્ની જતાં તેને કાયદેસર અનીતિનો જાણે કે પરવાનો મળ્યો.

ઘણા ધનિકો વિલાસપ્રિય અને અનીતિમાન હોય છે, એમ જગત માને છે-બોલતું તો નથીજ; પરંતુ તેમાં જનતાનોજ વાંક છે. શ્રીકૃષ્ણના **यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत**ના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધાંતમાં માનતા હોવાથીજ મૂડીવાદીઓ અને ધનિકો, અનીતિ અને એવાં અનેક "પાપો" કરીને, "ધર્મની ગ્લાનિ" મારફત "પ્રભુને" પૃથ્વી ઉપર આવવાનું નિમંત્રણ આપે છે. જગતના કલ્યાણ માટે થતું ધનિકોનું એ મહાન બલિદાન જગત કેમ સમજી શકતુંજ નહિ હોય? છતાં પણ જગત ધનિકોની એ પવિત્ર મનોદશાને સમજી શકતુંજ નથી અને ધનિકોને છાનું છાનું ધિક્કારે છે.

ખરેખર! વિશ્વ દીર્ઘદષ્ટિવાળું નથીજ! કદરદાન તો નથીજ!

દરેક પ્રાતઃકાળે, નવા નવા ફતવાઓ બહાર પાડી હડતાળ ઉપર ચઢેલા કામદારોને સખ્ત શબ્દોમાં ધમકી આપીને, ધનનંદન શેઠ શિસ્તનું ભાન કરાવતા. પરંતુ કામદારોજ લુચ્ચા છે, એમ ચાલુ રહેલી હડતાલે તેને સમજાવ્યું.

એવામાં એ હડતાલે તેને એક નવોજ વિચાર આપ્યો. શહેરનાં ઘણાંખરાં સ્ત્રી આગેવાનોને તે નામથી ઓળખતો. એક બે અઠવાડિયાંથી તેને કાને "શ્રીદેવી" નામનું નવું નામ અથડાવા લાગ્યું હતું. સ્ત્રી આગેવાનની નીચે કામ કરતા કામદારોની તેને અદેખાઈ આવી. કાં તો કામદારો ખરાબ હોવા જોઇએ અથવા તો એ શ્રીદેવીજ ખરાબ હોવી જોઈએ, એ તેને સ્પષ્ટ સમજાયું; અને તેના ઉપર વિચાર કરતાં, એક તદ્દન નવીન બુટ્ટો તેના મગજમાં આવ્યો.

"શના, એ શના!" ઘરમાં કામ કરતા નોકરને ધનનંદન શેઠે બૂમ પાડીને બોલાવ્યો. "જા! મેનેજર સાહેબને જલદી બોલાવી લાવ."

અને પોતાના વિચારને ફળિભૂત કરવાની યોજના ધનનંદન કરવા લાગ્યા. મેનેજર આવ્યા. એક મહિનાની હડતાલ મજૂરોના દેહ ઉપર ગમે તેવા ફેરફારો લાવી શકતી હશે, પરંતુ મેનેજરોના શરીર ઉપર તે બિલકુલ અસર કરતી હોય એમ લાગતું નથી. એજ હડતાલ કામદારોના પગારમાં કાપ મૂકીને બેકાર બનાવે છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એજ હડતાલ એક કારકુનને શેઠના સાંનિધ્યમાં લાવીને વડો કારકુન બનાવે છે. હડતાલનો ગેરફાયદો મજૂરોનેજ ફાળે અને ફાયદો શેઠના માનીતાઓનેજ ફાળે જાય છે.

"આવો મેનેજર!" ધનનંદન શેઠે આવેલા મેનેજરને આવકાર આપ્યો. મેનેજર શેઠનો ખાસ મિત્ર અને સલાહકાર હતો. તેનાં કાળાં કૃત્યોનો સાક્ષી પણ "મેનેજર" હતો.

"આજે એક કામ છે..." શેઠે એક બાહોશ રાજનીતિજ્ઞની માફક બાજી ઉકેલી. "આપણે આ હડતાલનો ફડચો આણીએ તો?"

"તો તો સાહેબ, બહુ સરસ થાય." મેનેજરે શેઠનો પડઘો પાડ્યો.

"પણ...તેમાં સાપ મરે અને લાકડી તૂટે નહિ, તેવો ઉપાય શોધવો જોઇએ." શેઠે એક પગલું આગળ ભર્યું.

"મારી પણ એવીજ માન્યતા છે, સાહેબ!" મેનેજરે પોતાની "માન્યતા" કહી. ચાલુ રહેવા માગતા નોકરિયાતોની માન્યતા કદી પણ શેઠની વિરુદ્ધ હોતીજ નથી. શેઠ અને એવા નોકરિયાતો વચ્ચે માન્યતાઓનું સામ્ય છે, એમ મનાવવા ઘણા નોકરો યત્નો કરી રહ્યા હોય છે.

"પરંતુ કેવી રીતે?...આપણે સમાધાન કરીએ તો?" શેઠે પૂછ્યું.

"અને એ લોકો માનશે?" મેનેજરે પહેલોજ પ્રશ્ન કર્યો.

"આપણે મજૂરોના કેટલાક ચળવળિયાઓને બોલાવીએ અને પછી વિચાર બહાર પાડીએ. ધનનંદને પોતાની બાજી પાછળજ ફરતા રહીને ઉપાય બતાવ્યો.

"જી હા! યોજના સારી છે." મેનેજરે શેઠની યોજનાનાં વખાણ કર્યાં.

"બસ ત્યારે, પરમ દિવસે આપણે એ લોકોને મળીશું; પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરા પાસે આવો !" શેઠે મેનેજરને પાસે બોલાવ્યા. ખાનગી વાતો દૂરથી થાયજ નહિ, એમ ઘણા લોકો માને છે.

"જો, પહેલાં પેલી મજૂરોની આગેવાન બાઇને કાલે વિચાર કરવા બોલાવીએ તો ? એની વગ સારી છે. જરા એવી ગોઠવણ કરી શકશો ?" શેઠે પૂછ્યું.

મેનેજર સમજી ગયો. શેઠના મુખ ઉપરના ભાવ તે વાંચી શક્યો.

"અરે સાહેબ ! એમાં શું ? કાલે સાંજે બોલાવી લાવું !"

અને શેઠની "યોજના" સમજી ગયેલો મેનેજર બહાર જતો રહ્યો.

× × × ×

મિલના કામદાર-મંડળને મેનેજરની સહીવાળું સંધિ માટેનું આમંત્રણ મળ્યું. તેઓએ માન્યું કે, શેઠ કંટાળ્યા હોવા જોઇએ.

પણ જ્યારે શ્રીદેવીને શેઠની સહીવાળું જુદું આમંત્રણ મળ્યું, ત્યારે તેને શેઠની હલકાઇનો ખ્યાલ આવ્યો. શેઠની ઘણી વાતો તેણે મજૂરણોને મોંએથી સાંભળી હતી. તેણે લાંબો વિચાર કર્યા પછી શેઠને મળવા જવાની હા પાડી.

બીજે દિવસે સાંજે શેઠના બંગલા આગળ એક ભાડૂતી ગાડી આવીને ઊભી. તેમાંથી બુરખો ઓઢીને એક સ્ત્રી ઊતરી અને શેઠને પોતાનું કાર્ડ મોકલ્યું.

કાર્ડ પર "શ્રીદેવી" એ અક્ષરો વાંચીને શેઠ ખુશ થયા. શનાને તેણે હુકમ કર્યો: "જલદી અંદર મોકલ" મનમાં મલકાતા શેઠે પેપરમાં માથું ઘાલ્યું.

"પધારો શ્રીદેવી !" ધનનંદન શેઠે શ્રીદેવીનું શરીર નિહાળતાં જરા મીઠા અવાજે કહ્યું.

શ્રીદેવી શેઠની સામે પડેલી એક ખુરશી ઉપર બેઠાં. શેઠ પણ સામે બેઠાં.

"આપ તો મજૂરોનાં દેવી સમાન છો, આગેવાન છો, છતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડદો રાખો છો ? આગેવાનોએ તો જાહેરમાંજ રહેવું જોઇએ." કદી પણ આગેવાન ન થઇ શકતા લોકો પણ જાહેરમાં આવવાના પ્રયત્નો કરતા હોય છે, એ શેઠને ખબર હતી, અને તેમાં પણ પોતાની સ્ત્રી સિવાય બીજી સ્ત્રીઓએ તો જાહેરમાં આવવુંજ જોઇએ, એવી તેમની ખાસ માન્યતા હતી.

શ્રીદેવીએ કંઇ પણ જવાબ આપ્યો નહિ; શાંતજ બેસી રહ્યાં.

"શ્રીદેવી ! એ જંગલી મજૂરોમાં શા માટે ફરો છો ? શરીરને કષ્ટ શા માટે આપો છો ?" ધનનંદનને શ્રીદેવીની ફિકર થવા લાગી. "તમે તો પ્રેરણામૂર્તિ છો, દેવી છો."

છતાં પણ શ્રીદેવીનું મોં ઊઘડ્યું નહિ. શેઠને પોતાની બાજી ફળતી લાગી.

"શ્રીદેવી! એ મજૂરોનો સાથ છોડી દો. તમે તો બંગલામાં રહેવા લાયક છો..." ધનનંદને શ્રીદેવીના મૌનથી પ્રોત્સાહિત થતાં આગળ ચલાવ્યું. "અને મારો બંગલો અને મિલ, હું પોતેજ તમારો થઇને રહેવા તૈયાર છું."

ધનનંદન આવેશમય થઇ ગયો હતો. તેણે ઊભા થઇને શ્રીદેવીનો હાથ પકડ્યો અને પોતાને હાથેજ બુરખો ખોલી નાખવા પ્રયત્ન કર્યો. શ્રીદેવી કાંઈ બોલ્યાં નહિ. શેઠનો બીજો હાથ ધીમે ધીમે શ્રીદેવીના બુરખા તરફ આવવા માંડ્યો. ધનનંદન સમજ્યો કે, પુરુષે સ્ત્રી ઉપર વિજય મેળવ્યો. સામી આનાકાનીની આશાએ રાખતો પુરુષ પોતાના વિજયને અભિનંદી રહ્યો.

"બસ કરો !"

એકદમ આનંદમાં મહાલતા શેઠને એક અવાજ સંભળાયો. અવાજ તેને પારચિત લાગ્યો.

"શ્રીદેવી ! શ્રીદેવી ! મને ન તરછોડશો." શેઠે પોતાની દલીલ આગળ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તરછોડું ? હું તમને તરછોડું છું કે, તમે મને ?" અને શ્રીદેવીએ બુરખો ઊંચો કર્યો.

"કોણ ? રમા !" ધનનંદન એકદમ ચમક્યા, એકદમ બે પગલાં પાછા હઠવા ગયા, પાછા હઠતાં પાછળ પડેલી ખુરશી આડી આવી. શેઠ ચમક્યા અને ખુરશી અડફેટમાં આવવાથી ઓચિંતાજ પડી ગયા.

નીચે પડેલા શેઠની આજુબાજુ લાલ લોહી, શ્રીદેવીની નજરે પડયું.

શ્રીદેવી એકદમ ચમકી. ખુરશી છોડીને તેણે શેઠનું માથું પોતાના ખોળામાં લઇ લીધું. મેનેજર અને શનો એ ધડાકો સાંભળતાંજ અંદર આવ્યા; પરંતુ શેઠનું રક્ષણ કરવા આવેલા મેનેજરે શ્રીદેવીને બદલે રમાનેજ એ ઓરડામાં જોઈ.

"કોણ ? બા ?" શનાથી બૂમ પડાઈ ગઈ.

ચમકી ગયેલા શનાને રમાએ એકદમ ડૉક્ટરને બોલાવવા હુકમ કર્યો.

મેનેજરે ડૉક્ટરને ટેલિફોન કર્યો અને જલદીથી બોલાવ્યા.

આવેલા ડૉક્ટરે જાહેર કર્યું કે, "શેઠનું હૃદય બંધ પડી ગયું છે."

રમા ચમકી. રમાની આંખમાં પાણીનાં ટીપાં ભરાઇ ગયાં. એકદમ મરણ પામેલા પતિના શબ ઉપર બેભાન થઇને તે પડી.

પતિને પડખે પડેલી રમા પાછી ઊભી થઇ શકી નહિ; પતિની સ્વાર્થજ્વાલામાં, પતિની વિલાસજ્વાલામાં, પત્નીએ પણ સ્નેહથી આત્મસમર્પણ કર્યું.

ભારે અવાજે ડૉક્ટરે રમાને પણ મરણ પામેલી જાહેર કરી. અને જગતે મરણ પામેલાં યુગલને આદર્શ પ્રેમી ગણ્યું.

("નવયુગ" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪-માથાની નોકરી

(લેખકઃ-શ્રી. હિંમતલાલ મર્થક)

(૧)

"શેઠ કાંઇ કામ આપશો?"

એક નાનકડા કારખાનાની ઑફિસના પગથિયાં પાસે ૩૦-૩૨ વર્ષના એક જુવાને પ્રશ્ન કર્યો. કરચલી પડેલા એના કપાળ પર અસંતોષની ઉગ્રતા હતી. એની આંખોમાં ભિખારીની દીનતા હતી, એના પગમાં હડધૂતનો ધ્રૂજારો હતો. એની વાણીમાં પહાડોને પણ પિગળાવે એવું કારુણ્ય હતું.

શેઠ આવા અવાજથી ટેવાયલા હતા. નાનકડું કારખાનું એટલે માણસોને રાખવાનું અને રૂખસદ આપવાનું કામ શેઠ જાતેજ કરતા. નોકરીમાં રહેવા આવનાર ગરજનો માર્યો ગમે તે શરતો સ્વીકારવા તૈયારજ હોય, એમ તેઓ માનતા અને ખાસ સંજોગો સિવાય નોકર તો આમ સામેથી નોકરી શોધતો આવેલોજ રાખવો ઠીક પડે, એવો તેમનો અનુભવ હતો. તેથી નોકરી શોધવા આવનારને તેઓ ભાગ્યેજ નિરાશ કરતા. અવાજ કાને પડતાની સાથેજ તેમણે દરવાનને તેને બોલાવવા કહ્યું.

"ચલો, શેઠ બુલાતા હૈ." કહેતો દરવાન તેને ઉપર લઇ ગયો.

જુવાનના મનમાં તે વખતે કેટલીય ઊર્મિઓ આવીને શમી ગઇ. ઘણે ઠેકાણે ભટકયા છતાં કશુંયે વળ્યું નહોતું; એને બદલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં શેઠના બોલાવવાથી તેનું હૃદય આશાથી પ્રફુલ્લિત થઈ ગયું. ધડકતે હૃદયે તે દરવાન સાથે ગયો અને શેઠને જોઇ ખૂબ નીચે ઝૂકી સલામ ભરી તે ઊભો રહ્યો.

"કેમ અલ્યા, શું છે?" કશુંજ જાણતા ન હોય તેમ શેઠે પ્રશ્ન કર્યો.

"સા'બ, બચરવાળ માણસ છું. નોકરી માટે આજ પંદર દિવસથી ભટકું છું." જુવાને પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી.

"બોલ, શું કામ કરીશ?" શેઠે પ્રશ્ન કર્યો. એના અવાજ-માં સહાનુભૂતિ હતી.

"શેઠજી, જે આપશો તે મજૂરી કરીશ. દેશમાં મજૂરી ન ચાલવાથી આજ પંદર દિવસથી અહીં આવ્યો છું." એને મન બધાજ પ્રાંતો જાણે એકેક જુદા જુદા દેશો હતા. "......પાસે હતું તેટલું ખાઇ ગયો, મારાં બાળબચ્ચાં...... બિચારાં......" એણે આગળ ચલાવ્યું.

"બોલ, શું પગાર લઇશ?" શેઠે ટૂંકમાં પતાવ્યું.

"સા'બ, આપ આપશો તે, ગરીબ માણસ છું."

"સારૂ, જો; હમણાં તને પંદર આપીશ અને સારૂ કામ કરીશ તો પાછળથી વધારી આપીશ." શેઠ જાણતા હતા કે એથી દોઢા પગારમાં પણ અમદાવાદમાં માણસ મળવો મુશ્કેલ હતો.

જુવાન પ્રત્યુત્તર આપે, તે પહેલાં તો શેઠે દરવાનને હુકમ કરી દીધોઃ "ઇસકો મુકાદમ કે પાસ લે જાઓ, ઔર બોલો ઉનકો કોલસામેં કામ દે."

અનેક લાગણીઓથી દબાયેલો જુવાન કશુંજ બોલ્યાચાલ્યા વિના અંતરમાં શેઠનો આભાર માનતો દરવાન સાથે ચાલી નીકળ્યો.

(૨)

એ જુવાનનું નામ હતું માધો. ધામણીમાં માધાના પિતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામાને પટેલાઇ હતી. દસ દસ ગાઉમાં રામા પટેલની હાક વાગે. ધામણીમાં કે આજુબાજુનાં ગામડાંમાં કયાંય સારોનરસો પ્રસંગ હોય તો રામા પટેલને અગાઉથીજ આમંત્રણું હોય. રામા પટેલમાં તેમને એટલો બધો વિશ્વાસ બેસી ગયેલો કે, સારામાઠા પ્રસંગે રામા પટેલની સલાહ સૌ કોઇ લેતા. દરબારી કામકાજમાં પણ રામા પટેલને ખૂબ માન મળતું. રામા પટેલ પર ઇશ્વિરના ચારેય હાથ હતા અને પોતાના ગામના પટેલ આવા જબરા છે, એવી પ્રશંસા કરી ગામલોક ગર્વ લેતા.

પરંતુ રામા પટેલનું આ સુખ વધુ ટકી શકયું નહિ. રામા પટેલની બધીજ મિલકત રાજદ્રોહના આરોપસર જપ્ત કરવામાં આવી. એમને કયારેય બૉમ્બ બનાવતાં કોઇએ જોયા કે સાંભળ્યા નહોતા. એમને ભાષણ કરતાં કે રાજદ્રોહ ફેલાવતાં કોઇએ જોયા કે સાંભળ્યા નહોતા, એમણે શું ગુનો કર્યો એ કોઇની જાણમાં નહોતું. રામા પટેલ જેલમાં પડ્યા. આખાયે ગામમાં જાણે કોઇ જુવાનમરણું થઇ ગયું હોય એવો ખેદ ફેલાઈ ગયો. કઠણ કહેવાતા માણસોની આંખોમાં પણ ઝળઝળિયાં આવી ગયાં. સૌને ઘડીભર તો દરબારના પાસવાનો પર કાંઈ ને કાંઇ થવા માંડયું. કોણે શું કરવું એની કોઇને સમજ પડી નહિ. સૌ મનમાં સમસમી રહ્યા.

માધો તે વખતે વીસ વર્ષનો હતો. ફૂલફટાક થઇને ફરેલા એ તરુણ પર એકાએક ઘરનો તમામ ભાર આવી પડ્યો. એનાં વાડી ખેતર દરબારે ખૂચવી લીધાં હતાં. ગુજરાન ચલાવવા માટે એની પાસે મજૂરી સિવાય બીજું કાંઇ સાધન નહોતું. દરબારી ઠાઠે ઊછરેલા એ નવજુવાનને નોકરી માટે ઉમરે ઉમરે ભટકતો અને મજૂરી કરતો જોઇ ભલભલાની આંખોમાંથી આંસુનાં બે બુંદ સરી પડતાં.

માધાએ ગામમાં દહાડીઓ કરવી શરૂ કરી. શરૂઆતમાં લોકો એને મજૂરીએ રાખતા પણ બીતા, પરંતુ ધીમે ધીમે એ બીક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓછી થતી ગઇ અને માધો પોતાની આછીપાતળી રોજી ગામમાં ને ગામમાં કમાઈ લેવા લાગ્યો.

પરંતુ એ પણ જાણે કે કુદરત ન સાંખી શકી હોય, તેમ ઉપરાછાપરી બે દુકાળો પડ્યા. માધાને ગામમાં મજૂરી મળવી બંધ થઇ. ગામમાં અર્ધો રૂપિયો મળે તો આખા માટે પરગામ ન દોડવું એ માધાનો નિશ્ચય હતો. કામની આશામાં તેણે રહ્યાસહ્યા દરદાગીના વેચીને ચલાવ્યું. થોડા વખતમાં તો એ પણ સાફ થઈ ગયું. તેની પાસે કાંઈજ રહ્યું નહિ. હવે તેની મૂંઝવણનો પાર રહ્યો નહિ. ગામના એકાદ શેઠિયા પાસેથી થોડા રૂપિયા વ્યાજે લઇ તે પત્ની, વૃદ્ધમાતા અને બે બાળકોને મૂકી અમદાવાદ રળવા આવ્યો.

(૩)

“પાંચી વહુ, એક પાલી લોટ ઉછીનો આપીશ? એકાદએ દીમાં પાછો આપી જઇશ.” માધાની વિધવા માતા પાડોશીને ત્યાં લોટ ઉછીનો લેવા ગઇ હતી.

“રાધા બાઇજી, હજી પરમ દી તો વહુ પવાલું લઇ ગયાં છે અને......”

“પાંચી વહુ, કહેતાં જીભ ઉપડતી નથી; પણ મેં તો પરમ દિવસે ખાધું એજ. વહુ કાલે દહાડિયે ગઇ’તી તે એણે તો ત્યાં ખાધું અને છોકરાંઓને ચપટી લોટ રાખ્યો’તો તે થોડી રાબ કરી દીધેલી. આજે.......”

એની આંખમાંથી બોર બોર જેવડાં આંસુ સરી પડ્યાં.

“બાઇજી, તમારો દીકરો આવે તો મને વઢે, જોઇએ તો એક ગડિયું આપું.” એનું અંતર તો દ્રવતું હતું.

ગામડાંઓમાં ગમે તેટલી ગરીબી હોય એક ટંકનું ખાવાનુંયે હોય કે ન હોય, પણ બીજાં માટે દ્રવતાં હૃદય તો હોય છેજ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ભગવાન કરશે તો એક બે દિવસમાંજ મારા માધાનો મનીઆડર આવી જશે અને વહુની દહાડીનું પણ કાંઈક આવશે તો ખરું ને?"

માધાને ગયે બે મહિના થયા હતા. માધો ઘરની સ્થિતિ જોઈ-જાણીને ગયો હતો, છતાં આજ દિવસ સુધી એના તરફથી બિલકુલ પૈસોટકો આવ્યો નહોતો. માણસ દેશ જાય, પરદેશ જાય, પણ પોતાનું ઘર ન ભૂલી જાય, એ ખાતરી છતાં માધાની માતાને એની ચિંતા થવા લાગી. "શહેરને ફંદે તો એ નહિ ચડી ગયો હોય? ભાઈબિંધદોસ્તદારો તો એને નહિ ફોલી ગયા હોય? કોઈ ખીસાકાતરુ તો એને નહિ મળ્યા હોય? નાટકચેટકને ચાળે તો એ નહિ ચડ્યો હોય?" એવા હજારો વિચારો એના મનમાં આવતા, પણ પાછું એમ થતું કે, "મારો માધો એવો ન હોય." એ નોકરીએ ચડી ગયો છે, એવો કાગળ તો એને મળ્યો હતો. ત્યાર પછી પણ એક ખુશીસમાચારનો કાગળ આવ્યો હતો, એટલે એને હૈયે ધરપત હતી.

આજ અઠવાડિયાથી એને કડાકા—અર્ધકડાકા થતા હતા. વહુ દહાડિયે જતી, વખતે દહાડો ન પણ મળતી. દહાડીના પૈસા જે દિવસે ન આવ્યાં હોય તે દિવસે રાબ આછી થતી કે ઉછીપાછીનું કરવું પડતું. ગઈ કાલતું પોતાને લાંઘણ હતું. છોકરાંને પાતળી રાબ મળી હતી. પાડોશણ પાંચી વહુ એકાદ પવાલું લોટ ઉછીનો આપે તો પોતાને પારણું થાય અને છોકરાંને રોતાં રખાય, એ વિચારે એના કરતાં નાના ગણાતા ફળિયે તે ઉછીનું લેવા આવી હતી.

"રાધા, બાઈજી,! લો આ." પાંચી વહુ એક ગડિયું લોટ ભરીને લાવી અને સાડલા નીચે છુપાવેલા એના વાસણમાં નાખ્યો.

અંતરમાં હજાર આશિષ દેતી રાધા લોટ લઈ ચાલતી થઈ.

(૪)

"શેઠ, હવે મારો પગાર વધારવો જોઈએ, આટલામાં તો મારું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરાયે પૂરૂં થતું નથી."

ત્રણ દિવસના સતત મંથન અને દર્દ પછી માધાએ શેઠ પાસે જઇ સલામ કરી કહ્યું.

બપોરના બાર થયા હતા. આકાશમાં મધ્યાહ્નનો સૂર્ય તપતો હતો.

માધાને નોકરીએ ચડયે ત્રણ માસ પૂરા થયા હતા, પરંતુ હજુ સુધી તેનો પગાર વધવાનું ઠેકાણું નહોતું. શેઠે એનું કામ નહોતું જોયું? શેઠે એ સંબંધી કાંઇ વિચાર નહોતો કર્યો? જોયું હતું અને વિચાર પણ કર્યો હતો.

પહેલવહેલો નોકરીમાં રહેવા આવનાર ગરજુ નોકર આશાએં આશાએ વધુમાં વધુ કામ કરે, એ રીતે શેઠે બધાનું કામ જોયું હતું. એની ગરજુ સ્થિતિનો વધુમાં વધુ લાભ કેમ ઉઠાવી શકાય એ વિચાર કર્યો હતો. માધાએ આ ત્રણ માસમાં દિવસના કલાકોમાં બે મજૂરના જેટલું કામ તો કર્યુંજ હતું, પણ ઉપરાંત રાતના પણ કેટલાક કલાકો એ કામ કરતો. જૂના નોકરો અને ઇજનેર સાહેબ એના કામથી ચકિત થતા. કેટલીક વાર તેઓ માધાને નોકરીની આ જૂની વાતથી વાકેફ પણ કરતા; પણ ગામડાના ભોળા માધાને એ શહેરની કામચોરીનો વિચાર સરખોયે ત્રાસરૂપ લાગતો. એ તો એની ધૂનમાં કામ કર્યેજ જતો.

કેટલાક જૂના મજૂરો તો એની ઇર્ષા પણ કરતા, છતાં માધાની સાફદિલી કોણ જાણે કેમ એનું અનિષ્ટ કરવાને રોકતી. કેટલીક વાર માધો સાંજને સમયે કે રાત્રે કાઠિયાવાડી દુહા લલકારતો કે વાર્તા કહેતો. એ પણ એનો પ્રેમસંબંધ ટકાવી રાખવામાં એક કારણભૂત બનતા.

શેઠ આ વસ્તુ સમજતા હતા, પરંતુ એને તો પોતાના કામ સાથે સંબંધ હતો, પોતાના હિત સાથે સંબંધ હતો.

માણસ જ્યારે પોતાનુંજ હિત વિચારતો થાય છે, ત્યારે એ વધુમાં વધુ હલકો થઇ જાય છે. "વર મરો કે કન્યા મરો, પણ ગોરનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરભાણું ભરો." એમ કહેનાર ગોર અને "તમે જીવો કે મરો, પણ કારખાનાનું હિત કરો, અમારૂં હિત કરો" એમ કહેનાર મૂડીદાર વસ્તુતઃ તો સરખાજ છે અને એથીજ મૂડીદાર અને મજૂરો વચ્ચે આજે આટલું મોટું અંતર છે.

માધાને તો એમજ હતું કે, થોડાજ દિવસમાં શેઠ એનું કામ જોઇ પગાર વધારી આપશે. એ થોડા દિવસ તો ગયા અને મહિના પણ ગયા. ટૂંકો પગાર એમાં વળી એક મહિનાનો પગાર તો કારખાનામાં જમા રાખવાનો, શહેરનું ખર્ચ અને મુકાદમ–કારકુનનાં ચાપાણી એ બધામાંથી માધાને ઘેર મોકલવા કાંઇ ન રહેતું. ઘેરથી લાંઘણો અને કડાકાની હકીકતવાળા બેત્રણ પત્રો તો આવ્યા હતા, તેમાં છેલ્લા પત્રે તો માધાને એકદમ વિવશ કરી મૂક્યો હતો. એની સામે પ્રશ્ન થઇ પડ્યો કે ઘરનું શું કરવું? શેઠને પગાર વધારવાનું કેમ કહેવાય? આજ ઘણી હિંમત મનમાં એકઠી કરી તે શેઠ પાસે આવ્યો.

એક આરામખુરશીમાં શેઠ પડ્યા હતા. ઉપર વીજળીનો પંખો ફરી રહ્યો હતો. શેઠે ઊંચું જોયું.

"સાલા! અત્યારે ખરે મધ્યાહ્ને કેમ આવ્યો છે?"

માધો ગાળ ખાવાને તૈયારજ નહોતો. શેઠ–નોકરની દશા સિવાય બીજા સંજોગોમાં કોઇએ એને એમ કહ્યું હોત, તો તો એણે તેને બતાવી દીધું હોત. એની આંખો લાલ થઈ ગઇ, છતાં પણ ગાળને ગળી જઇ એ બોલ્યો:

"સાહેબ, મિલમાંથી છૂટ્યો એટલે આવ્યો, મારો પગાર..."

"જા, જા, કામ કર કામ, એક તો કોઈ રાખતું નહોતું અને રાખ્યો ત્યાં તો પગાર વધારાવવા આવ્યો છે, જા માથાકૂટ કરતો."

માધાને મન એ જીવનમરણનો પ્રશ્ન હતો. શેઠને મન એ માથાકૂટ હતી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સા'બ, આપે કહ્યું હતું ને! આટલામાં મારૂં પૂરૂં થતું નથી. મારાં બાળબચ્ચાં..." એની આંખોના ખૂણામાંથી આંસુ બહાર આવવા મથતાં હતાં.

"કહ્યું હતું તે શું છે? હજી કામ કર કામ...બે મહિના થયા અને આ દોડી આવ્યો, બેવકૂફ!"

"મારાં બાળબચ્ચાં..."

"તે અમે શું કરીએ? જા!"

"પણ સા'બ..."

શેઠે મામલો કળી લીધો. એક ક્ષણમાં આખી વાતનો રંગ એણે ફેરવી નાખ્યો: "ગાંડા, જા હવે જોઇશું..."

જો પેટનો ખાડો રોજ રોજ ખાલી ન થતો હોત, તો માધો એક નહિ પણ એવાં એકવીસ 'જોશું' વટાવી જાત. પરંતુ માધાની પરિસ્થિતિ જુદીજ હતી! એક પાડોશીએ દયા આણીને ઘરની સ્થિતિનું બ્યાન આપતો લખેલો પત્ર વાંચતાં એમાંની હકીકતે એનું મગજ ભરી દીધું હતું. એની આંખ સામે પોતાના કુટુંબનો એ કરુણ-ચિતાર આવી ગયો! એની આંખમાંથી જાણે આંસુ છલકાઇ જશે!

"સાહેબ હમણાંજ..."

"જા, ગાંડિયા, એક રૂપિયો વધારાશે, પછી છે કંઈ?"

"સાહેબ! પણ આ કાગળ તો વાંચો." માધાએ શેઠના હાથમાં એ કાગળ મૂક્યો.

શેઠ લાગણીવિહીન હતા. કાગળની અંદરની વસ્તુ એમના મન પર કાંઇ અસર કરે તેમ નહોતું. 'મનોનિગ્રહ,' 'લાગણી પર સંયમ' માટે મથનારાઓ થોડી વાર પણ મૂડીદારોના માનસ તરફ જુએ, તો તેમને ખબર પડે કે, પોતે જેને માટે આટલા ભગીરથ પ્રયત્નો કરે છે, એ એમને કેવા સહજસાધ્ય છે! કાગળ પાછો આપતાં શેઠે કહ્યું: "ત્યારે અમારાથી કાંઇ બધુંજ આપી દેવાય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા તો દુનિયામાં ઘણાયે હોય. અમે કમાયા એ કાંઇ આપી દેવા માટે છે ?"

માધાને આજે દલીલો નહોતી કરવી, રોદણાં પણ નહોતાં રોવાં. એણે નિર્ણય કરી લીધો હતો. આ શેઠ પાસે એ કદી પણ સુખી થઇ શકશે નહિ. એણે રજા માગી.

"શેઠ ! તો પછી મને રજા આપો."

"હેં !" શેઠનો પિત્તો ગયો. એક નોકર આ રીતે બોલે ! 'પગાર વધારો અગર રજા આપો.' એટલે શું ? એમણે ચોખ્ખું પરખાવી દીધું: "નહિ મળે રજા; જા, એમ કાંઇ રજા મળતી હશે ? અવેજીમાં માણસ લાવ."

"સાહેબ ! મને ક્યાં કોઇ અવેજીમાં લાવ્યું'તું ? મારો પગાર આપી દો."

"પગારબગાર એમ નહિ મળે, જાઓ કામ કરો, દરવાન, લે જાઓ ઇસકો."

દરવાન હાજર થયો. માધાનું બાવડું પકડી એ માધાને બહાર ખેંચવા લાગ્યો. શેઠની સન્મુખ હવે એનાથી ઊભા રહેવાય તેમ પણ નહોતું. જતાં જતાં એણે કહ્યું: "સાહેબ, કાલથી કામ પર તો નહિજ આવું."

શેઠ પર એની કાંઇ અસર થાય એમ નહોતું.

(૫)

આખી રાત નોકરી શોધ્યા પછી મુકાદમને અને કારકુનને બબ્બે રૂપિયાનાં ચાપાણી આપવાથી માધાને બીજી મિલમાં નોકરી મળી ગઇ. મુકાદમને 'જોતા રહેવા'ના હિસાબે પગાર અહીં કરતાં ઠીક હતો. માધો કામ પર ચડી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક અઠવાડિયું થયું ત્યાં મુકાદમે હાંક મારીઃ "માધા, માધા રામા." પ્રભાતનો પહોર હતો. સૂરજ આભમાં ચડી રહ્યો હતો. મિલો એના કાન ફાડી નાખે એવા અવાજે ચાલી રહી હતી.

માધો બહાર નીકળ્યો. એના હાથમાં હાથકડી પહેરાવવામાં આવી. માધા પર શેઠની ઘડિયાળ ચોરી જવાનો આરોપ હતો. માધાને પોલીસથાણે લઇ જવામાં આવ્યો. નાનકડું કારખાનું ને નાનકડું રજવાડું, શેઠને કે ઠાકોરને ફાવે તેમ કરે!

એક કલાક સુધી માધા પર ગાળ અને મારનો વરસાદ વરસ્યા કર્યો. એને ઘડિયાળ લીધાનું મનાવવા માંડ્યું; એણે નાજ પાડ્યા કરી. ક્યાંથી હા પાડી શકે? એણે લીધી હોય તો ને? માધાને ઘડીભર એમ થતું કે, હા પાડી દઉં, તો આ મારમાંથી તો બચું! પણ તેમ કરે તો પછી ઘડિયાળ ક્યાંથી લાવી આપવી? લોથ થઇ ગયો ત્યાંસુધી એને માર્યો, પણ એણે માન્યું નહિ.

પરંતુ એના કેસનો આધાર એ માને તે પર ક્યાં હતો? દરવાન અને મુકાદમ સાક્ષી થયા અને એનો કેસ ચાલ્યો!

માધાને એક પણ દલીલ કરવાની નહોતી, એને દલીલ આવડતીયે નહોતી. વકીલ રાખવા જેટલા એની પાસે પૈસાયે ક્યાં હતા? પુરાવા પડ્યા અને માધાને છ માસની સખ્ત કેદની શિક્ષા ફરમાવાઇ!

ચોધાર આંસુએ રડતો માધો કેદખાના તરફ ડગ માંડી રહ્યો. આકાશમાં એક કાળું વાદળું ધસી આવ્યું!

(તા. ૧૮-૧૨-૩૯ના દૈનિક "હિંદુસ્તાન અને પ્રજામિત્ર"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫-મિલની નોકરી

(લેખકઃ-શ્રી. નરેંદ્રકુમાર એમ. જોષી., બી. એ.)

મિલજીવન બહુજ વિષમ છે. કાળી મજૂરી કરીને તન તોડી નાખનાર મિલનો કામદાર રળે છે તેટલુંજ વેડફે છે. સામાન્ય કારકુનના પ્રમાણમાં મિલનો એક કામદાર વધુ કમાતો હોય છે; પરંતુ તેનું એ નાણું મહિના આખરમાં ક્યાં જાય છે, તેની પણ તેને ખબર નથી હોતી. મિલની કામગીરી કરી કોઇ માણસ તાલેવંત બન્યો હોય એવો દાખલો ભાગ્યેજ મળશે. એટલી હકીકત સત્ય છે કે, મિલકામદારને અનેક વ્યસનો હોય છે. તેનું જીવન અનેક કુકર્મોથી ભરેલું હોય છે. તેને તેની નોકરી નિભાવવા માટેજ અનેક અનિચ્છનીય કામો કરવાં પડે છે. તેને ઘરબારની પરવા નથી હોતી, મોડી રાત સુધી એ રખડે છે, દારૂ પીએ છે, તોફાન કરે છે અને લોફરની પંક્તિમાં પહેલા નંબરે આવે છે.

એક વખત એક મિલકામદાર અને એક પોલીસને હોડ બકતા મેં જોયા છે. મિલકામદાર અને સિપાઇ એ બેમાં લોફરપણામાં કોણ ચડે? તેમણે શું પરિણામ કબૂલ કર્યું તે હું નથી જાણતો, પરંતુ એટલું કબૂલ કરૂં છું કે, મિલમજૂરને સિપાઇના જેટલી નોકરીની શિસ્ત કે પરવા નથી હોતી, તેમજ તે કમાય છે પણ વધારે એટલે સગવડતાઓ વડે પોષાઇને વડો શયતાન બનવા ધારે તો મિલમજૂર જરૂર બની શકે.

આવા મિલજીવનના સર્જક, ધુમાડાના ગોટા વડે જીવનમાં અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતમાં અંધકાર ભરી દેનાર મિલની ચીમની અને મિલના આધિષ્ઠાતા કિશોરીલાલ શેઠ અનંત મિલના મેનેજર હતા. તેમની સુંદર શેવરોલેટ ગાડી તેમને નિયમ મુજબ આજે પણ તેમની ઓફિસે લાવી.

અર્ધોએક કલાકને અંતરે બરાબર નવને ટકોરે માધવલાલ શેઠને લઇને મોટર આવી પહોંચી. માધવલાલ શેઠે વેપાર ખેડી ધન-સંચય કરી મિલમાલિક બનીને પ્રતિષ્ઠિત ગૃહસ્થ તરીકે ફરવાની પોતાની મહત્ત્વાકાંક્ષા પૂર્ણ કરી હતી અને અત્યારે તેમના એકના એક પુત્ર કિશોરીલાલને મિલની તાલીમ આપતા હતા, તોપણ બરાબર નવને ટકોરે મિલમાં આવી જવું એ તેમનું રટણ થઇ ગયું હતું. મિલમાં આવીને જરૂર સિવાય એ મોટરમાંથી ઊતરતા નહિ. બાપુજીની ગાડી દેખે એટલે કિશોરીલાલ દોડતા આવતા અને મિલની વ્યવસ્થાને અંગે જે જે વાતચીત, ખુલાસા વગેરે કરવું હોય, તે કરી લેતા અને બાપુજીની ગાડી પાછી વળતી.

અનંત મિલમાં પુરુષો, સ્ત્રીઓ અને બાળકો મળી લગભગ સાડા-ત્રણસો માણસો કામ કરતાં હતાં. કિશોરીભાઇની ઓફિસમાં છ તો કારકુનો હતા. કિશોરી શેઠની ઉંમર ૨૫ ના આશરે હશે. લખપતિ પિતાના એકના એક નબીરા હોવાથી લાંબો અભ્યાસ કરવાની તકલીફ તેમણે લીધી નહોતી. અનંત મિલની ચિંતાનો બોજો પિતાને શિરથી ઉતારી પોતાને શિર મૂકવાની લાયકાત મેળવવા માટે મિલને લગતું ખાસ જ્ઞાન મેળવવાના બહાને તેમણે યુરોપની એક સફર ખેડી હતી, અને બે વર્ષ સુધી અમનચમન ઉડાવી મુસાફરીનો આનંદ માણી, નવી મૈત્રીઓ સાધી, એક પણ ડિગ્રી કે ડિપ્લોમા મેળવવાની તસ્દી લીધા વિના એ અનંત મિલના મેનેજરની ખુરશી દીપાવવા આવી પહોંચ્યા હતા. પાશ્ચાત્ય દેશમાંથી એમણે ઘણું શીખી લીધું હતું અને રહેણીકરણી, ઢબછબ, ખાવાપીવામાં અને એવી એવી રીતે પોતાના અનુભવને એ અમલમાં મૂકતા હતા. સુધારક તરીકે ખપવા મથતા પિતા પુત્રની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બધી લીલા જોઈ મનમાં ને મનમાં મૂંઝાતા. મિલની લગામ તેમણે કિશોરીને સોંપી હતી, તોપણ મેનેજર તરીકેની સત્તાનો ઉપયોગ "બાપુજી"ને પૂછ્યા સિવાય કિશોરીથી થઇ શકતો નહોતો. દરેક મિલમાં કારીગરો ઉપર ધ્યાન રાખવા મુકાદમો હોય છે. પુરુષવિભાગમાં પુરુષમુકાદમો અને સ્ત્રીવિભાગમાં સ્ત્રીમુકાદમો. એકાદ સ્ત્રીમુકાદમના જીવનના ભૂતકાળના થર જો ઉખેડી ઉખેડીને જોવામાં આવે, તો તેના અણુએ અણુમાં સિતમ—નર્યો સિતમ ભરેલો દેખાશે. એ અગ્નિએ એના સ્ત્રીહૃદયને બાળીને ભસ્મ કરી નાખ્યું હોય છે. જિંદગી જીવવી પડેજ એટલા માટે તેને નિભાવવી પડે અને નિભાવવી પડે એટલા માટે એને નિભાવવાનું સાધન શોધવું પડે; અને એ સાધન કઇ જાતનું છે, તે જોવાની એને પરવા નથી હોતી. જીવનની નઠોર ઠોકરો ખાઇને એ એટલી પીઢ બની ગઇ હોય છે કે, પાપ—પુન્ય વચ્ચે તેને મતભેદ નથી. વસ્તુ યોગ્ય હોય એટલે તેનો ઉપભોગ કરવો એ એકજ જ્ઞાન એને હોય છે. પૈસો કમાવામાં સાધનભૂત થઇ શકે તો આત્માને વેચી નાખવામાં તેને જરાય નાનમ નથી. પોતાનું જીવન તો બરબાદ થઈ ગયું હોય, એટલે બીજાનાં જીવનનો વેપાર એ કરે છે. યુવાન અને ભોળી છોકરીઓને પાપ શિખવાડે છે અને પૈસો મેળવવાની લાલચમાં ચઢી જઇ એ છોકરીઓ પાપાચારની ઊંડી ગર્તામાં ડૂબી મરે છે!

મુકાદમસ્ત્રીઓ પોતાની સત્તાની રૂએ નવી છોકરીઓને ડરાવે છે અને નોકરીની ધમકી આપી મનગમતું કામ કરાવે છે. નાનામાં નાના મજૂરથી માંડી મિલમેનેજર સુધી એની નિગાહ પથરાય છે, અને સૌને રાજી રાખવા એ અનેક જાતના અખતરાઓ યોજ્યા કરે છે. આવી દલાલીનો ધંધો કરનારા હશે તે જાણતાજ હશે કે તેમની આવક સારી હોય છે; તોપણ એમને મન ઉદરનિર્વાહનું એ એકજ સાધન શક્ય જણાય છે અને તેથી જો એ દલાલીનો ધંધો છોડી દે, તો ઉદરનિર્વાહનો પ્રશ્ન બહુ ભયંકર દેખાય છે. પરંતુ એમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાળમાં ફસાતી અબળાઓ મૂંગે મોઢે જે સહન કરી લે છે તે ઓછું ભયંકર નથી.

રાજી અંત્યજ કોમમાં જન્મી હતી. સોળ વર્ષની તેની ઉંમરમાં તેણે માબાપનું મોં જોયું હોય તેવું તેને યાદ નહોતું. તે તદ્દન નાની હતી, ત્યારે તેના એક પિતરાઇ ભાઇ ભેગી મૂકીને ઉદરનિર્વાહનું સાધન શોધવા તેનાં માબાપ ગામ છોડીને ગયાં હતાં; પરંતુ ત્યારબાદ તેમના કાંઇજ સમાચાર ન મળવાથી તેમને મરેલાં માની લઇ દસ વર્ષની રાજીને પરણાવી દેવામાં આવી હતી.

રાજીનો ભાઈ અંત્યજશાળાનો શિક્ષક હતો. તેથી રાજીમાં સંસ્કાર અને ભાષા શુદ્ધ હતી. રાજીની ચાલ જાણે કે એક પૂતળું સીધુંસટ ચાલતું હોય તેમ તદ્દન સ્થિર હતી. ઉંમર વધતાં અને યૌવન આવતાં રાજીનું ગૌર બદન રૂપભર્યું જણાતું હતું. તેના પતિ કાનાને અનંત મિલમાં મજૂરી હતી, એટલે પરણ્યા પછી સાસરે આવીને રાજી પણ મિલમાં જવા લાગી. પતિને મદદરૂપ થવાનું સવર્ણો કરતાં પછાત કોમની સ્ત્રીઓ વધુ શીખી છે.

રાજી પહેલેજ દિવસે મિલમાં ગઇ અને એને ગૂંગળામણ થવા લાગી. મરિયમ નામની એક મુકાદમસ્ત્રી મજૂરોને ફાવે તેમ ગાળો ભાંડતી અને અશ્લીલ બોલતી હતી. એણે ઉત્પન્ન કરેલું અશ્લીલ વાતાવરણ રાજીને મોત જેવું થઇ પડ્યું, પરંતુ મિલમાં એવુંજ જીવન હોય એમ સમજીને રાજી મન મનાવી ગઇ. મરિયમ જુવાન છોકરીઓ તરફ પક્ષપાત બતાવતી અને કેટલીક વાર અણછાજતા ચાળાઓ પણ કરતી હતી.

એ સ્ત્રીવિભાગ હતો, તોપણ હેડજોબર અને નાના શેઠ દિવસમાં અનેક વખત ત્યાં આવતા. મુકાદમ સ્ત્રીઓ નાના શેઠને ઘેરી વળતી અને કંઇ કંઈ વાતો કરતી. મરિયમે શેઠને રાજી બતાવી ને શેઠે જાતે રાજીનું નામ, ઠામ અને ગામ પૂછ્યું. જાણે કે પૂર્વજન્મનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહેશાન અદા કરતા હોય તેમ નાના શેઠ કાળજીપૂર્વક રાજીની ખબરઅંતર પૂછવા લાગ્યા અને જતી વખતે મરિયમને રાજીની ખાસ ભલામણ કરતા ગયા.

બીજે દિવસે શેઠ આવ્યા ત્યારે પણ રાજીને ન ભૂલ્યા. રાજીને વધુ સરળ કામ અપાવ્યું, તેની ખબરઅંતર પૂછી અને જતી વખતે મરિયમ પ્રતિ એક ન સમજાય એવો સાંકેતિક દૃષ્ટિપાત કરતા ગયા.

ત્રીજે દિવસે સવારમાં નાના શેઠ વિઝિટે નીકળ્યા ત્યારે તેણે મરિયમને કહ્યું:—

"મરિયમ, રાજીને આજે ઑફિસમાં લાવજે."

બીજી મજૂરણે એ શેઠના ગયા બાદ રાજીની મિઠ્ઠી મશ્કરી કરી. એકે તો નાસ્તો માગવાની ધૃષ્ટતા પણ કરી.

હમેશાં બપોરની કલાકની રજામાં રાજી ઘેર જતી અને રોટલા ઘડી તેના વરને જમાડી પોતે જમી લઇને આવતી રહેતી. આજે તો શેઠે તેને બોલાવી હતી એટલે રાજીએ બધું કામ ઉતાવળથી આટોપી લીધું. તેનો વર હજુ પડ્યો પડ્યો બીડી ફૂંકતો હતો, તેને ઘર સોંપી રાજી મિલ તરફ ચાલી નીકળી.

મરિયમની રાહ જોતી તે મિલના દરવાજા પાસે ઊભી રહી ત્યારે તેના મનમાં અનેક તર્કવિતર્ક થતા હતા. શેઠે તેને શા માટે બોલાવી હશે, તે તેનાથી સમજાતું નહોતું. રાજીને જોઇને ત્યાંથી પસાર થનાર દરેક કામદાર જરાક ચમકતો, કંઇ ચાળા કરતો અગર અસ્પષ્ટ બોલતો જતો.

એટલામાં મરિયમ આવી પહોંચી અને રાજીને લઇ નાના શેઠની ઑફિસને પાછલે દરવાજે ગઇ. શેઠ અંદરજ હતા. રાજીને એકલીને અંદર મૂકી દ્વાર બંધ કરી, મરિયમ બહાર નીકળી ગઇ.

રાજી ગભરાતી ગભરાતી એક બાજુ ઊભી રહી. તેની આંખો જમીન ખોતરી રહી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિશોરી શેઠ તેની નજીક આવ્યા. રાજી અંત્યજ છે, ને પોતે વણિક છે તેનું તેમને ભાન નહોતું. આખુંય જગત તેમને મન કુટુંબ હતું! તેમની વિશ્વબંધુત્વની ભાવના સ્ત્રીને જોઇનેજ ઊછળી આવતી! તેમને મન રાજી ઉચ્ચ કુટુંબની કુળવાન, સુંદર સ્ત્રી હતી. રાજીને ખભે હાથ મૂકીને શેઠ બોલ્યાઃ—

"કેમ રાજી, કામ ફાવે છે ને?"

"જી હા."

"આ મહિને તારો શું પગાર ઠરાવ્યો છે?"

"આઠ રૂપિયા."

"એટલામાં તારૂં શું પૂરૂં થશે? લે આ દસ રૂપિયા. તારે માટે નવાં કપડાંની જરૂર છે. આવાં ફાટેલતૂટેલ કપડાં તારા જેવીને નથી છાજતાં."

શેઠે પાંચ પાંચની બે નોટો રાજીના હાથમાં મૂકી અને થોથરાતાં થોથરાતાં રાજીએ તેને પકડી રાખી.

"તારા હાથમાં બંગડીઓ કેમ નથી?"

"અમે ગરીબ માણસ ન પહેરીએ."

"શા માટે નહિ? તારા હાથ કેવા અડવા લાગે છે? તું બંગડીઓ પણ લેજે."

રાજીએ પ્રત્યુત્તર ન વાળ્યો, એટલે શેઠ બીજા હાથે રાજીની હડપચી પકડી તેનું મોં ઊંચું કરી, તેના રૂપનાં ગુણગાન કરતા બોલ્યાઃ

"રાજી, તું કેટલી રૂપાળી છે?"

રાજીના ગાલ પરથી બીકને લીધે ઊડી ગયેલું લોહી બમણા જોરથી આવ્યું. જાણે કે હમણાં લોહીના ટશિયા ફૂટશે! તે સમજી ગઇ કે શેઠને તેની દયા નહોતી આવતી, પણ તેના સૌંદર્યની દયા આવતી હતી. શેઠની હવસભરી આંખોમાં તેણે શયતાનિયત વાંચી. આખી બાજી એક ક્ષણમાં તેની નજર સન્મુખ ખુલ્લી થઇ ગઇ. તેના ધ્રૂજતા હાથમાંથી નોટો પડી ગઇ. તેની આંખો જરા વિશાળ થઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને રાજી ટટાર બની.

"શેઠજી! મને જવા દો."

"રાજી, તું જાણે છે કે મેં તને શા માટે બોલાવી છે?"

"મને બધુંય સમજાય છે."

"તો ડાહી બની જા. અહીં આવ્યા પછી મારો કર ચુકાવ્યા સિવાય તારાથી નહિ જવાય."

"એ મારાથી નહિ બને."

"તો તારાથી નહિ જવાય." અને રાજીની હડપચી મૂકી દઈ શેઠે તેનો હાથ પકડ્યો.

એકજ ઝાટકે શેઠના હાથને તરછોડી નાખી રાજી બારણા તરફ ફરી.

શેઠ બારણા આડે ઊભા રહ્યા અને બોલ્યા:—

"મારી નોકરી કરવી છે અને મારા હુકમનો અનાદર કરવો છે? તારાથી બિલકુલ નહિ જવાય. જો તું માની જશે તો હું તને ન્યાલ કરીશ; નહિ માને તો તારી અને તારા વરની નોકરી જશે."

"ભલે જાય." રાજી નિશ્ચલતાની મૂર્તિ સમી ઊભી હતી. એની નજર બચાવનો ઉપાય શોધી રહી હતી.

"રાજી, આ લે." શેઠે ખીસામાંથી બીજી બે નોટો કાઢી અને છેલ્લો પાસો ફેંક્યો.

વિફરેલી વાઘણની પેઠે રાજીએ તેના હાથમાંથી નોટો ઝૂંટવી લઇ ફાડી ને ફેંકી દીધી. તે તડૂકી:

"નફટ! આ તારી નોટો!"

હવે શેઠને ખાતરી થઇ કે રાજી કોઇ અજબ નમૂનો છે. સહેલાઇથી એ તાબે નહિ થાય; એટલે બળ અજમાવવાનો નિશ્ચય કરી તેમણે રાજીનો હાથ પકડી સોફા તરફ ઘસડી.

પરંતુ શેઠના કરતાં રાજી સવાઇ નીકળી. તેણે શેઠને એક વખત ધક્કો મારી ભીંત સાથે જડી દીધા. શેઠ અફળાયા, પછડાયા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના મોંમાંથી ધીમી ચીસ નીકળી ગઇ.

ઝપાટાબંધ સમય વર્તી રાજી બારી તરફ ફરી. આંકડી ઉઘાડી બારીની ઉંચાઇની પરવા કર્યા વિના તે બગીચામાં કૂદી પડી.

× × ×

શેઠની ચીસ સાંભળતાંજ બહાર ઊભેલી મરિયમ અંદર આવી. કમનસીબ અને મૂરખ શેઠની આ હાલત જોઇને તે જરા હસી. તેણે ચારે પાસ નજર નાખી. રાજી નાસી ગઇ છે તે તે સમજી ગઇ. જમીન પર ઊડતી પાંચ પાંચ રૂપિયાની બેઉ નોટો તેણે ઊંચકી લીધી અને ત્યારબાદ બહાર નીકળી બૂમ મારી કે "શેઠને કંઇક થઇ ગયું છે."

ઓફિસમાં બેઠાં બેઠાં રાજીને તથા મરિયમને શેઠની પાસે જતાં મેં જોયાં હતાં. એટલે શું બન્યું હશે, તે મારી સમજમાં આવી ગયું. શેઠને છક્કડ મારી જનાર કોઇ સ્ત્રી નહોતી મળી. મારા મનમાં રાજીને માટે એક માનની લાગણી વસી ગઈ. ઊડી ગયેલી પંખિણીને માટે મને આનંદ થયો. સામેના ખૂણામાં તેણે ફેંકી દીધેલી નોટોના ટુકડાઓ ઊડતા હતા.

શેઠને ઊભા કરી સોફા પર બેસાડ્યા. તેમના માથામાં ઘા પડ્યો હતો અને લોહી વહી રહ્યું હતું. તરતજ મોટર બોલાવી શેઠને તેમાં બેસાડ્યા અને ડોક્ટરને બંગલે આવવાનો ટેલિફોન કરી બંગલા તરફ ચાલી નીકળ્યા.

મિલની બહાર દૂર દૂર સડક પર રાજી ચાલી જતી હતી. અમારી મોટરે તેને પકડી પાડી. શેઠને જોઇ રાજી મોં ફેરવી ગઇ.

એક બાજુ શેઠને મોટર દૂર દૂર લઇ જતી હતી, બીજી બાજુ-રાજી પણ મિલથી દૂર દૂર જતી હતી. સદાને માટે અનંત મિલ તે તજી જતી હતી. તેનું શરીર હજુ પણ ધ્રૂજતું હતું, પરંતુ એ શરીરની અંદર રહેલો વિજયી આત્મા તેના અંતરને સંતોષ અને શાંતિ આપતો હતો.

(તા. ૨૨ જુલાઇ ૧૯૩૭ ના "લોહાણાહિતેચ્છુ" સાપ્તાહિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬–હડતાલ

(લેખક:–શ્રી. બકુલેશ)

(૧)

કોણ જાણે શાથી આફતાબની ગરમ રોશનીને પણ ત્યાં નિગાહ કરવાની મનાઇ કરવામાં આવી હતી. તે સાથે હવાની પણ એજ જાતની ફરિયાદ હતી, કે મારે એ જગ્યામાં જવું નહિ–અને જવા દેવામાં આવશે તો ત્યાં ને ત્યાં ગોંધી રાખવામાં આવશે. આમ હવાને પણ એ કંગાલિયતની નાનકડી સખી સમી કોટડીમાં રહેવું પડતું–મુક્ત વિહાર માણવાનાં સ્વપ્ન સેવનારી હવાનો શ્વાસ ઘુંટાઇ જતો–આખરે હવાના પ્રાણ નીકળી જતા. આફતાબ એની મદદે આવે, તોજ તે પોતાનું જીવન બચાવી શકે. હવાને કોઇ પણ જાતની મદદ મળવી ત્યાં અશકય હતી.

એ સ્થળમાં બદસૂરતીએ પોતાની સૂરતને ચમકાવવા પ્રયાસો આદર્યા હતા. કીડા અને ખદબદતા કાદવની સાથે સહચાર સાધવાની ત્યાંના માનવીઓના શ્વાસોશ્વાસને બરાબર ટેવ પડી ગઇ હતી. માનવીના મોંમાંથી બહાર નીકળેલી હવા ખાઈ જીવતાં રહેતાં જીવડાંઓ માટે આ સ્થાન આશીર્વાદ સમાન હતું કે જીવતું દોઝખ હતું એ કહેવું મુશ્કેલ હતું.

એવા એક કંગાલ ઝૂંપડામાં દરિદ્રતાને પોતાની નૃત્યકલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવવાની મરજી થઇ આવી હતી અને ખાસ કરીને તેને તાંડવ-નૃત્ય પર સારો કાબૂ હતો. દરિદ્રતા જ્યારે ત્યાં તાંડવનૃત્યનો ઠેકો આપતી ત્યારે ગરીબાઇ, કંગાલિયત, લોભ, દગો, ચોરી ઇત્યાદિ એ નૃત્યમાં સૂર પૂરવા માટે સાવધાન બની જતા.

એ કંગાલ ઘરને ખૂણેખૂણે કંગાલિયતના ચોપદાર બિરાજતા હતા. એ કોટડીમાં કોઈ જૂના ખંડિયેરમાંથી લાવવામાં આવેલી પાંચ કે છ ઇંટો રાખીને તેને ચૂલાનો આકાર આપવામાં આવ્યો હતો. એની પાસે માટીનો એક નાનકડો અતિશય મેલો ઘડો પડ્યો હતો. અંદર પાણી પણ હતું; ચૂલાની પાસે એક લોઢી પડી હતી. અને પાસે તૂટેલફૂટેલ બીજાં બે વાસણો હતાં. આ બધામાંથી એક કંગાલ કળશિયો પોતાનું વ્યક્તિત્વ ખાસ આગળ પાડતો હતો—એક ખૂણામાં જૂનાપુરાણા જમાનાની એક ઘંટી હતી. પથ્થરનાં બે પડ વચ્ચે લોટ ચોંટ્યો હોય તેમ જણાતું હતું. ત્યાં સફેદ કીડીઓની હારની હાર સવારી કરી રહી હતી. એની પાસેજ એક પતરાના ડબ્બામાં થોડુંક અનાજ પડયું હતું. એમાં બે ત્રણ છાલિયાં જેવાં, વાંસના બનાવેલાં વાસણો પણ હતાં. તેમાં ઘઉં, ચણા, જવ વગેરે અનાજ નજરે પડતું હતું.

એ કોટડીની અંદર કપડાં સૂકવવા માટેની એક વળગણી ઉપર કેટલાંક મેલાં ફાટેલાં કપડાં પણ ટિંગાઇ રહ્યાં હતાં.

પણ ઝૂંપડીમાં ફક્ત એક છ વર્ષની છોકરી અને તેનાથી બે વર્ષે નાના એક છોકરા સિવાય બીજું કોઇ હતું નહિ. તેમનાં શરીર તાપથી જલી રહ્યાં હતાં—તેમના મુખ પર અંગાર ઝળકી રહ્યો હતો.

(૨)

“ આજે પણ હડતાલ છે...” એક કારમો ઘેરો અવાજ આવ્યો.

“શું આજેય હડતાલ ચાલુ છે?” એક કંગાળ જૈફ અને જેના અંગ ઉપર એક ફાટેલા છાયલ વિના બીજું એકે કપડું નહોતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવી એક સ્ત્રીનો અવાજ ફાટી ગયો. એની કમર વાંકી વળી ગઇ હતી. એના બાલ સફેદ બની ગયા હતા. એના મોંમાં દાંત નહોતા એટલે એના અવાજમાં પણ સ્પષ્ટતા નહોતી.

"હા, આજે પણ ચાલુ છે, આઇ!...આરામ કરો."

"ઓહ! આરામ અમારા કિસ્મતમાં ક્યાં છે?"

"કેમ?"

"પણ મારી લક્ષ્મી આજે કામે જવાનું કહેતી હતી તેનું શું?"

"આઇ!.. કામે જવાની વાત મા કરો–જ્યાંસુધી અમારા માલિક લોકો અમારા પગારમાં વધારો નહિ કરે, અમારા બેકાર કામદાર બંધુઓને પાછા કામ પર નહિ રાખે–અરે...જ્યાંસુધી અમારા કામદાર સંઘની માગણીઓને સંતોષશે નહિ ત્યાં સુધી......"

એ જુવાન મજદૂર હતો. મિલનાં કારમાં યંત્રો સાથે એના જોરદાર સ્નાયુઓએ આજે વર્ષોથી યુદ્ધ કરવાનું ચાલુ રાખ્યું હતું–એક વાર તો એક સાફ્ટિંગ તૂટી, ચક્કર ઉપરનો પટો ઊતરી પડ્યો અને એ તમામ લોખંડી સરંજામ અચાનક જુવાન મજદૂર પર તૂટી પડ્યો–ત્યારથી તેનો ડાબો પગ ઘૂંટણ આગળથી ખલાસ થઇ ગયો હતો, એટલે તે લંગડાતાં લંગડાતાં ઘોડી વડે ચાલતો હતો. એ અકસ્માત્માં પેલી જૈફ ડોસીનો જુવાનજોધ દીકરો મોતને ખોળે લાંબી ઊંઘ કાઢી રહ્યો હતો. એ પોતાનું વાક્ય ખતમ કરે તેટલી વારમાં તો પેલી બૂઢીએ વચ્ચેજ ઝુકાવ્યું:

"ત્યારે શું દગડુ!...હજીયે હડતાલ લંબાશે? કાલ માટે ખાવાનું નથી, એનું શું?"

"આઇ! આમ ગભરાવાનું નથી. અમારા માલિક લોકોનો અમે આબાદ સામનો કરવાના છીએ અને અમારી માગણીઓ અમે જરૂર મેળવીશું."

"પણ ભૂખે મરી જઇશું તેનું શું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ભલે ભૂખે મરી જઇએ તોપણ...જ્યારે અમારા પુઢારી લોકોની આજ્ઞા થશે, જ્યારે અમારી માગણીઓ મિલમાલિકો સંતોષશે ત્યારેજ અમે કામ પર ચઢીશું."

દગડુની જબાન તલવાર જેવી તીખી હતી. એની જબાનમાં આશાની આભા ચમકી રહી હતી. એનાં નયનમાં હડતાલની જ્વાલા જલી રહી હતી.

"પણ ભાઇ! દગડુ! આવતી કાલ માટે અમારી પાસે ખાવાનું નથી તેનું શું?"

"મળી રહેશે-હમણાં તેની ગોઠવણ અમારા પુઢારી લોકો કરી રહ્યા છે."

"પણ ભાઇ-મારી લક્ષ્મીના બે બેટા મોતને ખોળે છે...હવે શું કરવું?"

"શું થયું છે?"

"તાવ!...બુખાર!...એનો તો કંઈ ઇલાજ થવો જોઇએ-ને?...એને પિવડાવવા માટે ચા નથી, દૂધ નથી-ખાવાને પાઉંનો ટુકડો નથી!"

તે વૃદ્ધ ડોસી રડી પડી. એની આંખોમાંથી આંસુની ધારા એના ખરબચડા અને કરચલીવાળા ગાલોની ખીણમાં વહી ગઇ...અને તે બેભાન બનવાની અણી ઉપર હતી, પણ દગડુએ એને પોતાના હાથથી પકડી લીધી.

ધીમેથી દગડુએ એ બેશુદ્ધ બૂઢીને પોતાની ગોદમાં ઉઠાવી. લંગડાતો લંગડાતો તે પાસેની ઓરડીમાં આવ્યો, બે તરફડતાં બાળકો ઉપર નજર ફેરવી, બેશુદ્ધ બની ગયેલી બૂઢી આઇના શરીરને તેણે ગુણપાટ પાથરી સુવાડયું.

ચોતરફ અંધારૂં હતું, હવા ગૂંગળાઇ રહી હતી, સખ્ત ગરમીના દિવસો હતા-એટલે ત્યાંનું વાતાવરણ માનવીઓના શરીરને બાફી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યું હતું. જમીનને બદસૂરત કરતી કંગાલિયતથી ભર્યા ખાલી વાતાવરણમાં દગડુની ટેવાઈ ગયેલી આંખોએ આ બે ત્રણ જીવોની અંદર ચેતન આણવા પાણીની શોધ કરી.

"લક્ષ્મિ!...લક્ષ્મિ!..." છોકરીએ તીણી ચીસ પાડી. દગડુ ચમક્યો.

લક્ષ્મી ક્યાં ગઇ હતી?

ફરી પેલી છોકરીએ તાપના સખ્ત આક્રમણનો સામનો કરતાં કારમી ચીસ પાડી.

"ઓહ!......આઇ!...લક્ષ્મિ! કુઠે ગેલી!!...લક્ષ્મી ક્યાં ગઇ?"

(૩)

દગડુના મગજમાં હડતાલના વિચારો ઘોળાતા હતા. પણ આ નવીન પરિસ્થિતિથી એના મિજાજને વિષાદના ચક્કરમાં ફસાઇ જવું પડયું હતું.

એણે ધીમેથી કહ્યું:

"લક્ષ્મી હમણાં આવશે—હં..."

—અને તેણે પાણી શોધવા માટે વૃથા પ્રયાસ કર્યો—તે બહાર ગયો. ફૂટેલા ઘડામાંથી તે પાણી ભરી લાવ્યો અને તેણે બૂઢી 'આઇ'ના મોં ઉપર પાણી છાંટયું. થોડી વાર પછી એની વૃદ્ધ આંખો અંધારામાં જોવા લાગી.

"ભાઈ! દગડુ! હડતાલ ચાલુ રહેશે?"

"હા, આઇ! કામદારોનો વિજય છે."

"લક્ષ્મી આવી?"

"મા, લક્ષ્મી ક્યાં ગઇ છે, મા?" દગડુએ પૂછ્યું.

"ભાઇ! આ બે બાળકો મોતને આંગણે સૂતાં છે. કોણ જાણે તેમનું શું થશે? એને શું ખાવાનું આપીએ?...ઘરમાં ટીપું દૂધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી કે ચા પણ આપીએ!"

"હું લઇ આવું?" દગડુએ વચ્ચેજ પૂછયું."

"તું?...કયાંથી લઇ આવીશ, અરે...બેટા?" આઇએ પૂછયું. "લક્ષ્મી તો બહાર ગઇ છે."

"ખાવાનું અને દૂધ લેવા ગઇ છે?" દગડુએ પૂછયું.

"હા, એ એક શેઠને ત્યાં વાસણ માંજવાનું પરચૂરણ કામ કરવા ગઇ છે-એમાંથી થોડાક આના મળશે એટલે આ છોકરાં બચશે."

(૪)

દગડુએ તૂટેલા ઘડામાં હાથ બોળીને પોતાનો ઠંડો હાથ ગંદી અને ફાટેલી ગોદડીમાં પોઢેલાં બે મજદૂર બાળકોના કપાળ પર ફેરવ્યો, પણ લોખંડની લોઢી પર જેમ પાણીની છાંટ પડે અને છમ્-મમ્ અવાજ થાય તેવો અવાજ તાપથી ધગધગતા દગડુના શરીર પર પાણીભીના હાથથી થયો.

બાળકો તરફડતાં હતાં, તાવ એકદમ વધતો જતો હતો.

"દગડુ!......તારે હડતાલની સભામાં જવું હતું ને?"

"હા, આઇ! ..આજે અમારા કામદાર-મેદાનમાં કામદારો-ની સભા છે. કામદારો કોઈ પણ સંજોગોમાં કામ પર ચઢવાના નથી. હડતાલનો તેમનો નિશ્ચય મક્કમ છે. અમે ભૂખે મરી જઇશું, અમારા બૂરા હાલ થશે, અમારૂં ગમે તે થાય તોપણ હડતાલ ચાલુ રહેશે. અમારા પુઢારીઓનું અમને ફરમાન છે."

"આજે સભા છે?"

"હા."

"તો તારે જવું છે?"

"મારે જવું તો જોઇએ, પણ આઇ! તને આવી સ્થિતિમાં મૂકીને જાઉં? મને બરાબર યાદ છે કે, તમારો દીકરો પાંડુ મારી સાથે હારોહાર મિલમાં કામ કરવા આવતો-મારી નજરોનજર એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષ્મી સાથે પરણ્યો–અને પછી જુઓને, આ મારો પગ ગયો...તે વખતે મિલમાં જે અકસ્માત થયો હતો તેમાં તે ખલાસ થઇ ગયો. ઓહ! કેવું કારમું!! ભયંકર!......"

"દગડુ! બોલ મા, એ વાતથી મારૂં હૈયું ફફડી ઊઠે છે. તારી એ મિલે મારા દીકરાને ભરખી લીધો છે અને મારી વહુને વિધવા બનાવી છે.–મારાં બાળકો નબાપાં બન્યાં છે! અને આજે ફરી વાર મારા બે નાનકડા બેટાને ભરખી લેવા એ કમજાત ગોઝારી મિલે એનું ભયંકર ડાચું ફાડયું છે! ઓહ! તું જા–દગડુ!...ભાઈ, જા...મારાં બાળકોનું જે થવાનું હશે તે થશે! પાડોશી તરીકે તેં તારી ફરજ બરાબર બજાવી છે, બાપુ!"

અને ડોસી જમીન પર ફસડાઇ પડી. એની આંખોમાંથી ફરી આંસુ વહેવા માંડયાં. એના રડવાના કરુણ સ્વર કંગાલ કોટડીની ચાર દીવાલ વચ્ચે ઘુંટાઇ રહ્યા.

એજ વખતે છોકરાએ તીણી–વેદનાની કારમી ચીસ પાડી:

"આઇ?"

(૫)

દગડુ ચાલીમાં આવ્યો. સંડાસ આગળ આવેલા કઠેરા આગળથી એણે રસ્તા તરફ નજર નાખી. હજારો મિલમજદૂરો રસ્તા ઉપર "લાલ વાવટો" લઇને કૂચ કરી રહ્યા હતા: તેમના મોંમાંથી

"લાલ વાવટાચા...
......વિજય અસા–"
"ભાંડવણ શાહીચા–
......નાશ અસા–"

એવા શબ્દો નીકળી રહ્યા હતા.

હજારો કામદારોનું એ સરઘસ આગળ વધી રહ્યું હતું. ચોતરફ ધાંધાટ હતો. અપૂર્વ હાહાકાર વચ્ચે, મજદૂરોની એ માનવમેદની આગળ વધતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અમે હડતાલમાં મક્કમ છીએ"ના પોકારો વચ્ચે મિલકામદારોનું એ સરઘસ આગળ ને આગળ વધતું જતું હતું.

દગડુએ એ સરઘસ જોયું. તે અપૂર્વ ઉત્સાહ અને આવેગથી આગળ વધતું હતું. ધોરી રસ્તા ઉપર ટ્રામ અને મોટરગાડીઓ ચાલી રહી હતી. એ સરઘસ ધોરી રસ્તાને મળે તેને હજી થોડીક વાર હતી.

દગડુની નજર પડી : દૂર દૂર !-ત્યાં મોટા રસ્તા આગળ કાયદો અને વ્યવસ્થામાં ખલેલ ન પડે એ માટે પોલીસ અને સાર્જન્ટો હાથમાં લાઠી લઇ ખડા હતા-કંઈક ટંટોફિસાદ થાય તો વ્યવસ્થા જાળવવાની તેમની ઇચ્છા તેમનાં મુખ પર તરવરતી હતી. છતાંયે સરઘસ આગળ વધતું ચાલ્યું-મિલોની હારમાળા પાછળ આફતાબ આશ્રય લેતો હતો-અંધારાની ચાદર બિછાવાની તૈયારી ચાલી રહી હતી.

એજ વખતે સરઘસ ધોરી રસ્તા પર આવવાની તૈયારીમાં હતું.

તરતજ સત્તાવાળાનો હુકમ છૂટ્યો:

"આગે મત બઢો!"

કામદારબંધુઓના કાન ઇરાદાપૂર્વક બહેરા બન્યા હતા. તેઓએ આગળ ચાલવા માંડયું.

"નેતા લોકોને પકડો!"

તરતજ સત્તાવાળાઓએ વ્યવસ્થા કરી નાખી, પણ કામદારોમાં એવડો ઉત્સાહ આવ્યો. તેઓ આગળ વધ્યા. માનવસમુદાય વધુ ને વધુ ઘેરો બનવા લાગ્યો-.

"ભાંડવણ શાહી ચા......નાશ અસા" "સાર્વત્રિક સંપાચા ......વિજય અસા-" ની ગગનભેદી ગર્જના ગાજી રહી.

એજ વખતે દગડુથી રહેવાયું નહિ. તે દાદર પરથી નીચે ઊતર્યો અને સરઘસમાં ભળ્યો.

કામદારોમાં તે માનીતો હતો-જોતજોતામાં તે સરઘસને મોખરે આવી પહોંચ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરઘસે આગેકૂચ શરૂ કરી.

આફતાબ મિલોની ઈમારતોની પાછળ ડૂબી ગયો હતો.

હાહાકાર કરતું, ગર્જના કરતું સરઘસ આગળ વધ્યું.

કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સત્તાવાળાઓએ એ આગળ વધતા સરઘસને અટકાવ્યું. દગડુ એ અટકાયતનો ભોગ બનવાની અણી ઉપર હતો; પણ જ્યાં સત્તાવાળા ઊભા હતા, તે દિશામાંથી એક મરાઠી કામદારસ્ત્રી ઉતાવળી ગતિએ સરઘસ તરફ આવી રહી હતી. એના હાથમાં એક લોટો હતો અને એક પડીકું હતું.

દગડુની નજર તેની ઉપર પડી: "લક્ષ્મિ! ઓહ! એનાં બે બાળકો મરણ પથારીએ પડ્યાં છે!"

દગડુને થયું કે તે તેને મદદ કરે. તે આગળ વધ્યો.

"લક્ષ્મિ!..." તેણે બૂમ મારી. "જલદી આવ–આ બાજુ."

પણ સરઘસ તો આગળ વધતુંજ ચાલ્યું.

"રૂક જાવ!"

"પીછે હઠો!"

"હઠો–નીકલો!" ના સત્તાવાહી શબ્દો નિરર્થક વાતાવરણની મશ્કરી કરી રહ્યા હતા.

અને પછી તો નિરુપાયે લાઠી ચાલી...અને......

"લક્ષ્મિ! ઓ લક્ષ્મિ!" કહેતાંકને દગડુ આગળ વધ્યો, પણ લાઠીનો એક ફટકો વચ્ચે આવતી લક્ષ્મી પર પડ્યો અને તે જમીન પર ફસડાઇ પડી. લંગડા દગડુએ લંગડાતાં લંગડાતાં તેને ઊંચકી અને પોતાના એક દોસ્તને બૂમ મારી:

"દાદુ!......જરા અહીં આવને—"

એક જુવાન કામદારે દગડુની સૂચનાને માન આપ્યું.

"લક્ષ્મીને તું ઉપાડ... અને આ ગિરદીમાંથી બહાર નીકળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘર તરફ—"

ઇઠુએ લક્ષ્મીને ખભે ઊંચકી; દગડુ તેની પાછળ પાછળ લંગડાતો લંગડાતો ગયો.

ચાલીનો દાદરો મહા મુશ્કેલીએ ચઢી ઘવાયલી લક્ષ્મી પોતાની અંધારી કોટડી આગળ આવી. હજીયે એના હાથમાં લોટો હતો, પણ તેમાં દૂધ તો માત્ર થોડુંકજ હતું. હજીયે તેની પાસે પડીકું હતું, તેમાં પાઉં હતો. માથામાંથી વહી જતા લોહીને દબાવવાનો પ્રયાસ કરતાં તે બોલી:

"આઇ! મારા માથામાં લાઠી......"

"ઓહ!..."

"તુકારામ-પારુ"-તેણે પોતાના નાનકડા દીકરા તુકાને અને દીકરી પાર્વતીને બોલાવ્યાં.

અને તેણે બાળકો માટે આણેલા પાઉંનું પડીકું છોડયું; પણ તે તો ભર ઊંઘમાં-અનંત ઊંઘમાં હતાં. દગડુએ તેમના માથા પર હાથ મૂકયા-બંનેનાં માથાં બળતાં હતાં, પણ શરીર ટાઢુંબોળ બનતું જતું હતું. તરતજ દગડુએ નાડ હાથમાં લીધી.

"લક્ષ્મિ!...એ મરી ગયાં—"

આઇની આંખમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં હતાં. લક્ષ્મીના માથામાંથી લોહીની ધારા વહી રહી હતી. દગડુ લંગડાતો લંગડાતો સરઘસમાં આગળ જવા માટે દાદરો ઉતરતો હતો.

બહાર ટોળામાં "મામલો" વધુ ગંભીર સ્વરૂપ લેતો જતો હતો.

"ભાંડવલ શાહી ચા...નાશ અસા—સાર્વત્રિક સંપાચા વિજય અસા—"

એ કોલાહલમાં આઇ અને લક્ષ્મીના રડવાનો કરુણ અવાજ ક્યાંયે અલોપ થઈ જતો હતો......

(તા. ૧૩-૫-૩૪ ના "પ્રજામિત્ર કેસરી" સાપ્તાહિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭–શહેરની કમાણી!

(લેખકઃ-શ્રી. ભાનુશંકર દવે)

રાત્રે આઠ વાગે ઓચિંતા મારે ઘેર ધનિયો, એની મા, રામજી અને બીજાં બે જણ આવી ચઢયાં.

"આ...અમારૂં લખત કરી આપો." રામજીએ કહ્યું.

"શાનું લખત?" મેં પૂછ્યું.

"આ ધનાને અમદાવાદ આવવું છે." રામજીએ કહ્યું.

"કોઇ રીતે ધનો કામે લાગતો હોય તો...કંકુ કાકીને નિરાંત થાય. ને અમે રામજીને કહીએ છીએ કે એ ધનાને એની સાથે લેતો જાય, ને કાળજી રાખીને કામ શિખવાડી દે." સાથેના એક જણે કહ્યું.

ધનો કંકુનો એકનો એક છોકરો હતો. એનો બાપ એને ત્રણ વરસનો મૂકીને ગુજરી ગયેલો. ધનાને કંકુએ ઉછેરીને મોટો કરેલો. શરૂઆતમાં એમની આર્થિક સ્થિતિ કંઇક ઠીક હતી, પણ આવક કંઇ નહિ હોવાથી ધીમે ધીમે રહી સહી જમીન પણ દેવામાં જતી રહી હતી.

ધનાને પહેલેથીજ કોઇનો દાબ નહિ હોવાથી, એ રખડુ અને આળસુ થઈ ગયો હતો અને હમણાં હમણાં તો કંઇક કુછંદે ચડી ગયો હતો. આથી આડોશીપાડોશી સૌ ધનાને રામજી સાથે અમદાવાદ મોકલવાની કંકુને સલાહ આપવા લાગ્યાં. આવી રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનાને એકલો છૂટો મૂકવાનું કંકુને ગમતું નહોતું. આડોશીપાડોશી સૌની સમજાવટ અને રામજીના આગ્રહથી તેણે કચવાતે મને હા પાડી; કારણકે કંકુ ના પાડે છતાંય ધનો એનાથી રોકાય એમ પણ રહ્યું નહોતું. રામજી પાસેથી અમદાવાદનાં આકર્ષણોની વાતોએ એને ઘેલો બનાવ્યો હતો. મિલોનાં ભૂંગળાં અને સંચા, નાટક ને સિનેમા, સભાઓ અને સરઘસો વગેરેની વાતો સાંભળીને એ અમદાવાદ જોવા તલપાપડ થઇ રહ્યો હતો. રામજીના કહેવા પ્રમાણે મેં લખત લખ્યું.

"તા.......થી...તા......સુધી દસ મહિના માટે અમદાવાદની મિલમાં કારીગર તરીકે સાથે રાખી કામ શીખવવા માટે રામજી મોહન પોતાની સાથે ધના ભગવાનને લઇ જાય છે. ધનાની ખાધા-ખોરાકી, લૂગડાંલત્તાં, ભાડુભથ્થું બધું રામજીને શિરે રહેશે. ઉપરાંત તેને ૧૦ મહિના પૂરા થયે રૂા. ૫૦) અંકે રૂપિયા પચાસ પૂરા રોકડા આપશે. ધનો જો ૧૦ મહિનાની ઠરાવેલી મુદત પહેલાં છૂટો થવા માગશે, તો જેટલા દિવસ સાથે રહ્યો હશે તેટલા દિવસનું માસિક રૂા. ૧૦) પ્રમાણેનું ખાધાખર્ચ આપવું પડશે..............વગેરે."

મેં ધનાને તથા કંકુને વિગતથી લખત સમજાવ્યું અને સાક્ષી તરીકે મારી સહી કરી આપી.

સહી તો કરી પણ આ વાત મને ગમતી તો નહોતીજ, એટલે છેલ્લે છેલ્લે પણ મારાથી બોલ્યા વિના રહેવાયું નહિ: "સારૂ, ધનો જાતો હોય તો ભલે જાય, પણ અમદાવાદની કમાણી કોણે ખાધી છે? કંઇક લાવે તો વૈદ-દાક્તરને જાય છે."

"પણ ધનાને કાયમ ક્યાં અમદાવાદ રહેવું છે? કંઇક ગાંઠે થાય તો થયું. પછી થોડીઘણી જમીન ગમે ત્યાંથી મળી રહેશે." સાથેના એકે કહ્યું.

"વિવાહ થઇ જાય એટલું કમાઇ આવે તો બસ. પછી અમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાવાદનું મોં નથી જોવું." કંકુકાકી બોલ્યાં.

"અમદાવાદથી અહીં આવીને કોઇએ ખેડ કરી જોઇ છે?" મેં પૂછ્યું.

રામજી અને તેના સાથીઓને મારી વાત ગમી નહિ. તેમણે સૌએ ચાલતી પકડી. તે સૌના બોલાવવા છતાં કંકુકાકી પાછળ રહ્યાં અને ધીમેથી મને કહ્યું: "શું કરું? મને તો ઘણુંયં ગમતું નથી, પણ ધનો હવે મારું માનતો નથી. અહીંયાં ક્યાંય કામે જતો નથી. પટેલ સાથી રહેવા કહેતા'તા. મેં ઘણોય સમજાવ્યો પણ કે' ના! મારે તો અમદાવાદ જાવું છે."

"જાવા દો. છ મહિના રહી આવશે તો ઠેકાણે આવી જશે."

આખરે ધનો અમદાવાદ આવ્યો. ઘરથી લાંબા વખત માટે બહાર કે ઘણે દૂર જવાનો એને આ પહેલોજ પ્રસંગ હતો; એટલે શરૂઆતમાં તો એને નવુંનવું જોવાની મજા પડી. મોટરોની ધમાલ, ઝાકઝમાળ રોશની, શહેરમાં બજારો ને તરેહવારના માલથી ખીચો-ખીચ ભરેલી દુકાનો વગેરે જોઇને એણે શહેરી જીવનનાં કંઇ કંઇ સ્વમાં ઘડી રાખ્યાં. પોતે જ્યારે કમાઇને ઘેર જશે, ત્યારે બજારમાં-થી કઇ કઇ વસ્તુઓ ખરીદી જશે, તેની એણે ગણતરી કરવા માંડી.

એ દિવસ પછી રામજી ધનાને મિલમાં લઇ ગયો. રાક્ષસી સાંચા, ચાલુ ધણધણાટ, સેંકડો મજૂરો, અવનવી ભાતનું તૈયાર થતું કાપડ વગેરે ઘડીક તો ધનાને અદ્ભુત જેવું લાગ્યું, પણ જ્યારે આખો દિવસ સાંચાઓ વચ્ચેજ કામ કરવાનું છે, એજ ચાલુ ધણધણાટ, વિચિત્ર હવાનો ગૂંગળાટ એ બધાથી ટેવાઇ જવાનું છે, એની એને સમજણ પડી ત્યારે એની અદ્ભુતતા ચિંતામાં ફેરવાઇ ગઇ.

રામજીએ એને કામની સમજણ આપવા માંડી. થોડા દિવસમાં તો ધનો નાનીનાની ભાંગતોડ પોતાની મેળે સમારતો થઇ ગયો.

ફ. ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમેધીમે કરતાં રામજીએ બધું કામ ધના ઉપર છોડી દીધું. ધનો બોલાવે અથવા તેનાથી ન થઇ શકે એવું હોય એટલુંજ રામજી કરતો. રામજી પેશાબપાણીને બહાને વારંવાર .બહાર જતો, ત્યારે સાંચા પણ ધનાને સંભાળવા પડતા. ધનો તો બહાર જઇ શકતોજ નહિ. ધીમે-ધીમે ધનાને સમજાવા લાગ્યું કે, તે અમદાવાદમાં મોજ માણવા આવ્યો નથી પણ કેદખાનામાં ફસાઇ પડ્યો છે. ધનો મૂંઝાય નહિ તે માટે રામજી કાળજી રાખતો, છતાં પહેલાં સદાય આનંદી રહેતો ધનો ધીમે ધીમે ઉદાસ જણાવા લાગ્યો. તેનું સુગઠિત શરીર ધીમે ધીમે સુકાતું ને ફિક્કું પડતું ચાલ્યું. રામજીને ઘેર ખાવાપીવામાં, સૂવાબેસવામાં તે એક કુટુંબના માણસ જેવોજ ગણાતો; પણ ગામડાના જુદાજ વાતા-વરણમાંથી આવતા ધનાને અહીંનો ખોરાક, સાંકડી ઓરડી, ગંદી ચાલી, દાખલ થતાંજ ઊલટી થાય એવાં પાયખાનાં, ઘેરઘેર માંદગી વગેરે જોઇને આખું વાતાવરણ નિરાશામય લાગવા માંડ્યું.

અમારા ગામમાં ટપાલ અઠવાડિયે બે વખત આવતી. ટપાલના બંને વારે કંકુ ટપાલની રાહ જોઈ બેસી રહેતી. બે વારા ખાલી જતાં ગમગીન ચહેરે તે મારી પાસે પત્ર લખાવવા આવતી. પત્રમાં ધનાને સાચવીને રહેવાની શિખામણ, રામજી અને તેની વહુ ઉપર ધનાને જાળવવાની ભલામણ અને વહેલી તકે પત્રનો જવાબ આપવાની વાત મુખ્યત્વે રહેતી.

કંકુના આવા બેત્રણ કાગળો પછી ધનાનો એક કાગળ આ-વતો. તેમાં "મને અહીં બહુ મજા પડે છે, રામજીભાઇ મને ખૂબ સાચવે છે, મારૂં શરીર બહુ સારૂં છે, તમે કાંઈ ફિકર કરશો નહિ" વગેરે વાતો મુખ્યત્વે રહેતી; ઉપરાંત ધનો ગામમાં તેનાં બધાં સગાંવહાલાં, જૂના ભાઈબંધો તથા મને પોતાને ઝાઝા હેતથી રામરામ લખાવતો.

દસ મહિના પૂરા થવા આવ્યા. ધનાને કામ તો બરાબર આવડી ગયું પણ તેનું શરીર અરધું થઇ ગયું, તેનો ચહેરો તદ્દન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફિક્કો પડી ગયો. થોડા દિવસથી તેને સખ્ત ઉધરસ થઇ આવી હતી. આ અરસામાં રામજીએ ધનાની ઉંમરનોજ એક નવો કારીગર શોધી કાઢયો હતો. ધનાની મુદત પૂરી થતાં રામજીએ તેને રૂા. ૫૦ ગણી આપ્યા અને ધનાને બદલે હવે નવો કારીગર મિલમાં જવા લાગ્યો. ધના મારફત રામજીએ કેટલી કમાણી કરી હતી તે ધનો જાણતો હતો. દર હપ્તે પગાર રામજીના હાથમાં સોંપી દેવો પડતો. રામજી તેને તેમાંથી ચારછ આના પરચૂરણ વાપરવા આપતો અને એટલાથીજ તેને સંતોષ માનવો પડતો.

ધનો તો હવે અહીંથી છૂટવા માગતો હતો. એને તો જલદી ઘેર પહોંચી જવું હતું; પણ રામજીએ તેને સમજાવ્યો: "થોડા મહિના રોકાઇ આડીઅવળી લાગવગ લગાડી તને સાંચા અપાવી દઇશ. કાયમ થયા પછી એકાદ આંટો ઘેર જવું હોય તો જઇ આવજે."

ધનાને વળી કમાણીનો લોભ લાગ્યો. થોડા દહાડામાં રામજીએ જોબરને ધના પાસેથી રૂપિયા ૩૦ અપાવી એને રાતપાલીમાં બે સાંચા અપાવ્યા. આ રૂપિયા ૩૦ ઉપરાંત દર પગારે પણ કાંઇક આપવાની શરત હતી.

ધનો હવે કામે જવા લાગ્યો, પણ રાતપાલીમાં તેનું શરીર વધારે બગડયું. ખાંસીની સાથે ઝીણો તાવ લાગુ પડ્યો. પેટનો દુખાવો પણ રહેવા લાગ્યો. મહિના દિવસમાં તો તે સાવ પથારીવશ થઇ ગયો. મિલમાં જવાનું બંધ થઇ ગયું. આખરે રામજી તેની સાથે આવીને તેને ઘર તરફ જતી ટ્રેનમાં બેસાડી ગયો.

ધનો ઘેર આવ્યો. એની હાલત જોઇને કંકુ તો ગભરાઈ ઊઠી. લોકોએ ચીંધ્યાં તેટલાં ઓસડવેસડ કર્યાં. પેટે ડામ દેવરાવ્યા. કાને સાંભળેલાં બધાં દેવદેવીઓની કાંઇ ને કાંઈ બાધા રાખી. દોરાધાગા કર્યા, પણ ધનાની ખાંસી કે પેટનો દુખાવો મટ્યાં નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંકુ પણ હવે ક્યાય રોજીએ જઇ શકતી નહિ. ધનાએ આણેલા ૨૦-૨૫ રૂપિયા પણ વપરાઇ ગયા. ઘરમાં કાંઈ રહ્યું નહિ.

એક દિવસ રાત્રે કંકુ મારે ઘેર આવી. ભીની આંખે અને દયાર્દ્ર અવાજે સાડલામાં સંતાડેલી પિત્તળની કથરોટ બતાવી મને કહ્યું: "ભાઇ! આના ઉપર બે રૂપિયા આપશો?"

"કેમ?" મેં પૂછ્યું.

"ઘરમાં હવે આ એક દામડું રહ્યું છે!" કહી કંકુ નીચે બેસી રડી પડી.

તરતજ પાછળ પાડોશીનો છોકરો દોડતો દોડતો આવ્યો: "કંકુમા, ઝટ ઘેર હાલો! હાલો ઝટ!" કંકુ હાંફળીફાંફળી ઊઠી. મેં તેની કથરોટમાં બે રૂપિયા મૂકયા અને હાથથીજ કથરોટ ઉપાડી લેવા સૂચવ્યું. કંકુ એકદમ પાછી ચાલી ગઇ.

થોડી વાર પછી જોસથી રડવાકૂટવાનો અવાજ સંભળાવા લાગ્યો.

સૌ કોઇ અમદાવાદની કમાણી ઉપર નિઃશ્વાસ નાખી રહ્યું હતું.

("સર્વોદય" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮—નવો અવતાર

(લેખકઃ—શ્રી. કાશિક)

હેમચંદ શેઠ શહેરના આગેવાન ધનિકોમાંના એક હતા. સાત પેઢીથી એ કુટુંબ પૈસાદાર હોવાથી ખાનદાન ગણાતું. કુટુંબની મૂડીમાં હેમચંદ શેઠે પોતે એક કરોડ રૂપિયાનો ઉમેરો કર્યો હતો એવી લોકવાયકા હતી. શેઠ જાતજાતના વેપાર કરતા. અમદાવાદ, મુંબઈ ને નાગપુરમાં એમની મિલો ચાલતી, ગુજરાત કાઠિયાવાડ-માં એમનાં જિન અને પ્રેસો ચાલતાં. બંગાળામાં એક શણની મિલ ચાલતી. તાજેતરમાં એક ખાંડનું કારખાનું પણ વેચાતું લીધું હતું અને ઝરિયાની કોલસાની ચારપાંચ ખાણોમાં પણ તેમનો ભાગ હતો. આ ઉપરાંત હેમચંદ શેઠ સોનાચાંદીનો સટ્ટો કરતા, રૂની ગાંસડીઓની લેવડદેવડ કરતા, પરદેશી કંપનીઓની આડત કરતા અને પોતાની આસપાસ અનેક વ્યાપારી પ્રવૃત્તિઓ ખડી કરતા.

શહેરમાં હેમચંદ શેઠનાં માનઆબરૂ સારાં હતાં. એમના ચારિ-ત્ર્ય વિષે કોઈને ટીકા કરતા કદી સાંભળ્યા નથી. નિરંતર વેપારમાં ગૂંથાઈ રહેતા શેઠ ધર્મધ્યાન વિષે વિચાર કરવા બહુ સમય ફાજલ ન પાડી શકે એ સમજાય તેવું છે, પરંતુ વર્ષે એકાદ વાર ગરી-બોમાં કાપડ વહેંચી કે કોઇ મંદિરમાં પાંચદશહજાર રૂપિયા ભેટ ધરી શેઠ પોતાના કુટુંબની આબરૂ અખંડ રાખતા. સાચી વાત તો એજ હતી કે, શેઠને વેપાર સિવાય કોઇ બીજી વાતનો વિચાર સરખો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાની ફુરસદજ નહોતી. દુનિયાનો ખ્યાલ પણ એ વેપારની પરિભાષામાંજ કરતા. જો ભાવ ઊંચા હોય, કારખાનાંની ઉત્પત્તિ માટે માગ ઠીક હોય, નફાનું પ્રમાણ મનમાન્યું હોય, બેન્કનો વ્યાજનો દર સારો હોય, બજાર તેજ હોય તો હેમચંદ શેઠ માને કે દુનિયા સુખી છે, સમૃદ્ધ છે, સ્વર્ગ પૃથ્વી ઉપર અવતર્યું છે. રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ઊથલપાથલને લીધે જેટલે અંશે વેપાર પર અસર થાય તેટલેજ અંશે એ જગતના બનાવોની નોંધ લેતા. જુદા જુદા રાજકીય પક્ષોની પ્રવૃત્તિ એ એમને મન વેપારીના મિત્રો કે દુશ્મનોની પ્રવૃત્તિ સમ બની રહેતી. એમણે કોઇ કોઈ વાર ઉચ્ચારેલા વિચારોનો જો કોઇ સંગ્રહ કરે તો એમાંથી એક વાત નીકળી આવે—"દુનિયાનાં દુઃખો રાજદ્વારી આગેવાનોની બિનઆવડતને પરિણામે ઉત્પન્ન થાય છે. જો બધી સત્તા વ્યાપારી મંડળને સોંપવામાં આવે તો જગત સુખી થાય." કોઇએ એમ માનવાની ભૂલ ન કરવી કે હેમચંદ શેઠ વિચારક હતા અથવા તો પોતાની આ માન્યતાના પ્રચાર માટે વ્યાપારી મંડળો સ્થાપી પોતાના વિચારોનો પ્રચાર કરતા. રાજદ્વારી વિચારોના પ્રચારના 'તૂત'માં એ કદી પડતા નહિ; એમને એ માટે ફુરસદજ નહોતી.

હેમચંદ શેઠનું કૌટુંબિક જીવન પણ એ પ્રકારનું હતું કે, એમની પ્રવૃત્તિઓને કશી નડતર ન આવે. શેઠાણી પાંચ વર્ષ પહેલાં ગુજરી ગયાં હતાં ત્યારથી શેઠ એકલવાયી જિંદગી ગાળતા. એમનો પુત્ર અત્યારે છ વર્ષનો થયો હતો; એ ઉપરાંત કુટુંબમાં કોઇજ નહોતું. અનેક માણસોએ શેઠને ફરી લગ્ન કરવા સમજાવ્યા હતા; પરંતુ શેઠ એ જાળમાં ફરીથી સપડાવા ઇચ્છતા નહોતા. નરસિંહ મહેતાને વિષે કહેવાય છે કે, એમનાં પત્ની ગુજરી ગયાં ત્યારે એમણે ગાયું હતું કે, "ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ." હેમચંદ શેઠને શ્રીગોપાળની તાલાવેલી તો નહોતી લાગી, પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ની ગુજરી જતાં ચોવીસે કલાકની જે નિરંકુશતા મળી—વેપારને અંગેની તન્મયતામાં રહેલું એકનું એક વિઘ્ન દૂર થયું એથી શેઠના મનને ભારે નિરાંત થઈ. શેઠાણી જીવતાં હતાં ત્યારે એમને બહુ ગૂંચવણ પડતી. કોઇ વાર શેઠ તાતા સ્ટીલના પ્રેફરન્સ શેર વિષે, કે સરકાર તરફથી નીકળનાર ૩ા ટકાની લોન વિષે વિચાર કરતા હોય અને શેઠાણી આવીને પૂછે: "ત્યારે નવીનને લઇને થોડા દિવસ માથેરાન જઇશું ? દાક્તર કહે છે કે એને એકાદ મહિનો બહારગામ લઈ જવાની જરૂર છે......" ગરીબ બિચારા હેમચંદ શેઠ! એમનાં પત્ની શું સમજે કે એ મનમાં લાખોના લેખાં કરતા હતા ? હેમચંદ શેઠ આવું કાંઇક બને ત્યારે બહુજ મૂંઝાઇ જતા ને તુરતજ કપડાં પહેરી ચાલવા માંડતા. શેઠાણી ગુજરી જતાં શેઠને નિરાંત થઇ કે, હવે એમની અને એમના કાર્યક્ષેત્રની વચ્ચે કોઇ પ્રકારની રૂકાવટ નથી. બાળકને એમણે એક વૃદ્ધ તથા કુશળ શિક્ષકને સોંપી દીધો, એને માટે નોકરચાકરની પૂરતી જોગવાઇ કરી. પિતા તરીકેનું એમનું કર્તવ્ય પૂરું થયું. બાળકને દરરોજ પા કલાક શેઠ પાસે આવવાની છૂટ હતી. દરરોજ સવારમાં જ્યારે નવીન એના પિતા પાસે જાય ત્યારે શેઠ એની સાથે થોડી વાતો કરે, એને માથે હાથ ફેરવે, એની જરૂરિયાતો પૂછે ને કોઇ વાર હેતનો ઉમળકો આવી જાય તો ખોળામાં બેસાડે. પા કલાક પૂરો થાય એ પહેલાં તો નોકર આવીને છોકરાને લઇ જાય. આ ઉપરથી કોઇ એમ ન માને કે શેઠ માયાળુ કે હેતાળ નહોતા. જેમ કોઇ કળાકાર સંધ્યાના માયાવી રંગો પીંછીમાં ઉતારવામાં મસ્ત બની બૈરીછોકરાં પ્રત્યે બેપરવા બને કે, કોઇ વૈજ્ઞાનિક અમુક તત્ત્વની શોધ માટે ભૂખ ને તરસનો ખ્યાલ છોડી મંડ્યો રહે, એજ રીતે હેમચંદ શેઠને વેપારની ધૂન હતી. એટલે એમના દિલમાં બીજી કશી બાબતનો અવકાશજ નહોતો. હેમચંદ શેઠનું આ ધમાલમય જીવન એમના મૃત્યુ સુધી ચાલુ રહ્યું હોત, પરંતુ એક નજીવા અકસ્માતને લીધે એમને જીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યે નૂતન દૃષ્ટિ મળી, એમના બધા વિચારોમાં ભારે પરિવર્તન થયું. હેમચંદ શેઠ જાણે નવો અવતાર પામ્યા.

દરરોજના નિયમ મુજબ એક દિવસ સવારે જ્યારે નવીન શેઠ પાસે ગયો, ત્યારે એ ખૂબ આનંદમાં હતો. એના તંદુરસ્ત મોં પર નિર્દોષ હાસ્ય અને સંતોષની ઊર્મિ હતી. શેઠને પણ એના નિખાલસ હાસ્યનો ચેપ લાગ્યો ને એમણે કુતૂહલને લીધે બાળકના આનંદનું કારણ પૂછ્યું. નવીને આશ્ચર્ય બતાવી સામો સવાલ કર્યો: "બાપુજી! માસ્તર કહેતા હતા કે, આજે મારી વરસગાંઠ છે, તમે ભૂલી ગયા?" શેઠ બિચારા ડિપોઝિટ પાકવાની જુદી જુદી તારીખો યાદ રાખે કે નવીનની વરસગાંઠ? શેઠે પોતાનું અજ્ઞાન છુપાવવા મોટેથી હસી કાઢ્યું ને ખુશીમાં આવી જઇ નવીન માટે કોઇ ખાસ ભેટ લાવવાનું વચન આપ્યું. નિર્દોષ બાળક ખુશી થતો થતો ચાલ્યો ગયો. પોતે આપેલું વચન રખે ભૂલી જવાય એ ડરથી, એમણે તુરતજ મોટર-ડ્રાઇવરને બોલાવી કહી દીધું કે, સાંજે ઘેર આવતી વખતે નવીન માટે ભેટ લાવવાનું યાદ આપે. નિત્યનિયમ મુજબ શેઠ પાછા પોતાની પ્રવૃત્તિમાં ગૂંથાયા.

સાંજના શેરબજારમાંથી પાછા ફરતાં ગાડીવાને શેઠને યાદ કરાવ્યું કે, "નવીનભાઇ માટે આપ કાંઇક લઈ જવાનું કહેતા હતા, એટલે શેઠ વિચારમાં પડ્યા. નવીન માટે શું લઇ જાઉં? હીરાની વીંટી, કાંડાઘડિયાળ, રમકડાં, ચિત્રો, શું લઇ જવું? તેમણે પોતાનું નાનપણ સંભારવા પ્રયત્ન કર્યો, પરંતુ વર્ષો પછીનો એ પ્રયત્ન નિષ્ફળ નીવડ્યો. શેઠને પ્રથમ વાર લાગ્યું કે, બાળકના જીવનમાં પોતે જોઇએ એટલો રસ લેતા નથી; તેથીજ બાળકને શું ગમશે એ સમજાતું નથી. શેઠનું મન વિચારચગડોળે ચઢ્યું. બાળક પ્રત્યેની પોતાની ફરજ પોતે પૂરેપૂરી અદા કરે છે, એમ એમને લાગ્યું નહિ. મનમાં થોડી ગ્લાનિ પણ થઇ. મરહૂમ શેઠાણી યાદ આવ્યાં. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિચારી બાળક ઉપર કેટલી મમતા રાખતી, એ યાદ આવ્યું ને હેમચંદ શેઠ ગળગળા થઇ ગયા. ઘડીભર વ્યાપારી જગત ભુલાઇ ગયું. શેઠને ઘણા વર્ષે આજ પ્રથમ વાર પુત્ર પ્રત્યે પ્રેમ લાગ્યો. છોકરા પર સાચી મમતા થઇ. એમણે રમકડાંવાળાની દુકાને ગાડી લેવડાવી. ભારેમાં ભારે કિંમતનાં રમકડાંથી ગાડી ભરી કાઢી. ડ્રાઇ-વરને પણ આશ્ચર્ય થયું કે, આજે શેઠ કોઇ નવીજ ધૂનમાં લાગે છે.

ઉતાવળે મોટર લેવાની સૂચના કરી શેઠ ઘેર આવવા નીકળ્યા. ગામના ગંદા ભાગો છોડી મોટર વાલકેશ્વરને માર્ગે વળી અને શેઠને બંગલે આવી ઊભી રહી. શેઠ છલંગ મારી નીચે ઊતર્યાં ને બૂમ મારીઃ "નવીન! જો તારે માટે કંઇ લાવ્યો!" પણ શેઠે જ્યાં બંગલાના અંદરના ભાગમાં નજર કરી ત્યાં કાંઇક નવોજ અનુભવ થયો. નવી-નની આયા એક બાજુ બેસી રડતી હતી. રસોઇયો સૂનમૂન બેઠો હતો, નોકર ભોંય ખોતરતો એક બાજુ ઊભો હતો. શેઠ અંદર આવ્યા એટલે નોકર તેમની સામે આવ્યો ને રડતા અવાજે બોલ્યોઃ "શેઠસાહેબ! ભાઇ જડતા નથી. બહાર આયાની સાથે ફરવા ગયા હતા ત્યાંથી ખોવાઇ ગયા છે. આપને ઓફિસે ટેલિફોન કર્યો તો આપ પણ નીકળી ગયા હતા. પોલીસને ટેલિફોનથી ખબર આપી છે ને મુનીમજી તથા માળી તપાસ કરવા ગયા છે." શેઠ તો આ સમા-ચાર સાંભળી થંભીજ ગયા. એક ક્ષણમાં હજાર તર્કવિતર્કો થવા લાગ્યા. "છોકરાને કોઇ ઉઠાવી ગયું હશે? મોટર નીચે કચરાઇ ગયો હશે? જીવતો પાછો મળશે?" આયા સામે નજર ગઇ એટલે એમનો ગુસ્સો ઊછળી આવ્યો. શેઠે દોડીને એનો હાથ પકડ્યો ને તને હલાવી નાખી. "બોલ, બોલ, ઓ દુષ્ટા, મારા છોકરાને તું ક્યાં મૂકી આવી? એમ કેવી રીતે ખોવાય? તું ક્યાં મૂઇ હતી."

બાઇ બિચારી શું કરે? છોકરો બીજા બેચાર છોકરા સાથે રમતો હતો એ તકનો લાભ લઇ એ ઘડી વાર સામેના બંગલાના નોકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે ગપ્પાં હાંકવા બેઠી હતી. દશ મિનિટ પછી પાછી ફરી ત્યારે કોઇજ મળે નહિ. ચારે બાજુ તપાસ કરી પરંતુ કશો પત્તો લાગ્યો નહિ.........."

શેઠ તુરતજ મોટરમાં બેઠા ને પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટને બંગલે ઊપડયા. બેસતાં બેસતાં એક રમકડાને પગની ઠોકર લાગી ત્યારે તો શેઠ માટે મન પર કાબૂ રાખવો ભારે થઇ પડયો. મનુષ્ય પાસે જ્યાસુધી કોઇ વસ્તુ હોય ત્યાંસુધી એને તેની કિંમત નથી સમજાતી. એ ચીજ લઇ લેવામાં આવે ત્યારેજ એ તેની અગત્ય સમજી શકે છે. શેઠના દૈનિકજીવનમાં નવીનનું સ્થાન નજીવું હતું, પરંતુ આજે એકાએક શેઠને થયું કે, એમના જીવનમાંથી નવીનને ઝૂંટવી લેવામાં આવે તો શું રહે? સુપ્રિન્ટેન્ડન્ટને બંગલે જતાં જતાં તેમને આવા અનેક વિચારો આવ્યા. તેમની નજર સમક્ષ નવીનનો મોટર નીચે કચરાયેલો ને લોહી–ખરડાયેલો દેહ તરવરવા લાગ્યો. અનેક અમંગળ શંકાઓ થવા લાગી. નવીન વિષે કોઇ દિવસ જેટલો વિચાર શેઠે નહિ કર્યો હોય તેટલો આજે થયો. શેઠના મનનો ભાર વધી પડયો. શેઠ સુપ્રિન્ટેન્ડેન્ટના બંગલાનાં પગથિયાં એકશ્વાસે ચઢી ગયા. શેઠનું નામ સાંભળી સુપ્રિન્ટેન્ડન્ટ તુરતજ આવ્યા. એમની વાત સાંભળી એક ઓર્ડરલીને બોલાવ્યો તથા બધી પોલીસચોકીએ સુપ્રિન્ટેન્ડન્ટના નામથી છોકરા વિષે ટેલિફોન કરવાની સૂચના આપી. શેઠે ચેકબુક કાઢી તુરતજ રૂ. ૨૦૦૦)નો ચેક લખ્યોઃ "સાહેબ! મારો એકનો એક છોકરો છે, ગમે તે ખર્ચ કરો, મારો દીકરો મને લાવી આપો." ભલા સુપ્રિન્ટેન્ડેન્ટે ચેક પાછો આપી શેઠને આશ્વાસન આપ્યું અને પોતે પોતાની મોટર તૈયાર કરાવી તપાસ માટે નીકળ્યા. શેઠ લથડતા પગે મોટરમાં પાછા ફર્યા, ને બંગલે ગયા. શેઠને પોતાનો વિશાળ બંગલો પણ આજે ભયંકર ભાસવા લાગ્યો ને એમની ગમગીની ઓર વધી પડી. શેઠ કેટલાં વર્ષે આજે ગળગળા થઈ ગયા ને મુક્તકંઠે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોયા. શેઠને એક વાર સોનાના સટ્ટામાં ૫૦ લાખની ખોટ ગઇ ત્યારે પણ તેમને આટલો ખેદ નહોતો થયો. એમનાં પત્ની ગુજરી ગયાં ત્યારે પણ શેઠને રડતા કોઇએ નહોતા જોયા. હાથમાં ટેલિફોન લઇ દશ દશ મિનિટે એ પોલીસ ઓફિસમાં પૂછવા લાગ્યા, પરંતુ કશાજ સમાચાર મળ્યા નહિ. સુપ્રિન્ટેન્ડન્ટે એમને ટેલિફોન કરી ખાતરી આપી કે, "બનતા લગી બે કલાકમાં ખબર મળી જશે. દરેક પોલીસ ચોકી પરથી એકેક માણસ શહેરમાં તપાસ કરવા નીકળી પડ્યો છે. રૂા. ૧૦૦૦) નું ઇનામ જાહેર કર્યું છે, માટે ના હિંમત ન થતા." શેઠના મનમાં ફરી ફરીને એકજ વિચાર આવતો: "કદાચ છોકરો નજ મળે તો ?" આ વિચારની ભયંકરતા દૂર કરવા શેઠ ઘણો પ્રયત્ન કરતા, પરંતુ એમનો વિચાર બમણા વેગથી ચાલતો. રાતના આઠ થયા, સાડાઆઠ થયા, નવ થયા; પરંતુ કશાજ સમાચાર ન મળ્યા ! મુંબઇને લત્તે લત્તે વાત પહોંચી ગઇ, છાપાવાળાએ હજાર રૂપિયાના ઇનામની જાહેરાતનાં ચોપાનિયાં શેરીએ શેરીએ પહોંચાડી દીધાં, પણ નવીનનો પત્તો ન મળ્યો.

સાડાનવ વાગે સુપ્રિન્ટેન્ડેન્ટનો ટેલિફોન આવ્યો: "શેઠ સાહેબ, આપનો દીકરો મળ્યો છે. એક માણસ આવીને જણાવે છે કે આપનો દીકરો એને ઘેર છે, વર્ણન બરાબર મળતું આવે છે. છોકરો ઊંઘી ગયો છે. તમે આવો એટલે આપણે એની સાથે જઇએ." શેઠ પોલીસ અધિકારીનો આભાર માનવાનું પણ ભૂલી ગયા ને પહેરેલે લૂગડે બહાર દોડ્યા. શોફર તો મોટર તૈયાર રાખીનેજ બેઠો હતો.

કલાકના ૬૦ માઇલની ગતિએ શેઠ જેકબ સર્કલ પોલીસ ચોકીએ ગયા. બહાર બાંકડા આગળ એક ચીંથરેહાલ માણસ બેઠો હતો; એનો એક હાથ ઠૂંઠો હતો. શેઠ આવ્યા એટલે એણે બીજા હાથમાં બીડી હતી તે ફેંકી દઇ સલામ કરી. શેઠ પાસે જઇને સમાચાર આપ્યા: "તમારો દીકરો મારે ઘેર છે, બાપુ ! મારા પૂંજિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેગો રમતો રમતો આવ્યો હશે. મેં પૂંજિયાને ધમકાવ્યો કે, 'આ સારા માણસનું છોકરૂં આપણે ત્યાં ક્યાંથી?' ત્યારે ઇણે કીધું કે 'ઇ તો સડક આગળ ઊભો ઊભો રોતો'તો ને મારા હાથમાં નગારી હતી ઇ જોઇને મારા ભેળો આવ્યો. મેં એનું ઘર પૂછ્યું તો કાંઇ જવાબ આલ્યો નહિ ને હારે હારે આવ્યો........'"

શેઠને આ બધું સાંભળવાની ફુરસદ નહોતી. એ તો તુરત પાછા સુપ્રિન્ટેન્ડન્ટ સાથે મોટરમાં બેઠા. પૂંજિયાના બાપ વીરાને પણ ડ્રાઇવર આગળ બેસાડી દીધો.

વીરો રસ્તો બતાવતો ગયો એમ મોટર આગળ ચાલી, મહાલક્ષ્મીનો પૂલ ઊતરી. થોડે દૂર વીરાએ મોટર ઊભી રાખવાનું કહ્યું: "શેઠ સા'બ અહીં રસ્તો સાંકડો છે ને બધા ખાટલા નાખીને સૂતા હશે એટલે હેઠે ઊતરવું પડશે!" શેઠે અંધારિયા રસ્તામાં એક નજર નાખી ને નીચે ઊતર્યાં. દશ ફૂટના સાંકડા રસ્તાની બન્ને બાજુ સામસામી ઓરડીઓની હાર હતી. રસ્તા પર ગંધાતા પાણીનાં ખાબોચિયાંમાં ખાટલા ઢાળી મિલમજૂરો દિવસભરનો થાક ઉતારતા હતા. એક ઓશરીમાં ચારપાંચ જુવાનિયા ચોપાટ રમતા હતા. ડ્રાઇવર વીજળીની ટોર્ચ લાવ્યો, એના અજવાળે અજવાળે શેઠ આગળ ચાલ્યા. દુર્ગંધથી ઊલટી થાય એવું શેઠને થઇ ગયું. ચાલતાં ચાલતાં પગ પાણીમાં પડે ત્યારે સૂગ આવવા લાગી. મિલમજૂરો આવી ચાલીઓમાં ને આવી દુર્ગંધમાં રહેતા હશે એની શેઠને કલ્પના પણ નહોતી. બત્તીના અજવાળાથી કેટલાક કૂતરા ખાટલા નીચેથી નીકળી ભસવા લાગ્યા ને કેટલાક સૂનારા પણ જાગી ઊઠ્યા. એક નળ નીચે એક બાઇ નહાતી હતી, તેણે ઉતાવળે ઉતાવળે કપડાં પહેરી લીધાં. પાંચેક આવી શેરીઓ વટાવ્યા પછી તેઓ એક ઘર આગળ આવ્યા. ઘરની ઓશરીમાં એક બકરી બાંધી હતી ને પડખે એક કૂતરૂં પડ્યું હતું. વીરાને જોયો એટલે કૂતરૂં પૂંછડી પટપટાવવા મંડ્યું. વીરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બારણાને વાસેલી સાંકળ ઉઘાડી ને દીવાસળી સળગાવી ગોખલામાં પડેલી મીણબત્તી ચેતાવી. ડ્રાઇવરની ટોર્ચથી એ અંધારિયા ઓરડામાં પ્રકાશ પડચો. ઓરડામાં એક ખાટલા પર ફાટીતૂટી ગોદડી પર એક ફાટેલું ધોતિયું પાથર્યું હતું ને એના પર બાળકો સૂતાં હતાં. મોટો બાળક નાના બાળકને ગળે હાથ ભેરવી એનો વાંસો પસવારતો હોય એમ સૂતો હતો. બન્નેના મોં પર પરસેવો બાઝચો હતો. બન્ને શાંત નિદ્રામાં પડચા હતા.

શેઠ પોતાનો બાળક પાછો મળેલો જોઈ હર્ષઘેલા થઈ ગયા. તેઓ દોડીને એને વળગી પડત, પરંતુ સુપ્રિન્ટેન્ડન્ટે એમનો હાથ ઝાલી રાખ્યો. "શેઠ! બાળક નકામું જાગી જશે તો ચમકશે, એ ભલે ઊંઘે. એને તેડીને મોટરમાં સુવાડી દો." શેઠને સુપ્રિન્ટેન્ડેન્ટની વાત વાજબી લાગી. ખાટલા પાસે બેસી એમણે બે મિનિટ સુધી બાળક સામું ટગર ટગર જોયા કર્યું; પોતાના ધોતિયા વડે એનો પરસેવો લૂછી નાખ્યો ને રૂમાલથી જરા પવન નાખ્યો.

શેઠ પોતાના બાળક તરફથી પેલા બીજા બાળક તરફ ફર્યા. એનો તંદુરસ્ત ચહેરો, શાંત નિર્દોષ મુખમુદ્રા, ઉન્નત કપોળપ્રદેશ જોઇ રહ્યા અને પોતાના બાળકનો જાણે તે રક્ષક હોય એવી અદાથી સૂતેલો જોઇ એના પ્રત્યે પણ એમને મમતા પેદા થઇ. શેઠ આસ-પાસનું દારિદ્રય ને દુર્ગંધ ઘડીભર વીસરી ગયા. વીરાનો હાથ પકડી એને ઓસરીમાં લઇ ગયા. વીરાએ એક કોથળો નાખી દીધો એ પર બેઠા. શેઠે સુપ્રિન્ટેન્ડેન્ટનો અત્યંત આભાર માની, એમને જવાનું કહ્યુંઃ "હું થોડી વાર બેસી બાળકને લઇને જઇશ અને આવતી કાલે આપને મળીશ." સુપ્રિન્ટેન્ડેન્ટ અંધારામાં માર્ગ શોધતા ચાલ્યા ગયા.

શેઠે વીરા સાથે ધીમે સાદે વાત કરવા માંડી—ઉતાવળે બોલતાં રખે બાળક જાગી જાય! વીરાની વાત બહુ ટૂંકી હતી. વીરો પહેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક મિલમાં કામ કરતો હતો. એક વાર સાંચાનો પટો ચઢાવતાં એનો હાથ આવી ગયો. એ વખતે તો પૈસા મળવાનો કાયદોયે નહોતો. હાથ તૂટી ગયા પછી મિલમાં કામ ન મળ્યું. પરચુરણ મજૂરી પણ કોઇ વાર મળે. હમણાં થોડાં વર્ષથી એ શાકભાજી વેચતો ને પરાણે પૂરું કરતો. બે વર્ષ પહેલાં એનો ભાઈ મરી ગયો, ત્યારે આ છોકરો સોંપતો ગયો; "એને પાળીપોષી મોટો કરું છું; કચરાનાં રમકડાં બનાવી એને વેચવા મોકલું છું ને હું શાકભાજી વેચું છું. આજે નવ વાગે હું ઘેર આવ્યો ત્યારે પૂંજાએ મને તમારા છોકરાની વાત કહી. મને ફાળ પડી કે ગરીબ માણસને ત્યાંથી છોકરું મળ્યું એવી વાતની ખબર પડશે તો પોલીસ પૂરી દેશે એટલે હું તરત ચોકીએ ખબર કહેવા ગયો ને પછી તમને અહીં તેડી લાવ્યો." શેઠ વીરાની વાત સાંભળી રહ્યા. એમની નજર સમક્ષ સેંકડો કારખાનાંમાં ચકદાતાંપિસાતાં અનેક વીરાઓનાં દૃશ્ય ખડાં થયાં. નિરાધાર અને અનાથ બાળકો શેરીમાં રઝળતાં હોય ને પોતાનો નવીન પણ એ પૈકીનો એક હોય એવો ચિતાર આંખ સામે આવી ઊભો. શેઠ આ કલ્પના સહી ન શક્યા. એમનું મન અત્યારે જૂના ચીલા છોડી નવા વિચારો કરવા લાગ્યું હતું. અમેરિકન રૂના ભાવનો ટેલિફોન આવવાનો વખત થવા આવ્યો હતો, પણ આજે શેઠને એ વાત યાદ આવતી નહોતી. શેઠની આંખનાં પડળ ખૂલી ગયાં હતાં. એમણે ઊઠીને વીરાનો ખભો થાબડ્યો. આંખમાં આંસુ સાથે એનો ઉપકાર માન્યો: "ભાઇ! તેં આજે મારો છોકરો બચાવ્યો છે, એટલુંજ નહિ પણ મને નવો રસ્તો બતાવ્યો છે. મારા કરોડો રૂપિયા કેમ ખર્ચવા એ તેં મને શીખવ્યું છે. તારી આ ગંધાતી ચાલી જોઇને મને શરમ આવે છે. અમે નફો કરવા ખાતર મિલો ચલાવીએ છીએ, તે માટે ગામડેગામડેથી નવલોહિયા જુવાનોને નોતરીએ છીએ, એમની મહેનતથી અમે લાખોકરોડો રૂપિયા કમાઇએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે શાહીબાગ ને વાલકેશ્વરના બંગલાઓમાં લહેર કરીએ છીએ ને તમને મિલના ગંધાતા પાણીની ગટરો છૂટતી હોય ત્યાં અંધારા ઘોલકામાં રાખીએ છીએ. પ્રભુ અમારો પાપનો પૈસો અમને નહિ પચવા દે!"

× × ×

ગામલોકો વાતો કરે છે કે, હેમચંદ શેઠ ગાંડા થઇ ગયા છે, એમણે વેપારધંધો છોડી દીધો છે, પોતાની મિલો વેચી દીધી છે, એ હવે શૅરબજારમાં પણ જતા નથી. એમની મિલકતનું એમણે જાહેર ટ્રસ્ટ કર્યું છે; ફક્ત બે લાખ રૂપિયા એમણે નવીનના નામ પર ચઢાવ્યા છે, બાકીની બધી મિલકત એમણે ટ્રસ્ટમાં રોકી છે. મુંબાઇ અમદાવાદનો કોઇ પણ અનાથ કે ગરીબ બાળક એ ટ્રસ્ટ મારફત મદદ મેળવી ઇચ્છા હોય ત્યાંસુધી ભણી શકે છે. દરેક બાળકને તે ગમે તેટલો ગરીબ હોય છતાં પણ ધનિકના બાળક જેટલોજ અભ્યાસ, કેળવણ તથા સંસ્કારની તક મળે એ આ ટ્રસ્ટનો હેતુ છે. એ ટ્રસ્ટ તરફથી મિલમજૂરોની ગંધાતી ચાલીઓ ખરીદી લેવાય છે અને મજૂરો માટે અનુકૂળ જગાએ સ્વચ્છ, સુઘડ અને હવાઉજાસવાળાં મકાનો બને છે.

આજે પણ હેમચંદ શેઠ પહેલાં જેટલાજ પ્રવૃત્તિશીલ રહે છે; પરંતુ એ પ્રવૃત્તિ અન્ય પ્રકારની છે.

(મે-૧૯૨૬ ના "સર્વોદય" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯-એ આવાઝ !

(અપ્ટન સિન્કલેરના "ધી જંગલ" માંથી)

(૧)

તમે મારી વાતો સાંભળશો અને કહેશો કે, "એ બધું સાચું છે, પણ એમ હમેશાં બનતું જ આવ્યું છે." અથવા તમે એમ પણ કહેશો કે, "તમે કહો છો એવો વખત આવશે, પણ અમારા જીવન દરમ્યાન નહિ, એટલે અમને એનાથી કશો ફાયદો થવાનો નથી." અને એમ કહીને તમે તમારી હમેશની મજૂરી કરવા, ધનભંડારની કૂંચી જેમના હાથમાં છે તેમની સરાણ પર તમારૂં જીવન ઘસવા પાછા ચાલ્યા જશો.

દિન પર દિન જીવન-કલહ વધારે ને વધારે ભયંકર બનતો જાય છે. દુનિયાની ગતિ વધારે ને વધારે પ્રાણઘાતક બનતી જાય છે. રોજ ને રોજ તમારી મજૂરી વધારે સખ્ત બનતી જાય છે. સંયોગોના દૈત્યનો પંજો તમારી ગરદન ફરતો વધારે ને વધારે ભિડાતો જાય છે. મહિનાઓ અને વરસો એમ ને એમ ચાલ્યાં જશે. પાછા ફરી વાર તમે મારી પાસે આવશો અને ફરીથી હું આંસુ ઝરતા અંતઃકરણથી તમને પૂછીશ: "કહો, કહો, ગરીબી અને કંગાલિયત હજીયે તમને નિચોવે છે ? અન્યાય અને જુલમ હજી પણ તમને કચડી રહ્યા છે ?"

હું તો એ શુભ દિવસની રાહ જોયા કરીશ. મારે માટે તો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિવાય બીજો માર્ગ છેજ નહિ. એવું જંગલ ક્યાં છે કે, જ્યાં છુપાઇને આ બધી વેદનાએ હું ભૂલી જાઉં ? એવું સ્વર્ગ ક્યાં છે કે, જ્યાં જવાથી આ બધી વાતોથી હું પર બની શકું ? પૃથ્વીના છેડા ઉપર દોડી જાઉં, તો ત્યાં પણ આ ગોઝારી વસ્તુસ્થિતિની આણ વર્તતી જણાય છે. હું જાણું છું કે, માનવજાતિની ઉન્નત અને સુંદર ભાવનાએ, કવિઓનાં સ્વપ્નાં અને શહીદોની વેદનાએ એ સર્વે આ વ્યવસ્થિત રીતે યોજાયેલ અને સર્વશક્તિમાન રાક્ષસીતંત્રના બેડીબંધ ગુલામો બની ગયા છે.

(૨)

એટલેજ આજે મારે આરામ ન હોય, મારાથી મૌન ન સેવાય, મારે તો સુખ અને સગવડને દૂર ફેંકી દેવાંજ જોઇએ. જીવન નિચોવીને, આબરૂ બરબાદ કરીને, આલમના ચોગાનમાં ઊભા રહીને, મારી અંતરની વેદનાનાં ગીતો મારે ગાવાંજ જોઇએ. ગરીબી અને માંદગી, તિરસ્કાર અને અપમાન, ધમકી અને મશ્કરી, બેડીનાં બંધનો અને રિબામણીએ, એમાંથી કોઈ વસ્તુ મારી જબાનને રોકવા સમર્થ નથી.

હું આજે નિષ્ફળ થઇશ તો કાલે ફરી પ્રયત્ન કરીશ. હું સમજીશ કે કદાચ મારામાંજ રહેલી ખામીને લીધે હું ફતેહ પામતો નથી; પણ મને શ્રદ્ધા છે કે, મારા આત્મામાં જે નૂર ભરેલું છે, તે જો એક વાર માનવજાતિની નજરે પડે, મારી હારજીતની આંતર–પીડાએ શબ્દો મારફત માનવીએ સાંભળે, તો એનામાં મતમતાંતરોની મજબૂત દીવાલો તોડી નાખવાની અને નિર્બળમાં નિર્બળ માનવીઓમાં કાર્યપ્રેરણા કરવાની તાકાત છે. વધારેમાં વધારે અશ્રદ્ધાવાનને પણ એ શરમાવશે. સ્વાર્થની દીવાલોને એ ધ્રુજાવશે. હાંસી કરવાની તાકાત એ હરી લેશે. દંભ અને જૂઠાણું ઘડીભર ટકશે નહિ. ફક્ત એક સત્ય–સનાતન અને નિર્ભેળ સત્ય પ્રકાશી રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બધું હું શા માટે કહું છું? હું આ બધું કહું છું, કારણ કે કરોડો મૂંગા માનવબંધુઓનાં અંતરની વાત હું શબ્દોમાં પોકારૂં છું. જેઓ જુલમના પગ નીચે કચરાય છે અને આશ્વાસનનો એક પણ શબ્દ કદી સાંભળતા નથી, એમની વતી હું પોકાર કરૂં છું. જેમના જીવનમાંથી માનવતા નિચોવાઈ ગઇ છે, આરામ અને આઝાદી જેમણે ગુમાવી નાખ્યાં છે, જેમને માટે દુનિયા એક કેદખાનું, અંધારકોટડી, કસાઇખાનું, જીવંતી કબર સમાન બની ગઇ છે, એમની વતી હું મારા અંતરના ઉદ્‌ગાર કાઢું છું.

કાપડ વણવાની મિલમાં કોઈ નાનો બાળ અત્યારે મજૂરી કરી રહેલ હશે, થાકથી એનું મગજ ભમતું હશે, વેદનાથી એનાં અંગેઅંગ તૂટી જતાં હશે, અને કબરની ખાક સિવાય બીજો કશો આઝાદીનો માર્ગ એને સૂઝતો નહિ હોય; એવા બાળવતી હું બોલી રહ્યો છું.

કોઈ અંધારા કાતરિયામાં, નાનકડી મીણબત્તીના પ્રકાશમાં થાકેલી અને આંસુ સારતી, કોઇ માતા પોતાનાં બાળકોની ભૂખ ભાગવાની ફરજનો ચાબુક પીઠ પર સતત પડી રહેલો હોવાથી પારકાં કપડાં સીવી રહી હશે; એવી માતાવતી હું બોલું છું. ચીંથરેહાલ બિછાના પર છેલ્લી માંદગીનાં તરફડિયાં મારતા અને પોતાનાં વહાલુડાંઓને નિરાધાર છોડી જતા કોઈ માનવીની વેદના હું દર્શાવું છું. આ ભયંકર નગરની શેરીઓમાં, તરછોડાયેલી અને ભૂખી, કૂટણખાનું અને આપઘાત વચ્ચે પસંદગી કરવા ધકેલાયેલી કોઇ જુવાન બહેનના અંતરની વાણી હું વ્યક્ત કરૂં છું.

ધરતીના વિશાળ પટ પર લોભ અને તૃષ્ણાથી ધકેલાતો, સત્તા અને મદથી હંકાતો જગન્નાથનો રથ, એનાં ભયંકર ચક્રો નીચે હજારો માનવી જેવા આનવીઓને કચડી રહ્યો છે. એ ચક્રોના બલિઓને ઉગારવાનો કોઇ માર્ગ નથી. એમને માટે આઝાદીનો રાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાતો નથી. એમના વતી—એમના આત્મામાં રહેલી માનવતાની વતી હું સાદ કરું છું.

ખાસ કરીને હું શ્રમજીવીઓની વતી બોલું છું. હું જે વાતો કહું છું એ એમને માટેની લાગણીમાંથી જન્મતા આવેશભર્યા ઉદ્‌ગારો નથી. તે તો એમને હંમેશાં અને હરઘડી કચરતી અને નિચોવતી ભયંકર અને ઝનૂની સમાજ રચનાનો ચિતાર છે. એમનાં અંગેઅંગ ઉપર એનો ભરડો વીંટાયેલો છે. એમની પીઠ પર એનો ચાબુક સતત ચાલુ છે. એમના આત્મા પર એની બેડીઓનાં બંધનો ચૂડ ભરાવી રહેલાં છે.

(૩)

સાંભળો, તમારામાં જેઓ શ્રમજીવીઓ છે, જેઓ મજૂરો છે, તેઓ બરાબર સમજો. તમે આ દેશને સમૃદ્ધ બનાવવામાં પૂરો હિસ્સો આપેલો છે, છતાં તમને એની રાજ્યસભાઓમાં સ્થાન નથી. બીજાઓ જેનાં ફળ આસ્વાદી રહ્યા છે, એવાં ઝાડ તમારે તો ફક્ત રોપીને ઉછેરવાનાંજ છે. અને એના બદલામાં તમને એકાદ પશુ કરતાંયે વધારે નહિ એટલી મજૂરી મળે છે. એક પછી એક દિવસ જાય એમ જીવન લંબાવવા તમને રોટલા અને ઝૂંપડું મળે છે.

તમારી જગ્યાએ હું એક દિવસ ઊભો હતો. તમે જે જીવન જીવો છો તે હું જીવ્યો છું, અને તમારા હમેશના અનુભવોથી મારા કરતાં વધારે માહિતગાર કોઈ માનવી અહીં નથી. મેં શેરીઓમાં ભીખ માગવાનું કામ કર્યું છે. બૂટ–પૉલિસ કરવાનો ધંધો મેં કર્યો છે. ટુકડા રોટલા પર મેં દિવસો કાઢ્યા છે અને ઓટલાઓના ખૂણામાં અથવા આગગાડીના ભારખાનાના ડબા નીચે રાતો કાઢી છે.

ઊંચા ઊંચા વિચારો અને ભાવનાઓનાં સ્વપ્નાં મેં સેવ્યાં છે અને એનો નાશ થતો જોયો છે. મારી કલ્પનાસૃષ્ટિના બગીચામાં ઉગાડેલાં સુંદર ગુલાબને સત્તા અને મદમાં મસ્ત આખલાઓના પગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે કચરાતાં મેં નિહાળ્યાં છે. જ્ઞાન મેળવવા માટે એક મજૂરે શા ભોગ આપવા ઘટે એ મેં જાણ્યું છે. ઊંઘ અને ભોજન જતાં કરીને શરીર, મન, તંદુરસ્તીને–રે, જીવનના સાચા રસને–વેડફી દઇને મેં જ્ઞાન મેળવ્યું છે.

આ તૈયારી પછી આજે જ્યારે હું આશા અને આઝાદીની વાતો કહેવા, જે નવી દુનિયા સરજાઇ રહી છે તેની ઝાંખી કરાવવા અને એ દુનિયામાં જે નૂતન પ્રકારની શ્રમજીવીઓની જિંદગી રચવાની છે, તેનું બયાન આપવા અહીં આવ્યો છું, ત્યારે કદાચ તમે મારી વાતોમાં શ્રદ્ધા ન રાખો, કદાચ તમે મને કલ્પનાઘેલો બેવકૂફ કહો તો મને નવાઇ લાગશે નહિ.

મને નવાઇ લાગે તે એટલા માટે કે તમારી પાછળ ઊભેલી, તમને આગળ અને આગળ ધકેલતી અને આસપાસ નજર નાખવાનો અવકાશ ન આપતી ગરીબી, અપમાન અને ગુલામીરૂપી શક્તિઓ મેં નિહાળી છે. પરંતુ મને વિશ્વાસ છે કે, તમારામાંથી એકાદ આદમી મને એવો મળી આવશે કે જે દુઃખ અને ત્રાસથી મરણિયો બન્યો હશે અને જેને મારી સ્વપ્નસૃષ્ટિ જાગૃત બનાવશે.

મારા શબ્દો એને અંધકારમાં એકાદ કિરણ જેવા લાગશે, એના માર્ગ પર નાની શી રોશની પ્રગટશે અને એને નવો માર્ગ સ્પષ્ટ દેખાશે. એની આંખોનાં પડળ ખૂલી જશે, એની બેડીઓ આપોઆપ સરી પડશે. એ એકલો બહાર કૂદી આવશે અને આઝાદ માનવી તરીકે જાહેર થશે. માનવીએ પોતે પેદા કરેલી બેડીઓ એવી રીતેજ તૂટે. એ પછી ફરીથી કોઈ જાળ એને બાંધી શકે નહિ, કોઇ ખુશામત એને ફાંસામાં સપડાવી શકે નહિ.

બિરાદરો, જરા આંખ ઉઘાડી આગળપાછળ નજર ફેંકો. તમે એટલા લાંબા કાળ સુધી મહેનતમજૂરી કરી છે કે, તમારા હૈયાની લાગણીઓ મટી ગઇ છે. તમારા આત્માની આતશ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે ઓલવાઇ ગઇ છે; પણ એક વાર તો જે જગતમાં આપણે વસીએ છીએ એને એના સાચા, નગ્ન સ્વરૂપમાં ઓળખવા યત્ન કરો.

(૪)

ફિલસૂફોની બુદ્ધિની દલીલો, પેગંબરોનો વિરોધ, કવિઓનાં આંસુ એ સર્વની સામે માનવમાનવ અને પ્રજાપ્રજા વચ્ચેના યુદ્ધનો રાક્ષસ હજી સુધી સ્વતંત્ર રીતે કોઇ મદોન્મત્ત આખલાની માફક મહાલે છે. આપણે નિશાળો સ્થાપી, પાઠશાળાઓ ઉઘાડી, પુસ્તકો લખ્યાં, વર્તમાનપત્રોનો ફેલાવો કર્યો, એ બધું શા માટે? માણસને માણસની કતલ કરવા વધારે પ્રબળ રીતે તૈયાર કરવા માટે?

ગોળાઓ ફાટે છે અને માનવીનાં અંગો ચારણીની માફક વીંધાઈ જાય છે. લાંબી ધારવાળી સંગીનો મનુષ્યના શરીરની અંદર ઊતરી જાય છે. વેદનાની કરુણ ચીસો ચારે કોરથી વાતાવરણમાં ઊભરાય છે અને કપાયલો માનવી તિરસ્કાર અને ઝનૂનથી ઊભરાતા ભૂતસમો બની જાય છે! એ માંસના કપાયેલા ટુકડા પર હાથ તો મૂકી જુઓ! એ ગરમ લાગે છે કે નહિ? એ તરફડતો જણાય છે કે નહિ? જાણો છો ને કે થોડીજ ઘડી પહેલાં એ તમારા કોઈ બંધુના શરીરનો ભાગ હતો? એ લોહી હજી ખળખળ વહે છે. એક મનુષ્યનું હૃદય એને નાડીઓમાં ફેલાવતું હતું. આપણે આ બધું જોઇએ છીએ, જાણીએ છીએ, વાંચીએ છીએ અને કહીએ છીએ કે, "એમાં શું? એ તો એમજ ચાલ્યા કરે." છાપાંઓ આ વાતો ફેલાવે છે; અને છાપખાનાં ચાલુ રહે છે. આપણાં ધર્મસ્થાનોમાં આ બીનાઓ ચર્ચાય છે; અને છતાં આપણાં મંદિરોનાં બારણાં બંધ થતાં નથી. લોકો આ બધું જાણે છે; પણ એની સામે બળવો પોકારી ઊઠતા નથી.

પણ એ વાત જવા દો. આપણે આ વિશાળ ચિકાગો શહેરમાંજ નજર ઠેરવી લઇએ. આજે રાત્રે આ શહેરમાં દસ હજાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીઓ અંધારા કૂટણખાનાંઓમાં પુરાયેલી છે. ભૂખને તૃપ્ત કરવા એમને પોતાનાં શરીરો વેચવાં પડે છે. આપણે આ નથી જાણતા? આપણે આ બધુંયે જાણીયે છીએ અને હસી કાઢીએ છીએ. બરાબર સમજો કે, આ દસ હજાર સ્ત્રીઓ તમારી માતાઓની પ્રતિમૂર્તિ સમાન છે. એમાં તમારી કોઇની બહેનો હશે, દીકરીઓ હશે.

અને આજે, અત્યારે, ચિકાગોમાં દસ હજાર જુવાનજોધ જેવા પુરુષો, ઘરબાર વગર, કંગાળ દુકાળિયાની માફક ભટકે છે, કામ માગે છે, અને 'એક વાર મને નોકરીમાં રાખી જુઓ' એવી કરગરીને આજીજી કરે છે. ચીંથરેહાલ કપડાંમાં તેઓ ટાઢની સામે ઝઝૂમે છે. આજે, અત્યારે, આ નગરની અંદર દસ હજાર નાનકડાં, પાપવિહોણાં બાળકો રોટલીનો ટુકડો મેળવવા માટે એમની કાયા ઘસી રહ્યાં છે અને જીવન ટૂંકું કરી રહ્યાં છે. આજે હજારો માતાઓ એમનાં નાનાં બાળનાં પેટ ભરવાની હાયમાં લોહીમાંસ સુકાવી નાખી, હાડપિંજર બની રહી છે.

નિરાધાર અને નોકરીમાંથી રદ થયેલા એવા હજારો માણસો આજે મોતને સાદ કરતાં થાકી જાય છે. આજે લાખો પુરુષો, સ્ત્રીઓ અને બાળકો રોજીદાર ગુલામના જેવું જીવન જીવે છે. શરીરથી કામ થઇ શકે અને આંખ દેખી શકે એટલા કલાક ફક્ત પેટ ભરવાની ખાતર તેઓ મહેનત કરે છે. એમને જીવનની પૂર્ણાહુતિ સુધી આ એકધારા અને ત્રાસદાયક નિત્યકર્મને તાબે થવું પડે છે; અને ભૂખ અને કંગાલિયત, તાપ અને ટાઢ, ગંદકી અને રોગ, અજ્ઞાન, શરાબખોરી અને અનીતિ એ બધાં તેમનાં જીવનસંગાથી બની રહે છે.

(૫)

હવે બીજું ચિત્ર નિહાળો. ઢાલની બીજી બાજુની જરા ઝાંખી કરો. અહીં સેંકડો અને હજારો માનવીઓ એવા વસે છે કે જેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગુલામોના સ્વામી છે, જેઓ એમની મહેનતના માલિક છે. એમને જે નફો મળે છે, એ એમને કમાવા જવું પડતું નથી, એ માગવાની પણ એમને જરૂર નથી. એ નફો એમની પાસે ચાલ્યો આવે છે, એ નાણાં કેમ ઉડાવવાં એજ એમની ચિંતાનો વિષય છે.

આલીશાન મહેલાતોમાં તેમનો નિવાસ હોય છે. ઊફાનબાઝી, શરાબી, ઈશ્કમાં એમનો સમય રોકાઈ જાય છે. એમના નિત્યજીવનનો ખ્યાલ આપવા માટે મારી પાસે શબ્દો નથી. એની કલ્પના કરતાં મગજ ભમી જાય છે. એકાદ જોડી જોડા માટે, એકાદ રૂમાલ માટે, એકાદ મોજાબંદ માટે, તેઓ સેંકડો રૂપિયા વેડફી નાખે છે.

ઘોડાઓ અને મોટરો પાછળ, સહેલહોડીઓ, મહેલો અને મહેફિલો પાછળ, શરીરની શોભાના કીમતી હીરાઓ પાછળ તેઓ લાખો અને કરોડો ઉડાવે છે. એશઆરામ અને ઉડાઉગીરી, ઉપયોગી અને જરૂરી વસ્તુઓનો વિનાશ, પોતાના માનવબંધુઓની મજૂરી અને લોહીમાંસના જુગાર, આ બધાં કાર્યો માટે તેઓ અંદર અંદર હરીફાઇ ચલાવે છે.

તેઓ બરાબર સમજે છે કે, આ બધું નાણું એમનું છે, અને એમની પાસે આવવા સરજાયેલું છે. ઝરણાનો પ્રવાહ નદીમાં જાય, નદી સાગરમાં ઠલવાય, એવીજ રીતે સમાજનો બધો પૈસો એમના ચરણે ઠલવાય છે; અને એજ સ્વાભાવિક યોજના છે એમ એ વર્ગના માણસો બરાબર માની બેઠા છે.

ખેડૂત જમીન ખેડે, ખાણિયો ધરતીનાં પેટાળ ખોદી કાઢે, વણકર શાળ ચલાવે, કડિયો પથ્થર ઘડે, શોધક માનવી શોધ કરે, કુનેહબાજ મનુષ્ય માર્ગ શોધી કાઢે, પ્રેરણા પામેલો કોઈ આદમી ગીત ગાય; અને પરિણામે આ સૌનાં હૈયાં, મગજ અને શરીરના ઘસારાની પેદાશ એકજ પ્રવાહમાં વહે અને એમના ચરણુ પાસે ઠલવાય, એજ સ્વાભાવિક ક્રમ છે એમ તેઓ માને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખો સમાજ એમના રાક્ષસી પંજા નીચે દબાયેલો છે; જગતભરમાં શ્રમજીવીઓ એમની દયા પર જીવે છે. ફાડી ખાનારાં વરૂઓની માફક તે દાંત ભરાવીને ટુકડા કરી નાખે છે. માંસચૂસ ગીધડાની માફક તેઓ વતરડી વતરડીને પેટમાં નાખે છે. સમગ્ર માનવજાતની શક્તિના તેઓ માલિક છે; અને કોઈ પણ સમયે એ વસ્તુસ્થિતિમાં ફેરફાર કરવાની કોઈની તાકાત નથી, એમ તેઓ માને છે.

માનવજાતિ એનાથી થાય તે કરી લે, એની તાકાત હોય એટલો તરફડાટ અને ફફડાટ કરી જુએ, પણ એ આ વર્ગ માટે જીવે છે અને એ વાતમાં કશો ફેરફાર થઇ શકે તેમ નથી, એવી તેમને આત્મશ્રદ્ધા છે.

અને આ વર્ગ સમાજને ભરડો લઇનેજ નથી અટક્યો, એણે તો રાજ્યતંત્રો અને સરકારોને ખરીદ કરી લીધાં છે, અને સ્થળે સ્થળે આ લૂંટેલી અથવા ચોરેલી સત્તાનો ઉપયોગ એના અધિકારના પાયા ઊંડા અને મજબૂત બનાવવામાં એ કરે છે.

(૬)

બિરાદરો, તમે આ વાતાવરણમાં અને આ માન્યતાઓમાં ઊછર્યા છો. બુડથલ હેવાનની રીતે તમે ઢસડાયા છો, અને 'આ દુઃખી જીવનનો એક દિવસ પૂરો થયો' એટલું બોલી સાંત્વન મેળવી રહ્યા છો.

હજી તમારામાં એવા કયા માણસો છે કે જેમને એમ લાગતું હોય કે આ સ્થિતિ કાયમ ચાલુ રહેશે? તમારામાં એવો કોણ છે કે જે અંતર પર હાથ મૂકીને એમ કહેવાને તૈયાર હોય કે સમાજની મહેનતનો સરવાળો, માનવજાતિના નિર્વાહનાં સાધનો આ નાલાયક પારકી મહેનત પર અવલંબનારાઓનાં મગરૂબી અને મોજશોખ સંતોષવા માટે સરજાયલાં છે? તમારામાંથી કોણ એમ કહેવા માગે છે કે, માનવીઓ તેમની પોતાની ઇચ્છા પ્રમાણે, તેમના ઉપયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે, તેમની પોતાની યોજના મુજબ, તેમની મજૂરીથી મેળવેલો સાચા પરસેવાનો પૈસો વાપરી શકે એ કદી બની શકશે નહિ?

હું કહું છું કે, આ સ્થિતિ લાંબો વખત નભી શકેજ નહિ. આ સ્થિતિમાં પલટો આવવોજ જોઈએ. એ પલટો લાવવાની શક્તિ કોનામાં છે? તમે એમ માનો છો કે, તમારી પાસે ગુલામીખત લખાવી લેનારા તમારા માલિકો કદી તમારી આઝાદીનો દસ્તાવેજ ઘડવાના છે? તમારી બેડીઓ કાપી નાખવાનાં ઓજારો એ બેડીઓ ઘડનારાઓ કદી તૈયાર કરશે?

તમારે સમજવું જોઈએ કે, એ કાર્ય તમારૂં છે. એ આખી નૂતન ભાવનાની સૃષ્ટિને મૂર્ત સ્વરૂપ આપવાનું, એની યોજના ઘડવાનું, એને સાંગોપાંગ પાર ઉતારવાનું તમારે માથેજ હોય, અને આ કાર્ય સરળ અને સાદું નથી. ધન અને સત્તાની ખુમારી એને ડગલેડગલે તોડી પાડવા પ્રયાસ કરશે; અનેક પ્રકારની હાંસી અને મશ્કરી સહન કરવી પડશે; તિરસ્કાર અને ત્રાસ, કાયદા અને કેદખાનું એ બધાં માટે તૈયાર રહેવું જોઈશે; જુલમના ઝનૂન સામે ખુલ્લી છાતીએ ઊભા રહેવું જોઈશે; હૈયાવિહોણા માનવીના હાથે ન સહી શકાય એવા ત્રાસ વેઠવાનો સમય આવશે. અંધકારમાં પડતાંઆખડતાં ગોથાં ખાતાં ડગલાં માંડવાનો તમારે નિશ્ચય કરવો જોઈશે.

જે ઝબાન કદી ફરિયાદનો શબ્દ ઉચ્ચારતાં શીખી નથી, એને બોલતાં શીખવું પડશે. તમને તમારી આજની પામરતાનું ભાન થાય; તમને પ્રકાશની ભૂખ જાગે; તમારામાં સુખ પ્રાપ્ત કરવાની, કલહ જગાવવાની, ચાલુ અશાંતિ અને તોફાન સહન કરવાની તમન્ના પેદા થાય; તમારૂં હૃદય તૂટી પડે, નિરાશા પર નિરાશાનાં વાદળ ઘેરાય, લોહી નિચોવાઈ જતું લાગે, એવી સ્થિતિ પેદા કરવી પડશે.

ફાંસીના માંચડાની છાયા નીચે તમારે વિચારોની આપ લે કરવી પડશે. સર્વસ્વનો ભોગ આપવો પડશે, અને એવી પ્રવૃત્તિ માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રોત્સાહનનો એક શબ્દ કોઇ નહિ બોલે, દાન્તેકામ અને તિરસ્કાર ફેલાવનારાઓ તરીકે લોકો તમને ફજેત કરશે; પણ એક દિવસ તમારો અવશ્ય વિજય થશે.

મારો આ આવાઝ બરાબર સાંભળ્યા પછી તમે–પરસેવાનો રોટલો ખાનારા તમે એની અવગણના નહિ કરી શકો, એ આવાઝ તમારા અંતકરણ સાથે સદાય અથડાયાજ કરશે. એ આવાઝ તમે બરદાસ કરી રહેલા અનેક અન્યાયની યાદી તમને આપ્યા કરશે. તમારી ઊંચામાં ઊંચી ભાવનાઓને જ્વલંત બનાવશે. તમારી આશાઓ અને કાર્યનિષ્ઠાને સજીવ રાખશે. જગતભરમાં તમને જે કોઇ ધ્યેયને માટે જીવન જીવવા જેવું લાગે, એની યાદ તમારા હૈયામાં એ ઝળહળતી રાખશે. એ આવાઝમાં જુલમની સામે બળવો ઉઠાવનારા મઝલુમોના આર્તનાદના પડઘા બોલશે. જુલમગારોના પુરાણા કિલ્લાઓ તૂટી પડતા સંભળાશે. નિર્બળો જ્યારે નિશ્ચય કરે, કચડાયેલાઓ જ્યારે સત્તા મેળવવા પગભર થાય, ત્યારે નિરાશાના અને વેદનાના કારાગૃહોમાંથી એ આવાઝ દ્વારા આનંદ અને તાકાતના ફુવારાઓ ઊછળશે.

આજ દિન સુધી તરછોડાયેલો અને ગૂંગળાઇ ગયેલો શ્રમજીવી પર્વતકાય, વિરાટરૂપ છતાં, આંખે અંધ, બંધનથી બંધાયેલો, ધૂળમાં રગદોળાતો અને પોતામાં રહેલી તાકાતથી અજાણ રહ્યો છે. એવો એ વિરાટ એના શત્રુઓનો સામનો આરંભે છે. એનું એક પડખું હલાવે છે, એનાં બંધનો તૂટી પડે છે. એનામાં સ્વપ્નને સ્થૂળ સ્વરૂપમાં પામવાની મુરાદ જાગે છે. એનાં અંગેઅંગમાં આશા પ્રગટે છે. એ ઊભો થાય છે. ધરતીના પટ પર બંધનમુક્ત તરીકે એ ડગલાં માંડે છે, અને જાણે નવી દુનિયા એની નજર પાસે પથરાય છે. (તા. ૨–૬–૩૪ ના "ફુલછાબ" સાપ્તાહિકમાંથી)

* અનુવાદકઃ–શ્રી. ગુણવંતરાય આચાર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦–હોટેલવાળો ને દૂધવાળાં

(મૂળ લેખક:–શ્રી મુલ્કરાજ આનંદ)

લખુની હોટેલ આગળ રોજ સવારના ગામડાની રબારણો ને ભરવાડણોનું ટોળું જામતું. લખુની કમાણી ધીકતી ચાલતી હતી. એ તો તેણે નવા નવા વસાવવા માંડેલા કાચના તખ્તાઓ ને ખુરશી–ટેબલોથી દેખાઇ આવતું હતું. હમણાં તો તે રેડિયો પણ લાવ્યો હતો. એ કમાણી નહિ તો બીજું શું ? શહેરને છેવાડે આવેલી આ અંધારી હોટેલનું મહત્ત્વ એકદમ વધી ગયું તેનું શું કારણ ?

કેટલાક એમ કહે છે કે, દર મહિને દૂધના પૈસા ચૂકવતી વખતે દૂધવાળાઓને કાંઇક ને કાંઇક બહાને દબડાવે છે અને પૈસા કાપી લે છે. દૂધવાળાઓને ખરી કિંમતથી પા ભાગના પૈસાયે મળતા હોય તો બસ. પછી તો પૈસા ભેગા થાયજ ને ?

× × ×

આજેય એવો એક હિસાબ ચૂકવવાનો દિવસ હતો અને દૂધ-વાળીઓ એ આનંદ વાતચીતમાં વ્યક્ત કરી રહી હતી.

"કુણ જાણે, કેટલાંય વરસ થીયાં મોઢામાં જલેબીનો સ્વાદેય નથી લીધો, આજ તો વચાર થીયોજ સે કે, મર થાય એક વાર તો ખાઇ લઉં." ઉંમરે વૃદ્ધ ન કહેવાય છતાં પણ દેખાવ તેમ માનવાની ફરજ પાડે, એવી રૂડી રબારણ બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તી આજ હંધુંય દૂધ અહીં આલવાની સો?" બધામાં વૃદ્ધ જેવી દેખાતી હોવાથી જેને સૌ રખીકાકી નામથી સંબોધતાં કહેતાં, તેણે હળવે સાદે પૂછ્યું.

"હોવે."

ઘણુંય દૂધવાળાંઓ જે પહેલાં બીજે ઠેકાણે દૂધ આપવા જતાં હતાં, તે પણ લખુની હોટેલે આપવા આવતાં થયાં હતાં. આથી મૂળથીજ જેઓ અહીં આવતાં થયાં હતાં તેઓને લખુમાં વધારે શ્રદ્ધા ઉત્પન્ન થઇ હતી. કોઇ કોઇ વખતે 'સાના કોપ'ની સાથે લખુ તેઓને-ફેંકી દેવા જેવા હોય તે-ગાંઠિયા મફતમાં આપતો, તે પણ આનું કારણ કદાચ હોય.

મીઠાઇની વાત સાંભળીને સ્વાભાવિક રીતેજ દસ વરસની હરકીના મોઢામાં પાણી આવ્યું.

"હેં કાકિ, સોકરાંઉને ઇ લખુ ઇમને ઇમ થોડીક પેંડાબરફી નાં આલે? નત ઊઠીને આ બધું કોણ ખાઇ જાતું હશે? કાંઇ વધ્યુંઘટ્યું નો'ય?"

× × ×

"ના બચા," ડોસીમાના મોઢામાંથી નિસાસો નીકળ્યો.

"ઇ ઇમ નાખી દે ઈ હા, પણ આપણે મોઢે નાં જાવા દીયે. મારો વીરકો આઠ વરસનો થઇને પાછો થીયો ને, ઈ બહુ માંદો હતો, તીયારે એક દી' એને કટકીક બરફી ખાવાનું મન થીયું'તું. મેં લખુને કીધું કે, મારો સોકરો માંદો સે ને અભરખાં રઇ જાય તી થોડો ભૂકોભાખરો મીઠાઈ આપ, તો તારો પાડ. એટલે ઇ કે છે કે, 'હાલ હાલ, પાડવાળી; તને કોણ ઓળખે છે?' નત હું ઇને દૂધ આલુ સું હો, તોયે એમ જવાબ આલે સે, ને ઉપરથી મસખરી કરી કે, 'આ બધીય મીઠાઈ રૂપિયે સેર સે, બોલ શું આપું ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલા પૈસાનું આપું ?' હું ઘણીય ભોંઠી પડી ગઇ."

એટલામાં તો સામેને ઓટલેથી જાડો ઘુંટાતો અવાજ આવ્યો: "લો ચાલો, એય દૂધવાળી, ઝટ કરો, હમણાં સાહેબો આવશે ને ચા માગશે. એક પછી એક આવો, આમ ધમરોળ શું કરો છો ? ચાલ રૂડકી, હરકી, દેગડો મૂક. એલા એઇ ધમલા, ક્યાં મરી ગયો ?" એવી સતત વાગ્ધારા છૂટી. એટલામાંય તેની શ્વાસની ધમણ બોલવા માંડી.

એમાં એનો દોષ ન હતો, એની ફાંદને પરિણામેજ તેને આ કષ્ટ સહેવું પડતું અને ઊઠતાં ઊઠતાંય કેટલી માથાકૂટ થતી હતી ? એનો શું રસ્તો કરવો ? એ વિચારમાં તેનાથી ફાંદ પર હાથ ફરી ગયો.

"આયો જી શેઠ" છોકરાના જવાબથી શેઠ વિચારતંદ્રામાંથી જાગૃત થયા.

× × ×

પૂરાં પંદર વર્ષનો પણ બાર વર્ષની અંદરનો કહી શકાય, એવો ધમલો ફાટેલા ખમીસની બાંયો ચડાવતો, લેંઘામાંથી દેખાઇ આવતા ગોઠણને ઢાંકવાનો મિથ્યા પ્રયત્ન કરતો, દેગડા અંદર ઊંચકી જવા લાગ્યો.

"સાંભળ એ ગધેડા, એમ ને એમ ક્યાં લઇ જાઇશ ? ઊભો રહે. જો આ બીજાં બધાં તો કડાયામાં રેડી દે, પણ આ રૂડકીનું બોઘણું બીજા તપેલામાં ઠાલવજે. આજ દૂધ વધુકાનું ભરી લાવી છે એટલે જરીક જોવું પડશે."

"ઈ તો લખુ શેઠ, મારે બજારૂં કરવું સે તે જરીયે દૂધ ઘરમાં નોં રાખ્યું ને આંઇ લાવી."

"જે હશે એ ખબર પડી રહેશે. બોલી દે ને કેટલું પાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેળવ્યું છે ? હમણાં નળી મૂકીને જોઇશ એટલે ખબર. હાલ, હુંજ ઊઠીને નળી લઈ આવું." "હાશ," કરતોક તે ઊઠ્યો ને અંદર ગયો. અંદર જરા સરખો પાણી રેડવાનો અવાજ આવ્યો ને નાનકડી હરકીએ તે સાંભળીને બાજુએથી ડોકાઇને અંદર જોયુંય ખરૂં. તેને કાંઇ દેખાયું નહિ, પણ મનમાં ખાતરી થઇ ગઇ કે, રૂડીના દૂધમાં પાણી ઉમેરાયું.

મહાવિજય પામ્યો હોય એવો દેખાવ કરીને લખુ બહાર આવીને બેઠો. આરામથી ગોઠવાયા બાદ તેણે શરૂઆત કરી:

"ચાલો હવે પોલીસને બોલાવું કે રૂડકી ?"

પોલીસનું નામ સાંભળતાંજ બધાનાં હૈયામાં ધ્રાસકો પેઠો.

"હું સે ભઇસ્યાબ ?"

"એ બધું પૂછજે એ કાકો આવે તેને, મેં તને પહેલેથીજ પૂછ્યું હતું. જો હવે આ નળી કોઇની શરમ રાખે છે ? ધમલા, ક્યાં મરી ગ્યો ? લઇ આવ એ બધું આંઇ મોઢા આગળ."

મોઢાની એકેએક રેખા તણાઇ ગયેલી દેખાઇ આવતી હતી. તરતજ ધમલો તપેલું છલકાઈ ન જાય એમ બી'તો બી'તો લઇ આવ્યો અને પછી બીજી વાર જઇને નળી લાવ્યો. મેલા પહેરણની ચાળથી સાફ કરીને તેણે નળી શેઠના હાથમાં આપી.

"લો, આંખો ફાડીને જોજો. પાણી નાખ્યું છે કે નહિ ? રોજ ને રોજ કાંઇક કરતૂક કર્યાંજ હોય છે !"

રૂડી તો ટગર ટગર જોઇજ રહી, એક શબ્દ પણ ન બોલી શકી.

× × ×

થોડી પળો વીતી ગઈ.

"લખુભા, વાત હસી, કાંક કરતૂક મેંય ભાળ્યું પણ઼ ઇ..."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલું બોલી ત્યાં રૂડીના મગજની કમાન છટકી.

"મૂઇ હમજજે હરકિ, જો એક વેણેય બોલી તો, ને લખુ હેઠ, હું દૂધમાં પાણી નાખું ઇ કોઇ વાતેય નોં બને, ઇ આજ તમે આમ ભાખો સો ?"

"ઈમ વચકાં હું ભરસ રૂડી કાકી, હાંભરને, હુંયે ઇજ કહું સું કે, કરતૂક તો દૂધમાં મેંય ભાળ્યું પણ......"

"મેર રાંડ. તારો બાપ મરે, મા મરે. મારા ધરમના સમ, મારા ગગાના સમ જો મેં છાંટો માતરેય પાણી નાખ્યું હોય તો ને ! હું તો આ કમાની બાની જમ દોવા ટાણે પાણીની બાલદીય ગાના મોં આગળે નથી મેલતી. જે પરથમથીજ દૂધ પાણીવારૂં હોય."

કમાની બાનું નામ આવતાંજ કમાની બા ઊછળીને રૂડીને હાથે વળગી પડી ને જોરથી ઘાંટો કાઢી ભાંડવા લાગી.

પછી તો થોડી મિનિટ સુધી ધુમરાણ ને ધમસાણનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું. એકબે વાર ધમલાએ આવીને છૂટાં પાડવાની કોશિશ પણ કરી જોઇ ને આ બધાનું મૂળ રૂડીને સાચી વાત કહેવા માટે ધમલો ખેંચીને એક બાજુ પર લઇ પણ ગયો.

પણ શેઠ પારખી ગયો ને તેનો જાડો ઘાંટો બધા વચ્ચે સંભળાયો, "આમ મર ધમલા, તારેય માથું ફોડાવવું છે ને પોલીસની ચોકીમાં બેસવું છે કે ? આમ મર."

અને પોતાના માલિકની એ નજર અને ઘાંટો ધ્યાનમાં લઇ પરાણે ધમલો હોટેલમાં ચડી ગયો.

× × ×

આખરે અર્ધોક કલાક સુધી ગાળાગાળી કરીને થાક્યા પછી બધાંય શ્વાસ લેવાને બેઠાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડી વારે એમાંથી કોઇક બોલ્યું: "હેઠિયા, હવે ચુકાવા કરી ચાલો એટલે ઝટ ઘર ભેગાં થાઇં."

"પૈસા? અરે શું પૈસા આપું? તમે તો કોણ જાણે મહિનો આખો કેવુંય દૂધ મને આપ્યું હશે. હવે તો પોલીસજ તમારો ચુકાવો કરશે."

"અરે લખુભાઈ આપી દોને બિચારાંને. એનાં કર્યાં એ ભોગવશે" હોટેલની અંદરથી કોઇકે દયા ખાધી.

"અરે એ તો ચોરટાં છે, એની દયા ખાવાની હોય?"

"આપો, આપો. તમે એના જેવા કાં થાઓ?"

એમ ચારે તરફથી અવાજ આવતાં જાણે મહાઉપકાર કરતા હોય એમ એણે હડફો હાથમાં લીધો.

"આ લો; લઇ જાઓ આ રૂપિયો રૂપિયો."

આખોય મહિનો દૂધ ભર્યું તેનો એકજ રૂપિયો થયો, એવી વિમાસણમાંથી જાગીને કોઇ કાંઈ બોલે ત્યાં હોટેલમાલિક અંદર જતા જતા બોલ્યા: "જાઓ, હવે ભાગવા માંડો, પોલીસને બોલાવવો પડે તે પહેલાં."

અર્ધા કલાક સુધી સારી પેઠે ઝગડ્યાને પરિણામે થાકીને લોથ થઈ ગયેલ દૂધવાળીઓ એકે શબ્દ પણ બોલી ન શકી ને રૂપિયો છેડે બાંધી દઇ ચાલવા લાગી.

(તા. ૧૬-૩-૩૯ના "નવસૌરાષ્ટ્ર" સાપ્તાહિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२१–बे हृदयो

(લેખકઃ–શ્રી. બબલભાઇ મહેતા)

આઠ વાગી ગયા છે. હવે એકેય મિલનું ભૂંગળું વાગવું બાકી નથી રહ્યું. મોટરો ભોં, ભોં કરતી રસ્તા ઉપર આવે છે ને જાય છે. કોઇ રડ્યાખડ્યા મજૂરો રોજી માટે આમથી તેમ આથડે છે. વચ્ચે વચ્ચે ગાડીવાળાનો "એકબાજુ, એકબાજુ" નો અવાજ પણ સંભળાય છે. માળીઓ ફૂલની ટોપલીઓ ડોકમાં ભરાવી રંગબેરંગી મહેકતાં ફૂલોના ગજરા ઝાલી, મોટા મોટા શેઠિયાઓની રાહ જોતા ફૂટપાથ ઉપર આમતેમ ફરે છે.

સોનુ ત્રણ વખત બાબુના ઓરડામાં આવી ગયો, પણ છોટા-સા'બ આંખો મીંચી પલંગ ઉપર આમથી તેમ આળોટ્યા કરે છે. ચોથી વખત આવતાં સોનુનો હાથ બારણા સાથે અફળાયો અને બાબુ જાગી ગયો. સોનુ પલંગ પાસે જઈ બોલીઃ "સાબ, આજ સનિશ્વર હૈ, આપકો આઠ બજે ઇસ્કૂલ જાના હોએંગા." બાબુએ મોઢું કટાણું કરી ચા લાવવા કહ્યું.

બાબુના બાપા એ મિલમાં ભાગીદાર છે. એના નામે એક દુકાન ચાલે છે. ઘેર ગાડીઘોડા છે, નોકર–ચાકર છે. બાબુ એકનો એક દીકરો છે. બાબુને જે જોઇએ તે આપવા શેઠ તૈયાર છે, પણ એ શું કરે છે, ક્યાં જાય છે તે જોવાની એમને એક ઘડીની પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફુરસદ નથી. બાબુ બે વર્ષથી અંગ્રેજી બીજા ધોરણમાં છે, પણ નિશાળમાં છેલ્લી પાટલી ઉપર એનો નંબર રિઝર્વ્ડ છે. કોઈ એને સવાલ પૂછતું નથી અને જો કોઇ પૂછે, તો એને જવાબ આપવાની જરૂર પણ નથી લાગતી!

ગઇ કાલે નિશાળેથી આવી એણે ખાધું ન ખાધું અને બહાર ફરવા ગયો. પૈસા તો પાસે પૂરતા રહેતા, એટલે મિત્રોનો પણ તોટો નહિ. ઠઠ્ઠામશ્કરી કરતાં રાત પડી ગઇ, ત્યાંસુધી રખડયા. પાછા ફરતાં એક હોટેલ આવી તો એમાં ઘૂસ્યા અને સહેજમાં બેત્રણ રૂપિયાનું પાણી કરી નાખ્યું. ત્યાં એક જણે કહ્યું: "બાબુ, આજની ફિલમ બહુ સરસ છે. હું મારા કાકા સાથે ગયો હતો. અંદર વિઠ્ઠલ એક પહાડ ઉપરથી બીજા પહાડ ઉપર એવો કૂદે છે કે......" બાબુને તો એટલુંજ જોઇતું હતું. આમ તોફાનમસ્તી કરતાં બાબુ કાલે રાત્રે એક વાગે ઘેર આવ્યો હતો. હજુ એની આંખ લાલચોળ હતી.

સોનુએ ચાની કીટલી તથા બીજા સામાન સહિત ટીપોયને પલંગ નજીક લાવીને મૂકી. બાબુની આંખમાં ઊંઘ તો હજી ઊભ-રાતી હતી. રકાબી લેવા જતાં એના હાથનો ધક્કો એક સ્યુગરપોટને લાગ્યો અને વાસણ નીચે પડયું. છો ઉપર પાથરેલી જાજમ પર ખાંડ ખાંડ થઇ રહી. બાબુસા'બ ગુસ્સે થઇ ગયા. "ઇસ તરહ પોટ રખા જાતા હૈ? બિલકુલ કામહી કરના નહિ જાનતા હૈ; બડાસાબ કુ કહના પડેગા, યહ નોકર કુછ કામ કા નહિ હૈ."

સોનુ નીચેની ખાંડ તથા ફૂટેલા વાસણના ટુકડા વીણતો વીણતો— "સાબ, ઇસમેં મેરી ક્યા કસૂર હૈ? આપકા હાથકા જરા ધક્કા લગ ગયા ઔર વો ગિર ગયા, ઉસમેં મૈં ક્યા કરૂં?"

"ચૂપ રહે. મૈ જાસ્તી નહિ સૂનના મંગતા. દુસરી સક્કર લે આવ."

સોનુ બીજી ખાંડ લાવે છે. ભાઇસાહેબ મોઢું ધોયા સિવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચા ગટગટાવે છે. પછી ઊઠીને ભીના ટુવાલ વડે મોઢા પરના ડાઘ વગેરે લૂછી નાખે છે. કોટપાટલૂન ચડાવી અકડેટાટ બને છે, ત્યાં સોનુ બૂટ લઇ આવે છે. તૈયાર થયા પછી પા કલાક અરીસા સામે ઊભા રહી વાળ ઊંચાનીચા કરવામાં ગાળે છે. ત્યાં નવના ડંકા વાગે છે; એટલે મોં બગાડી રુઆબમાં ને રુઆબમાં ગાડી તૈયાર કરવાનું કહે છે. પોતે કાલે નિશાળેથી આવીને મૂકેલી એમ ને એમ અકબંધ પડેલી ચોપડીઓની હૅન્ડબૅગ લઇ દરવાજે આવે છે ને ગાડીમાં બેસી નિશાળે જવા ઊપડે છે.

× × × ×

મસ્જિદમાંથી બાંગ સંભળાય છે ને મનુ જાગે છે. પોતાની પથારીનો વીંટો વાળી ઘંટી પાસેના ડામચિયા ઉપર મૂકે છે. પાણિયારા પાસે ઢાંકેલા પાણીનો એક લોટો પડયો છે. એમાંથી પાણી વડે મોઢું સાફ કરી ચોરણી અને પહેરણ પહેરે છે. એની સફેદ ફૂલવાળી ટોપી લઇ પાટીપેન તથા દફતર લેવા એ એક નાનકડા ગોખલા પાસે જાય છે. ગોખલામાં આગળજ ટોપરાનો એક ટુકડો એની બાએ મૂકેલો જુએ છે. આનંદથી એ ઉપાડી લઈ નાસ્તો કરે છે. વધારે અજવાળું થયું એટલે મનુ બહારના ઓટલા ઉપર બેસી, ગઇ સાંજે લખેલા બધા ઘડિયા જોઈ જાય છે અને આજનો પાઠ ફરી એક વાર વાંચી લે છે. એ પૂરૂં થતાં ઘરનાં બારણાંની સાંકળ અડકાવી એ નિશાળે જવા ઊપડે છે. એના ગયા પહેલાં મનુના વર્ગનો એક નિશાળિયો આવી ગયો હતો, એટલે મનુને આજે બીજો નંબર મળ્યો. એ બન્ને ભાઇબંધ હતા. બેય જણ ફરી એક વાર પોતાના પાઠ એકબીજા પાસે બોલી ગયા.

એટલામાં બીજા છોકરાઓ આવવા લાગ્યા, એટલે એ બન્નેય બધા સાથે ભળી રમવા લાગ્યા. વર્ગ શરૂ થવાનો ઘંટ વાગ્યો અને સૌ પોતપોતાના નંબર પ્રમાણે બેસી ગયા. મનુનો તેમજ એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોસ્તનો આજે એક પણ સવાલ ખોટો ન પડચો. દસ વાગ્યે રજા પહેલાં નંબર પુરાયા, ત્યારે પણ મનુનો બીજો નંબર કાયમ હતો. રજાનો ઘંટ થતાં સૌ હસતા હસતા ઘેર જવા નીકળ્યા. મનુ પણ દોડતો ઘેર આવ્યો. પાટીદફતર એની જગ્યાએ મૂકી એ એની નાનકડી ધોતલી લઇ તળાવે નહાવા ગયો. ત્યાં બીજા છોકરાઓ સાથે એણે ગઢ ઉપરથી ખૂબ ભૂસકા માર્યા અને પાણી ઉછાળ્યું.

નાહીને ઘેર આવ્યો ત્યારે એને ખૂબ ભૂખ લાગી હતી, પણ આજે એની બા હજુ આવી ન હતી. આ એને બિલકુલ ગમ્યું નહિ. એના મોઢા ઉપર દુઃખ અને મૂંઝવણની લાગણી આવી ગઇ. રસોડાના પડભીંતિયા પાસે જઇ એણે જોયું તો કંઇક ઢાંકેલું દેખાયું. ત્યાં જઇને ઉપાડે તો નીચે નાની થાળીમાં ઘીથી ચોપડેલો રોટલો અને એક ગોળનો ગાંગડો રાખ્યાં હતાં. પાણીનો લોટો લઇ આવી એ ખાવા બેઠો અને ધરાઇને ખાઇ લીધું. આજે બપોરે રજા છે, આવતી કાલે પણ રવિવારની રજા છે, એ વિચાર આવતાં મનુ ખુશખુશ થઇ ગયો અને હોંસમાં ને હોંસમાં બહાર છોકરાઓ સાથે રમવા દોડી ગયો.

મનુ એની બાનો એકનો એક દીકરો હતો. મનુને એની બા એકલી હતી. ચોમાસામાં દળણું દળી તથા મોસમમાં સીમમાં કોઇ ખેડૂતના ખેતરમાં કામ કરવા જઇ, એ એનો ને એના મનુનો ગુજારો ચલાવતી. જ્યારે કાંઇ કામ ન હોય, ત્યારે વગડામાંથી ખડ વીણી લાવી એ વેચતી. હમણાં હમણાં એ ખડ લાવવાનું કામ કરતી હતી. નજીકમાં સારૂં ખડ મળતું ન હોવાથી આજે એ ત્રણ ગાઉને તરભેટે દૂર ટેકરીઓમાં ખડ લેવા ગઈ હતી.

વૈશાખનો ઘોમ ધખતો હતો. માથું ફાટે એવો તડકો વરસી રહ્યો હતો. એ વખતે મનુની બા તૂટેલી સપાટો પહેરી, ફાટ્યાં-તૂટચાં કપડાં પહેરી, ડોકું માંડ માંડ ઊંચું રાખી, બે હાથે ટેકા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેલો એઅઢી મણનો ગાંસડો લઇ, થાકીને લોથપોથ થઇ જઇ હળવે હળવે આવતી હતી. મોઢા ઉપર પરસેવાના રેલા ચાલતા હતા— જાણે ગંગા ને ગોદાવરી. મનુએ દૂરથી માને જોઇ. દોટ કાઢતો એ એની બાના પગે વીંટળાઇ વળ્યો. બાએ હસીને એની આંગળી ઝાલી અને બંને ફળિયામાં આવ્યાં. એ વઢતો હોય એમ મા પાસે રાવ ખાવા લાગ્યો: "તું બહુ મોડી આવે છે. આટલી બધી મોડી કેમ આવી? કયાં ગઇ હતી?" એટલું બોલતાં તો એ રોવા જેવો થઇ ગયો. એને પોતાની એકલતાનું ભાન થઇ આવ્યું. માએ ગાંસડો નીચે ઉતારી મનુને ઊંચકી લીધો અને વહાલમાં આવી જઇ બચ્ચી ભરી લીધી. મનુનો ક્રોધ કયાંય પીગળી ગયો. એની એકલતા દૂર-દૂર સરી પડી. આખું વિશ્વ એની પાસે આવી વસી ગયું. માને થાક ખૂબ લાગ્યો હતો, છતાં પુત્રના પ્રેમ આગળ એણે બધો થાક વિસારે પાડ્યો. એનું દુઃખિત હૃદય ઘડીભર હળવું ફૂલ જેવું થઈ ગયું. માએ ગાંસડો છોડી એમાંથી એક નાની પોટલી કાઢી. મજેનાં લાલચોળ ચણીબોર જોઇ મનુ સાવ સંતોષાઇ ગયો, છતાં એણે કહ્યું: "કાલથી વહેલી આવજે હો બા!"

("કિશોર" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨–શાહુકારી સિતમ

(લેખકઃ–શ્રી. સૂરભાઇ દેસાઈ)

પોસ્ટમેને ચમકદાર ભાલા સાથે બાંધેલી એક થેલી પોસ્ટ-માસ્તર આગળ લાવીને મૂકી. ટપાલ આવેલી જોઈ વૃદ્ધાનો મલિન ચહેરો ચમકી ઊઠ્યો. લાકડીના ટેકાથી ઊભી થતી તે બોલીઃ "માસ્તરસા'બ, આજે તો મારા ભગલાના રૂપિયા જરૂર આવ્યા હશે. કેટલાય દિવસોથી હું રાહ જોઉં છું. શરીર થાકી ગયું છે–આજે તો કૃપા કરો."

"રૂપિયા આવે તો શું હું મારે માટે રાખી મૂકું ?" ત્રાંસી નજરે વૃદ્ધા તરફ જોઈ પોસ્ટ માસ્તર થેલી ઉઘાડવા લાગ્યો અને પોસ્ટની છાપ માર્યા પછી કાગળો પરનાં સરનામાં વાંચી વાંચી તે ત્યાં આગળ આવેલા લોકોને કાગળ આપવા લાગ્યો.

વૃદ્ધા એક ખૂણામાં ઊભી રહી પોસ્ટ–માસ્તર તરફ ઉદાસ-ચિત્તે જોઈ રહી હતી. છેલ્લે જ્યારે પોસ્ટ–માસ્તર પોસ્ટ ઑફિસ બંધ કરવા લાગ્યો, ત્યારે તેનું ધૈર્ય ખૂટી ગયું. તેણે કરુણ સ્વરે પૂછ્યુંઃ "માસ્તર સા'બ, આજે મારા ભગલાના રૂપિયા નથી આવ્યા ?"

"રૂપિયા આવે તો શું હું મારા કામ માટે રાખી મૂકું ?" ફરી પાછો એજ ઉત્તર મળ્યો; છતાં તેના સ્વરમાં શિથિલતા હતી.

વૃદ્ધા ઉદાસચિત્તે પાછી ફરી, આંખોમાં આંસુ હતાં, પગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્રૂજતા હતા. ધીરેધીરે ચાલીને તે ઝૂંપડી નજદીક પહોંચી. બારણામાં પગ મૂકતાંની સાથેજ જાનકી દોડતી આવી અને ગળે વીંટળાઈ જઈ મૃદુ સ્વરે પૂછ્યું: "મા, ભાઇએ રૂપિયા મોકલ્યા?"

"ના બેટી!" વૃદ્ધાનો કંઠ ભરાઇ આવ્યો. માને રડતી જોઇ જાનકી પણ રડવા લાગી. છેલ્લા ત્રણ દિવસથી તેઓનાં પેટમાં અન્નનો એક દાણો પણ ગયો નહોતો. ભૂખ યાદ આવવાથી તેઓ પોકેપોક મૂકી રડ્યાં! હાય દરિદ્રતા!

× × ×

"માસ્તરસા'બ, માસ્તરસા'બ!"

એક આધેડ જવાન મૂછના આંકડા ચઢાવતો હાથમાં ડાંગ લઇ માસ્તર સાહેબના ઘરનાં બારણાં ઠોકતો હતો. તે હતો કીકા શેઠનો નોકર. માસ્તર બહાર આવતાં, ઝૂકીને સલામ કરતાં તેણે કહ્યું: "સા'બ, કીકાશેઠે પુછાવ્યું છે કે, ભગલાની માના રૂપિયા આવ્યા કે નહિ?"

માસ્તર સાહેબે કહ્યું: "હા, તેણે મને પહેલાં પણ કહ્યું હતું. તે વૃદ્ધા કેટલાય દિવસોથી આવ્યા કરે છે. આજે પણ તે આવી હતી. મેં તેને કહી દીધું કે, રૂપિયા આવે તો હું શા માટે રાખી મૂકું? કીકાશેઠને કહેજે કે આજની ટપાલમાં તેના વીસ રૂપિયા આવ્યા છે. આવતી કાલે પોસ્ટમેન રૂપિયા લઇને જશે તેમાંથી વસૂલ કરી લેશો." આટલું કહી માસ્તરસાહેબ હસતા હસતા ઘરમાં ચાલ્યા ગયા.

× × ×

કીકાશેઠ ગામનો એક મોટો જમીનદાર હતો. એની પાસે પુષ્કળ સંપત્તિ હતી; પરંતુ તે પાષાણહૃદયી હતો. સ્વાર્થ આગળ તે આંધળો હતો, કિસાનો માટે તો યમદૂત કરતાં પણ ભયાનક હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેના પર તે કોપતો તેનું સત્યાનાશ કાઢ્યા પછીજ જંપીને બેસતો.

× × ×

દસ વર્ષ પૂર્વે-વૃદ્ધ ખેડૂત રામલો કીકાશેઠના ખેતરમાં પોતાની પત્ની અને બે બાળકો સાથે કામ કરી ગરીબીમાં પેટ-ગુજારો કરતો. ચારપાંચ વીઘાંની ખેતી-અને એક જર્જરિત ઝૂંપડી એટલીજ તેની મિલકત હતી. છોકરાની ઉંમર દસ વર્ષની હતી. નામ હતું ભગલો. છોકરી રાધાની ઉંમર ત્રણ વર્ષની હતી.

કંઈ અસાધારણ સંયોગોમાં રામલો શેઠના પૈસા આપી શક્યો ન હતો. તે ન આપી શકવાના કારણે એક દિવસ કીકાશેઠે તેને નોકર પાસે ખૂબ મરાવ્યો હતો. તેને કહેવામાં આવ્યું હતું કે, ત્રણ દિવસની અંદર પૈસા તેણે ભરી દેવા પડશે. ઉપરાંત તેને એમ પણ કહેવામાં આવ્યું કે, ત્રણ દિવસની અંદર પૈસા નહિ ભરાય, તો તેનાં ખેતરની પણ હરાજી કરવામાં આવશે; ઝૂંપડીને આગ લગાડવામાં આવશે. બિચારા રામલા માટે ત્રણ દિવસમાં પૈસા ભરવા આકાશ-કુસુમવત્ હતું.

× × ×

ત્રીજે દિવસે-મધ્યાહ્નનો સમય હતો. પુષ્કળ તાપ પડી રહ્યો હતો. કીકાશેઠ ખુરશીમાં પડ્યા પડ્યા નિરાંતે છાપું વાંચી રહ્યા હતા. આંબાની ડાળ પર બેઠેલી કોયલ જાણે મજાક કરતી હોય તેમ બોલી રહી હતી: “ કુ...હૂ...કુ...હૂ. ” નોકરે આવી ખબર આપી: “ સા'બ ! રામલો આવ્યો છે, આપની ઇચ્છા હોય તો તેને હાજર કરૂં. ”

“ બોલાવ સાલાને, પૈસા આપવા આવ્યો હશે. ”

નોકર ઝૂકીને સલામ કરી બહાર ચાલ્યો ગયો. થોડી વારમાં રામલો શેઠ બેઠા હતા ત્યાં આવી પહોંચ્યો. તેના મોઢા પર તેજ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. ઓરડામાં દાખલ થતાંની સાથેજ તે હાથ જોડી બોલવા લાગ્યોઃ "શેઠ, થોડા દિવસ સબૂર કરો. હું આપના પૈસા ચૂકવી દઇશ; ગરીબ છું......"

આ સાંભળતાંજ કીકાશેઠનો પારો ૧૧૦ ડીગ્રી ઉપર પહોંચી ગયો. તે વચમાંજ તેને અટકાવી બોલ્યોઃ "ચૂપ રહે, વધારે વાત ન કર...અરે નોકર, આ સાલાનું માથું ખાસડાં મારી ભાંગી નાખ!"

"શેઠ દયા કરો." કહેતાં કહેતાં રામલો શેઠને પગે પડ્યો.

પરંતુ કીકાશેઠમાં દયા ક્યાં હતી? તે તો ક્રોધથી જળી રહ્યો હતો. "એ ઉલ્લુ, મારૂં કહ્યું સાંભળતો નથી!"

"શેઠ......" રામલો રડી પડ્યો.

પાસે ઊભેલા નોકરે પગમાંથી જોડા ઉતાર્યા અને રામલાના શિર પર ફટોફટ લગાવવા લાગ્યો. બેત્રણ ફટકામાં તો રામલાનું માથું ફાટી ગયું. લોહીની ધારા વહેવા લાગી. બિચારો મૂર્છિત થઇ જમીન પર ઢળી પડ્યો. "શેઠ, રહેમ કરો, થો...થો...હું...પા...ણી"

ગભરાયલો કીકોશેઠ બોલ્યોઃ "એ ઉલ્લુ, આ તેં શું કર્યું? જા જલદી પાણી લઇ આવ." પણ પાણી આવતાં પહેલાં બિચારા નિર્ધન રામલાનું દીનતાની વેદી પર બલિદાન દેવાઇ ચૂક્યું હતું.

× × ×

મુકદ્દમો ચાલ્યો. પેલા નોકરને ફાંસીની સજા મળી, પણ લોકોએ જોયું કે હુકમ ચલાવનાર જમીનદાર સાહેબે અધિકારીઓનાં મોઢાં સીવી લીધાં હોવાથી તે અદાલતમાંથી છૂટી આવ્યો.

× × ×

રામલાનાં ખેતરો જપ્ત કરવામાં આવ્યાં. ઝૂંપડીનું લિલામ કરવામાં આવ્યું. આટલું થવા છતાં પણ બિચારાં બાળબચ્ચાં ઋણમુક્ત ન થઇ શક્યાં; તેઓ પર કરજના પંદર રૂપિયા બાકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી ગયા! બિચારી વૃદ્ધા માટે કોઇ પણ રસ્તો ન રહ્યો. તેને ભીખ માગી બાળકો તથા પેટની રક્ષા કરવી પડી. ધીરે ધીરે નવ વર્ષ વીતી ગયાં. આ સમય દરમિયાન ભગલો ભાગીને મુંબઇ આવી રહ્યો.

મુંબઇમાં ભગલાને વધારે ભટકવું ન પડયું. તેને એક શેઠને ત્યાં નોકરી મળી ગઇ. તેને પગાર પેટે મહિને પંદર રૂપિયા મળતા. બિચારો આખો દિવસ ખૂબ કામ કરતો, ત્યારે એને માંડ માંડ આઠ આના મળતા. આમાંથી પણ તે દર મહિને મા માટે દસ રૂપિયા મોકલતો.

× × ×

"ભગલાની મા, ભગલાની મા!" ઝૂંપડીની બહાર પોસ્ટ-મેન ઊભો રહી બોલી રહ્યો હતો. વૃદ્ધા ઝૂંપડીમાંથી બહાર આવી એટલે તે બોલ્યોઃ "ભગલાની મા, ભગલાએ વીસ રૂપિયા મોકલ્યા છે." વૃદ્ધા ખુશ થઇ રૂપિયા લેવા ગઇ.

આ સમયે શેઠના નોકરે આવીને કહ્યુંઃ "પોસ્ટમેન, આપને કીકાશેઠ બોલાવે છે. ભગલાની મા, તું પણ સાથેજ ચાલ." જાલિમ શેઠનો હુકમ માન્ય રાખી તેને જવુંજ પડયું.

કીકાશેઠે કહ્યુંઃ "ભગલાની મા! તારા પૈસા આવી ગયા છે, માટે મારા લેણા પૈસા ચૂકવી આપ."

વૃદ્ધા બોલીઃ "શેઠ, ભગલો જીવતો હશે, તો કોઇ દિવસ પણ આપનું દેવું ભરપાઇ કરશે. આજે તો દયા કરો શેઠ! ભૂખે મરી જઇશ."

પરંતુ જમીનદારના બહેરા કાન પર આની કંઇજ અસર ન થઇ. વૃદ્ધાના હાથમાંથી રૂપિયા ઝૂંટવી લેવામાં આવ્યા અને તેને ધક્કો મારી બહાર કાઢવામાં આવી. આવી રીતે કીકાશેઠે દસ વર્ષ બાદ પોતાનું લહેણું વસૂલ કરી લીધું. બિચારી વૃદ્ધા ખાલી હાથે આંસુ પાડતી પોતાની ઝૂંપડીએ પાછી વળી!

× × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક અઠવાડિયા બાદ પ્રાતઃકાળના ઝાંખા પ્રકાશમાં વૃદ્ધાએ જોયું કે, કોઇ મેલાંફાટેલાં કપડામાં સજ્જ થયેલી વ્યક્તિ તેની ઝૂંપડી નજદીક આવી રહી હતી. તેનું શરીર તાવથી ધખધખી રહ્યું હતું, ચહેરો ફિક્કો પડી ગયો હતો, આંખો ઊંડી ઊતરી ગઇ હતી; હાથ–પગ શક્તિહીન હતા.

ભગલો બોલ્યોઃ "મા, ત્રણ મહિનાથી હું તમને કંઇ પણ મોકલી શક્યો ન હતો; કારણ કે શેઠ મજૂરી આપવા માગતો ન હતો. આખરે ઘણા કાલાવાલા કર્યાં, ત્યારે વીસ રૂપિયા આપ્યા, જે મેં તમને મોકલ્યા. બાદ ચાર દિવસ બાદ તાવ આવવા લાગ્યો. મને વિચાર થયો ઘેર જાઉં! રૂપિયા મળી ગયા હશે. ખાવાની તકલીફ નહિ પડે અને દવા પણ થઇ શકશે અને સારો થયા બાદ પાછો જઇશ.

આ સાંભળી વૃદ્ધાનું માતૃહૃદય કંપી ઊઠ્યું, પણ જ્યારે ભગલાને માલૂમ પડ્યું કે, સઘળા રૂપિયા જમીનદારે કરજ પેટે લઇ લીધા છે, ત્યારે તેની રહીસહી આશાની ઇમારત જમીનદોસ્ત થઇ ગઇ અને તે જેમતેમ ખાટલામાં પડી રહ્યો.

વૃદ્ધાએ જોયું કે, તેનો પ્યારો ભગલો તેને ઘડપણમાં એકલી મૂકી કોઈ બીજી દુનિયામાં જઇ રહ્યો છે, ત્યારે તે છાતીફાટ રડીઃ "હાય! વિધવાનું ધન!"

આકાશમાં ચંદ્ર સોળે કળાએ ખીલી રહ્યો હતો. પાસે નદીનાં પાણી કલકલ વહી રહ્યાં હતાં. કેટલેક દૂર બેસી વૃદ્ધા રડતી આંખે બળતી ચિતા જોઇ રહી હતી. તેનો ભગલો–તેના જીવથી પણ પ્યારો ભગલો ચિતાની ભીષણ જ્વાળાઓમાં ખાખ થઇ રહ્યો હતો. તે વૃદ્ધા પાસે ચિરકાળની વિદાય લેવા આવ્યો હતો.

વૃદ્ધાની આંખમાં આંસુ ન હતાં, માત્ર તેના હૃદયમાંથી કોઇ કોઇ વાર ઠંડા નિઃશ્વાસો નીકળતાઃ "હાય ભગલાઃ હાય બેટા……"

("જયભારત" સાપ્તાહિકના એક દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩–શેઠજી ! મહેરબાની કરો !

(લેખકઃ–શ્રી. બીજક)

(૧)

"લોકો કેટલા બદમાસ થઇ ગયા છે. કોઇનું લઇને પાછું આપવાનું દિલજ થતું નથી. લેતી વખતે તો ગરીબ બને છે, પણ આપતી વખતે આંખો કાઢે છે અને કહે છે: 'મરી જઇશ, શેઠજી! મહેરબાની કરો.' કરીમ અગર હું આ પ્રમાણે મહેરબાની કરતા ફરીએ, તો તો અમારૂં દીવાળુંજ નીકળી જાય ને! હું કયાં કોઇને જબરજસ્તી કરૂં છું કે કયાં કોઇની ખુશામદ કરૂં છું? હું તો સાફ સાફ કહું છું કે, જેને ગરજ હોય તે રૂપિયે બે પૈસા વ્યાજ આપે. કરીમ, બતાવ તો સહી, હું કયાં કોઇના પર જુલમ કરૂં છું?" ધરમદાસ શેઠે કહ્યું.

"નહિ શેઠજી!" કરીમે મોઢા પર હાસ્ય લાવી કહ્યું. "તમે કયાં કોઇનું મફત લો છો. આજે જોયુંને, પેલી રતન કેટલી રડતી હતી અને ગાયને લઇને હું ચાલવા લાગ્યો ત્યારે કહે કે, 'મરી જઇશ, શેઠજી! મહેરબાની કરો!' એંસી રૂપિયાની ડીક્રીમાં વીસ-બાવીસ રૂપિયાની ગાય જપ્ત કરી તેમાં કેટલી ધાંધલ! અને તેનો છોકરો તો મારી પાસેથી ગાય પાછી માગવા લાગ્યો. બાપ દેવું કરીને મરી ગયો. શું બધા પૈસા સાથે લઇ ગયો હશે? તેણે જીવતાં એક પાઇ પણ પાછી ન વાળી અને તેની સ્ત્રી તો તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખવેલી, એટલે આજે જપ્તી સમયે આંખોમાં આંસુ લાવી કેવા ઢોંગ કરતી હતી?"

"બરાબર છે, કરીમ, આજે લોકોમાં વિશ્વાસ મૂકી શકાય તેવી હાલત નથી. ઊલટા લોકો મને ગાળો ભાંડે છે. મારી પાસે આજે બે પૈસા જોઇ લોકો બળી રહ્યા છે."

"ભલે બળે, લોકો આપનું શું બગાડી શકે તેમ છે? ખુદાએ આટલી દોલત આપી છે, તે કોઇ છીનવી શકે તેમ નથી."

ઉપરનું વાક્ય સાંભળી ધરમદાસ શેઠના મોઢા પર એક આછા સ્મિતની ઠંડી લહેર પસાર થઇ ગઇ અને આંખોની ચમકે કરીમની વાતોનું સમર્થન કર્યું. આ બધું કરીમ બરાબર માપી ગયો અને શેઠની ખુશામદની બીજી વાતે વળગ્યો.

(૨)

ખેમો, તે ગામનો એક ભરવાડ હતો. તેના કુટુંબમાં તેની સ્ત્રી રતન અને સુંદર નામે એક નાનો બાળક હતાં. ખેમો ગામનાં ઢોરોને ચરાવવા સીમમાં લઇ જતો. રતન રોજ વહેલી સવારે ઊઠી મોટામોટા ચાર રોટલા એક ભથાચણામાં બાંધી આપતી અને ખેમો તેને બગલમાં મારી ખભે ડાંગ મૂકી ઢોરાં ચરાવવા ચાલ્યો જતો. સાંજે પાછો ફરતો ત્યારે માટીના હાંડામાં ભરેલા પાણીથી હાથમોં ધોઇ લઇ ખાવા બેસતો. રતન તેને રોટલો પીરસતી અને તેઓ મીઠીમીઠી વાતો કરતાં. નાનો સુંદર પિતાના ખભા પર સવાર થઇ જતો અને કાલું કાલું બોલતો. આ રીતે ખેમાનું કુટુંબ સુખપૂર્વક દિવસો વિતાવતું. એના સૂકા રોટલામાં પણ તે અપૂર્વ મોજ માનતો. એની કાચી બાંધણીનાં ઝૂંપડાંને જોઇ ભલે ગરીબીનો ભાસ થતો, પણ આ નાની ઝૂંપડીમાં ગરીબીનું દુઃખ કદી દેખાતું નહિ. લુખ્ખી રોટલી ખાઇને પણ તે સદા હસમુખો રહેતો અને આ રીતે તેઓ પોતાના દિવસો ગાળતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસ ખેમાને દસ રૂપિયાની જરૂર પડી. ઝૂંપડીના ખૂણે ખૂણે ફરી વળ્યો, પણ એવી કોઇ ચીજ ન મળી કે જેને વેચી તે દસ રૂપિયા મેળવી શકે. શું ભાણેજનાં લગ્નમાં દસ રૂપિયાનું મામેરૂં પણ તે ન કરે? એને એની ગરીબી હાલતનું ભાન થયું. શું તે પણ એક માનવ નથી? શું તેના કોઇ સગા ના હોઇ શકે? ત્યારે શું દસ રૂપિયાના મામેરામાંથી પણ તે ગયો? મનમાં આવા અનેક વિચારો ઘેરાયા. છેવટે હતાશ થઇ ઝૂંપડીના બારણા આગળ જઇ બેઠો. એકીનજરે તે આકાશ તરફ જોઇ રહ્યો હતો. વિચારોની પરંપરાથી તેનું મગજ ચકડોળે ચડયું હતું. તેવામાં રતનનો અવાજ તેના કાને પડ્યો:

"ધરમદાસ શેઠ પાસેથી કરજે દસ રૂપિયા લઇ આવોને. ધીમે ધીમે થોડા દિવસમાં ચૂકવી દઇશું."

કોઇ માર્ગ ભૂલેલા વટેમાર્ગુને અંધારામાં બત્તીનો પ્રકાશ દેખાતાં જે આશા બંધાય, તેવી હાલત ખેમાની થઇ. તેને રસ્તો સૂઝી ગયો અને તે શેઠજી પાસે ગયો.

"જો ખેમા," શેઠજીએ કહ્યું. "રૂપિયા તો હું તને આપીશ, પણ લોકો રૂપિયા પાછા વાળતી વખતે બહુ હેરાન કરે છે. તેથી તારે રૂપિયા ચાલીસની ચિઠ્ઠી લખી આપવી પડશે અને રૂપિયે બે પૈસા વ્યાજ થશે."

લાચારીએ પહોંચેલા ખેમાએ ચિઠ્ઠી લખી આપી. રૂપિયા લીધા અને તેનું કામ પાર પડયું.

તે પછી દિવસો, અઠવાડિયાં અને મહિનાઓ વીતતા ચાલ્યા અને જોતજોતામાં બે વર્ષ પૂરાં થયાં. રોજનું કમાઇ રોજ સૂકો રોટલો ખાતો ખેમો આ રૂપિયા પાછા ન આપી શક્યો. તે હમેશાં આ રૂપિયા ભરપાઇ કરવાની ફિકરમાં રહેતો.

તેવામાં તે એકાએક બિમાર પડ્યો. બહુ જોરથી તાવ આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડોશીઓએ દવાની પડીકીઓ આપી, એક ભૂવાએ ભૂતનો ઉતારો કર્યો. રતને ગામના દરેક વૈદો પાસે ફરી વળી દવા મેળવી, પણ તાવ ન ઊતર્યો. દેવીની માનતા લીધી, તોપણ તાવમાં મુદ્દલ ફેર ન પડ્યો. તેના બધાએ પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા અને તાવ વધતો ગયો.

એક રાત્રે જ્યારે નાનો સુંદર બિછાનામાં સૂતો હતો, ઝૂંપડામાં એક ઝીણી બત્તી બળી રહી હતી અને ઝૂંપડાંની બહાર અમાસની રાત્રિનો અંધકાર છવાયો હતો, ત્યારે ખેમાએ રતનને પોતાની પાસે બોલાવી કહ્યું:

"હું હવે જઇ રહ્યો છું. આવતી કાલ માટે ઘરમાં અનાજનો એક દાણો પણ નથી. મને માફ કરજે..." આટલું બોલતાં ખેમાનું હૃદય ભરાઇ આવ્યું. માથા નીચેનો મેલો તકિયો આંસુઓની ધારાથી તરબોળ થઇ ગયો. ખેમાએ બધી તાકાત એકઠી કરી બોલવા માટે પ્રયાસ કર્યો અને કહ્યું: "તને ગમે તેટલી મુશ્કેલી નડે તે સહન કરજે, પણ...પણ...આ નાના સુંદરને દુઃખ ન પહોંચે. આપણી ગાય એના માટેજ છે. ગમે તેવી મુશ્કેલીમાં તેને વેચતી ના. એના આશરે આપણો સુંદર ઊછરી જશે."

એણે આંખો બંધ કરી. રતન ઝાડની તૂટેલી ડાળની માફક જમીન પર પછડાઇ પડી. પવનનો એક ફૂંફાડો આવ્યો અને ઝીણી બત્તી બુઝાઇ ગઇ. એની સામે આખો સંસાર અંધકારમય બની ગયો. કેમ જાણે તે આનંદી ઝૂંપડી કરુણ ગુફામાં બદલાઇ ગઇ ન હોય!!

(૩)

ખેમાના મરણથી રતનની હાલત ઘણી કઢંગી થઇ પડી. તેને જીવનમાં રસ ન રહ્યો. તેને દુનિયા પરથી મોહ ઊડી ગયો. ઇચ્છા થતી કે પોતે પણ મરી જાય, પણ તે મરી ન શકી. સુંદરની યાદે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને રોકી લીધી. રતને બચપણથીજ શ્રમિત જીવન વિતાવ્યું હતું. પોતાના તેમજ સુંદરના જીવનનિર્વાહ માટે તેણે મજૂરી કરવી શરૂ કરી. આખો દિવસ સખ્ત મજૂરી કરી સાંજે ઝૂંપડે પાછી ફરતી.

આમ દિવસો વીતતા ચાલ્યા અને નાનો સુંદર હવે લગભગ છ વર્ષની ઉંમરે પહોંચ્યો. તે હવે ગાયને બીજા છોકરાઓ સાથે ચરાવવા લઈ જતો અને સાંજે પાછો ફરતો, ત્યારે રતન તેને આનંદથી જમાડતી. તેને ગળે લપટાવી લેતી અને જ્યારે સુંદર ખેતરોનું વર્ણન કરતો, ત્યારે તો રતનનો આનંદ માતો નહિ. પતિના મરણ પછી તેની પાસે આ એકજ સંપત્તિ હતી, જેના માટે જીવવામાં તે રસ માનતી.

(૪)

પરંતુ આજની આ પૂંજીપતિઓના સ્વાર્થ સાધતી દુનિયા તેના આ સુખને પણ ન જોઈ શકી. ધરમદાસ શેઠને ખબર પડી કે, રતન પાસે એક દેખાવડી ગાય છે. તરતજ કરીમને બોલાવી કહ્યું: "કરીમ, રતન પાસે એક ગાય છે, તો જા તેને કહે કે કરજના બદલામાં તે ગાય આપી દે." "વારૂ, શેઠ." કહી કરીમ રતનને ઝૂંપડે ગયો. રતન ગામમાંથી હમણાંજ પાછી ફરી હતી. કરીમે ગાયની માગણી કરી. કરજના બદલામાં રતન જરૂર તે ગાયને આપી દેત, પણ સુંદરની તેને યાદ આવી. ખેમાની મરતી વેળાની આખરી સૂચના તાજી થઇ. તેણે ગદ્‌ગદ કંઠે કહ્યું: "શેઠજીને કહેજો કે, મહેરબાની કરી ગાય સિવાય મારી પાસેથી બીજી કોઈ પણ વસ્તુ માગે."

આ સાંભળી કરીમ બડબડતો બડબડતો ત્યાંથી ચાલ્યો ગયો અને ધરમદાસ શેઠને તે સંદેશો પહોંચાડચો; પરંતુ શેઠનું દિલ ન પીગળ્યું. શેઠે તો કેસ માંડી ડીક્રી મેળવી અને ગાયની જપ્તી કરવામાં આવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીમ જ્યારે ગાયને લઇ જવા લાગ્યો, ત્યારે રતન ચોધાર આંસુએ રડી પડી, શેઠના પગે પડી અને કહ્યું: "શેઠજી, મહેરબાની કરો! આ સુંદર તમારા નોકરનો છોકરો છે. તેના પર દયા કરો. છોકરો તેની પટ પળી મોટો થતાં તમારી પાઇએ પાઇ ચૂકવી દેશે."

આ સાંભળી કઠણ હૃદયના શેઠજી ખડખડાટ હસી પડ્યા અને કહ્યું: "જ્યારે તારી પાસે માલ છે, ત્યારે તો તું આપતી નથી અને છોકરો મોટો થતાં ચૂકવી દેશે? કેટલી બદમાસી! કરીમ, ગાય-ને લઇ ચાલ."

કરીમ દોરી પકડી ગાયને ખેંચવા લાગ્યો. નાનો સુંદર ગાયને પાછળથી ખેંચવા લાગ્યો. ગાયે એક કાતર દૃષ્ટિ કરી સુંદર તરફ જોયું. કરીમે ગાયની પીઠ પર એક લાઠીનો ફટકો માર્યો. સુંદરથી આ ન જોવાયું. તે દોડી ગળે લપટાઇ ગયો, અને જોરથી રડવા લાગ્યો. કેમ જાણે તેની માને કોઈ લઇ જતું ન હોય!!

આ હાલત રતનથી ન સહેવાઈ. વીજળીની ત્વરાથી તે કરીમ પાસે દોડી ગઇ. તેના હાથમાંથી ગાયને છોડાવવા કોશીશ કરી. શેઠના એકજ ઇશારા પર કરીમે સુંદરનો હાથ પકડી એક બાજુએ ફેંકી દીધો અને રતનની પીઠમાં એક લાત લગાવી.

"મરી જઇશ. શેઠજી! મહેરબાની કરો." કહેતી રતન જમીન પર ત્યાંજ બેસી ગઇ. ગાય શેઠજીના ઘરે જઇ પહોંચી.

બે કરુણામૂર્તિઓ ઝૂંપડાના બારણામાં બેઠી હતી. ગાયની પીઠ પરનો લાઠીનો ફટકો અને રતનને મરાયેલી લાત સુંદરે નજરે જોઇ હતી. આટલી નાની ઉંમરમાં આ કરુણ દૃશ્ય તેણે પહેલીજ વાર જોયું હતું. આનાથી એના દિલ પર સખ્ત આઘાત થયો. તેને તેજ સમયે તાવ ચઢી આવ્યો. "મરી જઇશ, શેઠજી! મહેરબાની કરો" વાળું વાક્ય તેના કુમળા મગજમાં ઘૂમવા લાગ્યું. તાવ વધતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો. આ જોઈ રતન મૂંઝાવા લાગી. તે તેને સમજાવવા લાગી.

"બેટા, પાણી પીશ ?"

સુંદરે કહ્યું: "મરી જઇશ, શેઠજી! મહેરબાની કરો."

આ સાંભળી રતનની છાતી ફાટવા લાગી. શરીર પરસેવાથી રેબઝેબ થઇ ગયું. તેને શાંત પાડવા એણે કોશીશ કરી, પણ તાવ તો વધતો ગયો. બીજે દિવસે સુંદરે કહ્યું: "મરી જઇશ, શેઠજી! મહેરબાની કરો." અને તેણે આંખો મીંચી લીધી.

એક પછી એક દુઃખ ઉઠાવતી માતા માટે આટલા પ્રહારો પૂરતા હતા. એને લાગ્યું કે, જરૂર કોઇ ભયંકર મૂર્તિ તેના બાળકનો જીવ લઇ રહ્યું છે. હિંમત એકઠી કરી તે કહેવા લાગી: "મરી જઇશ, શેઠજી! મહેરબાની કરો." તેના આ શબ્દો સાંભળવા ત્યાં કોઇ ન હતું.

(૫)

રતન દીવાની બની ગઇ. તેણે ઝૂંપડું છોડી દીધું. તે ગામેગામ ફરતી. કોઇ રોટલીનો ટુકડો આપતું તો તે ખાઇ લેતી. લોકો પૂછતા: "તું કોણ છે?" તો કહેતી: "મરી જઇશ શેઠજી, મહેરબાની કરો."

(તા. ૧૩-૨-૩૭ ના "આજકાલ" સાપ્તાહિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪–દરવાન

(લેખકઃ-શ્રી. ઉમાકાન્ત)

જગતના કાર્યવાહકોએ તેને માટે એકજ સ્થાન નક્કી કર્યું હતું. એ સ્થાન સિવાય રહીમને માટે જગતમાં બીજું સ્થાન ખાલી ન હતું. ખાલી હોય તો રહીમને તે મળે તેમ ન હતું. બંગલાના દરવાજાની બાજુએ પડેલા એક અર્ધભાંગેલા ટેબલ પર રહીમના જીવનનું તત્ત્વજ્ઞાન પથરાયેલું રહેતું. ટેબલના પાયે પાયે રહીમના જીવનનો આદેશ, ઉદ્દેશ, ધ્યેય અને કથા વીંટળાઇ રહેતી. ઉનાળાના સૂર્યનો તાપ, શિયાળાની ઠંડી અને વરસાદનાં ઝાપટાંના અનહદ મારથી વર્ષો પછી રહીમના જીવનની કરુણ કથાઓ સાંભળી એ કાષ્ટનું ટેબલ પણ રીઢું બની ગયું હતું. રહીમ પોતાના જીવનનો મોટો ભાગ એ ભાંગેલા ટેબલના સહવાસમાં ગાળતો.

રહીમ દરવાન હતો.

એક મોટું એવું આ–દસ માણસોનું કુટુંબ રહીમની દરવાની પર ધરતી પર પગ માંડી રહ્યું હતું. રહીમના બાર રૂપિયાના પગાર પર એ આખાય કુટુંબનાં માણસોનાં ઉદર મીટ માંડી રહેતાં. માસ પૂરો થતો. રહીમ હરખાતે હૈયે દસ રૂપિયાની એક નોટ અને બે છૂટા રૂપિયા લઇ ઘેર આવતો. રૂપિયા જોઇ તેનું હૃદય આનંદથી ઊભરાઇ જતું. એ રૂપિયા માટે રોજના બારથી ચૌદ કલાક ઊભે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગે કરેલી નોકરીનું દુઃખ તે તદ્દન વીસરી જતો. પણ—

રૂપિયા લઇ નાના શા એ ઘરના ઉંબરામાં પ્રવેશતાં રહીમની અમીના મહિનાના ખર્ચનું બિલ તેના હાથમાં મૂકતી, ત્યારે રહીમનો આનંદ ઊડી જતો, તેના પગમાંનું જોર નાશ પામતું, મુખ પરની પ્રફુલ્લતા વિલીન થઈ જતી, ઊંડા નિશ્વાસથી તેનાં ફેફસાં ભરાઇ જતાં, દેહમાંથી ચેતનનો નાશ થયો હોય તેમ યંત્રવત્ તેનો એક હાથ મહામહેનતે ઊંચો થતો; અમીનાના હાથમાંથી બિલનું કાગળિયું તે લેતો.

"અમીના, શું વધે છે?" દુઃખદ અવાજે તે પૂછતો.

"માત્ર ત્રણ આના!" અમીના એટલાજ દુઃખદ સ્વરે જવાબ આપતી.

બાર રૂપિયામાં એક બહોળા કુટુંબનો ખર્ચ નિભાવી, ઉપરથી ત્રણ આના બચાવનાર અમીના, રહીમની જીવનસંગિની હતી. રહીમનું સુખ કે દુઃખ તેને સરખીજ રીતે સ્પર્શતાં. રહીમ ખરા પાણીનાં આંસુએ રોતો ત્યારે અમીના રક્તનાં આંસુએ રોતી. રહીમ કોઇક વખત એકાદ ટંક ભૂખ્યો રહેતો, પણ માસના સાત ઉપવાસ તો અમીના માટે તેની કંગાલિયત અવસ્થાએ નક્કીજ કરી રાખ્યા હતા.

છતાં રહીમ નોકરી પરથી ઘેર આવતાં અમીના ભૂખ, દુઃખ બધુંજ ભૂલી જતી. રહીમના થાકેલા હૃદયને હળવું કરવા તે પોતાના ચહેરા પર કૃત્રિમ આનંદના રેલા રેલાવતી, મીઠી વાતોએ તે રહીમનો થાક ઉતારી દેતી, સેવાના મહામંત્રે દુઃખ ભુલાવી દેતી અને પ્રેમભીની આંખોએ પીરસતી અમીના રહીમને સારૂં ભોજન જમાડી ગરીબાઇ ભૂલી જવાની ફરજ પાડતી. ગરીબોની પત્નીઓમાં ધનિકોની ગૃહિણીઓની ઉચ્છૃંખલતા હોત, તો ઘરમાં મળતું થોડું આશ્વાસન પણ ગરીબો ગુમાવી બેઠા હોત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંબરામાંથીજ રહીમ બિલ લઇ પાછો વળતો. તેના હાથમાં ચબસાઇ પકડાયેલા રૂપિયા તેના ઘરમાં એક મિનિટ પણ થોભવા તૈયાર ન હતા. પાછા વળતાં તેના પગ ભાગી જતા. હાથમાં રહેલા રૂપિયાની હૂંફમાં કાંટા હોય તેમ તેને તે ભોંકાઇ જતા. માત્ર અર્ધોજ કલાક માટે પોતાના હાથમાં આવી, પોતાની ગરીબાઇની મશ્કરી કરતા એ રૂપિયા પર તે ચિડાતો, પણ રૂપિયા પર ગુસ્સે થવાનો હક હજી ગરીબોને આપવામાં આવ્યો નથી.

બજારમાં જઇ તે મહિનાનું બિલ ચૂકવતો. એક એક રૂપિયા સાથે જાણે પોતાના હૃદયનો એક એક કટકો તે દુકાનદારોને વહેંચતો હોય, તેમ તેનું હૃદય વેદનાથી દાઝી ઊઠતું. દાઝેલા હૃદયે માત્ર ત્રણ આનાની બચત મૂઠીને હાથમાં ચબસીને પકડી રહીમ પાછો ફરતો–રખેને તે પણ ન વપરાઇ જાય?

રસ્તામાં એક પછી એક પસાર થતી મીઠાઇ અને ફળોની દુકાનોનાં કાચના પડદાવાળાં કબાટો પર રહીમની ભૂખડી નજર પડતી. આંખ આગળ, ઘેર રમતાં પોતાનાં નાનાં નાનાં બાળકો તરવરી આવતાં. એકાદ આનાની દ્રાક્ષ કે મીઠાઇ ખરીદવાને ઘડીભર તેનું મન ઉશ્કેરાતું; બાળકો પ્રત્યેનું વાત્સલ્ય ઉછાળા મારતું. રહીમ સહેજ દુકાન તરફ વળતો, પણ તેના પગ થંભી જતા. બાળકો માટે એક આનાનું ખાવાનું ખરીદવા જેટલી પોતાની સ્થિતિ નથી, તે તેને યાદ આવતું. વૃદ્ધ માતપિતાના દવા-દારૂના એક માસના ખર્ચ માટે માત્ર એ ત્રણજ આના બાકી રહેતા, એ સાંભરી આવતાંજ બાળકો પ્રત્યેનું વાત્સલ્ય આંસુના નીરમાં ફેરવાઇ જતું. નીચું મુખ રાખી રહીમ ચાલ્યો જતો. ગરીબોનાં સંતાનો માટે મીઠાઈ અને ફળ ખાવાની કોઇએ સખત મનાઇ કરી છે! કોણ જાણે એ મનાઇ-હુકમ ક્યારે રદ થશે!

નિરાશ થતો રહીમ ઘેર આવતો. વધેલા ત્રણ આના સાચવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખવા તે અમીનાને પાછા આપતો. નોકરોને માટે મહિનામાં આનંદનો રાખેલો પગારનો એ એક દિવસ પણ રહીમ શોકસાગરમાં ગાળતો. એ આખોય દિવસ તેનાં ચક્ષુ અશ્રુનાં નીરથી ભરાયેલાં રહેતાં. અમીનાનું આશ્વાસન તે દિવસે નકામું જતું. ભૂખ્યે પેટે તે દિવસે તે નોકરી પર ચાલ્યો જતો. આલીશાન બંગલાના દરવાજામાં પડેલું પેલું લાકડાનું ટેબલ તેનું આશ્વાસન બનતું. રહીમની જીવનવીણામાંથી નીકળતા કરુણ સૂરમાં તે પોતાનું રુદન ઉમેરતું. રુદનમાં રહીમને તે કંઈક કહેતું.

"રહીમ! રો નહિ ભાઇ, મારા જીવન-ઇતિહાસનાં પાનાં પર તારા જેવા હજારો રહીમનાં રુદન નોંધાયાં છે. તારા જેવા કેટલાય દરવાનોએ માત્ર મારોજ ટેકો મેળવી ભૂખે પેટે દરવાનગીરી બજાવી છે."

ચેતનવિહોણા કાષ્ટના ઉદ્દગારો રહીમને સંભળાતા, આંસુભરી આંખે તે કરડાકીથી બંગલા તરફ નજર નાખતો, પણ તે પહેલાં તો બંગલાની નજીકજ રસ્તા પર એકાદ મોટરનું હોર્ન વાગતું. રહીમ આંસુ લૂછી ટેબલ પરથી ઊભો થઇ જતો. મોટરનું હોર્ન દરવાનો માટે ચેતવણીચિહ્નની ગરજ સારે છે.

બે પગની એડીઓ અડાડી, અંગૂઠા દૂર રાખી, ટટાર થઇ રહીમ ઉતાવળે જઇ મોટરનું બારણું ખોલતો. મોટરમાં બેસનારની નાજુકતા મોટરનું બારણું પણ ન ઉઘાડી શકે એટલી બધી કેમ વધી ગઇ હશે? આગંતુક મોટરમાંથી ઊતરી બંગલામાં ચાલ્યું જતું. રહીમ બારણું બંધ કરતો મોટર ચાલી જતી. રહીમ સ્વસ્થાને આવી ઊભો રહેતો.

અને અજાણ્યા આગંતુક વખતે તો રહીમના પગને પણ ચાલવાની ફરજ પડતી. 'વિઝિટિંગ કાર્ડ' લઇ તે અંદર દોડ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતો, શેઠના ખંડ પાસે ઊભેલા પટાવાળાને કાર્ડ આપી તે ઊભો રહેતો. પટાવાળો નાક ફુલાવતો ખંડમાં જતો, અને હા કે ના નો જવાબ લઈ ડોળા ફાડતો રહીમને સંદેશો આપતો. રહીમ પુનઃ દરવાજા તરફ દોડતો.

× × ×

ટેબલ પર બેસી રહીમે હમણાંજ કોથળીમાંથી સૂકો (તમાકુ) કાઢી ચલમમાં નાખ્યો હતો, અને કાથી સળગાવી દેવતા પાડવા જ્યાં પેટીમાંથી દીવાસળી કાઢી, ત્યાં તો નાના પુત્ર રસૂલની બૂમ તેને સંભળાઈ.

"ચાચા, ગુલ બહુજ બિમાર થઇ ગઇ છે. મા હમણાંજ તમને ઘેર બોલાવે છે."

"ગુલ બિમાર છે?"

ફાટી આંખે રહીમ રસૂલ તરફ જોઇ રહ્યો. હાથમાંની દીવા-સળી સરી પડી.

"હા." રસૂલે ગભરાતાં ગભરાતાં જવાબ આપ્યો.

ગુલ રહીમની નાનામાં નાની બાળકી હતી. નવ–દસ વર્ષની એ બાળકી રહીમને પ્રાણ કરતાંય અધિક પ્યારી હતી. ધનિકોના જેટલાંજ ગરીબોને પણ પોતાનાં સંતાન વહાલાં હોય છે. રહીમ ટેબલ પરથી સફાળો ઊભો થઇ ગયો.

"તું જા, હું આવું છું."

રસૂલને જવાબ આપી, રહીમે ચલમમાં નાખેલો સૂકો કોથળી-માં પાછો ઠાલવી દીધો. ભોંય પડેલી દીવાસળી ઉપાડી પુનઃ પેટીમાં ઘાલી દીધી અને તે બંગલાની અંદર દોડ્યો. રસૂલ પાછો વળી ગયો.

"કહાં જાતે હય?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠના ખંડમાં સીધા ચાલ્યા જતા રહીમને પટાવાળાએ રોક્યો, રહીમ થોભી ગયો.

"મારે શેઠને મળવું છે," રહીમે જવાબ આપ્યો.

"અચ્છા, ઠેર."

પટાવાળો ધીમેથી શેઠના ખંડમાં પ્રવેશ્યો. આતુરતાથી તેની વાટ જોતો રહીમ બારણા તરફ તાકી રહ્યો.

"શેઠ અબ કામમેં હય." પટાવાળાએ બહાર આવી થોડીજ વારમાં જવાબ આપ્યો.

"મારે ઘણુંજ અગત્યનું કામ છે." રહીમે પટાવાળાને કહ્યું.

"ઇસમે મંય ક્યા કર સકું? ચલે જાવ."

રહીમ પાછો વળ્યો. દરવાજા તરફ જતાંજ તેની આંખોએ અંધારાં આવવા માંડયાં. એક ભયાનક ચિત્ર તેનાં ચક્ષુ સમક્ષ રજૂ થયું.

પોતાના ઘરના એક અંધારિયા ઓરડાના ખૂણામાં એક તૂટેલી ગોદડી ઉપર પોતાની વહાલસોઇ પુત્રીને સુવાડેલી તેણે જોઇ. આજુ-બાજુ તેના આખાય ઘરનાં માણસો કલ્પાંત કરતાં, ચાતક પેઠે પોતાની રાહ જોતાં ઊભેલાં નિહાળ્યાં. ગુલની અર્ધમીંચાયેલી આંખો-માંથી દડદડ આંસુ ટપકી પથારીને પલાળતાં હતાં. અમીના ગુલના કપાળ પર હાથ ફેરવતી એકામ રોઇ રહી હતી. ગુલના મુખેથી થોડી-થોડી વારે રુદન સાથે માત્ર એકજ શબ્દ આવતો હતો: "ઓ ચાચા!"

ચાચાનું રટન કરતી ગુલ વેદનાથી સનેપાત થયો હોય તેમ શરીરને ઉછાળતી હતી. તેનું મુખ બંધ રહેતું. નસ્કોરાંમાં અવાજ સાથે સાથે શ્વાસની આવ-જા થતી હતી. એ શ્વાસ ક્યારે અટકી જશે, એની કોઇને ખબર ન હતી.

અર્ધેરસ્તે આવી રહીમ પાછો બંગલા તરફ દોડ્યો. કલ્પનામાં પણ પુત્રીની આવી દશા તેનાથી ન જોઇ શકાઈ; છતાં શેઠની રજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિવાય દરવાજો છોડી તેનાથી એક ડગ પણ ભરી શકાય તેમ ન હતું અને નોકરીને ઠોકરે મારી ઘર તરફ ચાલ્યો જાય તો પોતાના આખાય કુટુંબને વેદનાની ચીસો પાડી, ભૂખની પીડાએ મરતાં જોવાની તેને ફરજ પડે તેમ હતું.

"ભાઈ, ફરીથી જઈને શેઠને કહે કે, રહીમ અગત્યના કામ માટે મળવા માગે છે." પટાવાળા પાસે જઈ રહીમે વિનંતી કરી.

પટાવાળાનાં નાક ફરીથી ફૂલ્યાં, પણ રહીમના મુખ પરની વેદનાની તેને દયા આવી. પટાવાળો પણ એજ ધનિકનો નોકર હતો ને? એ માત્ર એક ખંડનો દરવાન હતો, રહીમ આખાય બંગલાનો દરવાન હતો. નોકરોનાં દુઃખ-મૂંઝવણો નોકરોજ વધુ સરળતાથી સમજી શકે છે. પટાવાળો અંદર ગયો.

એ વિશાળ ખંડમાં એક મોટું બનાત જડેલું ટેબલ ગોઠવેલું હતું. ઉપર કેટલાંક દળદાર પુસ્તકો અને લખવાની સામગ્રી વ્યવસ્થિત-પણે ગોઠવેલી હતી. ટેબલની પાસે રાખેલી સુંવાળી ગાદીવાળી ફરતી ખુરશીમાં એક પ્રતિભાશાળી વ્યક્તિ બેઠી હતી. તેના મુખ પર સખ્તાઇ હતી. આંખોમાં દુનિયાનું પાલન કરનાર જેટલું અભિમાન હતું. ભવ્ય કપાળ પર ધનના મદની, સત્તાની કરચલિયો ગૂંથાયેલી હતી. દુનિયાને વશ કરવાની ઘેલછાના ચમકાર તેના ઓઠના ખૂણા-માં છુપાયેલા માલૂમ પડતા હતા.

"સા'બ, રહીમ મીલના ચાહતા હય."

ઝૂકીને સલામ ભરતાં પટાવાળાએ કહ્યું. જવાબની રાહ જોતો બાજુએ જઇ તે ઊભો રહ્યો.

"રહીમ કોણ?" શેઠે પ્રશ્ન કર્યો. દુનિયાના કોઇ પણ માણસનું નામ યાદ રાખવા ધનિકો બંધાયેલા નથી હોતા. પછી તે પોતાનો દરવાન હોય, કે પટાવાળો હોય. નામાવલી યાદ રાખ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાનો બોજો તેઓએ પટાવાળા પર છોડ્યો છે. બેંકોનાં અટપટાં નામ યાદ રાખતાં એજ ધનિકોને જરાય અડચણ નથી પડતી.

"દરવાન હય, સા'બ."

"કયા કામ હય ?"

"માલૂમ નહિ, સાબ."

"અચ્છા, આને દો."

"જી, સા'બ."

ફરીથી ઝૂકીને સલામ ભરી પટાવાળો બહાર ગયો. શેઠ સાથે વાત કરતાં વાક્યને છેડે કે પહેલાં "સા'બ" નું સંબોધન મૂક્યા પછીજ કોઇ પણ નોકરને બોલવાનો હક હોય છે.

"જાવ." પટાવાળાએ બહાર આવી રહીમને અંદર જવાની પરવાનગી આપી.

રહીમ બીતો બીતો અંદર ગયો. શેઠ રજા આપશે કે કેમ ? અને નહિ આપે તો ? રહીમ જતાંજ મૂંઝાયો. તેના પગ ઢીલા થઈ ગયા. મુખ તદ્દન નિસ્તેજ થઇ ગયું. અંદર જઇ, સલામ ભરી રહીમ ટેબલની બાજુએ ઊભો રહ્યો. દયામણા મુખે શેઠ તરફ તે જોઇ રહ્યો. શેઠ સાથે વાત કરવા માટે દયામણું મુખ રાખીનેજ ઊભા રહેવું જોઇએ, એમ તે માનતો. કદાચ પોતાની દયા ખાઇને પણ શેઠનું મન પીગળી જાય.

"શું કામ છે ?" સત્તાભર્યા અવાજે શેઠે પૂછ્યું.

"સાહેબ, મારી છોકરી એકદમ બિમાર પડી ગઇ છે."

"એમાં મને શું કહેવા આવ્યો છે ?" શેઠ એકદમ ગરજી ઊઠ્યા.

"માણસ મને તેડવા આવ્યું છે, સાહેબ."

"અને દરવાજે કોણ તારો બાપ ઊભો રહેશે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોકર સાથે વાત કરતાં શેઠને ગમે તેવા શબ્દો વાપરવાની છૂટ હોય છે. શેઠ લોકો નરમાશથી કદી બોલતાજ નથી. નરમાશ રાખે તો નોકરો વંઠી જાય!

"સાહેબ, છોકરી મરણપથારી પર છે, રજા આપો તો ઘણું સારૂં." અપમાન સહેવા ટેવાઇ ગયેલા રહીમે જવાબ આપ્યો. અપમાન સહન કરતાં ન આવડે એવા નોકરને માટે જગતમાં નોકરી છેજ નહિ.

"ઠીક જા, જલદી પાછો આવ." શેઠે હુકમ કર્યો.

શેઠ રજા આપતાં આનાકાની કરશે અથવા રજા નહિ આપે, એવી રહીમની ધારણા ખોટી પડી. શેઠને અંતરથી આશીર્વાદ દેતાં તેણે ફરીથી શેઠને સલામ ભરી. ધીમેથી ખંડ બહાર નીકળી ઉતાવળે તેણે દરવાજા તરફ ચાલવા માંડયું. દરવાજામાંજ તેણે અબ્દુલને ઊભેલો જોયો. તેના પેટમાં ફાળ પડી. અબ્દુલ શું સમાચાર લાવ્યો હશે?

"ચાચા, અમીનાએ કહ્યું છે કે, ગુલને માટે કંઇ દવા લઇ જલદી ઘેર આવે." રહીમ દરવાજા પાસે આવતાંજ અબ્દુલ બોલી ઊઠયો.

"દવા? શેની દવા?"

"ગુલથી બોલાતું બી નથી."

"બોલાતું નથી?" રહીમ ગભરાઈ ગયો. શું દવા લઇ જવી તે તેને ન સમજાયું, અને સમજાયું હોત તોયે એ કયા પૈસાથી દવા ખરીદત? ઉતાવળો તે ઘર તરફ ચાલ્યો. ગુલથી બોલાતું નથી, એ સમાચારેજ તેના હૃદયની વેદના વધારી દીધી હતી.

મકાનમાં પ્રવેશતાંજ તેના હોશકોશ ઊડી ગયા. ગુલનો જીવ લેવા જાણે યમ બારણામાં આવી ન ઊભો હોય! તેમ બારણામાં પેસતાં તે બી ઊઠયો. વાટ જોતી અમીના આજે એ બારણામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતી ઊભી રહી. 'ચાચા! ચાચા!' કરતાં બાળકોનો કોલાહલ આજે એ બારણામાં નહોતો સંભળાતો. ગુલનો જીવ લેવા આવેલા યમની બીકે જાણે એ બધાં ઘરમાં ન લપાઇ ગયાં હોય! સ્મશાનવત્ બિહામણી શાંતિ આંગણામાંજ પથરાઇ ગઈ હતી.

ઉતાવળો તે અંદર ગયો. આંસુભરી આંખે આખુંય કુટુંબ ગુલની પથારીની આજુબાજુ વીંટાઇ ગયું હતું. અંધારા એ આખાય ઓરડાના વાતાવરણે કરુણતા ધારણ કરી બિહામણું સ્વરૂપ ધારણ કર્યું હતું. "ગુલ! ગુલ!" કરતો રહીમ દોડ્યો.

ગુલના શ્વાસોચ્છ્વાસ ધીમા પડી ગયા હતા. આંખો ફાટી, બિહામણી થઇ ગઇ હતી. વાચા બંધ થઇ ગઇ હતી. રહીમે ગુલના મુખ પાસે મુખ રાખી ચુંબન પર ચુંબન વરસાવવા માંડ્યાં. તેની આંખોની અશ્રુની ધારા ગુલના ગાલ પર થઈ નીચે સરવા લાગી.

"ગુલ! બેટા ગુલ!" ફાટયે હૃદયે તેણે પોકાર કર્યો.

ગુલે આંખની કીકીઓ રહીમની આંખો સામે ધરી. દયાની યાચના, દુઃખની વેદના, બચાવના પોકારભર્યો ગુલનો એ ચહેરો! ગુલના મુખમાં મુખ રાખી રહીમ છૂટા સાદે રોઇ પડ્યો.

"ગુલ, બેટા, બોલ તો ખરી!" રોતો રહિમ ગુલને બોલાવવાના પ્રયત્ન કરતો હતો.

"ડૉકટરને બોલાવી લાવો." અમીના રોતી રોતી બોલી. ગુલના માથા પાસેથી તે ઊઠી ને ચીંથરાને કટકે જીવ પેઠે સાચવી બાંધી રાખેલા પૈસા લાવી તેણે રહીમના હાથમાં મૂકયા. બાર માસની બચત! છત્રીસ આના! રહીમ પૈસા લઇ દોડતો ઘરની બહાર ગયો. હાંફતો તે દવાખાને પહોંચ્યો.

"ડૉકટર સાહેબ, મારી છોકરી મરણપથારી પર છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ફી લાવ્યો છે?" બધા ડૉક્ટરો દર્દીને પૂછે છે એ પહેલો પ્રશ્ન ડૉક્ટરે રહીમને પૂછ્યો.

"હા સાહેબ."

"જા, મોટર લઇ આવ."

"ચાલતા નહિ આવો?" મોટરનો ખર્ચ કરવો રહીમ માટે ભારે હતો. સ્વાભાવિકજ તેનાથી પુછાઇ જવાયું.

"રસ્તો માપ અહીંથી." ગ્રાહકની દરકાર ન હોય તેમ ડૉક્ટરે રહીમને તુચ્છકારી કાઢ્યો.

"મોટર લઈ આવું છું, સાહેબ."

ગુલની દવા માટે રહીમ બાર માસની તો શું પણ બાર વર્ષની બચત હોમી દેવા તૈયાર હતો. દોડતો તે મોટરના અડ્ડા પર પહોંચ્યો.

"દોઢ રૂપિયો પડશે." મોટરવાળાએ રહીમને કહ્યું.

"ભાઇ, એક ગરીબ માણસ પાસે—"

"જરૂર હોય તો લઇ જા."

"એક રૂપિયો આપીશ."

"સવા રૂપિયો આપવો છે?"

"મારી પાસે વધારે પૈસા નથી."

રહીમે બીજી મોટર તરફ ચાલવા માંડ્યું. દર્દીઓને પગે ચાલી ફરવાની સલાહ આપનાર ડૉક્ટરો, મોટરનોજ આગ્રહ રાખી દર્દીઓને શા માટે હેરાન કરતા હશે?

"એક રૂપિયો બે આના આપવા છે?" જતા રહીમને મોટરવાળાએ પૂછ્યું.

"મારી પાસે વધારે પૈસા હોત તો જરૂર આપત, પણ એક રૂપિયા સિવાય વધારે પાઇ પણ નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સારૂ ચાલ, બેસી જા."

રહીમ મોટરમાં બેઠો—તેના જીવનમાં પહેલીજ વાર. મોટર દવાખાને આવી પહોંચી. એક ચામડાની પેટી સાથે ડૉક્ટર તૈયારજ હતા. રહીમ આગળ બેઠક ઉપર ગયો. ડૉક્ટર એકલા પાછળની બેઠકે પહોળા થઇ ગોઠવાયા.

રહીમના ઘર આગળ આવી મોટર થોભી. ડૉક્ટર અને રહીમ મોટરમાંથી ઊતરી ઘરમાં જવા લાગ્યા.

"રોગ ન થાય તો થાય શું ? ઘરમાંય કેટલી ગંદકી છે ?" ઘરમાં પેસતાંજ ડૉક્ટરે અભિપ્રાયો આપવા માંડ્યા. ગરીબો માટે ગંદકીજ નક્કી કરી રાખેલી હોય છે, એની ડૉક્ટરને ક્યાંથી ખબર હોય ?

અંદર જઇ ડૉક્ટરે ગુલને તપાસી અને જાણે કંઇક ગહન વિચારમાં ન ઊતરી ગયા હોય તેમ ઘડીભર વિચાર કરતા તે બેસી રહ્યા.

"એક ઇન્જેકશન આપવું પડશે." કેટલીક વારે ડૉક્ટર બોલ્યા.

"ગુલને મટી જશે?" ભગવાનને પ્રશ્ન કરતો હોય તેમ રહીમે પૂછ્યું.

"હા, પૈસા ખર્ચાય તો !"

"એની દવા કરો, સાહેબ—"

"ઇન્જેકશનના બે રૂપિયા પડશે."

"ભલે પડે."

ડૉક્ટરે સિરિંજ કાઢી, દવા ભરી ગુલને એક ઇન્જેકશન આપી દીધું.

"દવા લેવા ચાલ."

"એ ક્યારે બોલશે, સાહેબ?"

"એક કલાકમાં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઇક આનંદ અનુભવતો રહીમ ઊઠ્યો. ડૉક્ટર પણ ઊઠ્યા. બહાર ઊભેલી મોટરમાં બેસી બંને દવાખાને પાછા આવ્યા. ત્રણ રૂપિયામાંથી એક રૂપિયો કાઢી રહીમે મોટરવાળાને આપી દીધો.

ડૉક્ટરે ગુલનો કેસ કર્યો. પ્રિસ્ક્રિપ્શન લખી મિક્શ્ચર બનાવવા તેણે કેસ કંપાઉન્ડરને આપ્યો.

"ફી લાવ."

એક બાજુએ ઊભેલા રહીમ પાસે ડૉક્ટરે પૈસા માગ્યા. રહીમે બાકી રહેલા બે રૂપિયા ડૉક્ટરના હાથમાં મૂક્યા. ડૉક્ટર ક્રોધભરી નજરે રહીમ તરફ જોઇ રહ્યો.

"ઇંજેક્શન અને દવાના પૈસા ક્યાં છે?" તેણે પૂછ્યું.

"હમણાં મારી પાસે એટલાજ છે." રહીમે જવાબ આપ્યો.

"બાકીના ક્યારે આપવાનો છે?"

"કાલેજ શેઠ પાસેથી લાવીને આપી દઇશ, સાહેબ."

"જો કાલે પૈસા ન લાવ્યો તો દવા નહિ મળે."

"જરૂર લાવીશ."

દવાની શીશી લઇ રહીમ દોડતો ઘેર આવ્યો. ગુલને સારૂં થયું હોય એમ જણાયું. તરતજ તેણે ગુલને દવા પાઇ. મહીનાઓની બચતનું પાણી થઇ જતું હતું તેનું અત્યારે તેને દુઃખ ન હતું. ગુલ હમણાં બોલશે એ આશાએ તેના હૃદયમાં આનંદ વ્યાપી ગયો હતો.

કેટલીક વારે ગુલે પાણી માગ્યું. રહીમના આનંદનો પાર ન રહ્યો. ગુલનું માથું ખોળામાં લઇ રહીમે પાણીનાં થોડાં ટીપાં ગુલના મુખમાં મૂક્યાં.

× × ×

બીજે દિવસે પ્રભાતમાં ગુલને ઘણું સારૂં થઇ ગયું હતું. ગુલના જીવનની પુનઃ આશા બંધાઇ. મરણની અણીમાંથી બચાવેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુલને ખુદા પુનઃ લઇ લેશેજ નહિ એવી સર્વને ખાતરી થઈ.

પુનર્જીવન પ્રાપ્ત કર્યું હોય તેટલો આનંદ અનુભવતો રહીમ આજે શેઠના બંગલા તરફ દોડ્યો જતો હતો. ગયેલું જોમ તેના દેહમાં પુનઃ ઉમેરાતું હતું. મુખ પર આવેલી નિસ્તેજતા ધીમેધીમે દૂર થતી જતી હતી.

યૌવનમાં રંગાયેલી નવી લાવેલી શેઠાણી સાથે અટારીમાં ખુરશીઓ નાખી શેઠ બેઠા હતા. પૂર્વમાં ફૂટતી પ્રભાતની સોનેરી ટશરો શેઠાણીના દેહ પર નૃત્ય કરી યૌવનને વધુ ખીલવતી હતી. સૌંદર્યમુગ્ધ બનતા શેઠ, શેઠાણીના મુખ તરફ જોતા 'ટૂથ બ્રશ' ઘસતા હતા, ત્યાં રહીમ ઉતાવળે દરવાજામાં પ્રવેશ્યો. ધીમેથી ઉપર આવી, શેઠ સામે સલામ ભરી તે ઊભો રહ્યો.

"શું છે અત્યારમાં?" શેઠે સખ્તાઈથી પૂછયું.

"સાહેબ, થોડા રૂપિયા જોઇએ છે." તેણે નમ્રતાથી જવાબ આપ્યો.

"હમણાં પાંચ દિવસ પહેલાં તો પગાર વહેંચાયો છે!"

"મારી છોકરીના મંદવાડ માટે સાહેબ..."

"હવે કંઇજ ન મળે."

"સાહેબ!"

"નીચે જા." શેઠે હુકમ કર્યો.

રહીમ શેઠાઇ પર શાપ વરસાવતો પાછો વળ્યો.

અને ઘેર આવતાંજ તેણે શું જોયું? ગુલ કાલની પેઠે બોલતી બંધ થઇ ગઇ હતી. શ્વાસ જોરથી ચાલતો હતો. આંખોનું તેજ ઓસરી જવા લાગ્યું હતું. કાલની પેઠેજ ઘરમાં આજે કરુણ કલ્પાંત ચાલતું હતું. રહીમ રોઇ પડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અમીના! થોડા કંઈ પૈસા!" રહીમે પૂછ્યું.

"શેઠે ન આપ્યા?"

"ના."

"મારી પાસે કંઈ પણ નથી. વેચવા સરખી કોઇ વસ્તુ પણ."

"હશે?"

"તમે ડૉક્ટર પાસે તો જાવ."

"એ નહિજ આવે." ધનિકોના સ્વભાવને સારી પેઠે જાણનાર રહીમે નિઃશ્વાસ નાખી જવાબ આપ્યો.

"તમે જાવ તો ખરા."

રહીમ પ્યારી પુત્રીની પથારી પાસેથી ઊઠ્યો. જવા માટે તેનું હૃદય સાફ સાફ ના પાડતું હતું. પગ ચાલવા ના પાડતા હતા. તે ઘસડાતો બારણા પાસે આવ્યો.

ઉંબરાની બહાર પગ મૂકવા જાય છે, ત્યાં અમીનાની કારમી ચીસ તેને સંભળાઇ. તે પાછો ઘરમાં દોડ્યો.

ગુલનું હૃદય બંધ પડી ગયું હતું.

(સં. ૧૯૯૨ના "હિંદુસ્તાન પ્રજામિત્ર"ના દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫-શોફર

(લેખકઃ-શ્રી. છોટુભાઈ પટેલ)

(૧)

પૃથ્વીના હાર્દમાં અબ્ધિ અને એ અબ્ધિનાં અનંત મોજાં જેમ માનવહાર્દમાં અનંતતા; અબ્ધિએ ઊછળતાં મોજાં કિનારે કાં તો આપસઆપસમાં અથડાઇ શાંત થાય, માનવહૃદયનાં આંદોલનો કાં તો સૃષ્ટિની અશક્યતા, કુદરતની શક્યતા યા તો માનવજાતિની સ્વાર્થપરાયણ વિવેકબુદ્ધિ સાથે અથડાઈ ભૂકો થઇ જાય; ટળવળતાં શાંત બને, નિર્જીવતા ધારણ કરતાં અચેત બને.

સૂર્યનો રૂપેરી પ્રકાશ સમુદ્રના હેલકારે હીંચતાં પાણી પર પડતો, પૃથ્વીથી ક્ષિતિજ અને ક્ષિતિજથી સ્વર્ગનો સીધો રૂપેમઢ્યો રાજમાર્ગ બનાવતો હતો. રાક્ષસી મોજાં સાથે રૂપેરી ચાદરો ઊછળતી અને મુગ્ધાનો સફેદ સાળુ જેમ પવનમાં ફરકે તેવો કંઇક આછો ભાસ થતો. દૂર દૂર વહાણોના ધવલ સઢ અને પ્રકૃતિની વિશાળતાનો ખ્યાલ આપતી ક્ષિતિજ, એ સિવાય કંઇજ નજરે ન પડતું.

પણ કોણ જાણે હાથમાં હાથ રાખી હસતે વદને કિનારે ફરતી એ બેલડીઓના હૃદયમાં હાસ્યની ઊર્મિઓ હશે કે કેમ? આનંદથી ટહેલતી એ બેલડીઓના જીવનઇતિહાસમાં આનંદ માણવા જેવી ઉજ્જવલતા છુપાઇ હશે કે કેમ? એક નહિ, બે નહિ, આવાં તો અનેક બેલડાં હાથમાં હાથ ભેરવી એકબીજાને ખુશ કરવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેષ્ટાઓ કરતાં સમુદ્રકિનારે ફરતાં હતાં; પછી તેઓ પરિણીત છે કે અપરિણીત એ જાણવું તે એક કાયડો છે.

કિનારે આવેલ નારિયેળીઓના વનમાંથી સડેડાટ એક મોટર દોડી આવી. થોભતાંવારમાંજ એક યુવાન યુગલ મોટરમાંથી રેતીમાં કૂદી પડ્યું. નાના બાળકો માફક ગેલ કરતું તે આગળ ને આગળ દોડ્યું. યુવતી દોડતાં થાકી. સમુદ્રની સપાટી પરથી આવતા સમીરે તેનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત કરી મૂક્યાં. હાંફતી તે રેતીમાં બેસી પડી. યુવાન થોભ્યો અને યુવતી સાથે તે પણ બેસી ગયો. યુવતીનું માથું ખોળામાં લઈ, તેના વિખરાયેલા વાળ તેણે ધીમેથી સમારવા માંડ્યા.

"વહાલી! હું ધારૂં છું કે તને થાક લાગ્યો છે, નહિ?" યુવાને સ્મિતભર્યાં પૂછ્યું. "ના." અને ઉછાળો મારીને યુવતી ઊભી થઇ ગઇ. તેણે દોડવા માંડ્યું, પાછળ યુવાન પણ દોડ્યો.

અને તેમને સાચવીને બનતી ઝડપે આ રમણીય જગ્યાએ લાવનાર શૉફર અને મોટર બંને તેઓની ઘેલછા પર મીટ માંડતાં કિનારેજ થોભ્યાં. એક હતું લોખંડના ટુકડાઓથી બનેલું હૃદય સિવાયનું યંત્ર, બીજું હતું કુદરતની સર્વોત્તમ કૃતિનું માનવહૃદય.

મોટરના પગથિયા પર એક પગ ટેકવી હાથને બારણા પર મૂકી અર્ધ આડો પડેલો શૉફર પોતાના માલિકના આનંદને નિહાળી રહ્યો હતો. અને આનંદ કયા મનુષ્યને અળખામણો છે? શૉફરના હૃદયમાં સમુદ્રની પેઠે વિચારોનાં મોજાં ઊછળવા લાગ્યાં. એક બાજુ ઊછળતો હતો વિશાળ જલધિ અને બીજી બાજુ ઊછળતું હતું નાનકડા એક પ્રાણીનું હૃદય; છતાં કુદરતે બંનેનું સમતોલપણું જાળવવામાં જરાયે અન્યાય નહોતો કર્યો. પ્રકૃતિને મન સૌ સરખું છે.

હા, છતાં કુદરતનો એક અન્યાય અત્યારે આખી દુનિયાને ખૂંચી રહ્યો છે. એ એક માનવ હતો, શૉફર પણ માનવ હતો. એક સમુદ્રકિનારાના રેતીમાં રમણી સાથે ગેલ કરતો હતો; બીજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટરના પગથિયા પર બેસી તેને સાચવતો એ ગેલ પર નિઃશ્વાસ પર નિઃશ્વાસ નાખતો હતો. કુદરતે આ અન્યાય—આ અસમાનતા શા માટે પોતાના રાજ્યમાં સર્જ્યાં હશે ?

એકને મનગમતા આનંદ અને બીજાને એ આનંદની પાછળ દેહનું, હૃદયનું, આશા અને ઊર્મિઓનું બલિદાન ! એકને પાણીની પેઠે ધનની રેલ ચઢે અને બીજાને નિર્ધનતાના રણમાં મૃગજળ જેમ ધન માટે રખડીરવડી, ટળવળતાં પ્રાણ દેવા પડે !

"પરમાત્મા ! શું મને આનંદ માણવાનો જરાયે અધિકાર નથી ?" શૉફર મનમાં બોલ્યો. આંખમાં ઝળઝળિયાં આવ્યાં. નિઃશ્વાસના શ્વાસ લેતો મોટરના પગથિયા પર તે લમણે હાથ દઇ બેસી પડ્યો.

"બાબુ !" પૂરો બેઠોયે નહોતો ત્યાં યુવાને બૂમ પાડી. બાબુના કાને શબ્દ પડતાંજ તે દોડચો. શેઠ અને શેઠાણીએ કપડાં કાઢી રેતીમાં ફેંકી દીધાં હતાં, અંદર બોડિસ અને ચડ્ડી હતાં; કપડાં ફેંકી હાથમાં હાથ પરોવી પાણીમાં ઝંપલાવ્યું. બાબુએ દોડતાં આવી, પવને ઊડતાં કપડાંની મહામહેનતે ગડીઓ વાળી અને ઇસ્તરી ન બગડી જાય તેમ સાચવીને ઉપાડી મોટર તરફ પાછા ચાલવા માંડયું અને આ બાજુ યુવતીને બાથમાં ભેરવી સમુદ્રના મોજાં સાથે ઊછળતા યુવાને આનંદથી કિલકિલાટ કરી મૂકચો. આ એકલું નહિ; આવાં તો અનેક જોડાં એ મોજાં સાથે ઊછળતાં હતાં.

બાબુએ કપડાંને બરાબર સાચવી મોટરની પાછલી બેઠક પર મૂકયાં. પુનઃ તે રેતી પર બેસી ગયો. વિચારોની પરંપરાએ તેનું મગજ જાણે અસ્વસ્થ થતું હોય તેમ લાગતું હતું. બે હથેલી વચ્ચે લમણાં દબાવી તે બેસી રહ્યો. મૂંગા બેસવું તેને અશક્ય લાગ્યું. હૃદયમાંથી ઊભરો ચઢચો અને તેનાથી બોલી જવાયું:

"ગંગાયે સ્ત્રી અને શેઠાણી પણ સ્ત્રી. એક પતિની બાથમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેરો આનંદ ઉડાવી રહી છે; બીજી પતિના વિચારો કરતી બળતા હૃદયે મિલના ગૂંગળાટિયા વાતાવરણમાં બાથોડિયાં મારી રહી છે! ગંગાનો શો ગુનો? કુદરતનું એણે શું બગાડ્યું? અને શેઠાણીના કયા ગુણ? પરમાત્માનું તેણે કયું ઉજાળ્યું? બંનેય સરખાં છે; તો એકને શા માટે આનંદના ફુવારા અને બીજીને શા માટે અશ્રુની ધારા? પરમાત્મન્! શા માટે આ અન્યાય? તારા નેકીદાર રાજ્યમાં શા માટે આ કલંક?"

અને જાણે અંતરીક્ષમાંથી અવાજ આવ્યો: "દુનિયામાં બધા સુખી હોત તો સુખની કિંમત ન રહેત."

બાબુ ખડખડાટ હસ્યો: "દુનિયામાં સુખજ ક્યાં છે?" તેણે પ્રશ્ન કર્યો: "કોને તમે સુખ માનો છો? શૃંગારને? ધનને? વીરતાને? તંદુરસ્તીને? કીર્તિને? બોલો, સુખ છેજ ક્યાં? સુખની પૂર્ણતાનું કલ્પેલું સુખ એ એક કલ્પના રહેવાજ સર્જાયું છે."

"તો પછી વલખાં શાનો મારે છે?" તિરસ્કારભર્યા અવાજે જાણે કોઇ પૂછી રહ્યું હતું!

"મારે સુખ નથી જોઇતું, સુખને માટે મેં કદી કોઇને દોષ નથી દીધો. મારે જોઈએ છે ન્યાય. કુદરત ન્યાયી કેમ નથી? સામ્યતા રાખવી એ એની દૃષ્ટિ; એ માનવજાતિ પ્રત્યે શા માટે આડી કરે છે? માનવમાનવ વચ્ચે અનેક જાતના ભેદો પાડી......"

"થોભ." વચમાંજ પેલો અવાજ ગર્જી ઊઠ્યો. "કુદરતે માનવ સર્જ્યું છે, તેના ભેદ નથી. પ્રકૃતિને મન આખીયે માનવજાત સરખી છે. માત્ર એ ભેદ પડ્યો માનવજાતિની સ્વાર્થી ઇચ્છાઓને અંગે."

"છતાં કુદરતની સંમતિ સિવાય તો એ નથી બન્યું ને?" બાબુએ પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બિલકુલ નહિ. કુદરત તેના નિયમ વિરુદ્ધ કદી સંમતિ આપતીજ નથી."

"એકની પાસે અઢળક ધન અને બીજાની પાસે કોડી પણ નહિ, એ શું કુદરતનો ન્યાયયુક્ત નિયમ છે?" બાબુ ચિડાયો.

"કુદરતનો એ નિયમજ નથી. માનવજાતિની એ સ્વાર્થબુદ્ધિ કુદરતને પણ પસંદ નથી; અને તેથીજ કુદરત તમને વધારે ને વધારે નિર્ધનતાની મુસ્કેલીઓમાં મૂકી સૂચન કરી રહી છે કે માનવજાતિની સ્વાર્થી ઇચ્છાઓનો નાશ કરો. બધા સરખા થવા માટે પ્રયત્ન કરો. સામ્યતા કુદરતને અતિ પ્રિય છે."

બાબુ શાંત પડ્યો. કુદરતને પણ ન્યાય ગમે છે એવો એને ભાસ થયો. એટલામાં શેઠની બૂમ આવી:

"બાબુ, કપડાં અહીં લાવ."

મીઠા પાણીના નળવાળી એક બાથરૂમમાં શેઠશેઠાણી પાણી ઉછાળઉછાળ કરતાં નાહતાં હતાં.

(૨)

પહેલાં તો બાબુ અને ગંગા બંને મિલમાં નોકરી કરતાં હતાં; પણ બાબુનું શારીરિક બંધારણ મિલની મજૂરી માટે નિષ્ફળ નીવડ્યું. થોડા દિવસ માટે તે માંદો પડી ગયો. નોકરી કરતાં કરતાં ગંગાએ તેની સારવાર કરી, પોતાની કમાણી ખતમ કરી. થોડું દેવું પણ કરી છેવટે બાબુને તેણે બચાવ્યો. પત્નીની કમાણીમાં તે કેટલોય વખત પોષાયો.

પુનઃ તેણે મિલમાં નોકરી કરવાનો વિચાર કર્યો, પણ ગંગાએ તેને સાફ ના પાડી. પોતાની મજૂરીમાં પતિને આખી જિંદગી સુધી પોષવા તેણે તૈયારી બતાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુકૂળ સમય આવતાં બાબુ એક ખાનગી મોટરના "ક્લી-નર" તરીકે જોડાઇ ગયો. અને પછી તો તેને ડ્રાયવર થવાની તમન્ના જાગી. ધીમે ધીમે તે ડ્રાયવરનું કામ શીખી ગયો. ગંગાની મજૂરી-માંથી થોડા પૈસા વાપરી તેણે લાયસન્સ પણ મેળવ્યું અને થોડાજ વખતમાં ત્રીસ રૂપિયાના પગારે તેને શૉફરની જગા મળી ગઇ.

બાબુને ગંગા પ્રત્યે પ્રેમ હતો; ઉપરાંત માન પણ હતું. ગંગા-એજ પોતાના જીવનને ટકાવી રાખ્યું છે એમ તે સારી પેઠે સમ-જતો અને પોતાની સ્થિતિ સારી હોત તો ગંગાને મોંમાગ્યું સુખ આપવાની તેને કલ્પનાઓ હતી. પોતે ગરીબ હતો. પોતાના ત્રીસ રૂપિયાના પગારમાંથી તેને દેવું પણ આપવાનું હતું અને જો ગંગાની આવક અટકી જાય, તો ઘરનો વ્યવહાર પણ આપ મેળેજ અટકી પડે તેમ હતું; છતાંયે તે ગંગાને કહેતોઃ

"ગંગા, હવે તું મિલમાં ન જઇશ."

"કેમ ન જાઉં?"

"હવે હું કમાઉં છું. તને કામ કરવા મોકલતાં મારો જીવ નથી ચાલતો."

"પણ ત્રીસ રૂપિયામાં તમે કેટલુંક બચાવશો?"

"દસ તો બચશે?"

"જાણો છો તમારી પાછળ મેં કેટલા પૈસા વાપર્યા છે?"

"ના, કેટલા?"

"પાંચસો, અને બધાજ દેવું કરીને!"

"તે અપાશે, નાસી નથી જવાના!"

"દેવું આપ્યા વિના મારાથી જંપીને નહિ બેસાય."

ગંગા માને એમ ન હતી; નોકરી કરવાનું તેણે ચાલુજ રાખ્યું. તનતોડ મહેનત કરતાં બંને પતિપત્ની મહિનેદહાડે વીસપચીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપિયા દેવું વાળી દેતાં હતાં. દેવામાંથી પોતે થોડાજ વખતમાં મુક્ત થઇ જશે એ આશાએ તેમનામાં નવો ઉત્સાહ પ્રેર્યો હતો.

કુદરતે કેટલાક કાયદા ઘડવામાં બહુ પક્ષપાત કર્યો છે. ભરતાને ભરવો અને મરતાને મારવો એ દુનિયાના બધાયે વાસ્તવિક વ્યવહારોમાં આગળ આવે છે. ધનિકોના ભરેલા હાથમાં વિના મહેનતે પૈસાના ઢગ ખડકાઇ જાય છે, જ્યારે રાતદિવસ દુનિયાની ભૂખતરસ વેઠી કામ કરનાર મજદૂરના હાથમાં આવેલું પણ ઉપાધિઓદ્વારા ઓસરી જાય છે.

બાબુ અને ગંગા મહેનતથી કમાતાં, પણ એમની એ કમાણી દેવામાં અલોપ થઇ જતી. મહિનાની આખરે તેમના હાથમાં એક કોડી પણ ન રહેતી. મિલના એક કારકુન પાસેથી ગંગાએ પૈસા ઉપાડ્યા હતા, એટલે તેનો પગાર ઘર જોવા પામતોજ નહિ. ઉપરાંત બાબુનો પગાર ઉડાવવાની સાવચેતી પણ એ કારકુનને ઓછી ન હતી; છતાં કોણ જાણે કેમ કારકુનની નજર ગંગા પ્રત્યે મીઠી હતી.

.બીજા દેવાદારો પેઠે ગંગા પાસે ઊંચે સાદે તેણે કોઇ દિવસ પૈસાની માગણી નહોતી કરી. ગંગાનું વ્યાજ પણ બીજા દેવાદારો કરતાં ઓછું રાખવામાં આવ્યું હતું. ઉઘરાણી કરવાની લેણદારની ટેવ પ્રમાણે તે ઉઘરાણી કરતો, પણ કડક નહિ. ગંગા મિલમાંથી છૂટે એટલે તે એની વાટ જોતો ઊભોજ હોય. તેને મળતાંજ ગંગા ઓશિયાળા મુખે જોઇ રહેતી; પણ કારકુન હસતે મુખે ગંગાને કશુંજ કહ્યા વિના વિદાય આપતો.

(૩)

શેઠને આજે સિનેમા જોવા જવાનું હતું, એટલે બાબુને રાતનો ઉજાગરો કર્યા સિવાય છૂટકોજ નહોતો. શેઠની તૈયારી સાથે શોફરે પણ પોતાની તૈયારી બતાવવીજ જોઇએ. બાબુ ગયો; ગંગા એકલી ઘેર હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની નાની ખોલીનું બારણું વાસી ગંગા પથારીમાં પડી. ઊંઘ એ મજૂરો માટે આશ્વાસન છે. દિવસના થાકથી તેઓ રાત્રે ઘસઘસાટ ઊંઘી પોતાના જીવનની આજુબાજુ વીંટાયલી વ્યાધિઓને ભૂલી શકે છે. ગંગા પથારીમાં પડતાં વારમાંજ ઊંઘી ગઇ.

નીડરતાથી એક વ્યક્તિએ આવી બારણું ઉઘાડયું. બારણાના ખડખડાટથી ગંગા જાગી ઊઠી. આવનાર વ્યક્તિએ ગંગાની ખોલીમાં પ્રવેશ કરી બારણું બંધ કર્યું. ગંગા સફાળી પથારીમાં બેઠી થઈ ગઇ. ધીમા બળતા ફાનસના પ્રકાશમાં તે આવનાર વ્યક્તિ તરફ જોઇ રહી.

"કોણ, કારકુન સાહેબ?" ગંગાએ પ્રશ્ન કર્યો.

"હા ગંગા! બાબુ છે?"

"ના, શેઠ સિનેમા જોવા ગયા છે, એટલે મોટર લઇ તેમને જવું પડયું છે."

"ઠીક થયું."

"કેમ?"

"હું આજે પૈસા લેવા નથી આવ્યો."

"ત્યારે?"

"વ્યાજ લેવા."

"વ્યાજ તો ગયે મહિનેજ આપ્યું છે ને!"

"તું ન સમજી, ગંગા?"

ગંગા વિચાર કરવા લાગી. તેને કશીજ સમજણ નહોતી પડતી. ફાનસ પાસે જઈ જ્યોતને તેણે વધારી. ઓરડીમાં પ્રકાશ વધ્યો. કારકુનના મુખ પરના ભાવો ગંગાને આછાઆછા સમજાવા લાગ્યા; છતાં મુખ પર નિર્દોષતા લાવી તેણે જવાબ આપ્યો:

"ના, સાહેબ, મને તો કંઈજ ન સમજાયું."

"અરે રે, ગંગા, આવી ભાલીભોલી કયાં સુધી રહીશ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કૃપા કરીને આપ......"

"ગંગા, આજે કેવો સુયોગ છે?" કારકુને ગંગાનો હાથ પકડવા પ્રયત્ન કર્યો.

"સાહેબ, મારી સાથે એ ચાળા ન કરો." ગંગાએ જરા ગંભીર અવાજે કહ્યું.

"ગાંડી રે, ગાંડી!" કારકુને ગંગાનો હાથ પકડ્યો.

"દૂર રહો." ગંગાએ હાથ તરછોડી લીધો.

"ગંગા, ટાળ્યાં છોડી દે." કારકુન જરા કડક બન્યો.

"ઘરની બહાર જાવ." ગંગા ગર્જી ઊઠી.

"તું મારી દેવાદાર છે, ગંગા! એ તો નથી ભૂલતી ને?"

"એટલે?"

"વ્યાજ આપ!"

"વ્યાજ તો આપ્યું છે."

"પૈસાનું નહિ."

"કારકુન સાહેબ, આબરૂભેર ઓરડીની બહાર ચાલ્યા જાવ, નહિ તો જાણો છો?"

"શું કરશે તું?"

"આ!" ગંગાએ કૂદીને કારકુનના મુખ પર એક લાફો ખેંચી કાઢ્યો. કારકુનનો પિત્તો ગયો. ગંગાના બંને હાથ પકડી તેણે હચમચાવી નાખી.

"નાદાન, જાણે છે મારું અપમાન કરવામાં તારે કેટલું વેઠવું પડશે?"

"ગમે તેટલું વેઠવું પડે!"

"ગંગા, રૂપિયા માટે હું દાવો કરીશ."

"કોર્ટ ઉઘાડી છે."

"કોની સામે બોલે છે તેનું ભાન છે?"

"તમે ગમે તે હો, હમણાંજ ઓરડીમાંથી બહાર ચાલ્યા જાવ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંગાએ ફરીથી હાથ તરછોડી નાખ્યા. બારણા પાસે જઇ તેણે કમાડ ઉઘાડી નાખ્યાં.

"જાવ છો, કે પોલીસને બૂમ પાડું ?"

મૂંગોમૂંગો કારકુન બારણા પાસે આવ્યો. ક્રોધથી ગંગાના મુખ તરફ ઘડીભર તે જોઇ રહ્યો અને એક અક્ષર પણ બોલ્યા વિના બહાર નીકળી ગયો. જોરથી બારણું બંધ કરી ગંગા પુનઃ પથારીમાં બાબુની વાટ જોતી સૂતી.

(૪)

જૂહુથી આવી તરતજ આજે પણ બાબુને ફરીથી જવું પડયું હતું. શેઠાણીના આગ્રહને વશ થઇ શેઠે સિનેમાનો પ્રોગ્રામ ગોઠવ્યો હતો.

પણ બાબુનું મગજ આજે ગંગા અને શેઠાણી એ બેમાંનો તફાવત શોધવામાં આખો વખત મશગૂલ હતું. શેઠાણી મોટરમાં ફરે એમ પોતે ગંગાને મોટરમાં ન ફેરવી શકે? અને જ્યારે બાબુ અને ગંગા મોટરની સહેલગાહે નીકળે ત્યારે ? આહ ! કેટલી મજા !

શેઠશેઠાણીને લઇ બાબુ સિનેમાના થિયેટરે પહોંચ્યો. બાબુ બન્ને માટે "બોકસ"ની ટિકિટો લઇ આવ્યો. શેઠશેઠાણી અંદર ગયા. પુનઃ બાબુ મોટરમાં આવી પડયો. સ્ટીયરીંગ–વ્હીલ પર બન્ને પગ લાંબા કરીને તે સૂતો.

"અત્યારે મોટરનો માલિક હુંજ છું ને ?" બાબુનું મગજ હજી વિચારમાંથી મુક્ત નહોતું થયું. "અઢીકલાક પછી હવે શેઠ-શેઠાણી સિનેમામાંથી આવશે, ત્યાંસુધીમાં ગંગાને લઇ મોટરની સહેલ ન કરાય ? કોણ જાણવાનું છે ?" બાબુએ વિચારને મક્કમ બનાવ્યો. મોટરને લઈ તે પોતાની ખોલી તરફ વળ્યો.

જિંદગીમાં ન માણેલો એવો આનંદ આજે બાબુને માણવાનો હતો. હર્ષથી મોટરને પૂરપાટ દોડાવતો તે આગળ વધ્યો. ગંગાને પોતાની સાથે બેસાડી આજે બંને પતિપત્ની મોજ માણશું એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હર્ષાંકિત વિચારોએ તેના મગજને લગભગ ઘેલા જેવું બનાવી દીધું હતું. તેની આંખો સામે મોટરમાં બેસી આનંદ કરતી ગંગા અને બાબુ સિવાય અન્ય કંઇજ દેખાતું નહિ.

અચાનક પોલીસની સીટી તેના કાન પર આવી. "એ..."ના ઉદ્દગારો રસ્તાના રાહદારીઓના મુખમાંથી બહાર પડયા.

બાબુ આંખો ઉઘાડી, સામું જુએ તે પહેલાંજ બાબુની મોટર એક માણસને લઇ સામેના ઝાડ સાથે અથડાઇ. ઝાડ અને મોટર વચ્ચે આવેલા માણસનો લોચો થઇ ગયો. મોટરનું એન્જિન તૂટી ગયું. બાબુ પણ અંદર અથડાયો, તોયે ઝટપટ બારણું ઉઘાડી નીચે ઉતર્યો.

"એકિસડન્ટ!" ની બૂમો પાડતા લોકો કયારનાયે એકઠા થઇ ગયા હતા. બાબુએ કચરાયલા માણસને ઓળખવા પ્રયત્ન કર્યો.

"કારકુન સાહેબ!" બાબુ આશ્ચર્યથી બોલી ઊઠ્યો, પણ તે પહેલાં તો પોલીસે આવી તેનો કબ્જો લીધો.

(૫)

મોટર ચોરી નાસી જવાના આરોપસર શેઠે બાબુ પર કેસ કર્યો. ઉપરના અકસ્માત માટે પણ બાબુ ગુનેગાર ઠર્યો, અને કારકુન બાબુનો લેણદાર હોવાથી બાબુએ જાણીજોઇને તેને કચડી નાખ્યો છે, તે પણ સાબિત થયું.

બાબુ જેલનો મહેમાન બન્યો. ગંગા હજીયે મિલની મજૂરણ હતી. ગરીબોને આનંદ માણવાના પ્રયત્નો માટે પણ કેટલું સોસવું પડે છે, તેનો આ દંપતી એક દાખલો બની ગયાં.

બાબુના શેઠશેઠાણી તો હજીયે એ પ્રમાણેજ આનંદ ઉડાવી રહ્યાં હતાં. બાબુ કે ગંગા માટે તેઓને દરકાર શા માટે હોય? મૂડીવાદોની વિચારસૃષ્ટિમાં પણ ગરીબોના સ્મરણ માટે સ્થાન નથી.

("જન્મભૂમિ"ના એક દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२६—हिम पड्युं

(લેખકઃ-શ્રી. 'નિરંજન')

કોટમાં તુલસીની કંઠી હતી. કપાળે લાંબું તિલક હતું. હાથમાં દસ્તો લઇ લીલો ચમાર ચામડા પર ઠોકતો હતો. એ ધ્વનિ સાથે "હરિ હરિ"ની ધૂન ચાલતી હતી. લીલાને તો પેલો અવાજ તાલ જેવો થઇ ગયો હતો. કોઇક વાર દસ્તાનો ઘા પથ્થર પર પણ લાગી જતો, તેનું પણ લીલાને ભાન ન રહેતું. તેનું મન ધૂનમાંજ પરોવાઇ ગયું હતું.

"લો હવે ઉતરાવાં. ચ્યાં હુધી આમ ને આમ બબડ્યા કરશાં?" બારણામાં ધૂળી બળતણનો ભારો ઉપાડી ઊભી હતી.

લીલો ધૂનમાં હતો. તેના કાનમાં "હરિ હરિ"નો ગૂંજારવ થઇ રહ્યો હતો. ધૂળીના શબ્દો તેના કાન સુધી પહોંચ્યા નહિ.

"એ, તમને તે કાંઈ ભાંન છક નહિ? આંય તો માથુંયે બળી જાય છ. હવ ઉતરાવાં છાં ક નહિ?" ચિડાઇને ધૂળીએ કહ્યું.

લીલો ઝબક્યો. જાણે એક સ્વપ્ન ઊડી ગયું. તેના હાથમાં આવેલું કોઇ કંઇ ઝુંટાવી ગયું હોય તેમ આંખો ફાડી તે આમતેમ જોવાં લાગ્યો.

"અરે, તમે તો ચેવા છાં. હવ ચાળા કર્યા વના ઉતરાવાં ન. આંય તો નથ ઊભું રે'વાતું." ધૂળી બૂમ પાડતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તું વળી ક્યારની ઊભી છ? ઊભી રે! જોજે નેચે નાંખતી નહિ." લીલો એકદમ ઊભો થઈ ભારો ઉતરાવવા લાગ્યો.

"આવા ને આવા ચ્યાં હુધી રે'શો? હવ દનિયાનું ભાન રાખાં." ધૂળીએ માથાનો મોચીલો લેતાં આમતેમ મરડાતાં કહ્યું.

"આવડો ભારો તે ઉપાડાતો હશે?" લીલો ભારા સામે જોઇ બબડ્યો.

"એ તો ઉપાડવુંયે પડ. આ ચ્યાં એક દા'ડાનું છ તે? કરમમાં મજૂરી લશાઇ લાયાં છીએ તે કર્યા વગર કાંય ચાલશે?"

"તું તો કાંઇ હમજતી નથ. આટલું તે ઉપાડાતું હશે? આપણે જીવીને ખાવું છ. હમજણ પડી ન." પાછો દસ્તો પકડતાં પકડતાં તે બોલ્યો.

લીલાનો અને ધૂળીનો ગૃહસંસાર પ્રેમથી, સહકારથી ચાલતો. લીલો તો બધી વાતે સંતોષી હતો. ખાવુંપીવું ને હરિનું ભજન કરવું એ લીલાનો જીવનક્રમ થઇ ગયો હતો. ધૂળીના હૃદયમાં થોડીક બળતરા હતી. તેનું હૃદય કંઇક ઝંખતું હતું. તેને ખોળાનો ખૂંદનાર જોઇતો હતો; તેના ઊભરાઇ જતા વાત્સલ્યમાં નાહનાર જોઇતો હતો. તેના હૈયાને હેલે ચઢાવે તેવો લાલ જોઇતો હતો. લીલાને તો કંઇ અસંતોષ ન હતો; પરંતુ તે ધૂળીનું દુઃખ તો સમજી શકતો હતો. ધૂળીના ઝંખતા હૃદયના થડકારા તેણે ઘણી વાર સાંભળ્યા હતા. ધૂળીને ઘણી વાર સમજાવતો:

"ઇમાં આટલી ચંત્યા હું કાંમ કરછ? મારો પરભુ હૌનું હારૂં કરશે! આ છોકરાં આપણાંજ છ ન?" આંગણામાં રમતાં પાડોશીનાં છોકરાં બતાવી લીલો કહેતો; પણ ધૂળીનું હૃદય માનતું નહિ. તેના હૃદયના ખૂણામાંથી અવાજ આવતોઃ "પાડોશીનાં એ તો પાડોશીનાંજ ને? એમાં મારૂં હું? મારા પ્રેમનો પીનાર લાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો નહિજ ને? મને એ કાંય થોડાં મા કહેવાનાં હતાં?"

લીલાની અમીભરી આંખો ધૂળીને એનું દુઃખ ભુલાવી દેતી. લીલાની કુમાશ અને એનું પ્રેમભર્યું વર્તન ધૂળીને હૂંફ આપતું. કોઇક વાર તો ધૂળીયે કહેતી: "હવ છોકરાં હોય તાંએ ચ્યાં હખ છ? જુઓને આ માની આખો દન છોકરાં પાછળ નીરાંતે ખાવાયે પામતી નથી." પણ થોડી વાર પછી તેનું માતૃહૃદય ધબકવા માંડતું.

ગામનાં છેડે હરિજનવાસ હતો. એક બાજુ ચમારવાસ અને બીજી બાજુ ભંગીવાસ હતો. આખા ગામની ગંદકી દૂર કરનાર ભંગીઓ તેમના વાસને ગંદો રાખતા. વાસમાં પેસતાંજ બદબો આવતી. કેટલાયે દિવસનો કોહવાણ ગંધાય એવી મહેક આવતી. માથુંયે ફાટી પડે એવું ગંદું વાતાવરણ હતું. ચમારવાસમાં પણ આમજ હતું, પરંતુ ભંગીવાસ જેટલી તો ગંદકી ન હતી. અહીં તો ચામડાની સોડમ આવતી. વાસમાં ઠેર ઠેર ચામડાના કકડા નજરે પડતા.

લીલાની ઝૂંપડી આગળ મોટો ચોક હતો. એ ચોકમાં લીમડા ઝૂકી રહ્યા હતા. વચ્ચેના લીંમડાની આજુબાજુ ચોતરો કર્યો હતો, ધૂળી તેને લીંપીને ઠીક કરતી. ડાળીઓ પર ચકલાંને પાણી પીવાં કૂંડાં બાંધ્યાં હતાં. દાણા નાખવા માટે પતરાની પરબડી બાંધી હતી. લીલાના ભક્તિરંગથી વાસમાં લોકો થોડાક રંગાયા હતા. ચકલાં માટે પાણી રેડવાનું ડોસીઓ ભૂલતી નહિ. મૂઠી દાણા પણ નાખતાં.

રાત્રે કામથી પરવારી બધાં ચોતરા પર આવતાં. લીલો એક-તારો લઇ ત્યાં ભજન કરતો. બીજા ભજનને ઝીલતાં અને ભજન-ની રમઝટ જામતી. સારીનરસી ચર્ચા પણ અહીં થતી. વૃદ્ધ અનુ-ભવીઓ પણ શિખામણ આપવાની તક અહીં સાધતાં.

ગામ શહેરથી દૂર તો હતું, પરંતુ એનો પવન તો આવી ગયો હતો. કેટલાંયે ઝૂંપડાંમાં સવારે ચા ઊકળતો. કેટલાયે જુવા-નિયા કપડાંની પણ ટાપટીપ કરતા. કોઇ તો છાનામાના શહેરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઈ સિનેમા જોઇ આવતા. થોડાકને દારૂની પણ લત લાગી હતી, પણ લીલાને આ વાતાવરણ સ્પર્શ કરે તેમ નહોતું.

લીલાના આંગણામાં તુળસીનો ક્યારો હતો. સવારમાં દરરોજ લીલો નાહીધોઇ તુળસીની પૂજા કરતો. ઝૂંપડીના પાછલા ભાગમાં ધૂળીએ વાડામાં થોડાક વેલા વાવ્યા હતા. એક ખૂણામાં મરચીઓ પણ હતી; લીલો ત્યાં તમાકુ પણ રોપતો. જો કે ઝૂંપડી સાંઠીઓ અને વાંસની બનેલી હતી છતાં ધૂળીની કાળજીથી તે સુઘડ લાગતી કેમકે લીંપીગૂંપીને ઠીક કરેલી હતી. ભીંતો ઉપર રમચી અને ખડીથી ચિતરામણ કર્યાં હતાં. બે ટોલ્સે ચિત્રો ચોડ્યાં હતાં. આ તેમના ઘરની શોભા હતી. એક ગોખલામાં અંબાજી માતાની વાઘ પર સવાર થયેલી છબી અને બીજી વાંસળી વગાડતા શ્રીકૃષ્ણની નાની છબી હતી. લીલો આ ગોખલા આગળ સવારસાંજ બેસતો ને આંખો બંધ કરી કેટલોયે વખત ધ્યાનમાં બેસી રહેતો. દિવસે દિવસે તેનો ભક્તિભાવ વધતો ગયો. ઇશ્વર પરની શ્રદ્ધા પણ વધતી જતી હતી.

લીલાને ગામમાં પચીસેક ઘરાક હતા. તેમના કોશ સાંધવાનું, ખેતીના કામમાં વપરાતાં બીજાં ચામડાનાં સાધન બનાવવાનું, સાદા ચંપલ અને થીંગડાં દેવાનું પણ કામ તે કરતો. ધૂળી રોટલા કરી ઘરકામથી પરવારી વગડે જતી. ત્યાંથી બળતણનો ભારો કાપી લાવતી. એમાંથી છાશ મેળવવા માટે પટેલને ત્યાં થોડાંક લાકડાં મોકલવાં પડતાં. આમ તેમનો વ્યવહાર ચાલતો. ઘરાકો પાસેથી ખાવા જેટલા દાણા મળતા અને લીલાને તો આ ઘણું બધું હતું.

"હવ દેહને ટકાવવા બે કોળિયા અન ઘણું છ." લીલો કહેતો.

શરદપૂર્ણિમા હતી. ચંદ્ર અમૃત વરસાવી રહ્યો હતો. લીમડાના પાને પાને તેજ રસાયાં હતાં. બધા પેલા ચોતરા પર ગોઠવાઇ ગયા. ચંદ્રનો શીળો પ્રકાશ સૌનાં મોં પર પથરાતો હતો. લીલો બધાંની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે બેઠો. ખભા ઉપર એકતારો ટેકવી ધીમે ધીમે એણે ભજન શરૂ કર્યું. બીજા લોકો મંજીરાથી તાલ આપતા હતા. તારનો મધુર ઝંકાર ને મંજીરાનો ધ્રૂજતો કર્ણપ્રિય તાલ અજબ વાતાવરણ જમાવતો હતો.

આંખો બંધ કરી લીલો ગવરાવતો હતો. બધા ઝીલતા હતાઃ–

"એ કાયા તારી વીલાણી રે...મૂરખ મન."

લીલો ભજનમાં ગરકાવ થઇ ગયો હતો, તેની આંગળીઓ તાર પર રમતી હતી. તેના મોં પર અજબ શાંતિ પથરાઇ ગઈ હતી. ચંદ્રનો પ્રકાશ તેની પ્રતિભામાં ઓર વધારો કરતો હતો. આંખો બંધ કરી, આકાશ સામે મોં રાખી લીલો ભજન ગાતો હતો. જાણે તે ઈશ્વર સાથે મીટ માંડી આંખ બંધ કરી અંતરથી પ્રભુનાં દર્શન કરી રહ્યો હતો!

વાસના બધા લોકોને લીલા માટે માન હતું. તેનો ભક્તિભાવ સૌના હૃદયમાં પ્રેમ જગાવતો. બધાંને તે દંપતી માટે સહાનુભૂતિ હતી. ડોસીઓ કોઇ વાર કહેતીઃ "લ્યો, પરભુયે કેવો હશે? આવા ભગત માણસને ત્યાં એકે છોકરૂં નહિ!"

"એ ચ્યાં આપણા હાથની વાત છ. નસીબમાં હોય ઇમ થયાજ કર. એમાં ચ્યાં કોયનુંયે ચાલ ઇમ છ?" બીજી ડોસી કહેતાં. પણ બધાં ઊંડે ઊંડે તો એમ માનતાં કે, "પરભુ કો'દી જરૂર એમને હારો દા'ડો દેખાડશે."

લીલો એક કોશ બનાવી રહ્યો હતો. આજ કામ ઉપર છેલ્લા પાંચ દિવસથી તે મથી રહ્યો હતો. ઘણી વાર તો ભજન કર્યા પછી રાત્રે પણ તે કામ કરતો, પરંતુ ગઇ કાલે મોડે સુધી ભજન કર્યાથી રાત્રે કામ થઇ શક્યું ન હતું. નિત્યકર્મથી પરવારી લીલો પાછો કામે વળગ્યો.

"અલ્યા લીલીઆ, કોહ તૈયાર કર્યો છ ક નઇ?" એક જુવાન આવતાંજ બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીલાને જરા ધ્રાસકો પડ્યો. ઘરાકના ગુનામાં આવવું તેને ગમતું નહિ. તેણે ધીમેથી જવાબ વાળ્યો: "ભઇ! હું તમારૂંજ કાંમ કરી રીયો છું"

"એમાં હું કંઈ ન જાણું! સાળા તમારા લોકોની ટેવ પડી હોય તે નાં જાય. વહવાયાં તે ધક્કા ખવરાયા વગર કાંમ આલે કે?"

"ના ભઇ ના; આ હમણાંજ હું તમને આલી જઈશ. તમને ધક્કો નહિ ખવરાવું" લીલાનો અવાજ ઢીલો થતો હતો.

"પણ મી તન ન'તું કીધું ક મારે હવારમાં જોઇશે. તમાર લોકન ચ્યાં હાંભળવું છ."

"આ તો રાતે ભજન કર્યાં એટલે કાંમ નાં થયું."

"હવ એવા ચાળા મારી આગળ નહિ ચાલ. નેંચ વઇણને તે વળી ભજન શું? ધંધા તો હારા કરવા નહિ ન પાછા ડોળ ચેટલા?" જરા ખિજાઇને પેલા ભાઇએ કહ્યું.

"ભઇ, પરભુ તો હૌનો હરખો છ. આ માંણહઅવતારમાં જેટલી ભક્તિ કરી એટલી ખરી."

"મારે એવાં ટાયલાં નથ હાંભળવાં. જો હવ એવું ટાંપુ ખવરાયું તો મારનો ભૂસ્યો નહિ રાંય." કહી પેલા ભાઇ ચાલતા થયા.

આ વાતચીત ધૂળી બેઠી બેઠી સાંભળતી હતી. એક જુવાનિયો પતિને આમ ધમકાવી ગયો તે તેને ન ગમ્યું. ધૂળીએ લાગણીભરી આંખે લીલા સામે જોયું. લીલો ધૂળીનો ભાવ સમજી ગયો. તેને પણ થઇ ગયું કે આ જુવાન ધૂળીના સાંભળતાં આમ તોછડાઇથી બોલી ગયો તે ઠીક થયું નહિ.

"લોકનેયે ચરબી ચઢી છે." ધૂળી ઊભી થઇને બોલી.

"આપણાથી એમ નાં કહેવાય. એ ચ્યાં ને આપણે ચ્યાં? આપણ તો ઢોર જેવાં કે'વાઇએ, એમ કાંય ખોટું લગાડાય?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ કાંક તો માંન રાખી બોલવું જોવ કન?" મનમાં હતું તે ધૂળીએ ખુલ્લે હૃદયે કહી દીધું.

"હવ બોલે ઇમાં આપણું હું ઘશાઇ જ્યું? લશાઇ લાયાં છીએ એટલાં કાંમ ભોગવ્યા વગર ચાલશે?" કામ કરતાં કરતાં લીલાએ કહ્યું.

"બળ્યું, ગયા ભવમાં શાં પાપ કર્યાં હશે તે આ નરકમાં પરભુએ અવતાર આલ્યો!" ધૂળી ઊનો નિસાસો નાખી ઓરડામાં ચાલી ગઇ.

"તું એ હું બોલી? માંણહઅવતાર કાંય ફરી ફરી નથી આવતો. એ તો માને તો આંયજ નરક અને આંયજ સરગ છ." લીલો આવી ફિલસૂફી સમજાવતો.

લીલાને આ ધરાકીમાંથી મળતું તેનાથી સંતોષ હતો, પરંતુ ધૂળીને પૈસા ભેગા કરવાનું મન થતું. શક્તિ ઉપરાંત તે મજૂરી કરતી. તે વેચવા માટે મોટો ભારો ઉપાડી લાવતી.

લીલો ઘણી વાર કહેતો: "તું હું કરવા મરી જાય છ? હવ પેટ આલ્યું છ તે ચાવણું આલ્યા વગર એને ક્યાં છૂટકો છ?"

"પણ આ હોળી ઉપર તો માર વાળીઓ કરાવવી છ." ધૂળી આશા સેવતી સેવતી કહેતી.

"આપણે વળી એને હું કરવી છ? એ તો શાહુકાર માણહનું કાંમ. આપણને એ નાં શોભે."

"ચ્યમ નાં શોભે તે? માર ચ્યાં કોઇના ફાંહેથી ચોરીન લાયવી છ તે? આંય તો જાતમજૂરીથી કમાઇન પે'રવું છ ત્યાં?"

"તુંયે કાંય હમજતી નથ. આપણો ધંધો આવો ન વળી વાળીઓ તે શોભતી હશે?"

"હારૂં." જરા ખિજવાયાનો ડોળ કરી ધૂળી કહેતી. "તમાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંય કરાવવી નથ પડતી ન ? મારે મજૂરી કરવી છ ન વાળીઓ પહેરવી છ."

ધૂળીને હવે વાળીઓનાંજ સ્વપ્નાં આવતાં હતાં. ઘણી વાર સ્વપ્નામાં તે કાને વાળીઓ જોતી.

"જુઓ તો ખરા, કેવી દેખાય છ!" લીલાને દેખાડતાં દેખાડતાં તે કહેતી.

"મન તો ખરાબ લાગ છ." લીલો સૂકો જવાબ આપતો.

"તમને ચ્યાં હારાખોટાની ગમ પડ છ તે?" મોં ચઢાવી ધૂળી કહેતી.

આ પ્રમાણે તેની સ્વપ્નસૃષ્ટિ રચાયે જતી હતી.

હવે ધૂળીને એકજ ધૂન લાગી હતી. મજૂરી કરી પૈસો ભેગો કરવો ને વાળીઓ પહેરવી. તે પૂરૂં ધરાઇને ખાતીયે નહિ. નીરાંતે આરામ પણ લેતી નહિ. તેની આંખ આગળ વાળીઓ ઝગઝગતી અને જાણે હમણાંજ પકડી પાડું છું તેમ ધૂળી એની પાછળ દોડયે જતી.

અતિશ્રમને લઇ ધૂળીનું શરીર બગડવા માંડયું. શરૂઆતમાં તો તેણે કંઈ ગણકાર્યું નહિ. "એ તો એમ ને એમ હારૂં થઇ જહે" એમ માની લીલાને વાત ન કહી. પરંતુ કમભાગ્યે ધૂળીને તાવની શરૂઆત થઇ અને ધૂળી ખાટલાવશ થઇ.

"હું ન'તો કે'તો ક તું ગજા ઉપરાંત કાંમ કર છ? હાથે કરીન દખ માગી લીધું છ." ધૂળીનું માથું દબાવતાં લીલાએ કહ્યું.

"તમે મારી ચંત્યા કરશો નહિ. એ તો હારૂ થઇ જહે. જાઓ તમે તમારે કાંમ કરો." ધૂળી લીલાને ચાકરી પણ કરવા દેતી નહિ.

પરંતુ દિવસે દિવસે ધૂળીનો તાવ વધતો ગયો. તેનું શરીર ખવાતું ગયું. હવે તો લીલો આખો દિવસ ધૂળીની ચાકરીમાંજ રોકાતો.

"પણ તન હું થાય છ? કાંય વાત કરે તો દવાયે કરીએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીલો ધૂળીના શરીરને હાથ ફેરવતાં ફેરવતાં કહેતો.

"મન તો કાંય નથ થતું."

"તું તો આંમ ને આંમ મરવાની છ! જોતી નથ ક તારૂં શરીર હવ ચ્યાં રહ્યું છ? હવ હાડકાંનો માળો રહ્યો છ!"

ધૂળીને પણ સાજા થવાના કોડ હતા. પથારીમાં પણ પેલી વાળીઓ ધૂળીને આકર્ષતી હતી. ઘણી વાર બકવાટમાં પણ તે "વાળીઓ વાળીઓ" કરતી.

"તું એક વાર હાજી તો થા, પછી વાળીઓ કરાઇશું." લીલો ઢીલો પડી જઇ કહેતો. તેનાથી ધૂળીની માંદગી જોઇ જતી ન હતી. તેનો નિત્યક્રમ પણ અવ્યવસ્થિત થઇ ગયો હતો. ધૂળીને સાજી કરવા તે થઇ શકે તેટલું કરી ચૂકતો હતો.

હવે તો ધૂળીથી ખોરાક પણ ખવાતો નહિ. ધૂળી તો માંદગીમાં તણાવા લાગી. વાસના લોકો ખબર કાઢવા આવતાં. લીલાને આશ્વાસન આપી તેને શાંત કરતાં, પણ લીલાને હવે હૈયે ધરપત ન હતી.

"હવે શું થશે? જો એ સારી નાં થાય તો?" આમ વિચાર કરતો લીલો અધીરો બનતો હતો. તેની આંખો ભીની બનતી. તેના હૃદયના તાર ઢીલા પડતા ગયા.

ગામમાં દવાખાનું તો નહોતું અને દવા લાવવા જેટલા લીલા પાસે પૈસા પણ નહોતા. લોકો બતાવતા તેવા ઉપચાર તે કરતો. પરંતુ ધૂળીની માંદગીમાં કંઈ ફેર પડ્યો નહિ. ઇશ્વરને એ પ્રાર્થના કરતો: "હે મારા પરભુ! હવે તો લાજ રાખવી તારે હાથ છે."

ધૂળી ઓળખાય તેવીયે ન રહી. લીલાને પણ ધૂળીની ઓછી આશા હતી. તે બેઠો બેઠો કપાળે તેલ ઘસતો હતો. ત્યાં બારણે કોઇએ બૂમ પાડી: "અલ્યા, લીલો છ ક?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેમ, શું કામ હતું ભઇ?" બહાર નીકળી લીલાએ કહ્યું.

"તને પટેલ ચોરે બોલાવ છ." ચોકિયાતે કહ્યું.

ચોરાનું નામ સાંભળી લીલો ધ્રૂજી ઊઠ્યો. તેના માટે ચોરો શિક્ષાનું સ્થાન હતું. જે ચમારને ચોરે બોલાવવામાં આવતો તેને કંઇની કંઇ શિક્ષા થતી.

"શું કામ છ એ તો કહો. જુઓન મારે ઘેર માંદગી છ."

"આપણને કાંય કાંમબાંમની ખબર નથી, આંય તો ચિઠ્ઠીના ચાકર."

લીલાને ગયા વિના છૂટકો નહોતો. એક એક પગલું ભરતો હતો ને હૃદયના તાર ઝણઝણી ઊઠતા હતા. ધૂળીની પથારી નજર આગળ તરતી હતી. "હું કામ હશે?" લીલો મનમાં ને મનમાં ગોઠવતો હતો. ચોરાને જોઇ તેની ગભરામણ પણ વધી પડી.

"ચ્યમ સા'બ, શો હુકમ છ?" બે હાથ જોડી લીલાએ પટેલને પૂછ્યું.

"આજ તારો વેઠનો વારો છે. વહીવટદાર સાહેબનો સામાન સ્ટેશને પહોંચાડવાનો છે."

આ સાંભળી લીલો થીજી ગયો. "વેઠનો વારો!" મનમાં એકબે વાર બબડ્યો. "ધૂળીનું શું?" લીલાનું માથું અનેક વિચારોથી ઘેરાવા લાગ્યું.

"સાબ, મારે ઘેર માંદગી છ. કોઈ પાંણીયે પાનાર નથ." કરગરીને લીલાએ કહ્યું.

"સાળા ઢેડાનેય ચરબી ચઢતી જાય છે! હવે તો મોટા શેઠ થઇ ગયા છે તે માથું દુઃખે તોયે માંદગી આવી જાય છે."

"ના ના, સા'બ, આજે તો ચેટલાયે દા'ડાથી માંદી છે, હું શું કરવા જૂઠું બોલું માબાપ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હવે બધાયે ઢોંગ મૂકી આ પેટી ઉપાડ. ગાડીનો ટાઇમ થયો છે." ચિડાઇને પટેલે કહ્યું.

"પણ સા'બ..." લીલાની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. તેની નજર આગળ સળવળતી ધૂળી નજરે પડી.

"એ ઢોંગ કરવાનું તું મૂકી દઈ પેટી ઉપાડને? સાળાઓ બૈરી પાછળ શું જોઇને ગાંડા થતા હશે? દહાડે દહાડે ઢેડાયે ફાટવા માંડ્યા!"

"સા'બ, હું પગે પડીને કહું છું......" લીલો પટેલના પગે પડવા જતો હતો ત્યાં પટેલ તાડૂકી ઊઠ્યાઃ "જોઇ આ અધમ જાત! અડતાંયે શરમ આવતી નથી. આમને પેલા ગાંધીવાળાઓએ ફટાવ્યા છે. વાંદરાને નિસરણી આપી એટલે શું બાકી રહે?"

લીલાનું માથું ભમતું હતું. તેને દરેક પળે નાસીને ધૂળી પાસે જવાનું મન થતું હતું. પાછો બીકથી ડરી જતો હતો. તેને કેટલાયે વિચારો આવી ગયા; શૂનમૂન ઊભો રહ્યો—જાણે જમીનમાં જડાઇ ગયો!

"હવે શું વિચાર કરે છે? જોતો નથી, ગાડીનો ટાઇમ થયો છે?"

"પણ મારે બદલે બીજાને મોકલોને? હું આવતા વારે જઇશ. આટલી તો દિયા કરો માબાપ." ગળગળો થઇ લીલો કહી રહ્યો હતો.

લીલાને અનિચ્છાએ પણ પેટી ઉપાડવી પડી! તેને પેટીના વજન કરતાં બીજાં અનેક વજનો દબાવી રહ્યાં હતાં. એના એક એક ડગલે તે ધૂળીથી દૂર જતો હતો. તેને એક વાતનું દુઃખ થતું હતું કે તેણે ધૂળીની સંભાળ રાખવાનું કોઇને કહ્યું પણ ન હતું.

"ઈને પાણી કુણ પાશે? કાંય જોયતું હશે તે કુણ આલશે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીલો વિચારતો વિચારતો સ્ટેશનના રસ્તે ચાલતો હતો. મનમાં 'પરભુ'નું ભજન કરતો ઉતાવળા પગે લીલો ચાલતો હતો.

લીલાના ગયા પછી ધૂળી પથારીમાં સળવળ્યા કરતી હતી. પાણી વગર હોઠ સુકાઇ ગયા હતા. ગળું પણ સુકાઇ ગયું હતું. મોં પર માખીઓ બણબણતી હતી. તેનાં કપડાંયે ખસી ગયાં હતાં. અર્ધ બેભાન અવસ્થામાં ધૂળી પડી હતી.

લીલો સ્ટેશને પહોંચ્યો ત્યારે સૂર્ય આથમી ગયો હતો. તે પેટી મૂકી ઉતાવળે ઘર તરફ દોડવા લાગ્યો. સ્ટેશનથી ગામ ત્રણ ગાઉ દૂર હતું. અંધકાર વધતો જતો હતો. શિયાળાની ટાઢ પણ તીવ્ર થતી ગઇ. પવનના સુસવાટા છાતીમાં ભોંકાતા હતા. અંધકારમાં લીલો દોડયો જતો હતો.

કાળમીંઢ અંધકાર પથરાયો હતો. આકાશમાં તારાઓ આંખો ફાડી જોઇ રહ્યા હતા. પવન સુસવાટાભેર ફુંકાતો હતો. અત્યારે એ અંધકાર કે પવન લીલાને અંતરાયરૂપ ન હતાં. ધૂળીને જોવાના કોડે મૃગલાની પેઠે એ ફલંગો મારતો જતો હતો.

"ધૂળી શું કરતી હશે? એકલીને નહિ ગમતું હોય તો? તેને કોણે પાણી પાયું હશે?" આવા ને આવા પ્રશ્નો લીલાને સતાવી રહ્યા હતા. તે કેટલો ઉતાવળો ચાલે છે તેનું તેને ભાન ન હતું. રસ્તામાં કેટલી ઠોકરો ખાધી તેનીયે તેને ખબર ન હતી. ઠંડી હતી કે નહિ તેની લીલો ઘરમાં આવ્યો ત્યારે ખબર પડી. ધૂળીની લગનીમાં લીલો આ બધુંયે વીસરી ગયો હતો.

તે જ્યારે ઝૂંપડીએ આવ્યો ત્યારે ઘરમાં સ્મશાનશાંતિ પથરાઇ હતી. ભીષણ અંધકાર છવાયો હતો. વિષાદભર્યું વાતાવરણ પથરાયું હતું. એક વાર તો ધૂળીની પથારીએ તે અથડાઇ પડ્યો. તેણે જરા સ્વસ્થ થઇ કોડિયું સળગાવ્યું.

ધૂળી શાંત પડી રહી હતી. તેની આંખનાં પોપચાં બિડાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયાં હતાં. મોં ફાટી ગયું હતું. ઓઢવાનું નીચે પડી ગયું હતું. વચ્ચે વચ્ચે પવનના સુસવાટા આવતા હતા. લીલો આ બધું જોઇ હીબકી ગયો. ધૂળીના શરીરને ઢંઢોળી તે બોલાવવા માંડ્યો: "હેં, તને કેમ છ? તાર શું જોઇએ છ?"

ધૂળીની છેલ્લી પળો હતી. લીલાને ક્યાં ખબર હતી કે તેના શબ્દો દીવાલે અથડાઈ પાછા આવતા હતા!

લીલાએ ધૂળીના મોંમાં પાણીનાં ટીપાં પાડ્યાં. પાણી ધીમે ધીમે ઊતરતું ગયું, પણ ધૂળી ન હાલી કે ન ચાલી. ન તો તેણે આંખ ઉઘાડી. તેનું મોં એજ રીતે ખુલ્લું રહ્યું.

લીલાની મૂંઝવણ વધતી ગઇ. ઠારી નાખે તેવું હિમ જોસભેર વરસતું હતું. રાત જામતી જતી હતી. પેલી જ્યોત પણ પવનના ઝપાટામાં હાલી જતી ને ઝૂંપડીમાં અંધકારના ઓળા પથરાતા.

લીલાને સૂઝ ન પડી કે શું કરવું? તે ધૂળીને બે હાથથી પકડી બેસી રહ્યો. ધૂળીનું ઓઢવાનું ગોદડું ખસી ગયું હતું તેનું તેને ભાન ન હતું. આવી ઠંડીમાં તે ફાટ્યાતૂટ્યા બાંડિયે બેસી રહ્યો હતો.

સારૂંયે ગામ ઊંઘતું હતું. ચમારવાસમાં પણ શાંતિ પથરાઇ હતી. ફક્ત લીલાની ઝૂંપડીમાં દીવો બળતો હતો. બીજો દીવો ઓલવાવાની તૈયારીમાં હતો.

એક બીજો પવનનો સુસવાટો આવ્યો. છેલ્લી વાર ધૂળીએ પગ લાંબાટૂંકા કર્યા. આંખો ઊઘડી ગઇ. મોં બિડાઇ ગયું. જાણે કમળની પાંખડીઓ બિડાઈ ગઇ અને લીલો ઝબક્યો. ધળીના પગને જોરથી એણે પકડી લીધા.

"હેં તાર શું જોઇએ છ? તું બોલ તો ખરી" આતુરહૃદયે લીલો બોલ્યો.

બહાર ઠંડો પવન સુસવાટા મારતો હતો. એક સખ્ત ઝપાટાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધે દીવો બુઝાઈ ગયો. ધૂળીનો જીવનદીપ પણ બુઝાઇ ગયો! લીલાની સર્વ આશાઓ પણ બુઝાઈ ગઇ!

કોડિયામાં લાલ અંગાર ઝગી રહ્યો હતો. જાણે કાળદેવની લાલ આંખ. "ધૂળી, ધૂળી..." બૂમો પાડતો લીલો ક્યાંય સુધી એમ ને એમ બેસી રહ્યો. આખા વાસમાં જાણે "ધૂળી, ધૂળી" સંભળાતું હતું. વાતાવરણમાં પણ "ધૂળી, ધૂળી"નો ગુંજારવ થતો હતો.

ગામને સીમાડે કૂતરાં ભસતાં હતાં. લીમડાનાં પાંદડાંમાં પવનના ઝપાટા ભયંકર અવાજ જગાવતા હતા. રાત્રિ કરુણ ગીત ગાતી હતી.

સવારમાં લોકો જાગ્યા ત્યારે માલૂમ પડ્યું કે લક્કડ હિમ પડયું હતું. લીમડાનાં પાનાંયે બળી ગયાં હતાં. લીલાની તમાકુ ને ધૂળીની વાડીયે બળી ગઇ હતી. બધેય હિમ! લીલાના પાડોશીએ બૂમ મારી: "અલ્યા લીલા ભગત, આ તારી તમાકુમાં હિમ પડયું."

ઝૂંપડીમાંથી કંઇજ જવાબ ન મળ્યો. એને ક્યાં ખબર હતી કે લીલાના જીવનમાં સદાને માટે હિમ પડી ગયું હતું!

(જાન્યુઆરી ૧૯૩૯ ના "નવરચના" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭-અમલદારના અગ્નિકુંડમાં

(લેખકઃ-શ્રી. સ્વપ્નવિહારી)

સાંજે છ વાગ્યા કે શહેરની મિલોએ આરામની વીસલ શરૂ કરી. થોડી વારમાં કામદારોનાં ટોળેટોળાં લાલબાગના રસ્તા પર જતાં જોવામાં આવ્યાં. બિચારા સવારના સાત વાગ્યાથી કામ પર ચઢેલા શ્રમજીવીઓ શ્રમિત થયેલા હોવા છતાં આનંદથી રસ્તા પર જતા હતા.

મિલના મેનેજર બાર વાગે મિલમાં આવેલા, તે પણ પાંચ વાગે પોતાની મોટર મારફત ઘર તરફ રવાના થતા હતા. તેમની ઑફિસમાં ફરતા પંખા પણ બંધ થઇ ગયા. આખો દિવસ કારકુનોએ કામમાં લીધેલી કલમ પણ ગમે ત્યાં પડીને દોડવા લાગી.

આવા વખતમાં ગોપાલ પોતાના ઘર તરફ જતો હતો. ગોપાલને ત્રણ છોકરાં હતાં. બે મોટા છોકરા હતા જેમાં એકની ઉમર નવ વર્ષની તથા બીજાની છ વર્ષની હતી અને એક બે માસની છોકરી હતી. મિલની અંદર મહામુશ્કેલીએ તે નોકરીએ રહ્યો હતો. તેને આઠ આના રોજી મળતી. તેનું કામ મિલમાં પડેલો બધો કચરો સાફ કરવાનું હતું. તે બિચારો દરરોજના આઠ આનામાં ઘરનું ગુજરાન કેમ ચલાવે? તેના ઘર પ્રત્યે નજર કરતાં બેત્રણ ફાટલાં ધોતિયાં, બેત્રણ ફાટલા કોટ, સત્તર ઠેકાણે થીંગડાં દીધેલાં પાટલૂનો, કટાઈ ગયેલાં ચાર વાસણો, બેત્રણ પાણી ભરવાને માટે કળશિયા, એક બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફાટીતૂટી ગોદડીઓ, બે માટલાં અને એક ફાટીતૂટી સાદડી નજરે પડતાં. આ આપણા ગોપાલનો ગ્રહસંસાર હતો !

× × × ×

ગોપાલ મિલમાંથી ઘેર આવ્યો અને આવીને ગોદડી પાથરીને સૂતો. તેની પત્નીએ તેની પાસે આવીને પૂછ્યું: "કેમ તમારી તબિયત ઠીક નથી ?"

"જરા પેટમાં દુ:ખે છે."

"ડૉક્ટરને ત્યાંથી દવા લાવું ?"

"પણ તેને માટે પૈસા !"

"તમારા શેઠ નહિ આપે ?"

"મને ખાતરી નથી. એ મોટા માણસ. ટકોરખાનામાં તૂતીનો અવાજ કોણ સાંભળશે ?" ગોપાલે નિસાસો નાખીને કહ્યું.

"પણ હું શેઠના બંગલા સુધી ધક્કો તો ખાઇ આવું. પગાર પેટે પાંચ રૂપિયાય નહિ આપે ? શું શેઠ એટલા બધા નિર્દય હશે ?"

"જા ત્યારે."

"ખાવાનું કાંઇ જોઇએ છે ?"

"ના કાંઇ ખાવું નથી."

"ત્યારે પેટ પર ગરમ પાણીનો શેક કરૂં ?"

"હા."

ગોપાલની પત્ની ગરમ પાણી કરી, બાટલીમાં ભરી શેક કરવા લાગી. ગોપાલને પેટમાં ઠીક લાગ્યું અને ઊંઘ આવી. ગોપાલની પત્ની પણ આખી રાત્રિ ઉજાગરો કરી જરા નિદ્રાવશ થઇ ગઇ.

× × ×

સવારમાં પ્રભાતિયાં શરૂ થવાને બદલે મુંબઇમાં મિલની વીસલ થઇ. ખેડૂતો ખેતરમાં હળ લઇને જવાને બદલે મિલકામદારો ઘેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકોને રોતા મૂકી મિલ પર કામે જવા લાગ્યા. કેટલાક કામદારો ઘર પર તાળા લગાવી કામે જવા લાગ્યા.

મિલની વીસલ સાંભળતાં ગોપાલ જાગ્યો. સદાની ટેવને લીધે મિલમાં જવાનું મન થયું, પણ તબિયતે તેને લાચાર બનાવી દીધો હતો. પેટનો દુખાવો વધારે થયો. સહન પણ ન થઈ શકવાથી બૂમ પાડવા લાગ્યો. તેની પત્ની જાગી ઊઠી અને ફરી શોક શરૂ કર્યો. આથી પણ ગોપાલને શાંતિ ન વળવાથી સ્થિતિ વધારે ખરાબ થઈ. તેની પત્નીએ મિલમાં શેઠની પાસે જવા વિચાર કર્યો અને ગોપાલની રજા લઈ મિલ તરફ પ્રયાણ કર્યું.

મિલને દરવાજે આવતાં મિલમાલિકોએ રાખેલા બે પઠાણોએ તેને રોકી. બાઇ કરગરવા લાગી: "ભાઇ, જવા દો, મારે મેનેજરને મળવું છે. બહુ ઉતાવળનું કામ છે."

પેલા પઠાણોએ આખરે બહુ રકઝક કર્યાં પછી તેને જવા દીધી. મેનેજરની ઑફિસ મહામુસીબતે શોધી કાઢી, પણ વળી બીજું વિઘ્ન નડયું. ઑફિસના પટાવાળાએ રોકી અને કારણ પૂછ્યું. "હું ગોપાલની સ્ત્રી છું અને ગોપાલને પેટમાં સખ્ત દુખે છે. ડૉકટરનાં બિલના પૈસા મારી પાસે નથી, જેથી પાંચ રૂપિયા લેવા માટે આવી છું."

પટાવાળાએ દયા લાવી મેનેજરને ખબર આપી. મેનેજરે રોકડું પરખાવી દીધું કે, "તેને કહો કે અહીંથી ચાલી જાય. પાંચ રૂપિયા શું, પણ એક પાઇ પણ નહિ મળે. ગોપાલ તદ્દન નકામો માણસ છે. તેને કાલે કામ પર આવવાનું પણ ના કહેજો."

બિચારા દયાળુ સિપાઇને મેનેજરનાં ઉપરનાં વાકયો સાંભળી લાગી આવ્યું કે, કામદારોની મહેનતે તાગડધિન્ના કરનારા વળી મગજમાં મિજાજ કેટલો રાખે છે!

આખરે તેણે ગોપાલની પત્નીને વાત કરી અને જણાવી દીધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, "મેનેજરે પગાર આપવાની પણ ના કહી છે; ઊલટા ગોપાલને કામ પર પણ ન આવવા જણાવ્યું છે."

ઉપરનાં વાક્યો સાંભળી ગોપાલની પત્નીનું હૃદય ભરાઇ આવ્યું અને મૂડીવાદ તરફ તિરસ્કાર છૂટ્યો. "હાય નસીબ!" કરતી ઘેર આવી અને ઘરનાં વાસણો એક ઓળખીતાને ત્યાં મૂકીને તે વડે ગોપાલ માટે દવા લાવી.

× × ×

સવારમાં હાજરી વખતે ગોપાલ ન હોવાથી હેડજોબરે મેનેજરને ખબર આપી કે, "ગોપાલ કામ પર આવ્યો નથી. મિલમાં કચરો ઘણો પડ્યો છે. કાલે પણ તે મારી સામે તોફાન કરતો હોવાથી મેં એવી તો લાત મારી છે કે..."

"ઘણું સારું કર્યું. એવા માણસને એવી શિક્ષાજ હોય. આજે તેની પત્ની ગોપાલને પેટમાં દુખે છે તેવું બહાનું કાઢીને પાંચ રૂપિયા લેવા માટે આવી હતી. મેં તેને કાલે કામ પર ન આવવા જણાવ્યું છે, તો બીજા માણસની તેની જગ્યાએ ગોઠવણ કરજે." મેનેજરે પોતાની બહાદુરીનું વર્ણન કર્યું.

"અચ્છા સાહેબ."

× × ×

આ બાજુ ગોપાલની ખોલીમાં શૂન્યકાર હતો. ગોપાલ બેભાન અવસ્થામાં પડેલો હતો. તેની પત્ની પણ બેભાન હાલતમાં પડેલી હતી. બાળકો રડી રહ્યાં હતાં. બિચારાં બાળકોએ બે દિવસથી ખાધું પણ ન હતું. તેમના રડવાના અવાજથી પાડોશમાં રહેતો કામદાર ત્યાં આવ્યો અને જુએ છે તો ભયંકર દૃશ્ય માલૂમ પડ્યું. ગોપાળનો આત્મા આ જગત છોડી ગયો હતો. તેની પત્ની બેભાન હાલતમાં ત્યાં પડી હતી. તે પડોશી કામદાર બાળકોને પોતાને ઘેર લઇ ગયો અને તેની પત્નીને પણ સચેત કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે કામદારે કામદારસંઘના મંત્રીને ખબર આપી. થોડી વારમાં દસબાર માણસો ત્યાં આવ્યા અને ગોપાલના શબને સરઘસ આકારે લઇ જવું, તેવો વિચાર કરવા લાગ્યા.

આખરે ચર્ચા થયા પછી પહેલાં મિલના એજન્ટને તે બાબતની ખબર આપવાનું નક્કી કર્યું.

કામદારસંઘના મંત્રીએ ગોપાલની પત્નીને પૂછ્યું કે, "ગોપાલને એકદમ શું થઇ ગયું?"

"કાલે સાંજે મિલમાંથી ઘેર આવ્યા પછી તેને પેટનો દુખાવો સખ્ત ઊપડ્યો હતો, તેને લીધે તેનું મરણ થયું છે."

સૌ હજી વાતો કરતા હતા, ત્યાં એક કામદારનો છોકરો, જે તેજ મિલમાં કામે જતો હતો અને જેણે ગોપાલને લાત મારતાં જોઇ હતી તે પાસે આવ્યો અને કહ્યું: "ગોપાલના મરણનું કારણ આપણા હેડજોબરની એક લાત છે!" સૌ વિસ્મય પામ્યા! અને છોકરા પાસેથી સર્વ વાત જાણી હેડજોબરની પૂરેપૂરી ખબર લેવાના વિચાર પર આવ્યા.

× × ×

"નગીનદાસ શેઠ ઘેર છે કે?" આ પ્રમાણે નગીનદાસ શેઠનાં બંગલા પર જઇને પટાવાળાને કામદારસંઘના મંત્રીએ પૂછ્યું. નગીનદાસ શેઠ લગભગ ૬૦ વર્ષના થયા હતા. ગરીબ કામદારો પાસેથી સખ્ત કામ લઇ તેણે અઢળક પૈસો એકઠો કર્યો હતો. કામદારનાં લોહીના પૈસે તેઓ મોટરગાડીમાં મહાલતા હતા અને વાડી-બંગલાના માલક થયા હતા.

તેની મિલોની વ્યવસ્થા તેના મેનેજર ામ. એટ્કીન્સન કરતા હતા. શેઠને દેશી કરતાં પરદેશીના હાથથી વ્યવસ્થા થાય તે વધારે ઠીક લાગ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિ. એટ્કીન્સન મિલના કામદારો પાસેથી સખ્ત કામ લેતો હતો. હેડજોબર પણ તેણે પોતાનોજ રાખ્યો હતો. આ બંનેથી મિલના કામદારો કંટાળી ગયા હતા, પણ મેનેજરની હાક અને પોતાની ગરીબાઇને લીધે તેઓ કાંઇ પણ પગલાં ભરી શકતા ન હતા.

ગોપાલના મરણ પછી કામદારસંઘના મંત્રીને ખૂબ ગુસ્સો ચઢયો હતો. તેણે ગુસ્સામાં ને ગુસ્સામાં ઉપરના શબ્દો ઉચ્ચાર્યા હતા.

પટાવાળાને પૂછતાં ખબર મળી કે શેઠ ઉપર છે.

તે એકદમ શેઠના રૂમમાં ગયો. શેઠે તેને આવકાર આપ્યો અને આવવાનું કારણ પૂછ્યું.

"શેઠ! આપની મિલો કેમ ચાલે છે તેની આપને ખબરજ નથી લાગતી!"

"એટલે તમે શું કહેવા માગો છો?"

"મિલની અંદર હેડજોબર અને મેનેજરની એટલી બધી સખ્તાઇ વધી ગઇ છે કે કામદારોને સખ્ત માર મારીને કામ લેવાય છે."

"એમ! મને તો તે બાબતની ખબરજ નથી. એક માસથી મારે ત્યાં ધર્મનો જાપ થતો હોવાથી મિલમાં ગયોજ નથી."

"જુઓ સાંભળો. ગોપાળ નામનો એક કામદાર, તમારા હેડજોબરની સખ્ત લાતથી આજે મરણ પામ્યો છે અને તેનું શબ હજી તેની ઓરડીએ પડયું છે. આપ તેને માટે જવાબદાર છો! ચાલો મારી સાથે, હું આપને તેના શબ પાસે લઈ જાઉં અને બીજા કામદારોની કથની સંભળાવું."

ઉપરના શબ્દ સાંભળી શેઠનો પિત્તો ઉછળી આવ્યો અને ગુસ્સામાં જણાવ્યું કે, "તમને કોણે વકીલાત કરવા બોલાવ્યા છે? હેડજોબરની લાતથી એવું ભયંકર પરિણામ આવેજ નહિ. તમારા લોકોનાં એ કારસ્તાન હશે. કામદારસંઘ પોતાની મહત્તા બતાવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા પ્રયત્નો કરે છે. જાઓ, તમને ફાવે તે કરો. મિલોમાં એવા તો ઘણાએ મરતા હશે. દરેકને શું અમે જોવા બેઠા છીએ ? કામદારોએ મિલમાં આવવું તો મરણનો વિચાર કરીનેજ આવવું જોઇએ. જાઓ, તમારા જેવા માણસ પાસે હું વધુ બોલતો નથી. રૂા. ૫૦) આપું છું, તેમાં તેની અગ્નિસંસ્કારની ક્રિયા કરજો."

કામદારસંઘનો મંત્રી શેઠના ગુસ્સાભરેલાં વાકયો સાંભળી ઘડીક તો થંભી ગયો, પણ તેણે રૂા. ૫૦) ની નોટ નીચે ફેંકી દઇને તિરસ્કારપૂર્વક જણાવ્યું કે, "કામદારોની મહેનતથી શ્રીમંત થનારા શેઠિયાઓ ! વિચાર કરો. ગરીબો પોતે પેટ ભરીને ખાતા નથી, પણ તમારે માટે મહેનત કરી, ઓછી મજૂરી લઇ તમોને મિષ્ટાન્ન ખવડાવે છે તેને માટે શું આવા શબ્દો ! તોડી નાખો તમારી મોટરને ! બાળી નાખો તમારા બંગલા ! શું જોઇને માલમલીદા ઉડાવો છો !" કામદારસંઘના મંત્રી એટલું બોલી નીચે ઊતરી ગયા.

× × ×

તેજ દિવસે ગોપાલના શબને સરઘસ આકારે "મજૂરો ઝીંદાબાદ"ના મહાધ્વનિ સાથે સોનાપુર લઇ જવામાં આવ્યું. તે દિવસે મિલના કામદારોએ સખ્ત હડતાલ પાડી હતી. કોઈ પણ મિલના કામદારો મિલોમાં ગયા ન હતા.

શહેરમાં આટલી ધમાલ થતી હતી, તે વખતે ગોપાલની મિલના મેનેજર કોઇ સાથે વાત કરતા હતા કે, "ચાલો, દુનિયામાંથી એક ગુલામ ઓછો થયો."

(તા. ૨૯-૬-૩૯ ના "લોહાણા હિતેચ્છુ" સાપ્તાહિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮—મંગુ

(લેખકઃ—શ્રી. ઇન્દ્ર વસાવડા)

ગામને પાદરે જે સડક સ્ટેશન તરફ જાય છે; તેની એક બાજુ પર આવેલા નાના પીપળા હેઠળ મંગુ બેઠો બેઠો જોડા સીવી રહ્યો છે. એક જોડા બાજુએ પડ્યો છે; બીજો જોડો જેની એડી ફાટી ગઇ છે, તેને સીવવાની મંગુ મથામણ કરી રહ્યો છે. પીપળા ઉપર બેઠેલો કાગડો "કોવ કોવ" કરી રહ્યો છે. બાજુમાંજ ખેતરની વાડ છે અને ખેતરમાં બેઠેલી કોઇક સ્ત્રી ઘરઘર ઘંટી ફેરવી રહી છે.

ઠંડીના દિવસો છે. કડક શરદી પડી રહી છે. આકાશ વાદળાંઓથી ઘેરાયેલું છે. શરદી સાથે મેહુલો પણ વરસવાની તૈયારીમાં છે.

મંગુએ એક ફાટેલું પહેરણ શરીર પર પહેર્યું છે; અને જૂનીપુરાણી સેંકડો જગ્યાએથી ફાટેલી, ચીંથરેહાલ પાઘડી માથા પર લપેટી છે. ધોતિયું પણ જર્જરિત દેખાય છે. ઠંડીને લઇને તેના સમગ્ર દેહમાં કંપ થઇ રહ્યો છે.

થોડા વખત ઉપરજ થાણદાર સાહેબની બગી અહીંથી પસાર થઇ હતી અને તેમનો ચપરાસી કહી ગયો'તોઃ "અરે મંગુ! થાણદાર સાહેબે આ જોડા સંધાવવા મોકલ્યા છે; જલદી સીવીને તૈયાર કરજે, સમજ્યો?" અને જ્યારે ચપરાસી જોડા ફેંકી ચાલ્યો ગયો ત્યારે મંગુ જુદાજ ખ્યાલમાં હતો. "અહા! સાલી શું થાણદારની બગી છે! બસ, તમારે ઐ ટન, ટન કરતી ચાલી જાય છે. અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલો થાણદાર સાહેબનો ગરમ કોટ! અહા શું કહેવું! ગમે તેટલી શરદી હો—પણ મજાલ છે કે શરદી લાગે? અરે ઠંડી શું ઠંડીનો બાપ આવે તોપણ શું?" અને આ વિચારમાળાઓમાં તેણે પોતાના શરીરને પ્રચંડ ધ્રુજારી—આપી જાણે કે ઠંડીને ભગાડવા ન ચાહતો હોય! રોજનું રોજ આને આજ તો! પીપળા નીચે બેઠાં બેઠાં જોડા સીવ્યા કરો બાપલા! જોડા આવે કે ન આવે! આજકાલ આમદાની પણ ક્યાં ઠીક થાય છે મારા ભાઇ! ને વળી આ ઠંડીને લઇને નાકે દમ આવી ગયો છે. સાલો કોઈ મુસાફર પણ આજકાલ આ બાજુ નથી મરતો જેથી તેના જોડા સીવી શકાય!

"......બગીમાં બેઠેલી પેલી નાનકડી છોકરી..." તે પાછો વિચારોમાં ગૂંથાવા લાગ્યો. "હાં! હાં, એ તો થાણદાસ સાહેબની ભાણજી, કેટલી સુંદર છે! બન!...કેવી ભોળી છે! ઓહ! પેલી વાતને કેટલા દિવસો થઇ ગયા! દસ વર્ષ; હા પૂરેપૂરાં દસ વર્ષ થયાં. હા! આજે તો પારાં એટલી હોત; આ પીપળાની નીચે ધૂળમાં રમતી હોત; નહિ તો રસ્તામાં પડેલા છાણને ટોપલીમાં નાખી, ઘેર લઇ જઇ, છાણાં થાપતી હોત!...પણ......પણ......તે...દિવસે રાતના......" એ નાનકડી શી–એની ઝૂંપડીમાં તે મરણ પથારીએ પડી હતી...અને તે એને ઉપાડી નદીને પેલેપાર લઇ ગયો હતો; અને એક બીજા મોચીએ કોશથી ખાડો તૈયાર કર્યો હતો અને એ નાનકડી છોડીને એમાં અંદર સુવડાવી દીધી હતી...ખાડામાં સૂતેલી તે કેટલી સુંદર લાગતી હતી! અને પછી...પછી બંનેએ મળી પથ્થરે તથા માટી વડે પોતાની એકની એક પુત્રીને દાટી દીધી હતી...અને એક લાંબો નિસાસો નાખી નદીમાં એક ડૂબકી મારી પોતાની દીકરીનું નાહી નાંખી ભારે હૈયે તે ઘરે પાછો આવ્યો ત્યારે એ શૂનકાર ઘર એને ખાવા ધાયું હતું. છોકરીની મા રડી પડી હતી અને પોતે હુક્કો ઉપાડી ચાલ્યો ગયો હતો...દૂર દૂર સીમમાં."

......ફરી એજ હથિયારોની ખટાખટ અને એજ સિલાઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંગુએ માથા ઉપરના સાફાના ફાટેલા એક ટુકડા વડે પોતાનાં આંસુ લૂછી નાંખ્યાં ને તે ફરીથી ધંધામાં પરોવાયો.

પાસેની વાડીમાં ઘંટી ઘરઘર ફરતી હતી; એટલામાં વાડીમાં-થી તે બાઇનો અવાજ સંભળાયો:

"માંગી! એ...માંગી!"

"કાંઇ જીજી?"

"અરે આમ મરની."

"એ...આવી જીજી"

"શું કરતી હતી?"

"એને...નીંદતી હતી."

"નીંદશે તારો દાદો. આમ આવ. મને જરા પીસવા તો લાગ!"

બાર વરસની માંગી દોડતી દોડતી ખેતરમાંથી આવી અને વાડીમાં આમલી નીચે ઝૂંપડીમાં બેસી ઘંટી ફેરવતી પોતાની માને સહાય કરવા લાગી. બન્ને માદીકરી દળતાં દળતાં ગાવા લાગ્યાં:

"रोटी पोलेरी पारां, तडके चालेंगा बारां."

"છોકરી! જરા સારી રીતે તો ગા!" મા બોલી.

"ગાઉં છું." માંગીએ જવાબ દીધો.

અને ફરીને અવાજ સંભળાયો: **"रोटी पोलेरी पारां, तडके चालेंगा बारां."** અને ઘરઘર કરતી ઘંટી ફરવા લાગી.

મંગુ આ બધુંજ સાંભળી રહ્યો હતો. તે ફરીથી વિચારવા લાગ્યો: "માંગી કેટલું સુંદર ગાય છે! ચૌધરીની દીકરી ખરેખર હોશિયાર છે! દિવસ આખો ખેતરમાં કામ કરે છે. સાંજરે બળદો લઈ, માથે ભૂસાની ટોપલી મૂકી, ગામમાં પાછી વળે છે ત્યારે કેટલી રૂપાળી લાગે છે?...ભગવાન એનું ભલું કરે."

"......આ સાળા જોડા કેવા ફાટચા છે!" તે બબડ્યો. "હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાલા સાંધવાય કેમ? ખરાબ સિવાય છે તો સરકાર ગુસ્સે થાય છે, સારી રીતે સિવાતા નથી! આવા જોડાજ શા માટે પહેરે છે? આ તો સાલા ફેંકી દેવાને લાયક છે." અને ગુસ્સામાં તેણે જોડાને જમીન ઉપર જોરથી છૂટો ફેંકયો. "પણ સીવ્યા વિના કેમ ચાલશે બાપલા?" તે પાછો ગણગણ્યો. "સીવવા પડશે. બેટ્ટમજી! થાણદાર સાહેબ બહુ કંજૂસ છે ભાઇ! આ જોડા તો મને દઇ દેવા લાયક છે....અને સિલાઇ દેસે તે તો જોજો!!......પૈસા દેવાનું નામ સાંભળીને જીવ જાય છે જીવ......"

મંગુએ જોડા એક બાજુ પર રાખી દીધા અને વિચાર કર્યો: "ચાલ ભાઇ, જરા વાડીમાં જઇ કોશ ચાલતો હોય તો પાણી પી લઉ." મંગુ ઊઠયો ને છીંડુ ઉઘાડી પાણી પીવા અંદર પહોંચતાં જોયું કે માંગી ને એની મા ઘંટી ફેરવે છે. માંગીનો કંઠ કેવો મીઠો છે!

"रोटी पोलेरी पारां, तडके चालेंगा बारां."

કૂવા પાસે આવી કોશ હાંકનારને કહ્યું: "ભાઇ જરા પી લઉં?"

"હાં, હાં, પી લે મંગુ!"

ને મંગુ પાણી પીવા લાગ્યો. તરસ તો બહુ ન હતી, પણ ખોબેથી પાણી પીતો પીતો માંગીને જોઈ રહ્યો.

એજ વખતે વાડી બહારથી અવાજ સંભળાયો:

"મંગુ! ઓ મંગુ!"

"માલિક!" મંગુએ જવાબ દીધો.

"કયાં મરી ગ્યો રે?"

"આવ્યો હજૂર! જરા હેં...હેં પાણી પીતો'તો માલિક!" મંગુએ કહ્યું.

"પાણી પીતો"તો! અરે જોડા સીવ્યા કે નહિ?"

"હમણાંજ સીવી નાખું બાપુ! એ સીવ્યા બાપજી!"

"બાપુ, બાપુ, શું કરે છે! ખબર નથી થાણદાર સાહેબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમણાંજ આવશે અને જો જોડા સીવેલા નહિ હોય તો તારી પત્તર ખાંડી નાખશે, યાદ રાખજે."

ફાટેલ સાફા વડે મોઢું લૂછતો મંગુ વાડીની બહાર આવ્યો અને જોડા સીવવાના એ મહાન કાર્યમાં તે તલ્લીન બન્યો.

આજ સમયે થાણદાર સાહેબની બગી ટન ટન કરતી આવી પહોંચી. શું ફક્કડ ઘોડા ચાલે છે! વાહ દોસ વાહ! મંગુએ જોયું. ઘોડાની લગામ છોકરીના હાથમાં છે અને તે હાથમાં ચાબુક લઈ ઘોડાને ચાલવાને હુકમ દઇ રહી છે.

બગી પીપળા હેઠળ થોભી. "જોડા તૈયાર છે કે, ચપરાસી?" સાહેબે પૂછ્યું.

"હમણાંજ થઈ ગ્યા સમજો...હજૂર!"

"હજી સુધી તૈયાર નથી થયા? કેમ મંગુ! સૂઇ ગયો હતો?"

"એ...ને આ...થઇ ગ્યા, માલિક."

"વારૂ. ઝડપ કર."

છોકરી મંગુ તથા મંગુનાં ઓજારો તરફ એકીટશે જોઇ રહી હતી. સાહેબ તો અહીંતહીં જોવામાં હતા, ત્યાંજ બોલ્યા: "ચપરાસી"

"જી હજૂર."

"અહીંયાં સારૂં પાણી ક્યાં મળશે?"

"જી, હા હજૂર, સાહેબ આ વાડીનું પાણી તો ખરેખર ચીજ છે. લાજવાબ છે હજૂર."

"એ...મ?"

"જી."

"કમલ!" સાહેબે લગામ પકડી રાખેલ છોકરીની તરફ જોઇ કહ્યું.

"જી!"

"ભૂખ લાગી છે?"

"જી, હાજી."

"ચપરાસી!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હજૂર."

"ઘોડાને છોડો અને આ આમલી તળે ટાંગામાંની ગાદી બિછાવી દો. અહીંયાંજ ભોજન કરી લઇએ."

"બહુ સારૂં, હજૂર."

આજ સમયે બે સિપાઇઓ ગામમાંથી આવ્યા. થાણદાર સાહેબ સામે 'ટંચન' અને 'સલુટ' કરી ટટ્ટાર ઊભા થઇ ગયા. "અરે અલ્લાદીન!" સાહેબ બોલ્યા. "ટાંગો છોડાવી તમે લોકો જાવ."

"બહુ સારૂં સાહેબ!"

વાડીની સમીપ પેલી સુંદર આમલીના વૃક્ષ તળે ચપરાસીએ ટાંગામાંથી મોટી ગાદીઓ ઉપાડીને ત્યાં પાથરી દીધી અને તેના ઉપર એક ચાદર પાથરી દીધી. થાણદાર સાહેબે પોતાનો ઓવરકોટ ઉતારીને તે ગાદી ઉપર નાખ્યો ને હાશ કરી તે ઉપર લેટી ગયા; અને પછી પેલો ગરમ કોટ પોતાના પગ પર નાખ્યો.

મંગુ પોતાના એ મહાન કાર્યમાથી હવે નિવૃત્ત થયો હતો. કમલ ઊભી ઊભી રસપૂર્વક મંગુનું કાર્ય નિહાળી રહી હતી. મંગુ હવે જોડાઓને ચકચકિત કરવા લાગ્યો.

"તને પાલીસ કરતાં નથી આવડતું?" કમલે પૂછ્યું.

"હા રાણી, નથી આવડતું. હું તો ગામનો ચમાર છું."

"તે તમે લોકો કોઇ દિવસ પાલીસ નથી કરતાં?"

"ના રાણી!"

આ સમયે પવન જોરથી ફુંકાવા લાગ્યો; આકાશનાં સફેદ વાદળો હવે ગાઢાં થતાં ગયાં, અને પાણીનાં ફોરાંઓ પણ ટપકવા લાગ્યાં. મંગુ ઠંડીથી ધ્રુજી ઊઠ્યો.

"કમલ!"

"જી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આમ આવ, ત્યાં શું કરે છે?"

"જી આવી."

કમલ ત્યાં પહોંચી કે સાહેબે કહ્યુંઃ "એવા હલકા વરણના લોકો જોડે વાત ન કરવી હં! અહીં બેસી જા. ભૂખ લાગી છે ને?"

"જી હા."

મંગુ બધુંજ સાંભળતો હતો, દુઃખથી તેનો ચહેરો મ્લાન થઇ ગયો. આ સમયે ચપરાસી પાણીનો કળશિયો તથા પ્યાલું લઇ આવ્યો.

"મામા!" કમલે કહ્યું. "હું જરા વાડીમાં જઇ આવું?"

"ભલે, જા, પણ વખત ના લઈશ."

"જી."

વાડીનું છીંડુ ઉઘાડી કમલે અંદર પ્રવેશ કર્યો. જોયું કે એક બાજુ કોશ ચાલી રહ્યો છે. બીજી બાજુ ખેતરમાં પવનના વાયરામાં ઘઉંનાં ડૂંડાં ઝૂલી રહ્યાં છે થોડે દૂર એક બાઇ તથા છોકરી ઘંટી ફેરવી રહ્યાં છે, અને ગાઇ રહ્યાં છેઃ-

"रोटी पोलेरी पारां......"

કમલ આ સુંદર મનોહર દૃશ્ય જોઇ રહી. તેનું હૃદય આનંદથી નાચી ઊઠ્યું. તે વિચારવા લાગીઃ "શહેરમાં ક્યાં આવી મજા છે? રજામાં અહીં આવી તોજ આ બધું જોઇ શકીને?" તે આમલી નીચે પહોંચી. જોઈ રહી કે ઘંટી દળતી છોકરી પોતાનીજ ઉંમરની છે; પણ શું તંદુરસ્ત છે!

"તુમ ક્યા ગાતી હો?" કમલે પૂછ્યું. છોકરી હસી પડી.

"તુમ ક્યા ગાતી હો?"

"હું? હં-હં રોટી પોલેરી......"

"મને એ શિખવાડીશ?"

"હું!...હં...હં...હું શિખાઉં..."

"કમલ!" ફરીથી સાહેબ બોલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આવી જી."

અને દોડતી દોડતી કમલ બહાર આવી. પાણી વરસતું બંધ પડયું હતું; તીક્ષ્ણ અને ઠંડો પવન ફુંકાઇ રહ્યો હતો. કમલે આવતાં-વેંતજ જોયું કે પીપળા નીચે બેઠેલ મંગુ શરદીથી કંપી રહ્યો હતો.

"કમલ! તારો ઓવરકોટ પહેરી લે. જોતી નથી કેટલી ઠંડી પડે છે?"

કમલે પોતાનો ઓવરકોટ પહેરી લીધો અને ગાદી પર આવી બેઠી. બિસ્તરા ઉપર ટિફિનબોક્ષ પડયું હતું. સાહેબ કાગળ ઉપર પરોંઠાં, અથાણું તથા શાક પીરસી રહ્યા હતા. પોતાની મૂછોને આમળતા, પોતાના મોઢા ઉપર ઠીકઠાક કરતા, પ્યાલામાંથી પાણી પી કમલને કહ્યું. "કમલ, ચાલો બેસી જાવ!"

કમલ બેસી ગઇ.

"ચાલો તો હવે કરો શરૂઆત."

પીપળા તળે બેઠાબ્રેઠો મંગુ આ બધું દશ્ય જોઇ રહ્યો હતો. મનમાંજ વિચારવા લાગ્યો: "કેટલાં સુંદર પરોંઠાં છે...અને પેલું કેરીનું અથાણું? હાં, એક વખત ડાકટરસાબ ભવાનીશંકરના જમાનામાં ચમારોની મિજબાની થઇ હતી; તે દિવસે તો ડાકટરસાબને ત્યાં જોડા સીવવા ગયો હતો–હા...બસ તેજ દિવસે મા સાએ બસ આવાજ પરોંઠાં ને કેરીનું અથાણું ખાવા આપ્યું હતું!! હવે તો એને દસ વરસ વીતી ગયાં. તે દિવસથી આજ સુધી પરોંઠાંજ જોયાં નથી... ઓ બાપ કેટલી ઠંડી!" મંગુ મનમાંજ ગણગણ્યો. "શું થાશે?" અને બૂઢો મંગુ ધ્રૂજવા લાગ્યો "...થાણદાર સાહેબનો કોટ કેટલો ફક્કડ છે? મરી ગયો...બાપરે આવી ઠંડી!" મંગુ ફરીથી ગણગણ્યો.

આ બાજુ થાણદાર સાહેબે મૂછોને જરા દૂર કરી પરોંઠાંનો ટુકડો મોંમાં હડસેલી દીધો. "ખા કમલ! શું જુએ છે? અરે ચપરાસી! તેં તો ઘરેજ જમી લીધું છે ને?" કહેતાં બીજા બેત્રણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોળિયા મોંમાં પેસી ગયા.

"હજૂર, હું બધું પરવારીનેજ આવ્યો છું."

"સારૂં, સારૂં."

"મામા." કમલ બોલી.

"શું?"

"એક પરોઠું...એ—એ."

"શું, શું?"

"પેલા મોચીને દઇ આવું."

"શું કહ્યું?"

"મોચીને...એક પરોઠું"

"ના ના, ખાઇ લે, એ લોકોની તો જાતજ એવી હોય છે."

"અરે ચપરાસી!"

"હજૂર."

"ઘોડાને નીરણ માટે આ વાડીમાંથી એક ઘાસનો પૂળો જરા નંખાવી દે તો!"

"હજૂર."

થાણદાર સાહેબ પરોઠાં પર પરોઠાં કેરીના અથાણા સાથે ચઢાવી રહ્યા હતા, અને ત્યાં બેઠેલો મંગુ ત્રાંસી આંખે જોઇ રહ્યો હતો–"બાપ રે! કેટલું ખાય છે!" પણ કોણ જાણે કેમ આજે કમલ ઉદાસીન થઈ ગઇ. એણે માંડ એક પરોઠું ગળે ઉતાર્યું.

× × ×

બગી તૈયાર હતી. ચપરાસી જોડા લેવા આવ્યો. બુઢ્ઢા મંગુએ જોડા આપી દીધા.

"સ...સ...સરકાર! પૈસા?"

"કયા પૈસા? શું છે વાત?"

"જોડાના......"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"થાણદાર સાહેબ પાસે માગે છે, ગધ્ધા! શરમ નથી આવતી?"

"કમલ! તું હાંકીશ?" થાણદાર સાહેબે ટાંગામાં ચઢતાં કહ્યું.

"જી ના."

"પાછળ બેસીશ?"

"જી હા."

"સારૂં, ચપરાસી!"

"જી."

"બધો સામાન લઈ લીધો?"

"જી. હા."

"મા...મા...માલિક!" મંગુ ઊઠીને ટાંગા પાસે આવી કરગરવા લાગ્યો.

"શું છે?"

"પ...પૈસા?"

"અરે ચપરાસી!"

"જી."

"એક પૈસો આપી દેજે."

"મા...લિ...ક" મંગુ ગણગણ્યો.

"તો શું લઇશ મૂરખના સરદાર! ગધાડા! હરામખોર! હરામજાદા! મારી સામે ગમે તેમ જીભ ચલાવે છે? એ ચપરાસી!"

"જી."

"હમણાંજ દઇ દો એક પૈસો એ હરામજાદાને."

"હજૂર. પણ...પણ..." ચપરાસી ગોટા વાળવા લાગ્યો.

"શું છે?" થાણદાર સાહેબ બોલ્યા.

"હમણાં તો પૈસો નથી."

"તો કાલે દેજે. ક્યાં ભાગી જાય છે? ચાલો, ચાલો હવે."

ટણ...ણુ...ણ...ણ, કરતો ટાંગો ઊપડી ગયો. પાછળ બેઠેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમલ જોતી રહી. પીપળા નીચે બેઠેલો મંગુ ધ્રૂજી રહ્યો હતો. ઠંડીમાં તેણે પોતાના ગજવામાં હાથ નાખ્યો. હા! કંઇ નથી, એક પૈસો પણ......અને...અને થોડી વારમાં સડકની આડમાં એ પીપળો અને મંગુ...દેખાતાં બંધ થઇ ગયાં.

× × ×

કેટલીય વાર સુધી મંગુ તે સડકના વળાંકમાં અદૃશ્ય થતા ટાંગાને જોતો રહ્યો. કમલની નિર્દોષ મૂર્તિ તેની આંખો સામે તરવરતી રહી. તેને ન હતી શુદ્ધ પોતાના તનની કે ન હતી મનની. નાચે છે નેત્રો સામે પેલો અદૃશ્ય થતો ટાંગો ને ટાંગામાં બેઠેલી કમલ અને કમલની ભૂરી આંખો!

સંધ્યા! સંધ્યા આવી. સંધ્યાના ઘેરા રંગો પશ્ચિમમાં ઘેરાવા લાગ્યા, પણ મંગુ તે સ્થળ ઉપરથી ઊઠ્યો નહિ.

પવનનો વેગ વધવા લાગ્યો. તીક્ષ્ણ વાયુ આસપાસનાં વૃક્ષોને હલાવવા ને ડુલાવવા લાગ્યો. ચોધરીની દીકરી અને તેની મા બળદોને હાંકતાં ગામ ભણી ચાલી નીકળ્યાં; પણ મંગુ પોતાના સ્થાન ઉપરથી જરા પણ હલ્યો નહિ.

અંધારું હવે ઘેરાતું હતું. વાદળાંઓ છૂટાંછવાયાં થઇ જવા લાગ્યાં હતાં. આકાશમાં તારલાઓનાં ઝુંડો થરથર ધ્રૂજવા લાગ્યાં હતાં; પણ મંગુ પોતાના સ્થાન ઉપરથી ઊઠ્યો ન હતો.

હવે પવનનો વેગ પ્રચંડ થતો જતો હતો. વૃક્ષો પરનાં પંખીઓ પોતાના માળામાં લપાઇ ચૂપ થઇ ગયાં હતાં. વાડીની વાડમાં બેઠેલાં તમરાંઓ, ઝન, ઝન, ઝન કરવા લાગ્યાં હતાં. દૂર દૂર શિયાળોનું રુદન શરૂ થઇ ગયું હતું, પણ મંગુ ન હલ્યો. બેઠોજ રહ્યો—બેઠોજ રહ્યો—ન જાણે શું રસ્તા ઉપર એકીટશે જોતો રહ્યો?

("બેઘડી મોજ"ના દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯–ક્રાન્તિની જ્યોતિર્ધર

(લેખક:—શ્રી. સીતારામ જે. શર્મા)

(૧)

દાવાનળની પ્રલંબજ્વાલાઓ સમો ભીષણ દુષ્કાળ નવલગઢ રાજ્યમાં ચારેગમ ફરી વળ્યો છે. ભયંકર રોગચાળામાં મરતાં ટપોટપ માનવીઓની માફક, ભૂખમરાના રાક્ષસી ડાચામાં ટપોટપ માનવીઓ પડી, તેની ભૂખ ભાગી રહ્યાં છે. ચોગમ ભૂખ, દુઃખ. અને ભયનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું છે, છતાં નવલગઢના માંધાતા નવલસિંહને કશીયે ચિંતા નથી.

તે તો અહોનિશ દારૂમાં ચકચૂર બની માનુનીઓનાં જૂથ વચ્ચે વિલાસમાં ડૂબ્યોજ જ રહે છે. નથી તેને જનતાની પરવા કે નથી તેને રાજ્યતંત્રની પરવા. તે તો માને છે કે "માનવજન્મમાં મળેલો આ મહામૂલો અવસર તો માનુનીઓ અને મદ્યનીજ મજામાં વિતાવવો જોઇએ. હું રાજા છું. ગત જન્મનાં પૂણ્યથી મને રાજપદ મળ્યું છે. તેને કંગાલોની અને ક્ષુધાર્તોની ચિંતા જેવા વ્યર્થ વિષયોમાં બગાડવું તે કુદરતની સામેનો ભયંકર ગુનો છે."

(૨)

બીજી તરફ ભૂખ અને મૃત્યુની ભીંસ વચ્ચે છુંદાઇ મરતાં માનવીઓ માત્ર પ્રભુની અગમ્ય લીલાનો ખ્યાલ કરતાં, આ દુઃખ માટે નશીબ પર વિલાપ કરતાં, પરભવનાં પોતાનાં પાપ સંભારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભારીને કપાળ ફૂટીને સંતોષ માની રહ્યાં છે !

નવલસિંહને જનતાની એ નિષ્ક્રિય અને અજ્ઞાનમૂલક દશાથીજ પૂરતું સંરક્ષણ મળી ગયું છે, અને એ સંરક્ષણને કાયમને માટે ટકાવી રાખવા માટેજ તે રાજ્યમાં નિશાળો નામમાત્રની રાખે છે અને જનતા પાસેથી કરદ્વારા આવતાં નાણાંનો થોડોક ભાગ તેને હમેશને માટે ભયભીત દશામાં રાખવા માટે પોલીસ તેમજ લશ્કર પાછળ વાપરી, બાકીનાં બધાંજ નાણાં તે પોતાના વિલાસવૈભવ પાછળજ વેડફે છે !

અર્ધનગ્ન વારાંગનાઓથી વીંટળાયલો નવલસિંહ ફણીધરની ચૂડમાં ફસેલા નિઃસહાય માનવીની માફક સાનભાન ભૂલીને દારૂની પ્યાલીઓ પર પ્યાલીઓ ગટગટાવી રહ્યો હતો. એ દારૂ સામાન્ય દારૂ નહિ, પણ તેની કંગાલ ક્ષુધાર્ત પ્રજાના રક્તનો અર્કજ હતો.

તેના ખોળા પર ચઢી બેઠેલી એક વારાંગનાએ, નવલસિંહની દાઢી પોતાની નાજુક હથેલીમાં લઇને કહ્યું: "આ નવલગઢમાં હવે આપનું રાજ્ય રહ્યું નથી."

"મ-મ-મા-રૂં, ર-ર-રા...જ્ય? ન-થી? ક-ક-કોણે કહ્યું?"

"હુંજ કહું છું."

"શ-શ-શા-થીઇઇ!"

"જો આપનું રાજ્ય હોય તો મારા જેવી, આપની માનીતી પ્રેયસીની ગાડી બગીચા તરફ જતી હોય અને લોકોનાં ટોળાં તેને ઘેરી વળી અટકાવે, તોપણ પોલીસખાતું તપાસ ન કરે, એ કેમ બને?"

નવલસિંહની આંખો ચકળવકળ ફરવા લાગી. ગુસ્સાથી તેના હોઠ ભીંસાવા લાગ્યા અને તે બરાડ્યો: "અ...રે ક-ક-કો-ણ-છે-?"

"જી હુજૂર." કરતો એક નોકર સલામ ભરતો, સામે આવીને ખડો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પોલીસ ઑફિસરને બ–બ–બોલાવ." જીભ ઉપર જેમતેમ કાબૂ મેળવવાનો પ્રયાસ કરતાં તેણે આજ્ઞા આપી. અને વળી બિભત્સ રસનું પ્રદર્શન ચાલવા લાગ્યું !

(૩)

પોલીસ ઑફિસર કુરનસ બજાવીને રાજાની આજ્ઞાની રાહ જોતો સામે આવીને ઊભો હતો. તેને જોઇને રાજાએ પોતાની પાસે બેઠેલી વારાંગનાને પૂછ્યું: "આને શા માટે બોલાવ્યો છે?"

"મારી ગાડી જતી હોય ત્યારે પૂરતો બંદોબસ્ત નહિ રાખવાનો ખુલાસો પૂછવા."

"કેમ, તમે શું કહો છો?"

"મહારાજ, દુષ્કાળથી પીડાતાં સંખ્યાબંધ માણસો રાજધાનીમાં આવ્યાં છે. તેઓ ફૂલકુંવરબા પાસે ભીખ માગવા માટેજ એમની ગાડીની આસપાસ ફરી વળ્યાં હતાં."

"મારી પણ એજ ફરિયાદ છે." ફૂલકુંવરે ગુસ્સાના આવેશમાં કહ્યું: "તમારૂં ખાતું એટલીયે વ્યવસ્થા રાખી શકતું નથી?"

"બ–બ–બરાબર." નવલસિંહ બબડ્યો.

"નામદાર, જો ભૂખે મરતી જનતાને વધુ દબાવવા જઇએ તો તોફાન થવાનો સંભવ છે."

"તેમને કોણે કહ્યું કે તેઓ ભ–ભ–ભૂખે મ–મ–રે છે?" નવલગઢની પ્રજાના રાજવીએ નફટાઇથી કહ્યું.

"નામદાર, દુષ્કાળના દારૂણ કષ્ટથી તેઓ પીડાઇ રહ્યાં છે. તેમને ખાવા માટે અન્ન નથી..."

"અન્ન ન હોય તો ખાજાંની ભૂકી ખાય." ફૂલકુંવરે કહ્યું.

"બ–બ–રાબર. બરાબર" નવલસિંહ ખડખડાટ હસી પડ્યો. અને તેની આસપાસ જામેલા વારાંગનાઓના ટોળાંએ એ નિષ્ઠુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાસ્યનો પ્રતિધ્વનિ ઝીલી લીધો.

એ દૃશ્યે હમેશાં પ્રજા પર સત્તાનોજ કોરડો વીંઝતા પોલીસ-ઑફિસરના મુખ પર તિરસ્કારની લાગણીએ દર્શન દીધાં!

(૪)

માનવી ભૂખ સિવાય બીજું બધું સહન કરી શકે છે, કેમકે ભૂખ અને મૃત્યુને સીધો તેમજ નજીકનો સંબંધ હોય છે.

એ ભૂખમરાએ નવલગઢ રાજ્યની જનતાને વિચાર કરતી બનાવી દીધી. કેટલાક બુદ્ધિમાન માણસોએ રાજાની પ્રજા તરફની બેતમા, પ્રજાના પૈસે તેણે સુરા અને સુંદરી પાછળ શરૂ કરેલી ફના-ગીરી, નિર્દોષ જનતા પર ગુજરતા સિતમો, વેશ્યાઓને રાજી રાખવા જનતાના પ્રતિષ્ઠિત મનુષ્યોનાં થતાં અસહ્ય અપમાનો વગેરેનો કંગાલ અને ક્ષુધાર્ત જનતાને ખ્યાલ આવવા માંડ્યો અને તેમાંથી છૂટવા માટે સંગઠનનો સરળ માર્ગ બતાવ્યો.

ઘોર અંધારામાં અટવાતા માનવીને એકાએક દીપપ્રકાશ લાધી જાય તેમ નવલગઢની, નસીબવાદી, નિરાશાવાદી, નિષ્ક્રિય, નિર્ધન અને ક્ષુધાર્ત જનતાને આ ઉપદેશ મુક્તિનાજ માર્ગની નવી કેડી સમો થઇ પડ્યો અને સૂકા ઘાસમાં અગ્નિ ફેલાઈ વળે તેમ, પછી તો એ હિલચાલ નવલગઢ રાજ્યના સીમાડા સુધી જોતજોતામાં વ્યાપી ગઇ. પછી તો ઠામેઠામ અને ગામેગામ છૂપી અને જાહેર રીતે જનતાના ભૂખમરાની અને રાજાની ફનાગીરીની વાતોએ વ્યવસ્થિત રૂપ લીધું અને વીજળીની ઝડપે એ અસંતોષે વ્યવસ્થિત સંગઠનનું સ્વરૂપ ધારણ કર્યું.

આમ પોતાનાજ હાથે નવલસિંહ પોતાનાજ સિંહાસન નીચે ક્ષુધાર્ત જનતાના અસંતોષની સુરંગ ગોઠવી રહ્યો હતો. તે વિષે તેના દૂતો વારંવાર ખબરો લાવતા હતા; પરંતુ સદાકાળ સુરા અને સું-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરીના સાંનિધ્યમાં રહેતા એ રાજાને બીજો કોઇ વિચાર કરવાની મરજી કે ટેવ નહોતાં.

(૫)

નવલગઢના સિંહદ્વાર આગળજ રાજ્યની કુળદેવીનું ઊંચુ મંદિર વાતાવરણમાં ગેરુઆ રંગની ધ્વજા ફડફડાવતું ઊભું છે. એના વિશાળ ચોકમાં એક મોટી ધર્મશાળાને અડીનેજ પૂજારીનું એક માળનું મકાન હતું. ત્રિલોચન પૂજારી પોતાની એકની એક પુત્રી જ્યોતિ સાથે ત્યાં રહેતો. વંશપરંપરાથી એ મંદિરની પૂજાનો અધિકાર તેના કુટુંબમાં ઊતરી આવ્યો હતો; એટલે સંસ્કાર, સ્વાર્થ તેમજ સંબંધથી ત્રિલોચન રાજકુટુંબને એકનિષ્ઠ રહેવાની પોતાની ધર્મ-ફરજ માનતો.

વસંતપંચમીના મોરથી મઘમઘતા આંબાવાડિયા સમી યૌવન-વતી જ્યોતિના હાડમાંસમાં પણ પિતાના જેટલીજ રાજભક્તિ છલકાતી હતી. એનો ભાવી પતિ વાગદત્ત રાજ્યની લશ્કરી ટુકડીમાં ઊંચો હોદ્દો ધરાવતો હતો, છતાં કોઇક પ્રસંગે તે નવલસિંહની જનતા તરફની છેકજ બેતમાની અને ઉડાઉગીરીની ટીકા કરતો, ત્યારે જ્યોતિ રાજાની એ ટીકા માટે તેને ઉપાલંભ આપતી અને રાજાને દેવાંશી માનવાની ભલામણ કરતી.

પરંતુ પછી તો ધર્મશાળામાં ઊતરનારાઓ તરફથી એવા સમાચારો મળવા માંડ્યા કે, સીમાડા પરનાં ગામોમાં અસંતોષની આગ સળગી રહી છે. આથી ત્રિલોચન અને જ્યોતિને બહુજ ચિંતા થવા લાગી, તેમજ લોકોની એ રાજ્યદ્રોહી હિલચાલને તેઓ ધિક્કારવા લાગ્યાં.

જ્યોતિ અને વાગદત્ત વચ્ચે વાગ્દાનની વિધિ થઇ ચૂકી હતી. અને થોડાજ દિવસમાં તેમનાં લગ્ન કરી નાખવાનો ત્રિલોચનનો વિચાર હતો. પરંતુ રાજ્ય સામેના સીમાડાના લોકોના એકાએક બંડે તેમાં વિઘ્ન ઊભું કર્યું. સેનાપતિએ વાગદત્તને તેની ટુકડી લઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકદમ બંડખોરો પર આક્રમણ કરવાની આજ્ઞા આપી.

લશ્કર સાથે ઊપડી જતા પહેલાંની સંધ્યા વખતે વાગદત્ત ત્રિલોચનના આશીર્વાદ લેવાને નિમિત્તે જ્યોતિને મળવા આવ્યો.

"જ્યોતિ, મને તો લાગે છે કે આપણાં લગ્નમાં આ નાહકનું વિઘ્ન ઊભું થયું." એકાંત મળતાં વાગદત્તે કહ્યું.

"એમાં વિઘ્ન શાનું?" જ્યોતિ રાજભક્તિથી પ્રેરાઈને બોલી. "રાજ્ય તરફની વફાદારી એ તો આપણી પહેલી ફરજ છે. તેમાં વળી તમે તો લડવૈયા છો. તમારે તો અત્યારે લગ્નનો વિચાર પણ કરવો ન જોઇએ."

"શું ત્યારે આપણાં લગ્ન માટે તું મારા જેટલી ઉત્સુક નથી?"

"કદાચ તેથીયે વિશેષ હોઉં છતાં જ્યારે રાજ્ય સામે આફત આવીને ઊભી હોય, ત્યારે પહેલાં તે આપત્તિનો સામનો કરી, આપણે રાજ્યનું ખાધેલું લૂણ હલાલ કરવું, તે બાબતની મારી ઉત્સુકતા સહુ કરતાંયે વધુ છે."

"પણ બિચારા લોકોયે શું કરે...?"

વાગદત્તનું એ વાક્ય પૂરૂં થાય તે પહેલાં તેના મુખ પર હાથ દબાવી દેતી જ્યોતિ વચ્ચેજ પોકારી ઊઠી: "વાગદત્ત! તમે લશ્કરી અમલદાર છો. તમારાથી રાજ્યના દુશ્મનોની આ જાતની તરફદારી કરી ન શકાય. રાજા તરફની વફાદારી એજ આપણી તો ફરજ છે."

(૬)

એક તરફ સીમાડાના પ્રદેશો સળગી ઊઠ્યા હતા; બીજી તરફ રાજધાનીમાં પણ ક્ષુધાર્તો જાહેર સભાઓ ભરવા લાગ્યા હતા. કંગાલ-ચીંથરેહાલ શ્રોતાઓ વચ્ચે એમનાજ જેવા, એમનાજ વર્ગના વક્તાઓ બોલતા:—

"આપણી નિર્ધનતાની, આપણી નિરાધારીની અને આપણા ભૂખમરાની હવે તો રાજાની એ બદામની રખાતેય મશ્કરીઓ કરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. 'રોટી ન મળતી હોય તો ખાજાંની ભૂકી ખાઓ' એમ કહીને આપણી ક્રૂર હાંસી કરનારી એ વેશ્યાઓ પાછળ આપણો રાજા, આપણા રક્તમાંથી ખેંચેલા અર્ક જેવાં આપણાં નાણાં પાણીની માફક વેડફી દે છે."

વક્તાનાં આવાં તીર જેવાં વચનો ક્ષુધાર્તોના હૈયા સોંસરવાં નીકળી જઇ તેમના વિચારોને હલાવી મૂકતાં.

"ભૂખમરો કે મૃત્યુ એ બેજ માર્ગ આપણે માટે હવે ખુલ્લા છે; તો પછી શા માટે કંગાળ જંતુની માફક મરી જવું ? જંતુ પણ મૃત્યુનો ભેટો થતાં તેની સામે સળવળે છે, તો શું તમે માણસ થઇને જંતુ કરતાંયે વધુ નિર્માલ્ય રીતે મરવાનું પસંદ કરશો ?"

"ના–ના–ના." અવાજોથી સભાનું વાતાવરણ ગરજી ઊઠતું.

અને આ રીતે નવલગઢ પર ભાવી તોફાનનાં વાદળાં આષાઢી મેઘની માફક વધુ ઘેરા રંગે છવાતાં જતાં હતાં, ત્યારેય જનતાની કંગાલિયતની મજાક ઉડાવતો નવલસિંહ રાજગઢમાં સુરા અને સુંદરીના સહવાસને સ્વર્ગ માનીને નિર્ભ્રાંત પડ્યો રહેતો જણાતો !

(૭)

ધર્મશાળામાં ઊતરેલો એક મુસાફર ત્રિલોચન પૂજારી સાથે એકાંતમાં વાતો કરી રહ્યો હતો:—

"પણ તમે બ્રાહ્મણ છો, શાસ્ત્રકાર છો, રાજા–પ્રજાના ધર્મો સમજો છો. કયા ધર્મમાં એવું કહ્યું છે કે, પ્રજાનાં નાણાંની વિલાસ પાછળ હોળી કરતા, પ્રજાપીડક અને આફતમાંયે પોતાની પ્રજાને મદદ કરવા તૈયાર ન થનારા રાજા તરફ જનતાએ વફાદારી રાખવી ?"

"ભાઇ, રાજા તો પ્રજાનો પિતા છે. પિતાના દોષ જોવાનો પુત્રને અધિકાર નથી." રાજમંદિરનો પૂજારી ગંભીર ભાવે બોલ્યો.

"તો એ રાજાને પોતાના પિતૃપદની યોગ્યતાનું સ્મરણ કરા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વવું એ શું તમારો ધર્મ નથી? પણ તે તો સુરા અને સુંદરીઓ પાછળજ મસ્ત છે. તમારૂં પણ ક્યાં સાંભળે તેમ છે?"

અમે ભૂદેવ છીએ, પણ રાજા તો પ્રભુનો પૃથ્વી પરનો પ્રતિનિધિ છે. એને એના ધર્મ બજાવવાના છે અને અમારે અમારા. બ્રાહ્મણોએ રાજકારણમાં માથું ન મારવું જોઇએ. "

" મહારાજ, લોકો અન્ન વિના કૂતરાના મોતે મરી રહ્યા છે! તેમને એક ટંક જેટલા અનાજનાયે સાંસા છે! માદીકરાને ખાઇ જાય તેવી બુભુક્ષિતા કરાળ કાળની માફક સારાયે નવલગઢની હદમાં ફરી વળી છે! આ દશામાં જનતા બંડ ન કરે તો શું જંતુની માફક ભૂખથી મરી જાય? આ બધી પરિસ્થિતિનો વિચાર કરી, તમારા જેવા ભૂદેવોએ તો ન્યાયનો પક્ષ લેવો જોઇએ અને આ મામલામાં ન્યાય તો પ્રજાપક્ષેજ છે!"

" ના, ના; મારી સાથે તમે બહુ વાત ન કરો. હું મારા રાજાની વિરુદ્ધની વાતો સાંભળવા માગતો નથી." એમ કહેતાં ત્રિલોચને બંને કાનો પર હાથ દાબ્યા અને પેલો મુસાફર ચાલ્યો ગયો.

પણ તે જે વિચારબીજ વેરી ગયો હતો, તે છેકજ નકામાં ન ગયાં. ત્રિલોચન એકલો પડચો, ત્યારે એના મગજમાં વિચારમંથન ચાલી રહ્યું હતું: " એની વાત છેક કાઢી નાખવા જેવી તો નથી. રાજા પોતાનો ધર્મ ચૂક્યો છે, એનીયે ના તો કેમ પડાય? અને બ્રાહ્મણનું કામ તો જનતાને મોક્ષને માર્ગે દોરવાનુંજ..."

એટલામાં પોચે પગલે પાછળ આવીને ઊભી રહેલી જ્યોતિએ આગળ આવીને પૂછ્યું " પિતાજી, કોને મોક્ષને માર્ગે દોરવવાની વાત કરો છો?"

ત્રિલોચને પોતાના હૈયામાં ચાલી રહેલા ઉકળાટનો સહજ ઊભરો ઠાલવ્યો, ત્યાં તો જ્યોતિ બોલી ઊઠી: " પિતાજી, આ શું? તમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા શાસ્ત્રના જાણકાર આજે શાસ્ત્રાજ્ઞાનો વિરોધ કરીને બંડખોરોને સાથ આપવાની કલ્પના કરે છે? બાપુ! બાપુ! મહાપાપ! આપેજ મને અનેક વખત કહ્યું છે કે, આપણા પ્રત્યેક રક્તના અણુએ અણુમાં રાજ્યનું લૂણ ઓતપ્રોત થઈ ગયું છે, અને આજે તમે પોતેજ અધાર્મિક, અકીર્તિકર અને રાજદ્રોહી વિચારો કરો છો ?"

પુત્રીનાં એ વચનો સાંભળી પિતાએ આંખો મીચી દીધી. થોડીક પળો પછી તેણે પોતાની વિશાળ દાઢી પર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું: "ૐ શાંતિઃ શાંતઃ શાંતિઃ–મારે આવા વિચારો પણ ન કરવા જોઇએ."

તે વખતેજ મંદિર પાસેના પીપળાના વૃક્ષ પર બેઠેલું ઘુવડ પાંખો ફડફડાવતું ઊડી ગયું.

(૮)

સીમાડાનાં ગામોમાં તોફાન વધતાં જતાં હતાં અને તેની સાથે સાથે રાજ્યના લશ્કરની આમતેમ થઈ રહેલી દોડાદોડ પણ વધતી જતી હતી. રાજધાનીમાં પણ ક્ષુધાર્તોમાં અસંતોષ વધુ તીવ્ર બનતો હતો, અને નેતાઓ તેમને રાજાની નિષ્ઠુરતાની હકીકતો હવે તો જાહેર-સભાઓ ભરીને આપી રહ્યા હતા.

" ભૂખે મરી જવા કરતાં કંઈક કરવું " એ વિચાર ધીમે ધીમે ક્ષુધાર્તોમાં વ્યવસ્થિતરૂપ લેતો જતો હતો, ત્યારે સીમાડાનાં બંડોએ તેમનામાં નવીન પ્રેરણા તેમજ પ્રાણ પૂર્યા હતા.

આવા સંક્ષુબ્ધ વાતાવરણમાં એક દિવસે રાજમંદિરની ધર્મશાળામાં એક લશ્કરી ટુકડી રાતવાસો ગાળવા આવી. ત્રિલોચન મહારાજે તેને માટે જોઇતી સગવડ પણ કરી આપી. લશ્કરી માણસો જ્યારે લશ્કરી શિસ્તનું પાલન કરવાનું ન હોય, ત્યારે નિરંકુશ બની જાય છે અને જ્યારે તેમની જરૂરિયાત વધી હોય, ત્યારે તો તેમની સ્વચ્છંદતા પરાકાષ્ઠાએ પહોંચે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી મનોદશાના ભોગ બનેલા એક સૈનિકે જ્યોતિને જોઇ ત્યારથી એનું માથું વાસનાના વિચારોથી ફરી ગયું હતું. મધ્યરાત્રિની નીરવ શાંતિનો લાભ લઇને તે ચોરને પગલે ત્રિલોચનના મકાનમાં જ્યોતિના ખંડમાં પેઠો. હવસના નશામાં પશુ બનેલા એ સૈનિકે શાંત નિદ્રામાં સુતેલી જ્યોતિ ઉપર ઉંદર પર બિલાડી તલપે તેમ તરાપ મારી અને બેબાકળી બનેલી જ્યોતિ ચીસો પાડતી જાગી ઊઠી. ત્યારે તેણે પોતાના પશુબળના જોરે એને હંફાવવાનો નિશ્ચયજ કરી લીધો. પુત્રીની ચીસો સાંભળતાંજ ત્રિલોચન જાગી ઊઠ્યો અને સફાળો તેના ખંડમાં દોડી ગયો.

જ્યોતિની સ્થિતિ જોઇ ત્રિલોચનનું માથું ફરી ગયું. એનું રોમેરોમ ગુસ્સાની આગથી સળગી ઊઠ્યું અને ઝનૂન સાથે તે પેલા દુષ્ટ સૈનિક પર ધસી ગયો.

પછી તો ત્રણે વચ્ચે જંગ જામ્યો અને એ ધાંધલથી કેટલાક સૈનિકો ઉપર ચડી ગયા. ત્યાં પોતાના સૈનિક બિરાદર પર થતું આક્રમણ જોઇ, એક સૈનિકે ત્રિલોચન પર પિસ્તોલ તાકી. 'ગડૂમ' કરતો અવાજ થયો અને ત્રિલોચન જમીન પર પટકાઇ પડ્યો.

રાજા, રાજરીત અને રાજાજ્ઞાને હમેશાં તર્ક અને ચર્ચાથી પર માનનારો, રાજસંસ્થામાં સદાયે અંધભક્તિ રાખનારો. રાજભક્ત ત્રિલોચન લોહીના ખાબોચિયાંમાં થોડોક વખત તરફડી મડદું બની ગયો. અને મામલાને આટલી હદે પહોંચેલો જોતાંજ તમામ સૈનિકો ધર્મશાળા છોડી નાસી ગયા.

પિતાના મુડદા પાસે વિલાપ કરતી બેઠેલી, રાજનિષ્ટ પિતાની રાજનિષ્ટ પુત્રીનું માથું આજે રાજ્યનાજ સૈનિકોના દુરાચાર અને ખૂની કાર્યોએ ફેરવી નાખ્યું હતું. પોતાના શિયળ પર રાજ્યનોજ સૈનિક આક્રમણ કરવાની હિંમત કરે, રાજ્યની વફાદારીમાં જેણે વાળ ધોળા કરી નાંખ્યા અને જાત ઘસી નાખી એવા રાજ્યની કુળદેવીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂજારીનું રાજ્યનાજ સૈનિકો ખૂન કરે? એનું રોમેરોમ ક્રોધથી સળગી રહ્યું હતું. એ ક્રોધની આગમાં તેનું રુદન, તેનો શોક અને તેની રાજભક્તિ ખાક બની વાતાવરણમાં ક્રાંતિ, ક્રાંતિ અને ક્રાંતિનીજ લાગણીના મૂંગા પ્રતિઘોષ પાડી રહ્યાં હતાં.

એ વખતની જ્યોતિ યૌવનમસ્ત રમણી નહોતી, પણ નરરાક્ષસોનાં રક્તની પિપાસુ રણચંડી બની ગઇ હતી.

"જે રાજ્યમાં નિર્દોષો પર આવા અત્યાચારો સહેલાઇથી થઇ શકતા હોય, જે રાજ્યનો રાજા રૈયતનું સંરક્ષણ કરી શકતો ન હોય, તે રાજા અને તેનું સિંહાસન ધૂળમાંજ મળવું જોઇએ. એ રાજાની સામે બંડ કરવું એજ ધર્મકાર્ય હવે તો બની રહે છે."

જ્યોતિના એ શબ્દોનો પ્રતિધ્વનિ પેલાં ઓરડામાં મૂર્તિમંત ભીષણતાનું રૂપ ધરીને પ્રલંબિત બનતો હતો.

એકાએક તેણે નિશ્ચય કર્યો. પિતાનાં રક્તમાં આંગળાં બોળ્યાં અને તે રક્તથી ભાલપ્રદેશમાં ચાંલ્લો કરતી તે પોકારી ઊઠી: "પિતાજી, જે રાજભક્તિનો આ બદલો મળ્યો છે, તે રાજ્યની પાસેથી મારા અપમાનનું અને તમારા ખૂનનું પૂરેપૂરું વેર લેવાની હું આજે પ્રતિજ્ઞા કરું છું."

"તારી એ પ્રતિજ્ઞા પૂર્ણ કરવામાં અમે તારા સાથી બનવા તૈયાર છીએ." પોચે પગલે દાદર ચઢી ત્યાં આવી પહોંચેલા એક માનવી આકારે કહ્યું.

"તમે કોણ છો?" તાંડવનૃત્ય વખતે શીવનાં ડમરૂમાંથી નીકળે તેવો અવાજ એ વખતે જ્યોતિના ગળામાંથી નીકળ્યો.

"તમારો મિત્ર." મોંઢા પરથી બનાવટી દાઢીમૂછ કાઢી આગંતુક ઊભો રહ્યો.

"તમેજ કે? ક્રાંતિવાદીઓના આગેવાન? જરૂર, જરૂર. તમે ગઈ કાલે મારા શત્રુ હતા, પણ આજે તો મારા મિત્રજ છો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૯)

મડદામાંથી મર્દ બનેલાં અસંખ્ય મરણિયાં માનવીઓની એ વિરાટ રાત્રિસભા હતી. એ સભા કહેવાતા સભ્ય જનોની નહોતી, પણ ચીંથરેહાલ, કંગાળ ક્ષુધાર્તોની હતી. એમના હૈયામાં રાજા સામેના વૈરની આગ ધૂંધવાતી હતી. એમની ભૂખથી ઊંડી ઊતરી ગયેલી આંખોમાંથી આગના તણખા ઝરતા હતા. ફાટલાં વસ્ત્રોમાં ડોકિયાં કરતા એમના સૂકા અવયવોમાં ક્રાંતિનું પોલાદ ઠાંસીઠાંસીને ભર્યું હતું. એ સભામાં જ્યારે જ્યોતિ બોલવા ઊભી થઇ, ત્યારે ચારે તરફ વીજળીનું ચેતન ફેલાઇ ગયું.

"દોસ્તો," તેણે કહ્યું, "ગઇ કાલ સુધી મારી રગેરગમાં રાજભક્તિ વહી રહી હતી. મારી તમામ વિચારણાઓનું કેંદ્રસ્થાન રાજભક્તિજ હતું. પણ આજે મારા મૃત પિતાનો આત્મા મને એ રાજ્ય સામે વેર લેવાનો સંદેશ સંભળાવી રહ્યો છે. હું પિતા ગુમાવીને આપના જેવા હજારો દેશબંધુઓને મેળવી શકી છું. મારા પોતાના સ્વજનના હૃદયમાં રાજ્યના સૈનિકે ગોળી મારી, મારી દૃષ્ટિને નવો વળાંક આપ્યો છે, અને મારા હૈયા પર જામેલા રાજભક્તિના થર તેણે એક ઘડીમાં ખંખેરી કાઢ્યા છે." ચોપાસથી તાળીઓનો ગગનભેદી ગડગડાટ થઇ રહ્યો.

"...અને અત્યારે તો મારા અંતરના અગાધ ઊંડાણમાંથી હું સ્વાધીનતાના અનાહત સૂર સાંભળી રહી છું. ગઇ કાલે હું તમને સૌને ધિક્કારતી હતી, આજે હવે હું તમારામાંની એક બની રહી છું; કેમકે હું જે રાજભક્તિને પૂજતી હતી, તે ભક્તિ ઠગારી હતી, પોકળ હતી, વાસ્તવિક પરિસ્થિતિના અજ્ઞાનમાંથી જન્મી હતી. આજે તો એકજ સૂત્ર આપણા સૌના હોઠ પર હોઇ શકે; અને તે 'ક્રાંતિ કે મૃત્યુ.' બિરાદરો ! આજની આપણી એજ પ્રતિજ્ઞા હોઇ શકે. એ પ્રતિજ્ઞા લેવા કેટલા તૈયાર છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ક્રાંતિ"ના જયઘોષથી વાતાવરણ પણ કંપી ઊઠ્યું.

તેજ વખતે કોઇએ જ્યોતિના હાથમાં સળગતી મશાલ આપી. તે દૃશ્યે અનેક માનવીઓનાં હૈયામાં ક્રાંતિની નવીન ભાવનાનાં પૂર ચઢાવ્યાં.

(૧૦)

બીજેજ દિવસે રાજ્યના અમલદારોએ નવલગઢમાં જ્યોતિની શોધ શરૂ કરી, પણ જ્યોતિ તેમના ઝપાટામાં ન આવી.

પરંતુ ક્રાંતિના જ્યોતિર્ધરોએ એવો નિર્ણય તો કરીજ લીધો હતો કે, હવે રાજ્યના અમલદારોનો ઉકળાટ અને દમન વધવાનાંજ છે; તેથી જેમ બને તેમ જલદી બધી તૈયારી કરી નાખવી.

તે પછી જુદે જુદે દિવસે રાજ્યના શસ્ત્રાગાર પર છૂપા હુમલાઓ થતા ગયા અને હથિયારો ઊપડી જવા લાગ્યાં.

દરમ્યાન જ્યોતિના નવા મિત્રોમાંથી એક માણસ સીમાડા પરના ક્રાંતિકારીઓનો સામનો કરી રહેલા વાગદત્તને મળ્યો. તેણે વાગદત્તને જ્યોતિના હસ્તાક્ષરનો પત્ર આપ્યો. એ પત્રમાં જ્યોતિએ પોતાના પિતાના ખૂનના સમાચાર સાથે જણાવ્યું હતું કે, "હવે હું લગ્ન કરવાની નથી, પરંતુ મારા કંગાલ બિરાદરોની સાથે રહી ક્રાંતિ કે મૃત્યુની પ્રતિજ્ઞાનેજ વળગી રહીશ."

તે પત્રે વાગદત્તના હૃદય પર વજ્રાઘાત કર્યો. જ્યોતિ સાથેનાં પોતાનાં લગ્ન અધવચ્ચે અટકી પડ્યાં, તેથી તેનું માથું ફરી ગયું. અને તે ક્રાંતિકારોની સાથે મળી ગયો; એટલુંજ નહિ પણ રાજધાની પર કૂચ કરવા નીકળી પડ્યો.

(૧૧)

પરંતુ વાગદત્ત નવલગઢ પહોંચે તે પહેલાં તો જ્યોતિ પકડાઇ ગઇ અને તેને રાજ્યની તુરંગની એક અંધારી કોટડીમાં પૂરવામાં આવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એથી અણધારી રીતેજ ક્રાંતિકારોને નવો વેગ મળ્યો અને નવલગઢમાં બળવો ફાટી નીકળ્યો.

બન્ને બાજુનાં માણસો ખુબ જુસ્સાથી લડતાં હતાં. છતાં મૃત્યુ કે ક્રાંતિની પ્રતિજ્ઞાના બળ સાથે ઝૂઝતા ક્ષુધાર્તો આગળ નવલગઢના ભાડૂતી સૈનિકો જરાયે ફાવતા નહોતા. પ્રત્યેક દિવસે ક્ષુધાર્તોની સેના વધતીજ જતી હતી અને રાજ્યના સૈનિકો હાર પર હાર ખાતા જતા હતા, તોપણ રાજગઢની અંદર મજબૂત લશ્કરી ટુકડીઓ ગોઠવાઇ ગયેલી હોવાથી ક્રાંતિકારોનો છેલ્લો હલ્લો વધુ ખૂનખાર અને ભીષણ રૂપ લે તેમ હોઇ, ક્રાંતિકારો તે માટે નવીજ વ્યૂહરચના ગોઠવી રહ્યા હતા.

નવલસિંહની આંખ હજુયે ઊઘડતી નહોતી. તેને તો ખાતરીજ હતી કે, બળવાખોરોનું આખરે કંઈ ચાલવાનું નથી; એટલે તે તો હજુયે સુરા અને સુંદરીમાં ચકચૂર બની વિલાસમંદિરમાં તેમનુંજ પૂજન કરતો બેઠો હતો!

રાજાની આવી મનોદશા જોઇને દીવાન તેમજ સેનાપતિ પણ તેનાથી કંટાળ્યા હતા, છતાં તેમણે અંદર અંદર મસલત કરીને તેજ રાત્રે જ્યોતિને કેદખાનામાં ઠાર કરી નાખવાનો નિર્ણય કર્યો.

પરંતુ કોઈ પણ રીતે એ વાત ક્રાંતિકારોને પહોંચી ગઇ અને તેમણે મરણિયા થઇને એજ રાત્રે રાજગઢ પર હુમલો કરવાનો નિર્ણય કરી નાખ્યો.

(૧૨)

પશ્ચિમની ક્ષિતિજ પર સૂર્ય ભાગતો હતો અને અનંત ગર્તામાંથી રાત્રિનો અંધકાર પોતાની વિશાળ પાંખો નવલગઢ પર પ્રસારવાની તૈયારી કરી રહ્યો હતો, તે વખતે ક્રાંતિકારીઓની સેના રાજગઢની આસપાસ ખડકાતી જતી હતી.

ગગનમંડળમાં ભીષણ તોફાન થતાં મરુતોનાં ધાડાં સામસામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રાટકે, તેમ નવલગઢના રણજંગમાં ઝૂકેલી બન્ને પક્ષની ફોજો સામસામી ત્રાટકી રહી હતી.

ક્રાંતિ કે મૃત્યુના મંત્ર જપતા ક્રાંતિકારોને ઘડીક રાજ્યની સેના પાછા વાળે, તો બીજી ઘડીએ ક્રાંતિકારો રાજસેનાનાં પૂરને પાછાં ધકેલે. એ સ્થિતિ એક તરફ ચાલતી હતી, તેટલામાંજ વાગદત્તની સરદારી નીચે મોટી ફોજ ક્રાંતિકારોને આવી મળી અને પ્રલયના પૂરની માફક ક્ષુધાર્તો તેમજ બંડખોર સૈનિકો નવલગઢની ફોજ પર તૂટી પડ્યા.

જોતજોતામાં રાજગઢનાં બારણાં તૂટવા માંડ્યાં અને અનેક દિવસોથી બાંધી રાખેલો બંધ તૂટતાં પ્રચંડ જળધોધ ચોપાસ ફરી વળે, તેમ ક્રાંતિકારોનાં ધાડાં રાજમંદિર તરફ દોડવા લાગ્યાં.

તેજ વખતે નવલસિંહ રાજમહેલની પાછલી બારીમાંથી ભોંયરા વાટે ગઢની બહાર જવા નાઠો.

ત્યારે વાગદત્ત થોડાક સૈનિકો સાથે રાજ્યતુરંગમાં પેસી ગયો હતો અને સેનાપતિ જેવો જ્યોતિના હૈયામાં પોતાની પિસ્તોલ ફોડવા જાય છે, તેજ વખતે વાગદત્તની ગોળી સેનાપતિના હૈયાસોંસરી નીકળી ગઇ.

ક્ષુધાર્તો તે વખતે એ કેદની ઇંટેઇંટ પર વેર લેતા હોય તેમ તેને તોડતા રાજકેદીઓને છૂટા કરી રહ્યા હતા અને રાજાને નાસી ગયેલો તેમજ સેનાપતિને મરણ પામેલો જાણીને રાજ્યની સેના હથિયાર નમાવીને ક્રાંતિકારોને શરણે જઇ ચૂકી હતી.

તે વખતે જ્યોતિ અને વાગદત્ત ચોપાસથી સળગી રહેલી રાજ્યતુરંગની મહાજ્વાલાઓ સામે પરસ્પરને ભેટી રહ્યાં હતાં.

અને વિજયી ક્રાંતિકારોનાં અસંખ્ય ગળાંમાંથી ક્રાંતિના જયની ઘોષણા એમના એ મિલનની ઘોષણા બની રહી હતી.

(સં. ૧૯૯૨ના "હિંદુસ્તાન પ્રજામિત્ર"ના દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦-રાધા

(લેખકઃ-શ્રી. તુષાર)

ધરતી ધખધખતી હતી. ઉનાળાનો બપોર હતો. પૃથ્વી ઉપર સૂર્યદેવ જાણે ક્રોધાયમાન થયા હોય એમ લાગતું હતું. રામાનો કોશ ધીમી ગતિએ ચાલી રહ્યો હતો. રામો કોશથી પાણી કાઢવાની સાથે કંઇક આછું ગાન પણ કરતો હતો. આજુબાજુનાં વૃક્ષો સાથે વાત કરતો ઠંડો પવન વાતો હતો.

સાંજ પડી અને સૂર્યદેવ ટેકરીઓ પાછળ આરામ લેવા ગયા. વાદળા લાલ રંગથી છંટાયાં. રામાએ કોશ બંધ કર્યો અને ઘેર પહોંચ્યો. રામાને માત્ર એક ઘરડો બાપ હતો. રામાની ઉંમર અઢાર વર્ષની હતી. થોડા દિવસમાં રામાનું લગ્ન થવાનું હતું. તેની જ્ઞાતિમાં કન્યાઓની ખોટ હતી, છતાં તેના પિતાએ પુષ્કળ પૈસા વેરી તેનો વિવાહ કર્યો હતો. દિવસો જતાં રામાનું લગ્ન પણ થઇ ગયું. સહજીવનનાં સુખી સ્વપ્નોનો તેણે એક હવાઇમહેલ બાંધ્યો હતો. માણસમાં મહત્ત્વાકાંક્ષા પહેલેથીજ હોય છે, પણ તે કોની પૂરી થાય છે ?

એક વર્ષ પછી રામાને ત્યાં રાધાની પધરામણી થઇ. રાધા સૌંદર્યવાન હતી. તે કંઇ ગોરી ન હતી, પણ તેનું શરીર ઘાટીલું હતું. યૌવન અને સૌંદર્યનું મિશ્રણ થતાં સૌંદર્યનું સ્વર્ગ બને છે. એનામાં સૌંદર્ય હતું અને યૌવન હતું. ખરેખર તે સુંદરી કોઇ અપ્સરાની પ્રતિમા હોય એમ લાગતું હતું. તે આશાપૂર્ણ હતી, તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના પતિ માટે ઘણો પ્રેમ હતો. માનવજાતિમાં પ્રેમનાં બી હોય છે, પછી ભલે ગરીબ હોય કે ધનવાન. તેનો આત્મા સંસ્કારી હતો. તેનાં નયનમાં અજબ આકર્ષણ હતું. સૌંદર્યની દેવીએ તેને ઘણી આશિષો આપી હતી.

રામાનો બાપ હવે મરણપથારીએ પડ્યો. જીવનના ખારા સાગરમાં એક છેલ્લું સ્નાન કરીને તેણે પોતાની જીવનયાત્રા પૂરી કરી. રામાને અને રાધાને પિતાના મૃત્યુથી ઘણો શોક થયો. રામાને સંસારમાં રાધા રહી અને રાધાને રામો રહ્યો. રામાની સુખની નદીનાં વહેણ હવે પલટાયાં. તેના જીવનના રંગ ફેરવાઇ ગયા. હિંદુ-સમાજના ક્રૂર રિવાજ પ્રમાણે રામાને તેના બાપ પાછળ કારજ કરવું પડયું. મરનારની પાછળ માણસો રડે છે અને પછી તેની પાછળ મોજ કરે છે. રામાએ રહેલી મિલકત મરણના ઉત્સવમાં વાપરી નાખી.

રામો ઝૂંપડીમાં બેઠો હતો. તેણે રાધાને કહ્યું: "રાધા, શા માટે તું આ દુઃખી પતિને પરણી? તારૂં જીવન નષ્ટ કરવા?"

"આમ શું બોલો છો! આમાં શું થયું છે? જુઓ, ગામમાં કોઇના ખેતરમાં જજો. નિરાશ શું થાવ છો!" રાધાએ દિલાસો આપ્યો.

"નિરાશ ના થઉં તો શું કરૂં? હવે આપણું જીવન નિરાશા-માંજ જવાનું."

રામાએ ગામમાં કોઇની મજૂરી કરી થોડાં વર્ષ પસાર કર્યાં. જગતમાં મફત સલાહકારો ઘણા મળે છે, તે પ્રમાણે રામાને ઘણાએ સલાહ આપી. દુનિયામાં આવા ઉદાર માણસો કેટલા હશે? રામાને ઘણાએ શહેરમાં જવાનું કહ્યું, ઘણાએ મિલમાં જોડાવાનું કહ્યું, પણ કોઇએ મદદ ન આપી; કારણકે રામો કંગાલ હતો. પૈસા દરેક ચીજને આકર્ષે છે. હવે રામા પાસે પૈસા ખલાસ થયા હતા. તેને માનવોએ લૂંટી લીધો હતો. ગરીબોનું દુનિયામાં કોણ છે? ઇશ્વર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તેમને માટે કોઇ ગલીમાં સંતાઇ જાય છે ! આખરે તે પ્રેમીયુગલ દુઃખ પડે છે? કારણ તેમણે ગયા જન્મે ઘણાં પાપ કર્યાં હશે, તો એક શહેરમાં આવ્યું. ગરીબો માટે નિર્માણ કરેલી એક ચાલીમાં તેમણે ઓરડી ભાડે રાખી.

"કેમ કંઈ પત્તો લાગ્યો ?" રાધાએ રામાને ઘરમાં આવતો જોઇ પ્રશ્ન કર્યો.

"ના." રામાએ નિસાસો નાખતાં કહ્યું.

રામો શહેરમાં પુષ્કળ ફર્યો, પણ કંઇ નોકરી મળી નહિ; એટલામાં તેનો છોકરો મનુ ધૂળથી ગંદા થયેલે કપડે આવ્યો અને હર્ષમાં પૂછ્યું: "બાપુ શું લાવ્યા ?" બાળકોના મનમાં એવુંજ હોય કે, જ્યારે તેમના બાપુ બહારથી આવે, ત્યારે ચોક્કસ કંઇ લાવેજ.

રામો જવાબ આપ્યા વગર ઓરડીમાં ગયો અને નિરાશા સાથે નીચે બેઠો.

"કંઇ નહિ, આજે કામ ન મળ્યું તો કાલે મળશે. ચાલો ખાઇ લો હવે." રાધાએ થાળી પીરસતાં કહ્યું.

સ્ત્રીઓનો એવો સ્વભાવ હોય છે કે નિરાશ થયેલા પતિને દિલાસો આપવો. પત્ની દિલાસો ન આપે તો શું કરે ?

રામો ઊભો થયો. "બેટા મનુ, ચાલ, આજે નહિ તો કાલે જરૂર લાવીશ. જો આવું રડાય નહિ અને તોફાન ન થાય."

"જો કાલે જરૂર, નહિ તો મારી બાને કહી દઇશ." મનુએ અંદર આવતાં ભમરો ઊંચી કરી તથા આંખ પટપટાવતાં કહ્યું.

મનુ અને રામો ઘરમાં ગયા. રામો જમ્યા પછી પોતાના એક તૂટેલા ખાટલા પર બેઠો હતો. સામેની ઓરડીમાં ગ્રામોફોન વાગી રહ્યું હતું. સાયગલનો દર્દભર્યો અવાજ રામાને કાને પડ્યો:

અને જ્યોતિની સામે અગણિત હાથો ઊંચા થયા, તેમજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જો બીત ચૂકી સો બીત ચૂકી, ફીર ઉસકી યાદ સતાયે ક્યું ?"

ખરેખર રામાને પણ તેના ગત સુખી દિવસો સતાવતા હતા. તેના હવાઇમહેલો જમીનની સપાટી સાથે મળી ગયા હતા અને તેના વિચારો ભાલાની માફક હૃદયમાં વાગતા હતા. રેકર્ડ આગળ વાગી:

"ખુશ રહેને વાલી સૂરત પર, ચિંતાકી બદરી છાઇ ક્યોં ?"

સવારનો પહોર હતો. સૂર્યની બેરંગી નાવ ક્ષિતિજના દરિયામાંથી આવતી દેખાતી હતી. ચાલીના બધા મજૂરો પોતાના કામ પર જવા તૈયાર થયા હતા.

"કેમ રામાભાઇ, શું કરો છો?" એક પાડોશી–મુકાદમની સ્ત્રીએ ઓરડીમાં પ્રવેશ કરતાં પૂછ્યું.

"કોણ મણિબહેન ? આવો." રાધાએ તેમને આવકાર આપ્યો. એક બાજુ નિરાશ મુખે બેસી રહેલ રામો આ વાત સાંભળી રહ્યો.

"હજુ મનુ ઊઠ્યો નથી?" વહેલાં ઊઠનાર મણિબહેને પૂછ્યું. "કેમ રામાભાઇ કામ મળ્યું કે નહિ?"

"ના." ધીમેથી રામાએ જવાબ આપ્યો.

"અરે! એમાં આટલા નિરાશ શું થઇ જાવ છો? હિંમત રાખો, એમ કંઇ જલદીથી મળતું હશે ? ભાઇ, એ તો બધાયને એવું થાય. હું કાલે એમને કહી તમને જરૂર એમના ખાતામાં કામે લગાડી આપીશ." ભાષણની છટાથી મણિબહેને રામાને હિંમત આપી અને પાડોશીધર્મ વ્યક્ત કર્યો. રામો કંઇ ઉત્સાહી બન્યો. તેના નિરાશાના મહાસાગરમાં એક આશાનું મોજું ફરી વળ્યું.

સવાર બપોરના રૂપમાં ફેરવાઇ ગયું હતું. યંત્રને પણ આરામની જરૂર પડી. મિલની સીટી વાગી. યંત્રવત્ કામદારોને એક કલાકની રજા મળી. બધા કામદારો પોતાને ઘેર જમવા આવ્યા. મુકાદમ માધાજી પણ ઘેર આવ્યો. જમતાં જમતાં મણિબહેને રામાની સ્થિતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજાવતાં કહ્યું: "ગરીબ માણસ છે. તમારા ખાતામાં કંઇ કામે લગાડો. હમણાં થોડા દિવસ કામ શીખશે, મહેનતુ છે." માધાજીનું હૃદય પીગળ્યું. તે રામાને બીજી સવારે મિલમાં લઇ ગયો અને શીખવા માટે મૂકયો. રામાને આમાં પણ આનંદ હતો. થોડા દિવસમાં રામો કામ શીખી ગયો.

"કેમ રામાજી! કામ શીખી ગયા ને?" માધાજીએ ખાતામાં કામ કરતા રામાને પૂછયું.

"હા સાહેબ, આપની મહેરબાની." રામાએ જવાબ આપ્યો.

"જુઓ ભાઇ." માધાજીએ રામાના કાનમાં ફૂંક મારી, "કામ તો શીખી ગયા છો, હવે કોઈક મિલમાં જઇ શકશો. માસ્તર તરફથી ખૂબ બૂમો આવે છે કે, ખાતામાં ખૂબ માણસ છે." માધાજીએ રામાને રજા આપી. તે ખાતાની બહાર નીકળ્યો. તેની આશાઓનો આજે અંત આવ્યો. માનવી આશાના મૃગજળ પાછળ દોડે છે, પણ આખરે જ્યારે દોડતાં દોડતાં તે થાકી જાય છે, ત્યારે તે માત્ર થોડું ખારૂં જળ–આંસુઓજ પાડે છે.

"કેમ રામા, કયાં જાય છે?" રામાના સાથીદારે રામાને જતો જોઇ પૂછયું.

"ઘેર." રામાએ ચાલતાં ચાલતાં કહ્યું.

"એઇ! ઊભો તો રહે! પૂરી વાત તો કર." તેણે તેનો હાથ પકડતાં કહ્યું.

"મુકાદમે કહ્યું કે, તમે કામ શીખી ગયા છો, માટે બીજી મિલમાં જાવ." નિસાસો નાખતાં રામો બોલ્યો.

"હં......હં શા માટે રજા મળી જો તે ન સમજ્યો? ભાઈ તું મૂરખ છે, આટલું પણ ન સમજ્યો કે મુકાદમને પૈસા જોઇએ છે. પૈસા આપ તો તારૂં કામ થશે." વ્યાવહારિક તત્ત્વજ્ઞાનના ગર્વ સાથે જીવાજીએ કહી નાખ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેટલા પૈસા માગશે?" આશા અને નિરાશા વચ્ચે ઝોલાં ખાતાં રામાએ પ્રશ્ન કર્યો.

"દસપંદર, બહુ નહિ." જીવાજીને દસપંદરની કિંમત ન હતી.

આખરે રામાએ વ્યાજે પૈસા લીધા અને નોકરી ઉપર રહ્યો.

આ પ્રમાણે રામાના છસાત માસ વીતી ગયા.

કડકડતી ઠંડી પડતી હતી. રામાને શહેરમાં આ પહેલોજ શિયાળો હતો. ઉનાળામાં તો ગરમ વસ્ત્રોની જરૂર ન હતી, પણ શિયાળામાં તો જોઇએજ. તેની પાસે ગણ્યાંગાંઠ્યાંજ વસ્ત્રો હતાં. શિયાળાની ઠંડીથી મનુને શરદી થઇ હતી અને સખ્ત તાવ આવતો હતો. બાળક હમેશાં કુમળુંજ હોય છે, પણ ગરીબોનાં બાળકોમાંથી પોતાની ગરીબીને લીધે કોમળતા જતી રહી હોય છે. મનુનો તાવ આમ ઘણો વધી ગયો. રામો મિલના દંભી દવાખાનામાંથી મનુ માટે દવા લાવતો, પણ માત્ર રંગનું પાણી. આ પણ ગરીબો માટે દવાજ.

રાત્રિનું સામ્રાજ્ય સ્થપાયું હતું. દૂર દૂર કૂતરાના ભસવાનો અવાજ તથા શિયાળની ચીસો સંભળાતી હતી. રાત્રિના ચાર વાગ્યા હતા. રામો તથા રાધા મનુની પથારી પાસે બેઠાં હતાં. મનુનો શ્વાસ ઝપાટાબંધ ચાલતો હતો. રામાની નજર મનુ પર ચોંટી રહી હતી.

"બા, પાણી પીવું છે." મનુ ધીરેથી બોલ્યો. રાધાએ પાસેના માટલામાંથી પાણી લાવી આપ્યું. મનુએ પાણી પીધું અને આંખો મીચી સૂઇ ગયો. તેનો શ્વાસ પહેલાંના કરતાં વધુ ઝડપમાં ચાલવા લાગ્યો. "બા......" મનુની જીભ અટકી અને શ્વાસ પણ અટક્યો. તેનું પ્રાણપંખી ઊડી ગયું! મનુનો મૃત્યુઘંટ વાગતો બંધ પડ્યો. તે સદાને માટે ઈશ્વરી ગોદમાં રમવા સ્વર્ગમાં ગયો.

રામો પોતાના પુત્રના દેહને બળતો જોઈ રહ્યો હતો. આ પ્રસંગથી વળી તેના હૃદયમાં એક વધુ જખમ પડ્યો હતો.

પુત્રના મરણથી પિતાને કેટલું દુઃખ થાય છે, તે તો પિતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયા સિવાય ક્યાંથી અનુભવાય ? તેની આંખમાંથી આંસુઓની ધારાઓ વહેતી હતી.

સવારના આઠ વાગ્યા હતા. યંત્રોએ અને યંત્રવત્ કામદારોએ પોતાનાં કામ શરૂ કરી દીધાં હતાં. રાધા એક બાજુ બેશુદ્ધ પડી હતી. રામાએ કપડાં પહેર્યાં અને મિલમાં જવા નીકળ્યો. "એઇ ઉલ્લુ! કીધર જાતા હૈ ? દેખતા નહિ, શેઠસાહબ ખડે હૈ." દરવાજા આગળ રામાનો સત્કાર થયો.

"ભાઇસા'બ મોડું થયું, હવેથી નહિ..." રામાએ કરગરતાં કહ્યું.

"અરે જવા દે." જમાદારનો હુકમ છૂટ્યો અને રામાને પરવાનો મળ્યો.

રામો ઉતાવળો ઉતાવળો પોતાના ખાતા તરફ જવા લાગ્યો. થોડો આગળ વધ્યો ત્યાં તો શેઠની તણખાભરી આંખો તેના તરફ વળી.

"ક્યાં મૂઓ હતો ? કેમ મોડો આવ્યો ?" સાહેબે હાથ લંબાવી પાછો બોલાવતાં પૂછ્યું.

"સાહેબ, મારો છોકરો મરી ગયો હતો, એટલે......"

"એટલેએટલે નહિ ચાલે, ચાલ ઘેર જા." શેઠે રજા આપી. જેટલી ઇશ્વરને સત્તા નથી તેના કરતાં શેઠને વધારે સત્તા છે, એવા રુઆબથી રજા આપી. રામાનો એ રોટલો નરરાક્ષસે ઝૂંટવી લીધો ! રામાએ શેઠને ઘણુંય સમજાવ્યા, પણ આખરે ધક્કા મળ્યા અને તેને ઝાંપા બહાર કાઢવામાં આવ્યો.

શેઠનું હૃદય ન પીગળ્યું. ક્યાંથી પીગળે ? પૈસાની એરણ ઉપર સત્તાના હથોડાથી ટિપાયેલું હૃદય ક્યાંથી પીગળે ? ગરીબોનું લોહી પીવા તૈયાર થયેલું હૃદય ક્યાંથી પીગળે ?

રામો આશાભંગ થયો હતો. તેણે આશાઓની સુવર્ણરેખાઓ ઉપર વિવિધ રંગ પૂર્યા હતા, તેની ઉપર આજે વંટોળિયો વાયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો ! વરસાદનું ઝાપટું થયું હતું !

હજુ પણ આશાવંત માણસ શેઠની રાહ જોતો સાડાઅગિયાર વાગ્યા સુધી ઊભો રહ્યો હતો. શેઠને હજુ સમજાવાશે એ આશાએ તે ઊભો હતો. શેઠની મોટર બહાર નીકળી એટલે રામો દોડ્યો અને દોડતાં તે મોટર નીચે આવી ગયો. ધીરે ધીરે યંત્રમાં કચડાતો માનવી આજે જલદીથી કચડાઇ ગયો. તેનો આત્મા ત્યાંજ ખલાસ થઇ ગયો. જગતનું કોઈ પણ દુઃખ ન પહોંચી શકે તે સુખભૂમિમાં તેનો આત્મા સંચરી ગયો. રાધાને આત્મા વગરનો પતિ શબરૂપે મળ્યો. તેના જીવનનાટકના પ્રવેશો પૂરા થયા હોય એમ તેને લાગ્યું.

પતિને કચડતું યંત્ર હવે તેને પણ બોલાવતું. રામાની યંત્રવત્ જિંદગી પૂરી થઇ, રાધાની શરૂ થઇ. ધીરે ધીરે તેના દુઃખી દિવસો પસાર થઇ રહ્યા હતા.

સાંજ પડી, કામદારો છૂટ્યા. રાધા બહાર નીકળી પોતાના ઘર તરફ જતી હતી. મિલથી તેનું ઘર ઘણે દૂર આવ્યું હતું. તેના પગ સપાટાબંધ ઊપડતા હતા. તેની પાછળ બે ગુંડાના પગ પણ અનુકરણ કરતા હતા, પણ તેની રાધાને ખબર નહોતી.

સાંજ, રાત્રિમાં ફેરવાઇ. તેને મિલમાંથી નીકળ્યે એક કલાક થયો હતો. રસ્તામાં એક અંધારૂં નેળિયું આવ્યું. પેલા બે વરૂઓ તૂટી પડ્યા ! રાધાને બેહોશ કરી અંધકારમાં અદૃશ્ય કરી દીધી.

રાધાએ આંખ ઉઘાડી. સ્વર્ગ દેખાયું, પણ પાછળથી નરક માલૂમ પડ્યું. શા માટે ? રાધા વેશ્યાગૃહમાં હતી. રાધાના સતીત્વનો નાશ થયો હતો. હવે તે રાધા મટીને રાધિકા થઇ હતી. તેને વેશ્યા કોણે બનાવી ? જગતે કે જગતની ગુંડાશાહીએ ? જગતમાં સતીઓનું સતીત્વ ભુંસાયું છે ? ના. જગતે પોતેજ તેને ભૂંસી નાખ્યું છે. પૈસા પાછળ ભૂખ્યા વરૂઓ કરતાં વધુ ક્રૂર બનતી માનવજાતિએ તેનો નાશ કરવા માંડ્યો છે.

(નવેંબર ૧૯૩૯ના "યુવક" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧-કુહાડીના હાથા

બહુ જૂના જમાનાની વાત છે.

જૂની એટલે મારા દાદાએ મને કહેલી અને મારા દાદાને એમના દાદાએ કહેલી. એમ હજારો વર્ષોથી ચાલતી આવેલી.

એ વખતે માણસ કુદરતને ખોળે રમતો હતો. આજના જેટલો એ સુધર્યો નહોતો.

એણે મહામહેનતે એક કુહાડી બનાવી, ખાસી મજાની ધાર કાઢી અને હાથાની જગ્યા રાખી.

એના મનમાં એમ હતું કે, જંગલમાં ગમે તેમ રહેવા કરતાં લાકડાનું સારું મજબૂત ઘર બનાવવું અને તેમાં રહેવું.

કુહાડી તો કરી. હવે એને હાથો જોઇએ. હાથો હોય તો એ કામ આપે.

એ તો ગયો જંગલમાં એક મોટા વડ પાસે. એની પાસેથી પહેલાં એ તીકમ માટે હાથો લઇ આવ્યો હતો.

"કેમ બાપ, શું જોઇએ છે?" વડે પૂછ્યું. ઘેરગંભીર એની ઘટા હતી. ઝાડોમાં એનો મોભો હતો.

"આ તો મેં કુહાડી બનાવી છે. એને સારૂ હાથો જોઇએ છે. નાનો સરખો કકડો હશે તો ચાલશે." માણસે કહ્યું. "તીકમ માટે તમે આપેલો હાથો સારો હતો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વાહ! તારી કુહાડી છે તો સારી. એનાથી પણ તીકમની માફક જમીન ખોદાય ખરી કે?" વડે પૂછ્યું.

"નારે ના. જમીન ખોદવાનું કામ તો તીકમ ને કોદાળીજ કરી શકે. કુહાડીનું કામ તો કાપવાનું." માણસે કહ્યું.

"ઠીક, હું મારા સાથીદાર ઝાડોને પૂછી જોઇશ. એ કહેશે તો તને હાથો આપીશ." વડે જણાવ્યું. "એકબે દિવસ પછીથી આવજો."

"ભલે પરમ દિવસે આવીશ." એમ કહીને માણસ તો ગયો.

પેલા વડે પોતાના સાથીદારોને બોલાવ્યા અને જણાવ્યું:

"આજે મારી પાસે એક માણસ આવ્યો હતો. એણે એક ફક્કડ કુહાડી બનાવી છે. તેને સારૂ હાથો કરવા એને નાનો સરખો લાકડાનો કકડો જોઇએ છે."

"ઓહો! એટલુંજ ને? આટલું બધું લાકડું પડયું છે! ભલેને એ નાનો ટુકડો લઇ જાય." સળીના ઝાડે કહ્યું, "પહેલાં પણ એ લઇ ગયો હતો."

"એટલો ટુકડો આપતાં આપણે કચવાવા જેવું નથી." સાદડે ઉમેર્યું.

"જુઓ ભાઈઓ! મને તો એ કુહાડીના નામથીજ શંકા પડે છે. એનું કામજ કાપવાનું છે. માટે મારૂં માનો તો આપણે એને ચોખ્ખી નાજ કહી દઇએ." વડે જણાવ્યું. "તીકમના હાથાની વાત જુદી હતી."

"તમે તો અમસ્થા ડરી જાઓ છો." સીસમે કહ્યું. "આપણાથી એવા નજીવા લાકડા સારૂ ના પડાય?"

"અને આપણા વડભાઇને તો જેમાં ને તેમાં શંકા આવે છે!" ખેરે ઉમેર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જે છે તે મેં કહ્યું." વડ બોલ્યો.

"તમારી બધાની મરજી હોય તો એને હાથા માટે કકડો આપો; બાકી મને તો આનું ભવિષ્ય સારૂં નથી દેખાતું."

"કૈં નહિ, આગળની વાત આગળ છે. તે વખતે સૌ જોયું જશે." સાગે કહ્યું. "હમણાં તો આપણે એને હાથા સારૂ કકડો આપો."

"ના પાડવામાં આપણીયે શોભા નહિ." સીસમે જણાવ્યું. "ભલે બિચારો લઇ જાય."

"ભલે ત્યારે જેવી તમારી મરજી!" વડે કહ્યું.

વળતે દિવસે માણસ વડ પાસે ગયો અને પૂછ્યું: "કેમ, પછી તમારા સાથીદારોએ શું નક્કી કર્યું?"

"તમારે જોઇએ તેવો કકડો તમને આપીશું. આ બધામાંથી લઇ લો." વડે કહ્યું.

થોડી વારમાં માણસે હાથાને લાયકનો એક પાતળો કકડો શોધી લીધો અને પોતાની કુહાડીને હાથો ઘાલ્યો.

એ જોઇને એ ઠીક ફુલાયો.

"હવે એનાથી કેવું કપાય છે, તે તો જોઉં," એવો વિચાર કરીને એણે તો કુહાડી ઉગામી સાગના ઝાડ સામે ને જોરથી ઘા કર્યો."

"અરે, અરે! ઓ બાપરે, આણે તો મને મારવા માંડ્યું. ઓ વડભાઈ! મને બચાવો રે." સાગે બૂમ મારવા માંડી. "અરે ભલા માણસ! હજી ગઇ કાલની વાત છે. તારી આ કુહાડી માટે હાથો આપવાનો ઠરાવ કરવામાં તો મેં આગેવાની લીધી હતી. મારી ઉપર તો જરા દયા રાખ!"

"તેની મને શી ખબર? મારે તો ઘર બાંધવા સારૂ લાકડાં જોઇએ છે, એટલે હવે હું તો કાપવાનો." માણસે જવાબ આપ્યો.

એણે કાપવાનું ચાલુ રાખ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડી વારે ચીસ પાડતું સાગનું ઝાડ જમીન પર ઢળી પડ્યું. એનું દુ:ખ જોઇ બીજા ઝાડને આંસુ આવ્યાં, પણ શું થાય? એમણેજ એને કુહાડીનો હાથો પૂરો પાડ્યો હતો.

સાગની પછી આવ્યો સાદડનો વારો. એને પણ માણસે જમીનદોસ્ત કર્યું.

તે પછી સીસમ ને ખેરને પણ કાપી નાખ્યા. એ બધાની કાકલૂદીની એણે દરકાર ન કરી.

"મેં ઘણુંયે ના કહ્યું હતું, પણ આ બધાંએ માન્યું નહિ. એ બિચારાં જુવાનજોધ જેવાં જીવવાની લાંબી આશાવાળાં ઝાડને માણસે કાપી નાખ્યાં. ઓ માણસ! મારા સાથીદારોને તો તેં મારી નાખ્યા, હવે મને પણ કાપવા માંડ."

"નારે ભાઇ, મારે તારો ખપ નથી. તારૂં લાકડું મારે કામ નહિ આવે. તું સુખેથી ઊભો રહે." માણસે કહ્યું.

"અરેરે! મારા સાથીઓ ગયા! કેટલા ભોળા! કુહાડીનો હાથો એમણેજ પૂરો પાડ્યો અને એજ એના ભોગ બન્યા!"

(તા. ૧૮-૩-૧૯૩૯ ના "જન્મભૂમિ"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨-માતૃપ્રેમ

(લેખિકા:-શ્રી. ઇન્દુકુમારી)

મિલમાં કામ કરતાં મનુષ્યોનાં જીવનમાં કેટલીક વાર નરી કરુણતા નીતરી રહેલી હોય છે. કોઇનો હાથ તૂટી જાય ને કુટુંબ પાછળ નિરાધાર બને; વૃદ્ધ માતાનો નવયુવાન, તેને જગતમાં એકલી-અટૂલી મૂકી ચાલ્યો જાય, વગેરે વસ્તુઓમાં શું કારુણ્યનાં વહેણ વહેતાં જણાતાં નથી?

જમના મિલમજૂરણ હતી. વિધવા હતી. માનવોથી ઊભરાતા વિશ્વમાં એક નાના પાંચેક વર્ષના બાળક સિવાય કોઇને તે 'મારૂં' કહી સંબોધી શકે તેમ ન હતું. તેજ તેના જીવનનો આધાર, દીપક, એક પૂરી આશાસમો હતો. તેના માટેજ તે જીવી રહી હતી. પ્રભાતે વહેલી મિલમાં જઇ છેક સાંજે તે ઘેર આવતી. એટલો વખત પણ તેનું માતૃહૃદય તેને એકલો છોડવા કબૂલ ન થતું. ને સાંજે ઘેર આવતાં......

પોતાના જેવાજ બીજા ગરીબ બાળકો સાથે રમતો એનો મોહન હાથ ઊંચા કરી દોડી આવતો. "મા મા, વાર્તા સંભળાવને. મા, આજ તો બહુ ભૂખ લાગી છે, જલદી ખાવાનું આપને." તે એવી એવી બાલઇચ્છાઓ પ્રદર્શિત કરતો; જેથી જમનાના હૃદયમાં અમૃતનાં-પ્રેમનાં ઝરણાં વહી રહેતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને કોઇ વાર જો શ્રીમંત બાળકો નજરે પડ્યાં હોય તો તેમના જેવાં વસ્ત્રો, તેમના જેવી સારી સારી ચીજો વગેરે માગતો, હઠ લઈ બેસતો; પરંતુ એ હઠ માતૃપ્રેમ આગળ વધુ વાર ન ટકી શકતી.

× × ×

સવારના સાત વાગ્યા હતા. રાત્રે મોહનને ખૂબ તાવ હતો. જમના આખી રાત જાગી હતી. તેને વિચાર આવ્યો: "જો અત્યારે તેનો બાપ જીવતો હોત, તો મારે મોહનની ચિંતા કરવી પડત? પરંતુ એય મિલના કાળ–ચક્કરમાંથી શી રીતે છૂટવાનો હતો?"

મિલમાં તો જવાનુંજ હતું; પણ મોહનને, માંદા મોહનને મૂકીને શી રીતે જાય? જીવ ન ચાલ્યો. પરંતુ "ફક્ત આજેજ જાઉં. પગાર મળશે. એમાંથી મારા મોહનને માટે દવા ને ફળો લાવીશ. જો મારા આવતા પહેલાંજ...ના, ના, નોકરીની કંઇ જરૂર નથી. આજે પૈસા મળી જાય, એટલે બસ." ચટાઇ પર પડેલા મોહનને જોતી વેળા જમનાના હૃદયે વિચારોની અથડામણ થઇ રહી.

"મા, મા..." જમનાએ વિચારમાં વખત ગુમાવતાં મોહન જાગી ઊઠ્યો.

"હવે મોહન નહિ જવા દે. ખરેજ હું બહુ ક્રૂર છું, પરંતુ હું ક્રૂર કે મિલવાળા?" હૃદયમંથન શરૂ થયું.

"મા, કેમ બોલતી નથી?"

"હા, હા, આવી હો. કેમ બેટા, શું છે?"

"તું આજે મિલમાં ન જા. મને કંઇયે ગમતુંજ નથી."

"એમ તે કંઈ ચાલે? બહુજ વહેલી આવીશ, પછી કંઇ?"

"ના, મા. તું નજ જા."

"જો આવતી વેળા તારે માટે સારાં સારાં ફળો લઇ આવીશ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ શું કરે છે?"

"પણ મા, મને લાગે છે કે, હું તને મળવાનોજ નથી, પછી..." જમનાએ તેના મોં પર હાથ ઢાંકી તેને આગળ બોલતો અટકાવ્યો. તેનું હૃદય ભરાઇ આવ્યું. આંખમાં પાણી આવી ગયાં.

છેવટે તેણે જવાનો નિશ્ચય કર્યો. મોહનને પ્રભુના આશરે મૂકી તે ચાલી નીકળી.

× × ×

જમના જાય કે ન જાય, તેના મોહનને માટે તો મૃત્યુ નિર્ણિતજ હતું. જમના ગઇ એટલે કારુણ્ય કંઇક ઓછું થયું.

"મા, મા .." દબાતો, ખૂબજ ધીમો સાદ નીકળ્યો. ઉત્તર ન મળતાં, તેનોજ પડઘો પડ્યો. પછી બે મિનિટ અખંડ, ભયંકર શાંતિ વ્યાપી રહી.

"બા, બા જાઉં છું. ન આવી ને..."

"ઓ મારા લાલ! ક્યાં જઇશ? હું પણ આવીશ તારી સાથે." દવા અને ફળો લઇ આવતી જમનાએ મોહનના છેલ્લા શબ્દો સાંભળતાં ભાન ગુમાવ્યું.

"હા, મારો મોહન તમેજ ખૂંચવી લીધો. મને જલદી રજા કેમ ન આપી? તમારૂં કામ, હા, તમારૂં કામ અટકી જાત! મેં કેટલું દુઃખ દીધું છે એને! પછી એ મારો દેવ સમો બાળ શે રહે? મારા લાલે કહ્યું ન જા, તોય ગઇ. છેલ્લી વારે મોં જોવા ન મળ્યું!"

આવેગ શાંત પડતાંજ તે મોહનને લઇને ઊઠી. તેના અંતિમ સંસ્કાર કર્યા.

કેટલી નિરાધાર વિધવાઓની એવી દશા થતી હશે? હવે તેને જીવવાનું પ્રયોજન શું? તેના જીવનનો આધાર તો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી જો તેને જરા વહેલી રજા મળી હોત તો ?. પરંતુ એમ થાય, તો તો હિંદનું કરકસરને માટે પ્રખ્યાત બનેલું નામ ભુંસાઇ ન જાય ?

× × ×

તે એક નિર્જન ગલી હતી. સંધ્યાકાળનો સમય હતો. એક ચીંથરેહાલ ભિખારણ ત્યાં રખડી રહી હતી. કેટલાંક નાનાં બાળકો તેને ચીડવતાં તેની પાછળ ફરતાં હતાં.

તે પાગલની માફક વારે વારે હસતી હતી. મોં પર દુઃખ અને તિરસ્કારનાં ચિહ્નો જણાતાં હતાં. કોણ હતી એ ? જમના ! સમાજના સિતમોની વેદી પર બબ્બે સંબંધીઓનાં બલિદાન આપી ચૂકેલી, બાળક પાછળ દીવાની બનેલી જમના !

તે એક પથ્થર પર જઇ બેઠી ને બાળકો ડરથી નાસી ગયાં. જેમ જેમ તે બાળકોને બોલાવતી જાય, તેમ તેમ તેઓ દૂર હઠતાં જાય.

આખરે કંટાળીને તે ઊઠી, કૂવા તરફ વળી ને છેલ્લી વાર તેના મોહનને યાદ કર્યો. "મોહન, તું ગયો ? ભલે ગયો. આ આવી બેટા." ને એક ધબાકા સાથે તેની જીવનદોરી કપાઇ ગઇ.

આ રીતે મિલમાલિકોને માથે એક વધુ કલંક ચોટયું. પૈસા ગણવાની ધૂનમાં તલ્લીન રહેતા એ મિલમાલિકોને ખબર હશે કે, એ પૈસા પર આવાં કેટલાં કુટુંબોનાં, કેટલી વિધવાઓનાં, કેટલાં કુમળાં બાળકોનાં લોહી રેડાયાં છે ?

("શારદા" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३३–वशराम राजगर

(લેખકઃ–શ્રી. મોજગીર વ. ગોસ્વામી)

(૧)

"બાપુ કેમ વિચાર કરો છો?"

"હમણાં ચાડીકો આવીને કહી ગયો કે, ચિત્તળના ત્રીસેક વાળા કાઠીના જુવાનો લાઠી ઉપર ધસ્યા આવે છે. તેઓ સૂર્યાસ્ત સુધી વાંધાળી વાવે રોકાશે ને ગામના ધણ–ઢોર સાથે ગામમાં આવશે."

"તેમાં બાપુ આટલી બધી શી ચિંતા? મૂંઝવણથી મનુષ્યનું શરીર બગડે, બાપુ!"

"એ મૂંઝવણની તને બ્રાહ્મણને તે શી ખબર પડે? એ તો ખાંડાના ખેલ ખેલતો હોય તેજ જાણે. વાંજણીને વેણ્યની ખબર ન પડે."

"બાપુ ઇ બધું હાસું, પણ આ તમારા પહાયતા ને જમાદારોને કાંઇ પણ ઉપાધિ ન થાય અને હું એકલો એ જુવાનોને પાછા ભગાડું તો?"

"અરે એવું તે બને ખરૂં? ઇ કાઠી જુવાનો જોરાવર છે તો! કોઈ વાતે કારી ફાવે તેમ નથી."

"અરે બાપુ એમ ન બોલો, ચારે કોર કાઠી છે ને વચ્ચે લાઠી છે, તો તેમાં શે રહેવાય?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ બીજુ શું થાય?"

"તો આપો આજ્ઞા."

"અરે તું ભામણભાઈ શું કરે?"

"બાપુ! ભામણ પણ રાજગર. તો પછી હુંય કાચોપોચો રહ્યો તે શે રહેવાય?"

"ત્યારે શું તું સામો જઇશ? કેટલા યોદ્ધા લઈ જઇશ?"

"અરે બાપુ યોદ્ધાનું તે મારે શું કામ છે? એક મરણિયો સોને ભારે."

"શાબાશ!"

બાપુને મન એ કોયડો અણઉકલ્યો રહ્યો અને ધાર્યું કે રાજગર શું કરે છે તે જોવું તો ખરૂં અને આપણે તૈયારીમાં પણ રહેવું.

"ઠીક, જા, કર ફતેહ."

(૨)

"એલા કોણ ઇ?"

"અરે બાપુ! ઇ તો હું લાઠીનો રાજગર બ્રાહ્મણ."

"ક્યાં મૂવો'તો અત્યારે?"

"જરખીએ લોટ માગવા ગયો હતો બાપુ, હું ગરીબ માણસ, વળી બચરવાળ એટલે રોજ ત્રણ ગામ માગું ત્યારે પૂરૂં થાય છે."

"ઠીક, રસોઈ આવડે છે ને?"

"કેમ ન આવડે? એ તો અમારો ધંધો ગણાય."

"તો અમારા બધા માટે ખાખરા અને શાક રાંધી દે."

"ભલે બાપુ તેમાં શું? આજ જરા મોડો ઘેર જઇશ."

"હવે ચાલને પંચાત કરતો!"

"લો આ આવ્યો બાપા. ક્યાં રસોઇ કરવી છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જો આ વોકળામાં ભેખડ આડો રસોઇ કર. અમે બધા કસૂંબા લઇ જરા આંખનું ઝેર સારવા સૂઇએ છીએ. રાંધી લે ત્યારે જગાડજે."

"ભલે આપા, તમ તમારે નિરાંતે મીઠી નિંદર કરો."

કાઠી લોકો કસૂંબા લઇ ઘોડાના ઘાસિયા નાખી વોકળા પાસેના વડલા નીચે સૂતા. ઘોડા બધા આવળબાવળના ને વડલાના મૂળ સાથે બાંધ્યા હતા. રાજગર વોકળાની ભેખડ આડો રસોઈ કરવા બેઠો.

કાઠી લોકોએ ધારેલું કે, લાઠી માથે ધાડ પાડવી એ તો જીવન-મરણના ખાંડાના ખેલ ખેલવા જેવું છે, એટલે જમ્યા બાદજ લાઠી માથે ઊતરી પડવું.

(૩)

રસોઇ થઇ ગઇ. રાજગરે વોકળા બહાર નીકળી જોયું તો દરેકે દરેક કાઠી યોદ્ધો નિદ્રાદેવીની છાયામાં સુખ માણી રહ્યો હતો.

અફીણની નિદ્રા એટલે બસ. રાજગરે ધાર્યું કે, આવો મોકો ફરી નહિ મળે. હું ધાર્યા કરતાં વધારે સફળ થયો છું ને મારે ઘેનની દવા રસોઇમાં નાખવાની કાંઇ જરૂર જેવું જણાતું નથી. આમ વિચારી આરામથી વીસેક માણસની રસોઇ કરી પરવાર્યો ને બાકી વધ્યુંઘટ્યું પડી રહેવા દઇને કાઠી યુવાનો સૂતા હતા ત્યાં આવ્યો. પહેલાં તો બધા ઘોડાની સરકો કોકિયામાંથી છૂટી કરી. તે તો બુકારા કરતી આવેલ તેજ રસ્તે પાછી રવાના થઈ. પાછળ રહી માણસ્યા-વાળાની રોજડી ઘોડી.

હવે દરેકનાં હથિયાર વીણી, છૂટી તલવાર, બંદૂક, ઝંઝાળ વગેરે લઇ, માથેથી પનિયું ઉતારી ભારો બાંધ્યો ને પછી એક કાઠીયુવાન-નો પગનો અંગૂઠો ઝાલી જગાડ્યો ને કહ્યું કે, "વાવમાં કોગળા કરી જટ જમવા ચાલો, રસોઇ ઠરી જાય છે."

કાઠીઓ જાગ્યા ને એક પછી એક એમ હારબંધ વાવમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊતર્યા ને મંડ્યા કોગળા કરવા. તક મળતાં વસરામ રાજગરે હથિયારનો ભારો ઘોડી ઉપર નાખી લાઠીનો રસ્તો લીધો.

કોગળા કરી બધા યુવાનો વોકળા તરફ ગયા. ત્યાં જઇ જુએ ત્યાં તો રસોઇ વેરણછેરણ! એઠું જૂઠું પડ્યું હતું તે દીઠું.

"એલા ક્યાં ગયો રાજગર?" આમ કહી પાછા વળ્યા, ત્યાં તો ઘોડા પણ ચિત્તળને રસ્તે ભાગ્યા જતા જોયા. જ્યાં વાવ પાસે વડલા નીચે જુએ ત્યાં તો કોઇનાં હથિયાર પણ ન મળે.

"એલા ભાઇઓ! પેલો રાજગર તો દગો કરી આપણને છેતરીને મોંમાં ધૂળ ભરી ચાલ્યો ગયો."

નિરાશ થઈ કાઠી લોકો બોલ્યા. "ભાઈ ભાગો, ઘોડા ગયા, હથિયાર પણ ગયાં; હવે નાહ ભાગીએ તો હમણાં લાઠીની વાર આવશે, અને નખણા માર ખાશું. જીવતા હશું તો ફેર લાઠી ઉપર આવશું. આ વખતે તો શુકન સારા નો થયા." આમ કહી બધા કાઠી યુવાનો ઘોડાના સામાનને ત્યાંજ મૂકી ચિત્તળને રસ્તે ભાગ્યા.

(૪)

દૂરથી રાજગરને દેખી બાપુના અંગરખાની કસો તૂટવા લાગી.

"શાબાશ! વસરામ તેં તો લાઠીનું નાક રાખ્યું."

"અરે બાપુ! એ તો ગંગાજળિયા ગોહિલ ને ઠાકર મા'રાજનો પ્રતાપ, નહિ તો હું કોણ માત્ર?"

"નહિ, આવું નો'તું ધાર્યું કે તું આટલો લાભ મેળવીશ."

"બાપુ! એ બધું આપના પ્રતાપે. લો આ હથિયાર અને રોજડી ઘોડી!"

"પણ તેં આ પરાક્રમ કેવી રીતે કર્યું, હેં વશરામ?"

"ઇ લાજ તો ઠાકર મા'રાજે રાખી. ભગવાનને લાભ આપવો હોય ત્યાં વળી દુઃખ પડે ખરૂં?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ રાજગર! તેં તો ભારે કરી! ત્રીસ જુવાનજોધ કાઠી યુવાનોને હથિયાર વગરના ને ઘોડા વગરના કરી નસાડ્યા એવું પરાક્રમ તો તારા જેવો નરવીરજ કરી શકે! એ પરાક્રમ જોઇ મને આનંદ થાય છે કે, હજી મારા રાજ્યમાં આવા નરવીરો પાકે છે ખરા!"

"એ બધો પ્રતાપ આપનો અને કુળદેવી ચામુંડા પણ સહાય હોય ત્યારેજ આવું બને બાપુ!"

"એ બધું ખરૂં, પણ વશરામ, તેં આ બધું પરાક્રમ કેમ કરી કર્યું, તે તો કહી બતાવ!"

રાજગરે બનેલી બધી વાત માંડીને અથથી ઇતિ સુધી કહી બતાવી. દરબારે તેના પર પ્રસન્ન થઇ તેમને એક વાડી તથા ખેતર બક્ષિસ આપ્યાં, જે હજુ પણ તેના વારસદારો ખાય છે.*

("શારદા" માસિકના એક અંકમાંથી)

* લાઠીમાં અઢારમી સદીમાં આ પ્રસંગ બન્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪-લોહીથી લખાયેલા શબ્દ

(લેખકઃ-શ્રી. વિષ્ણુ વામન મરાઠે)

ખરૂં કહીએ, તો સદાનંદનું તે વખતે બ્રાહ્મણસમાજમાં વિશેષ માન ન હતું; ઊલટું, બ્રાહ્મણજાતિમાં તે જન્મેલો હોવા છતાં ઇતર જાતિઓ જોડે તે કુસ્તીઓ કરીને ઇનામો મેળવતો હોવાથી બ્રાહ્મણોને તે બિલકુલ પસંદ ન હતું. અભક્ષ્ય ભક્ષણ કરનારા મ્લેચ્છો અને તેનાં અંગો જોડે અંગ મેળવવાનું! કેટલું ખરાબ એ! ઘણા પુન્યથી બ્રાહ્મણજાતિમાં જન્મ મળ્યો, તો પરમેશ્વરની સેવા કરવી અને હરિનામનો જપ કરવો, એમાંજ આયુષ્યનું સાર્થક! બ્રાહ્મણોની સલાહનો સદાનંદ જવાબ આપતોઃ "હું હનુમાનનો ઉપાસક છું અને જીવીશ ત્યાંસુધી આવીજ રીતની સેવા કરીશ."

પોતાની કદર થતી નથી, ઊલટો ત્રાસ થાય છે, એવું જોઇને સદાનંદે ઉત્તર હિંદુસ્તાન તરફ પ્રયાણ કર્યું અને ત્યાં વસવાટ કરી સારા શિષ્ય તૈયાર કર્યા. ગુરુનું શરીર પાતળું હતું, પણ એટલું કસદાર બનેલું કે તેમનાં પટ્ટશિષ્ય પણ તેમની જોડે કુસ્તી કરતાં પાછા પડતા. સારામાં સારી કુસ્તી કરનારા ઉસ્તાદોને પણ ગુરુ પોતાનું પાતળું શરીર છતાં ચીત કરી મૂકતા.

× × ×

ગુરુની પાછળ તેમની જન્મભૂમિમાં તેઓ જે અખાડો ચલાવતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા, તે ફરી વધારે બળપૂર્વક ચલાવવાની તેમના પટ્ટશિષ્ય—યશવંતરાવ—ની ખાસ ઇચ્છા થઈ અને તે પોતાની જોડે ચૂંટી કાઢેલા પચીસ સોબતીઓ લઇને ગુરુના વતનમાં આવ્યા અને ત્યાંના લોકોને પોતાનો ઇરાદો જણાવ્યો.

લોકોને ખાતરી થઇ કે, આપણે જેને ક્ષુલ્લક ગણુતા હતા, તે સદાનંદે ઉત્તર હિંદુસ્તાનમાં જઇને સારી નામના મેળવેલી છે, ત્યારે બધાંને તેમને માટે બહુ માન થયું અને યશવંતરાવને આશ્વાસન આપી ગુરુના સ્મરણાર્થે સારી રકમ એકઠી કરી આપવા જણાવ્યું.

ગુરુની પુણ્યતિથિ પાસે આવતી હતી. તે દિવસે મોટો ઉત્સવ કરવો અને ગુરુની છબી પાલખીમાં પધરાવી ગામમાં ફેરવવી તથા તેના સ્મરણાર્થે એકઠી કરવાની રકમનો શો ઉપયોગ કરવો, તે પણ તે વખતે ઠરાવવું, એવો યશવંતરાવે તે ઉપરથી ઠરાવ કર્યો.

× × ×

જૂનો અખાડો આજે રંગરોગાન કરીને ખૂબ સુશોભિત કરવામાં આવ્યો હતો. ઠેકાણે ઠેકાણે ઉત્તમ ઘાટદાર શરીરના પહેલવાનોના ફોટાઓ વ્યવસ્થિત રીતે ગોઠવેલા હતા. બરાબર મધ્યભાગે મારુતિરાયનો સુંદર ફોટો રાખેલો હતો અને તેની પાસેજ સદાનંદનો મોટો ફોટો......

અહાહા ! કેવું ઘાટદાર શરીર. લીંબુ સુધ્ધાં તેના પર સ્થિર રહી શકે નહિ ! અને આંખમાં તેજ એટલું કે ધારે તો આખી પૃથ્વીને ક્ષણાર્ધમાં જીતી લે !

ગામનાં બધાં માણસો અખાડામાં હાજર થયાં અને યશવંતરાવે એ જૂના અખાડાની પુનર્ઘટના કરવાની કલ્પના બધાંની સમક્ષ મૂકી. તેણે જાહેર કર્યું કે, પોતે આજન્મ તે અખાડાની સેવામાં જોડાઇ રહેશે. ગુરુએ કરેલી ઉત્તર હિંદુસ્તાનની કામગીરી પણ તેણે ટૂંકામાં સૌને વિદિત કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જો ગુરુના સ્મરણાર્થે કંઇ પણ કરવાનું ન હોય, તો માત્ર તે છબીની સવારસાંજ આરતી કરવાનો કંઇજ અર્થ નથી. તેનું કાર્ય–તેના જીવનનો હેતુ પાર પડશે એજ તેની ખરી પૂજા છે; અને એવીજ પૂજાથી તેના આત્માને સંતોષ થશે અને તેમનું ખરૂં સ્મરણ અમર રહેશે."

એવામાં જૂના મતના બ્રાહ્મણે જણાવ્યું: "ગુરુની સેવા બહુ કરવી છે, તો તેમના નામથી અભિષેક કરનાર બ્રાહ્મણની એકાદ ગોઠવણ કરીએ અને બ્રહ્મભોજન પણ પ્રતિવર્ષ કરાવીએ."

એક દૂબળો પણ અપટુડેટ કોલેજિયન બોલી ઊઠ્યો: "મારા મત પ્રમાણે અખાડાને હવે બહુ મહત્ત્વ આપવાનું કંઈ કારણ નથી. હવે આપણે ક્યાં લડાઇઓ લડવા જવું છે? તલવાર અને ભાલાનો હવે આપણે શો ઉપયોગ છે? ગુરુના નામથી એક મફત વાચનલય શરૂ કરો અને સૌને જ્ઞાનામૃતનો લાભ સહેજે મળે તેમ કરો એટલે બસ."

વળી કોઇએ ધીમે ધીમે કહ્યું: "ગુરુએ આ બાબતમાં આટલો બધો વખત ગુમાવ્યો તેના કરતાં તેટલો વખત જો દેવસેવામાં વિતાવ્યો હોત તો તેને બ્રહ્મજ્ઞાનજ થઈ ગયું હોત."

ગુરુના ફોટા ઉપર ચડાવેલાં સુંદર ગુલાબનાં ફૂલો પવનથી ખરી પડ્યાં. કેટલોક વખત આમ વાદવિવાદ ચાલ્યો, પણ કંઇ નિરાકરણ થયું નહિ, અને ગુરુના સ્મરણાર્થે શું કરવું તે ચોક્કસ થયું નહિ.

પાસેના ટાવરમાં પાંચ વાગ્યા અને બધાં માણસો પાલખીની સાથે વરઘોડાના રૂપમાં બહાર નીકળ્યાં.

× × ×

વરઘોડાના આગળના ભાગમાં કોઈ પટાના દાવ કરતા હતા, કોઇ મારુતિરાયનાં ભજન બોલતા હતા, કોઈ ઝાંઝ બજાવતા, તો કોઇ તંબૂરાના મધુર ધ્વનિથી તેમાં સાથ આપતા હતા. યશવંતરાવ પાલખીની પાસે પાસે ચાલતા હતા અને તેમના પચીસ જોડી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દારો હાથમાં લાઠીઓ રાખીને એકંદર વ્યવસ્થા સંભાળતા હતા. એવામાં જુમામસ્જિદ નજીક આવી એટલે બધાં વાજિંત્રો બંધ પડયાં અને વરઘોડો શાંતિથી આગળ વધવા માંડયો. માત્ર લોકોના ચાલવાનો અવાજ આવતો હતો, કોઇ બોલતું પણ ન હતું.

એકાએક જુમામસ્જિદનો દરવાજો વીજળીની ઝડપે ઊઘડયો અને અંદરથી પંદરવીસ મુસલમાન ગુંડાઓ હાથમાં લાઠી લઇને "દીન દીન" કરતા વરઘોડાની સામે આવી લાગ્યા. યશવંતરાવને એવો શક હતો કે, કદાચ આવો વિષમ પ્રસંગ આવી પડશે; કેમકે ગુરુના હાથથી માર ખાધેલા કેટલાક મુસલમાન ગુંડાઓ આવી તકની રાહજ જોઇ રહ્યા હતા. વરઘોડાની સાથેનાં માણસો તો ઘણાંખરાં ઝાંઝ, તંબૂરા વગેરે મૂકીને એકદમ નાસી છૂટયાં.

એટલામાં એક કર્કશ અને તીવ્ર ચીસ સંભળાઇ અને યશવંતરાવના પચીસે લાઠી-બહાદુરોએ નિમિષમાત્રમાં પાલખીને સાંકળ કરી દીધી. યશવંતરાવ પણ પોતાની લાઠી આગળ કરીને ઊભા રહ્યા. ધસી આવનાર ગુંડાઓ અચાનક આ તૈયારી જોતાંજ ગભરાયા. તેમને સ્વપ્નામાં પણ કલ્પના નહોતી કે, બીકણ હિંદુઓ આ રીતનો સામનો કરશે, છતાં તેઓ પાલખી તરફ બેધડકપણે ચાલવા લાગ્યા; પણ તેમની એ ચાલ તેમનેજ ભારે પડી. યશવંતરાવની કસાયલી સેના સામે તેઓ આગળ વધી શકે એમ હતુંજ નહિ. અર્થાત્ તેમાંના ઘણા આ બહાદુર સેનાની લાઠીના ભોગ થઇ પડ્યા.

આ લડાઇમાં યશવંતરાવને પોતાને છરાના ઘા સારી રીતે થયા. ત્રણ-ચાર ઘા મોઢા ઉપર અને એકાદ ભારે ઘા હાથ ઉપર થયો. છેવટે ગુંડાઓને નાસી જવું પડયું. થોડા બહાદુરો તેની પૂઠે પણ પડ્યા અને બે-ચારને સારી રીતે ઝાપટયા.

પછી વરઘોડો આગળ ચાલ્યો. ઝાંઝ, તંબૂરો વગેરે હવે કાંઇ વાગતું ન હતું, માત્ર વિજયી લશ્કર કવાયતી ઢબે ચાલતું હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ આ બહાદુરો કવાયતી ઢબથી આગળ વધતા હતા.

× × × ×

યશવંતરાવને લીધે પાલખીને કંઇ ઇજા ન થતાં ઊલટી મુસલમાન ગુંડાઓ ઉપર હિંદુઓની બહાદુરીની છાપ પડી એટલે લોકોએ તેમનું સન્માન કરવાનું ઠરાવ્યું. ઘણાએ તેમાં સારાં ભાષણો કર્યાં. છેવટે યશવંતરાવ બોલવા ઊઠ્યા. મોઢાના જખમો ઉપર પાટા બાંધેલા, એટલે તેમનાથી બરાબર બોલાતું પણ ન હતું, તોપણ તેમણે ભાગ્યા-તૂટ્યા શબ્દોમાં કહ્યું: "મને ખરેખરું માન આપવું હોય તો પ્રત્યેક જણે મારા અખાડાનો લાભ લેવાની પ્રતિજ્ઞા લેવી. શરીરમાં તાકાત..." તેમના મોઢામાંથી બરાબર શબ્દો નીકળતા ન હતા, પણ તેમને ઘણું બોલવાનું હતું એમ સમજાતું હતું.

થોડો વખત રહીને તેમણે હાથનો પાટો છોડવા માંડ્યો, એટલામાં ડૉકટરે દોડતા આવીને કહ્યું: "પાટો છોડશો નહિ, અંદરથી લોહી નીકળશે." પણ યશવંતરાવે તેને નિશાની કરી બાજુ પર બેસવા જણાવ્યું અને પોતે ગુરુના ખુલ્લા ફોટા પાસે આવ્યા. તેમણે હાથનો પાટો છોડી નાખ્યો અને અંદરથી લોહી વહેવા માંડ્યું. પોતાની આંગળી એ લોહીમાં બોળીને એ ફોટા નીચેની ખાલી જગામાં તેમણે લખવા માંડ્યું! બધા આશ્ચર્યચકિત થઈ ગયા. પાસેજ આવી બેઠેલા ડૉકટરે મોટા અવાજે તે લખેલું વાંચી સંભળાવ્યું:—

बलं यस्य जगत् तस्य।

બેઠેલામાંથી બધા એક પછી એક ઊઠીને વાંચવા લાગ્યા:—

बलं यस्य जगत् तस्य।

બીજા કશા શબ્દો ત્યારબાદ ત્યાં સંભળાયાજ નહિ. જે તે એજ શબ્દો વાંચવા લાગ્યા અને બોલ્યા કે:—

बलं यस्य जगत् तस्य।

("વ્યાયામ" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫-આવરણના થર

(લેખકઃ-શ્રી. અરવિંદ)

કોણ જાણે કેમ, પણ મારી એક ટેવ છે કે, જ્યારે કોઇ પણ ગામે હું જાઉં છું, ત્યારે પહેલવહેલી એક ખાસ પૂછપરછ જેને ત્યાં જાઉં તેની સાથે કરૂં છું, અને તે એ કે, "ગામમાં કોઇ પુસ્તકાલય કે વાચનાલય છે કે નહિ?" નકારાત્મક શબ્દ સાંભળતાંજ મને નિરાશા ઉપજે છે, જ્યારે હકારાત્મક સાંભળતાં મારૂં મન પ્રફુલ્લ બને છે અને પછી બપોર પછીના સમયે હું એ પુસ્તકાલય વા વાચનાલયમાં અવશ્ય જાઉં છું અને ત્યાંની વ્યવસ્થા વગેરે બાબતો વિષે હું ત્યાંના ગ્રંથપાલને પૂછપરછ કરૂં છું.

× × ×

એક વખતે મારી તબિયત ખૂબ લથડી જતાં મારે......ગામ હવાફેર માટે જવાનું થયું. આમેય તબિયત તો સારી નહોતી, છતાં મારી હમેશની ટેવે મુજબ જેને ત્યાં હું હવાફેર માટે જનાર હતો, તેને પુછાવ્યું કરાવી કે, "તમારા ગામમાં પુસ્તકાલય વા વાચનાલય છે કે નહિ? ન હોય તો હું મારૂં ભાથું સાથે લેતો આવું!" મને હકારાત્મક ઉત્તર મળ્યો. ત્યાં જવાનો મારો આશય આરામ લઇ તબિયત સુધારવાનો હતો, છતાં કોઇ વ્યસનીને પોતાના વ્યસન વિના ચેન પડે નહિ, તેમ મને પણ વાચન વિના ચેન પડતું નહોતું. પહેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસ તો મેં વાચન વિનાજ—ના ના-ટ્રેનમાં મેં ખરીદેલાં વર્તમાનપત્રોથી ચલાવ્યું. બીજે દિવસે સવારે પુસ્તકાલયમાં જવા નીકળ્યો.

× × ×

ગામડાના રસ્તા ધૂળવાળા તો હોય છે, છતાં કેટલેક સ્થળે ગામલોકોની ચીવટથી સફાઈ સારી હોય છે; જ્યારે કેટલાક એવા પણ હોય છે કે તે રસ્તેથી પસાર થવું પણ ન પાલવે. મને આવોજ કંઇક અનુભવ આ પુસ્તકાલયમાં જતાં થયો.

ગામના પાદરે પુસ્તકાલયના કંપાઉંડ આગળ આવી પહોંચ્યો અને ત્યાં જોયું તો ચોમેર લૂગડાંનાં ચીંથરાં વેરાયેલાં પડ્યાં હતાં. આસપાસ નળિયાંના ટુકડા અને ઇંટોના ઢેખાળા ખડકાયેલા હતા. વળી જાણે ગામના લોકોને કચરો નાખવાની આ નધણિયાતી જગ્યા હોય તેમ, કંપાઉંડની એક બાજુએ કંઈ કાચના ટુકડા, લોઢાનાં ભાંગલાં હથિયારોની રેખો, તેમજ એવીજ ગંદકી પથરાયેલી હતી. વળી કંપાઉંડના દરવાજા પણ બંધ કર્યા વિનાના જેમતેમ નીકળી ગયેલા નકૂચાવાળા પડ્યા હતા, જ્યારે અંદર પુસ્તકાલયના મકાનને તાળું વાસેલું હતું. તે જોતાંજ મને ખ્યાલ આવ્યો કે, અત્યારે તો નિશાળના શિક્ષક-ગ્રંથપાલ-શાળામાં હશે. હું પાછો ફર્યો. વળી સાંજે તે તરફ ગયો. જોયું તો મકાન ખુલ્લું હતું; ઓટલા પર ચડતાં પગથિયાં પર એકએક ઈંચ ધૂળનો થર પથરાયલો દીઠો અને ભીંતોનો રંગ પણ આ ધૂળના થરને લીધે ઓળખાતો નહોતો.

આમ છતાં આ બધું મનમાં રાખી હું અંદર ગયો. મને જોતાંજ (હું ધારૂં છું કે, એ ગ્રંથપાલ હશે) ત્યાં બેઠેલ એક વ્યક્તિએ ઉભા થઇ મને આવકાર આપ્યો. પરંતુ મારૂં મન જાણે એ આવકારની અવગણના કરવાનું સૂચવતું હતું અને તેથી હું ત્યાં ઉભોજ થઇ રહ્યો. મેં આમતેમ નજર ફેરવવા માંડી અને જોયું તો મને એ પુસ્તકાલયનું આખું દૃશ્ય ઘૃણાજનક લાગ્યું. જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃશ્ય મેં મકાનની ભીંત પર જોયું હતું, તેજ દૃશ્ય અંદરનાં કબાટોનું પણ હતું. અને એ કબાટો પર પડેલાં વર્તમાનપત્રોના થોકડા ધળના થરમાં એવા ઢંકાઇ ગયેલા હતા કે ધૂળ નીચે એ વર્તમાનપત્રોનું અસ્તિત્વ સહજ નજરે જોનારને જણાયજ નહિ. વળી બેત્રણ કબાટો પર ઉધઇદેવી એનું જોર જમાવવા પ્રયત્ન કરી રહી હતી, તેમજ જુદાજુદા ખૂણા પર પુસ્તકોના થોડાક થર ખડકેલા પડ્યા હતા. એજ પ્રમાણે મને આવકાર આપનાર ગૃહસ્થ જે જમીન પર બેઠા હતા, તે જમીન પણ એટલીજ ધૂળવાળી હતી.

× × ×

આ બધું જોતાં મારાથી રહેવાયું નહિ; એ ગૃહસ્થને મેં પૂછ્યું: "મહાશય! આપ કોણ છો?"

"આ પુસ્તકાલયનો ગ્રંથપાલ."

"શું ગ્રંથપાલ?"

"હા! કેમ આશ્ચર્ય પામો છો?

"અરે ભલા માણસ! ગ્રંથપાલ કહેવડાવવા છતાં તમે સાચા ગ્રંથપાલ નથી લાગતા; તમે તો ગ્રંથઘાતક જણાઓ છો! આ પુસ્તકાલયનો બહારનો દેખાવ જોતાંજ મને તો સૂગ આવેલી, છતાં અંદર આવ્યો અને જોઉં છું તો અહીં પણ એમજ છે." મારાથી ઉઘાડા શબ્દોમાંજ કહેવાઈ ગયું.

"એ તો સાહેબ! પરમદિવસે વાવાઝોડું થયેલું તેની આ બધી ધૂળ પથરાયેલી છે." ગ્રંથપાલે બચાવ કર્યો.

"તે તમે દરરોજ આ પુસ્તકાલય ખોલો છો?"

"નાજી, કોઇ પુસ્તક લેવા આવે ત્યારે. આજે આપ આવવાના છો એમ ખબર મળવાથી ખોલ્યું છે. કહો, આપને કયું પુસ્તક જોઇએ છે?" મને ખુશ કરવા ઇચ્છતા ગ્રંથપાલે પૂછ્યું.

"જીવનશોધન." મેં પુસ્તકનું માત્ર નામજ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રંથપાલે એ પુસ્તકનો ક્રમાંક શોધી કાઢ્યો. જે કબાટમાં એ હોવું જોઇએ તેમાં તપાસ કરી, પણ તે કબાટમાં એ પુસ્તક નહોતું. ઇસ્યુબુકમાં જોયું તો કોઇને અપાયેલું હોય તેવી નોંધ પણ નહોતી, એટલે એમણે બધાં કબાટ જોઈ કાઢ્યાં, ખૂણેખાચરે પડેલાં પુસ્તકોના ઢગલા ઉથામી જોયા, પણ એકેયમાંથી તે પુસ્તક હાથ લાગ્યું નહિ. છેલ્લે એક ખૂણામાં થોડાંક પુસ્તકોનો ખડકલો પડ્યો હતો તે ફેંદી જોયો, તો તેમાંથી એ મળી આવ્યું. એમણે મને એ પુસ્તક આપ્યું. હું તેના પર વળગેલી ધૂળ ખંખેરતો હતો ત્યાં અચાનક મને ઉધરસ આવી અને એ કામ એ ગ્રંથપાલે પાર પાડ્યું. ઇસ્યુબુકમાં પુસ્તક નોંધાવી, ગ્રંથપાલની રજા લઇ, હું મારા ઉતારે ગયો.

× × ×

જે દેશમાં પુસ્તકો જીવના જોખમે સચવાતાં હતાં, જ્યાં પુસ્તકને પગ પણ અડકે તો પાપ મનાતું, ત્યાં પુસ્તકોની આ દશા નિહાળી મને ખૂબજ અફસોસ થયો !

જેમ માંદા રહેતા આ મારા શરીરમાં–મારો આત્મા રહેવા ના પાડતો હતો તેમ મને થયું કે, આ પુસ્તકો પણ આ પુસ્તકાલયમાં રહેવા નાજ પાડતાં હશે. આ ધૂળના થરરૂપી રોગમાં સપડાયેલાં બિચારાં પુસ્તકોને જો વાચા હોત. તો આ ગ્રંથપાલને શું કહેતાં હોત? તેઓ તેને શા શા આશીર્વાદ (!) આપતાં હોત ? પરંતુ હું તો મારા આત્માને રહેવા લાયક મારૂં શરીર બનાવવા મથતો હતો, જ્યારે આ ગ્રંથપાલ પુસ્તકોના શરીરરૂપી પુસ્તકાલયના આ રોગને દૂર કરવાનું ધ્યાનમાં ન લેતાં તેને વધવાજ દેતા હતા.

આ સ્થિતિમાં આ પુસ્તકાલયરૂપી શરીરમાં રહેનાર તેનાં આત્મારૂપી પુસ્તકો કેટલો વખત સુસ્થિતિમાં ટકી શકે વારૂ ?

આપણે ત્યાં આવા ગ્રંથપાલ મિત્રો કેટલા હશે?

(જુન–૧૯૩૯ના "પુસ્તકાલય" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

७३६–दगाबाजी

(લેખકઃ–શ્રી. ફૂલચંદ ઝવેરદાસ શાહ)

દાનત જેવી હોય છે, બરકત એવી જણાય;
દગો આખરે કોઇનો, સગો કંઇ નવ થાય.

આ દુનિયામાં ઘણાં મનુષ્યો પોતાના સ્વાર્થને માટે દગલબાજી કરે છે; પરંતુ આખરે દગો કોઇનો સગો થતો નથી.

એક વખત કોઇ બાઇ, પોતાના નાના બાળકને સાથે લઇ આણંદથી બોરસદ તરફ જતી હતી.

બોરસદ રેલવેનું સ્ટેશન નહિ હોવાથી, તેણે વાસદની ટિકિટ લીધી અને રેલગાડીમાં બેસીને વાસદના સ્ટેશને આવી પહોંચી.

તે સમયમાં વાસદ અને બોરસદની વચ્ચે મોટરો દોડતી નહોતી તેમજ ઘોડાગાડીઓ પણ મળતી નહોતી; માત્ર બળદના એક્કા કે ડમણિયાંજ ભાડે ફરતાં અને તેમાં બેસીને લોકો આવતાજતા.

આ બાઈ બિચારી એકલી પોતાના બાળકને કેડે બેસાડીને આમતેમ ફરતી અને લૂગડાંનું પોટલું માથે મૂકીને ત્યાંથી બોરસદ જવા માટે ભાડાની ગાડીની શોધ કરતી હતી, એવામાં સ્ટેશનથી થોડે દૂર, બળદની બે ગાડીઓ ઊભી રહેલી તેના જોવામાં આવી.

એમાંની એક તો બોરસદના કોઇ શાહુકારની હતી. તેમાં અના-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જના કોથળા તથા ઘીના ડબ્બા વગેરે ભરેલું હતું અને બીજું ડમણિયું ખાલી હતું; એટલે તે બાઈ ડમણિયાવાળા સાથે ભાડું ઠરાવીને તેમાં બેઠી.

થોડી વાર પછી શાહુકારની ગાડી તો ત્યાંથી ઊપડી ગઇ, પરંતુ બીજા ભાડૂતની આશાએ ડમણિયાવાળો ત્યાં રોકાયો.

ભોગજોગે તે દિવસે આ બાઈ સિવાય બીજું કોઈ બોરસદ જનાર ન મળ્યું; એટલે આખરે નમતા પહોરે તેણે પોતાનું ડમણિયું હાંક્યું.

બાઇ દેખાવમાં જરા રૂપાળી હતી અને શરીર ઉપર થોડાં-ઘણાં ઘરેણાં પણ હતાં, એટલે ગાડીવાનની દાનત બગડી.

"લાગ મળે તો રસ્તામાંજ ઘાટ ઘડી નાખવો" એવું મનથી વિચારતો, તે એકાદ ગાઉ સુધી તો સીધે ચીલે હાંકતો રહ્યો; પરંતુ જ્યાં સમીસાંજ થવા આવી, એટલે તેણે ચીલો બદલ્યો અને એક સાંકડી નાળ તરફ બળદને વાળી દીધા. આથી પેલી બાઈ ગાડી-વાનને પૂછવા લાગી કે, "ભાઇ! આમ ક્યાં લઇ જાઓ છો?"

ગાડીવાને દાંતકું મોં રાખીને જવાબ દીધો કે, "પેલા ખેતર-માંથી એક પોટલી લઇ જવાની છે."

બાઇ અધીરાઇથી બોલી ઊઠી કે, "આમ રસ્તામાં ક્યાંસુધી ખોટી થઇશું?"

ગાડીવાને ઠંડે પેટે જણાવ્યું કે, "એમાં શી વાર લાગવાની છે? પોટલી લઇને હમણાં પહોંચી જઇશું."

આવું સાંભળી ભલી બાઇ શાંત થઇને બેસી રહી અને ભૂંડા ભાઇએ બળદને સપાટાબંધ નાળમાં હાંકી મૂક્યા.

જીભે ડચકારા બોલાવતો અને વારંવાર બળદનાં પૂછડાં આમળ-તો નિર્દય ગાડીવાન તે બાઇને લઇને એક નિર્જન પ્રદેશમાં આવી પહોંચ્યો એટલે તેણે ત્યાં ગાડી ઊભી રાખી ને કહેવા લાગ્યો: "તારું પોટલું મને સોંપી દે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાઇએ પૂછ્યું: "કેમ?"

ગાડીવાન બોલ્યો: "અહીં ભો છે."

બાઇ કહે: "ત્યારે તું અહીં લાવ્યો શું કરવા?"

ગાડીવાને નફ્ફટ થઇને જણાવ્યું: "લૂંટવા!"

બાઇ વીલું મોં કરી બોલી: "ભાઈ! શું તુંજ મને લૂંટીશ? તુંજ મને દગો દઈશ?"

"હા હા! હવે છાનીમાની પોટલું આપી દે, નહિ તો જોયું છે આ?" એમ કહી ગઠડીચોર ગાડીવાને, ગાડી તળે સંતાડેલું ધારિયું બહાર કાઢીને બાઇને બતાવ્યું. બાઇ બિચારી એકલી અને રાત પડી ચૂકેલી, એટલે ભયની મારી થરથર કંપવા લાગી.

ત્યાં આસપાસ નજર કરતાં કોઈ વહારે ચઢનાર નહોતું કે બૂમ પાડે તો કોઇ સાંભળનાર પણ ન હતું, એટલે પેલા દગલબાજે બાઈના હાથમાંથી પોટલું ઝૂંટવી લીધું અને પછી ડોળા કાઢીને "ચાલ ચાલ, ઝટપટ તારા શરીર ઉપરનાં ઘરેણાં ઉતારી આપ" એમ બેધડક કહી દીધું.

બાઇએ લાચાર થઇને હાથની ચૂડીઓ સિવાય, બાકીનાં તમામ ઘરેણાં ઉતારી આપ્યાં.

પેલા નરપિશાચને એટલાથી સંતોષ ન થયો. "હજી લૂગડામાં કંઇક સંતાડયું હશે, માટે તારાં કપડાં કાઢ," એમ કહેતો બાઇની લાજ લૂંટવા તૈયાર થયો.

આર્યમહિલાએ પોતાનું સ્થૂળ ધન તો લૂંટાવા દીધું, પરંતુ પોતાનું પ્રાણથી પણ વધારે વહાલું એવું શિયળ-ધન લૂંટાવાનો સમય આવ્યો, ત્યારે તો તે એક સિંહણની માફક ગર્જી રહી અને પોતાના બાળકની પણ દરકાર રાખ્યા વિના કાછડો વાળીને એકદમ સામી થઇ.

પેલો જુલમગાર પણ હવે વધારે જુલમી બન્યો અને બાઇનું ખૂન કરવા માટે તેણે પોતાના હાથમાંનું ધારિયું જોરથી વીંઝયું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ ઝટકો વાગતા પહેલાંજ વીરાંગના ડમણિયામાંથી કૂદીને નીચે પડી.

ઘાતકી નરપિશાચનો ઘા ખાલી ગયો. ધારિયું ગાડીના પૈડાની સાથે અથડાઇને તૂટી ગયું અને તેનું લોખંડી પાનું છૂટું થઇને પાસેની વાડમાં પડયું.

અત્યાચારી ઉતાવળો ઉતાવળો વાડ પાસે ગયો અને પાનું લેવા માટે જેવો વાડમાં હાથ ઘાલે છે કે તરતજ ત્યાં ભરાઇ રહેલા કાળરૂપ ભુજંગે લાગલોજ દંશ દઈ દીધો.

"અરર ઓ !" કહેતો દગલબાજ તમ્મર ખાઇને નીચે પડ્યો. અનાથનો નાથ પ્રભુ આ રીતે વીરાંગનાની વહારે ચઢ્યો !

અધર્મી ધરતી ઉપર ધૂળ ચાટતો થયો. સતીનો ધર્મ સચવાઇ રહ્યો. વાઘના પંજામાંથી છૂટેલી હરણીની પેઠે બાઇનું ધડકતું હૈયું શાંત થયું. ડમણિયામાં એકલા પડેલા નિર્દોષ બાળકના મુખ ઉપર પણ દિવ્ય હાસ્ય ઝળકી રહ્યું.

બાઇએ હિંમત રાખી, પોતાની લૂંટાયલી તમામ ચીજો એકઠી કરી, પોટલામાં બાંધી લીધી અને પછી ડમણિયામાં બેસીને બળદની રાશ હાથમાં લીધી.

જે નાળમાં થઇને બળદ આવ્યા હતા, તેજ નાળને રસ્તે બળદને પાછા વાળી મૂળ ચીલે ચડાવી દીધા, એટલે રોજના ટેવાયલા બળદ ઉતાવળા, પોતાની મેળેજ બોરસદની ભાગોળે આવીને ઊભા રહ્યા.

ઈશ્વરનો ઉપકાર માનતી તે બાઇ, પોતાના બાળકને લઇને ત્યાંજ ઊતરી પડી અને પોટલું માથે મૂકીને પોતાને ઘેર સહીસલામત પહોંચી ગઇ.

પછી ડમણિયું ક્યાં ગયું, તે ધણી વગરના ધોરી જાણે !
અને દગલબાજના દેહનું શું થયું, તે સીમનાં શિયાળ જાણે !

("ગુજરાતી પંચ" ના દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૭-ઝુંઝાર કાકા

(લેખકઃ–શ્રી. શિવુભાઇ ત્રિવેદી)

ગામમાં એક ચોર રહે. ઝુંઝાર એનું નામ. નામચીન ચોર. ધારે ત્યાં ચોરી કરે. ચોકીપહેરા હોય, તોપણ આબાદ રીતે ચોરી કરે. પૈસાદારોને ઝુંઝારની ભારે બીક. ઝુંઝારનો દેખાવ પણ બિહામણો હતો. રડતાં છોકરાં એનું નામ સાંભળી રડવાનું બંધ કરે. લોકો એને 'ઝુંઝારકાકા' કહી બોલાવે.

ઝુંઝારની પાડોશમાં એક વાણિયો રહે. આ વાણિયાને ઝુંઝારની બીક ન હતી, એ તો નિરાંતે ઊંઘે. ઝુંઝાર પાડોશીની શરમ તો રાખે ને!

એક વાર ઝુંઝારની વહુ વાણિયાને ત્યાં ઉછીનો લોટ લેવા ગઇ. વાણિયણ દર વખતે આને ખૂટતી ચીજ આપે, પણ આ વખતે ના પાડી. વાણિયાએ આ વાત જાણી. તે દુઃખી થઇ વાણિયણને કહેવા લાગ્યોઃ "વેર રાખી ઝુંઝાર આપણે ત્યાં ચોરી કરશે, માટે આપણે સાવધ રહેવું જોઇએ."

આમ વિચારી અગમચેતી વાણિયાએ પોતાની સર્વ માલમિલકત સુસ્થળે દાટી દીધી.

પછી વાઘરી પાસે મોટો વીંછી મંગાવી રાખ્યો. વીંછીને ઘરેણાંના ડાબલામાં પૂરી દીધો. વાણિયો ઘરેણાંનો ડાબલો ખાટલા નીચે મૂકી રોજ સૂવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક રાતે ઝુંઝાર ચોરી કરવા વાણિયાના ઘરમાં પેઠો. વાણિયો તો જાગતોજ હતો. તે ધીમેથી વાણિયણને પૂછવા લાગ્યો: "જાગે છે કે? ઘરેણાંનો ડાબલો બરાબર મૂક્યો છે ને?" વાણિયણ કહે: "ડાબલો તમારા ખાટલા નીચે છે. તમે નિરાંતે ઊંઘો."

ઝુંઝાર ઘરમાં બધે ફરી વળ્યો; કશુંયે હાથ ન આવ્યું. તેણે વાણિયા–વાણિયણની વાત સાંભળી હતી, તેથી તે વાણિયાના ખાટલા પાસે ગયો.

ઘરેણાંનો ડાબલો ઉઘાડી ઝવેરાત લેવા ઝુંઝારે અંદર હાથ નાખ્યો, પણ એ મારા બાપલા! અરરરર! જાણે કે દેવતામાં હાથ પડ્યો! વીંછીભાઇ ચટક્યા. વેદનાનો તો પાર નથી, પણ બૂમ કેમ પડાય? દાંત કચકચાવી, હાથમાં હાથ પકડી, ઝુંઝાર ઘરની બહાર નીકળી ગયો.

ઝુંઝાર ચોરી કરવા બીજી વખત આવશે, એવી વાણિયાને પાકી ખાતરી હતી; તેથી તે રાત્રે જાગતોજ રહેતો.

પંદરેક દિવસ વીત્યા. ઝુંઝાર વાણિયાને ત્યાં ચોરી કરવા આવ્યો.

બારણું બંધ હતું. અંદરથી ભૂંગળ હતી. ઝુંઝાર બારણાની ફાડમાં આંગળીઓ નાખી ધીમે ધીમે ભૂંગળ ખસેડવા લાગ્યો.

વાણિયાએ જાણ્યું કે, ઝુંઝારની સવારી આવી પહોંચી છે. હળવો રહેતો ને તે ઊઠ્યો. હાથમાં ધારદાર છરો લીધો ને તે બારણા પાછળ જઇ ઊભો. તક જોઇ ઝુંઝારનાં આંગળાં પકડ્યાં ને ચપ દઇને તેના ઉપર છરો ફેરવી દીધો. ઝુંઝારની ત્રણ આંગળીઓ કપાઇ ગઈ.

ઝુંઝારે જોરથી હાથ ખેંચી લીધો. તેના દરદનો પાર નથી. લોહી તો દડદડ વહેવા લાગ્યું. આંગળીઓ પર કપડું વીંટાળી તે ત્યાંથી દોડી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજુ વાણિયાને ઝુંઝારની ચોરીની બીક તો હતીજ, તેથી એણે આબાદ યુક્તિ શોધી કાઢી.

વાણિયાના ઘરના વાડામાં કૂઇ હતી. કૂઈની ઉપર લીમડાની ડાળ લટકે. ડાળ પર મધપૂડો બાઝેલો. વાણિયો મધપૂડા પર રાતના કપડું વીંટાળે. વહેલી સવારના કપડું લઈ લે.

દસબાર દિવસ વીત્યા. વળી પાછાં ઝુંઝારનાં પગલાં વાણિયાના ઘરમાં સંભળાયાં. વાણિયણ કહે: "તમે ઊંઘો છો શું? વાડામાં જઇને તપાસ કરોને? લીમડાની ડાળે માલ બાંધી આવ્યા છો, તેની ચોકી તો કરો."

વાણિયે કહ્યું: "જાય મારી બલારાત. મને તો ઊંઘ આવે છે."

ઝુંઝારે આ વાત સાંભળી. તે વાડામાં ગયો અને ડાળ ઉપરથી પોટકું છોડી લેવા લીમડા ઉપર ચડ્યો.

ઝુંઝારે બે હાથે પોટકાને બાથ ભીડી; પણ વોય બાપલા! ગણ ગણ કરતી માંખો જાગી ઊઠી ને ઝુંઝારને વળગી પડી. ઝુંઝાર તો ગભરાઇ ગયો. આમતેમ કૂદવા લાગ્યો. કૂદતાં તેનો પગ લપસ્યો ને પડ્યો જઈ કૂઈમાં. પાણીમાં મોટો ધબાકો થયો. આ સાંભળી વાણિયો કહે: "હાશ, બલા ટળી."

સવાર થતાં વાણિયો કૂઈ પાસે ગયો અને કહેવા લાગ્યો: "ઝુંઝારકાકા, તમે છો કે? બહુ વાગ્યું તો નથીને?"

ઝુંઝાર કહે: "ભઇલા, મને બહાર કાઢ; તારે ત્યાં ચોરી કરવા આવે તે બીજા."

પછી વાણિયાએ ટોપલો કૂઇમાં ઉતારી ઝુંઝારને બહાર ખેંચી કાઢ્યો; ગાંસડો કોદરા બાંધી આપી તેને ઘેર વિદાય કર્યો.

("બાલમિત્ર" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૮–પાંચસો સાક્ષી

(લેખકઃ–શ્રી. રમણલાલ નાનાલાલ શાહ)

(૧)

એક ગરીબ માણસ હતો. તેનું એક ઘર હતું. તેના ઘરની બાજુમાં વિશાળ જમીન હતી. તે જમીન ઉપર એક શ્રીમંત માણસે ઘર બાંધવા માંડયું. એ ઘર બરાબર મોટું અને વિશાળ બંધાય, માટે પેલા ગરીબ માણસના ઘરની એને જરૂર પડી.

એણે ગરીબ માણસને પોતાની પાસે બોલાવ્યો. નાનીસરખી રકમ આપવાની માગણી કરી, ઘર આપી દેવા તાકીદ આપી.

એણે ના પાડી.

શેઠિયાનો મિજાજ ગયો. એ તડૂકીને બોલ્યોઃ "બેવકૂફ! પ્રભુનો પાડ માન કે, આટલી રકમ પણ આપું છું. બાકી કચેરીમાં જઈ સાચીખોટી જુબાનીઓ રજૂ કરી ઘર પડાવી લેતાં મને નથી આવડતું, એમ ન સમજીશ. નાહકની આટલી રકમ આપું છું, તેનાથી પણ હાથ ધોઇ નાખવા પડશે. ઘર તો હું કદી લીધા વગર રહેવાનોજ નથી."

ગરીબ માણસ મક્કમ રહ્યો. એણે ઘર આપવાની નાજ પાડી.

શેઠે દાંત પીસી ગરીબનું ઘર પડાવી લેવા માટે કાજીની કચેરીમાં મુકદ્દમો માંડ્યો.

ગરીબ માણસ પાસે દસ્તાવેજો હતા. એની પાસે સાક્ષીઓ હતા. સઘળી શેરીના લોકો જાણતા હતા કે, ઘર ગરીબ માણસનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનું છે અને પેલો શયતાન સરખો શેઠ વગર કારણે એ પડાવી લેવા ઇચ્છે છે.

પણ ગરીબનો બેલી કોણ થાય? આપણામાં કહેવત છે કે, "સકરમીના સો સાળા થાય; અકરમીનો બનેવી બનવા પણ કોઇ ન નીકળે." એટલે એ ગરીબ માણસ તરફથી શ્રીમંત માણસની વિરુદ્ધ કોઇ સાક્ષી આપવા તૈયાર થયું નહિ. પૈસાદારની વિરુદ્ધ કોણ પડે?

આ ઉપરાંત એ શેઠે ખાસ ખોટા દસ્તાવેજો બનાવરાવ્યા. પોતાના પૈસાના જોરે પુષ્કળ બનાવટી સાક્ષીઓ ઊભા કર્યા. પૈસાને ખાતર ન્યાયની કચેરીમાં જઇ પોતાના બોલનાં લિલામ કરનાર પાપીલોકો શ્રીમંતોની સ્વાર્થી ઇચ્છા પૂરી પાડવા હમેશાં તૈયારજ રહે છે!

એટલેથી પણ ન ધરાતાં, પોતાના અન્યાયી મુકદ્દમામાં સો ટકા જીત મેળવવા માટે એ શેઠ, જે દિવસે મુકદ્દમો ચાલવાનો હતો તેના આગલા દિવસની રાતના કાજીની પાસે ગયો. કાજી એટલે ન્યાયાધીશ. મુસલમાની રાજ્યઅમલમાં આપણા દેશમાં ન્યાય ચુકવવાનું કામ ભણેલા વિદ્વાન કાજીઓ કરતા હતા.

શેઠે કાજીને પાંચસો રૂપિયાની એક થેલી આપી અને મુકદ્દમામાં પોતાનેજ જીત અપાવવી, એવી માગણી કરી.

કાજીએ "બધું બરાબર થશે," એમ જણાવી એને વિદાય કર્યો.

(૨)

બીજે દિવસે કાજીની કચેરીમાં મુકદ્દમો શરૂ થયો. ગરીબ માણસે પોતાના દસ્તાવેજો રજૂ કર્યા.

"સાક્ષીઓ બોલાવો." કાજીએ હુકમ કર્યો.

"અફસોસ, નામદાર! આવા વગવસીલાવાળા શ્રીમંત આગળ મારા જેવા ગરીબની પડખે કોણ રહે? ગરીબાઇ એ આ જગતમાં કાંઇ નાનો સરખો ગુનો છે? મારી પાસે એક પણ સાક્ષી નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાજીએ શ્રીમંત માણસને સાક્ષીઓ લાવવા ફરમાન કર્યું. એક પછી એક, એમ સંખ્યાબંધ સાક્ષીઓએ આવી શેઠની તરફેણમાં જૂઠી જુબાની આપી. કચેરીમાં દસ્તાવેજો પણ ખોટેખોટા શેઠ તરફથી રજૂ કરવામાં આવ્યા.

છેવટે મુકદ્દમાની જુબાનીઓ પૂરી થઇ.

ગરીબે કહ્યું: " કાજીસાહેબ ! ભગવાનને માથે રાખી આ ગરીબને પાયમાલ થતો અટકાવવો એ હવે આપના હાથમાં છે."

શ્રીમંત માણસ મોં મટમટાવી પટુડાવેડા કરી હસીહસીને કાજીને કહેવા લાગ્યો: " નામદાર, મારા સંખ્યાબંધ દસ્તાવેજો આપની આગળ રજૂ થયા છે. પુષ્કળ સાક્ષીઓએ મારી તરફેણમાં સાક્ષી આપી છે. એ માણસ પાસે તો મારી વિરુદ્ધમાં એકે સાક્ષી નથી."

કાજી શાંતિથી બોલ્યો: " એ માણસ પાસે સાક્ષીઓ પૂરતા છે. એક નહિ, પણ પાંચસો. જુઓ, આ રહ્યા ! "

કાજીએ એમ બોલી, પોતાની ગાદી તળેથી પેલી પાંચસો રૂપિયાની થેલી બહાર કાઢી.

શેઠનું મોં કાળું મેશ જેવું થઇ ગયું.

કાજીએ કચેરીમાં પાંચસોની થેલીની કેફિયત રજૂ કરી. પેલા ગરીબ માણસની તરફેણમાં ચૂકાદો આપ્યો. એને ખોટી રીતે હેરાન કરવા માટે પાંચસોની પેલી થેલી એ ગરીબ માણસનેજ આપી દીધી.

બનાવટી સાક્ષીઓ અને ખોટા દસ્તાવેજો કચેરીમાં રજૂ કરી ઇન્સાફના કામને ગંભીર ધક્કો પહોંચાડવાના આરોપસર, દરેક ખોટી જુબાની આપનારને બાંધી માર મારવાની સજા કરી.

શેઠને પણ એની બૂરી કરણીનું બરાબર ફળ મળ્યું. ખુલ્લી પીઠ ઉપર એને પચીસ ફટકા મારવાની સજા થવા ઉપરાંત આકરી રકમના દંડની પણ સજા થઈ.

(" બાલજીવન " માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૯-વિઠુ હવાલદાર

(લેખકઃ-શ્રી. નટવરલાલ પ્રભુલાલ બુચ)

વિઠુ હવાલદાર મૂળ મહારાષ્ટ્રનો વતની. ભારે જાડો; ફાંદના ગોળાકારમાં તો તે મુંબઇ અને કલકત્તાના મોટા શેઠિયાઓને પણ હરાવે. સોયના નાકામાંથી હાથી પસાર થઈ શકે, તો નાની બારી કે ખોડીબારામાંથી વિઠુ જઇ શકે. અને વિઠુના ખોરાક વિષે સાંભળીએ ત્યારે તો ભીમની વાતોજ યાદ આવે. તેની એવડી મોટી ભૂખને ગરીબ મહારાષ્ટ્ર ક્યાંથી પોષી શકે? તેથી પેટની ખાતર વિઠુને અહીં સુધી આવવું પડેલું.

ઉનાળો આવે ને વિઠુના માઠા દિવસ બેસે. માટીના ઘડામાં-થી જેમ પાણી ઝરે તેમ વિઠુની ફાંદમાંથી પરસેવો નીતરે. તે બિચારો હાંફળોફાંફળો થઇ જાય ને એક લંગોટીજ પહેરી ઓશરીમાં આળોટે. મધ ઝરતા મધપૂડા પાછળ જેમ મધમાખીઓ ગણગણે તેમ વિઠુની પરસેવો ઝરતી ફાંદ ફરતી માખીઓ બણબણે.

છતાં વિઠુને પોતાના એ પેટ ઉપર ખૂબ પ્રેમ હતો. બાળકો પૂછેઃ " વિઠુ હવાલદાર, તમારી આ ફાંદમાં શું ભર્યું છે?" વિઠુ હસીને જવાબ આપતોઃ " બચ્ચાંઓ! એમાં તો હજારો વાર્તાઓ ભરી છે." ને પછી એક સરસ વાર્તા કહી સંભળાવે. દયાભાવી કોઈ ભાઇ પૂછેઃ " વિઠુ, તને આ ફાંદ ભારે નથી પડતી?" વિઠુ હાજરે મોઢે કહેઃ " ભાઇસાહેબ, ભેંશનાં શીંગડાં ભેંશને ભારે પડે?"

વિઠુનો અવાજ એક નમૂનો હતો. ગધેડાભાઈના જેવોજ..

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટરનાં ભૂંગળાનો અવાજ જેમ રબરના દડાને આભારી છે, તેમ વિઠુના અવાજની મૂળ જગ્યા એની ફાંદ હતી. વિઠુ ઓડકાર ખાય ત્યારે સામાં કૂતરાં ઘૂરકે.

વાંદરા જેવો અટકચાળો એક વિદ્યાર્થી, એનું નામ વૃંદાવનદાસ; વિઠુની ફાંદ દેખે ને તેના હાથ સળવળે. તેમાં તેને આંગળી ભોંકવાનું મન થાય, પણ તેની હિંમત ચાલતી નહિ. વિઠુ ગુસ્સે થાય ને કદાચ પોતે તેના હાથમાં આવી જાય, તો ચગદાઇને ચટણીજ થઇ જાય ને! એવી બીક વૃંદાવનને લાગતી, એટલે વૃંદાવન પોતાના મન ઉપર બહુ સંયમ રાખતો. પણ એક દિવસ એક કવેળાએ તે સંયમ તૂટ્યો અને વિઠુ સાથે વાત કરતાં કરતાં વૃંદાવન મને કે કમને તેની ફાંદમાં આંગળી ભોંકી તુરત ભાગ્યો. વિઠુને અંગેઅંગ ક્રોધ વ્યાપી ગયો અને ન કરવાનું વિઠુ કરી બેઠો. તે દોડ્યો. દોડ્યો તો દોડ્યો, પણ પાછું કેટલું બધું? દ...સ ફૂટ સુધી. દસ ફૂટ દોડ્યો ન દોડ્યો ત્યાં તો ભૂસ દેતેકને વિઠુ જમીન પર ચત્તોપાટ ફસકાઇ પડ્યો. તેનું મોઢું ઉઘાડું થઇ ગયું—નસકોરાં ઉઘાડબીડ થવા લાગ્યાં ને ફેફસાં જાણે ફાંદમાં ભરાયાં હોય તેમ ફાંદ ઊંચીનીચી થવા લાગી. બનતી તાકીદે એક ગાડું લાવવામાં આવ્યું. બેચારના હાથો મરડાયા પછી ને બેચારના પગો કચરાયા પછી વિઠુને માંડમાંડ ગાડામાં નાખી દવાખાને લઇ જવામાં આવ્યો.

× × ×

ચાર ચાર મહિના વિઠુ દવાખાનામાં રહ્યો, પણ તેના સાંધા ઠેકાણે આવ્યાજ નહિ. ડૉકટરે અનેક ઉપચારો કર્યા, અસંખ્ય ઇન્જેક્શન આપ્યાં; પણ બધું નકામું. આખરે છેલ્લા ઉપાય તરીકે ડૉકટરે વિઠુને ૬૦ દિવસના ઉપવાસ કરાવવાનું નક્કી કર્યું. ડૉકટરે વિઠુને કહ્યું: “વિઠુ, મારે તો તને બે માસના ઉપવાસ કરાવવા છે.”

હેબતાઇ જઇને વિઠુએ કહ્યું: “શું બોલો છો ભાઈસાહેબ, ભૂખે મારશો? બે મહિના સુધી?”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શું કરું વિઠુ? તે વિના તું સાજો નહિ થાય."

"પણ સાહેબ, હું મરી જઇશ હો!"

"ના, તું તો નહિ મરે; પણ તારી આ ફાંદ રિસાઇ જશે ખરી."

વિઠુ ગળગળો થઇ ગયો. તેણે બે હાથ જોડી કહ્યું: "તમારા પગ આગળ પાઘડી ઉતારૂં, ડૉક્ટર સાહેબ, મારી ફાંદને કોઇ રીતે બચાવો."

"પણ હું તારે માટે બધાયે ઇલાજ કરી છૂટયો. છેવટે આ રસ્તો લેવો પડે છે. છતાંય તું કહે તેમ કરૂં. ફાંદ રાખવી હોય તો આમ ને આમ ખાટલે રહીને મરીશ. જીવતા રહેવું હોય તો ફાંદને રજા આપવી પડશે, બોલ!"

ન છૂટકે વિઠુ ઉપવાસ કરવાને સંમત થયો.

× × × ×

પછી વિઠુએ ઉપવાસો શરૂ કર્યાં. તેની એ ગોળમટોળ ફાંદ કૃષ્ણપક્ષના ચંદ્રની જેમ ઓછી થવા લાગી. એકસઠમે દિવસે વિઠુએ ઉપવાસ ભંગ કર્યો, ત્યારે તેની વહાલી ફાંદ કોણ જાણે કયાંયે અલોપ થઈ ગઇ હતી!

વિઠુ હવે તદ્દન સાજો અને હાલતોચાલતો થઇ ગયો છે. તે હવે ફરીથી નોકરી પર ચડી ગયો છે. પણ આજનો વિઠુ તે પહેલાંનો દુંદાળો વિઠુ છે, એમ સાબિત કરવા માટે સાતઆઠ સાક્ષીઓની જરૂર પડે. વૃંદાવનની એકજ આંગળીએ પહેલાંના અને આજના વિઠુ વચ્ચે આવો આસમાનજમીનનો ફેર પાડી દીધો હતો.

હવે વિઠુ પહેલાંના કરતાં વધારે તંદુરસ્ત અને હળવો થયો છે, તેનો ખોરાક ઓછો થયો છે; પણ તે હવે પહેલાં જેટલો પ્રેમાળ રહ્યો નથી. બાળકોને બોલાવી બોલાવીને વાર્તા કહેતો નથી. ત્યારે શું સાચેજ એ બધો પ્રેમ અને વાર્તાઓ વિઠુએ પેલી ફાંદમાં ભર્યાં હશે?

("બાલમિત્ર" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૦–લાયબરી

(લેખકઃ–શ્રી. પરાશર)

વર્ષો પહેલાંની વાત છે.

ગામને છેડે એક ધર્મશાળા હતી. આ ધર્મશાળાનો ઉપયોગ મુખ્યત્વે ગામની આગેવાન ગણાતી કોમોના જમણવારો કરવામાં અથવા જ્ઞાતિપંચોના કે લગ્નની જાનોના ઉતારા તરીકે કરવામાં આવતો અને ત્યારે–એવે પ્રસંગે–આ ધર્મશાળા ગામના કેટલાક ગૃહસ્થોનું પ્રવૃત્તિ-ધામ બની રહેતું. આખો દિવસ ધમાલ ચાલ્યા કરતી.

આજે પણ એવીજ ધમાલ અને ગરમાગરમ વાતાવરણ એ ધર્મશાળાની આસપાસ પથરાઇ રહ્યું હતું. આજે ત્યાં ગામના માત્ર આગેવાનોનોજ અવરજવર હતો એમ નહિ; પરંતુ બાળકો, વૃદ્ધો અને સ્ત્રીઓ પણ આ ધર્મશાળા પ્રતિ પ્રયાણ કરી રહ્યાં હતાં.

× × ×

"હેં ભાઈ! આજે આ ધર્મશાળામાં કોને ત્યાંની જાનનો ઉતારો છે? માણસોની બહુ ધમાલ લાગે છે!" ખેતરેથી પાછા વળતા રામજી ખેડૂતે ધર્મશાળાનાં પગથિયાં ચડતા એક જુવાનને પ્રશ્ન કર્યો.

"અરે ભલા માણસ! જાન માટે તે કંઇ આવું વાતાવરણ હોય?"

"ત્યારે કઇ ન્યાતનું પંચ ભેગું થયું છે? અને તેમાં વળી આ બૈરાં પણ જતાં જણાય છે! વળી આ બધી ધજાઓનાં તોરણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેનાં છે ?" જુવાનના ભળતાજ જવાબથી વધુ જાણવાની જિજ્ઞાસા જાગૃત થતાં ખેડૂતે ફરીથી પૂછ્યું.

"ભલા પટેલ! આટલા દિવસથી તૈયારીઓ ચાલે છે, છતાં તમને એટલીય ખબર નથી ?" ખેડૂતના અજ્ઞાન પ્રત્યે સહજ આશ્ચર્યભરી નજરે જોઇ પેલા જુવાને કહ્યું.

"ભાઈ! મને તો કંઈજ ખબર નથી. અમે તો સવાર થયે ખેતરમાં જઇએ તે અત્યારે પાછા આવીએ; અમને ભાઇ ! શી ખબર કે ગામમાં શું થાય છે ?" પોતાની પરિસ્થિતિ વ્યકત કરતાં પટેલે કહ્યું.

"જુઓ, સાંભળો. આપણા ગામના પેલા શિવરામ શર્મા તમારે ત્યાં કંઇ ઉઘરાણું કરવા આવેલા કે ?"

"હા."

"શાનું ?"

"એ તો કંઇક એમ કહેતા'તા કે, 'આપણા ગામના લોકો-ને મફત વાંચવા મળે તે માટે, ચોપડીઓ મંગાવવાની છે, તેનું ઉઘ-રાણું થાય છે. એમાં તમારે કંઇક આપવું પડશે.' અને ભાઇ ! એમની શરમ કાંઇ છંડાય ! એટલે મેં તો એક રૂપિયો આપેલો. એ વગર બીજું કંઈ મેં કોઇને લખણીમાં આપ્યું નથી." પટેલે પોતે ભરેલો ફાળો જુવાનને જણાવ્યો.

"ત્યારે જુઓ પટેલ, તમારી પાસેથી જેવી રીતે શિવરામ શર્મા ઉઘરાણામાં રૂપિયો લઇ ગયેલા તેવીજ રીતે આખા ગામમાં ઉઘરાણું કરેલું. એવા ઉઘરાણામાંથી બે હજાર રૂપિયા ભેગા કર્યા... ..."

"હેં! શું કહો છો ?"

"હા, અને એ રૂપિયાનાં સારાં સારાં પુસ્તકો તથા કબાટો મંગાવ્યાં, તે કબાટોમાં એ બધાં પુસ્તકો ગોઠવીને તૈયાર કર્યાં છે. એ બધાંય આપણી આ ધર્મશાળામાંના આ મેડા પરના મોટા ઓર-ડામાં છે. આજે, લોકોને એ ચોપડીઓ વાંચવા આપવાનું મુહૂર્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે; અને એ કામ પહેલવહેલું પેલા આશ્રમવાળા મગનભાઇ આવે છે, તેમને હાથે કરાવવાનું છે. એને માટે આજે આ બધી તૈયારી છે. જરા અંદર આવો તો એ બધું સમજાય અને જોવા મળે!!"

"એમ?"

"હા."

× × ×

અને ખેડૂત આટલા સંવાદને અંતે ધર્મશાળામાં ગયો. અંદર જઇને જોયું તો આખીયે ધર્મશાળા ધ્વજા–પતાકાઓથી શણગારેલી દીઠી. ભીંતેભીંતે દીવાલપત્રો દીઠાં. ઉપર જઇને જોયું તો જ્યાં જુદીજુદી જ્ઞાતિના પંચના માણસો જ્ઞાતિતકરારોની ભાંજગડો ચૂકવવા બેસતા, તે મોટા ખંડની ચારે ભીંતોએ મોટાં મોટાં કબાટો ગોઠવાયેલાં જોયાં. તેની ઉપર દેશનેતાઓની તસ્વીરો ગોઠવેલી જોઇ. આ બધું જોઇ ખેડૂત ઘડીભર તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. એને પણ થયું કે, લાવને, હું પણ આ બધું જોઉં તો ખરો, હવે શું થાય છે? આમ વિચારી તે નિરાંતે બેઠો; એટલામાં પેલો જુવાન ફરતો ફરતો આવી ચઢ્યો અને પટેલને આ પ્રવૃત્તિમાં રસ લેતા કરવાની ઇચ્છાએ વળી પાછા પ્રશ્નોત્તરો શરૂ કર્યા.

"પટેલ! કંઈ ભણ્યા છો ખરા કે?"

"હા ભાઇ! ખપજોગું."

"પણ લખતાંવાંચતાં તો આવડે છે ને?"

"હા."

"કોઇ દિવસ કંઇ વાંચો છો?"

"હા, મારે ઘેર ગીતા છે, એનો રોજ નાહીને પાઠ કરું છું. એ તો મને મોઢે થઇ ગઈ છે; કહો તો કડકડાટ બોલી બતાવું."

"ના, મારે તે સાંભળવી નથી; પણ એ સિવાય તમે બીજું કંઇ વાંચેલું કે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ના, ભાઇ! મારે ઘેર ગીતા વગર બીજી ચોપડીજ નથી; પછી શું વાંચું? પણ હા, મારા છનિયાની નિશાળમાં ભણવાની ચોપડી કોઇ વાર નવરો હોઉં ત્યારે વાંચું છું."

"તમને ઘેર ચોપડી વાંચવા મળે તો વાંચો ખરા કે?"

"હા, હવે ખેતીમાંથી પરવાર્યા એટલે નવરા તો રહેવાનાજ, કાંઈ હોય તો વાંચીએ."

"તમને શું વાંચવું ગમે?"

"કહું? પેલા માણભટ્ટ રામાયણ બહુ સરસ ગાતા. એ રામાયણમાંથી થોડુંક તો મને મોઢે થઈ ગયું છે. એ જો મળે તો વાંચવાની મજા પડે."

"પે...લા રાત્રે કથા કરતા હતા તેજ મહારાજ ને!"

"હા."

"એ તો ગિરધરકૃત રામાયણની કથા કરતા હતા. કાલેજ તમને એ ચોપડી હું આ લાયબ્રેરીમાંથી કઢાવી આપીશ."

"હેં? શેમાંથી?"

"આ લાયબ્રેરીમાંથી."

"એ 'લાયબરી' વળી શું?"

"પટેલ, લાયબરી નહિ, પણ લાયબ્રેરી!"

"પટેલે કેટલીયે વાર ગોખી જોયું, છતાં તેમને લાયબ્રેરીનો ઉચ્ચાર નજ આવડ્યો અને જુવાન આ જોઇ જરા છેડાઈ પડ્યો. શિવરામ શર્મા પર તેનો મિજાજ ગયો; છતાં તેમને કંઇજ કહી શકે તેમ નહોતો, કારણ તેમનાથી તે વયમાં નાનો હતો. તેણે સ્વગત વિચાર્યું:

"આવા ગામડાની લાયબ્રેરી માટે આ શર્માએ આવો અંગ્રેજી શબ્દ યોજ્યો છે, એ બહુજ ગેરવાજબી કર્યું છે. બિચારા ગ્રામજનો એ શી રીતે સમજી શકવાના?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખરે તેણે પટેલને સમજાવ્યું:–

"પટેલ! એ બોલતાં ન આવડે, તો કંઇ નહિ. તમને પુસ્તક બોલતાં તો આવડે ને?"

"હા, ભાઇ!"

"ત્યારે પુસ્તક બોલતાં આવડે તો પુસ્તકાલય તો આવડેજ ને?"

"હા."

"બોલો જોઉં?"

"પુસ્તકાલય!" પટેલે સહેલાઇથી ઉચ્ચાર કરી બતાવ્યો; અને એ સાંભળી પેલો જુવાન રાજી રાજી થઇ ગયો.

× × ×

વખત વીતતો ગયો અને બરાબર સમય થતાં સૌ ગ્રામજનો અને આમંત્રિતો આવી સભાસ્થળે એકત્ર થયા. લોકસેવક મગનભાઇએ એ સૌની સમક્ષ પ્રેરક વાણીમાં પુસ્તકાલયની આવશ્યકતા પર સુંદર વ્યાખ્યાન આપ્યું. તેમણે તેમના ભાષણને અંતે "લાયબ્રેરી" શબ્દ વાપરવા સામે ટકોર કરી અને તેના સંચાલકોને એ નામ દેશી ભાષામાં ફેરવી નાખવા વિનંતિ કરી; છતાં કેટલાક દુરાગ્રહી કાર્યકર્તાઓના હઠાગ્રહને પરિણામે, તે લાયબ્રેરી નામજ ચાલુ રહ્યું અને આપણા વાર્તાનાયક પટેલ પણ એને "**લાયબરી**"ના સંબોધનથીજ સંબોધતા રહ્યા.

હવે આપણા પટેલ અઠવાડિયે-પંદર દહાડે લાયબ્રેરીમાં જાય છે, ત્યારે ઘેર કહેતા જાય છે કે, "કોઇ આવે તો કહેજો કે, **લાયબરી**માં ગયા છે!"

આજે એ પટેલ હમેશના વાચક બન્યા છે. તેમનો આ વાચનરસ વધુ કેળવાયો છે અને જે દિવસે લાયબ્રેરીમાં ન ગયા હોય, તે દિવસે તેમને ચેન પડતું નથી.

(ડિસેમ્બર–૧૯૩૮ ના "પુસ્તકાલય" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૧–પાંચો ભરવાડ વાંચવા માંડે છે

(લેખકઃ–શ્રી. ગ્રામસેવક)

નવી આજ નોબતું વાગે છે,
ગામે ગામ હાકલું લાગે છે,
અંધાપા આંખના ભાગે છે. નવી આજ૦
મોટા મોટા માણહો જાગે છે,
પાંચો ભરવાડ વાંચવા માંડે છે,
મહાસભાની બોલબાલા છે. નવી આજ૦

“ કાં માહતરસા’બ, શું કરો સો ? ”

ઉનાળાનો અગ્નિ વરસતો હતો. સામેજ વડલા નીચે ધણ બેઠું બેઠું વાગોળતું હતું. ગોકળીના છોકરા આંબલી–પીપળી રમતા હતા, તો કો’ક છોકરા પીપરની ડાળે બેસી હીંચકા ખાતા હતા. પંખી માળામાં લપાઈ ગયાં હતાં. ગામ આખું જંપી ગયું હતું. હું ઓશરીમાં બેઠો બેઠો કાંતતો હતો. ત્યાં પાંચા ભરવાડે પગથિયાં ઉપર કડિયાળી ડાંગ પછાડીને લહેકો કર્યો.

“ કાં માહતરસા’બ, શું કરો સો ? ”

“ આવો ! આવો ! ગોકળી ! ”

“ કાંતવા મંડી પડ્યા સો ને ! ” ગોકળીએ પગરખાં ઉતારતાં ઉતારતાં કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"લૂગડાં પે'રવાં એટલે કાંતવું તો જોવેજ ને, ગોકળી!"

"માળું, કાંઈ હાલે સે! કાંઇ હાલે સે! ગાંધી બાપાએ કારહો મજાનો કાઢ્યો સે હો!"

"ગાંધી બાપાએ નવો કારહો થોડો કાઢ્યો છે? આ તો આપણા બાપદાદાના વખતનો કારહો. આપણે એને મેડે ચડાવી દીધો'તો, તે ગાંધી બાપાએ ધૂળ ખંખેરીને હેઠો ઉતરાવ્યો."

"પણ માહતરસા'બ! આવો કારહો તો તમ પાહેં ભાળ્યો. મોર તો મોટા રેંટિયા હતા." પાંચાભાઈ યરવડા–ચક્રને તાકી તાકીને જોવા વળગ્યા.

"હા! એટલો ફેરફાર થયો. એમ તો જમાનો સુધરતો જાય એમ કારહાય સુધરતા જાય ને?"

"હા...માહતરસા'બ! આજ રોટલા ખાવા મારે ઘેર આવવાનું સે હો? વાળુ આપણે હારે કરશું." પાંચાભાઇએ રેંટિયાની વાત પડતી મૂકી.

"આજ તો રોટલા ઘડીયે લીધા ને ખાઇયે લીધા." મેં કાંતતાં કાંતતાં જવાબ આપ્યો.

"ઇ તો બપોરના. સાંજરે તો વાળુ કરશો ને?" પાંચાભાઇએ પૂછ્યું.

"અત્યારે વધુ ભાખરી બનાવી લીધી; એટલે સાંજે દૂધ ને ભાખરી ચાલશે."

"તો દૂધનો લોટો ભરી જાજો."

"ના. ના. દૂધ તો બંધાવ્યું છે."

"તો આવતી કાલે બપોરે આવજો."

"ના, ના, ગોકળી. તમારા બધાયની લાગણી છે, ઇજ મોટી વાત છે. રોટલા તો મને હાથે ઘડી લેવાજ ફાવે."

"પણ હેં માહતરસા'બ, આ તમે રાતે ઓલું સૂરજના બસલા જેવું પરગટાવીને અરધી રાત સુધી બધાયની હારે શેની ઘડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરો સો ? રોજ મધરાત સુધી ધમચકડી બોલે સે."

"ઇ બધાય રાતે ભણવા આવે છે ગોકળી!" મને સહેજ હસવું આવ્યું.

"ઠેકડી કરો મા ઠેકડી. બબ્બે પાંચપાંચ છોકરાંના બાપ, કો'ક મારા જેવડા ને કો'ક મારા બાપ જેવડા, ઇ તે હવે ભણતા હશે? નાના હતા તે દી ભણ્યા હોત તો ભણાત. હવે તે પાકલ ઘડે કાંઠા ચડતા હશે ?"

"ઠેકડી નથી કરતો ગોકળી. ઈ બધાય જુવાનડા ને બધાય ડોહા રાતે ભણવા આવે છે. બધા થોડું થોડું વાંચવાય મંડી ગયા."

"માન્યામાં નો આવે માહતરસા'બ" ગોકળીએ માથું ધુણાવ્યું.

"પણ આ માનવું પડે એવું છે. તમનેય ભણાવવા છે." સહેજ હસતાં હસતાં મેં કહ્યું.

"પણ મને મારી ખબર પડે ને! અવસ્થા આખી ઢોર ભેળી ગઇ, એટલે અમેય અરધા તો ઢોર થઇ ગ્યા. અને ગામડાંમાં તો બધાય હું જેવાજ સમજવા. હવે અમારે હૈયે ભણતર નો ચડે." ગોકળીએ ફરી માથું ધુણાવતાં કહ્યું.

"સાત ઢોર ભેળા રઇં, તોય કાંઇ માણહ મટીએ ? અને માની લ્યો કે માણહ મટીને ઢોર જેવા થઇ ગ્યા તો એને એમ ને એમ થોડા રે'વા દેવાશે ? એને માણહ તો બનાવવાજ પડશે ને? ભણતર ઇ તો બીજી આંખ્યું છે. ભણતર વિના તો છતી આંખે અંધાપા જેવું છે. તમને એવું નથી લાગતું, ગોકળી?"

"તમારી વાત સોના જેવી માહતરસા'બ; પણ મને તો એમ માન્યામાં આવે સે કે, હવે આ અવસ્થાએ મારા જેવાને ભણતર ચડે નઈ." ગોકળીએ દાઢી ઉપર હાથ ફેરવ્યો.

"પણ આપણે ક્યાં આઘી વાત છે? તમે એક કલાક મારી પાંહે બેહો. એકજ કલાકનો વાયદો. જો એક કલાકમાં તમને વાંચતાં આવડવા માંડે તો સમજવું કે સાચું, પછી છે કાંઇ ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઇ આવડે તોય કેના જેવું? આંય તમે પોપટની જેમ પઢાવો એમ અમે પઢી જઇએ, અને ઝાંપો છાંડ્યો એટલે હરિ વા'લા. પટેલની ઘોડી પાદર સુધી. એમાં ઝાઝી સારાવાટ નો હોય. માહતરસા'બ, તમે મે'નત કરો એટલું છે."

"પણ મે'નત કરવી પડે તો ક્યાં ના'વા જવું પડે એમ છે? આવડે તો લાભ છે; નો આવડે તો કાંઇ ખોટ તો ન મળે. એ···યને દી આખો આપણું કામ કરીએ. રાતે ચોરે કે શેરીને નાકે ગામ-ગપાટા કે કૂથલીનિંદા કરવાને બદલે અહીં કલાક કલાક ભણવા આવો તો માળું કાં'ક તો આવડે. આ તમે બબ્બે પાંચપાંચ છોકરાંના બાપ કયો છો, ઇ બધાય આ ચોપડિયું વાંચતા થઇ ગયા. અને તમનેય ભણાવવા છે, ઇ વાત સાચી–જે દી તમને ગળે ઊતરે તે દી."

"અરે તમે કયો તો હું આજથી નિહાળિયો. પણ મને સૂઝે નઇ કે, મને એકેય આંકડો ઊકલે." પાંચાભાઇએ ડાંગ એક બાજુ મૂકી.

"તો ધરમના કામમાં ઢીલ નંઇ. અત્યારેજ આપણી નિહાળ વે'તી." મેં રેંટિયો સંકેલ્યો.

"માહતરસા'બ! હજી મને તો એમ થયા કરે સે કે, મને ભણતર આવડે નંઇ, પણ જો તમે મને ભણાવી દ્યોને, તો પાનશેર ઘીની બોઘરી ભરી આપીશ. બીજું તો હું ગરીબ માણહ શું આપું?"

"અરે પાંચાભાઇ! એ શું બોલ્યા? મેં તે કાંઇ આંઈ વેપાર માંડ્યો છે? આ બધાય રાતે ભણવા આવે છે, ઇ ઘીનાં બોઘરાં ભરીભરીને આવે છે?"

"તમારી વાત હાચી. તમે તો પરોપકાર કરવા આવ્યા સો, પણ અમારે કાં'ક જાણવું જોવે ને!"

"અરે ગોકળી! પરોપકારબરોપકારની વાત કરો મા! એમાં વળી પરોપકાર કેવા? અમે ભણ્યાગણ્યા અને તમે ભણતર વિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતી આંખે અંધાપો ભોગવી અંધારામાં આંટા મારો, એટલે અમને એમ થાય કે, અમારા ભણતરનો ઉપયોગ શો ? તમારા માટે અમારૂં ભણતર ખપ લાગે તો અમે ભણ્યા પ્રમાણ ને !" મેં રેંટિયો એક બાજુએ મૂક્યો અને પાટિયું, ચાક, ચોપડી વગેરે લઇને ગોકળી સામે બેઠો.

"અરે માહતરસા'બ ! ઘણાય ભણતર ભણે સે, કોણ અમને ભણાવવા આવ્યું ? તમે તો તમારો માંયલો મારીને બેઠા સો એટલે કાંઇ બોલો નંઇ; પણ અમે તમને જાણીએ નંઇ તો અમે નગુણા કેવાઇ."

"ના ભાઇ ! એવું કાંઇ મનમાં લાવવું નંઈ. તમને વાંચતાં આવડે, ધીરેધીરે લખતાં આવડે, રામાયણ, મહાભારત અને બીજી ધરમની ચોપડીઓ વાંચતા થઇ જાવ, અલકમલકની નવાજૂની જાણતા થઈ જાવ, દી આખો મહેનત કરીને રાતે ભેગા થઈ કાંક સારૂં સારૂં વાંચો ને જ્ઞાન મેળવો, દીએ કામ કરીને બપોરા ગાળો તંઇ-યે તે ઝાડની ડાળે હીંચકા ખાતા ખાતા રામાયણમહાભારતના ને બીજા દુહા લલકારતા લલકારતા હીલોળા કરતા થાવ, એજ મારે તો મોટી વાત છે. એમાં તમારૂં ઘી બી બધુંય આવી રે'શે."

"તંઇ માહતરસા'બ ! એટલું માનો. કાલથી રોટલાં હાથે ઘડવાનું મેલી દઇ મારે ઘેર જમવાનું રાખો. સાતઆઠ જણા છંઇ. એક ભાણું ભારે નંઇ પડે. ઈશ્વરનો પરતાપ સે."

"આંઇ રોટલા ખાઉં છું ઇ તમારાજ છે ને ?"

"ના. ના. એમાં ફેર પડે. એમાં ના ની પડાય."

"ઠીક, કાલે જોશું. અત્યારે તો આપણે પારખું કરવું છે ને ? આ એક પાનિયું તમારી પાંહે વંચાવીને પછી ઊડવું છે."

"હું તો આ બેઠોજ સું." ગોકળીએ અરધા મણનું ફીંડલું માથેથી ઉતારી એક બાજુએ મૂક્યું.

પાટિયા ઉપર મેં લખ્યું: "શ્રી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગિજુભાઇ પણ વહેમી માણસ લાગે છે. સામાન્ય વહેવારમાં શુકનની નિશાની તરીકે સૌ પહેલાં 'શ્રી' ને બેસારે. ગિજુભાઇએ 'ચાલો વાંચીએ' માં પણ મૂરતમાં 'શ્રી' બેસાર્યો.

ગોકળીને મેં કહ્યું: "જુઓ ગોકળી! તમારા બસોત્રણસો બકરાં–ઘેટાં છે, એમાંથી જેમ તમે એકેએકને ઓળખી, ધાર્યું બકરૂં–ઘેટું બહાર ગોતી કાઢો છો, જેમ તમે આખા ગામના નાનામોટા સૌને ઓળખી કાઢો છો, એમ હું પાટિયા ઉપર જે જે ચિતરામણ કરૂં, એને નોખા નોખા નામે ઓળખવા માંડજો. આ ચીતર્યું એનું નામ 'શ્રી' બોલો!"

"શરી......" પાંચાભાઇને બોલવામાં બહુ મહેનત પડી.

"શરી...નંઇ, શ્રી."

"શ...રી..." પાંચાભાઇએ ડૂંટીએથી જોર કર્યું.

"શ્રી."

"શ...શ...રી..." પાંચાભાઇએ એથી વધુ જોર વાપર્યું.

પાંચસાત વખત "શ્રી" બોલાવવા અખતરો કર્યો. પાંચાભાઇ વધુ ને વધુ જોર કરીને બોલતા ગયા, પણ એમની જીભે 'શ્રી' ચડયું નહિ.

"હું નો'તો કે'તો કે, અમારી જીભે આંકડો ચડે નંઇ?" ગોકળી નિરાશ થઇ ગયા.

"અરે, એમ હરમત કાં હારી જાવ. ચાલો, જુઓ, આ ચીતર્યું એ 'ક' મેં 'શ્રી' ને પડતો મૂકયો."

"ક." ગોકળીએ સાદ ફાટી જાય એટલા જોરથી જવાબ આપ્યો.

"અને આ 'દ'."

"દ."

"જોજો હો! બરાબર ઓળખી લેજો. આ 'ક' ને આ 'દ' બતાવો જોઇએ 'ક' કયો?"

અને આમ ગોકળી 'ક દ ન મ' મંડયા ઓળખવા. પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો 'કા દા ના મા' આવડયું અને પછી તુરત 'કાકા, દાદા, નાના, મામા' પણ વાંચી શકયા. અને નાનાં મજાનાં વાકયો મંડયા વાંચવા.

"આ કાકા છે. આ દાદા છે."

"આ નાના છે. આ મામા છે."

ગોકળીના મોઢા ઉપર આશા તરવા લાગી. મેં એમના હાથમાં ચોપડી મૂકી. પહેલું પાનું ઉઘાડયું. મૂરતમાંજ 'શ્રી' બેઠો હતો.

'શરી' ગોકળીએ શરૂ કર્યું અને મેં પણ એ ઉચ્ચારમાં ફેરફાર કરવાનો આગ્રહ મેલી દીધો.

અને પછી તો ગોકળી મંડયા રૂપાના ફેરવાવાળી ટચલી આંગળી ઝપાટાબંધ પાનાં ઉપર ફેરવવા.

"આ કાકા છે. આ દાદા છે." ગોકળીએ પાઠ પૂરો કર્યો.

"કેમ ગોકળી! કાંઠો ચડયો કે નંઇ? 'પાકલ ઘડા, પાકલ ઘડા' કરો, પણ માણહ જીવે ત્યાંસુધી લીલો ઘડોજ રયે છે. જે દી પાકે તે દી જીવતર પૂરૂં થાય, સમજ્યા?" મેં ગોકળીનો વાંસો થાબડયો.

"માળું, આ તો આવડે એવું છે!"

"થયું ને પારખું?"

"હવે સાચું. તંઈ આ પાનિયું ફાડી દ્યો. વળી ભુલાઇ જાહે. દી આખો વાંસ્યા કરાય." ગોકળીના મોં ઉપર આનંદ તરવરતો હતો.

"પાનિયું શું કામ, આખી ચોપડીજ રાખો. આપણે કયાં એકજ પાનિયું વાંચતાં શીખવું છે? એક એક કરતાં આખી ચોપડી વાંચતા થઇ જાશો, અને પછી તો એક પછી બીજી ને બીજી પછી ત્રીજી. પછી તો રામાયણ ને મહાભારત વાંચશો. પછી જોજો કેવો આનંદ આવે છે. તે દી તમને સમજાશે કે, ભણતર વિના તો જીવવું નકામું."

"હવે તમારી વાત માન્યામાં આવી." ગોકળીએ ફીંડલું માથે મૂકયું. તંઈ માહતરસા'બ, ઘી નો લ્યો તો કાંઇ નંઇ, કળશ્યો લાવો. શેડકઢું દૂધ સાંજે દઇ મેલું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દૂધ પણ બંધાવ્યું છે, ગોકળી. રોજ તમે બધાયની હારે રાતે આવતા જાવ તો ઘણુંય."

"બધાયની હારે તો નંઇ આવું, માહતરસા'બ. મારી જુવાનડા ઠેકડી કરે. બપોરે રોજ આવીશ."

"બપોરે આવતા જાજો."

અને ગોકળીએ એની મેળે દૂધને માટે લોટો લીધો અને થોડી વારમાં તાજા દૂધનો લોટો ભરી આવ્યા.

અને પછી ગોકળીએ ચોપડી હાથમાં લીધી. પાઠ કાઢ્યો. સામેજ સૂરજ હમણાં આથમ્યો હતો. આકાશમાં લાલ રંગના શેરડા ઊડતા હતા. ગોકળીનું મોં પણ એ શેરડા ઝીલી ઝીલી આનંદમાં નાહતું હતું. ધીરે ધીરે ચાલતા ચાલતા આંગળી ફેરવી ઝપાટાબંધ એ વાંચતા હતા.

"કા. દા. ના. મા. આ કાકા છે." કયાંય સુધી હું એમની તરફ નજર માંડી રહ્યો. કાને શબ્દો અથડાતા હતાઃ

"કા. દા. ના. મા. આ કાકા છે."

ગોકળી તો અદશ્ય થયા. પણ મારી નજર એજ દિશામાં ખોડાઇ ગઈ. કલ્પનાની લહેરમાં હું ઊડવા મંડ્યો. ગામનો એક એક જણ વાંચતો લખતો થઇ જાય, અંધારામાં ગોથાં ખાતા મટે, એમને નવો પ્રકાશ મળે......

એક પછી એક લહરીઓ આવતી હતી. કયાંસુધી આ ચાલત, એ કહેવાય નહિ, પણ મીંદડીએ શેડકઢા દૂધનો લોટો ઢાળી મારા કલ્પનાવિહારને તોડી પાડ્યો.

ભોંયતળિયું સાફ કરતાં કરતાં પણ મારા કાનમાં ગુંજારવ ચાલુ હતો.

"આ કાકા છે. આ દાદા છે."

"આ નાના કાકા છે."

(મે-૧૯૩૯ના "નવરચના" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૨–દુનિયાનો દરદી

(લેખક:–શ્રી. ચંદ્રભાઈ ભટ્ટ)

અમે દવાખાનાની ખુરશી પર બેઠા હતા. બધા દરદીઓ સાથે ડોકટરનાં કમાડ ખૂલવાની રાહ જોતા હતા. ત્યાં તો એક ડોસો આવ્યો. એના વેશ પરથી એ મુસલમાન લાગતો હતો. એની આંખો ઉઘાડી હતી, પણ દેખતી નહિ હોય તેમ લાગતું. એની નજર નિસ્તેજ હતી; પણ એની આંખોની ભીનાશ સહેજ ચળકતી.

એ આવ્યો અને અમારા તરફ જોઇને ફૂટવા માંડયું. પછી બધાની મજાક કરતો હોય તેમ હસ્યો. એકાએક એની આંખમાંથી આંસુ સરી પડયાં. એણે એકદમ પૂંઠ ફેરવી અને પગથિયાં ઊતરી પડયો. થોડેક જઈ ઘાસમાં બેઠો. હજુ એ રડતો હતો.

"પહેલાં લાગ્યું કે, ગાંડો હશે." મારી સાથે બેઠેલા એક ભાઇ બોલ્યા.

"હા, પણ એ ભારે દુ:ખી દેખાય છે." "જરાક વાત કરી આવું" કહી હું ઊઠ્યો અને ડોસા સાથે ઘાસમાં બેઠો.

"ચાચા !" મેં ધીમેથી કહ્યું.

"ઓ મેરા ખુદા, તું પાછળ પડયો છે !" ડોસાએ તેજ વિનાની આંખો મારા પર ઠેરવી.

"હું તમારી પાછળ નથી પડયો, ચાચા, મારે તમારી સાથે વાત કરવી છે." મેં ખૂબ ધીમેથી કહ્યું. ડોસો જોઇ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમારું નામ, ચાચા ?"

"હાજી બજાઇ." ડોસાએ આંખ લૂછતાં કહ્યું.

"હાજી, બજાઇ !" મને અજાયબી થઇ.

"સબ બોલતે હૈ હાજી બજાઇ."

"પણ તમારું મૂળ નામ ?"

"મૂળ નામ ! વો તો હમકુ માલૂમ નહિ. બોત દિન હો ગયે."

"પણ તમે ત્યાં એવું કેમ કર્યું ? પછી રડી કેમ દીધું ?"

"માફ કર બાવા, મેં ગાંડો નથી."

"તે તો મને ખબર છે, પણ તમે કૂટતા'તા કેમ ?"

"હું મારી બાયડીઓને, મારા દીકરાને ને મારી આંખોને કૂટતો'તો. હું બહુ દુઃખી છું. રડીરડીને મારી આંખો ગઇ."

"તમારે સ્ત્રી હતી ?"

"મારે છ સ્ત્રી હતી. હું છ વાર પરણ્યો."

"હમણાં તમારે સ્ત્રી છે ?"

"ત્રણ નાસી ગઇ, રોટલા ખૂટયા એટલે; બે મરી ગઇ, બહુ ભલી; અને એક હતી તેને કોઈ ભગાડી ગયું, અમારું ઘર ગયું ને રસ્તા પર પડી રહેવાનું થયું ત્યારે."

"પણ તમારે કંઇ બાળકો નથી ?"

"છ દીકરા હતા." ડોસાથી રડી દેવાયું.

"ક્યાં છે ?"

"બધા મરી ગયા. અમારે લીયે દવાખાનાં નહિ, વો સબ શ્રીમંતો કે લીયે હૈ."

"તો હવે તમે શું કરો છો ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મેં ઘણું કર્યું, હવે કંઇ નથી કરતો. મસ્કતી મારકીટ આગળ રખડું છું. આંધળો છું એટલે કોઇ મોટર સાથે ભટકાઇને મરી જઇશ એટલે છૂટીશ."

"મસ્કતી મારકીટ આગળ રહો છો ?"

"હા, ત્યાંના પ્લેટફૉર્મ પર પડ્યો રહું છું, પણ મારે મરીશ તોયે મસ્કતી મારકીટ નથી છોડવી."

"કેમ ?"

"ત્યાં આગળ મારૂં ઘર હતું."

"હવે ક્યાં ગયું ?"

"ગયું જહાન્નમમાં." ડોસો રીસે ચઢ્યો.

"પણ તમે ખાવ છો શું ?"

"બેસું છું ને બૂમો પાડું છું. પાઇ પૈસો મળે તો ચા પીઉં છું. રોટી પણ ખાઉં."

"એમ ક્યારથી કરો છો ?"

"આઠ વરસથી, મારી છેલ્લી બીબી નાઠી ને છોકરો મરી ગયો ત્યારથી."

"તે પહેલાં ?"

"તે પહેલાં ?" ડોસાએ ભૂતકાળ યાદ કરવા માંડ્યો. "પચીસ વરસ પોલીસ હતો. પંદર વરસ સુધી એક શેઠનાં વાસણ માંજવા-થી માંડીને તે બધી નોકરી બજાવી. દસ વરસ ચાની કીટલી ને પ્યાલા લઇ ફરતી હોટલે કરી અને આઠ વરસથી આ દવાખાનામાં અથડાઉં છું. દેખો, કીતને હુવે !"

"ઘણાં થયાં." મેં કહ્યું. "પણ આઠ વરસથી અહીં કેમ અથડાવ છો ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આંખો માટે, ડૉકટર દવા નથી આપતો."

"શું કહે છે?"

"એનું કપાળ! કહે છે કે ડોસા ચાલ્યો જા, તને નહિ સૂઝે."

"એમ?"

"બદમાશ છે બદમાશ, ન કેમ સૂઝે? મારી શેઠાણીના મોતિયા એણેજ કાઢેલા ને મારા નથી કાઢતો."

"તે તમે આઠ વરસથી અહીં આવો છો?"

"હા, અને મરીશ તોય આવીશ. એનો કેડો નહિ મૂકું. ન કેમ સૂઝે? મેરા સાલા ધક્કા મરાવી કાઢી મૂકે છે, પણ હુંય માથાનો છું. રોજ આવું છું."

"એમ હોય તો તો ન આવો તેજ વધારે ઠીક."

"ન કેમ આવું? એના બાપનું દવાખાનું છે? એ બંધાતું, ત્યારે હુંય મારા બાપા સાથે મજૂરીએ આવતો ને તગારાં વહેતો. આ મોટી ઇમારતનો એકેએક પથ્થર મને ઓળખે છે. એ કોણ મોટો કાઢી મૂકનાર?"

"લો ચાચા દવા." દવાખાનાનો એક નોકર હસતો હસતો આવ્યો.

"ડૉકટરને ભેજા હે, બેટા?" ડોસો હરખથી અંધારી આંખો ઉઘાડી જોવા લાગ્યો.

"હા," કહી પેલો પાસે આવ્યો ને ડોસાની આંખમાં પ્યાલામાંથી પાણીનાં બે ટીપાં નાખ્યાં.

"અલ્લામિયાં અચ્છા કરે." કહી ડોસો ઊઠ્યો, હુંય ઊઠ્યો. ગરીબાઇનો ઉપહાસ કરતા સમાજ પર હું સળગી ઊઠ્યો, પણ ડોસાનો ભ્રમ ભાંગવો એ મને ઠીક લાગ્યું નહિ. મેં કહ્યું: "ચાચા, ક્યાં જશો?"

"ઘેર, બાવા." ડોસાએ કહ્યું ને ઉમેર્યું: "આ દવા નાખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તે જરા સૂઈ જઈશ."

"રસ્તા પર?"

"હા, ગટરના મોઢા પાસે સૂઇ જાઉં છું. ત્યાં માખીઓ ખૂબ છે, પણ લોકો હેરાન નથી કરતા."

"ગંધ નથી આવતી?"

"ગંધ? ગંધ મરી ગઇ, આઠ વરસથી મરી ગઇ."

"પણ ઘોંઘાટ?"

"ઘોંઘાટ ઘણો. આખો દિવસ 'ભેં ભૂં' બીજી વાતજ નહિ, પણ મારે મસ્કતી મારકીટ નથી છોડવી, ત્યાંજ કબર કરવી છે."

"પણ ઘોંઘાટમાં માથું નથી ચડી જતું?"

"માથું! મારે માથુંજ નથી." કહી ડોસાએ એક વિકટ હાસ્ય કર્યું ને માથે હાથ ફેરવ્યો, પછી આગળ ચલાવ્યું.

"મારા માથામાં બધી મોટરોના અવાજ ભરાઇ ગયા છે. રાતે મોડે સુધી મારા માથામાંજ મોટરો ચાલે છે ને એ બધી મોટરો કેમ દોડતી હશે? શું લઈ જતી હશે? કોણે બનાવી હશે? કેમ બનાવી હશે? અંદર કોણ બેઠું હશે? એવા બધા કેટલાયે વિચારો કરતો હું ઊંઘી જાઉં છું અને પાછી સવારમાં મારા માથામાં મોટરો વાગવા માંડે છે કે જાગી જાઉં છું." ("નવસૌરાષ્ટ્ર"ના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૩-બલિદાન

(લેખિકાઃ-અ. સૌ. માલતી દવે)

વહાલાં હાય અરે, અરે જગતમાં વહાલાં ઉરો ચીરતાં;
ભૂલોનીજ પરંપરા જગત આ એવું દીસે છે, પિતા!

—કલાપી

શરત્પૂર્ણિમાનો ચંદ્ર પોતાની વિશાળ, ધવલ ચાદર પૃથ્વી પર પ્રસારી રહ્યો હતો. પૃથ્વી અને ચંદ્રના રસભર્યાં મિલનનો લહાવો, કેટલાય રસતરસ્યા મનુષ્યો માણી રહ્યા હતા. દૂરદૂરથી સાગરનો મંદમંદ ઘુઘવાટ સંભળાતો હતો. અનિલ પોતાની મીઠી લહરીઓથી ઘૂમી રહ્યો હતો.

ઠેકાણે ઠેકાણે શરદોત્સવ ઉજવાઇ રહ્યો હતો. કેટલાય મહોલ્લાઓ સ્ત્રીઓના હલકભર્યાં રાસોથી ગાજી રહ્યા હતા. કેટલીય અગાસીઓમાં દૂધપૌંઆની ઉજાણીઓ થઇ રહી હતી. આ સમયે એક અગાસીમાં એક યુવક અને એક યુવતી વાતો કરી રહ્યાં હતાં. યુવક ગંભીર અને વિચારમગ્ન લાગતો હતો. જ્યારે યુવતી એની ગંભીરતા ઉરાડી મૂકવાનો પ્રયત્ન કરતી હતી.

"શું વિચાર કરી રહ્યા છો, સુધીર? જુઓ, પૃથ્વી અને ચંદ્રનું મિલન કેવું સુંદર લાગે છે? આવું સુંદર દૃશ્ય જોતાં કોણ ધરાય એમ છે? મને તો ખાતરીજ છે કે, આપણું મિલન પણ આવુંજ સુંદર બનશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ના, ના, સરિતા તું ભૂલે છે. આપણા મિલનનો યોગ મને તો સ્વપ્નવત્ લાગે છે. વિધિએ આપણે માટે એવું નિર્મ્યું જ નથી લાગતું. તારા પિતા કોઇ બીજા ધનવાન અને રૂપવાન યુવાનને તારો હાથ સોંપવા માગે છે. પૈસાથી તારા જેવી દીકરીને શણગારવાના એમના અભિલાષ છે. મારા જેવા ગરીબને ત્યાં તને શું સુખ મળે? જગત તવંગર અને ગરીબના ભેદ સમજે છે. જગતને જિહ્વા છે–આંખ નથી; એ બોલી જાણે છે, નીરખી શકતું નથી."

"ઓ સુધીર, તમે આવા નિરાશાવાદી કેમ થઇ ગયા? શું તમને મારામાં પણ વિશ્વાસ નથી? અત્યારસુધીના તમારા શિક્ષણના પ્રતાપે તમારી લાગણી સંતોષવાનો પણ મને હક નથી? આત્મભોગે પણ સરિતા તમારી લાગણીઓ સંતોષી શકશે, એટલી તો ખાતરી છે ને?

"સરિતા! આત્મભોગની કિંમત હું સમજી શકું છું; છતાં તારા માતાપિતાની ઇચ્છા વિરુદ્ધ જતાં તારૂં જીવન દુઃખમય બનશે."

"ના, ના, સુધીર! એવું કદી બનશેજ નહિ. તમને છોડી હૃદયમાં આગ મૂકવી, ઘેલા પ્રિયતમનો વિશ્વાસઘાત કરવો, સુકુમાર ઊછરતા પ્રેમીનો પ્રાણ લેવો; મારૂં અંતર, મારી આશા, મારો આનંદ બાળીને ભસ્મ કરવાં? શા સારૂ? શા સારૂ?"

× × ×

સુધીર એક સંસ્કારી પિતાનો પુત્ર હતો. દુર્ભાગ્યશાત્ એનાં માતાપિતા એને નાનપણમાંજ છોડીને આ દુનિયાનો ત્યાગ કરી ગયાં હતાં, તે વખતે તેની પાડોશમાં વિનોદચંદ્ર નામે એક ગૃહસ્થ રહેતા હતા. તેનું કુટુંબ પૈસેટકે સુખી હતું. તેમને સરિતા નામે એકજ પુત્રી હતી. વિનોદચંદ્રે સુધીરને કેટલાંય વર્ષોથી પોતાને ત્યાં રાખ્યો હતો. સુધીર સરિતાને પોતાની અમુક પદ્ધતિથી શીખવવા લાગ્યો. સુધીર સરિતા સાથે આખો દિવસ રમતમાં ગાળતો તેમજ તેને વિશાળ મેદાનમાં અને ઝાડપાનવાળા બગીચાઓમાં લઇ જતો; પ્રાણી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓ ને પદાર્થોનું સંગ્રહસ્થાન બતાવતો; તેને વાંચતાંલખતાં શીખવતો અને ઉચ્ચ સંસ્કૃતિનું જ્ઞાન આપતો. વાતચીતમાં અનેક ઐતિહાસિક પ્રસંગો વિષે તેને જ્ઞાન આપી તેની વૃત્તિઓને ઉત્સાહિત કરી ઉન્નત બનાવવી, એજ તેનું લક્ષ્ય હતું. આમ બંને જીવનમાં રસ લઇ રહ્યાં હતાં, પણ...કોઇ યૌવનને આંગણે આવ્યા વિના રહ્યું છે? કંઈક દિવસો ગયા અને રાત્રિના ખપ્પરમાં ખરી પડ્યા એવુંજ કાંઇક તેમના જીવનમાં બન્યું. સુધીર અને સરિતા યુવાન, નિર્દોષ અને આદર્શપ્રેમી બન્યાં. બંને પરણવાને આતુર હતાં, પરંતુ કુટુંબ તેમને કચરી રહ્યું હતું. સરિતાના પિતા એને પોતાનીજ જ્ઞાતિના એક ધનવાન સાથે પરણાવવાનો વિચાર કરતા હતા.

× × ×

"સરિતા, તું રડે છે? આત્મભોગ આપનારાં કદી રોયાં સાંભળ્યાં છે? સુખેથી તું તારાં માતાપિતાની આજ્ઞાને આધીન થા. મારી જિંદગી તો વિધિએ નિર્માં હશે તેમ એકલી અને અટૂલી બ્રહ્મમય થઈ ભોગવીશ. વિધિએ સર્જતાં અધૂરાં રાખ્યાં, છતાં તારા પિતાએ મારી પાસે આજે તને ન પરણવાનું વચન લીધું. તારા હિતને ખાતર મેં આપ્યું, છતાં સરિતા ! તારી મનોહર મૂર્તિ, તારા સુકોમળ ઓષ્ઠ, તારૂં મધુરૂં હાસ્ય ઝરતું મુખડું મારા હૃદયમાં સદાય કોતરાઇ રહેશે."

"ના, ના, સુધીર ! સરિતા એવી લાગણીવિહીન નથી. સરિતા અત્યારપૂર્વે તમારીજ થઇ રહેલી છે. આપણે બે...જ્યાં સ્નેહીનાં મહેણાં ના હોય, ભાવીની ભીતિ ન હોય, જ્યાં આશા માત્ર અંતરની, આંસુ માત્ર અધીરા પ્રણયનાં, જ્યાં મહેચ્છા માત્ર એકબીજાનાં મન રીઝવવાની......હોય ત્યાં હું ને તું, ચંદ્ર ને સૂર્યની માફક વિચરશું. ...સુધીર... . દમયંતી વનવન શા માટે ભટકી? સત્યવાનનું અલ્પ આયુષ્ય જાણવા છતાં સાવિત્રી તેનેજ શા માટે વરી? એનું નામજ પ્રેમ. તમે કહો છો એ સાચી વાત હશે, તો હુંજ મારાં માતાપિતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજાવીશ. આજે કેટલા વખતથી આપણે એકબીજાને ચાહતાં આવ્યાં છીએ...આશાઓની ભીતરમાં ભટકતાં કેટલાં વર્ષો વીત્યાં છતાં એક નાની યાદ પણ પણ ભુલાતી નથી, તો હવે એકબીજાને કેમ ભુલાય? છતાં ખાતરી રાખજો કે, સરિતા જો કદાચ દેહલગ્ને તમારી ન થાય, તો આત્મલગ્નની તો તમારીજ છે અને તમારીજ રહેશે. દેહલગ્ને આત્મા કદી સંતોષાયો છે? માતપિતા નહિ માને તો જિંદગીભર કુંવારી રહીશ. કૌમાર્યને આંગણે જીવન દેશસેવામાં પ્રેરીશ."

સરિતા બોલતી બંધ થઇ. રાત્રિ વધતી જતી હતી. બંને પ્રેમીઓ છૂટાં પડ્યાં. એ રાત્રિએ ઊંઘ એ બંનેની વેરણ થઇ પડી.

× × ×

"પિતાજી, સુધીર સિવાય બીજા કોઇ સાથે લગ્ન કરવાને બદલે હું કુંવારીજ રહીશ. રૂઢિબંધનો તમારાથી ન તોડી શકાય, તો હું તોડીશ."

"છોકરી, તને ભણાવી તેનું આ પરિણામ? તારી અત્યાર સુધીની કેળવણીએ તને તારાં માબાપની ઇચ્છાઓની અવગણના કરવાનું શીખવ્યું છે? એમની આજ્ઞા સામે બંડ કરતાં શીખવ્યું છે?"

"પિતાજી, આજ્ઞા સામે બંડ નથી કરતી; પરંતુ તમારી ઇચ્છા જો સ્વાર્થી હોય અથવા મારા સ્વાર્થને હાનિકારક હોય, તો તે તમારા ધ્યાનમાં લાવવા માટેજ હું આ કરી રહી છું. સુધીરના કયા દોષને કારણે મારી જિંદગી પર પાણી ફેરવો છો? અત્યાર સુધી અમે સાથે રહ્યાં અને હવે તમારે અમને જુદાં પાડવાં છે?"

"સરિતા! સુધીર એક ગરીબ માબાપનો છોકરો. નાનપણથી મારે ત્યાં રહ્યો તેથી શું થયું? એ પરન્યાતનો, આશ્રિત અને ગરીબ. એના કરતાં શરદ શું ખોટા છે? શરદ આપણીજ ન્યાતનો છે, પૈસેટકે ભરપૂર છે, ઉંમરમાં સુધીરના જેટલોજ છે; એટલું ઓછું છે કે એને છોડીને સુધીર સાથે તારાં લગ્ન કરું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પિતાજી, તમે ગમે તે કહો, પણ મેં તો નિશ્ચયજ કર્યો છે કે, પરણવું તો સુધીરનેજ."

"છોકરી, હવે વધુ મા બોલ. તારે મારી ઇચ્છાનેજ આધીન થવું પડશે. તારી વધુ વાતો મારે સાંભળવી નથી."

× × ×

વિનોદચંદ્રે થોડાજ વખત પર સરિતાના વિવાહ શરદ નામના એમનીજ ન્યાતના એક પૈસાદાર યુવક સાથે ગોઠવ્યા હતા, પણ સરિતાને એ વાતથી અજાણ રાખવામાં આવી હતી. હવે એ વાત વધુ સમય દાબી શકાય એમ ન હતું, એટલે સરિતાને આજે એ ખબર આપી. સંજોગવશાત્ એજ ઓરડીની બારી પાસે બગીચામાં બેઠેલા સુધીરે બધો વાર્તાલાપ સાંભળ્યો અને એ ગંભીર વિચાર-ગર્તામાં ડૂબી ગયો. એણે નિશ્ચય કરી લીધો અને બીજેજ દિવસે વિનોદચંદ્રની રજા લઇ એ ઘરનો એણે ત્યાગ કર્યો. ક્યાં જવું છે એ કહ્યા વગર એ ચાલી નીકળ્યો. વિનોદચંદ્રની વાતોથી એના કુમળા મગજ ઉપર સખ્ત આઘાત થયો. એ અર્ધદીવાનો બની ગયો. આસ્માનમાંથી જમીન પર જાણે પટકાઇ પડ્યો હોય, તેમ એની સમગ્ર સ્વપ્નસૃષ્ટિના ભૂકા થઇ ગયા.

સરિતાની ધીરજ પણ ખૂટવા લાગી. દિવસો પર દિવસો વહી ગયા અને અંતે શરદ સાથે એ પરણી. એનાં જાણે બે લગ્ન થયાં. એક હૈયાનાં અને બીજાં હાથનાં. પહેલા લગ્નનો ફક્ત એકજ સાક્ષી હતો, જ્યારે બીજામાં આખું જગત સાક્ષીભૂત હતું.

× × ×

સરિતાનાં લગ્નને ત્રણ વર્ષ વીતી ગયાં. સુધીર હજી એના દિલમાંથી દેશપાર થયો ન હતો. એનો ઉરવારિધિ શાંત મૃત્યુ સાગર સરખો પડી રહ્યો હતો. એમાં નહોતી ભરતી ચઢતી કે નહોતી ઓટ આવતી. જ્યારે જ્યારે સુધીરની સ્મૃતિથી એનું હૈયું હાથ ન રહેતું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે થોડાં છૂપાં આંસુ એ સારી લેતી. એ અશ્રુપ્રવાહનાં મૂલ્ય કોણ આંકી શકે?

"દીકરી ને ગાય દોરે ત્યાં જાય" એ કહેવત અનુસાર મા-બાપ જેવો પતિ શોધી આપે તેવો-ન ગમતો હોય છતાં પણ-ગમે તેમ નભાવી લેવો, એવી વૃત્તિ હિંદુસ્તાનની સ્ત્રીઓમાં સ્વભાવિકજ કેળવાયલી હોય છે અને તે અનુસાર સરિતા પણ એ સંતોષવૃત્તિની કેળવણીથી સમય ગુજારતી શરદને ચાહી તો નજ શકી, છતાં તે આદર્શજીવન જીવતી, શરદ તેને ખુશ કરવા અનેક ફાંફાં મારતો છતાં તે સમજી ન શકતો. તેનું મન એ જીતી ન શકતો. તેના અંતરનો પ્રેમપ્રસાદ એના પર ન ઢોળાયો તે નજ ઢોળાયો.

ધીમે ધીમે સરિતાએ રાષ્ટ્રીયજીવનમાં પોતાનો ફાળો આપવા માંડ્યો. શરદ તેના માર્ગમાં આડે આવતો ન હતો, પણ તેને મદદ આપવા હમેશાં તૈયાર રહેતો. એમના પૈસાથી સરિતાએ ગરીબોને ભણાવવા શાળાઓ કાઢી; દુઃખીઓને માટે આશ્રમો કાઢ્યા; ભૂખ્યાઓને માટે અન્નક્ષેત્રો ઉઘાડ્યાં. સાદાઇથી તે ગરીબોનાં છાનાં અશ્રુઓ લૂછવા લાગી. તેને નહોતી પોતાનું નામ છાપાઓમાં આવતું જોવાની અભિલાષા કે નહોતી તેને ભાષણો કરવાની તમન્ના. તેના અંતરની અભિલાષા ફક્ત એકજ હતી, તેના જીવનસુકાનીને શોધવાની. અંતરના ઊંડાણમાં તેને શ્રદ્ધા હતી કે, વહેલો યા મોડો તેનો સુધીર તેને મળશેજ. તેના સેવાભાવી જીવનથી તે વગર બોલ્યે સુધીરને શોધવા પ્રયત્ન કરતી, તેના યુવાન દેહને સાદાઇ ને સંયમથી શોભાવતી.

× × ×

એક જર્જરિત કુટીરમાં ચોપાસ પથરાયલા અંધકારમાં એક ઝીણા દીવેલના દીવાના ઝાંખા પ્રકાશમાં એક યુવાન પથારીમાં દર્દભર્યો શ્વાસ લેતો પડ્યો હતો. જરા વાર ધ્યાન દઇને જોતાં ત્યાં એક મૃગચર્મ, ભિક્ષા માગવાની તુંબડી અને પાસે પડેલ એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંન્યાસીનું ભગવું વસ્ત્ર, એટલીજ વસ્તુઓ દેખાતી હતી. યુવાન થોડી થોડી વારે કાંઈક બબડતો હતો. "હું દીવાનો ? હા, હા, દીવાનો, દીવાનો. મારી દેવીને ખાતર હું પાગલ...પણ મને એ નહિ મળે ?...મળશેજ......જરૂર મળશે." વળી થોડી વારે કાંઇ બીજુંજ બોલતો. ના, ના, એ તો ગઇ...પરણી ગઇ...હવે મારે શું ?...મારે શા માટે હવે એનો વિચાર કરવો જોઇએ ?...પણ એ ક્યાં હશે ?......ના, ના, ફક્ત એક વાર મળું તોય બસ..." થોડી વારે એને ઊંઘ આવી ગઇ.

બીજે દિવસે બપોરે એની ઝૂંપડીમાં એક સ્ત્રીએ પ્રવેશ કર્યો. યુવકની આંખોમાંથી ઊની વરાળસમાં અશ્રુઓ ટપકી રહ્યાં હતાં. અચાનક એની આંખો પ્રવેશદ્વાર પર ઠરી અને એનામાં એકદમ ચેતન આવી ગયું, "કોણ, સરિતા ?" પથારીમાં તે અડધો બેઠો થઇ ગયો, પણ અશક્તિથી તે તરતજ પાછો પડ્યો. "હાશ ! હવે મારી તપશ્ચર્યા ફળી. બસ, હવે મારે બીજું કાંઇ નથી જોઇતું." આટલું બોલતાંજ એની વાચા બંધ થઇ ગઇ. સરિતાએ પણ એ યુવાનને ઓળખ્યો. તરતજ તે તેની પાસે જઇ પહોંચી. તે યુવક-સંન્યાસી સુધીર-નું માથું તેના ખોળામાં લીધું. સુધીરે એક ક્ષણ આંખો ઉઘાડી. "દેવી, વંદન......વિદાય" એટલાજ શબ્દો બોલતાં એનો આત્મા ઊડી ગયો. પ્રેમની પરીક્ષા સાચી પડી. સરિતાની આંખમાંથી બે અશ્રુ સરી પડ્યાં. તે તરતજ ઢળી પડી. એક પણ અક્ષરના ઉચ્ચાર વગર તે તેના હૃદયનાથને મળવા પાછળ ચાલી ગઇ. સ્નેહની સાહેલડી બહુમૂલાં બલિદાન આપી સ્વર્ગે સંચરી. પ્રેમની દેવીએ તેના પ્રેમનાં મૂલ્ય આંક્યાં. દેવીની દિવ્યશક્તિ અને પાગલ સાધુનો પ્રેમ જગતે જોયો.

("જયભારત"ના એક દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૪-તલ-સાંકળી

(લેખકઃ-શ્રી. હકુભાઇ કલાભાઇ)

"શાંતિથી ભજન કરે તે સંત,
તાણે નહિ કોઈ તંત...શાંતિથી."

ઉપરોક્ત ભજનની રામધૂન સંતદાસ મહારાજની ઝૂંપડીએ લાગી રહી હતી. સાથે ઢોલકની ફડફડાટી અને મંજીરાની ઝીક મચી રહી હતી. વચ્ચે તંબૂરો સૂરની એકતા સાધી, વાતાવરણ અજબ ધૂનમય બનાવી દેતો હતો. સંતદાસજીના ઉપરોક્ત ભજન-શબ્દો શ્રોતાજનોને જ્ઞાનસાગરમાં ડુબાડી દેતા હતા. પોતે બહુ સમજતા હોય તેમ કેટલાક માથું ડોલાવતા હતા, તો કેટલાક પોતાના ગોઠણ ઉપર હાથથી તાલ દેતા હતા.

આજે રામનવમીનો દિવસ હતો, તેથી સંતદાસની ઝૂંપડીએ ભજનો ગોઠવાયાં હતાં. ચારપાંચ ખેડૂત તથા બેચાર ગામના વેપારી વસવાયાં વગેરે માણસો ભજન સાંભળવા આવેલા હતા.

ગામની બહાર કરશન પટેલે પોતાની વાડીમાં સંતદાસ મહારાજને ઝૂંપડી બનાવી દીધી હતી. કરશન પટેલ ભગત હતા અને વળી સંતસેવાના કોડીલા હતા.

સંતદાસને ઝૂંપડીએ બેઠાં ગામમાંથી લોકો લોટ, દાળ, દૂધ વગેરે આપી જતા અને ઘટતી મદદ કરશન પટેલ કરતા. સંતદાસ એક સુપાત્ર અને ઇશ્વરપ્રેમી જ્ઞાની સાધુ હતા. સૌ કોઇને તે સદ્બોધ આપતા.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવરાશને વખતે માણસો બેસવા આવતા. તેમાં એક સોની હમેશાં મહારાજ પાસે જ્ઞાનની વાતો સાંભળવા આવતો અને પોતે જ્ઞાની હોવાનો ડોળ કરતો. પણ સંતદાસનો કાયમનો પરિચય હોવાથી સોની મહાજનને સારી રીતે જાણતા હતા. સોનીનું નામ પીતાંબર હતું અને લોભનું ઝાડવું કહો તો પીતાંબર હતો. "સોની ચોરે વાલ તો થાય પોણાનો માલ" એ પ્રમાણે એક તો સોનીનો ધંધોજ કમાણીવાળો અને એમાં પીતાંબરની ઝપટ એટલે પોતાની અરધી ઉંમરમાં તો ઘરનાં પાકાં મકાન બનાવ્યાં, તેના બે દીકરાને પરણાવ્યા, ઉપરાંત ખૂબ પૈસો ગાંઠે કરી લીધો હતો.

જ્યારે તે સંતદાસ પાસે બેસવા જતો, ત્યારે જ્ઞાનની વાતો સાથે મહારાજ તેને ધર્મકાર્યમાં પૈસો વાપરવા ખૂબ શિખામણ દેતા, પણ સોની એક ટળીને બીજો થયો નહિ. પછી સંતદાસે જાણ્યું કે, સોનીને જ્યાંસુધી અંતરનું જ્ઞાન નહિ થાય, ત્યાંસુધી ધર્મકાર્યમાં દ્રવ્ય વાપરશે નહિ.

ઉપર પ્રમાણે અમુક દિવસે સંતદાસજીની ઝૂંપડીએ ભજન-કીર્તન ચાલ્યાજ કરતાં. આજે રામનવમીનો દિવસ હોવાથી ઘણા માણસો ભજન સાંભળવા આવેલ હતા. રાત્રિના એક વાગ્યા સુધી ભજન થયાં અને ઉપરોક્ત ભજન છેલ્લું ગવાતું હતું ભજન પૂરૂં થયું અને થોડી વાર પછી સર્વ લોકો એક પછી એક સંતદાસની રજા લઇ ઘર તરફ જવા લાગ્યા, ત્યારે પીતાંબરને આજે નહિ જોવાથી મહારાજે કરશન પટેલને પૂછ્યું:

"પટેલ, પીતાંબર સોની કયું નહિ આતા? બહોત દિનસે દીખાતા નહિ હૈ?"

"બાપુ, દસપંદર દિવસથી તે બહુજ બિમાર છે અને આજ તો પૂરૂં બોલીયે શકતો નથી." પટેલે જવાબ દીધો.

"હા......બરાબર. જબ ઓ નહિ આતા, કલ ફજરકો મેં દેખ્ખૂંગા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉસ્કે પાસ જાઉંગા." સંતદાસ બોલ્યા.

બીજે દિવસે કરશન પટેલને સાથે લઇ મહારાજ સોનીની ખબર કાઢવા તેને ઘેર ગયા. સાથે એક સોય પોતાની ભગવી કફ-નીમાં ભરાવતા ગયા, કોણ જાણે શું કામ હશે?

સોનીના દીકરાએ એક ગોદડાની બેઠક તૈયાર કરી સંતદાસ-જીને તથા પટેલને સોનીની પાસે અંદર તેડી જઇ વિવેકથી આવકાર આપી બેસવા કહ્યું. સોની પણ ઘણો ખુશી થયો. સંતદાસજી બેઠા અને સોનીને પૂછ્યું: "કયું બેટા, તબિયત કૈસી હૈ?"

સોનીએ પોતાનો હાથ આકાશ તરફ ઊંચો કરીને ઇશારાથી સમજાવ્યું કે, "હવે જાઉં છું; છેલ્લા રામરામ છે, પૂરૂં બોલી શકાતું નથી."

સંતદાસજીએ વિચાર કરી એક પ્રશ્ન કર્યો: "બેટા એક કામ કરોગે?"

સોનીએ વાત જાણવા આતુરતા દર્શાવી.

મહારાજે પોતાની પાસેની સોય હાથમાં લઇ સોની તરફ હાથ લંબાવ્યો. મહારાજ કંઇ બોલે તે પહેલાં સોનીએ મહારાજના હાથ-માંથી સોય લીધી.

"યે તુમારે સાથ લે જાના." સંતદાસ બોલ્યા.

સોની વિચારમાં ડૂલ થયો. સોયને કેવી રીતે સાથે લઇ જવી? હાથમાં રાખવી, મોઢામાં રાખવી કે માથામાં રાખવી વગેરે પ્રશ્નોએ પીતાંબરને મૂંઝવ્યો.

તેના મનને છેવટ નક્કી થયું કે, આ દેહ તો અહીંજ રહેવા-નો છે. આત્મા સાથે સોય કેમ લઇ જઇ શકાય! જગત મિથ્યા છે, સર્વસ્વ અહીંજ પડયું રહેવાનું છે, કંઈ સાથે આવવાનું નથી. સોનીને અંતરજ્ઞાન થયું, માથું હલાવી સોય સંતદાસજીને પાછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપી, હાથ જોડી કાનની બૂટ પકડી. સંતદાસે જાણ્યું કે, હવે સોની સમજ્યો.

સંતદાસજી ઊભા થયા. સોનીએ ફરી વાર હાથ જોડ્યા. મહારાજ વિદાય થયા.

સોનીને દિલમાં ખરી અસર થઇ. અને વિચાર્યું કે, કંઈક પુણ્યદાન કરૂં, તેથી તેના દીકરાઓને બોલાવી કહ્યું કે, "ઓલી (સોનાની) સાંકળી લાવો, મારે પુણ્ય કરવું છે." આટલું તો માંડમાંડ બોલાણું. દીકરાઓના મનમાં થયું કે, કારણ વગરની સોદોઢસો રૂપિયાની સાંકળી કોકને આપી દેશે અને તેમાં આપણું શું વળવાનું હતું? હવે પુણ્યજ છે, માટે ભાભો કહે છે તે પોતે પૂરૂં સમજતા નથી એવો દેખાવ કરી વાતને ઉડાવી દેવા નક્કી કર્યું અને જવાબ દીધો કે, "શું તલસાંકળી? ઇ તમારે ખવાય નહિ."

પીતાંબરને થયું કે, દીકરો સમજ્યો નથી એટલે હાથ ગળા ઉપર રાખી ફરી વાર ઇશારા સાથે બેસી ગયેલા સાદે કહ્યું:

"ઓલી સાંકળી જોવે છે, ખાવાની નહિ."

દીકરાએ ફરી વાતને ઉડાવી દીધી: "શું તલસાંકળી ને? એનાથી કાંઇ સાદ ઊઘડે નહિ, ઊલટો સાદ બેસી જાય. ઈ ખવાય નહિ."

"આવી બિમારીમાં કાંઇ તલસાંકળી ખવાય?"

સોની સમજી ગયો કે, દીકરાઓએ વખત વર્ત્યો છે. તેથી તેણે સાંકળીની વાત પડતી મેલી અને બે હાથ જોડીને ઇશ્વરને પ્રાર્થના કરી કે, "જો એક વખત મને આમાંથી સાજો કર, તો દીકરાઓને કરી દેખાડું કે કેમ પુણ્ય થાય." તેને ખાતરી થઇ કે, અંતસમયે કોઈ કોઇનું નથી. હાથથી જે કાંઇ કર્યું તે ખરૂં.

ઇશ્વરેચ્છા બળવાન છે. પ્રભુને પણ સોનીનું પારખું જોવાનું મન થયું અને ધીરે ધીરે પીતાંબરની તબિયતમાં સુધારો થવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા દિવસમાં તદ્દન સારૂં થઇ ગયું અને હરવાફરવા માંડયું. તેના દિલમાં તલસાંકળીની વાત બરાબર નોંધાઇ ગઈ હતી.

તેણે એક દિવસ બજારેથી ઘેર આવી મોટા દીકરાને કહ્યું કે, "આજે ખબર આવ્યા છે કે, તારો સસરો ગુજરી ગયો છે. મને હજી બરાબર ઠીક નથી, તેથી હું જઇ શકીશ નહિ. માટે તમે બન્ને ભાઇઓ અને બન્ને વહુઓ જઇ આવો. આઠદસ દિવસ રોકાજો અને કારજ પછીજ આવજો, એટલે બીજો આંટો થાય નહિ."

આ વાત દીકરાઓને વાજબી લાગી અને બીજે દિવસે બંને દીકરાઓ તથા વહુઓ વહેલાં સવારે ગાડું જોડી રવાના થયાં.

પાછળથી તકનો લાભ પીતાંબરે લીધો. ગામમાંથી એક ગરીબ બ્રાહ્મણને બોલાવી પોતાના મકાનનો લેખ આપી દીધો અને વંશ-પરંપરાને માટે મકાન લખી દીધાં.

ઘરમાંથી બંને દીકરાની વહુઓના દાગીના ભેગા કરી ગામને ચોરે બેઠો અને જે ગરીબ નીકળે તેને આપવા માંડયું. એમ બધાં ઘરેણાં દાનમાં આપી દીધાં.

એક દિવસ આખા ગામને ધુમાડાબંધ જમાડયું, આખા ગામમાં જે બોલાઇ ગઇ. પોતે એક ભગવું કપડું પહેરી સંતદાસજીની ઝૂંપડીએ "બાપુ, જય સીતારામ" કરી ઊભો રહ્યો.

"બેટા, યહ કયા કીયા ?" સંતદાસજીએ પૂછયું.

"બાપુ, મારે હવે આપનાં ચરણોની સેવા કરવી છે. આપે મને સાચું જ્ઞાન બતાવ્યું, આપ હવે મારા ગુરુ છો." પીતાંબરે જવાબ આપ્યો.

પછી સંતદાસજીને સોનીએ બધી વાત કરી અને સંતદાસે પોતાની પાસે રહેવા તેને રજા આપી.

આનંદમાં તે પ્રભુભજનમાં દિવસો પસાર કરવા લાગ્યો. થોડા દિવસો બાદ તેના દીકરાઓ ગામથી ઘેર આવ્યા અને તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મકાનની સાંકળ ખખડાવી. "કોણ" કહી બ્રાહ્મણે આવી સાંકળ ઉઘાડી અને પૂછ્યું કે, "કેમ ભાઈ શું કામ છે?" બંને જણાને નવાઇ લાગી કે, આ શું કહે છે?

મોટા દીકરાએ કહ્યું કે, "કામ કાંઈ નથી, અમારૂં મકાન છે માટે આવ્યા છીએ, તારે પૂછવાનું શું કારણ છે અને તું અહીં શું કામે આવેલ છે?"

"ભાઇ તમારૂં મકાન તો હતું, પણ હવે તો અમારૂં છે. તમારા બાપાએ અમને વંશપરંપરા માટે દાનમાં આપ્યું છે, માટે તેને પૂછો, કહી બ્રાહ્મણ અંદર ચાલ્યો ગયો.

બંને ભાઇઓ વિચારમાં પડી ગયા કે, શું આ વાત સાચી હશે? તેઓ બજારમાં પીતાંબરને ગોતવા નીકળ્યા.

પૂછતાં લોકોએ કહ્યું કે, "એ તો સંતદાસ બાપુની ઝૂંપડીએ બેઠા હશે. આ વખતે તો પીતાંબરભાઇએ ભારે કામ કર્યું છે. સોના–રૂપાનાં દાન કર્યાં, ગામને જમાડ્યું અને મકાન પણ દાનમાં આપી દીધું, તમારા બાપાની શી વાત ઈ કાંઇ કેવાય!"

દીકરાઓએ જાણ્યું કે, ભાભે ભારે કરી. તલસાંકળીનો બદલો વાળ્યો. પછી તેઓ ઝૂંપડીએ ગયા.

પીતાંબર તો સંતદાસ પાસે બેઠો બેઠો ગાંજાની ચલમ ફૂંકતો હતો.

બંને દીકરાઓ પાસે ગયા અને પૂછ્યું કે, "બાપુ, આ શું કર્યું? બાવાની સંગત તમને પણ લાગી? બધું ધૂળધાણી કર્યું?

"બેટાઓ, મારૂં મેળવેલું હતું અને મેં વાપર્યું તેમાં કાંઇ ખોટું કર્યું નથી, હવે તમે કમાવ અને ખાવ. કાલ સવારની તલસાંકળીની વાત કાંઇ હું ભૂલી નથી ગયો. બેટાં, બાવાએ તો જિંદગી સુધારી દીધી છે, હવે જાવ રળીખાવ." પીતાંબરે જવાબ દીધો.

બાજુમાં ધુમાડા કાઢતા મહારાજ સંતદાસજી હસી રહ્યા હતા.

("શારદા" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૫-રાધામાંથી રશીદા

(લેખકઃ-શ્રી. હીરાલાલ આર. ડોક્ટર)

સાંજે પત્રો વેચતા ફેરિયાઓનો શોરબકોર ચોપાસ ગૂંજતો હતો. જાગૃત થયેલી લોકોની કુતૂહલવૃત્તિ મોહક મથાળાના બુમરાણથી આકર્ષાતી હતી. 'દર્પણ'ની એક કોપી મેં પણ ખરીદી અને હકીકત ઘેર જઇ નિરાંતે વાંચવાના વિચારથી મેં ચાલવા માંડયું.

સ્થાનિક 'હિંદુ સભા'નો હું સેક્રેટરી હતો. રાધા-રહેમાન પ્રકરણના બારામાંજ, 'મેનેજિંગ કમિટી'ની 'મિટિંગ' બોલાવવામાં આવી હતી. જરૂરી ચર્ચાને અંતે મારે જાતે જઇ એ બાબતની અંગત તપાસ કરવાનું નક્કી થયું હતું.

અને હું પખાલીની પોળ તરફ-ઘર તરફ જઈ રહ્યો હતો, એટલામાં રસ્તે જતા તાપીદાસ નજીકની દુકાન તરફ હસતાં હસતાં વળ્યા.

તાપીદાસનો પહેરવેશ અને રીતભાત કોઇ 'ઇશ્કી ટટ્ટુ' જેવાં હતાં.

એને બોલાવનાર રસ્તા પરની એક નાની દુકાનનો સોની હતો. ઉઘાડે શરીરે અને અડધી પોતડીએ એ પોતાનું કામ કરી રહ્યો હતો. સામેજ આંજણ આંજેલી વિલાસી ચહેરાની ઊજળી સ્ત્રી બેઠી હતી. સોની સુકલકડી હતો; ઓરત જામેલી હતી.

જિજ્ઞાસુવૃત્તિને અંગે હું પણ સહેજ દુકાન પાસે ધીરો પડી ગયો-લગભગ થોભી ગયો.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેમ મકન! હું કેટો હટો!" પાનની પિચકારી મારી તાપી-દાસ તરત મકનની બાજુમાંજ-સ્ત્રીની બરાબર સામેજ દસી ગયા.

તાપીદાસ સૂરતી પેદાશ છે, એની તો તરત મને સમજ પડી ગઇ.

"ઓલી રાધાએ ગજબ કર્યો! માળી ધોળે દીએ મુસલમાનના ઘરમાં ગરી ગઈ, જુલમ થઈ ગયો, તાપીદાસ! નહિ?"

મકન ઘાટ ઘડયે જતો હતો-વાત કર્યે જતો હતો "એમાં હાનો જુલમ? ઓરત મઝેની જિગરદાર દેખું રાજ્જા! ખરૂં કેની? કેમ બોલટાં નથી, ગોડાવરી ભાભી?"

તાપીદાસે ઓરતના જિગરની કદર કરી અને ગોદાવરી ભાભીને જોઇ મલક મલક થઇ ગયા.

"તે ચારે કોરથી સોરવાઈ જાય-કોરવાઇ જાય, પછી બાપડી જ્યાં આંતરડી ઠરે ત્યાં ભાગી ન જાય તો કરે શું?"

ગોદાવરી ભાભી લચક ખાઇ 'બિચારી'ની વહારે ધાયાં!

"હમજ્યો રાજ્જા!!" મકનના ખુલ્લા વાંસા પર પોચો ધબ્બો મારી તાપીદાસ ખડખડાટ હસી પડ્યા.

ઓરત આછું આછું હસી રહી હતી; દર્દભરી આંખ તાપી-દાસની આંખમાં ભેરવી રહી હતી—ઝેર ભરી રહી હતી.

તાપીદાસ એ ઝેર પીવામાં મગ્ન બન્યે જતો હતો.

મેં ચાલવા માંડ્યું.

અને આમ જ્યાંત્યાં, વાટેઘાટે અને ચૌટેચકલે, શું સ્ત્રી કે શું પુરુષ આજ ગમખ્વાર વિષયની ખણખોદ, રાધા-રહેમાનનીજ ચર્ચાની એક યા બીજી બાજુની જુદા જુદા ઢંગથી ઊંડો રસ લઇ-લઇને, રંગ દઇદઇને કરી રહ્યાં હતાં. મેનેનજાઇટિસના રોગની માફક આ ચર્ચા ચોપાસ પથરાઇ ગઇ હતી.

આખુંયે અમદાવાદ રાધા-રહેમાનનાજ પ્રકરણમાં જાણે પરો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાઇ ગયું હોય એમ જ્યાંત્યાં પીંજણ કરતું મને જણાતું હતું. ચર્ચા કરનારાઓમાં લગભગ બધાંજ હિંદુ સ્ત્રી–પુરુષો હતાં. અને છતાંયે કોઇ-ની વાણીમાં ગમ નહોતી—એક દિશાભૂલી, વેડફાઈ ગયેલી ઓરત પ્રત્યે દિલસોજી નહોતી. જાતિસ્વભાવ ઘવાયા બદલ જરાયે ક્યાંય રંજ જણાતો નહોતો—હિંદુસમાજના પેટાળમાંથી હૃદયસ્પર્શી ઉગ્ર આવે-શોના ધક્કાઓથી બહાર ફેંકાઈ ગયેલી એક એકલવાયી કમનશીબ લાચાર હિંદુ સ્ત્રીની નિરાધારી પ્રત્યે–પરવશપણા પ્રત્યે, ક્યાંયે કાંઇજ કુમાશ, કરુણા, ડંખ કે દર્દ નહોતું. જાણે કોઈ હાસ્યાસ્પદ બિન-જવાબદાર વિષયની ઠેકડી કરતાં હોય એમ દરેકની વાણીમાં ટીકા, કટાક્ષ અને ઘૃણા ભારોભાર ભર્યાં હતાં. એમને પોતાને કે હિંદુ-સમાજને આ પ્રસંગ સાથે જાણે કશુંજ લાગતુંવળગતું ના હોય એટલી આસાનીથી, હૃદયને જરા પણ થડકાવ્યા સિવાય, બધાંજ ચર્ચાના ઊંડાણને વલોવી રહ્યાં હતાં.

જ્યારે હું ઘેર પહોંચ્યો ત્યારે ઉદ્વેગથી હું છેકજ બેફામ જેવો બની ગયો હતો.

"આ લ્યો, તમારી પેલીએ ઉકાળ્યું તે! હવે તમે બધા હિંદુ-સભાવાળા આડા હાથ દેજો—"

જેના ચારિત્ર્ય માટે લગભગ આખી પોળને શંકા તો શું બલ્કે ખાતરીજ હતી, એવી એક છકેલીએ મારા મકાનના સામા ઓટલેથી મને જોતાંજ ઝીક ઝાપટી: "રાંડે, બાપદાદાનું નામ બોળ્યું!"

હું ક્રોધભર્યો ઝડપથી ઘરમાં પેસી ગયો. પહેરેલા કપડેજ હું મારી આરામખુરસીમાં પટકાયો. મારો ચહેરો તપી ગયો હતો. મગજ શૂન્ય થઇ ગયું હતું. હું સૂમસામ થયે જતો હતો. મેં આંખો બંધ કરી દીધી.

ઘડિયાળનો એક ટકોરો જ્યારે મારી તંદ્રાવસ્થામાં ઊંડે ઊતરી ગયેલી ચેતનાને અથડાયો ત્યારે હું ઝબકી ઊઠ્યો. એ અગિયારનો છેલ્લો ટકોરો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને ઊંઘી ગયેલો ધારી મારા સ્વભાવના જાણકાર કોઈજ સ્વજને મને ઉઠાડ્યો નહોતો.

મારી મગજની અસ્વસ્થતાને અંગે મારી અર્ધબેભાન થયેલી હાલત પ્રત્યે તાજુબ થતો હું ઊઠ્યો.

કપડાં કાઢી, હાથમોં ધોઇ જ્યારે મેં બારી બહાર ડોકિયું કર્યું, ત્યારે પોળ લગભગ શાંત થઇ ગઇ હતી અને અમદાવાદ પર આકાશી અંધારાં અને નિદ્રાનાં ધારણ ઊતરી ચૂક્યાં હતાં.

મારી સ્મૃતિને પેલું 'પેપર' અથડાયું. મેં વાંચવા માંડ્યું: "કાળુપુર–રાજા મહેતાની પોળમાં દીનાનાથ નામના એક શખ્સની વીસ વર્ષની યુવાન ઓરત નામે રાધા સવારે નવ વાગ્યે રહેમાન નામના કાળુપુર–પાંચ પટીમાં રહેતા એક મુસલમાન મોટર ડ્રાઇવરના ઘરમાં છચોક જઈ બેસી ગઇ છે. દીનાનાથ આબરૂદાર કુટુંબના આધેડ ઉંમરના બીજવર–ઔદિચ્ય બ્રાહ્મણ છે અને રાધા પોતે પણ એક કુલીન–સંસ્કારી બ્રાહ્મણ યુવતી છે. સાંભળવા પ્રમાણે દીનાનાથને પોતાને રાધાના ચારિત્ર્ય માટે શંકા ઊપજતાં ઘરમાંથી કાઢી મૂકેલી–અને રાધા પોતાના ભાઇને ત્યાં રહેતી હતી, પણ પછી કોઇ અણજાણ કારણને અંગે રાધાએ આ સાહસભર્યું પગલું શાથી ભર્યું, તે પર હજુ પૂરો પ્રકાશ પડી શક્યો નથી. કહેવાય છે કે, દીનાનાથ પોતાની પરણેતર સ્ત્રીનો કબજો મેળવવા અને રહેમાન પર કાયદેસર કામ ચલાવવા આવતી કાલે કોર્ટે ચડનાર છે. લાગતાવળગતાઓ ત્યાંસુધી રાધાને સમજાવવાની કોશિશ કરી રહ્યા છે. જે થશે તે વાજતુંગાજતું માંડવે આવશે–અમારી તો ભલામણ છે કે, દીનાનાથે કોર્ટે ન ચઢતાં આ કમનશીબ બાબતનો બને ત્યાંસુધી ઘરમેળેજ નિવેડો લાવવો."

મારૂં અંતર વલોવાઇ જતું હતું! દારુણ મનોવેદના મારા હૃદયને ચૂંથી નાંખતી હતી!

"ઓહ! રાધા! બહેન! કમજાત હિંદુસમાજના અસહ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકસરખા ઘા પર ઘા તેં હસી હસીને ઝીલ્યા હશે! જીરવ્યા હશે! પરંતુ છતાંયે આખરે તું થાકી-હારી-નાસીપાસ બની! અનેક સામાજિક બદીઓથી સડી રહેલા હિંદુસમાજ વચ્ચેથી છાતી પર કેટકેટલા ભાર ઊંચકી તું ગુપચુપ એકલીજ તારાં પ્રિય સ્વજનોને-કુટુંબીઓને-તારી ન્યાતને-જાતને-અને આખાયે સમાજને ધિક્કારના ધીકતા જ્વાળામુખી સાથે તજી ગઇ હશે!

"બહેન! મા! હિંદુસમાજની છાતી ચીરી, વચ્ચેથી એકાકી વહી ગયેલી તને, તારા જિગરને, જતી વખતે કેટકેટલા મધુર અને કઠોર સંસ્મરણોએ ઘેરી લીધી હશે! હિંદુઓની પેઢી દર પેઢીએ ઊતરી આવેલી તારા પિતાની ખાનદાની! તારી વાત્સલ્યમયી માતાનો પ્યાર! તારાં ભાંડુઓની પ્રીતિ!!......બહેન! કેટલી મધુર તારી બાલ્યાવસ્થા હશે! કેટકેટલી ઉજમાળી આશાઓના થોક વચ્ચે તેં તારી કિશોરાવસ્થા વિતાવી હશે! કેટકેટલી મોહક મહત્ત્વાકાંક્ષાઓએ તારી જુવાનીને ઝીલી લીધી હશે!

"ઓહ! કેટલો ઉમદા જ્વલંત તારો ભૂતકાળ હશે! અને છતાં આજે કેટલું ઘોર નિરાશાજનક ભાવી સમાજને વીંધી તને સંસારના ભવરણમાં ભટકાવી રહ્યું છે! નિરાશાઓ અને નિષ્ફળતાઓના જખ્મો-ભરેલા તારા એક વખતનાં સ્નેહ અને સૌજન્યભીના હૃદયને આવી કેટકેટલીએ સ્મૃતિઓએ કેવું હચમચાવી નાખ્યું હશે! સંસારમાં ઊતરી આવેલી અસહાય મુસીબતોના વંટોળને તેં કેટકેટલી કારમી મનોવ્યથાની આંધીઓ વચ્ચેથી સહેતાં સહેતાં પસાર થવા દીધું હશે!

"તું રડતી હશે? રડતી હઇશ! પરકોમીઓ વચ્ચે તારી અ-વિરત અશ્રુધારાઓને આશ્વાસન આપી અટકાવનાર તારા સ્વજનો-માંથી કે અમે તારા જાતિબંધુઓમાંથી, આજ તારી પાસે કોઈ પણ નથીજ? એક પણ નહિ? કેવું કઠોર નિર્માણ! કેવું ભયાનક ભાવી!

"બહેન, રસાતળ જવા સરજાયેલા આ અધમ હિંદુસમાજને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષમા કર–અમે પતિત છીએ—"

"રાધા ! મા !—"

અનર્ગળ આંસુઓએ મને ભીંજવી દીધો હતો. દર્દનાક હૃદય-મંથનથી હું બેજાર રડી રહ્યો હતો. રુદન અને નિસાસા વચ્ચે મેં મારું માથું ઓશીકામાં છુપાવી દીધું.

× × ×

પ્રભાતના મનોહર કેસૂડા રંગે મઢાયલા આભમાંથી સૂર્યનો નારંગી પ્રકાશ અમદાવાદ પર ક્યારનોયે પથરાઈ ગયો હતો. જગત પર સૂર્યનાં તેજકિરણો ઊતરવા માંડ્યાં હતાં. અમદાવાદની ધરતી ઉદ્યોગી બની ધમધમી રહી હતી.

લગભગ દસેકને સુમારે પરવારી હું પાંચપટી પહોંચી ગયો. મેં રહેમાનનું ઘર શોધી કાઢ્યું. એ ઘરની આસપાસના ઓટલે અને આજુબાજુ લગભગ પચીસત્રીસ મુસ્લિમ જુવાનો હરતા-ફરતા બેઠા હતા અને દરેક જનારઆવનારને શંકાથી માપતા હતા.

"રહેમાનભાઈનું ઘર આ ?" એમાંના એકને મેં બેધડક પૂછ્યું.

"કેમ શું કામ છે ?" દાદાશાહી તબિયતના એક જુવાને મને ધારીને જોઈ લીધા પછી કડકાઈથી પૂછ્યું.

"મળવું છે." મેં બિલકુલ સ્વસ્થતાથી જવાબ આપ્યો.

"એ......મ! અરે–રહેમાનભાઈ ! જરા બાહેર આના ? કોઈ મિલને ચાહતા હય!" પેલાએ જોરથી અવાજ દીધો.

સામેના ઓટલે અંદરથી એક જુવાન બહાર આવ્યો. જુવાન સુડોળ અને સુંદર હતો.

"કેમ શું કામ છે ?" ગંભીરતાથી એણે પૂછ્યું.

"મારે રાધાબહેનને ખાસ મળવું છે."

મેં શાંત નિશ્ચલ અવાજથી જણાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને ખબર હતી કે, અમદાવાદી મુસલમાનો ગુજરાતી સારી રીતે બોલી શકે છે-સમજી શકે છે.

"તમે કોણ છો? એમના કોઇ સગા છો?" એના ચહેરા પર કરડાઈ આવી.

"હું હિંદુસભાનો મંત્રી છું." હું એમને સમજાવવા નથી માગતો, સાંભળવા માગું છું." મેં સ્પષ્ટતા કરી.

"ઠહરો!" કહી એ અંદર ચાલ્યો ગયો.

હું એકલો બેપરવાભરી સ્વસ્થતાથી ઊભો હતો.

પેલાઓ આપસઆપસમાં ગુસપુસ કરતા મને મિશ્રિત લાગણીથી જોતા હતા.

"જેની નસેનસમાં હિંદુ પેઢીઓનું રુધિર ભર્યું છે, એવી ગઇકાલની એક હિંદુ ઓરતનું જતન અને રક્ષણ કરવાને આજ પરકોમના પચીસત્રીસ જુવાનો ખબરદારી દાખવી રહ્યા છે અને અમારા હિંદુઓ! ક્યાં છે?......"

"અંદર આવો!" રહેમાનના આમંત્રણથી હું અચાનક ચમક્યો. મારી વિચારમાળા તૂટી પડી અને હું એની પાછળ પાછળ ઘરમાં ગયો.

"જરા બેસો!" અંદરના ખંડમાં એક ખુરશી પર બેસવાનો ઇશારો કરી રહેમાન ચાલ્યો ગયો.

હું બેઠો. મારા અંતરમાં સહજ અસ્વસ્થતા આવી અને સરી ગઇ. મેં ચોપાસ જોયું. ગરીબ ઘરનો ત્યાં સામાન્ય દેખાવ હતો.

"નમસ્તે, ભાઈ."

સામેના બારણામાંથી એક વીસ-બાવીસ વર્ષની સૌંદર્યસંપન્ન યુવતીએ મને સદ્‌ભાવથી નમસ્કાર કર્યા અને સામેની એક સાદડી પર આવી બેઠી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નમસ્તે, બહેન !" ઊભા થઇ મેં સત્કારનો બહુ માનથી પ્રત્યુત્તર વાળ્યો.

ગુજરાતણનો સુસજ્જિત એનો પહેરવેશ હતો–હું સમજી ગયો કે, એ રાધા હતી.

ઘડીભર ત્યાં મૌન વ્યાપી ગયું.

"બહેન ! આ શું સૂઝ્યું ?" મેં મૌન તોડતાં ખિન્ન સ્વરે પૂછ્યું.

"મુસલમાન થવું છે! બ્રાહ્મણી મટી બીબી બનવું છે !" એ ખડખડાટ હસી–એ હાસ્યમાં હિંદુસમાજની તુચ્છતાઓને પડકારનો ધિક્કારનો ઘોર રણકાર ભર્યો હતો.

ગ્લાનિથી હું સહેજ ડઘાઇ ગયો.

"તમારૂં નામ શું છે ભાઇ ?" રાધાએ શરૂઆત કરી.

"ગમનલાલ !" મેં કહ્યું.

"ગમનભાઇ ! છેંતાળીસ વરસના, ગરમીના રોગી સાથે મારૂં લગ્ન કર્યું–માબાપે પૈસા લીધા અને ભાઇનું લગ્ન કરી આપ્યું. મારા પતિદેવને ઘરમાં અઢાર વર્ષની વિધવા પુત્રી છે. અને આ ધર્મ–કર્મ-કાંડ કરનાર અને કરાવનાર બહારથી પવિત્ર દેખાતા દંભી દીનાનાથ શુક્લ અંદરખાનેથી પૂરા વેશ્યાગામી છે અને વેશ્યાએજ એમને વારસામાં આ રોગ આપેલો છે."

એ સહેજ અટકી–એના મોં પર લોહી તરી આવતું હતું.

"શું કહો છો ? દીનાનાથ શુક્લ ??" મારાથી રાડ પડાઇ ગઈ.

"હા, હા, દીનાનાથ શુક્લ ! દારૂ પણ પીએ છે અને પછી સંસાર ભોગવવાને અશક્ત એવો આ જીર્ણ, કામી પુરુષ નિરાશ થતાં મને અતિ કનિષ્ટ ગાળો અને મારફાડથી પરેશાન કરી મૂકતો."

તે ફરી થોભી, એણે શ્વાસ ખાધો.

"રમાનાથ એનો ભાઇ થાય–મારો દિયેર થાય. એ રખડેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણાતો હતો, એટલે એને કન્યા મળેલી નહોતી. પણ હવે હું હકીકતને ટુંકાવીશ. યૌવનને કાબૂમાં રાખવાની તમામ કોશિશો અને કુળનું અભિમાન છતાં એક કમનશીબ પળે હું રમાનાથની વાસનાનો ભોગ થઇ પડી–આખરે સગર્ભા થઇ! મારા પતિ તો પોતાની અશક્તિ જાણતા હતા. એમણે મારા પર સિતમ ગુજાર્યો–પેલો દુરાચારી, કાયર રમાનાથ તો ભાઇને ભરૂંસેજ જીવતો હતો, તે ક્યાંક ભાગીજ ગયો. હું એકલી પડી ગઇ. મને પારાવાર પસ્તાવો થયો. ત્રાસ–સિતમ વરસાવી આખરે એણે મને કાઢી મૂકી. હું ભાઇને આસરે ગઈ. ત્યાં ભાભી અને સગાંઓએ મને ચાવી નાખી. મારો ધણી ત્યાં આવી અત્યંત ધાંધલ કરી તોફાન મચાવી મને પાછો ઘેર તેડી લાવ્યો અને તમે માનશો ? બીજી રાત્રે એના બે સંબંધીઓની મદદથી એણે મને મુશ્કેટાટ બાંધી. મારા શરીર પર ડામ દીધા! રાત્રિ હતી! ખૂબજ વરસાદ વરસતો હતો! અને એ અવસ્થામાં એણે મને ઘર બહાર, પોળ બહાર ઉપાડી મૂકી દીધી–સગર્ભાવસ્થાની અને શરીરની અનેક યાતનાઓને અંગે હું લગભગ બેહોશ જેવીજ થઇ ગઇ હતી. ત્યાં આ રહેમાન આવેલા. તેમણે મને પોતાની મોટરમાં નાખી, હૉસ્પિટલમાં મૂકી જવા મરજી બતાવી. ઇજ્જતના ભયથી મેં ના પાડી. એ મને પોતાને ઘેર લઇ આવ્યા અને પોતાની એક સગીને બોલાવી મારી સારવાર કરાવી. બારમે દિવસે મને પ્રસવ થયો–મૃત બાળક અવતર્યું. એની પણ એમણેજ વ્યવસ્થા કરી અને જ્યાંસુધી હું સાજી થઇ, ત્યાંસુધી એણે મારી દયાભાવેજ માત્ર સારવાર કર્યે રાખી અને પછી મને ગઈ કાલે સાંજે ઇજ્જતભેર એમણે રજા આપી.

"હું ફરીથી મારા પતિ પાસે ગઇ. મેં આંસુઓ સાર્યાં–ખોળો પાથર્યો–એમની દયાની ભીખ માગી–તેમ તેમ મારા પર ગાળ અને ગડદાપાટુઓ વરસાવી, મારો ચોટલો ઝાલી એમણે મને બારણા બહાર ફેંકી દીધી. કોઇજ કુટુંબીએ, કોઇજ પાડોશીએ, મારા ખુદના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઇએ કે તમારા કોઇ પણ હિંદુએ મારી દાદફરિયાદ સુધ્ધાં સાંભળી નહિ. આખી ન્યાતજાતમાં 'હું મુસલમાન જોડે નાસી ગઇ છું' એવાજ સમાચાર ફેલાવવામાં આવેલા હોવાથી કોઇ કહેતાં કોઇએય મને આશરો તો ઠીક, પણ પાણી સુધ્ધાં પાયું નહિ. આખરે આખી રાત હું એક વાડીના ઓટલે જાગતી પડી રહી. અનાથાવસ્થા–લાચારી, પરેશાની વગેરે અનેક રૂંધામણોથી હું બેબાકળી બની ગઇ. તમારો હિંદુસમાજ જો રસાતાળ જતો હોય, તો તેને રસાતાળ કરવા હું અંધ બની તત્પર થઇ ગઇ. હિંદુસમાજની નીચતાઓથી મારી ધર્મ પરથી સદંતર શ્રદ્ધા ઊઠી ગઈ. રહેમાન જેવા રહેમદિલ પરકોમી-નો–મુસલમાનનોજ આશરો લેવાનો મેં કૃતનિશ્ચય તેજ રાત્રે કરી લીધો અને બીજે દિવસે ઊગતે પહોરેજ હું એમને આશરે આવી બેસી ગઈ. મારી વીતકકથા એમને મેં કહી બતાવી. મારો સ્વીકાર કરવા મેં એમને આગ્રહ કર્યો અને એમણે મારો સ્વીકાર કર્યો."

એ અટકી. કલંકિત અને અપમાનિત યાદદાસ્તોથી એનો ઊજળો દેહ કમકમી રહ્યો હતો. ગગન જેવા ઘેરા નીલા રંગની એની આંખોમાં અશ્રુકણો ઊભરાઇ રહ્યાં હતાં. હું ક્ષુબ્ધ થઇ ગયો. ગમ-ગીનીના અસહ્ય ભારથી હું સ્તબ્ધ બની ગયો.

એ શાંત થયે જતી હતી. ઘડીભર ત્યાં શાંતિ પથરાઇ રહી.

જે અંધાર રાત્રિએ એના ત્રાસિત આત્માએ દુઃખ અને સિતમો વેઠ્યાં હશે, એ રાત્રિ જેટલીજ ભયંકર, એટલીજ રહસ્યવાળી, આ કમનસીબ હિંદુ ઓરતની કરુણ છતાં સંક્ષિપ્ત જીવનકથા હતી. અજંટાની કમળવેલ જેવો એનો લાલિત્યભર્યો સૌંદર્યદેહ, સંસ્કાર અને માધુર્યભરી એની મંદ, સ્વચ્છ વાણી, અરે! આવી સતી થવાને સરજાયેલી એક સંસ્કારમૂર્તિ એક દુરાચારી, દુષ્ટ અને અન-ઘડને પનારે પડી ખેદાનમેદાન થઇ હિંદુસમાજમાંથી કલંકિત બની અકાળે અવસાન પામી ગઇ!! એની સંજોગોવશાત્ થયેલી એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂલ, માત્ર એકજ ભૂલ ! જાહેર કરેલી-થયેલી ભૂલ ! એનો આટલો બધો ભયંકર દંડ વસૂલ કરવાનું જોખમ વહોરી આ અન્યાયી હિંદુસમાજ પોતાના સર્વનાશને નોતરતો નથી શું ? આવી કેટલીએ રાધાઓ આ સમાજ વચ્ચે રોળાઇ-રગદોળાઈ જઇ-ત્રાસી જઈ નાસી જતી હશે ! આપઘાત કરતી હશે ! પરકોમમાં ભળી જતી હશે ! ઓ !"—

વિચારોની યાતનાથી મારા શરીરમાં શૂળો ભોંકાવા માંડી—

"બહેન ! તમારી હકીકત ખરેજ હિંદુઓને શરમિંદા બનાવનારી-હિંદુઓની કરુણ કલંકકથા છે !" મારો અવાજ આર્દ્ર બની ગયો હતો.

એની આંખ મારા આશ્વાસનથી ભીની થયે જતી હતી—આખરે તો એ હિંદુ સ્ત્રી ને !

"દીનાનાથ કોર્ટ મારફતે તમારો કાયદાથી કબજો લેવા માગે છે અને રહેમાનભાઇને કાયદાથી નસિયત કરાવવા માગે છે, તેનું કેમ ?" મેં મુદ્દાનો સવાલ પૂછ્યો.

"કાયદો ??" તે સહેજ ફિક્કું હસી.

"કંઇક વરસો પહેલાં ઘડાયેલા અને ત્યજાયેલી હિંદુ નારીને સદંતર અન્યાય કરનારા કાયદાની ઓથ લઇને તમારો હિંદુધર્મ, હિંદુસમાજ કે હિંદુ પતિ શું સાર કાઢવાનો છે ? એક રૂઠેલી ઓરતના નિશ્ચયને ફેરવવાની તાકાત તમારી કોર્ટો કે કાયદામાં નથી, અરે ! એની વેગવાન ગતિની આડે તો કુદરત પણ આવી શકતી નથી, એ વાત તમે તમારા બેવકૂફ અને કંગાળ સમાજને જઇને સમજાવજો. રહેમાન જેલમાં હશે, તો હું પણ એમની સાથેજ હઇશ-અને કોઇજ સત્તા મને એમનાથી વિખૂટી નહિ પાડી શકે, એની કદાચ તમારા મુડદાલ હિંદુઓને ખબર નહિ હોય."

એની આંખોમાં મક્કમ નિશ્ચયની રતાશ તરી આવી.

"ભાઇ ! દૂધમાં મીઠું તો હવે ક્યારનુંયે ભળી ગયું છે. કાય-

CC-0: In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાથી મારો કબજો લઇ એ મને શું કરશે? ભરણપોષણ આપશે? ક્યાંસુધી? ક્યાંસુધી મને એ સૌભાગ્યવતી 'વિધવા' રાખી શકશે?

તમારો સમાજ–સગાં–સંબંધી અને ખુદ દીનાનાથ પોતે પણ મને ઘરમાં–સાથે તો રાખવા ઇચ્છતોજ નહોતો–હવે તો ઇચ્છેજ નહિ–તો પછી કાયદો મને જિવાઇ અપાવશે–અને રહેમાનને ખસેડી-જ નાખશે, તો હું જિવાઇ લેતી રહીશ અને વાટ જોતી રહેમાનને પાછા ખોળી લઇશ! એમની નજરે વંઠેલી, વહી ગયેલી ઓરતને હવે એક વધુ પગલું ભરતાં ભય શો?"

એની વાણી અસ્ખલિત હતી–એના વિચાર મક્કમ હતા.

મારી આંખમાં આર્દ્રતા છવાઇ ગઇ–ઝળઝળિયાં આવી ગયાં.

"ગમનભાઇ, જે જાતિમાં મારે તમારા જેવો ભાઇ હતો, એ પેઢીઓની જાતને ત્યજી દેતાં મેં હજાર હજાર વીંછીઓની વેદનાઓ વેઠી નહિ હોય? પણ આપણો સનાતન હિંદુધર્મ–આજે ન્યાતના પટેલોનો–કુળવાનોનો, શાસ્ત્રીઓનો અને શ્રીમંતોનોજ 'સગવડ-ધર્મ' બની ગયો છે. આજે એની ભીતરમાં બાળલગ્નો, વૃદ્ધલગ્નો, પુનર્લગ્નોનો વિરોધ ખદબદી રહ્યો છે અને એને અંગે થતા ગર્ભ-પાતો–વિધવાઓના અનાચારો અને એને અંગે ત્યકતાઓ બની થતી વેશ્યાઓ–ન્યાતજાત અને ધર્મનાં અનેકાનેક તુચ્છ ભેદો અને કૌભાંડો, આ અને આવોજ દુર્ગંધી સડો હિંદુસમાજ અને હિંદુધર્મની ઇમા-રતના પાયાને ડગમગાવી રહ્યો છે. જો હવે ઊંઘતા પ્રમાદી હિંદુ ધર્મા-ચાર્યો અને દંભી સમાજસુધારકો નહિ જાગે અને તમારો હિંદુધર્મ જો પતિતો–પતિતાઓ–દીનો–કમતરીનો અને હરિજનોનો એક અભંગ અને અખંડ ધર્મ જો હવે નહિ બને, તો હિંદુધર્મની ડોલતી ઇમારત એના મૂળ પાયામાંથી હચમચી ઊઠી જમીનદોસ્ત થઇ જશે અને હિંદુધર્મ અને હિંદુસમાજની કબર પર વૈરની તૃપ્તિભર્યાં અટ્ટહાસ્યના વરસાદો વરસશે.!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ અચાનક અટકી ગઈ, એની ગૌરવભરી આંખોમાં શાંત-પ્રકાશ પથરાયો. કોઇ તેજસ્વી ભાગ્યવિધાતા હિંદુસમાજની ભવિષ્યવાણી ભાખી રહી હોય એવી દેવાંગના જેવી એ મને ઘડીભર લાગી.

હિંદુસમાજના ભાવી વિનાશની આગાહી આપતી યોગમાયાની છટાથી તે બોલતી ઊભી થઇ ગઈ.

"બહેન ! મા ! પવિત્ર નારાયણધારા જેવી તારી સૌમ્ય મમતાળુ વાણીથી હું આજ પાવન થયો. હિંદુસમાજને ક્ષમા કરો !"

અને વ્યથિત હૃદયે, અશ્રુભરી આંખે હું ત્વરાથી બહાર નીકળી ગયો. હું અત્યંત દુભાઇ ગયો હતો. દુઃખ, વિષાદ અને અકથ્ય ગમગીનીથી મારૂં માથું ધમધમી ગયું હતું.

હું ઘેર આવી સુમસામ સૂઇજ ગયો.

* * *

"રાધાએ સ્વીકારેલો ઇસ્લામ ધર્મ ! બ્રાહ્મણી બદલાય એટલે બીબી થાય ! રાધા–રહેમાનનું જોડું મીરાદાતાર તરફ ઊપડી ગયું."

સાંજે છ વાગે 'રીચીરોડ' પર આવતાંજ ફેરિયાઓનો કોલાહલ મારે કાને અથડાયો. હું ચમકી ગયો.

એજ ટીકા ! એજ કટાક્ષ ! એજ ઘૃણાત્મક ચર્ચા !!

ચુપચાપ મેં 'દર્પણ'ની એક કોપી ખરીદી. અંદર રાધાનો ફોટો હતો. રાધાએ રશીદા નામ ધારણ કર્યું હતું.

ઓહ ! ક્રૂર અને કાયર હિંદુસમાજની ભયંકર સિતમચક્કી વચ્ચે ભિંસાઇને પિસાઇ જતી ઓરતોનું કેવું બદનસીબ ! રાધા રસીદા થઇ ગઇ !!

મને તમ્મર આવતાં હતાં. ચૂરેચૂરા થઇ ગયેલું હૃદય બંધ પડી જશે એમ મને લાગ્યું. અશ્રુઓને વહેવા દઇ, હૃદય પર હાથ દાબી, ફૂટપાથને એક ખૂણે બેભાન જેવો હું બેસી ગયો !

("મુંબઈસમાચાર"ના એક દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४६—एक पतितानी आत्मकथा

(લેખિકા:-શ્રીમતી એમ. રાણાવાયા)

(નોંધ:—ગયા મે મહિનામાં મારા પતિ સાથે હું ગુજરાતના પ્રવાસે ગઇ હતી. મારા પતિ હસ્તરેખાશાસ્ત્રી (પામિસ્ટ) હોવાથી તેઓની ઑફિસમાં એક વેશ્યા તેની અંગત મૂંઝવણ સંબંધી હસ્તરેખાઓ બતાવી સલાહ લેવા આવી હતી. તે સમયે હું પણ ત્યાં હાજર હોવાથી તે વેશ્યા કેમ બની, તે જાણી લેવાની ઇચ્છા થઇ. તેનું આત્મવૃતાંત પૂછી જોતાં તેણે જે ઘટના કહી સંભળાવી, તે હું 'વેણી' ના વાચકો સમક્ષ રજૂ કરૂં છું. જો કે સમાજમાં એવા બનાવો તો સામાન્ય છે, પરંતુ એક સત્ય ઘટના હોવા ઉપરાંત એક વેશ્યા અને તે પણ એક કાઠિયાવાડી વેશ્યાના મુખે સાંભળેલી હોવાથી, અહીં રજૂ કરવાની જિજ્ઞાસાને હું રોકી શકતી નથી.—**લેખિકા**)

"હું × × × શહેરના × × × લત્તામાં રહું છું. અહીંના લોકો મને લક્ષ્મી કહે છે. જાહેરમાં હું વેશ્યા છું; પરંતુ મારો અંતરાત્મા વેશ્યાવૃત્તિવાળો નથી. હું સ્વેચ્છાએ વેશ્યા બની નથી, પણ સમાજ અને સંજોગોએ મને તેમ થવાની ફરજ પાડી છે. હું જ્ઞાતે બ્રાહ્મણ છું, મારૂં નામ લલિતા છે. મારા પિતાનું નામ હું નહિ કહું. કાઠિયાવાડના એક અગ્રગણ્ય ગણાતા શહેરમાં મારો જન્મ થયો. મારા પિતા ત્યાંની સ્ટેટ ડિસ્પેન્સરીમાં કંપાઉન્ડરનું કાર્ય કરતા. તેઓને સંતાનમાં બે પુત્રો અને એકની એક લાડકવાયી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્રી હું, અભાગણી હતી. જ્ઞાતિમાં અમારૂં કુટુંબ મધ્યમ શ્રેણીનું ગણાતું. મારા પિતાનો પગાર બહુ ઓછો હોવા ઉપરાંત આજીવિકાનું અન્ય કોઇ સાધન ન હોવાથી, જીવન-નિર્વાહ કરવામાં ઘણા અંતરાયો ઉપસ્થિત થતા. મારી માતા કરકસરિયા અને લોભી સ્વભાવની હતી, છતાં ઘરમાં પાંચ જણ ખાવાવાળા હોવાથી અને મારા પિતાની કમાણી બહુ અલ્પ હોવાથી, ઘરમાં ખાવાપીવાની અને પહેરવા-ઓઢવાની બહુ તંગી પડતી. મારી વય જ્યારે ચૌદ વર્ષની થઇ ત્યારે મારા માતાપિતા મારૂં વેવિશાળ કરી દેવાના વિચાર પર આવ્યા અને એવું નક્કી કર્યું કે, મારા બદલામાં જ્યાંથી વધારેમાં વધારે પૈસા મળે ત્યાં સાટું-દોઢું કરવું અને મારા બદલામાં જે રકમ પ્રાપ્ત થાય, તેમાંથી મારા ભાઇઓનાં લગ્ન પણ કરી આપવાં અને પછી સુખસંતોષમાં જીવન વ્યતીત કરવું. હું બહુ કેળવાયલી ન હતી. ગુજરાતી પાંચ ચોપડી સુધી ભણી હતી. અમારી જ્ઞાતિમાં તે સમયે કન્યાઓની અછત અને કેળવણીનો પ્રચાર ઓછો હોવાથી મારા બદલામાં સારા પૈસા મળે તેમ હતું.

“મારા પિતાએ મારા લગ્ન કરી આપવાની ઇચ્છા આડોશી-પાડોશીઓ, સગાસબંધીઓ તથા કન્યાના દલાલો સમક્ષ વ્યક્ત કરવાથી ઠેકઠેકાણેથી મારા માટે સારાંનરસાં માગાં આવવા લાગ્યાં; તેમાંથી બે માગાંઓ મુખ્ય હતાં. એક માગું હતું અમરેલી ગામથી અને બીજું હતું ભાવનગરથી.

“અમરેલીનું માગું આવ્યું તે અમારા પાડોશમાં રહેનાં એક વયોવૃદ્ધ વૈદ્યરાજદ્વારા આવ્યું હતું અને ભાવનગરથી જે બાતમી આવી હતી, તે એક કન્યા-દલાલ મારફત આવી હતી.

“અમરેલીથી જે માગું આવ્યું, હતું, તે યુવક કેળવાયેલ, સુસંસ્કારી, સ્વાવલંબી અને નીરોગી હતો, પણ તેની આર્થિક સ્થિતિ બહુ સારી ન હોવાથી મારા સાટામાં મારા પિતાને એક પાઇ પણ પરખાવવા રાજી ન હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ભાવનગરથી જે વાત આવી હતી, તે લોકો શ્રીમંત હતા અને મુરતિયો કેળવાયેલ હતો; પણ તેના માટે એવી અફવા સંભળાતી કે, તે પુરુષત્વહીન હતો, પરંતુ મારા પિતાને બીજી કોઈ વાતો સાથે સંબંધ ન હતો. તેઓ તો પૈસાના પૂજારી હતા. વરપક્ષ તરફથી મારા પિતાએ એક હજાર રૂપિયાની માગણી કરી અને તેઓ મારા શરીરની તેટલી કિંમત પરખાવવાને રાજી હતાં. બસ થઇ રહ્યું. સોદો નક્કી થયો અને મારા લગ્નની તિથિ પણ નક્કી થઇ ગઇ. આ લગ્નના સોદામાં મારી સંમતિ લેવામાં ન આવી. આડોશપાડોશની સ્ત્રીઓ તથા મારી બહેનપણીઓને અરેરાટી છૂટી. પૈસાને ખાતર મારા જીવનનું બલિદાન દેવાય, તે તેઓથી સહન થઇ શક્યું નહિ. તેઓએ તરતજ મને મારા ભાવી ભરથારની મુખ્ય ખામીથી પરિચિત કરી અને આવા પ્રકારના મારા શરીરના સોદા સામે વિરોધ કરી, મારા માતાપિતાને લગ્ન ન કરી આપવા માટે સમજાવ્યા અને મને પણ પૂરેપૂરો વિરોધ કરવા સલાહ આપી. આ પ્રકારના મારા લગ્નવિરોધી વાતાવરણથી મારું મન પણ ફર્યું. મેં મારા પિતાને એવા પુરુષ સાથે લગ્ન ન કરી આપવા વિનંતી કરી, પરંતુ વ્યર્થ. ભાગ્યમાં જે લખાયું હોય છે તે થઇનેજ રહે છે. 'આભ ફાટે છે ત્યારે થીગડું દઈ શકાતું નથી." મારા વિરોધથી મારા માબાપ તદ્દન નિરાશ થઇ ગયા. મારા પિતા હાથેપગે લાગી મને વિરોધ ન કરવા વીનવવા લાગ્યા. મારા પિતાએ ગદ્‌ગદિત કંઠે યાચના કરી તેઓની સ્થિતિ પ્રત્યે દયા કરવા કહ્યું. તેની આટલી વિનવણી પરથી મારા કુટુંબ પ્રત્યે મને દયા આવી ગઇ. હું ભોળવાઇ ગઇ અને પછી રાજીખુશીથી માબાપ અને ભાઇઓના સુખને ખાતર દેહનું બલિદાન આપવા હું તૈયાર થઈ.

"થોડા સમય પછી સારે ચોઘડિયે લગ્ન થઇ ગયાં. હું ફેરા ફરી ગઇ. મારૂં બલિદાન લેવાઇ ગયું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"લગ્નના ટૂંક સમય પછી હું સાસરે ગઇ. મારા શ્વશુરના કુટુંબ-માં સાસુસસરો, બે નણંદો તથા મારો પતિ એટલા જણ હતા. હું સાસરે પહોંચી તે દિવસેજ મારા માટે જુદા શયનખંડની વ્યવસ્થા થઇ અને મધુ-રજનિ ઊજવવાની બધી ગોઠવણ કરી આપવામાં આવી; પરંતુ પ્રિયતમના મિલનની પ્રથમ રાત્રિએજ મારા કોમળ હૃદયને જે આઘાત થયો, તેનું સ્મરણ આવતાં અત્યારે પણ એમ લાગે છે કે, મારૂં હૃદય બંધ પડી જશે. મારા પતિ વિષે જે વાત મારી બહેનપણીઓદ્વારા મેં સાંભળી હતી તે ખરી હતી. મારો જીવનસાથી ખરેખર પુરુષત્વહીન હતો. શયનખંડમાં પ્રવેશ્યા પછી તે માત્ર બિછાના પર બેસી રહ્યો. કલાક પસાર થવા છતાં તેનું મૌન ન છૂટયું. અંતે મારેજ કહેવું પડયું કે, 'નાથ! શું તમે મારાથી નારાજ છો?' આ સાંભળી તેની આંખોમાંથી આંસુ પડવા લાગ્યાં અને ગદ્દગદિત કંઠે તેણે કહ્યું: "લલિતા, કહેતાં શરમાઉં છું કે, હું મધુ-રજની ઊજવવા યોગ્ય નથી. તેં તારૂં જીવન બરબાદ કર્યું છે, તે હું જાણું છું; પણ તું માને અથવા ન માને, પણ તે માટે હું દોષિત નથી. શરમને લીધે મારી જાતીય અશક્તિને મેં આજદીન સુધી છુપાવી રાખવા પ્રયત્ન કર્યો હતો અને આ બાબતથી મારા માબાપને પણ તદ્દન અજ્ઞાત રાખ્યા હતા. તારાથી લગ્ન કરવા હું રાજી ન હતો, છતાં મારા માબાપે પરાણે લગ્ન કરી આપ્યાં છે. હું લગ્ન વખતે જાહેર વિરોધ કરી શકયો નહિ. હવે મારી લાજ તારે હાથ છે. જો આ વાતને તું જાહેર કરીશ, તો બન્નેનો ફજેતો થશે. અંતે આત્મહત્યા કરી મારા જીવનનો હું અંત લાવીશ, એટલા માટે બન્નેનું આ રહસ્ય પડદામાંજ રહે અને આપણે પતિ-પત્ની તરીકે જીવન વિતાવી નાખીએ.' આટલું બોલી તે જોરજોરથી રડવા લાગ્યો અને મને વીનવવા લાગ્યો. છેવટે હું તો એક અબળાજ ને! નારીહૃદય તો કોમળ હોય છે, તે તમે કયાં જાણતા નથી. બહેન! મને પણ તેના પ્રત્યે દયા તો આવી. તેના રહસ્યનો સ્ફોટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન કરવા માટે અને એમજ જીવન વ્યતીત કરી નાખવા હું કબૂલ થઇ છતાં મારા માતપિતા પર મૂગો શ્રાપ તો વરસાવતી રહી. પરંતુ ગમે તે રીતે પણ પડ્યું પાનું નિભાવી લેવા માટે મનમાં નિશ્ચય કર્યો.

"થોડા દિવસો તો એમ ને એમજ પસાર થઈ ગયા. ધીમે ધીમે હું ગૃહકાર્યમાં પણ ધ્યાન આપવા લાગી. મારો પતિ મારી લાગણીઓ અને ઇચ્છાને પિછાની શકતો હતો. તે જ્યારે બહારથી ઘેર આવતો ત્યારે રમેશ નામના તેના એક મિત્રને પણ સાથે તેડી લાવતો અને આડકતરી રીતે દિનપ્રતિદિન તેની અવરજવર ઘરમાં વધારવા લાગ્યો. તેના આંતરિક વિચારો હું સમજી ગઇ. મારૂં મન પવિત્ર હતું. રમેશ એક સ્વચ્છંદી, સ્વાર્થી, લંપટ અને વ્યભિચારી યુવાન હતો, તે તેના હાવભાવ પરથીજ પ્રદર્શિત થતું હતું. એક દિવસે અચાનક મારા પવિત્ર વિચારો ભ્રષ્ટ થયા. મન ગમે તેટલું મજબૂત હોય, પણ ચલિત થતાં વાર લાગતી નથી. મારા સંબંધી પણ તેમ થયું. લાંબા સમય સુધી મન પર કાબૂ રાખી શકી, પરંતુ અંતે મારી પવિત્રતા નષ્ટ થઈ. રમેશનું અંતર તો પહેલાંથીજ પાપમય હતું. તે તો મારા પતિ સાથે સ્વાર્થ સાધવા માટેજ આવતો. અંતે મારા મનમાં વિકાર ઉદ્ભવ્યો. રમેશને એકાંતમાં બધી યોજના સમજાવી દીધી. મારી જે ઇચ્છા હતી તેજ મારા પતિની પણ હતી. બસ, પછી શું થયું તે કહેવાની જરૂર નથી. મારા સતીત્વનું પતન થયું, અધોગતિની ઊંડી ખીણમાં હું પટકાઈ પડી.

"રમેશ સાથે મારો સંબંધ રોજ વધતો ગયો. હું તેને અંતઃકરણથી ચાહવા લાગી. થોડા દિવસ પછી રમેશ અને મારા સ્નેહની ઇર્ષ્યા મારા પતિને થવા લાગી! તેનું એક બીજું પણ કારણ હતું. તે મારા પતિની પ્રત્યેક નબળાઇથી માહિતગાર થઇ ગયો હતો અને અમારો સંબંધ મારા પતિદ્વારાજ બંધાયો હોવાથી તે તેને દબામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણીમાં રાખતો, જેમ જેમ તે વધારે દાબનો ગયો, તેમ તેમ તે અઘટિત લાભ ઉઠાવતો ગયો અને મન ફાવતા પૈસા કઢાવતો ગયો.

"આ પ્રમાણે કેટલાએક મહિના વીતી ગયા. એક દિવસ મારી સાસુ, નણંદો અને મારા વચ્ચે ગૃહકાર્ય સંબંધી કેટલાએક મતભેદ થવાથી ઘરમાં કલેશના બીજ રોપાયાં અને મારા પર અસહ્ય અત્યાચાર શરૂ થયો. એક વખતે મારા પતિની હાજરીમાંજ અમો સાસુવહુ વચ્ચે જંગ જામ્યો; એકબીજી પ્રત્યે શબ્દબાણો છૂટવા લાગ્યા. મારી સાસુએ ગુસ્સાના આવેશમાંજ મારા પતિને સંબોધીને કહ્યું કે, 'મૂઆ, દેખતો નથી તારી રાં...મને કેવા કેવા શબ્દો સંભળાવી રહી છે અને તું બાયલા જેમ ઊભો ઊભો સાંભળ્યા કરે છે.' આ શબ્દો સાંભળ્યા પછી તો તે સ્તબ્ધ થઇને ઊભા રહ્યા; પરંતુ મારાથી પણ ગુસ્સામાં બોલી જવાયું કે, 'તમારા પુત્રનોજ આમાં દોષ છે, એટલેજ તો આમ બને છે. મારો ભવ શાને તમે બગાડ્યો?' બસ, આટલા શબ્દો મારા મુખમાંથી બહાર પડ્યા કે તાત્કાલિક મારો પતિ ત્યાંથી ચાલ્યો ગયો. તે ગયો તે ગયો; પાછો ફર્યોજ નહિ. તેના માતાપિતાએ ઘણી શોધ ચલાવી પણ વ્યર્થ. તેઓને નિરાશાજ મળી.

"અતિશય શોધ કરવા છતાં જ્યારે મારા પતિનો પત્તો લાગ્યો નહિ, ત્યારે મારા સાસરિયામાં મારા પર નાના પ્રકારના આરોપ ચડવા લાગ્યા. અંતે તેઓએ મને અચાનક ત્યજી દીધી અને ઘરમાંથી તરતજ બહાર નીકળી જવા માટે કહ્યું. હું તદ્દન નિરાધાર થઈ પડી અને દુઃખી થતી મારા પિયેર ગઇ; પરંતુ અફસોસ! મારા માબાપના કાન કોઇએ આગળથીજ એવા ભંભેર્યા હતા કે તેઓએ ઘરમાં પગ મૂકવાની મનાઇ કરી. આવી રીતે હું તદ્દન નિઃસહાય થઇ પડી. અમારા ગામમાં ઘણા સામાજિક કાર્યકર્તાઓ, નેતાઓ, સેવાસમાજો, વનિતા-વિશ્રામો, મિશનો અને આશ્રમો હતાં; પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને કોઇએ સહાય ન કરી. ઘણાઓને સહાય કરવા વિનંતી કરી પણ લોકદૃષ્ટિએ હું દુરાચારિણી ઠરી હોવાથી કોઇ સહાય કરવા તૈયાર ન થયું અને જો કોઇ મદદ કરવા તૈયાર થયા હોય તો તે માત્ર સૌંદર્યભૂખ્યા વાસનાના કીડાઓ.

"લગાતાર ચાર દિવસ પર્યંત હું નિરાધાર થઇને અનેક જગ્યાએ ફરી અને પછી ફરીથી ભાવનગરમાં રમેશને જઇ મળી. હવે મને તેના પ્રત્યે તિરસ્કાર ઉપજ્યો હતો; કારણકે સાસુએ મને ત્યજી દીધી ત્યારે હું મદદ માટે જ્યાં ત્યાં રખડવા લાગી, તેની ખબર હોવા છતાં તેણે મને મોઢું પણ બતાવ્યું નહિ; વળી મારા પતિના ગુમ થયા પછી તેને કમાણી થતી ન હતી, તેમજ મારી મુલાકત પણ લઇ શકતો નહિ. તે તો માત્ર સૌંદર્ય અને ધન-ભૂખ્યો હતો, તે હું જાણતી હતી; પરંતુ કોઇ રક્ષણ આપે એમ ન હોવાથી તેનો સહકાર સાધ્યા વગર છૂટકો ન હતો. હું અને રમેશ ફરીથી મળ્યા અને તરતજ બંનેએ મુંબઇ પ્રત્યે પ્રયાણ કર્યું. અમોએ ગીરગામના લત્તામાં એક ઓરડો ભાડે રાખ્યો અને જાહેરમાં ભાઇબહેન તરીકે રહેવા લાગ્યાં. રમેશ મને તેની વિધવા બહેન તરીકે ઓળખાવતો.

"મુંબઇમાં અમારા જીવનનિર્વાહ માટે કોઇ સાધન ન હોવાથી અને કદાચ કોઈ સાધન મળે તેમ હોય, તોપણ રમેશની ઇચ્છા તે ગ્રહણ કરવાની ન હોવાથી મારા સૌંદર્યનો વેપાર કરી, અનીતિની કમાણી પર અમે ગુજરાન ચલાવવા લાગ્યા.

"મારી નાની વયમાંજ નાના પ્રકારના કડવા અનુભવો થવાથી તથા મુંબઇ જેવી વિશાળ નગરીમાં કોઇ પિછાની લે, તેની બીક ન હોવાથી હું તદ્દન અનીતિમય થઇ ગઈ હતી. રમેશ દરરોજ એક-બે ગ્રાહકો શોધી લાવતો અને તેઓ પોતાની વાસના તૃપ્ત કરી ચાલ્યા જતા. આ પ્રમાણે અમારૂં 'ખાંજરૂં' સારી પેઠે ચાલતું.

"રમેશને જુગાર અને દારૂનું વ્યસન હોવાથી મારી કમાણી તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરી ન થતી. તે દિનપ્રતિદિન વધારે ને વધારે ગ્રાહકો લઇ આવતો. જેમ જેમ હું વધારે પ્રખ્યાત થતી ગઇ, તેમ તેમ મારી કિંમત વધતી ગઇ. આવી જાતના જીવન અને રમેશથી હું પણ કંટાળી ગઇ. તે મારા પ્રત્યે ઘાતકી વર્તન ચલાવતો. તે મારાથી સહન ન થઇ શકવાથી બીજા એક પ્રખ્યાત 'ગુંડા'ના શરણે હું ગઈ. તેથી રમેશ અને તે ગુંડા વચ્ચે બહુ મારામારી થઇ અને ગુસ્સાના આવેશમાં તે ગુંડાએ તેને છરી ભોંકી દઇ ખૂન કર્યું. રમેશના પાપનો બદલો મળી ચૂક્યો. ખૂનકેસ અદાલત સમક્ષ ગયો; તેમાં મારી પણ સાક્ષી હતી. તે ગુંડાને જન્મ-કેદની સજા થઇ અને તે પણ પાપનો બદલો ભોગવવા લાગ્યો.

"અદાલતમાં સાક્ષી તરીકે ગઈ હોવાથી અને અનીતિની કમાઈ પર મારો આધાર હોવાથી લગભગ બધા ગ્રાહકો મને ઓળખતા હતા. હવે એક ખાનગી વેશ્યા તરીકે ધંધો કરવો અશક્ય હતો. સમાજના બીજા કોઇ પણ વર્ગમાં હવે સ્થાન ન હોવાથી મારે એક "જાહેરવેશ્યા" તરીકે ધંધો કર્યા વગર છૂટકોજ ન હતો. હું જો કે ખાનગીમાં દેહનું લિલામ કરી કમાઈ ચૂકી હોવાથી-વેશ્યા જીવનના પ્રથમ પગથિયા પર ચડી ચૂકી હોવાથી જાહેરવેશ્યા તરીકે જીવન-નિર્વાહ કરવામાં અડચણ આવે તેમ ન હતું. આજ વીસ વર્ષ થયાં જાહેરવેશ્યા તરીકે મારી જીવન-ગાડીને હું આગળ ધપાવ્યે જાઉં છું. મારા પર મારા જીવનો ભય હરપળે ઝઝૂમતો રહે છે, કારણકે મારા લોહીની કમાઇને પણ ગુંડાઓ આરામથી ખાવા દેતા નથી. આવા જીવનથી હું તદ્દન કંટાળી ગઇ છું; પરંતુ મારો ઉદ્ધાર કર-નાર આ જગતમાં કોઇ પણ નથી. બહેન, સમાજસુધારણા અને વેશ્યા ઉદ્ધારની બાંગો પોકારનાર એ દંભી પુરુષોને મારો ઉદ્ધાર કરવા વારંવાર વીનવું છું; પરંતુ મારી વિનંતિ કોઇને માન્ય નથી. હા, તેઓને અલબત માન્ય છે કે તેઓ મારો ઉદ્ધાર કરવા અ-સમર્થ છે. હું વેશ્યાવાડામાં રહું છું, તેથી મને બરાબર માહિતી છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, પતિતોદ્ધારની બાંગો પોકારનારાઓ વેશ્યાનો ઉદ્ધાર તો કરી શકતા નથી. તે ન કરી શકતા હોય તો કંઈ નહિ, પરંતુ કેટલીએક સમાજની તરછોડાયેલીઓ અને લજાયેલીઓ કે જેઓ અમારા વર્ગ-માં ભળી જઈ વધારો કરી રહી છે, તેઓને પણ અટકાવી શકતા નથી !

"મને આજ દિન સુધી જે જે અનુભવો થયા છે, તેનું સવિ-સ્તર વર્ણન કરવા બેસું તો મહિનાઓ નીકળી જાય. બહેન ! સમાજના કેટલાએક દંભી બડેખાંઓ પણ તેઓની કામવાસના તૃપ્ત કરવા મારે ત્યાં ચાલ્યા આવે છે. તેઓને હું જ્યારે જોઉં છું, ત્યારે મને તેઓ પ્રત્યે તિરસ્કાર ઉપજે છે, છતાં પણ તેઓને કુકર્મમાંથી બચાવવા માટે 'ભાઇ !' કહીને સંબોધું છું; પરંતુ અત્યાર સુધી મને ખરા અંતઃકરણથી 'બહેન' કહેનાર કોઈ વીરલો મળ્યો નથી. કદાચ તમે કહેશો કે, હું વેશ્યાજીવન ગુજારૂં તેના કરતાં ભિક્ષા માંગી પેટ ભરવું સરસ છે, પણ બહેન ! એક ભિખારણ તરીકે પણ મારા સ્ત્રીત્વની સલામતી નથી. કદાચ ભિક્ષા પર મારો નિર્વાહ ચલાવું તોપણ કામવાસનાના કીડાઓ જંપીને બેસવા દે તેમ નથી; તે ઉપરાંત સમાજ પર બોજારૂપ થાઉં તે જુદું જ. આજે પણ મારો ઉદ્ધાર કરવા કોઇ તૈયાર હોય, તો આ ક્ષણેજ નિવૃત્ત થવા હું તૈયાર છું. છે કોઇ તેવો સમાજનો સાચો સુધારક ?"

તે વેશ્યાની આ કરુણ કથની સાંભળતાં મારી આંખો અશ્રુ-ભીની થઈ ગઈ અને આવા સમાજ પર મને પણ ધિક્કાર આવ્યો. કેટકેટલી બહેનો અનિચ્છાએ પણ વેશ્યાજીવન ગાળી રહી છે ? હું આ વિષય પ્રત્યે બહુ વિચારવા લાગી અને અંતે એવા નિર્ણય પર આવી કે, વેશ્યા બનનાર સ્ત્રીઓ કરતાં તેઓ-ને વેશ્યા બનાવનાર સમાજના મોવડીઓ વિશેષ અપરાધી છે !

("વેણી"ના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૭-ઝઘડાઓનું મૂળ

(મૂળ લેખકઃ-શ્રી. સૈયદ હાસિમઅલી)

(૧)

મહંમદ અને મહેશ એકજ પાઠશાળામાં એકસાથે ભણતાં મોટા થયા હતા. જ્યારે તેઓ સોળસત્તર વર્ષની ઉંમરના હતા, ત્યારે તેમની પાઠશાળામાં એક એવા શિક્ષક આવ્યા હતા કે, જે પોતાના ઉદ્દામ વિચારોને ખાતર ત્યાં માત્ર આઠ મહિનાજ ટકી શક્યા હતા; પણ જતા પહેલાં તે આ બન્નેને એક વિશેષ પ્રકારે એક બનાવતા ગયા. મહંમદ અને મહેશને કેટલાયે દિવસ પોતાને ઘેર બોલાવીને તેમણે ઇતિહાસની કેટલીયે વાતો સમજાવી હતી. એક દિવસ બપોરે બન્ને જણને તેમણે કહ્યું: "આજે તમે અહીંજ જમી લો. હજુ વધારે વાતો કહેવાની છે."

એક થાળીમાં રોટલી અને ચોખા અને ત્રણ વાટકીઓમાં દાળ આવી. એટલે શિક્ષકે કહ્યું: "ચાલો ભાઇ, જમી લઇએ."

મહંમદ હસીને બોલ્યો: "પંડિતજી, શું આપ અમારી સાથે જમશો?"

શિક્ષકે કહ્યું: "કેમ નહિ? શું તમારી સાથે જમવાથી મારો ધર્મ જતો રહેશે? મારો ધર્મ એટલો બધો કમજોર નથી અને જો કોઇ ધર્મ એટલો બધો નિર્બળ હોય, તો તે નાબૂદ થાય એજ ઇષ્ટ છે. કોઇ પણ ધર્મ બૂરાઈ, સંકીર્ણતા યા ભેદભાવનું શિક્ષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપતો નથી. અજ્ઞાની સ્વાર્થીઓએ ભેદભાવની દીવાલો ઊભી કરી દીધી છે. મહેશ, શું તું આની સાથે નહિ જમે?"

"જો આપ જમશો તો હું શા માટે નહિ જમું?"

"અરે ભાઇ, હું તો આવા સહભોજનમાં બરાબર સામેલ રહું છું."

"તો હવે હું પણ રહીશ. મેં આજ સુધી એવી વાતો સાંભળી હતી, પરંતુ કોઇને તે પ્રમાણે આચરણ કરતાં જોયા નહોતા."

"તમે બન્ને ઇતિહાસનો અભ્યાસ છોડતા નહિ. બધા દેશોનો ઇતિહાસ ભણજો. આ દેશજ એવો છે કે, જ્યાં ભૂગોળ તો આખી દુનિયાની વારંવાર ભણાવવામાં આવે છે, પણ ઇતિહાસ ભણાવવાની જરૂર સમજાવવામાં આવતી નથી; નહિ તો બીજા પરાધીન દેશો અનેક ધર્મો, જાતિઓ અને ભાષાઓવાળા હોવા છતાં કેવી રીતે સ્વતંત્ર થયા તે આપણા વિદ્યાર્થીઓ સમજી શકત."

એ બંનેને હજુ પણ સંકોચ કરતા જોઇને શિક્ષકે કહ્યું: "ભાઇ, હજુ શું વિચાર કરો છો?"

એટલે બંને હાથ ધોઇને તેમની સાથે જમવા બેઠા. બંનેને લાગ્યું કે, તેઓ એક નવી દુનિયામાં છે કે જ્યાં પ્રેમ અને ધર્મ વસ્તુતઃ એક છે, જ્યાં કાર્ય અને સિદ્ધાંત એકબીજાથી જુદાં નથી, જ્યાં સદાચારનુંજ બીજું નામ ધર્મ કહેવાય છે.

આને બીજે દિવસેજ તેમણે સાંભળ્યુ કે, "શિક્ષકે પાઠશાળામાંથી મતભેદને કારણે રાજીનામું આપી દીધું છે!"

(૨)

"મિ. હેન્રી, આપ એ ખોટું કહો છો. મુસલમાની રાજ્યનો સમય અમારી ગુલામીનો સમય નહોતો; પરંતુ તે તો અમારા સ્વ-રાજ્યનોજ સમય હતો." મહેશે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિ. હેન્રીએ આશ્ચર્યચકિત થઇને પૂછ્યું: "કેમ?"

"કેમકે તે સમયે આ દેશનું ધન આ દેશમાંજ રહેતું હતું અને અમારા સ્વરાજ્યનું મૂળ-અમારૂં ગ્રામસંગઠન-જેમતું તેમ હયાત હતું. વિધવિધ પ્રકારની અદાલતો, વકીલ બૅરિસ્ટરો, અપીલો અને તેની આગળની અપીલોદ્વારા ન્યાય મેળવવાની જાળો તે વખતે નહોતી. મુકદ્દમાઓની આ પ્રણાલીથી અમે તોબાહ પોકારી ગયા છીએ. પંચાયતો નાબૂદ થવાથી ગામડાંઓ ઉપર નૈતિક અસરજ રહી નથી. એ સિવાય તે વખતે અમારે માટે કળાકૌશલ્ય અને સ્વતંત્ર વ્યાપારના સેંકડો માર્ગો ખુલ્લા હતા. હવે તો કળા કારકુનીમાં અને વેપાર દલાલીમાં બદલાઇ ગયાં છે! અમે પ્રત્યેક વસ્તુ અને પ્રત્યેક મોટા અધિકારી માટે પરદેશ તરફ જોવા લાગ્યા છીએ!"

"વાહ! પહેલાં તમે લોકો તમારા મુલકનેજ દુનિયા માની બેઠા હતા-જેમ ચીનાઓ પણ માનતા હતા. હવે તમે આખી દુનિયા જોઇ છે. તમે સમજતા હતા કે કળિયુગ આવ્યો; હવે ચારે તરફ અધર્મ ફેલાઇ જશે. બીજા દેશોને તમે સ્વતંત્રતાની મોજ માણતા જોયા, ત્યારે તમારા એ બધા ખરાબ વિચારો દૂર થયા. રેલવે, તાર, છાપખાનાં અને સાચી શાંતિ અમારા વિના શી રીતે તમને પ્રાપ્ત થાત? તમે આપસમાંજ લડ્યા કરત. કેમ મિ. મહંમદ, આ વાત બરાબર છે ને?"

સાહેબને આશા હતી કે, મહંમદ તેમની વાતોનું સમર્થન કરશે, પણ તેમણે ઘણાજ આશ્ચર્યપૂર્વક સાંભળ્યું કે, "ના સાહેબ, આ વાત બરાબર નથી. અમે સ્વતંત્ર હોત, તોપણ અત્યાર સુધીમાં રેલવે, તાર, છાપખાનાં વગેરે બધું બની જાત. શું અમારા દેશથી ક્યાંયે નાના અને આપનાજ દેશની બરોબરના જાપાને આપની મદદ વિનાજ પોતાની પ્રગતિ કરી નથી? ખ્રિસ્તીઓના બન્ને મોટા વિભાગોમાં હિંદુમુસલમાનોથી ઓછો મતભેદ નથી, બલકે અહીં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇ વાર એકાદ કર વધારવામાં આવ્યો હશે, જ્યારે આપના દેશમાં તો, સેંકડો માણસોને જીવતાં બાળી નાખવામાં આવ્યાં હતાં! આખા યુરોપમાં કેટલાં વર્ષો સુધી કેવો હાહાકાર મચી રહ્યો હતો! પરંતુ અંતે આપ સહનશીલતા શીખ્યા અને સહનશીલતાના કાયદા પસાર કર્યા. અમે પણ એમજ કરત. જો શિવાજી અને ઔરંગઝેબ ચાહત તો અર્ધી દુનિયા જીતી લેત. તે વખતે અમારી પાસે શું નહોતું ?"

"પરંતુ તમે શું એમ નથી માનતા કે, પહેલાંના કરતાં હાલમાં આ દેશની સ્થિતિ કેટલીયે સારી થઇ ગઇ છે ?"

"ના, હરગીજ નહિ. અહીં દૂધઘીની નદીઓ વહેતી હતી, અનાજની ઊણપ નહોતી; ખેડૂતો મસ્ત રહેતા હતા—મસ્ત! તેમને પરવાયે નહોતી કે કોનું રાજ્ય છે. પરંતુ આજે શી દશા છે? આજે તેઓ ભૂખમરામાં મસ્ત છે—અને હાલમાં આ દેશમાં સેંકડે એંસી ટકાથીયે વધારે ખેડૂતો છે—અશિક્ષિત, ભૂખ્યા અને દેવાના બોજા નીચે ચગદાયેલા. આહ! અમારી આટલી બધી દુર્દશા કદી નહોતી થઇ."

મિ. હેન્રી ઉપર મહંમદની આ સાચી વાતોથી ખૂબ અસર થઇ. જ્યારે તેઓ ફરી બોલ્યા ત્યારે તેમનો અવાજ બદલાયેલો હતો. તેમાં સહાનુભૂતિ હતી. તેમણે કહ્યું: "આપનો દેશ અનાદિ કાળથી ધનધાન્યને માટે પ્રસિદ્ધ છે! વિલાયતના લોકો હજુ પણ એમજ માને છે કે, અહીંના લોકોને મહેનત કર્યા સિવાયજ ખૂબ ખાવાપીવાનું મળે છે. સાચી વાત તો એ છે કે, આપના દેશના વિદેશમાં જનારા ઘણાખરા રાજામહારાજાઓ અને ધનવાન લોકોની ભપકાદાર રહેણીકરણી અને ઉડાઉગીરી વગેરે જોઇને આ ભ્રમ વિશેષ વધ્યો છે. જો સમસ્ત દુનિયાને અથવા અમારા દેશની જનતાને ખબર થઇ જાય કે, આ વીસમી સદીમાં પણ હિંદુસ્તાનમાં—દુનિયાના પાંચમા ભાગમાં—સેંકડે એંસી ટકા માણસો કે જેઓ જંગલી નથી, તેઓ એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાલતમાં છે કે પોતાનાં બાળકોને ભણાવીગણાવી પણ શકતા નથી, દેવાથી દબાયેલા છે અને પેટ ભરીને ખાવા પણ પામતા નથી; જો કે આ લોકો મહેનત કરવામાં અને અનાજ ઉત્પન્ન કરવામાં કોઇનાથીયે પશ્ચાત નથી; તો તેઓ આ સ્થિતિ કદી પણ સહન કરી શકશે નહિ. એક મનુષ્યનું લોહી ચૂસીને બીજા મનુષ્યની, એક જાતિનું લોહી ચૂસીને બીજી જાતિની અથવા એક દેશનું લોહી ચૂસીને બીજા દેશની ઉન્નતિ ક્યાંસુધી સંભવિત છે ? ચાલો, આપ બંને અમારી સાથે ભોજન લેશો કે નહિ? તમે લોકો શું ખાનપાનમાંજ ધર્મની ઈતિશ્રી સમજો છો?"

મહેશે કહ્યું: "આજે તો નહિ જમી શકીએ, માફ કરજો."

મહંમદે કહ્યું: "એ સમય પણ આવશે કે જ્યારે આપે જે કંઇ કહ્યું છે, તે વર્તનમાં દેખાઇ આવશે. વાતોથી અમે કંટાળી ગયા છીએ. મોટી મોટી વાતો અને મનમોહક સિદ્ધાંતોથી અમે ખૂબ ઠગાઇ ચૂક્યા છીએ. હવે તો સક્રિય કામજ જોઇએ. જ્યારે આપ અમારી સાથે કામ કરશો ત્યારે અમે આપની સાથે ખાઇશું અને રમીશું અને જ્યાંસુધી આપ એ પ્રમાણે નહિ કરો ત્યાંસુધીને માટે અમારો રસ્તો બીજોજ છે. સંસારમાં બધા ઝગડાઓનું મૂળ એજ છે કે, ઊંચા સિદ્ધાંતોમાં ગરીબ આદમીઓને ફસાવીને તેમને લૂંટવામાં આવે છે-તેમનો અનુચિત લાભ ઉઠાવવામાં આવે છે. આ બાબત હવે ગરીબ લોકો પણ સમજવા લાગ્યા છે એ આપે જાણી લેવું જોઇએ.

મિ. હેન્રીએ કંઇ પણ જવાબ આપ્યો નહિ, પરંતુ તેઓ વિચારમાં પડી ગયા હતા.*

("માયા" માસિકના એક અંકમાંથી)

---

* હિંદી ઉપરથી અનુવાદકઃ-શ્રી. ત્ર્યંબકલાલ મા. શુક્લ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૮–જીવલેણ ગાડું

(લેખકઃ–શ્રી. ચક્રવર્તી રાજગોપાલાચાર્ય)

(૧)

કરુપ્પાણ અને તેની પત્ની પાર્વતીને ' નોખાં કર્યાં.' ખેડૂતોમાં રિવાજ છે કે, પુરુષ પરણે અને તેની સ્ત્રી સાસરવાસે આવે ત્યારે તેમને રહેવા માટે જુદું–અલાયદું ઘર આપવું. તેઓ પોતાની મેળે મજૂરી કરી પોતાનો નિભાવ કરે. આળસુ ઉચ્ચ વર્ણોમાં કજિયા-કંકાસ કરાવનારી પ્રચલિત સંયુક્ત કુટુંબની પદ્ધતિ કરતાં આ રિવાજ સારો છે. કરુપ્પાણનાં માબાપ ઘરડાં હતાં અને તેઓ ગામમાં પોતાના કુટુંબીના ઘરમાં રહેતાં હતાં. તેનો મોટો ભાઇ ખેતરમાં ઝૂપડું બાંધીને રહેતો હતો. કરુપ્પાણ તેની સ્ત્રી સાથે રહેવાનો હોવાથી તેમણે તેમનું ખેતર ત્રણ ભાગમાં વહેંચી લીધું. મોટાભાઇ તેના પોતાના ભાગ ઉપરાંત બાપનો ભાગ ખેડતો અને બાકી રહેલો ત્રીજો ભાગ કરુપ્પાણને સોંપ્યો. તેઓ બધાએ ભેગા મળી તેને રહેવાનું કાચું ઘર બાંધી આપ્યું. ઢોર પણ વહેંચી લીધાં. કરુપ્પાણને ભાગ એક જોડી બળદ અને બે બકરી આવ્યાં. કરુપ્પાણ ત્રીસ વર્ષનો સુંદર, ઊંચો જુવાન હતો અને પાર્વતી આખા ગામમાં સૌથી ફૂટડી હતી. તેનું મોં અને ઘાટ રાજાની રાણી જેવાં હતાં. તે ઘડીયે નવરી ન બેસતી. આ ઘરમાં જાણે તે ઘણાયે વખતથી રહેતી હોય તેમ આ નવા ઘરમાં કામ કરતાં કરતાં જ્યારે કરુપ્પાણ તરફ જોઇને

ડું. ૧૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હસતી, ત્યારે પોતે જાણે દુનિયાનો બાદશાહ હોય તેમ કરુપ્પાણ મલકાતો.

પાર્વતી તેના પિયેરથી થોડા પૈસા લાવી હતી. તેમાંથી તેમણે એક દૂઝણી ભેંસ ખરીદી. બરાબર એની ઋતુએ વરસાદ પડયો. કરુપ્પાણે સખ્ત મજૂરી કરી, એટલે નાનકડાં ખેતરમાં સારો પાક થયો. પાર્વતી હસતે મોંએ આખો દિવસ સખ્ત કામ કરતી. કરુપ્પાણ, બળદો, ખેતર અને ભેંસ એ એને મન આખી દુનિયા હતી. આ કામમાંથી પરવારતી ત્યારે તે તેના પિયેરથી આણેલા રેંટિયે બેસતી. રાત્રે ચાંદરણું હોય ત્યારે, તેની જેઠાણી પણ કાંતવા આવતી અને બન્ને વાતો કરતાં કરતાં કાંત્યા કરતાં.

ભેંસ ઠીક ઠીક દૂધ દેતી. પાર્વતી દૂધ જમાવતી અને સવારના પહોરમાં વલોણું કરતી, સવારે નાહીધોઈ તે ગામમાં જતી, છાશ વેચતી અને અઠવાડિયામાં એક વાર વણકરોના મહોલ્લામાં જઇ ઘી વેચી આવતી. આમ તે અઠવાડિયે બે રૂપિયા કમાતી. બીજે વરસે કરુપ્પાણે કામ વધારવા માંડ્યું. "આ ખેતર તો ઘણું નાનું છે. આપણા બંને માટે આખા વરસ પૂરતું કામ નથી રહેતું. આપણે એક ગાડું લઇશું? તેમાંથી થોડું મળી રહેશે. બળદ પાસે પણ આખું વરસ કામ લેવાશે. આ આપણા રામનનેજ જો ને. એને અઠવાડિયે ગાડામાંથી બેત્રણ રૂપિયા મળે છે અને કોઇ કોઇ વાર તો ચાર રૂપિયા પણ મળે છે. શા સારૂ તારા દૂધદહીં અને ઘીના પૈસામાં થોડું ઉમેરી એક ગાડું નહિ લઇએ? સાંભળ્યું છે કે, વીરન ઉદુમાલપેટ જવાનો છે. તેનું દેવું ચૂકવવા તે ખેતર વેચી દેવાનો છે અને તેનું ગાડું પણ વખતે સોંઘામાં આપે."

આ સાંભળી પાર્વતી બોલી ઊઠી: "ના, ના, આપણે તે વીરનનું ગાડું શા સારૂ લઇએ? તેથી આપણું શું ભલું થવાનું? અને શા સારૂ ઉધાર પૈસા લઇને ગાડું લેવું? આપણે અત્યારે શું ઓછાં સુખી છીએ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જા, જા! વીરન તો દારૂડિયો છે, તેથી તે ખુવાર થયો; તેથી તેના ગાડાને શું થયું? એ તો મજબૂત ગાડું છે. આપણે વીસ રૂપિયા ઉછીના લઇએ તો તે પાછા આપતાં કંઇ ભારે પડવાનું નથી," કરુપ્પાણે તેને સમજાવ્યું.

"મારે તો મારા પૈસામાંથી સોનું લઈ તેની કંઠી કરાવવી છે."

"ગાંડી ન થા!" કરુપ્પાણે કહ્યું. "તું તો આખા ગામમાં સૌથી રૂપાળી છે. ઘરેણાં પહેરીશ તો ઊલટું વરવું દેખાશે."

કરુપ્પાણની વાત સાચી હતી. લોકો જે ઘરેણાં પહેરે છે, તેનાથી તેના રૂપમાં કાંઇ વધારો થયો ન હોત.

"તમને પુરુષોને તો સ્ત્રીઓને શું જોઇએ, તેની પરવાજ નહિ! શું સારૂં અને શું ખોટું તેની અમને સ્ત્રીઓને શી સમજ! પૂછો કાકાને અને તમને બધાને ઠીક લાગે તેમ કરો." પાર્વતીએ કહ્યું.

કરુપ્પાણને ગાડું લેવાને ચારે પગે જોઇને કાકાએ કરુપ્પાણની ઇચ્છાનો વિરોધ ન કર્યો. અઠવાડિયું પૂરૂં થયું ન થયું ત્યાં તો કરુપ્પાણ ખૂટતા ચાલિસ રૂપિયા મતાદારને ત્યાંથી લઇ આવ્યો અને ગાડું ખરીદ્યું.

(૨)

કરુપ્પાણ તેના ગાડા સાથે ઘણી વાર બહાર જતો. કોઇ કોઇ વાર તે દિવસ અને રાત બહાર રહેતો અને કોઇ વાર લાંબી ખેપે જવું પડતું તો તેથીયે વધારે સમય બહાર રહેતો. આ ખેપમાં તેનો પિતરાઈ રામન તેની સાથે રહેતો. વરસ પૂરૂં થયું તે પહેલાં તો તેના પિતરાઇએ તેને તાડીનો સ્વાદ ચખાડ્યો અને પછી તો દરેક ખેપમાં તે હોયજ. આમ કરુપ્પાણને તાડીનો સ્વાદ લાગ્યો. ગાડાની આવક ઓછી થતી ગઈ અને બળદો પણ અધભૂખ્યા રહેવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલી વાર કરુપ્પાણ તાડી પીને ઘેર આવ્યો ત્યારે પાર્વતીને સખ્ત આઘાત થયો.

"સત્યાનાશ વાળ્યું!" તે બોલી ઊઠી.

"મૂંગી મર! શું કાંઇ તું પૈસા આપે છે?" કરુપ્પાણે કહ્યું.

"તમે આજે તાડી પીધી છે." પાર્વતીએ ગુસ્સામાં જવાબ આપ્યો.

"હા, હા, પીધી છે. કાંઇ તારા બાપના પૈસાથી નથી પીધી? મને પૂછનારી તું કોણ?" કરુપ્પાણે રોફબંધ કહ્યું.

"ખબરદાર! ઘરમાં પગ મૂક્યો તો. તારા બાપને ત્યાં જા. મેં આજે રાંધ્યું નથી." પાર્વતીએ સાફ સાફ સંભળાવ્યું. સાચા તિરસ્કારને લીધે તેનો ચહેરો કદ્રૂપો લાગતો હતો.

"કાળું કર તારું! ધૂળ જેવું રાંધ્યું મારે નથી જોઈતું." કરુપ્પાણે કહ્યું અને એક મારવું બાકી રાખ્યું. આમ ઘણી વખત થવા માંડ્યું અને કોઇ કોઈ વખત તો તે પાર્વતીને મારતો પણ ખરો. તે રડતી રડતી તેના નાના બાળકને લઇ જેઠાણીને ત્યાં ચાલી જતી અને ત્યાં કુટુંબનાં બધાં માણસો ભેગાં થઇ વિચાર કરતાં. વખત જતાં સ્થિતિ વધુ ને વધુ ખરાબ થતી ગઇ. બળદ ઘરડા થયા હતા અને ઊતરી ગયા હતા. કરુપ્પાણે ખોટમાં તે વેચી દીધા અને નવી જોડ લેવા વિચાર કર્યો. પણ તેની પાસે પૂરતા પૈસા નહોતા. ફરી કોઇ વાર દારૂની દુકાને ન જવાની શરતે પાર્વતીની દૂધ-દહીં અને કાંતણની બચતમાંની જણસો તેની પાસે વેચાવી દીધી અને તેને આધારે તેની વિધવા બહેન પાસેથી થોડા પૈસા ઉછીતા લીધા. તેણે નવા બળદ ખરીદ્યા. ત્રણ મહિના વીતી ગયા, એટલે મતાદારે તેના માણસને કરુપ્પાણને ત્યાં ઉઘરાણીએ મોકલ્યો. કરુપ્પાણે થોડા દિવસની મુદત માગી અને તેણે આપી. એક વાર, બે વાર, ત્રણ વાર, પણ ચોથી વાર મતાદારનો માણસ આવ્યો અને એક બળદ લઇ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરુપ્પાણ મતાદારને ત્યાં દોડ્યો ગયો અને એક મહિનાની વધુ મુદત આપવા આજીજી કરી.

"દારૂડિયા! એક દિવસની પણ નહિ. મારા લેણા નીકળતા પૈસા ચૂકવ્યા સિવાય નવા બળદ લાવવાનું તને કોણે કહ્યું હતું?"

"તમે તો અમારા મુરબ્બી જેવા છો. થોડા વખતની મુદત આપો તો હું જરૂર તમારા પૈસા ભરી દઇશ." કરુપ્પાણ કરગરી બોલ્યો.

"હું તો હવે એક દા'ડો પણ રાહ નથી જોવાનો. આ તારો બળદ શુકરવારના બજારમાં મોકલવાનો છું, સમજ્યો?" મતાદાર બોલ્યો.

"ભાઇશા'બ, મને મારી ન નાખો. હું કાંઇ ભિખારી નથી. મને મુદત આપો તો તમારી એક પાઈ પણ ખોટી થવાની નથી." કરુપ્પાણે દલીલ કરી.

"ના, એમ નહિ બને." મતાદારે કહ્યું.

"હું વ્યાજ આપીશ." કરુપ્પાણે જવાબ આપ્યો.

"બહાર નીકળ, મૂરખ, વ્યાજની વાત કરે છે! કાંધિયા મુસલમાન પાસે જા, ઉછીતા લે અને મારા પૈસા ચૂકવી આપ. નહિ તો આવતી કાલે તારો બળદ પાણીના મૂલે વેચી દઇશ." મતાદાર બોલ્યો.

"કરુપ્પાણ, બીજો કાંઇ ઉપાય નથી." મતાદારના મુનીમે કહ્યું. "ખાદીરખાન સાહેબ પાસે જા. તે કાંઇ રસ્તો બતાવશે."

(૩)

કરુપ્પાણ તેના વૃદ્ધ પિતા પાસે ગયો અને મોટાભાઇને જોઇતા પૈસા આપવા સમજાવવા વિનંતી કરી. તેનો ભાઇ તો તેને મદદ કરવા રાજી હતો, પણ તેની સ્ત્રી તેને મદદ કરવા દે એમ નહોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે કહ્યું: " તમે જો પૈસા આપ્યા તો તે ગયાજ સમજજો. તેને કાંતુ સાહેબ પાસે મોકલોને? અત્યારે આપણે ભીડમાં છીએ. કોને ખબર કે ઓણસાલ વરસાદ સારોજ થશે? પોર આ વખતે આપણે ભીડમાં આવી પડીએ, ત્યારે આપણને કોણ મદદ કરવા આવવાનું છે જે? "

છેવટે કરુપ્પાણ ખાદીરખાન પાસે ગયો. ગામનાં દરેક ઘરની, મતાદારની સુધ્ધાં, પૈસા સંબંધી સારીનરસી સ્થિતિ ઉપર બારીક ધ્યાન આપવાની તેને ટેવ હતી.

તેણે કહ્યું: " તને ખબર નથી? મતાદાર પણ હમણાં ભીડમાં છે. તેણે પણ મારી પાસે પૈસા માગ્યા હતા. "

" મોટા માણસની ભીડ તો ગમેતેમ ભાંગે, પણ મારો બળદ જો લઇ જાય અને વેચી નાખે તો પછી મારૂં શું થાય ? મને અત્યારે તો મદદ કરો. " કરુપ્પાણે કહ્યું.

" પણ ભાઇ, હું તને પૈસા તો ક્યાંથી લાવીને આપું ? મારૂં રોકડ તો બધું મતાદારને આપવાનું મેં વચન આપ્યું છે. " ખાદીરખાને કહ્યું.

" પણ મારે હમણાં ચાલે એમ નથી. ગરીબ સામે તમારે જરા જોવું જોઇએ. એમાં મતાદારની વાત ક્યાં લાવો છો ? "

ઘણું ઘણું કહ્યા અને કરગર્યા પછી તે કબૂલ થયો. કરુપ્પાણને રૂપિયા વિસ્તાળીસ આપ્યા અને રૂપિયા સાઠનું ખાતું પડાવી લીધું. આ રૂપિયા દર મહિને પાંચ-પાંચને હપ્તે બાર મહિનામાં પૂરા કરવાના હતા. આનું વ્યાજ આપવાનું નહોતું, પણ જે મહિને પાંચ રૂપિયા ન ભરાય, તે મહિને એક રૂપિયો ગુનેગારીનો ભરવાનો ઠરાવ્યો.

" કરુપ્પાણ, તારા વિશ્વાસે છું હો. મહેનત કર, પૈસા કમા અને નિયમિત હપ્તો ભર. દારૂ છોડી દે. તું ભલો માણસ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારે બાયડી છે, છોકરૂં છે ને હજી વસ્તારી થઇશ. દારૂ પીશ, તો પાયમાલ થઇશ."

"ખરી વાત છે, શેઠ. હવે તે ગોઝારી ચીજને કદી નહિ અડું. મને તો શીખવાનું મળ્યું. તમે મને અણીને વખતે મદદ કરી છે, તે તમારો પાડ નહિ ભૂલું."

કરુપ્પાણ મતાદારનું લેણું ચૂકવી બળદ છોડાવી લાવ્યો. બાકીના પૈસા તેણે પાર્વતીને આપી દીધા.

પૈસા આપતાં આપતાં તેણે કહ્યું: "આમ જો, ફરી તાડી ન પીવાના મેં સોગંદ ખાધા છે. પાસે પૈસા પણ રાખવા નથી. લે, એનું તારે કરવું હોય તે કર, હવેથી જે પૈસા આવશે તે તનેજ આપી દઇશ."

પાર્વતી તો ખુશખુશ થઇ ગઇ. સુખના દિવસો આવતા હોય એમ તેને લાગ્યું. તે ઉલ્લાસભરી, આનંદથી હરખાતી પોતાને કામે ઊપડી ગઇ.

(૪)

હવે ખેતરમાં કાંઇ કામ રહ્યું ન હતું. પાર્વતીએ વિચાર્યું: "મારે કંઇ કામ મેળવવુંજ જોઇએ. એને માથે દેવું છે ત્યારે તો મારે કાંઇક મદદ કરવીજ જોઇએ." ઘરડો ખાદીરખાન તેના ઘરમાં એક નવો ઓરડો વધારતો હતો, એટલે તેને ત્યાં કડિયામજૂરનું પુષ્કળ કામ હતું. ત્યાં કામ કરતી ત્રણચાર મજૂરણો સાથે તે પણ કામે જોડાઇ.

તે સવારે વહેલી ઊઠતી, ઘર સાફસૂફ કરતી, ભેંસ દહોતી, છાશ વલોવતી અને દહીંઘી વેચવા ગામમાં નીકળી પડતી. પોતાને ઝાઝી ખોટી ન કરવા તેણે દરેક ઘરાકને કહી મૂકયું હતું અને તેઓ તેને ઝાઝી રોકતા નહિ. ઘેર આવી તે ખાઇ લેતી, છોકરાને ધવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાવતી અને પછી તેની જેઠાણીને સોંપી ખાદીરખાનને ત્યાં કામે ચાલી જતી. બપોરે તે પાછી ઘેર આવતી અને થોડો સમય મળતો તેમાં ટાઢી ઘેંસ પી લેતી અને છોકરાને ધવરાવતી. દી આથમ્યે તે કામથી છૂટી થતી અને ઘેર આવી સાંજનું ઘરકામ આટોપતી. આ બધું તે ઉમંગથી કરતી. કામ સખ્ત તો હતું પણ રોજના ચાર આના મળતા. તેની ચાલુ સ્થિતિમાં આ રકમ ઘણી હતી.

"મારો ધણી હવે તો સુધરી ગયો!" એ આશાથી પાર્વતી હરખાતી હતી. દારૂની દુકાને ન જવાનું વચન કરુપ્પાણે બે મહિના સુધી પાળ્યું, પણ પછી તે પાછો બગડ્યો. બચતના પૈસા પાછા ઊડી જવા લાગ્યા અને ભાડાની કમાણીના પૈસા પાર્વતીને મળતા તે પણ બંધ થયા. તે બહારગામ જતો, બેત્રણ દિવસે પાછો આવતો અને સાથે બળદને માટે થોડો દાણોપાણી કે ઘાસચારો લાવતો.

બાકીના પૈસા માટે તે કાંઇ ને કાંઇ જૂઠાં બહાનાં કાઢતો. થોડા વખત પછી તો આ બહાનાંયે બંધ થયાં. પાર્વતીએ પણ પૂછવાનું છોડી દીધું; પણ તેણે તો ઘર આગળ અને મજૂરીએ સખ્ત કામ કરવું ચાલુજ રાખ્યું.

એક વખત ખાદીરખાન આવ્યો. હપ્તાના પૈસાની તાકીદથી ઉઘરાણી કરી અને જરા ચકમક ઝરી પણ ખરી. કડિયા—મિસ્ત્રી સાથે કામ કરતી હોવાથી તે ગાળોથી તો ટેવાઇ ગઇ હતી, પણ તેની જિંદગીમાં, આ પહેલીજ વખતે, ન સાંભળ્યા હોય એવા અપમાનજનક શબ્દો તેને સાંભળવા પડ્યા. તે ઘરમાં ગઇ અને પૈસા લાવીને ઉઘરાણી કરનાર તરફ ફેંક્યા. કરુપ્પાણ વખતોવખત એની પાસેથી પૈસા ઉપાડી જતો, છતાં આટલા પૈસા તેણે બચાવી રાખ્યા હતા.

આખો દિવસ પાર્વતીએ રડ્યા કર્યું. બીજે દિવસે તેને શરીરે ઠીક ન હતું, છતાં હમેશ મુજબ તે કામે ગઇ; પણ ઉઘરાણી કરનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે ભયંકર શબ્દો બોલ્યો હતો, તે કેમે કર્યા વિસરાતા નહોતા. તે પહેલાંના જેવી બહાદુર—ઉલ્લાસભરી સ્ત્રી નહોતી રહી. કડિયા સાથે કામ કરતાં પુરુષોના કઠોર અવાજથી તે કંપતી. નવાઇ જેવું લાગશે, પણ જ્યારે તેનું મન નીડર અને સ્વસ્થ હતું, ત્યારે પુરુષોની વિષયી આંખો અગર ધ્યાન ખેંચાતું નહિ તેટલું હવે તેની ગભરામણમાં તેના તરફ ખેંચાવા માંડ્યું. ખાદીરખાનનો દીકરો ચાલુ કામ ઉપર દેખરેખ રાખતો હતો. તેની નજર અને તેના શબ્દોથી તે ઘણી ગભરાઇ જતી.

પાર્વતીએ જ્યારથી આ કડિયાકામે જવા માંડ્યું, ત્યારથી તેના બાળકની બરાબર સંભાળ લેવાતી ન હતી. તે બાપડું માંદું પડ્યું અને એક દિવસ તો શરદી અને ઉધરસ સાથે તેને ખૂબ તાવ આવ્યો. અઠવાડિયાની પીડા અને વેદના ભોગવી તે બિચારું મરી ગયું!

કરુપ્પાણ સ્ત્રીની માફક રડ્યો. તેના વૃદ્ધ બાપે તેને સાંત્વન આપતાં કહ્યું: "બેટા, રડ મા. જેણે આપ્યું તેણે લઈ લીધું."

"કાકા, ઇશ્વરે મારા ઉપર આટલું દુઃખ શાને મોકલ્યું? મેં તો કોઇનું કાંઇ બગાડ્યુંયે નથી." પાર્વતીએ કરુણ રુદન કરતાં કહ્યું.

"બેટા, ગાંડી ન થા. રડ મા. હજી તો તું જુવાન છે. કાલે સવારે ભગવાન બીજાં છોકરાં આપશે. કુંભારે ઘડ્યાં હોય એટલાં બધાં કાંઇ પાકે નહિ. એમાં શોક કર્યે શું કામ આવે?" ડોસાએ આશ્વાસન આપ્યું.

"કાકા, હવે મારે બીજાં છોકરાં નથી જોઇતાં. હું મારા સુખ-દુઃખથી ધરાઇ ગઇ છું. હવે તો ભગવાન મોત આપે તો સારૂં."

વૃદ્ધ ડોસા હસી પડ્યા અને કહ્યું: "તારા ધણીને કહે કે, તે હવે પીઠામાં ન જાય અને પૈસા બગાડે નહિ. એટલું કરશો તો આ દુઃખ ભૂલી જશો, છોકરાંયે થશે અને સુખી થશો."

"બાપા, હવે હું તે ઝેરને કદીયે નહિ અડકું. એમ કરૂં તો મારા જીવના સમ." કરુપ્પાણે સોગંદ ખાધા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫)

બિચારી પાર્વતીના દુઃખનો હજીયે પાર નો'તો આવ્યો. કરુપ્પાણના સોગંદ તો બીજાજ શુક્રવારે તે રામપુરમના પીઠા આગળથી નીકળ્યો ત્યારેજ ભુલાઇ ગયા. ઘણો વખત થયાં તેણે તાડી છોડી મહુડાનો રસ લેવા માણ્ડ્યો હતો. એક વખતે તે રૂની ગાંસડી લઇને તીરુપુરં ગયો હતો. ત્યાંથી પાછા વળતાં બીજા ગાડીવાળા સાથે તે પીઠા આગળ અટક્યો અને પોતાના સાથીઓને બૂમ પાડીને કહ્યું: "એલા ઓ! ચાલો કોને આવવું છે? હું તો તેને અડકવાનો નથી. મને તેની પરવા પણ નથી."

"તારે તેની પરવા નથી તો પૈસા ગાંઠે બાંધીને ચાલતો થા. બીજાઓ આગળ ડંફાશ શા સારૂ મારે છે?" કૂદકો મારી નીચે ઊતરી પીઠામાં પેસતાં એક ગાડાવાળાએ કહ્યું.

કરુપ્પાણ થોડો વખત તો થોભ્યો, પણ પછી અંદર ગયો. "બસ, આ છેલ્લીજ વખત." એમ કહેતોકને તે દાખલ થયો.

બીજા શુક્રવારે પણ આમજ બન્યું. "બે ઘડી માંડ નચિંત થવાનું બને તો શા માટે જતું કરવું?" તેણે તેના સાથીને કહ્યું.

"જહાનમમાં જા! આપણે કમાયા છીએ અને આપણે ખર ચવાના છીએ. આપણને કોણ ના પાડનાર છે?" બીજાએ કહ્યું.

એટલે ત્રીજાએ ટાપસી પૂરી: "ખરૂં છે. આ જગત તો નાશવંત છે. કાલ કોણે દીઠી છે? લક્ષ્મી કોની થઇ છે કે આપણી થશે? એ નથી તારી કે નથી મારી."

ચોથો ધીમેથી બોલ્યો: "અરે! ના રે! એ તો પીઠાવાળાની છે." અને બધા હસ્યા.

"મૂર્ખાઓ!" એક જણ બરાડી ઊઠ્યો. "તમે તો મોટા પંડિત જેવી વાતો કરો છો. આ દારૂ કેવો બધું બાળીને ભસમ કરતો અંદર જાય છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“મૂઆ આ રૂના વેપારી!” કરુપ્પાણે કહ્યું. “એ લુચ્ચાઓ આપણને ભાડામાં છેતરે છે હો.”

આમ ને આમ અંધારું થતાં સુધી ચાલ્યા કર્યું અને પછી તેઓ ગાડે પાછા ગયા.

ખાદીરખાનને ઉઘરાણીએ આવવાનો હવે વખત થયો હતો. તે આવે તે પહેલાં તેને ઘેર જઇ પૈસા આપી આવવા, પાર્વતી તેને સમજાવતી હતી.

“મરશે! તેને અહીં આવવા તો દે. અહીં આવીને કાંઇ એલફેલ બોલશે, તો તો તેનું માથુંજ ભાંગી નાખીશ.” કરુપ્પાણે કહ્યું.

પણ મુસલમાન ઘણા દિવસ સુધી આવ્યોજ નહિ. કદાચ તે બીજાં કામોમાં રોકાયો હશે અને કરુપ્પાણ આ વાત તરતજ ભૂલી ગયો.

એક દિવસ સવારે ખાદીરખાનનો દીકરો ઇસ્માઇલ આવ્યો. તેણે તો પૈસા માગવાને બદલે લાલ મરીના થોડા કોથળા રામપુરમ્ લઇ જવા કરુપ્પાણને કહ્યું.

“મારે તો કોમારા કૌંદનનું ઘાસ ભરી જવાનું છે. એક અઠવાડિયાથી મેં બોલી કરી છે.”

“તેનું કાંઇ નહિ, કરુપ્પાણ. તેનું ઘાસ બે દિવસ રહીને જશે. મારા કોથળા તો તારે લઇજ જવા પડશે. આજે જો તે નહિ જાય, તો અમારા સોદામાં અમને ખોટ જાય એમ છે.”

તે હપ્તાના પૈસા માગવાનું તો ભૂલીજ ગયો, એ ખ્યાલથી ઘણું સમજાવ્યા પછી તે જવા કબૂલ થયો.

સાંજરે, હજી કરુપ્પાણ આવ્યો નહતો અને પાર્વતી એકલી ઘરમાં રાંધતી હતી, ત્યારે ઇસ્માઇલખાન ફરી આવ્યો.

“કેમ કરુપ્પાણ આવ્યો?” [illegible] તેણે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ના, હજી નથી આવ્યા." પાર્વતીએ જવાબ આપ્યો.

"હં...હં...અત્યારમાં ક્યાંથી આવે? અને વળી રસ્તામાં પીઠું છે." ઘરમાં દાખલ થતાં થતાં ઇસ્માઇલ બોલ્યો.

"હં, અમારૂં બૈરાંનું સત્યાનાશ વાળવા ત્યાં પીઠું છેજ તો." પાર્વતીએ જવાબ આપ્યો.

ઇસ્માઇલ વગર કહ્યે ત્યાં બેઠો અને કરુપાણ પાછો આવે તેની રાહ જોતો તે બેઠો છે, એમ ધારી પાર્વતીએ કામ કર્યાં કર્યું. ઇસ્માઇલે વાતચીતની શરૂઆત કરી.

"સાચું કહેજે, આ તારા ધણીથી તું કંટાળી ગઇ નથી?"

"જેની સાથે પાનાં પડ્યાં, તેનાથી કંટાળ્યે કેમ પાલવે?" તેના સામું ફરીને જોયા સિવાય કામ કરતાં કરતાં તેણે જવાબ આપ્યો.

"હાસ્તો. ધણી એટલે ધણી. એને કાંઇ છોડ્યો છોડાય છે?" ઇસ્માઇલે તેને તેની અડચણો પૂછવા માંડી અને વાતવાતમાં ઇધર-ઉધરની ઘણીયે વાતો કરી. થોડા વખત પછી કરુપાણની રાહ જોયા સિવાય તે ચાલ્યો ગયો.

બીજા દિવસે પણ ઇસ્માઇલ આવ્યો. કરુપ્પાણને ટાંપે મોકલ્યો અને બપોરે લટાર મારતો પાછો આવી ચડ્યો. તેની સાથે તે થોડી મીઠાઇ લાવ્યો હતો. "મારે તો એ મફતમાંજ આવી છે" એમ કહીને તેણે પાર્વતીને તે પરાણે આપી.

"હું તને જોઉં છું ત્યારે મને જાણે ખૂબ આનંદ થાય છે." તે બોલ્યો.

"ભગવાન જાણે, આ વળી શું થવા બેઠું છે?" પાર્વતી મનમાં બોલી.

"હું આવું છું ત્યારે તું ધ્રૂજે છે શા માટે? શું તું એમ માને છે કે, હું પેલા પૈસા માટે તને હેરાન કરીશ? તું જો મારી સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્ર વાતચીત કરશે, તો મને એ પૈસાની જરાયે પરવા નથી." ઇસ્માઇલે કહ્યું.

આ વાતને લંબાવવાની કાંઇ જરૂર છે? ઘણા દિવસ તો પાર્વતીએ એ સેતાન સામે ટક્કર ઝીલી પણ આખરે તે પડી. ગરીબી અને લાચારીને લીધે સ્ત્રી અંતે ક્રૂર, વિષયી માણસની જાળમાં ફસાય છે.

(૬)

કિરમ્બુરની તાડીની દુકાન છે. અંત્યજોને દારૂ આપવાના બાકોરા આગળ અંત્યજોનું એક ટોળું ઘોંઘાટ કરતું હતું. અંદરનો ભાગ અતિશય ગંદો હતો. કચરો અને માખીઓ અને વાસી તાડીની દુર્ગંધથી જાણે એ નરક થઇ ગયું હતું. ત્યાં દારૂડિયાનાં કેટલાંયે ટોળાં અંદર બાઝતાં હતાં.

"સૂવર! ફરી જો બોલ્યો છે તો તો તારા દાંતજ પાડી નાખીશ," કરુપ્પાણે કહ્યું.

"દાંત પાડી નાખવાવાળો નહિ દીઠો હોય તો! એની હિંમત તો જુઓ. બાયડીને તો વશ રાખી શકતો નથી!"

ધડ દઇને કરુપ્પાણે એના મોં ઉપર પ્યાલાનો ઘા કર્યો અને તેના નાકેથી લોહી વહેવા માંડયું.

"મૂર્ખાઓ! બૈરાં તો એવાંજ હોય. બૈરાંની તકરારમાં આવી મજાની તાડી કાં ઢોળી નાખો છો?" બીજાએ મોટેથી કહ્યું.

"અરે! રામન, મરી ગયો!" ચોથાએ ઊઠતાં અને કરુપ્પાણ સાથે લડતા માણસના નાકે અને મોંએ લાગેલું લોહી લૂછી નાખતાં કહ્યું. તેને સહેજ ઇજા થયેલી હતી. તે ઊઠીને ઊભો થયો અને પાસે પડેલી ઇંટ કરુપ્પાણ તરફ જોસથી ફેંકી. ડોકું નીચું નમાવી દઇ કરુપ્પાણે ઘા ચૂકવ્યો.

કલાલે તેની જગ્યાએ રહીને બૂમ પાડી કે, "દુકાનની અંદર મારામારી ન કરો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરુપ્પાણ ત્યાંથી ભાગ્યો. તેનો દુશ્મન તેની પાછળ દોડ્યો પણ બારણામાંજ ઠોકર વાગતાં તે ધબ દઇને પડ્યો; કરુપ્પાણ તેના ગાડા આગળ ગયો અને મોટેથી ગાળો ભાંડતાં ભાંડતાં ગાડું હાંકી મૂક્યું.

હમેશ કરતાં વહેલો તે ઘેર આવી પહોંચ્યો અને જોયું તો બારણાં અંદરથી બંધ.

"એ અલી! બારણાં અંદરથી બંધ કરીને કરે છે શું? આ હું ક્યારનોય ઊભો છું ને? ચાલ, ઉઘાડ બારણાં અને બળદને પાણી પાવા લઇ જા." કરુપ્પાણે બહારથી બૂમ પાડી

અંદર પગનું હલનચલન થઈ રહ્યું હતું, થોડો વિલંબ પણ થયો અને કરુપ્પાણે બહાર બૂમ પાડ્યાજ કરી.

બારણું ઉઘાડી પાર્વતી બહાર આવી. કરુપ્પાણ સામે ઊભા રહીને તેણે કહ્યું: "જરા આવો ને, આ ભેંસ તો જુઓ. કોણ જાણે શું થયું છે? આખો દિવસ, બસ લાતોજ મારે છે અને દોહવા દેતી નથી." પાર્વતીએ ઘરના પાછળના વાડામાં તેને લઇ જવા યત્ન કર્યો.

"મૂક તારી ભેંસ! ક્યારનોયે તરસ્યો થયો છું. પાણી આપ." એમ કહીને તે ઘરમાં ગયો.

ઇસ્માઈલ અંદર હતો. તે દીવાલ આગળથી બહાર છટકવાનો યત્ન કરતો હતો.

"આ તરકડાને ઘરમાં કેમ ઘાલ્યો છે? રાંડ કુલટા!" કરુપ્પાણે રાડ પાડીને કહ્યું.

પાસેજ એક કોદાળી પડી હતી. તે લઈ તેણે તેની સ્ત્રી તરફ ફેંકી. પછી બાજુએ પડેલું ધારિયું ઊંચું ઉગામીને નાસતા ઇસ્માઇલ ઉપર જોરથી માર્યું. તે નીચે પડ્યો અને પુષ્કળ લોહી નીકળવા લાગ્યું. પછી તે તેના ભાઇની ઝૂંપડી તરફ દોડી જતી પાર્વતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ દોડ્યો. તે પાછળ તો પડ્યો, પણ આ અવાજ સાંભળી દોડી આવેલા પાડોશીઓને જોઇ તે ખંચકાયો. તેણે પડેલા ઇસ્માઇલ તરફ પાછું ફરીને જોયું અને તેને હાલતો જોઇને, બૂમો પાડતો તેને પૂરો કરવા ધસ્યો. ભેગા થઈ ગયેલા લોકોએ તેને ઝાલી રાખ્યો.

(૭)

રામપુરની પોલીસચોકી છે. કરુપ્પાણ અને પાર્વતીને જુદી-જુદી ઓરડીમાં રાખ્યાં છે. બધા સિપાઇઓ પાર્વતીની ઓરડી આગળ કાંઇ ને કાંઇ બહાને આંટા મારતા અને તેના તરફ સ્મિત કરવાનો યત્ન કરતા. જેને જેને તેની સાથે વાત કરવાની તક મળતી તે મીઠાશથી વાત કરતો, પણ પાર્વતી તો અકલ્પ્ય મૂંઝવણ અને ચિંતામાં ગરકાવ હતી. પહેલીજ વખત પકડાઇને પાંજરામાં પુરાયેલા જંગલી પશુની લાગણીનો સાચો ખ્યાલ આવી શકતો હોય, તોજ કાયદો અને પોલીસના પંજામાં સપડાયેલી એક ખેડૂત–સ્ત્રીના સંકટનું યથાર્થ ભાન થાય.

“તમે સાચેસાચી વાત કબૂલ કરી લો, તેમાં તમને ફાયદો છે.” ફોજદારે કહ્યું. “પછી શું કરવું તે અમે જોઇ લઇશું.”

“પણ સંતાડવાનું છે શું ?” કરુપ્પાણે કહ્યું. “હું કાંઇ જાણતોજ નથી. હું તો કુરૂમાંકુરથી શુક્રવારે પાછો ફર્યો.”

“ભલા માણસ! તેમાં કાંઇ નહિ વળે. તારી વહુએ બધી વાત કહી દીધી છે.”

“રાંડ! કુલટા! આ બધાનું મૂળ તો એ છે!”

“હા, ખરેખર, બૈરાંજ ઝઘડાનું મૂળ હોય છે. હવે બધું કહી દે. બીશ નહિ.”

“મારે શું કહેવાનું છે? તમે કહો છો ને કે, એણે બધું કહી દીધું છે.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, હા, પણ તારેય કહેવું જોઇએ. નહિ તો સાત વરસ સમજી લેજે, હરામખોર!"

"સાત વરસ તો સાત વરસ! હું કાંઇ નથી કહેવાનો."

એટલે પોલીસનાયક બોલ્યો: "તમે આમ નરમ નરમ શબ્દો બોલો ત્યાંસુધી આ વેલાલાની જાત આમજ કહેવાની. એ તો આ– (કબૂલાત કઢાવવાના ઉપાયનો ન કહી શકાય એવો ઉલ્લેખ કર્યો) કરશો એટલે ઠેકાણે આવશે."

"સાચું," ફોજદારે કહ્યું. "તમે એની લંબાણપૂર્વકની 'તપાસ' પાછળથી કરજો." 'તપાસ' શબ્દ એ ખાસ સૂચક રીતે બોલ્યો.

તેઓ પાર્વતીને પણ પૂછી પૂછીને પજવતા હતા.

"બાઇ,!" પોલીસનાયક બોલ્યો. "તું નિર્દોષ દેખાય છે. ખાદીરખાન અને તેનો દીકરો તારે ત્યાં ગુરુવારે સાંજે આવ્યા હતા, નહિ?"

"બાપદીકરો? ના." તેણે જવાબ આપ્યો.

"હાં, ઇસ્માઇલ એકલો આવ્યો હતો?" પાસે ઊભેલા સિપાઇઓને આંખની સંજ્ઞા કરતાં નાયકે પૂછ્યું.

"સાહેબ, એમ પૂછો નહિ. મારે ત્યાં મુસલમાન શા સારૂ આવે? બૈરાં માણસને આવી બેશરમ વાત પૂછો નહિ. મને ઘેર જવા દો. મારા કાકા અને સાસુ ત્યાં છે. તમે તેમને પૂછીને જાણી લો."

"ઘેરે તો રહેતે રહેતે જવાશે. હજી વાર છે, સમજી? તું સાચું નહિ કહે, ત્યાંસુધી નહિ જવાય."

"અરે ભગવાન!" પાર્વતી બોલી ઊઠી.

"આમ નરમ સવાલોથી તે નહિ બોલે." નાયક બોલ્યો.

"તે ચકોર છે. કંઇક બેવકૂફોને એણે પાયમાલ કર્યાં હશે."

"અરે સાહેબ, તમારે પણ વહુદીકરીઓ છે. દયા રાખો." પાર્વતીએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સળિયા ઊના કરી લાવો." નાયકે હુકમ કર્યો.

"ઓ સ્વામિ, મારા ધણીને પૂછો. તે તમને બધું કહેશે. મારા જેવી અભાગણીને નાહકના શાને દુઃખ દો છો ?"

"હં. તારા ધણીને પણ પૂછીશું. અમે તેને પૂછ્યું છે અને તેણે બધું કહી પણ દીધું છે. એ તો તુંજ સંતાડે છે." ફોજદારે કહ્યું.

"તેણે તમને કહ્યું છે?" પાર્વતીએ દુઃખથી પૂછ્યું.

"હા, અને આ બધાનું કારણ તું છે, એમ તેણે તો કહ્યું છે."

"અરે ભગવાન !" હાથ ઘસતાં પાર્વતી બોલી અને જમીન પર ચત્તી પડી ગઈ.

"રડવાથી કાંઇ વળવાનું નથી." પોલીસનાયકે કહ્યું.

"આ બધાથી કાંઇ અમે છેતરાઇ જવાના નથી. તું તો બરાબર પાવરધી થયેલી લાગે છે. કેટલા મૂર્ખાનું સત્યાનાશ વાળ્યું છે ?"

"અરે ભગવાન ! એવી વાત ન કરો, મારા ભાઇ, તે આવ્યો અને તેના હપ્તાની ઉઘરાણી કરી."

"હં. હવે રસ્તે આવી. સાહેબ, મેં નો'તું કહ્યું ?" પોલીસનાયક ફોજદાર તરફ ફરીને બોલ્યો.

"માત્ર તું જો સાચું બોલશે તો તને છોડી મૂકીશું. બૈરાંને કોણ જેલમાં પૂરવાનું હતું ? તારો ધણી પણ થોડામાં છૂટી જશે. અમે એટલું કરશું."

"આજ મને ઘેર જવા દો. કાલે બધું કહીશ."

"સારૂં." ફોજદારે કહ્યું, "એ કહેશે એમ લાગે છે."

"એક વાર ઘેર ગઇ પછી સાચું નહિ કહે." નાયકે કહ્યું.

"પણ આપણે એને રાત્રે થાણામાં નહિ રાખી શકીએ. આપણે એને કેદ નથી કરી." ફોજદારે એકજ બાજુ જોઇને કહ્યું.

"ઠીક, સાહેબ ! આપણે એને રાતે બંદોબસ્તથી ઘેર પહોંચાડવી પડશે અને કાલે સવારે અહીં પાછી હાજર કરવી પડશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૮)

કરુપ્પાણના પિતાએ તેના મોટા દીકરાને વકીલ રોકવા સમજાવ્યો. ખર્ચને પહોંચી વળવા તેમણે તેનું ગાડું વેચી દીધું અને તે પૈસા ખરચાઇ ગયા ત્યારે પાસેના ગામના તેમના એક સગાને ત્યાં ભેંસ ગીરો મૂકી બીજા પૈસા ઉપાડ્યા. આ બધા દુઃખના મૂળ તરીકે બધા પાર્વતી પર શાપ વરસાવતા હતા.

ગુનાને દિવસે કરુપ્પાણ ઘેર નહોતો, પણ કુરૂમાંડુર હતો, એની જુબાની લેવરાવ્યા પછી તેના વકીલે કરુપ્પાણના બચાવમાં, તેના સર્વ સંબંધીઓને સંતોષ થાય એમ ત્રણ કલાક સુધી મેજિસ્ટ્રેટ આગળ ભાષણ કર્યું.

ખાદીરખાને કસમ ખાઇને જણાવ્યું કે, "એ અને એનો દીકરો કરુપ્પાણને ઘેર ગયા હતા અને પૈસાની ઉઘરાણી કરી હતી. આથી કરુપ્પાણ ગુસ્સામાં આવીને એલફેલ ગાળો દેવા મંડ્યો. મેં તેને સમજાવ્યો અને પૈસા ચૂકવી દેવા કહ્યું, એટલે કરુપ્પાણે ધારિયું લઇ મારા ઉપર હુમલો કર્યો. હું તો મુશ્કેલીએ બચી ગયો, પણ આ મારો દીકરો વચ્ચે પડ્યો. તેને સખ્ત વાગ્યું અને નસીબના જોરે એ બચી ગયો, નહિ તો ત્યાંજ પૂરો થઇ જાત. ઘા માથા ઉપર ન પડ્યો, પણ જમણો કાન વાઢીને ચાલ્યો ગયો."

કોર્ટમાં પાર્વતીની જુબાની લેવાઈ, તેણે તો બધામાં નકાર ભણ્યો. વકીલે તેને નકાર ભણવાની સલાહ આપી હતી. તેણે કહ્યું કે, "અગાઉ મેં જે પોલીસ આગળ જુબાની આપેલી, તે મારની બીકે આપેલી હતી. મેજિસ્ટ્રેટે કેસ સેશન્સ કમિટ કર્યો.

હવે બળદો પણ વેચી નાખવામાં આવ્યા, સેશન્સ માટે વકીલ કરવામાં આવ્યો. કેસની રાહ જોતી પાર્વતી તેને પિયેર ભાઇને ત્યાં ગઇ.

પાર્વતીનો ભાઇ ગરીબ હતો અને મહામુશ્કેલીએ પોતાનું પૂરું કરતો. તેની સ્ત્રી નલ્લાઇ પાર્વતી તરફ સખ્તાઇથી વર્તતી. પાર્વતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે તેના આંગણામાં રડતીકકળતી આવી અને તેના ભાઇ સાથે વાત કરતી હતી, ત્યારે નલાઇએ કહ્યું: "ઉખડેલ બૈરાં માટે આ ઘર નથી. અમે તો ભોળાંભલાં ગરીબ માણસ છીએ."

બારણાં વાસી તે તો ખેતરે ચાલી ગઈ.

"બહેન, કોઢમાં જા, છાણ લઇ લે અને ખેતરે લઇ જા." ભાઇએ કહ્યું.

પાર્વતી બને તેટલું ઉપયોગી થવા યત્ન કરતી હતી અને સખ્ત મહેનત કરી ખાવા જેટલું કમાતી, પણ તેની ભાભી નિર્દય હતી. તે તેનું ફાવે તેમ અપમાન કરતી અને તેને કનડતી. પાર્વતીએ આ બધું મૂંગે મોંએ સહન કરી લીધું.

એક દિવસ ફરીથી સિપાઇ આવ્યો અને કેસ ચાલવાનો હોવાથી પાર્વતીને પોતાની સાથે વડી કોર્ટે આવવા જણાવ્યું. પાર્વતીને આ પણ રાહત જેવું લાગ્યું. આ મોટા થોભિયાવાળો મુસલમાન પોલીસ દયાળુ હતો. તે તેનું અપમાન કરતો ન હતો, પણ બાપની જેમ બોલતો હતો.

તેણે રસ્તે ચાલતાં ચાલતાં પાર્વતીને કહ્યું: "જે બન્યું હોય તે સાચેસાચું કહી દેજે. એ બિચારા પર જજ સાહેબ કદાચ દયા કરે."

"મારાથી એવી શરમની વાત કેમ કરીને કહેવાય?" પાર્વતીએ કહ્યું.

"એમાં શરમાવાનું શાનું? એવાં કામ તો ઘણાયે કરે છે. માણસ છે, કોઇ વાર ભૂલ પણ થઇ જાય. ખુદા આપણને સંભાળે છે, પણ કોક વાર તે આપણને ખરાબ પણ થવા દે છે. એ તો તેની મરજીની વાત છે."

"તમે મને બધી વાત કહી દેવા સલાહ આપો છો?" પાર્વતીએ ફરીથી પૂછ્યું. "તો તો મને ન્યાતબહાર મૂકશે. મારો ધણી મને પાછી સંઘરશે નહિ. પછી હું શું કરીશ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જો સાચું નહિ કહે, તો તારા ધણીને છ વરસની જેલ મળશે. અને તું સાચું બોલશે તો છ માસમાં પણ છૂટી જાય. આવુંજ પહેલાં એક વાર બન્યું હતું. તું હમણાં તેને મદદ કરશે, તો તે તારૂં અહેશાન માનશે. ન્યાતમાં રહેવા માટે તો કાંઇ વિધિ કરી લેવી. ગમે તેમ, સાચું કહી દેવું, એજ સહીસલામત રસ્તો છે."

પાર્વતી કાંઇ બોલી નહિ. સાચું બોલવું, એમ તેને મનમાં થયું, પણ તરતજ બીકમાં અને ગભરામણમાં તે વિચાર દબાઇ ગયો.

ઇરોડથી તેઓ ગાડીમાં બેઠા. પાર્વતીની આ પહેલીજ રેલ-મુસાફરી હતી. સ્ટેશન ઉપરનાં માણસોનાં ટોળેટોળાં અને ગાડીની હેરત પમાડે એવી ગતિ એ જાણે તેના જીવનની કરુણતામાં વધારો કરતાં હતાં. ગાડી જરા વધુ ગતિમાં આવી કે તરતજ એક જુવાન ખૂબસૂરત છોકરો ક્યાંકથી ડબામાં આવ્યો અને ગાવા મંડ્યો. તે આંધળો હતો. તેની પાસે ગાવામાં મદદ કરતો બીજો એક ચીંથરે-હાલ છોકરો ઊભો હતો.

"હરામખોરો! અત્યાર સુધી ક્યાં સંતાઇ રહ્યા હતા?" સિપાઇએ કહ્યું. ગાયન બંધ કર્યા સિવાય તેઓ હસતા હતા. તેઓ મધુર રીતે ગાતા હતા, કુશળ ગવૈયા કરતાંયે સુંદર. આ ભિખારીના છોકરા ક્યાં અને કેવી રીતે ગાતાં શીખે છે, એ એક ભેદી કોયડો છે. ગાયન પૂરૂં થતાં આંધળા છોકરાએ હાથ લંબાવ્યો અને તેનો સાથી તેને દોરી ગયો. ડબામાંના દરેક માણસે જાણે એ એક રીત-સર કર હોય તેમ, એકએક પૈસો આપ્યો. પાર્વતીએ પણ લૂગડા-ના છેડાની ગાંઠ છોડી પૈસો આપ્યો. આખો દિવસ એ ગાયનના ભણકારા તેના કાનમાં વાગ્યા કર્યા. ગાયન અલૌકિક હતું અને તેને આખું સમજાયું પણ નહોતું, પણ તેની એક કડી, પેલા આંધળા છોકરા અને તેના સાથીના સૂરમાં, તેના મગજમાં ફરી ફરીને આવ્યા કરતી:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજની ચોરીછૂપીથી આ મેં કેવું પાપ કર્યું ?
મારા બંધુઓ મારો સત્કાર કરશે?
મારી મા મારો તિરસ્કાર કરશે ?

(૯)

સાલેમમાં પાર્વતી માટે હલકી વીશીમાં ખાવાનો બંદોબસ્ત કર્યો. પોલીસ તેને ત્યાં લઇ ગયો અને તેને માટે અડધા ભાણાનો હુકમ આપ્યો. વીશીવાળી બાઇએ પાર્વતીને તે શા માટે સાલેમ આવી હતી, તે પૂછ્યું. "તેમણે મને કોર્ટમાં પકડી આણી છે." એમ તેણે જવાબ આપ્યો. એટલે ત્યાં ખૂબ માણસો ભેગાં મળ્યાં અને ત્યાં મોટું ટોળું એકઠું થઇ ગયું. આ બધી સ્ત્રીઓને ચાના બગીચા માટે સિલોન લઇ જવાની હતી.

આગલે અઠવાડિયે શરૂ થયેલો ખૂનનો કેસ હજી ચાલતો હોવાથી તે દિવસે કેસ ન ચાલ્યો. કરુપ્પાણનો કેસ ચાલ્યો ત્યારે પણ પાર્વતીને બોલાવી નહિ, કારણકે સરકારી વકીલે તે વિરુદ્ધ પક્ષની છે, એમ જણાવ્યું હતું; એટલે કરુપ્પાણના વકીલે કહ્યું કે, પોતે તેને બોલાવવા ઇચ્છતો હતો અને તેથી તેને રોકવા કોર્ટને માગણી કરી. સાંજે કરુપ્પાણનો ભાઇ તેને વકીલ પાસે લઇ આવ્યો. રસ્તે મુસલમાન સિપાઇએ તેને જે વાત કહી હતી, તેની તેજ વાત વકીલે પણ કહી.તે તેના ધણીને બચાવવા ઇચ્છતી તો હતી, પણ તેનું પાપ કબૂલ કરતાં તેને ધ્રુજારી આવતી હતી. આખરે પાર્વતીએ કહ્યું: "ભગવાન જેમ કહેવડાવશે તેમ કહીશ."

"કુલટા !" કરુપ્પાણનો ભાઇ બોલ્યો, "જુઓને, વળી ભગવાનની વાત કરે છે ? ખાસડે ને ખાસડે ટાલજ પાડી નાખવી જોઇએ."

"ત્યારે તમે કહેવરાવશો તેમ કહીશ. એક બાઇમાણસ બીજું શું કરે ?" તેણે તેના જેઠને કહ્યું.

વકીલને તો આજ જોઇતું હતું. તેણે બધાને જતા રહેવા કહ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કરુપ્પાણુના ભાઇ સાથે ખાનગી મસલત કરી.

બીજે દિવસે કોર્ટના હોલ પાસે એક ઝાડની નીચે બીજાઓ સાથે રાહ જોતી કયારનીયે તે બેઠી હતી. એટલામાં તેનું નામ મોટેથી બોલાયું અને તે સફાળી ઊભી થઇ. તેને પાંજરામાં લઇ ગયા. તેણે આસપાસ જે જોયું તેથી તે હેબતાઇ ગઈ. હોલના પશ્ચિમના ખૂણા તરફ નજર પડતાંજ, તેની આંખ તેના ધણીની સ્થિર દૃષ્ટિ સાથે મળી. તે સળિયા પાછળ જંગલી જાનવરની માફક ઊભો હતો. તેની દાઢી અને વાળ એટલા વધી ગયા હતા કે તે ભાગ્યેજ ઓળખાય. એક ગરીબ ખેડૂતને સાચા ખૂની જેવા દેખાવા માટે બે મહિનાની જેલ પૂરતી છે.

"આ બધું મારે લીધેજ!" પાર્વતીને મનમાં વિચાર આવ્યો. તેને અપાર વેદના થવા લાગી. પાંજરામાંના સળિયાના આધારે તે માંડ માંડ સ્થિર ઊભી રહી શકી. જ્યારે કારકુન અચાનક બોલી ઊઠ્યોઃ "સોગંદ ખા" ત્યારે તો તેનું માથું પણ ભમવા માંડ્યું.

"સોગંદ લો."

"ઇશ્વરને હાજર જાણી જે કહીશ તે સાચું કહીશ. હું તે સાંજે રાંધતી હતી......" પૂછવાની રાહ જોયા સિવાય પાર્વતીએ બોલવા માંડ્યું.

"ઊભી રહે." ગુસ્સાથી કારકુન ફરી બોલી ઊઠ્યો.

"તે તેનો પાઠ બરાબર ભણી ગઇ લાગે છે." ન્યાયાધીશે સરકારી વકીલ તરફ જોઇને કહ્યું.

"એ ક્યાં લગી ટકવાનું હતું?"

આ જવાબથી ત્યાં ખૂબ હસાહસ થઇ રહી. સરકારી વકીલ ખૂબ મોટેથી હસ્યો અને બીજા વકીલો પણ જરા ધીમા અવાજે તેમાં ભળ્યા. બચાવપક્ષનો વકીલ ધીમેથી હસ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું કહું એમ કહે." કારકુને સખ્તાઇથી કહ્યું. પાર્વતીને નવાઇ લાગી કે, તેને તેના વકીલે તથા જેઠે જે બોલવાનું કહ્યું હતું તે ન કહેતાં તેને બદલે આ કારકુન જે કહે તે બોલવાનું છે કે શું? પાર્વતીએ સોગંદ ખાધા અને પછી પ્રશ્નો પૂછવાનું કામ શરૂ થયું. તેઓ તેને વિચિત્ર અને કૃત્રિમ રીતે જે સવાલો પૂછતા તે તેને દર વખતે બરાબર સમજાતા ન હતા. તેણે કહ્યું: "ઇસ્માઇલ આવ્યો ત્યારે હું રાંધતી હતી. તેણે ખોટી વાત કરી. હું તેથી ચમકી ગઇ. મેં એનું કહ્યું માન્યું ન હતું, એટલામાં મારો ધણી આવ્યો અને ગુસ્સામાં આવી જઇને તેણે મારા તરફ કોદાળી ફેંકી. હું બીકથી નાસી ગઇ. પછી શું થયું તેની મને ખબર નથી, પણ ઇજા થવાથી લોહી નીકળતા માથાવાળા ઇસ્માઇલને દોડી જતાં મેં જોયો હતો." વકીલને ત્યા આ પ્રમાણેની વાત નક્કી થઇ હતી.

"જો હરામખોર!" કરુપ્પાણે પિંજરામાંથી બૂમ પાડી. હજીયે તેને આશા હતી કે, તે કુરૂમાંડુર હતો એમ પુરવાર થશે.

પછી તેનો વકીલ તેની પાસે ગયો અને તેને શાંત કરવા તેના કાનમાં કંઇક કહ્યું. કેસ પૂરો થયો, ત્યારે એસેસરોએ અભિપ્રાય આપ્યો કે, કરુપ્પાણ ખૂનની કોશિશ કર્યા માટે નહિ, પણ સખ્ત ઉશ્કેરણીમાં મહાવ્યથા બદલ ગુનેગાર છે. ન્યાયાધીશે ચુકાદો આવતી કાલ ઉપર મુલતવી રાખ્યો.

બીજે દિવસે કોર્ટ બેઠી ત્યારે એનો ચુકાદો અપાયો. ન્યાયાધીશે જણાવ્યું "હું એસેસરોના મતથી જુદો પડું છું અને કરુપ્પાણને ખૂનની કોશિશ માટે ગુનેગાર ઠરાવું છું. હું ખાદીરખાન અને ઇસ્માઇલનો પુરાવો સ્વીકારૂં છું કે, તેઓ કરુપ્પાણ પાસે લેણા હપ્તાની ઉઘરાણી માટે ગયા હતા. તહોમતદાર દારૂડિયો છે અને ગુસ્સામાં આવી જઇને તેણે પ્રાણઘાતક હથિયાર વડે તેના પર હુમલો કર્યો અને માત્ર અકસ્માતથીજ અને બીજાં માણસો વચ્ચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડવાથી ખાદીરખાન અને તેનો દીકરો મોતમાંથી બચી ગયા. હું તેની સ્ત્રીની વાત માની શકતો નથી, કારણકે તેને આમાં હિતસંબંધ છે. અને ખાસ કરીને એટલા માટે કે તેણે મેજિસ્ટ્રેટ પાસે જુદી વાત કહી હતી અને વળી પોલીસ પાસે જુદીજ વાત કહી હતી."

છેવટે તેણે તેને છ વરસની સખ્ત મજૂરીની સજા કરી. વળી ન્યાયાધીશે પાર્વતી ઉપર જૂઠી સાક્ષી પૂરવાના ગુના બદલ કેસ કરી સેન્કશન મેળવી શકાય કે કેમ તેનો વિચાર કરવા સરકારી વકીલને ભલામણ કરી.

કરુપ્પાણે સજા સાંભળી ત્યારે તે બૂમ પાડી ઊઠયો: "રાંડે મને છેતર્યો. બૈરી જ્યારે બેવફા નીવડે, ત્યારે શું ધણી માત્ર જોઇજ રહે ?"

"કેદીને લઈ જાઓ." ન્યાયાધીશે ફરમાવ્યું.

"આ બધી હકીકત જણાવીને તે હાઇકોર્ટમાં અપીલ કરી શકે છે" એમ કહેતા કહેતા પહેરા ઉપરના સિપાઇઓ કરુપ્પાણને લઈ ગયા.

(૧૦)

કેસ પૂરો થતાં પાર્વતીના જેઠ કે બીજાએ તેને માટે જરાયે વિચાર ન કર્યો. મહા મુશ્કેલીએ તે રામપુરમ્ પહોંચી. પેલા વૃદ્ધ મુસલમાન સિપાઇને કાંઇક દયા આવતી હતી. તે તેને પાછી મૂકી ગયો.

"તારે બધી સાચેસાચી હકીકત કહી દેવી જોઇતી હતી. અને તે પણ શરૂઆતમાંજ." તેણે કહ્યું. "ન્યાયાધીશે તારી વાત સાચી ન માની, કારણકે તેં પહેલી કોર્ટમાં સાચું કહ્યું ન હતું અને અહીંયાં પણ તેં ખરેખરી હકીકત કહી નહિ." પાર્વતી તેનું કહેવું સાંભળતી હતી, પણ તેના શબ્દો ભાગ્યેજ તેના સમજવામાં આવ્યા. તેઓ રામપુરમ્ રાત્રે મોડા હેપાંચ્યા. સિપાઇએ તેને તેના નાના મકાનના બહારની ઓસરીમાં સૂઇ રહેવા અને બીજે દિવસે સવારમાં તેના ભાઇને ત્યાં જવા કહ્યું. તે રાત્રે તેની આંખ મળી નહિ. "હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી ભાભીને શું મોં બતાવીશ? હવે તો બધું ખતમ થઈ ગયું છે. ભગવાન મારી સામું જોતો નથી. હવે આ જીવતર કેમે કરી પૂરૂં થાય તો સારૂં. આમાંથી છૂટવાનો ઉપાય મારા હાથમાં છે. એ ઉપાય કોઈ લઇ જાય એમ નથી." ઘણા કલાકના ઉજાગરા પછી સવારના પહોરમાં તેના થાકેલા મનને જરા આરામ મળ્યો. તે ઘોર ઊંઘમાં પડી ગઇ. સિપાઇ છ વાગે ઊઠ્યો અને તેને ઘસઘસાટ પડેલી જોઇ તેને થયું: "ધણીને જેલમાં મોકલી આ બાઇ સુખી થઇ હોય એમ લાગે છે. મૂરખ હોય તે આ બૈરાંઓનો વિશ્વાસ કરે."

કોઇ બાળકનું રડવું સાંભળી પાર્વતી જાગી ઊઠી. જાણે તેનું બાળક દર્દથી ચીસ પાડીને રડતું હોય, એવું તેને સ્વપ્નું આવ્યું. તેનું બાળક તો ક્યારનુંયે મરી ગયું છે અને પોતે રસ્તા પર રઝળતી ભિખારણ બની ગઇ છે, એમ સમજતાં કેટલીક ક્ષણો વીતી ગઇ.

તે બેઠી થઈ અને જોયું તો એક નાનો કાળો છોકરો તેની સામે ઊભો છે અને મોં પર આંગળી રાખી બાળકની પેઠે રડવાનો અવાજ કરે છે. તે વારાફરતી અચૂક રીતે માતાનો અવાજ અને બાળકના રડવાનો અવાજ કાઢતો હતો. પાર્વતીને બેઠી થયેલી જોતાંજ તેણે તમાશો બંધ કર્યો અને એક પૈસો માગ્યો.

"છોકરા, તારૂં ઘર ક્યાં છે?" પાર્વતીએ પૂછ્યું.

"એક પૈસો આપો."

"તારો બાપ કોણ છે?" પાર્વતીએ ફરી પૂછ્યું.

"મને ખબર નથી." નાના છોકરાએ જવાબ આપ્યો.

"તારી મા નથી.?" તેણે પૂછ્યું.

"છે, પણ તે મને કુક્કર પાળનાર પાસે મૂકી ચાલી ગઈ છે."

"તને ખવરાવે છે કોણ?"

"ખવરાવે છે કોણ? હુંજ. હું પૈસા લાવું છું અને પેલા કુક્કરવાળાને આપું છું. કોઇ કોઇ વાર તે મને ખવરાવે છે, પણ ત્યારે હું એને પાછળથી પૈસા ચૂકવી આપું છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આ છોકરા જેવું રડતાં તું ક્યાં શીખ્યો?"

"હું અને એક બીજો તાંજોર શીખેલા. મને કાંઇક આપો. મારે કુક્કરવાળા પાસે જવું છે."

"એ કુક્કરવાળો કોણ છે?"

"તે આ શહેરમાં આવ્યો છે. તે કુક્કર ખરીદે છે અને વેચે છે. અમે એક ગામથી બીજે ગામ ફરતા ફરીએ છીએ." એટલામાં સિપાઇ બહાર આવ્યો અને છોકરાને ધમકાવી હાંકી કાઢયો.

"એ તો ચોરો છે. હમણાં બધું જોઈ જાય છે અને પછી એ ટોળીનાં માણસો રાત્રે ચોરી કરે છે. તને ઊંધ ઠીક આવી લાગે છે." તેણે કહ્યું.

"ભગવાન તમારૂં ભલું કરે! તમે મારા બાપની ગરજ સારી છે." તેણે કહ્યું અને તેનાથી રડી પડાયું.

સિપાઇને તેની જરાયે અસર થઇ નહિ.

"હવે તું તારા ભાઇને ગામ જા." તેણે કહ્યું. "જો તાપમાં ન જવું હોય તો હમણાં ઠંડે પહોરે ચાલવા માંડ."

પાર્વતી ખરે બપોરે, ભૂખીતરસી લોથપોથ થઇ ગયેલી તેના ભાઇને ઘેર પહોંચી. કડવા અનુભવ છતાં તેણે આશા રાખી હતી કે, ભાભી કંઇક પીગળી હશે. પણ અફસોસ! તેના પહેલાંજ સમાચાર પહોંચી ગયા હતા. તેનો ભાઇ ખેતરે ગયો હતો અને ભાભી ઘેર હતી.

"કમજાત, આવી પાછી!" તે બોલી ઊઠી. "સંતાડ તારૂં કાળું મોં. પોતાના ધણીને ખાઇ જતી અને તરકડા સાથે વહી જતી કર્કશા માટે આ કાંઈ ધરમશાળા નથી. મારા ઘરમાં પેસીને મારા ભોળા ધણીનું લોહી હું તને પીવા દઇશ? હુંયે વસ્તારી છું. તારી સોબતમાં છોકરાંને ઘડીભર પણ રખાય ખરાં? ફર પાછી અને જેને ઘરમાં ઘાલ્યો હતો, તેની સાથે રહે. અહીંયાં તારે માટે જગ્યા નથી!"

"ભાઇ! ભાઇ!" નિરાશાથી વિહ્વળ થયેલી પાર્વતી ભાઇ અંદર હશે, એમ માનીને બૂમ પાડી ઊઠી, પણ તેને હોંકારો મળ્યો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્યારે તું પણ નહિ બોલે? તેં પણ મને તરછોડી દીધી?" તે બોલી ઊઠી. "ભગવાન! તું કરે એ ખરૂં."

તે હૈયાફાટ રડી અને ભૂખીતરસી થાકેલી ત્યાંથી ચાલી ગઇ.

સૂર્ય પ્રચંડ તાપે તપતો હતો. પણ ન તો તેને તાપ લાગ્યો કે ન તો તેને ભૂખ લાગી. તે ફક્ત ભગવાનનેજ ઓળખતી હતી. સૂકે ગળે અને હોઠે માત્ર તેનું નામ દેતી હતી. તે પાસેના ગામ તરફ ઝપાટાબંધ ચાલી. ત્યાં એક ડુંગરી હતી અને તેના ઉપર એક વિશાળ દહેરૂં હતું. તે ડુંગરા ઉપર ચડી. થોડાં ડગલાં ચાલી ત્યાં તો તે એટલી થાકીને લોથ થઇ ગઇ કે પર્વતના ખડકથી થયેલા છાંયડા નીચે તે મૂર્ચ્છા ખાઇને પડી. થોડા વખત પછી તેને ભાન આવ્યું અને તેણે ફરીથી ચાલવા માંડ્યું. તે દહેરા આગળ પહોંચી ગઇ, પણ અંદર ગઇ નહિ. તે મૂર્તિને લાંબી થઇને પગે લાગી અને સ્તુતિ કરી. તેના શરીરમાં સ્ફૂર્તિ આવી, તે ઊભી થઈ અને દહેરાથી પણ ઊંચી આવેલી ટોચ ઉપર ચડી.

ચઢાવ ઘણો મુશ્કેલ હતો, પણ તેનામાં જાણે નવું જોમ પ્રગટ્યું હતું. તે ટોચે પહોંચી. ફેર ચઢે એટલી ઊંચાઇ હતી અને પશ્ચિમની કોર ઉપરથી તેણે નીચે જોયું. "જગદંબા! ક્ષમા કરજે. તારી ગોદમાં મને લઇ લે." એમ બોલીને અગાધ અવકાશમાં તેણે ઠેકડો માર્યો. કેવા આનંદ અને છુટકારાની એ ક્ષણ! પૃથ્વી અને આકાશ ચલિત થઇને ફરવા લાગ્યાં. હાશ! કેવી ટાઢક, કેવું સુખ!

પછી ભયંકર ધડાકો થયો, જેવો તેણે પહેલાં કદી નહિ સાંભળ્યો હોય. તેના માથામાં કંઇક ફાટ્યું હોય એમ તેને લાગ્યું અને પછી શાશ્વત શાંતિ.

પાર્વતીનો દુઃખી આત્મા પિંજરમાંથી ઊડી ગયો.×

× આ વાર્તા શ્રી. રામકૃષ્ણ સેવાસમિતિ તરફથી નશાબંધી પ્રચારાર્થે પુસ્તકાકારે પ્રગટ થયેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૯-અધૂરો આપઘાત

(લેખકઃ—શ્રી. હીરાલાલ ડૉક્ટર)

(૧)

"ના વેકેન્સી!-નોકરી માટે જગ્યા ખાલી નથી!"

હોર્નબી રોડ પરના "મહેતા મંઝીલ"ના આલીશાન મકાનની એક ઑફિસ બહાર લટકતું પાટિયું લાલજી વાંચી રહ્યો હતો.

મુંબઇની ધરતીએ વર્ષાધારાઓ ઝીલી ઝીલીને હૈયામાં સમાવી હતી-સમષ્ટિ આખી વર્ષાસ્નાનથી સ્વચ્છ બની ગઇ હતી..

આજ સવારથી લાલજી નોકરીની શોધમાં રખડતો હતો. સાંજના ચાર થવા આવ્યા હતા. ડઝનેક જગાએથી એને નિરાશા સાંપડી હતી-કૈંક કડવા જવાબોના વિષમ ઘૂંટ એણે ગળી લીધા હતા, એટલેજ હવે એના પગમાં ચેતન ન હતું, ગતિમાં ઉત્સાહ નહોતો, ચહેરા પર નૂર ન હતું.

અને છતાંય એક આખરી પ્રયાસ તરીકે એણે ફરી ફરીને છેલ્લો પુરુષાર્થ કરી લેવાની તત્પરતા સાધી.

× × ×

"સાહેબ! કોઇ પણ જાતની નોકરી આપવા કૃપા કરશો? હું 'ગ્રૅજ્યુએટ' છું-બેકાર છું."

લાલજી ઓશિયાળો બની જઇ કરગરતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તે તમો ગ્રેજ્યુએટ છો કે કોઈ હજામ છો? હાં-બહાર બોર્ડ લટકાવ્યું છે અને 'ટમો વિધાઉટ પરમિશન' અંડર કાંય ઘૂસી આયા-હાં? ડિસિપ્લિનમાં કાંઈ સમજો છ કે? હાં...? ગેટ આઉટ યુ ઈડિયટ..."

અંગ્રેજી રીતભાતોના સીધા વારસદાર જેવા એક પારસી મેનેજરે વરૂની માફક છાંછિયાં કરી લાલજીને ધમકાવી નાખી તાબડતોબ બહાર જવાની ફરજ પાડી.

અપમાનિત લાલજીની આંખે આકાશી રંગો ઊતરવા માંડ્યા.

× × ×

"તે તું તો કોઇ માણસ છો કે હેવાન? કહું છું કે, કોઇજ નોકરી નથી, છતાં મગજ ખાઈ ગયો! 'ગ્રેજ્યુએટ'ને શું ચડાવવા છે? ભલા માણસ! નોકરી ગોતવા નીકળ્યો છો તે કરતાં તો કોઇ મજૂરીનું કામ ગોતને! પેટ તો ભરાય! ભણી ભણીને નોકરીજ ગોતવા કાં હાલી નીકળો છો?"

કરગરતા લાલજીને "એકસ્પોર્ટ-ઇમ્પોર્ટ" ઑફિસના એક કાઠિયાવાડી શેઠે અપમાન અને ઉપદેશથી નવાજી દીધો.

"શેઠ......પણ......"

"લોહી કાં પીઅછ!-હવે ભલો થઇને જાઇશ? નોકરી હોત તો આપત-બાપા! માથું નો ખા."

અને શેઠ "ટેલિફોન બુક" માં અગત્યનો નંબર શોધવામાં રોકાઇ ગયા.

(૨)

ગરીબીને ગળી જતી મૂડીવાદી મનોદશાની માફક બત્તીઓની રોશની સંધ્યાના ઊતરતા અંધારાને ગળી જતી હતી. મુંબઇ પર ઝળહળતી પ્રકાશની ચાદર પથરાઇ ગઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મવંચના અને મનોવ્યથાના અસહ્ય ભારથી કચરાયેલો લાલજી લજ્જિત વદને, ભગ્ન હૃદયે અને નિરાશ વદને રસ્તો પસાર કરી રહ્યો હતો.

કારમી નિષ્ફળતાથી એ શૂન્ય મનસ્ક બની ગયો હતો. એ ઘસડાએ જતો હતો અને ક્યાં જતો હતો એનું એને ભાન ન હતું.

નોકરીની શોધમાં મુંબઈનાં મૃગજળ પાછળ તરફડતો લાલજી આખરે "મરિનલાઇન્સ" ના સમુદ્રની આડે આવી પહોચી અચાનક અટક્યો-આડને અડીને ઊડતો મહાસાગર એની નજર સામે ઉછળી રહ્યો હતો. ખારા જીવનની સામે ખારો સમુદ્ર જોઈ લાલજી કઠોર અને ફિક્કું હસ્યો. પરસેવો લૂછતો એ પાળ પર બેઠો.

સાગર પર પ્રચંડ મોજાંઓની પરંપરા વહેતી હતી–લાલજીના શૂન્ય મગજમાં હવે વિચારોની તીવ્ર પરંપરા વહેવા માંડી.

એ એના ભૂતકાળના ઓવારે જઇ ઊભો–ભલગામ ! એનું પ્યારૂં વતન! મધુર અને બેપરવા બાલ્યાવસ્થા એણે ખેતરોના મંચ અને વડપીપળીએ હીંચીહીંચીને ગાળી હતી ! એણે જારના સાંઠા ચૂસ્યા હતા અને એના ઊગતા શરીરમાં જીવનરસ ભર્યો હતો. એણે કાળીંગડાં, કોઠાં અને કોઠીંબડાં કાચાં ને કાચાં પચાવ્યાં હતાં અને કલેવર અને કાયાને રસકસથી નક્કર બનાવી હતી.

એના પિતા સુખી હતા, ચાર સાંતીના ધણી હતા, ખેતીવાડીએ અને ઢોરઢાંખરે સુખી હતા; છતાં મામલતદારનો મુકામ થતાં એના પિતાને એ પાતળા થઇ જતા જોતો–કડક અમલદારી સત્તાની સામે એના પિતાની ખુશામત એ માખણ કરતાંય વધુ ચિકાશભરી અનુભવતો અને એના બાલિશમાનસમાં અમલદાર થવાનો એને ઉન્માદ જાગ્યો.

એણે ભણવા માંડ્યું ! એના પિતાએ ભણાવવા માંડ્યું–અને અમલદારી દોર અને સત્તાના પ્રતીકને નજર સમક્ષ રાખી એણે એના અભ્યાસને પૂરો વેગ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે એ મેટ્રિક પાસ થઇને અમદાવાદથી પોતાને ગામ પાછો આવ્યો, ત્યારે એનાં વૃદ્ધ માતાપિતાના હર્ષનો પાર ન હતો. એના સમોવડિયા મિત્રો જેઓએ ખેતીવાડી, પાદર અને ગોંદરાઓની સરહદમાંજ પોતાનાં જીવનને ઝુકાવ્યું હતું, તેઓ તેમના આ "ભણેશરી મિત્ર" ને જોઈ જોઇને "ઓહો" થઇ ગયેલા એણે જોયા હતા. ભણતરના ગર્વે એની ગ્રામજીવનની સુવાસને રૂંધવા માંડી હતી અને અવસ્થાને આરે પહોંચેલા એના અડીખમ ખેડૂત પિતાને એ મદદગાર નીવડે, એવા માનસ અને કાયાનો એ હવે રહ્યો ન હતો.

અને જ્યારે એ અમદાવાદ કૉલેજમાં દાખલ થવાને નીકળ્યો ત્યારે એના ગામના સ્ટેશને કેટલો ઉત્સાહ રેલાઇ ગયો હતો ! ગોળ નારિયેળથી સત્કારતા એના મિત્ર, પાડોશીઓ અને ગામલોકોથી એ કેવો પુલકિત થતો હતો ! તેમાંય જ્યારે એની નાની બહેને એને કુંકુમનો ચાંલ્લો કરી એના ઓવારણાં લીધાં અને એને સાકર ખવરાવી ત્યારે એનાં વૃદ્ધ માતાપિતાને કેટલો આનંદ થયેલો !

લાલજીની વિચારપરંપરા સહેજ થોભી ગઇ. એક ઊનો નિઃશ્વાસ—એક ગરમ આંસુ એની આંખમાંથી સરી પડયું.

એણે દૂર નજર ફેંકી. સમુદ્રના ઊડતા જળતરંગો પર પ્રકાશના રંગો પથરાઇ વિવિધ રંગોનું મેઘધનુષ્ય રચતા હતા. દૂર ગવર્નરના બંગલા પર "લાલ બત્તી" ટમટમતી હતી; સમુદ્રની સપાટીથી ઊંચે ઝૂકેલું "મલબાર હિલ" બત્તીઓના તોરણોથી મનોહર મંડપ જેવું આકર્ષક લાગતું હતું.

એણે શ્વાસ ખાધો. ફરી વિચારો એના મગજને ઘેરી વળ્યા.

એ કૉલેજિયન થયો ! ઓહો ! કેવું સુખદાયી એ જીવન દીસતું હતું ! કેટકેટલો આશાભર્યો એ ઉન્માદી સમય હતો દુષ્કાળ ! અતિવૃષ્ટિ, સરકાર અને શાહુકારના માર ખમી ખમી જીર્ણ બની ગયેલો એનો પિતા જમીન અને ઘરબાર ગીરવી મૂકીને પણ એને ભણાવવાનું સાહસ ખેડી રહ્યો હતો—એ તો એણે જ્યારે બી. એ. પાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો ત્યારેજ જાણેલું.

અને એ ખખડી ગયેલ વૃદ્ધ આત્માને જ્યારે એ " બી. એ.માં પાસ થયો છે " એમ સાંભળેલું ત્યારે કેટલું આશ્વાસન મળેલું! જીવનને આરે ઊતરી ગયેલાં બે વૃદ્ધ જીવનને પોતાના પુત્રની પાછળ ઘરબાર ફના કરીને પણ ભણાવ્યાનો કેટલો કોડભર્યો હર્ષોન્માદ થયો હતો! કેટકેટલી શિક્ષણ-અભિલાષાઓના ઉત્સાહથી એનું ડગમગતું જીવન ટકી રહ્યું હતું? સાદી-અભણ છતાં અતિ માયાળુ માતાની છાતીમાં કેટકેટલી આશાનાં સિંચન રેડાતાં હતાં! અને બહેન!!

છતાં, એ 'સાહેબ' ન થઇ શક્યો! અમલદાર નજ થઇ શક્યો!!

ઊતરી આવતાં તીડોનાં ટોળાં માફક યુનિવર્સિટીઓમાંથી 'ગ્રેજ્યુએટો'ના જથ્થા બહાર ફેંકાતા હતા. અને સરકારના દફતરે ત્રીસત્રીસ રૂપિયે એકએક 'ગ્રેજ્યુએટ' ચડતો હતો! અને છતાંય ટોળેટોળાં સરકારને દરવાજેથી એની અગાઉ તો ક્યારનાંયે પાછાં વળી ગયાં હતાં.

સ્વપ્નાંઓની સુખદ ભૂમિ પરથી નક્કર વ્યવહારના સપાટ જગત પર પટકાયેલો કલ્પનાવિહારી સુખી ગ્રેજ્યુએટ નોકરી શોધતો આ દુનિયાના વિશાળ ચોકમાં એકલો કેમ ઊભો રહી શકે? અને ગ્રેજ્યુએટને નોકરી કરવા સિવાય જીવનમાં બીજું ધ્યેય પણ શું હોય છે?

સરકારી નોકરી, કે સારી નોકરી, એજ માત્ર આજના આપણા સારા " ગ્રેજ્યુએટ "ની દુનિયાનું સારૂં જીવન હોતું નથી શું? પણ હવે તો ગ્રેજ્યુએટો' માટે નોકરીઓ પણ ક્યાં છે? અને સારી નોકરી...?

લાલજી નોકરીની શોધમાં મુંબઇ આવ્યો. એના માતબર સ્વપ્નાંઓની સુખી તંદ્રાવસ્થા જાતજાતના ઉદાસીન વ્યગ્ર પ્રસંગોથી નિષ્ફળ બની ગઇ અને સતત નિરાશાઓ પછી કાંઈ થોડીજ જીરવી શકાય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે ભટકવામાં પરેલની મિલોના કામદારોનું કારમું યાંત્રિક-જીવન જોયું હતું ! એણે પ્રભાવતી પર ઊભેલ મિલોના કાળા ધુમાડામાં મિલમજૂરોનાં કુટુંબોને દુઃખ-ભૂખ અને રોગ વચ્ચે રોળાઇ જતાં જોયાં હતાં! એણે શેર અને સોનાબજારમાં પણ ચક્કર માર્યાં હતાં, વાલકેશ્વર અને નેપિયનસીના ભવ્ય પ્રાસાદો પણ ઘડીભર થોભી જઇને અધીર આંખે જોયા હતા. એ ઓફિસોના દાદરે દાદરે જાહેરખબર વાંચી વાંચીને આથડચો હતો, છતાં તેને દાદ મળી ન હતી, રોજી મળી ન હતી—રોટી મળી ન હતી!

આશાભર્યો એ મુંબઇને આરે ઊતર્યો હતો. એના આઘેના સામાન્ય સ્થિતિના સંબંધીને ત્યાં ઊતર્યો હતો અને એ સંબંધીની કોટડીમાં ઊતર્યાને પણ આજ મહિના ઉપર મુદત વીતી ગઇ હતી. સંબંધી અકળાયો હતો, પોતે પણ અકળાતો હતો, લાવેલી ખર્ચી ખૂટી ગઇ હતી. માગવાની કોઇ જગ્યા નહોતી, મિથ્યા આશાઓએ પાછા જવાને ભાડું પણ રહેવા દીધું ન હતું !

“વાડ વિના વેલો ના ચડે—અહીં તો અસંખ્ય ભણેલા ભટકચાજ કરે છે. એમ અધ્ધર અને અટકળોથી આથડચે નોકરી નહિ મળે. દેશમાંજ કાંઇક બંદોબસ્ત કરો—”

(૩)

રોજ રાત્રે અકળાયેલો સંબંધી કંટાળેલા, થાકેલા, હારેલા લાલજીને આવી આવી વિવિધ સૂચના અને સલાહ સુણાવતો હતો અને રોજ રાત્રે વ્યાકુળ અને શૂન્ય બની લાલજી ગમખ્વાર વિચારોમાંજ પડચો રહેતો હતો.

પરંતુ આજ તો લાલજી નોકરી ન મળે તો પાછા ઓરડી પરજ ન જવાના મક્કમ નિરધારથી નીકળ્યો હતો. ભાગ્યદેવી એના નિશ્ચયથી રીઝી જઇ આજે નોકરી મેળવી આપશેજ, એવી અડગ ખાતરી એને થયેલી અને છતાં દિવસના અંતે એને નોકરીને બદલે અપમાન અને ઉપદેશજ મળ્યાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેરા આસમાની સમુદ્રમાં ભરતી છલકાતી હતી. પાણીનું એક પ્રચંડ મોજું પાળ સાથે અથડાયું, તે લાલજીને પલાળી પાછું વળી ગયું. લાલજીનાં હૃદય અને નયનો તો ક્યારનાંયે પલળેલાંજ હતાં.

લાલજી વિચારોની તંદ્રામાંથી ચમક્યો–એ સહેજ સ્વસ્થ થયો. એણે પાછળ જોયું. મોટરોની હારમાળા ધસમસી રહી હતી. એણે આગળ જોયું–રોશનીથી ઝગઝગી રહેલા મકાનમાં મનુષ્યો મોજ માણી રહ્યાં હતાં. એણે ચોપાસ જોયું. પ્રવૃત્તિની ધમાલ–ઘોંઘાટ અને આવેગભરેલી દોડધામમાં આખાય મુંબઇને એણે રોકાયેલું જોયું.

ત્યારે શું એ એકજ એવો ભાગ્યહીન હશે ?

એને પારાવાર દુઃખ થઇ આવ્યું. પોતે એક યુનિવર્સિટીનો સંસ્કારી ગ્રેજ્યુએટ ! આજ લાચાર–નિરાધાર અને બેહાલ બની ગયો છે ! એ નોકરી મેળવી શકતો નથી, મજૂરી કરી શકતો નથી, ભીખ માગી શકતો નથી. અને આ સિવાય જેને બીજું કશું આવડતું પણ નથી, એવી પોતાની કંગાલ હાલત પર એને અતિ તિરસ્કાર આવ્યો. પોતાના અસ્તિત્વની જગતને કાંઇજ જરૂર નથી. દુનિયાના વિરાટ ચોકમાં પોતાની કાંઇજ ઉપયોગિતા કોઇનેય જણાતી નથી અને જગતના ચોગાનમાં પોતે આવો માત્ર હાલતોચાલતો નિરર્થક બોજોજ છે, એવું એને તીવ્ર ભાન થઇ આવ્યું.

મનોવ્યથા, સંતાપ અને વેદનાઓના ભારથી એનો આત્મા ત્રાસી ઊઠયો–તેનાથી ધ્રસ્કું લેવાઇ ગયું.

" તો ભૂખ્યાદુખિયાને પોષતા મુંબઇની આ પાલકભૂમિ પર પોતાને યોગ્ય કોઇ સ્થાનજ નથી ? " લાલજીનો આત્મા કકળી ઊઠયો.

ઘૂઘવતો સાગર મસ્તીએ ચઢ્યો હતો, મોજાંઓ પહાડ બની બની પછડાતાં હતાં. જો જમીન પોતાને સાચવી શકવા અસમર્થ નીવડી છે, તો પછી પોતાનું સ્થાન પાણીજ ને ?

સાગરના વિશાળ ઊભરાતા પાણી તરફ એણે આશાભરી મીટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડી. જાણે સાગરનું પેટાળ એને પ્રેમથી પોકારતું હોય, એવી એને ભ્રમણા થઇ. સાગરનાં પાણી એને વધાવી લેવા ધસમસ્યાં આવતાં હોય, એવી એને ભ્રાંતિ ઊઠી અને મગજની શૂન્ય અને દીવાની હાલતમાં પાણીને આશરે પડી રહેવા એ પાણીમાં પટકાઇ પડ્યો !

(૪)

"આપઘાતની કોશિશ કરવા બદ્દલ કોર્ટ તને ગુનેગાર ઠરાવે છે. તારે કાંઈ કહેવું છે ?" મેજિસ્ટ્રેટે લાલજીને ઉદ્દેશીને પૂછ્યું.

લાલજી બચી ગયો હતો—બચાવી લેવામાં આવ્યો હતો. હોસ્પિટલમાંની સારવાર પછી પોલીસે એના પર "આપઘાતની કોશિશ"નો આરોપ મૂકી એને કોર્ટમાં રજૂ કર્યો હતો.

"હા, મને અહીંથી સીધો "લ્યુનેટિક એસાઇલમ"—દીવાનાશાળામાં મોકલી આપો." શાંત ચિત્તે લાલજીએ જવાબ આપ્યો.

"કેમ ?" આશ્ચર્યથી મેજિસ્ટ્રેટે પૂછ્યું.

"જમીન પર જીવવાને સ્થાન નથી, પાણીમાં મરવાને જગ્યા નથી; જમીન પર કોઇ જીવવા દેતું નથી, પાણીમાં કોઇ મરવા દેતું નથી ! જેમાં પ્રથમ સારવાર કરવામાં અવે છે અને સારવાર માત્ર સજા માટેજ કરવામાં આવે છે, એથી—એટલા માટે..."

"તું શું બકે છે ?" આખી કોર્ટ અજાયબીમાં પડી.

"જે ભણ્યો છું, તેનો સારાંશ કહું છું." લાલજી બેપરવા જણાતો હતો.

"ક્યાં સુધી ભણ્યો છે ?

"બી. એ. સુધી. મુંબઇ યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ છું, એટલેજ યુનિવર્સિટીની સામેજ મરવા મથતો હતો."

"કેમ ?" મેજિસ્ટ્રેટ જરા નરમ પડ્યા. કોર્ટ આતુર બની ગઈ.

"ડીગ્રી મેળવતા સુધીમાં જુવાની ખવાઇ જઇ અડધી ઉંમરે પહોંચી ગઇ. અર્થહીન, બિનજરૂરી અને જીવનને જીવાડવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તદ્દન બિનઉપયોગી કેળવણી પાછળજ અર્ધી ઉંમર-આખી જાત અને આખી મિલકત ખરચી નાખી. અને આખરે નોકરી શોધીને થાકતાં મૃત્યુ મળી ગયું! ના ગામડાનો રહ્યો, ના શહેરનો રહ્યો! કશોજ ઉદ્યોગ આવડતો નથી, ખેતી અને મજૂરી આવડતી નથી, ચોરી અને બદમાશી પણ આવડતી નથી! માત્ર નોકરીજ કરવા સિવાય બીજા ઉપયોગ માટેનું માનસ અને શરીર રહ્યું નથી અને નોકરી જડતીજ નથી, એટલે જીવતાં પણ ફાવતું નથી, તેમ મરતાં પણ આવડતું નથી."

"ખરેખર! તારો કેસ સહાનુભૂતિ માગે છે. છતાં મારે તો કાયદાની રૂએ મારી ફરજ બજાવવીજ પડશે." મેજિસ્ટ્રેટ પીગળતા જણાતા હતા.

"બજાવો! સરકારનો કોઇજ કાયદો જીવાડવાની જોગવાઇ નથી કરી આપતો. જ્યારે કશુંજ ન આવડતું હોય તો ચોરી, લૂંટફાટ અને બદમાશી કરી જાતે જીવવા મથનારાઓને પણ સરકારનો કાયદો ઘેરી વળે છે અને સજા કરે છે. જીવવાની કોઇજ જોગવાઈ ન હોય અને ચોરી, લૂંટ કે બદમાશીની પણ ઇચ્છા કે આવડતજ ન હોય અને પછી જો મરવુંજ હોય, તોપણ આ સરકારી કાયદાની પથારી વચ્ચે પૂરેપૂરૂંજ મરવું જોઇએ.

"'અધૂરો આપઘાત' જો કોઇ કરે તો તે કાયદો ચલાવી લે તેમ નથી, એટલે જેને મરવુંજ હોય તેણે સંપૂર્ણપણે, મક્કમ રીતે મરી શકાય એવી કાયદાપૂર્વકની તમામ તૈયારી કરીનેજ આખાજ મરી જવું જોઇએ! કારણ..........."

"આરોપીને આપઘાતની કોશિશ બદલ કોર્ટ તકસીરવાર ઠરાવે છે, પરંતુ આરોપીની કેળવણી અને સંયોગો જોતાં માત્ર એના બાર મહિનાના સારી ચાલચલગતના મુચરકા લઇ એને છોડી મૂકવાનો કોર્ટ હુકમ કરે છે!"

("હિંદુસ્તાન અને પ્રજામિત્ર"ના ૧૯૯૩ના દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૦–જમની વાર્તા

(લેખિકા:–શ્રી. મોંઘીબહેન)

એક નાનું એવું ગામ હતું. તેમાં એક બ્રાહ્મણની ડોશી રહે. તેને એક દીકરાનો દીકરો હતો. દીકરો ને વહુ છોકરાને નાનો મૂકી મરી ગયાં હતાં.

આ ગામમાં આ એકજ બ્રાહ્મણનું ઘર હતું. એક વાર પટેલે ડોશીને કહ્યું: "ડોશીમા ! તમારા દીકરાને થોડુંઘણું ભણાવો, તો ગામનું ગામોટું તો કરે. બ્રાહ્મણ વિના બહુ મૂંઝવણ પડે છે. તમે એને કાશીએ ભણવા મોકલો."

ડોશીએ કહ્યું: "છોકરો ભણવા જાય પછી વાંસે મારૂં શું થાય? છોકરો છે તો મને લોટ માગીને ખવરાવે છે. વળી હું તો સાવ અપંગ જેવી છું. મારાથી કાંઇ કામકાજ થોડુંજ થાય છે? નહિ તો હમણાંજ મોકલું."

પટેલે જવાબ આપ્યો: "મા, તમારે એની ચિંતા નહિ. અમે તમને દાણા આપીશું. કહો તો હમણાંજ પચીસ માણા બાજરો મોકલું. તમને ભૂખ્યાં નહિ રહેવા દઇએ."

ડોશી કહે: "બાપ, તો તો બહુ સારૂં. કાલેજ છોકરાને ભણવા મોકલું." પટેલે પચીસ માણા બાજરો પોતાને ત્યાંથી મોકલ્યો ને બીજા કણબીઓને ત્યાંથી ક્યાંકથી હારો ને ક્યાંકથી ફરો એમ કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોશીમાને કળશી–દોઢ કળશી દાણો કરી દીધો."

બીજે દિવસે ડોશીએ દીકરાને સાબદો કર્યો. ભાતામાં બાજરાનો સાથવો કરી દીધો. એક કળશિયો ને દોરી આપ્યાં અને દીકરાને કાશી ભણી વિદાય કર્યો.

ચાલતાં ચાલતાં રસ્તામાં એક વાવડી આવી. વાવની પાસે જબ્બર વડલો હતો. છ છ ગાઉમાં તો એની છાયા પડતી. મોટાં લશ્કરનાં લશ્કર એની હેઠળ ઊતરતાં. એની વડવાઇઓ તો એવી કે એમાં ભૂલા પડી જઇએ.

છોકરાએ વિચાર કર્યો કે, "આ બહુજ મજાની જગ્યા છે. અહીં નાહીધોઇ, ભાતું ખાઇ પછી આગળ જઇશ." એમ વિચાર કરી વાવમાંથી પાણી સિંચવા મંડ્યો.

એવામાં વડલા ઉપરથી ચાર જમ ઊતર્યાં. જમને તરસ બહુ લાગી હતી એટલે માણસનું રૂપ લઇ વાવ ઉપર પાણી પીવા આવ્યા. તેમણે છોકરાને કહ્યું: "છોકરા, અમને પાણી પાઈશ?"

આ ચાર જણને જોઇ છોકરો તો હેબતાઈ ગયો: "હમણાં તો કોઇ નહોતું ને આ ક્યાંથી આવ્યા!"

એને ગભરાયેલો જોઇ જમ બોલ્યા: "છોકરા ગભરાઇશ નહિ; અમને પાણી પા."

છોકરો તો કળશિયે કળશિયે સિંચીને પાણી પાવા લાગ્યો; દસ-બાર કળશિયા કાઢ્યા ત્યારે એકે માંડ પાણી પીધું. છોકરાને તો ભારે નવાઈ લાગી. આ તે માણસ છે કે "જમ?" એક જણે "જમ" જેટલું પાણી પીધું. આટલું પાણી ક્યારે સિંચાઇ રહેશે?

છોકરાએ જમને પૂછ્યું: "તમે કોણ છો? માણસ તો નથીજ લાગતા. માણસ તે કાંઇ આટલું પાણી પીએ? જમ પીએ. મારી મા ઝાઝું પાણી પીએ એને કહેતી કે, 'આ તો જમ જેટલું પાણી પીએ છે!'"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમ કહે: "છોકરા, અમે જમજ છીએ. તું બીશ નહિ. તને બીક લાગે એટલા માટેજ અમે માણસનું રૂપ ધરી આવ્યા છીએ. લે, અમે તને એક વડલાના પાનનો પોટલિયો બનાવી દઇએ. તેમાં પાણી મૂકી કૂવામાં નાખીશ એટલે તરત ડૂબી જશે. એક એક પોટલિયે તો અમે ધરાઈ રહેશું. કળશિયે પાર નહિ આવે."

એમ કહી જમે એક મોટો પાનનો પોટલિયો બનાવી દીધો. છોકરાએ બધાને પાણી પાયું.

જમે પછી પૂછ્યું: "તું ક્યાં જાય છે?"

છોકરો કહે: "કાશીએ ભણવા."

જમ કહે: "ન જા તો ન ચાલે?"

છોકરો કહે: "ન જાઉં તો ખાઉં શું?"

છોકરે પાણી પાયું એટલે જમે પ્રસન્ન થઈ કહ્યું: "તું આજથી અમારો ભાઇબંધ. લે, અમે તને એક ડાબલી આપીએ છીએ. તેમાં દવા છે એ તું આંખમાં આંજીશ એટલે અમને ભાળીશ. માંદાની દવા કરજે. તારી દવાથી બધાંને સારૂં થઈ જશે. પણ તારે માંદાની પથારી પાસે જઇને પહેલાં જોવું. જો અમે પાંગતે બેઠા હોઇએ, તો તારે તેની દવા કરવી. ઓશીકે બેઠા હોઇએ તો કહેવું કે, 'આને સારૂં નહિ થાય.'"

એમ કહી જમે તેને બાવળનાં, બોરડીનાં, આવળનાં, પીપરનાં એવાં એવાં ઝાડનાં મૂળ લેવાનું કહ્યું; ને એને ઘસીને પાવાનું કહ્યું. "આ દવા, બીજી નહિ. આનાથી સારૂં થઈ જશે. અમે ઊઠીને ચાલતા થઈશું."

છોકરો કહે: "તમે અત્યારે ક્યાં જાઓ છો?"

જમ કહે: "આ પડખેના ગામમાં એક વીસ વરસનો જુવાન છે, એને લેવા. એ પટેલનો દીકરો છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરો કહેઃ "પરણેલો છે કે કુંવારો?"

જમ કહેઃ "હજી હમણાંજ વહુ આણું વળીને આવી છે."

છોકરો કહેઃ "અરરર! જમરાજ, એણે એવો તે શો ગુનો કર્યો છે કે, તમે આજ લેવા આવ્યા?"

જમ કહેઃ "એનો બાપ બહુ પાપી છે. ઘરમાં ઘણું છે, પણ ચપટી લોટ કોઇને દેતો નથી; એટલે અમે એના દીકરાને લઈ જઈશું."

છોકરો કહેઃ "કોઈ રીતે એને બચાવો!"

જમ કહેઃ "હા, તું માગવા જા અને તને શેરજ લોટ આપે, વધારે નહિ, તો અમે એને બચાવીએ."

છોકરો કહેઃ "ઓહો, એમાં શું? શેર લોટ નહિ આપે?"

જમ કહેઃ "નહિ આપે હો..."

છોકરો કહેઃ "અરે વાત છે કાંઈ? હમણાં લાવું."

એમ કહી પાંચે ગામમાં આવ્યા. જમ કહેઃ "અમે ચોરે બેસીએ છીએ. તું અમને ચોરે મળજે."

છોકરો તો પટેલને ઘેર જઇ "દયા પ્રભુની" કરી ઉભો રહ્યો.

પટેલ ઓસરીમાં ખાટલા ઉપર ધોળું ફૂલ જેવું ગોદડું પાથરી બેઠા હતા. હાથમાં રૂપાનો હોકો રહી ગયો હતો. ઘડીએ ઘડીએ હોકાની ફૂંક તાણતા હતા, ત્યાં છોકરાએ શબ્દ નાખ્યો.

સાંભળીને પટેલ તાડૂક્યા, "કયો છે ઇ? સખજ આવવા દેતા નથી! જા અહીંથી, કોઇ નવરૂં નથી. એલા, કોણે બારણાં ઉઘાડાં મૂકયાં?"

છોકરો કહેઃ "બાપુ, એ તો હું ગરીબ બ્રાહ્મણ છું. કાશીએ ભણવા જાઉં છું. જતાં જતાં આ ગામમાં આવી ચડ્યો. એટલે તમારે ઘેર માગવા આવ્યો. ફક્ત શેરજ લોટનું કામ છે. બીજું કાંઇ નથી જોઈતું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પટેલ કહે: "જા, જા, હાલ્યો જા. તારા જેવા કંઇક ભામટા હાલ્યા આવે છે."

છોકરો કહે: "શેર નહિ તો અચ્છેરજ આપો. નીકર પાશેર-જ આપો."

પટેલ કહે: "હવે જાઇ કે નહિ છાનો માનો? નીકર મારવો પડશે."

છોકરો કહે: "લોટ લીધા વિના નહિ જાઉં"

પટેલ કહે: "ઊભો રહે, ભામટા, લેતો જા." એમ કહી એ તો છોકરાને મારવાજ મંડ્યો. મારી મારીને બિચારાના ગોઠણ ભાંગી નાખ્યા ને ધક્કો મારી ડેલી બહાર કાઢી મૂક્યો.

છોકરો કહે: "ભોગ તારા; હું શું કરૂં? હું તો તારા દીકરાને જીવાડવા બધું કરતો હતો. હમણાં તારા દાદા આવીને ઉપાડી જશે."

છોકરો ચોરે જઇ જમને મળ્યો. જમ કહે: "કાં લાવ્યો?"

છોકરો કહે: "ના રે, એ તે આપે? મારા તો ગુડા ભાંગી નાખ્યા."

જમ કહે: "કાં, અમે નહોતા કહેતા કે, નહિ આપે."

છોકરો કહે: "શી ખબર કે, જરાય નહિ આપે!"

જમ કહે: "ઠીક, તું અહીં બેસ. હમણાં એના છોકરાને લઇને આવશું."

એમ કહી ચારે જમ ઉપડ્યા. આવ્યા પટેલને ઘેર.

એક જણ ગમાણમાં, બીજો પાણિયારે, ત્રીજો ચૂલા આગળ ને ચોથો ઊમરામાં બેઠો. ગમાણમાં બેઠેલા જમે ખીલેથી પાડીને છોડી મૂકી. પાડી ફળિયામાં ચણાની દાળ સૂકવી હતી તે ખાવા મંડી. ત્યાં પટેલની નજર ગઈ અને તે તાડૂક્યા: "એલા નારણિયા! ક્યાં ગયો? આ તારી મા દાળ ખાઇ જાય છે. કોઈ ધ્યાનજ આપતું નથી. મારા હાળા માયલી કોરજ ખદબદ્યા કરે છે."

ત્યાં તો ઘરમાંથી આણું વળીને આવેલી, હાથપગના રંગ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજી ગયાયે નથી, એવી વહુ છાતી સમાણો ઘૂમટો કાઢી, કાંબીકડલાંનો ટણણુણ ટણણુણ અવાજ કરતી બહાર આવી. ત્યાં નારણિયો બીજા ઓરડામાંથી દોડ્યો ને પાડીને ખીલે બાંધવા જાય છે, ત્યાં તો જમ એરૂ થઇ કરડ્યો. થઇ રહ્યું. "ઓય, ઓય, મારા બાપ! મને કાંઇક કરડ્યું," કહેતોકને તે ઢળી પડ્યો.

જોતજોતામાં ઝેર ચડી ગયું. પછી તો વૈદ્યને બોલાવ્યા, જોષીને બોલાવ્યા, ફકીરને બોલાવ્યા, દવાદારૂ કર્યાં, દોરાધાગા કર્યા, પણ હવે શું વળે? થવાની થઈ ગઇ.

છોકરાના પ્રાણ નીકળી ગયા. તેના પ્રાણ લઇ જમ ચોરે આવ્યા. છોકરાને કહે: "ચાલ હવે જઇએ."

છોકરો કહે: "કાં, લઇ આવ્યા?"

જમ કહે: "હા."

છોકરો કહે: "મને દેખાડો."

જમ કહે: "તું ન જોઇ શકે."

છોકરાને લઈ બધા વાવ ઉપર આવ્યા.

જમ કહે: "હવે તું જા. અમે કહ્યું તેમ કરજે. ભણવા જવાની જરૂર નથી."

છોકરો કહે: "એ તો ઠીક, પણ મારે તમને એક વાત પૂછવી છે."

જમ કહે: "ભલે ખુશીથી પૂછ."

છોકરો કહે: "મારૂં મોત ક્યારે છે?"

જમ કહે: "તારે વળી એ જાણીને શું કરવું છે? તું તારે ખા, પી ને મજા કર."

છોકરો કહે: "મને કહો તોજ જવા દઉં."

જમ કહે: "તું પરણીશ ને ચાર આંખો ભેળી થશે ત્યારે અમે તને તેડવા આવશું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરો કહે: " હું પરણુંજ નહિ તો ? "

જમ કહે: " તો કાંઈ નહિ. ઠીક હવે અમે જઇશું. તું રસ્તામાં એક શહેર આવે છે ત્યાં જા. ત્યાંના નગરશેઠનો દીકરો ઘણોજ માંદો હશે અને તારી દવાએ સારૂં થશે. શેઠ તને લાખ રૂપિયા આપશે. તારી ભૂખ ટળશે. પછી તારે ગામ જઇ વૈદું કરજે."

છોકરો શહેરમાં આવ્યો. જઇને પાણીશેરડે બેઠો. ત્યાં બધી બાઇઓ પાણી ભરતી'તી ને વાત કરતી'તી કે, " બિચારા નગરશેઠને એકનો એક દીકરો છે. ઘણા વૈદ્યહકીમ કર્યા, પણ કોઇનીયે કારી નથી ફાવતી. "

છોકરો કહે: " હું વૈદું જાણું છું. સારૂં થાય તો..."

ત્યાં તો એક બાઇ કહે: " તો તો તમેજ પરમેશ્વર. ચાલોને ભાઇ."

છોકરો કહે: " એમ ન આવું. તમે જઇને વાત કરો. બોલાવે તો આવું. "

બાઇએ નગરશેઠને ત્યાં ખબર કર્યા કે, " કૂવા આગળ એક છોકરો બેઠો છે. એ કાંઇક વૈદું જાણે છે. તેને બોલાવો તો સારૂં થાય."

તરતજ માણસો દોડયા ને છોકરાને તેડી લાવ્યા.

છોકરે આંખમાં દવા આંજી. જમને પાંગતે ભાળ્યા. છોકરાને જોઇ જમ હસ્યા ને ઊઠીને ચાલતા થયા. છોકરે સાથે આણેલાં મૂળિયાં ઘસીને પાયાં, ત્યાં તો વળતાંપાણી થવા લાગ્યાં. આઠ દિવસમાં તે હરતોફરતો થઈ ગયો. શેઠ તો બ્રાહ્મણના દીકરાના પગમાં પડ્યો ને કહે: "જે માગો તે આપું. "

છોકરો કહે: " હું માગીશ નહિ. જે આપશો તે લઇશ. "

શેઠે એક લાખ રૂપિયા આપ્યા. તે લઇ છોકરો પોતાને ગામ આવ્યો. ગામમાં બધાંને ખબર મળ્યા કે, ડોશીનો દીકરો ભણીને આવ્યો. છોકરાએ એની માને બધી વાત કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોશી તો રાજીના રેડ થઇ ગઇ. છોકરાએ મોટાં હવેલી જેવાં મકાન કર્યાં ને ગામમાં બધાંનું વૈદું કરવા લાગ્યો. કોઇ લાખોપતિ મળે તોજ પૈસા લે. એ તો મોટો વૈદ્યરાજ થઇ ગયો.

થોડા દિવસ થયા ને ડોશી ગુજરી ગયાં. દીકરાએ ડોશીની પાછળ દસકોશી ચોરાશી કરીને આખા ગામને ધુમાડાબંધ જમાડયું.

વૈદરાજ હવે એકલા પડ્યા. પરણાય તો નહિ, પરણે તો મરી જાય !

ગામનાં માણસોને નવાઈ લાગી કે, આ એકલો રહે છે, હાથે રાંધીને જમે છે, પણ પરણતો નથી. પૈસાની કાંઈ ખોટ નથી, આનું શું કારણ? કેટકેટલાંય માગાં આવે છે, પણ ચોખ્ખી ના પાડે છે.

એક વાર પાસેના ગામના રાજા બહુ માંદા પડ્યા. ત્યાં ખબર પડી કે, આ ગામનો વૈદ્ય બહુ સારૂં જાણે છે. તરતજ ચાર ઘોડાની ગાડી તેડવા આવી. વૈદરાજે આવીને જોયું તો જમને પાંગતે જોયા. દવા શરૂ કરી. જમ ચાલ્યા ગયા. રાજાને આરામ થયો. આખા રાજમહેલમાં આનંદ આનંદ થઇ રહ્યો.

રાજાએ વૈદ્યરાજને લાખો રૂપિયા આપ્યા. હીરા, માણેક ને ઝવેરાતના દાગીના આપ્યા. બંને મિત્રો થયા. વૈદ્યરાજ હવે ઝાઝે ભાગે રાજમહેલમાં રહેવા લાગ્યા.

એક વાર રાજાને ખબર પડી કે, વૈદ્યરાજ પરણતા નથી. રાજાએ આગ્રહથી પૂછ્યું: "તમારે આટઆટલો પૈસો છે, છતાં કેમ નથી પરણતા? એનું કારણ શું?"

વૈદ્યરાજ કહે: "કારણ શું હોય? મારો પરણવાનો વિચારજ નથી."

રાજા કહે: "એમ તે થાય? મારે તમને પરણાવવા છે."

વૈદ્યરાજ મૂંઝાણા. જમે એને કહ્યું હતું કે, તારા મોતની વાત કરીશ તો તરત મરી જઇશ. રાજા માને નહિ. ખરી વાત કહેવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. રાજાએ તો હઠ લીધી. એક પંડિતની ભણેલીગણેલી દીકરી સાથે વેવિશાળ કર્યું. ઘડિયાં લગ્ન લીધાં. પંડિતની દીકરી તો જાણે રૂપરૂપનો અવતાર. ડહાપણનો તો પારજ નહિ.

ધામધૂમથી રાજાએ લગ્ન કર્યાં. વરકન્યા પરણી ઘેર આવ્યાં. મહેમાનો સૌસૌને ઘેર ગયા. વરવહુ બે રહ્યાં. વૈદ્યરાજ તો તરતજ મેડીએ ચડી ગયા.

વહુએ વિચાર્યું કે, ઘરમાં કોઇ નાનુંમોટું નથી. હું એકલી છું. મને કોઇ કહેવાનું નથી કે ઊઠ, એમ ધારી એ તો ઊઠી. પાનેતર સંકેલીને પેટી ઉપર મૂક્યું, મોડિયો ખીલીએ વળગાડ્યો. રસોઇ તો તૈયારજ હતી. એ તો વૈદ્યરાજની વાટ જોઇ બેઠી, પણ વૈદ્યરાજ ઊતરે શાના? વહુએ વિચાર્યું કે, "લેને બોલાવું. નાહક મોડું થાય છે ને ખાવાનું ઠરી જાય છે."

ઝાંઝરનો અવાજ સાંભળી વૈદ્યરાજે આંખે પાટા બાંધી દીધા. પોતાના ધણીને આમ આંખે પાટા બાંધેલો જોઇ બાઇ તો વિચારમાં પડી કે, આ શું? એ તો વીનવવા માંડી કે, "મારો શો વાંક છે? હજી તો હું ચાલી આવું છું." મારું મોઢું તો જોયુંયે નથી, ત્યાં મારા શું એવા અવગુણ જોયા કે આમ પાટા બાંધીને બેઠા છો? ખાવાનું ઠરી જાય છે. પાટા છોડી નાખો ને જમવા ઊઠો."

વૈદ્યરાજ કહે: "તું તારે જમી લે; મારે નથી જમવું."

વહુ કહે: "તમે ન ખાઓ ને હું શી રીતે ખાઉં?" એ તો કલ્પાંત કરવા લાગી. વૈદ્યરાજ નીચે ગયા. બાઇ પણ પાછળ ગઇ. હાથેપગે લાગી વીનવવા મંડી.

વૈદ્યરાજ કહે: "લે આ પેટિયુંની કૂંચિયું. તું તારે ખા, પી ને મજા કર. ઘરબાર બધું તારું છે, ફાવે તેમ ઉડાડજે; પણ મારું નામ ન લઇશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાઇ કહે: "મારે ઘરબાર અને પૈસામાં શું લાલબાઇ મૂકવી છે? એ બધું કોકને આપી દો. ચાલો આપણે વનમાં ઝૂંપડી બાંધીને રહેશું."

બાઇનું બોલવું સાંભળી વૈદ્યરાજનું હૃદય પીગળ્યું. પણ કરે શું? પાટા છોડે તો મરી જાય. ને બાઇના બોલ સાંભળતાં દુઃખ થવા લાગ્યું. આખરે જમની આપેલી ડાબલી દઈ કહે: " લે, આ દવા આંખમાં આંજ ને પછી જે કહેવું હોય તે કહે."

બાઇએ તરત દવા આંજી. ત્યાં તો ઘરને ચાર ખૂણે ચાર જમને બેઠેલા ભાળ્યા.

બાઈ કહે: "તમે કોણ છો?"

જમ કહે: "જમ છીએ."

બાઇ કહે: "શું કામ આવ્યા છો?"

જમ કહે: "તારા ધણીને તેડવા. પાટા છોડે એટલી વાર છે."

બાઇને હવે બધું સમજાયું કે, શા માટે પાટા બાંધ્યા છે.

બાઈ કહે: "મેં એવો તે શો ગુનો કર્યો છે કે, તમે આજ મારા ધણીને લેવા આવ્યા? હજી અમારા શરીર ઉપરથી પીઠીનો રંગ તો ઊતર્યોયે નથી. મોડિયો ખીલીએ પડ્યો છે, પાનેતર પેટી ઉપર પડયું છે, મીંઢળ બાંધ્યાં છે; મારા ઉપર દયા કરી તમે પાછા જાઓ."

જમ કહે: "બાઇ એ કાંઇ અમારા હાથમાં નથી. અમને તો ધર્મરાજાનો હુકમ થાય એટલે આવીએ."

બાઇએ શરીર ઉપરથી બધાં ઘરેણાં ઉતારી નાખ્યાં ને છાતી-ફાટ રુદન કરવા લાગી.

તેનું રુદન સાંભળી એક જમને દયા આવી; બીજા ત્રણને કહે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમે બેસજો, હું ધર્મરાજા પાસે જઇ આવું."

સ્વર્ગમાં જઈ તેણે ધર્મરાજાને બધી વાત કરી કે, "મહારાજ! બધું તો ઠીક, પણ બાઇનું કલ્પાંત અમારા જમના હૃદયને પણ પિગળાવી દે છે; આપનો શો હુકમ છે?"

ધર્મરાજા કહેઃ "તું બેસ; હું હમણાં આવું છું."

ધર્મરાજા મૃત્યુલોકમાં આવ્યા. એક ભિખારીનો વેશ લીધો. શરીરે પત નીકળ્યું છે; ચારે કોરથી પાચપરુ વહે છે; શરીર થરથર કંપે છે. અંધારી મેઘલી રાત જામી છે; અને એમાં વરસાદ કહે મારું કામ. મૂશળધારે મેહુલો પડે છે. બધાં માણસો ઊંઘી ગયાં છે. આ વખતે ધર્મરાજા ભિખારીને વેશે નીકળ્યા.

"એ... બા... કોઈ આંધળાને બટકું રોટલો આપો. એ... કોઇ પતિયાને ખાવાનું આપો. આજ આઠઆઠ દીનો ભૂખ્યો છું. એ... કોઇ ધરમનો બેલી કોઇ આંધળાનો લાલ." આમ બોલતા જાય છે, પણ એનું કોણ સાંભળે? બધે જળ જંપી ગયું હતું. કોઇ જાગતું હોય ત્યારે ને? એક વૈદ્યરાજ ને તેની સ્ત્રી બે જાગતાં હતાં. એને શે સુખે ઊંઘ આવે? બાઇને કાને ભિખારીનો અવાજ ગયો. તરત બોલી ઊઠીઃ "એ... ભાઇ અહીં આવ, અહીં આવ."

ભિખારી ત્યાં જઇને ઊભો રહ્યો. બાઇએ પોતાનું મા-માટલું અકબંધ હતું તે તેને આપ્યું. "લે ભાઇ, મારે શે સુખે મા-માટલું ખાવું? મારા ધણીને તો જમ તેડવા આવ્યા છે. તું લઈ જા. તારું પેટ ઠરે."

બાઇની આંખમાં તો શ્રાવણ ને ભાદરવો હતો..

બાઇનું બોલવું સાંભળી ધર્મરાજાને દયા આવી. આખા ગામમાં કોઇએ એક રોટલાનો કટકોય ન આપ્યો, ત્યારે આણે આખું મા-માટલું આપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મરાજાએ કહ્યું: "બહેન, તમારૂં સૌભાગ્ય અખંડ રહેશે. જરા માટલું ઓટલા સુધી મૂકી જાઓ તો ઠીક. રાતની રાત ઓટલે પડ્યો રહીશ. સવારે જ્યાં જવાશે ત્યાં જઇશ."

બાઇએ માટલું બહાર ઓટલા ઉપર મૂક્યું.

ધર્મરાજા તરત સ્વર્ગમાં આવ્યા. જમને કહે: "જાઓ, જઈને એને કહો કે, પાટા છોડી નાખે. હવે એનું મોત નથી. કહેજો કે, તારૂં આયુષ્ય સો વરસનું થયું છે."

જમ મૃત્યુલોકમાં આવ્યો. બાઇને કહે: "બહેન! તમે હવે કલ્પાંત બંધ કરો. તમારા ધણીને તમે બચાવ્યો છે. તમે જેને માટલું આપ્યું તે ભિખારી નહોતા, પણ ધર્મરાજા પોતે હતા. તમારા ધણી-નું આયુષ્ય સો વરસનું થયું છે."

વૈદ્યરાજે પાટા છોડી નાખ્યા. જમ પાછા ગયા.

વૈદ્યરાજ અને તેની વહુ સુખેથી રહેવા લાગ્યાં.

(નવેમ્બર ૧૯૩૯ ના "કુમાર" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૧–एक जर्मन अने एक अंग्रेज

(લેખકઃ–શ્રી. હરજીવન સોમૈયા)

૧૯૧૮ ની સાલ હતી. જર્મની અને બીજા દેશો યુદ્ધમાં તલ્લીન હતા.

લીન્સ આજ સુધી શસ્ત્રસરંજામ તૈયાર કરવાના સરકારી કારખાનામાં કામ કરતો હતો. આખો દેશ લડાઈના ધુમ્મસમાં ઘેરાયેલો હતો. દરેક ઘરમાંથી કોઇ ને કોઇ જણ તો યુદ્ધમાં ગયુંજ હોય, દરેક કુટુંબ જીવનનિર્વાહનો વ્યાધિ એક યા બીજી રીતે ભોગવતુંજ હોય, એવી દેશની સ્થિતિ હતી; ત્યારે પણ લીન્સના કુટુંબમાં શાંતિ હતી. અલબત, પહેલાં કરતાં હમણાંની એની આવક ઘણીજ ઓછી હતી, છતાં તેઓ એક પણ દિવસ ભૂખ્યાં નહોતાં રહ્યાં. લીન્સ ઘણુંખરું રાત્રે કામ ઉપર જતો; થોડાજ મહિનાઓથી તેને રાત ઉપરાંત દિવસે પણ કામે જવું પડતું, પણ ત્યાર પહેલાં ઘણો વખત તો તે દિવસે ઘેરજ હોય. એની પત્ની ક્રિસ્ટીનાનું ઘેર આવવુંજવું અનિયમિત રહેતું. લીન્સને થોડીઘણી તો ખબર હતી કે, તે સરકારી જાસૂસીખાતામાં કામ કરે છે, પણ તે વસ્તુ સાથે તેને લાગતુંવળગતું નહિ; એ આનંદથી નાના પિટર અને પોતાની માતા મારજા સાથે ગેલ કરી શકતો. દેશ જ્યારે લડાઇના પ્રલયકારી તોફાનમાં ડામાડોળ થઇ રહ્યો હતો, ત્યારે એની વચ્ચે જીવતાં છતાં લીન્સના ઘરમાં સંપૂર્ણ શાંતિ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એક રાત્રે લીન્સ જેવો કામ ઉપર ગયો તેવો એક કલાકમાંજ જ્યારે પાછો ફર્યો, ત્યારે મારજા આશ્ચર્ય પામી. ક્રિસ્ટીના પણ એની પહેલાં અર્ધા કલાકેજ ઘરમાં પાછી ફરી હતી.

"મા, મને હુકમ મળ્યો છે કે, મારે યુદ્ધના મેદાન પર જવું. તેની તૈયારી માટે આ રાતનો સમય મળ્યો છે."

"યુદ્ધમાં? તું પણ? ક્રિસ્ટીના પણ આવીને એજ કહે છે કે, તેને પણ યુદ્ધમાં જવાની આજ્ઞા થઇ છે. હું એ ગભરામણમાંથી તો છૂટી નથી, ત્યાં તું આ શું કહે છે?" મારજા ગભરાઇને બોલી. એ બિચારી કુમારી હતી ત્યારે એક ખેડૂતની ગભરુ દીકરી હતી. તે યુદ્ધની વાતને સમજીજ શકતી નહોતી.

"મા, રાજનો હુકમ, એટલે માનવોજ જોઇએ." લીન્સ બોલ્યો.

"પણ તારે કોઇ જોડે લડવાનું કંઇ કારણ ન હોય તોપણ? હું ધારૂં છું ત્યાંસુધી તને કોઇ જોડે વાંકું પડે નહિ." મારજા બોલી.

"આમાં કોઈ એક વ્યક્તિને વાંકું પડવાનું છેજ નહિ. આ તો દેશની લડાઇ." ક્રિસ્ટીના બોલી.

"પણ દેશની લડાઇ એટલે કોની લડાઈ? અને દેશની લડાઇ હોય, તોપણ દેશે લડવાની જરૂર શી હતી? દેશને કોઇ ભૂખે મારતું હતું?" મારજા બોલી.

ઘણી વાતો અને ઘણા પ્રશ્નોને અંતે પણ જ્યારે એજ વાત ઊભી રહી કે, ક્રિસ્ટીના અને લીન્સે યુદ્ધમાં જવુંજ પડશે, ત્યારે મારજા ચૂપ રહી.

"ભલે, તો પિટરને હું ઘેર સાચવીશ." એ બોલી.

સવારે વહુ-દીકરાને યુદ્ધના મોરચા પર વળાવતાં મારજાથી રડી પડાયું. લીન્સ પણ ઢીલો થઇ ગયો. પિટર એને બહુ વહાલો હતો. મા પિટરને સાચવી શકશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શસ્ત્રોની પેદાશ બંધ થઇ, જાસૂસીખાતાં ઓછાં થયાં, હથિયાર ઉપાડી શકે તે બધાં સ્ત્રી અને પુરુષોને યુદ્ધના મેદાન પર પહોંચી જવાનો હુકમ મળ્યો, તે પરથીજ સૌ જાણી ગયાં હતાં કે, આ છેલ્લો હલ્લો છે. એ હલ્લો ભયંકરમાં ભયંકર બનવાનો અને એને અંતે લડાઈ બહુ જલદી પૂરી થઇ જવાની.

એ છેલ્લો હલ્લો આવ્યો, ભયંકર હલ્લો આવ્યો.

અને એ હલ્લામાં પડખે રહી લડતાં ક્રિસ્ટીના છાતીમાં સખ્ત રીતે વીંધાઇને પૃથ્વી પર પડી, એની પછી તરતજ લીન્સ પણ ઘવાઇને એની બાજુમાં ઢળી પડ્યો.

સંહારનો રતુંબડો રંગ ઓસરતો હતો. સંધ્યાની સુરખી ઘડીક પોતાની પ્રતિભા જગત પર છાંટીને અલોપ થતી હતી અને તેને સ્થાને અંધકારની કાલિમા નીચે ઊતરી રહી હતી. ઉપર આકાશ કાળું લાગતું હતું, નીચે યુદ્ધનું મેદાન કાળું લાગતું હતું.

અહીંતહીં મુડદાં પડ્યાં હતાં, સમડીઓ અને ગીધડાં એમાંથી માંસના લોચા તોડી તોડીને ઊડી જતાં હતાં. ક્યાંક શિયાળવાંની ભયંકર લારી સંભળાતી હતી.

જંગલો બળીને ખાખ થઇ ગયાં હતાં, ટેકરાઓ ખોદાઇને ખીણ બની ગયા હતા, નદીનાં વહેણ આડે ધૂળના ટેકરા ઊભા થઇ ગયા હતા.

એ બધા ઉપર ભયંકર અવાજો પથરાતા હતા. બધું ભયંકર લાગતું હતું. ભયંકર! ભયંકર!

લીન્સ જમણી તરફ માથું નાખી દઇને ચત્તો પડ્યો હતો. ફાટી આંખે, સીધી દૃષ્ટિને અંધારા સોંસરી પરોવી દૂરદૂરનું કંઇક જોવા તે પ્રયત્ન કરતો હતો. એના કાન કોઇ અસ્પષ્ટ સ્વરોને પકડવા મથતા હતા. એનું મગજ ઝાંખી ઝાંખી સ્મૃતિને તાજી કરવા વિહ્વળ બનતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિસ્ટીના ગઇ. પોતે પણ પાંચપંદર દિવસ ભૂખ્યો અને તરસ્યો ગીધડાંને પોતાના જીવતા શરીર પર આવતાં રોકતો પડ્યો રહેશે અને પછી ચાલ્યો જશે.

આ છેલ્લા વિચારે એ ગભરાઈ ગયો.

"ઓહ પિટર! વહાલી મા!" એનાથી મોટેથી બૂમ મરાઇ ગઈ અને પછી એક ધ્રુસકું મુકાઈ ગયું.

વિચારોની પરંપરા ચાલી. પોતે ઘેર હતો ત્યારે તો માને અને પિટરને ખાવા મળી શકતું, હવે એમનું શું થતું હશે? જેમ એ લડાઇમાં આવ્યો ત્યારે ઘણા લોકો રોટીના ટુકડા માટે વલખાં મારતા હતા, તેમજ એમનું થતું હશે! વહાલા પિટર! વહાલી મા! એનાં ધ્રુસકાં એ અફાટ, ભયંકર અને અટૂલી જગ્યાને વધુ ભયંકર બનાવવા લાગ્યાં. એનાથી દિશાઓ ગાજી રહી.

"હબ, હબ! હબ, હબ!" પહેલાં જે અસ્પષ્ટ અવાજો એના કાન પર આવેલા અને જેના પરથી એને આટલા વિચારો આવેલા, તે અવાજો વધુ સ્પષ્ટ થયા હોય તેમ તેને લાગ્યું. "અંગ્રેજો અને ફ્રેન્ચો જીતીને ઘેર જાય છે, એ લોકો પોતાનાં બાળકોને મળશે, આનંદ કરશે–આ મારો પિટર! પિટર! પિટર!" એનાથી રહેવાયું નહિ, એ મોટેથી બૂમ પાડી ઊઠ્યો: "આ તરફ આવો, ઇશ્વરને ખાતર આ તરફ આવો! ઈશ્વરને ખાતર મને બચાવો!"

થોડી વાર એ ચૂપ રહ્યો. પેલા અવાજો હજી સંભળાતા હતા, "હબ, હબ!" તે ફરીને બરાડી ઊઠ્યો: "ઈશ્વરને ખાતર..."

જોરથી બૂમ મારવાથી એનાં ઘવાયેલાં અંગો ખેંચાયાં, એ દુઃખથી અને માનસિક પરિતાપની પરાકાષ્ઠાથી બીજી બાજુ માથું નાખી દઇને બેભાન થઈ ગયો.

અચાનક બેટરીના પ્રકાશના તેજસ્વી ધોધથી એની આંખો ખૂલી ગઇ. એણે ઊંચું જોયું. એની પાસે સૈનિકોની એક ટુકડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભી હતી. મોખરે ઊભેલો એક સૈનિક એને અંગ્રેજીમાં પૂછતો હતો: "કોણ છે?"

લીન્સને ચૂપ જોઇ એણે જર્મનમાં પૂછ્યું: "જર્મન છો?"

"હા, ઘવાયો છું, બચાવો." લીન્સે જવાબ આપ્યો.

"જર્મન? હા–હા–હા. જર્મન વરુ! ચાલો ચાલો, એવા તો કંઇક રસ્તામાં મળશે." સૈનિકો હસ્યા. એ લોકો અંગ્રેજો હતા.

લીન્સ એમના શબ્દોને સમજ્યો નહિ, પણ ભાવને સમજી ગયો. એણે નજીક ઊભેલા સૈનિકનો પગ પકડી લીધો. "મારો પિટર! એ મરી જશે! મને લઈ જાઓ."

"લઇ લઇએ એને સાથે." પાછલી કતારમાંથી એક સૈનિક બોલ્યો.

"કોણ હેન્રી બોલે છે?" બેચાર સૈનિકો બોલી ઊઠ્યા.

"કેમ શો વાંધો છે? હવે તો કંઈ લડાઇ નથી."

"ભલે. પણ એની બધી જવાબદારી તારે માથે." બીજા બોલ્યા.

"ભલે મારે માથે." કહીને હેન્રીએ લીન્સને પોતાના ખભા પર બેસાડી દીધો. સૌએ આગળ કૂચ કરી.

હેન્રી લીન્સને એક ભાંગેલા ઘર પાસે લાવ્યો. લીન્સનું એ ઘર હતું. તેઓ ઘરની અંદર ગયા. બધા ઓરડા ખાલી હતા. એક ઓરડામાં મારજા જમીન પર પડી હતી. એનાં કપડાં ગંદાં અને ફાટેલાંતૂટેલાં હતાં.

"મા!" લીન્સે બૂમ મારી.

"પિટર! ઓહ, લીન્સ! લીન્સ, તું આવ્યો?" મા એકદમ બેઠી થઈ ગઇ. લીન્સે જોયું કે, ત્રણ મહિનામાં માની અવસ્થા ઉપર દસ વર્ષના થર ચડી ગયા હતા.

"પિટર ક્યાં?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પિટર?" મારજાએ બધી વાત કરી. પિટર ભીખ માગવા ગયો હતો. એની ભીખ ઉપર તો તેમનું પેટ ભરાતું હતું. ચોર લોકો એમના ઘરનો સામાન લૂંટી ગયા, રાજ્યના અધિકારીઓ આવીને ઘણું ઝૂંટવી ગયા, બાકી શું રહે? થોડા દિવસથી તો સંકટનો પાર નહોતો. ભીખ પણ મળતી નહોતી.

ઘણી વાતો થઇ. મૂંગી વાતો પણ થઇ. એ વાતોમાં લડાઇના મેદાનની વાત કે અંગ્રેજો ખરાબ છે કે ફ્રેંચો ખરાબ છે, એવી કોઇ વાત તો આવીજ નહિ. યુદ્ધ વિષે બોલતાં મારજા વારંવાર એટલુંજ બોલતી હતી: "યુદ્ધ ન થયું હોત, તો કોઇને કંઈ ગેરલાભ નહોતો. યુદ્ધે બધાની ખાનાખરાબી કરી."

એ કરુણ વાતો સાંભળીને હેત્રીનું હૃદય વીંધાઇ ગયું. યુદ્ધે કરેલી ખરાબીનું પ્રતિબિંબ ધૂળે ઢંકાયેલી આ એક ઝૌંઢામાંજ સમાઇ જતું એણે જોયું. એને કંપારી છૂટી.

એટલામાં બહારથી હળવે પગલે પિટર અંદર આવ્યો. એના બે હાથમાં એક ગંદી અને વાસી રોટી હતી, એનું મોં તદ્દન ચિમળાઇ ગયું હતું, એણે કપડાં તો પહેર્યાંજ નહોતાં. આખું શરીર મેલથી કાળું દેખાતું હતું. અજાણ્યાઓને જોઇને એ અંદર આવતાં ખચકાયો.

"પિટર!" લીન્સ બોલ્યો.

"કોણ બાપુ?" પિટર હળવેથી બોલ્યો અને પછી આવીને પડખે બેસી ગયો. લીન્સ એના વાંસા પર હાથ ફેરવવા લાગ્યો અને એના ગંદા ગાલ પર બોકીઓ લેવા લાગ્યો.

હેત્રીની આંખમાંથી આંસુનાં ટીપાં પડી ગયાં. આવા કેટલા પિતાઓને એણે યુદ્ધમાં માર્યા હશે!

"હવે શું કરશે, લીન્સ?" મારજાએ પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હવે ?" લાચારીથી પોતાના ઘાયલ પગ તરફ જોતો લીન્સ બોલ્યો.

"ઇંગ્લેંડ ચાલશો ?" હેત્રીએ ધીમેથી પૂછ્યું.

"ઇંગ્લેંડ ?" મારજા અને લીન્સ એકી સાથે બોલી ઉઠયાં.

"પણ હા, શા માટે નહિ ?" મારજા બોલી. "જર્મનીમાં હવે શું છે ?"

મારજાની આ ભોળી સમજણ ઉપર વધારે કંઇ બોલવું ઉચિત ન ધારી લીન્સ ચૂપ રહ્યો. એના મનમાં પણ થયું કે, આ સ્થિતિમાં જર્મની અને ઇંગ્લેંડ બંને એને માટે સરખાં છે; એટલે તેઓ હેત્રી સાથે ઇંગ્લેંડ ઉપડી ગયાં.

હેત્રીને આથી ઘણું સહન કરવું પડયું, એ મારજા અને લીન્સ પણ જોતાં હતાં. જર્મનોને ઘરમાં આશરો આપવાથી તેની સાથે કોઇ વ્યવહાર કરવા તૈયાર ન થતું. "જે જર્મન વરુઓએ આપણા દેશભાઇઓને ફાડી ખાધા તે આપણાજ ઘરમાં ?" કુટુંબીઓ પણ આમ કહીને તેના પ્રત્યે નારાજી બતાવતાં.

હેત્રી શાંતિથી જવાબ આપતોઃ "વરુની બખોલમાં જઇને હું જોઇ આવ્યો છું કે, ત્યાં કોઇ વરુ હતુંજ નહિ; છતાંય આપણા ભાઇઓને ફાડી ખાનાર વરુઓ તો કોઇ બીજાંજ હતાં અને તે તો મરી પણ ગયાં."

મારજા હેત્રીની ઉદારતા જોઇને એના પર વારી જતી. એને થતુંઃ "ભગવાને મને આ અવસ્થાએ આવડો મોટો બીજો દીકરો આપ્યો." એને હેત્રી ઉપર હેત ઉપજતું અને તેથી હેત્રીનાં કુટુંબીઓ ઉપર પણ હેત થતું. એની વર્તણુંક અને મીઠો સ્વભાવ જોઈ વિરોધી-મનનાં હેત્રીનાં કુટુંબીઓ પણ એને વશ થઇ ગયાં.

અને આમ ને આમ ચૌદ વર્ષ એકજ ઘરમાં જર્મન અને અંગ્રેજો એકમેકમાં સમાઇને રહ્યાં–તે સમય જાણે એમને ખબરજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન પડી તેમ ચાલ્યો ગયો.

પણ ત્યાર પછી જર્મનીમાં હિટલર સત્તા પર આવ્યો. જર્મનીના રૂપમાં એકાએક પલટો આવ્યો. નવા ઉદ્યોગો અને કામધંધાઓ ખીલ્યા. મરેલી પ્રજામાં ચેતન આવ્યું.

અને એજ કાળે ઈંગ્લેંડમાં આર્થિક સંકડામણ ઉભી થઇ.

એક દિવસે લીન્સે હેત્રીને કહ્યું: "આવા સમયે આપણે ઈંગ્લેંડ કરતાં જર્મનીમાં રહીએ તે વધુ સારૂં નહિ? ત્યાં આપણે વધુ કમાઇ શકીશું."

"મને કંઇ વાંધો છેજ નહિ." હેત્રી બોલ્યો.

પણ હેત્રીના કુટુંબીઓ એ વાતથી રાજી ન થયાં.

મારજાએ કહ્યું: "અહીં તમે હેત્રીને કામ કરાવો છો તેમ હું એને જર્મનીમાં કંઇ કામ નહિ કરાવું. એ બીક ન રાખજો."

"બરાબર. જર્મનીમાં તો હું આરામથી આખો દિવસ સૂઇ રહેવાનો. હું બુઢ્ઢો થયો માટે તમારે મને ખવડાવવું જોઇએ ને?" હેત્રી હસીને બોલ્યો.

તોપણ હેત્રીની પત્ની મેરી સિવાય હેત્રીનાં કુટુંબીઓમાંથી કોઇ જર્મની આવ્યું નહિ. એમને ઈંગ્લેંડ છોડવું ગમતું નહોતું.

જર્મનીના પાટનગર બર્લિનમાં એમણે પગ મૂક્યો, ત્યારે બર્લિન હસતું હતું. આનંદ પામતી મારજા બોલી: "બર્લિન સાવ બદલાઈ ગયું."

"હા, યુદ્ધ હવે નથી ને, તેથી." લીન્સ બોલ્યો.

લીન્સને યંત્રો બનાવવાના કારખાનાના કામનો અનુભવ હતો, એટલે એવું કામ મેળવવા તે રાજ્યની કચેરીએજ ગયો. એણે પોતાની આગલી કારકિર્દી કહી. એને તરત કામ પર લઈ લેવામાં આવ્યો. કામ શું હતું તે તેને કહેવામાં ન આવ્યું. વળી કામના ગુપ્તપણાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની પાસે સોગન પણ લેવરાવવામાં આવ્યા, પણ એ વિષે એણે કંઇ તર્ક ન કર્યા.

બીજે દિવસે એ કચેરીએ આવ્યો ત્યારે એને એક બંધ ટ્રોલીમાં બેસવાનું કહેવામાં આવ્યું. તે બેઠો. ટ્રોલી ચાલી. ક્યાં ક્યાં થઇને ચાલી, તેની તેને કંઇ ખબર ન પડી. કેટલીક વારે ટ્રોલી નીચી ઊતરતી લાગી અને પછી તરત ઊભી રહી ગઇ. ટ્રોલીનું બારણું ખૂલ્યું. તેને બહાર કાઢવામાં આવ્યો, ટ્રોલી પાછી ચાલી ગઈ. એણે જોયું કે, તે એક મોટા ઓરડામાં મોટી યાંત્રિક ભઠ્ઠી આગળ ઊભો હતો. એની પાસે એક માણસ ઊભો હતો. તેણે તેને કામની સમજ પાડી, એ ચાલ્યો ગયો. લીન્સને કંઈક શંકા થઈ અને પછી થોડાજ દિવસોમાં એને ખબર પડી ગઇ કે, તે શસ્ત્રો તૈયાર કરવાના એક કારખાનામાં કામ કરતો હતો.

"શસ્ત્રો ? શું બીજા યુદ્ધની તૈયારી ?"

"ઘરમાં વાતમાંથી વાત નીકળતાં મેરીએ કહ્યું: "લીન્સ શું કામ કરે છે તે તો આપણે જાણ્યું પણ નહિ." ત્યારે લીન્સ ધ્રૂજી ઊઠયો હતો. એણે વાતને એકદમ ફેરવી નાખી હતી.

લીન્સ કામમાં હોશિયાર અને ચપળ હતો, એટલે એને એક પછી એક વધુ ને વધુ જોખમકારક કામ સોંપાતાં જતાં હતાં. લીન્સ એ ચુપચાપ સ્વીકારી લેતો હતો, પણ એના અંતરમાં ગભરામણનો પાર નહોતો રહેતો. દુનિયા જાણશે નહિ તેમ જર્મની એકદમ સંપૂર્ણ શસ્ત્રસજ્જ બની બહાર પડશે અને કહેશે: "હું લડું છું."

"ફરી પાછું યુદ્ધ! હું આ કામ છોડી દઉં તો? યુદ્ધ એટલે ખુવારી. યુદ્ધ એટલે જર્મની અને ઇંગ્લૅંડ એક પક્ષે તો નહિજ. જર્મની અને ઇંગ્લૅંડ સામસામાં એટલે કે હેન્રી અને હું—પણ યુદ્ધને હું તો અટકાવી શકું નહિ, પણ મારે શસ્ત્રો તૈયાર કરવામાં મદદ કરી તેના ભાગી ન થવું." એને વિચારો આવવા લાગ્યા.

પણ એ કામ છોડવા માગે, તોપણ ગુપ્ત યોજના બહાર પડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાની બીકે, રાજ્ય તેને હવે છૂટો કરી શકે તેમ નહોતું.

પણ એક દિવસ તો એક હુકમ આવ્યો. એ હુકમે એના મગજમાં ખળભળાટ મચાવી દીધો. એ હુકમ અનુસાર એ જે કોઇ પરદેશી વિષે જરા જેટલું પણ જાણતો હોય, તે બધું તેના જિલ્લા કે પ્રાંતના અધિકારીને જણાવવું પડે તેમ હતું. એ હુકમનો અનાદર કરનાર દેશદ્રોહી ગણાય અને તેવો દ્રોહ કરનાર આકરી સજાને પાત્ર ગણાય.

•

એ હુકમ જાણ્યા પછી લીન્સ પોતાના યંત્ર પર સ્થિરચિત્ત રહી શકયો નહિ. મુસ્કેલીથી એ કામ ચાલુ રાખી શકયો. હેત્રી વિષે રાજ્યને માહિતી મળી જવાથી હેત્રીને કશું નુકસાન થઇ શકે તેવું તો તેને ન લાગ્યું, પણ તેને તેમાં અસ્પષ્ટ રીતે ભય તો દેખાયોજ.

કામ ઉપરથી એ વહેલી સવારે ઘેર આવ્યો ત્યારે મેરી એને લેવાને ઉંબરમાંજ સામી ઊભી હતી. " આજે થોડી મિનિટ વહેલા છો. બહુ ભૂખ લાગી ગઇ છે? ચા તૈયારજ છે હાં! અમે બધાં પણ તૈયાર છીએ. મોં ધોઇને સીધા ટેબલ પરજ ચાલો." મેરી બોલી.

લીન્સ મેરીને જોઈને, મેરીના ભોળા શબ્દો સાંભળીને, વધુ ઊંડા વિચારમાં ઊતરી ગયો અને મેરીના શબ્દોને હસીને આવકારવાનું પણ ભૂલી ગયો.

" બહુ થાક લાગ્યો છે? આરામ નથી?" મેરી બોલી.

" નહિ-નહિ. બરાબર છું." ચમકીને લીન્સ બોલ્યો અને નાવાની ઓરડી તરફ ચાલ્યો ગયો.

ટેબલ ઉપર સૌ ચા માટે ગોઠવાઇ ગયાં હતાં. આનંદની વાતો થતી હતી. લીન્સ એમાં ભળવાનો પ્રયત્ન કરતો હતો, પણ વારે વારે ભૂલી જઇને ગંભીર બની જતો હતો; આ જોઈને મારજા બોલી: " લીન્સ, આજે આમ કેમ રહે છે?"

લીન્સ થોડી વાર શાંત રહ્યો. પછી બોલ્યો: " એક વાત કહેવી છે. એ વાત કહેવામાં પ્રતિજ્ઞાભંગ તો થશેજ, પણ મને બીજું કંઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂઝતું નથી." સૌ એના ગંભીર ચહેરા સામે જોઈ રહ્યાં. લીન્સ આગળ બોલ્યો: "હેન્રી અને મેરીએ ઇંગ્લેંડ ચાલ્યા જવું પડશે."

"કેમ?" મારજા એકદમ બોલી ઊઠી.

"જર્મની ફરી યુદ્ધ માટે તૈયારી કરે છે." એ હળવેથી બોલ્યો.

"ફરી યુદ્ધ?" બધાં એકી સાથે આશ્ચર્યમાં બોલી ઊઠ્યાં.

પછી મારજા ઉશ્કેરાટમાં બોલવા લાગી: "ના, એ કદી નહિ બને. નહિ જોઇએ યુદ્ધ! ફરી ભૂખમરો! ફરી સ્વજનોનો વિયોગ! ફરી સર્વનાશ! શા માટે યુદ્ધ? શા માટે યુદ્ધ?"

એનો જવાબ કોણ આપે?

"કોણ માગે છે યુદ્ધ? આપણે તો માગતાં નથી. આપણી પાડોશમાં જે લોકો રહે છે તેમને પણ એ જોઈતું હોય એમ નથી લાગતું. હા, પેલા પૈસાદાર લોકોને જોઈતું હશે, કારણકે યુદ્ધ-સરંજામમાંથી, માલની મોંઘવારીમાંથી એમને ખૂબ નફો લેવો હશે." બોલતાં બોલતાં મારજાનો વૃદ્ધ દેહ ધ્રૂજવા લાગ્યો.

એ જોઇ હેન્રી એની નજીક જઇ એનો કરચલીઓવાળો હાથ પોતાના હાથમાં લઈ એને પોતાના ગાલ ઉપર ફેરવતો બોલ્યો:-

"મા, ઉશ્કેરાટથી કંઈ કામ નહિ ચાલે. માલદારો અને રાજદ્વારી પુરુષો પોતાના મોટા નફાને ખાતર કે મોટા નામને ખાતર યુદ્ધ જગવવા માગતા હશે, તો તે કોઇ પણ રીતે જગવશેજ."

"જર્મની યુદ્ધની તૈયારી કરે છે, ઇંગ્લેંડ તો નહિ ને? આપણે બધાં ત્યાં જઇએ." મારજા કંઈક શાંત પડીને બોલી.

"માલદારો તો ત્યાં પણ છે. વળી અહીંથી નીકળવાનો હું પ્રયત્ન કરૂં તો મને તો જેલમાં બેસાડી દે અને હેન્રીને પણ સાથે, એટલે માર્ગ એકજ છે. હું અહીં અને હેન્રી..." લીન્સ બોલ્યો. "અત્યારે તો આપણા આખા કુટુંબને માટે એજ સરળ રસ્તો છે કે, હેન્રી અને મેરીએ ઇંગ્લેંડ જઈ રહેવું અને તમારે, પિટરે અને મારે અહીં રહેવું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અને હેન્રી ઈંગ્લેંડમાં? મારો એક દીકરો ઇંગ્લેંડમાં અને બીજો જર્મનીમાં? અને પછી બંને દેશો લડવા સામસામા આવે ત્યારે હેન્રી લીન્સ તરફ ગોળી છોડે અને લીન્સ હેન્રી તરફ? વિનાકારણેજ, ભાઈ ભાઇને મારવા ઊભો થશે?" મારજા બોલી.

કોઈ આનો ઉપાય બતાવી શકે તેમ નહોતું. હેન્રીએ અને મેરીએ ઇંગ્લેંડ જવુંજ રહ્યું. જવાની સવારે એક ટેબલ ઉપર ચા લેવા બધાં બેઠાં હતાં. અંતરમાં દુઃખને ભારી રાખીને સૌ હસવાનો પ્રયત્ન કરતાં હતાં. અચાનક મારજા બોલી: "હેન્રી...લીન્સ."

બંને મારજા સામે જોવા લાગ્યા.

"અને હવે તો પિટર જુવાન થયો, લડાઈ જાગશે તો એણે પણ ફરજિયાત લડવા જવું પડશે, એટલે પિટર પણ-તમે ત્રણેય પ્રતિજ્ઞા કરો..."

"બોલો, મા!"

"યુદ્ધના મેદાન પર તો કોઈ કોઈને જોઈ શકતું નથી હોતું. એટલે ભૂલથી પણ તમારી ગોળી તમારામાંના કોઈને ન લાગી જાય, તે માટે પ્રતિજ્ઞા કરો કે, તમે જાતે વીંધાઈ જશો, પણ સામી ગોળી નહિ છોડો."

"પ્રતિજ્ઞા કરીએ છીએ, મા!" ત્રણેય બોલ્યા.

હેન્રી અને મેરીને લઈ ટ્રેન ઊપડી. મારજા ફાટયે ડોળે એમને જતાં જોઈ રહી. વિદાય આપવા એનો હાથ પણ ઊંચો થઈ શક્યો નહિ.

લીન્સની આંખમાંથી આંસુનું એક ટીપું સરી પડ્યું. તે મનમાં ગણગણ્યો: "અમારા જેવા કેટલાય નિર્દોષોને રેંસી નાખનારાં યુદ્ધો શા માટે આવે છે?"

("નવરચના" માસિકના ઓકટોબર ૧૯૩૯ ના અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૨-राम की

(લેખક:-શ્રી. ગ્રામસેવક)

અમારા દાદા અમને ઘણી વાર કહેતા કે, "પરમેશ્વરના દરબારમાં સૌ સરખા. અહીં ભલે આપણે ઊંચનીચના, ભણેલઅભણના, નાના મોટાના, કાળાગોરાના ભેદ પાડી રાખ્યા હોય, પણ પરમેશ્વરના દરબારમાં પહોંચ્યા એટલે સૌ એક હારમાં." આ ભાવાર્થમાં પૃથ્વી ઉપર પરમેશ્વરનો દરબાર ક્યાંય હોય તો એ જેલખાનું. જેલના દરવાજાની અંદર માણસ દાખલ થયો કે એ ન્યાતજાત, ઊંચનીચ, બધા ભેદોથી પર. બધાને એકસરખીજ કેરીની ગોટલીની અડધી ફાડ જેવી ટોપી, એકજ સરખા થાળીલોટા, એકજ સરખાં રોટલા-દાળ અને એકજ પંગતે જમવાનું; એટલે વિશેષ પરિચય વિના કેદીને ઓળખવો મુશ્કેલ હોય છે. કેદીને પોતાને ઓળખ્યા વિના એનો આછોપાતળો પરિચય જોઇતો હોય તો એની "હિસ્ટરી ટિકિટ"માંથી મળે.

મને કેદીઓની "હિસ્ટરી ટિકિટ" જોવાનો અને વાંચવાનો ભારે શોખ હતો. એની અંદરની વિવિધતા જેલની શુષ્કતા ભૂલવામાં મદદગાર થતી અને પછી તો કેદીઓ પણ પોતપોતાની "હિસ્ટરી ટિકિટો" મારી પાસે વંચાવવા આવતા અને "છૂટવાને કેટલી વાર છે? કેટલા દિવસની માફી મળી? પત્તું કે દી મળશે?" વગેરે પ્રશ્નો પૂછી પૂછી મારો દમ કાઢી નાખતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સોમવારે એક "હિસ્ટરી ટિકિટ" ઉપર વાંચ્યું: નામ-ગોસાંઇ રામગર ભગવાનગર, ગુનો-અપહરણ અને બળાત્કાર, સજા-ત્રણ વર્ષ સખ્ત.

જેલની ભાષામાં એ ડબલિયો હતો. એક કરતાં વધુ વખત જેલની મિજબાની ચાખનારને આ ઇલકાબ મળે છે.

જાતે સાધુ-બાવો અને ગુનો અપહરણ અને એ પણ ડબલિયો! મને સહેજે આશ્ચર્ય થયું. મેં એ મહાશયને શોધી કાઢ્યા અને નજરમાં રાખી લીધા.

રાત્રે બૅરેક બંધ થઈ એટલે મેં એ મહાશયની શોધ શરૂ કરી, પણ ગોસાંઈજીએ તો અહીં પણ ખાસું ભક્તમંડળ જમાવી દીધું છે. જટા અને દાઢી રાખવાના ખાસ હકની એણે માગણી કરી છે અને એનો સુપ્રિન્ટેન્ડન્ટે હજુ તોડ કાઢ્યો ન હોઇ, એની જટા-દાઢી સલામત છે. પોતાના બિસ્તરા ઉપર બેઠા બેઠા ગોસાંઇજી દાઢી ઉપર હાથ ફેરવતા જાય છે. આજુબાજુ જેલના આજીવન સભ્યો જેવા પાંચસાત કેદીઓ ભક્તિભાવે ગોસાંઇજીની વાતો સાંભળી રહ્યા છે. ગોસાંઈજી આડેધડ રાંપલવા મંડ્યા છે. ઘડીક રામાયણનો કિસ્સો તો ઘડીક શેઠશેઠાણીની વાર્તા, ઘડીક કોઈ ધાર્મિક પ્રસંગ તો ઘડી-ભર કોઇ શૃંગારિક વાર્તા. જેલમાં જ્યાં બધા પાસે ફરજિયાત શારીરિક સંયમ પળાવવામાં આવે છે, ત્યાં કેદીઓ બિચારા પોતાના મનની ભૂખ સંતોષવા આવી શૃંગારિક કથાઓ ભક્તિભાવે સાંભળે, એમાં શી નવાઇ?

મેં પણ એ ભક્તમંડળમાં મારી બેઠક જમાવી. ગોસાંઇજીનો ઉપદેશપ્રવાહ ચાલતો હતો. મેં પૂછ્યું:-

"ગોસાંઇજી! તમારૂં મૂળ ગામ કયું?"

"ભાવનગર."

"કેટલાં વરસની સજા છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સજા ને બજા, જયું ત્યું કરકે દિવસ કાઢવાના હૈ ને!" ગોસાંઈજીએ મને હિંદીનો પાઠ આપવા માંડ્યો.

"ગોસાંઇજી! તમે કાઠિયાવાડી છો અને હુંયે કાઠિયાવાડી છું. આપણે કાઠિયાવાડીમાંજ હાંકોને! આમાં તો આપણે બેય ક્યાંક અટવાઈ જાશું. બોલોને, તમને કેટલી સજા છે?"

"છે થોડીઘણી. સાલ્લા...સિપાઇઓ જુએ છે કે એ કોને પકડે છે?" પોતે નિર્દોષ હોવા છતાં પકડાઈ ગયાની વાત બતાવવા ગોસાંઇજી બોલ્યા.

"પણ સજા કેટલી છે એ તો વાત કરો?"

"સાલ્લે ત્રણ વરહની ઝીંકી દીધી છે."

"તે તમારે શું ઉપાધિ છે? બહાર પણ માગીને રોટલા ખાવા છે. અહીં તો એ ઉપાધિ નહિ ને?" મેં પૂછ્યું.

"પણ...પણ મેરી રામકીને કોઇ ઉપાડી જાશે એનો મને ભે છે." બાવાજી કંઈક શરમાતા શરમાતા બોલ્યા અને એમની સાચી ચિંતા વ્યક્ત કરી.

"તમારે વળી જંજાળ છે ખરી?"

"અમારે બાવાલોકને જંજાળ શેની? અમે તો રામના સેવક, જે મળે એ રામની ભેટ સમજીને લઇ લઇએ." બાવાજીએ ચોખવટ કરી.

"પણ આ રામકી શું?"

"બસ રામકી એટલે રામ કી, અમારી નહિ."

"એટલે?"

"એટલે અમારે કંઇ લેવાદેવા નહિ. અમારે કંઈ જંજાળ પણ નહિ. અમે તો રામના સેવક અને અમારી પાસે અમારૂં જે હોય એ પણ રામનું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એટલે?"

"અમે તો આલેખધારી. રામની સેવા કરીએ અને ખાઇપીને મોજ કરીએ." ગાંજો પીવાની નિશાની કરી બાવાજીએ આંખો વધુ ઝીણી બનાવી; પણ એક મહિનાથી ગાંજો નહિ મળવાથી બાવાજીની સિકલ કંઈક ઝાંખી પડી ગઈ હતી.

"પણ આ રામકી એટલે શું એ કાંઇ સમજાવશો?"

"મારી રામકી તો બહુ મજાની છે. સા...લો કોઇ ઉપાડી જાશે."

"પણ રામકી એટલે શું?" હું એ શું કહેવા માગતો હતો એ સમજતો હતો, છતાં એના મોઢેજ મારે સ્પષ્ટતા કરાવવી હતી.

"અને હજી બિચારી સાવ છોટી છે."

બાવાજીએ એનું ફૂટયે રાખ્યું.

"તે તમારી દીકરી છે?" મેં સીધોજ પ્રશ્ન કર્યો.

"ના, ના. એવું બોલો મા. મારી ઓરત. રામકી શાણી ઓત. છે તો છોટી પણ ઓત શાણી. બિચારી દુઃખી હો જાશે." બાવાજીને મારી સાથે વાત કરવી આકરી લાગતી હતી. એને એની રામકી યાદ આવતી હતી.

"તે તમારી રામકી કેવડીક છે?"

"હે તો છોટી."

"તોય?"

"દસ સાલની હશે."

"દસ સાલની રામકી?" હું સજ્જડ થઈ ગયો. ગંજેરી આંખો અને લાંબી દાઢી-જટાવાળું વિકરાળ મોં, ચાલીસ વર્ષની ઉમરનું લોખંડી શરીર અને દસ વર્ષની સ્ત્રી!"

"દસ વરસની?" મારાથી સાશ્ચર્ય પુછાઈ ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા! પણ બાત શાણી." બાવાજી બોલ્યા.

"અરે શાણીબાણી તો ઠીક, પણ દસ વરસની છોકરીને તમે તમારી ઓરત બનાવી છે?"

"મેરી ઓરતજ કયાં હે? એ તો રામ કી હે." બાવાએ શબ્દોની ચાલાકી અને એની રમત આદરી.

"એ તો ઠીક." રામના નામ ઉપર આવી પાશવલીલા ખેલનાર માણસને પણ એની આવી હિંમત માટે ધન્યવાદ ઘટે. બાવાજી તરફ મારો રોષ વધતો જતો હતો.

"તે અત્યારે રામકી કયાં છે?" મને એ છોકરીની ચિંતા થતી હતી.

"એ તો માલૂમ નથી. અમને બેયને પોલીસે પકડી લીધાં હતાં. મને આંઈ ધકેલી દીધો. સાલ્લા...રામકીને ઉપાડી ગયા!"

"તે તમને રામે આ ભેટ કયાં આપી હતી?" મેં એના શબ્દોમાં વાત શરૂ કરી.

"ભાવનગરમેં" બાવાજીનું ચિત્ત રામકીમાં ગયું હતું, એટલે જવાબ આપ્યે જતા હતા.

"ભાવનગરમાં કયાંથી પકડી પાડી?"

"એક ધર્મશાળામે મેં બી સોયા થા ઔર રામકી બી સોઈ થી. વાંસે મેને રામકી કો મેરી સાથ લે લી."

"જાતે કેવી હતી?"

"માલૂમ નહિ, પણ ભરવાડણ હોવાની વાત કરતી હતી."

આટલી ટૂંકી વાત ઉપરથી બાવાજીની રામકીને હું ઓળખી ગયો. ભાવનગરની બજારમાં એક આઠદસ વરસની છોકરી ચીંથરે-હાલ કપડાં અને ઝીંથરિયા વાળ સાથે ફરતી હતી. ગમે તેની પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભી રહીને ભીખ માગતી હતી. મને અને મારા મિત્રોને પણ એ લાભ મળેલ. અમારા બાલુભાઇને માથે તો થોડી વીતેલી પણ ખરી. રસ્તામાં ચાલ્યા જતા'તા ત્યાં આ છોકરી પાછળ થઈ. "એ મોટા-ભાઈ, એક કાવડિયાના ગાંઠિયા અપાવો, ભૂખી છું. પુન થાશે."

બાલુભાઇએ ઘડીભર તો ધીરજ રાખી લાંબાં લાંબાં ડગલાં ભર્યે રાખ્યાં, પણ એમની ધીરજ ખૂટી. ઊભા રહ્યા અને છોકરી સાથે વાત શરૂ કરી.

"કેવી છો?"

"ભરવાડ."

"તે માગવા કેમ નીકળી છો?" બાલુભાઇએ ધમકાવી.

"ભૂખ લાગી છે તે ક્યાં જાઉં? મને ગાંઠિયા અપાવોને!"

"તારે કોઇ છે કે નહિ?"

"ના, ના. એકલી છું. ભૂખી છું."

બાલુભાઇને વધુ દયા આવી. એક પૈસાના ગાંઠિયા આપ્યે આનું શું વળશે? છોકરીની જાત છે, કોઇ હરામખોર માણસ હેરાન કરશે.

એટલે બાલુભાઇ છોકરીને સમજાવી ઘેર લાવવા મંડ્યા. કેટલેક સુધી તો છોકરી શાંત ચાલી આવી. પછી એકદમ ઊભી રહી: "હું તમારે ત્યાં નહિ આવું."

"કેમ?"

"ના, ના. મારે તમારે ત્યાં નથી આવવું."

"પણ થયું શું?"

"ના, ના. મારે નથી આવવું."

અને છોકરીએ તો પોક મૂકી. પાંચસાત માણસો એકઠા થઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેમ ભાઇ! સફેદ કપડાં પહેરીને આ ધંધો?" એક ગૃહસ્થે સંભળાવ્યું.

બાલુભાઇને રસ્તો માપવો ભારે થઇ પડ્યો. છોકરી ત્યાં ને ત્યાં રડતી બેસી રહી અને બાલુભાઈ માંડમાંડ ઘર ભેગા થયા. આવીને અમને વાત કરી.

× × ×

બાવાજીના વર્ણન ઉપરથી આજ એની રામકી હોવી જોઈએ, એની મને ખાતરી થઇ.

બાવાજી તો ધ્યાનમાં બેસી ગયા હોય એમ આંખો ઊંચી ચડાવીને બેઠા હતા. અલબત રામકીનીજ ધૂન ચાલતી હતી.

"તે મહારાજ, કઈ ધર્મશાળામાં તમને ભેટો થયો તમારી રામકીનો?"

"ભાવનગરમાંજ"

"અને પકડાયાં ક્યાંથી?"

"વીરમગામમેંથી"

"ત્યાં ક્યાંથી?"

"અમે તો આલેખધારી. હું ને મારી રામકી ભાવનગરથી વીરમગામ ગ્યાંતાં. અમે તો ફરતારામ."

"તે પકડ્યાં શીદને?"

"સાલ્લે એમ ને એમ પકડી લીધાં. કાંઈ વાંક નંઈ, ગુનો નંઈ, સાલ્લા...મારી રામકીને લઈ ગયા."

"પણ એમ ને એમ થોડાજ પકડે? કંઇક અળવીતરાઇ કરી હશે. વાત તો કરો, એમાં છુપાવવું શીદને?"

"અમારે લંગોટિયાને છુપાવવાનું શું? સાલે સાવ એમ ને એમ પકડી લીધાં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મને લાગ્યું કે, બાવાજી આમ ચક્કર ચક્કર ફર્યાજ કરશે."

"તે કયાંથી પકડાયા બાવાજી?"

"ધર્મશાળામેંથી."

"ક્યારે પકડાયા?"

"રાત્રે."

"શું કામ, વાત કરો જોઇ?"

"કાંઇ નો'તું. રામકીએ રાત્રે ઊઠીને રાડ પાડી અને મંડી મોટેથી રોવા. લોકો ભેગા થઈ ગયા અને પોલીસ આવ્યા. બસ મારૂં કંઈ સાંભળે કે કારવે. મને પકડીને જેલમાં નાખી દીધો." હવે બાવાજી પાસેથી વધુ વિગત સાંભળવાની ધીરજ પણ ન હતી. એના પ્રત્યેનો રોષ વધ્યે જતો હતો. "રામકીએ રાત્રે રાડ પાડી ને રોવા લાગી" એ વાકય સાંભળ્યું અને "હિસ્ટરી ટિકિટ" યાદ આવી.

"ગુનો:—અપહરણ અને બળાત્કાર"

બાવાજી ઉપર મારી આંખમાં ક્રોધનો અગ્નિ સળગવા લાગ્યો, પણ જેલખાતું છે એ યાદ આવ્યું. મારી મર્યાદા મેં સમજી લીધી.

પણ મારાથી રહેવાયું નહિ.

"બાવાજી! આટલી બધી નપાવટતા? આટલી બધી હલકાઇ? જંગલીપણું? દસ વરસની છોકરી ઉપર બળાત્કાર?"

"એ તો મેરી રામકી થી ને? કયાં દુસરેકી થી?" બાવાજીએ નફટાઇની હદ કરી. એની સાથે વધુ વાદવિવાદ કરવા જતાં મારો પિત્તો હાથ નહિ રહે, એમ મને લાગ્યું.

"મલકને આમ છેતરો છો? ભગવાં લૂગડાં પે'રો છો, ગળામાં હાથ એકની માળા પે'રો છો, લાંબી જટા અને દાઢી રાખો છો, મોઢે રામનામ જપ્યા કરો છો અને રામકી રામકી કરી દસ વરસની છોકરી સાથે બળાત્કાર સુધી પહોંચો છો! અને છતાં દુનિયાની આંખમાં ધૂળ નાખી સાધુ થઇને ફરો છો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દુનિયાકો ગરજ હે; એમ ને એમ થોડી અમને પૂજે છે?" બાવાની આંખમાં વિકરાળતા વધતી જતી હતી.

"તોબાહ!" હું ઊભો થયો અને મારી પથારી ઉપર આવી ગયો.

બાવાજીએ તો રામના બેત્રણ દુહા ગાઇ નાખ્યા, જાણે મારી સાથેનો વાર્તાલાપ એ તો એને મન આડી વાત હતી. રામનામના એ દુહા ગાઇને પછી પાછી શાંતિથી એમણે તો શેઠાણીની વાર્તા આદરી. એજ ભક્તિ અને એજ એકાગ્રતાથી બાવાજીનું ભક્તમંડળ બાવાજીને સાંભળી રહ્યું હતું!

હું મારી પથારીમાં બેઠો બેઠો બળ્યા કરતો હતો. દુનિયા આવા સાધુની જાતને ક્યાંસુધી સાંખી લેશે? એની આંખ કેમ નથી ઊઘડતી?

દૂર બેઠા બેઠા બાવાની વાતમાં "રામકી" શબ્દ આવ્યો અને ફરી મારા દિલમાં તેલ રેડાયું.

આંખો મીંચીને આગળ વધતો સમાજ છે ને? ક્યાં જઈ પડશે? આવાં કેટલાં અનિષ્ટો અને અનાચારો ચાલી રહ્યાં છે? પણ કોઇને કોઇની પડી નથી!

આ સાધુલોકોના અત્યાચારો સામે બધા આંખ ઉઘાડે, તોય ઘણી મોટી વાત છે.

બાવાના ગપગોળાની વચ્ચે ફરી એના એ શબ્દો મારે કાને અથડાયા. "મેરી રામકી છોટી, મગર શાણી બોત."

મેં માથા ઉપર જેલનો કાળો ધાબળો ઓઢી લીધો.

("નવરચના" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૩-ગ્રામસેવા

(એક એકાંકી નાટિકા)

(લેખકઃ-શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઈ)

પ્રવેશ ૧ લો

સ્થળ—સારી રીતે વર્તમાન યુગને શોભે એવી ઢબે શણગારેલો ઓરડો.

સમય—સવારના નવ વાગ્યાનો.

પાત્રો—રમા, રંભા, રંજન અને એક સ્ત્રીનોકર.

સૂચન—સંસ્કારી, ભણેલી અને સાદાઈ તથા શોખના મિશ્રણથી દીપતી ત્રણે યુવતીઓના પોષાક વર્તમાનયુગના સૂચક હોય છે.

[રમા હાથમાં ફૂલ લઇ અભિનય કરતી ગાતી ગાતી પ્રવેશ કરે છે.]

રમા—" **હો ફૂલ શાને ઝીસાયાં?**
બુલબુલે શું ગીત નથી ગાયાં?
ફૂલ શાને ઝીસાયાં? "

[રંભા અને રંજન પ્રવેશ કરે છે. તેમના હાથમાં ટિફિન-કેરીઅર, થર્મોસ અને ટોર્ચ છે.]

રંભા—તું શું ગાયા કરે છે?

રમા—જાણતી નથી, હું અભિનય શીખું છું તે? કૉલેજનો મેળાવડો છે ને? જો, મારો અભિનય! બરાબર થાય છે કે નહિ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કોણ ક્રૂર અંગુલીએ ડાંખળીને ચૂંટી ?
રેશમ સુંવાળી તમ પાંદડી શું તૂટી ?
કાળે કાળે ભમરે કહો માધુરી શું લૂંટી ?
ફૂલ શાને રીસાયાં ?"

રંજન—જોયો તારો અભિનય! બહુ આમ અભિનયમાં પડીશ તો ચાંપલી-ચિબાવલી બની જઈશ.

રમા—પણ તારે કામ શું છે ?

રંભા—ભૂલી ગઇ એટલામાં ? આપણે ગામડે જવાનું છે તે યાદ છે કે નહિ ?

રંજન—અને ત્યાં જઇ ગ્રામસેવા કરવાની છે તે ? દરેક રજા આપણે ગામડાંમાંજ ગાળવી જોઇએ. આપણે એક વર્ષનું તો વ્રત લીધું છે.

રમા—હા, હા, ખરૂં. પેલા સંઘમાં આપણે જોડાઇ ગયાં હતાં-એટલામાં પહેલી રજા આવી પણ ગઈ! આજને બદલે આવતી રજાએ જઇએ તો ?

રંભા—તો એટલી ગ્રામસેવા મોડી થશે ને ?

રમા—એક અઠવાડિયામાં મોડું થઇ જશે ?

રંજન—એક પળ જાય તેયે વધારે પડતી છે. સાંભળ્યું ન-હોતું કે, વિદ્યાર્થીની શી ફરજ છે ?

રમા—પણ ત્યાં જઇને કરીશું શું ?

રંભા—એ આપણી મેળે શોધી લેવાનું. આપણે ભણીએ, ગણીએ અને આપણને સમજ ન પડે, એ શરમભરેલું કહેવાય.

રંજન—ગ્રામસેવા તો સહુનો ધર્મ થઇ પડ્યો છે. આપણે આપણો ફાળો પણ આપવો જોઇએ.

રમા—જરૂર. હું ગ્રામજનતાને નવાંનવાં નૃત્ય શીખવીશ.

[અભિનય અને ગીત પાછાં શરૂ કરે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઝાકળની છાળ જરા નિંદ માંહી વાગી?
તારલાની તીખી તીખી નજર ક્યાંથી લાગી?
રંગ ઓઢતાં શું પેલી ચંદ્રી ગઈ જાગી?
ફૂલ શાને રીસાયાં?"

[રંભા તેને પકડીને ગાતી અટકાવે છે.]

રંભા—હવે તારૂં ગીત છોડીને તૈયારી કર.

રમા—શું પહેરૂં? પંજાબી મોજડી કે એડીવાળા બૂટ?

રંજન—એ તો નહિ ફાવે. અમે તો સૅન્ડલ્સ પહેરી લીધાં છે. ગામડાંમાં જવું અને રોફ શા?

રમા—હુંયે સૅન્ડલ્સ પહેરી લઉં. અરે કોણ છે?

સ્ત્રીનોકર—જી.

રમા—જો, મારાં સૅન્ડલ્સ લાવ અને શૉફરને કહે કે, આપણી કાર તૈયાર કરે. મારે ગામડે જવું છે.

રંભા—તારી ટૉર્ચ પણ લઈ લેજે. અમે પણ સાથે રાખી છે.

રમા—ખરૂં છે, અને એક શેતરંજી લેવડાવી લઉં. વખતે પાથરવાનું ના મળ્યું તો? ગામડે કાંઇ ઓછા ગાલીચા અને સોફા હશે?

રંજન—તું તે સેવા કરવા આવે છે કે ઉજાણી કરવા?

રંભા—હશે. લેવા દે. થાકીએ તો જરા આડાં પણ પડાય.

રમા—સૂતે સૂતે કયાં સેવા થતી નથી? અરે, જો, હું ક્યુટેક્સ લગાડી લઉં.

રંજન--ગામડાંમાં જતી વખત ક્યુટેક્સ તે હોય?

રમા—તારા નખ ઉપર તો છે.

રંજન—એ તો થોડા દિવસ પર લગાડેલો તે ચાલ્યા કરે છે.

[સ્ત્રીનોકર આવી રમાના પગ પાસે સૅન્ડલ્સ મૂકે છે.]

સ્ત્રીનોકર—બાએ કહાવ્યું છે કે, ગૉગલ્સ લઈ લેજો. ગામડાંમાં ધૂળ બહુ હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંભા—અને થર્મોસમાં ચા ભરી લેજો. બપોર પછી ચા ન મળે, તો આપણું માથું દુખી આવે છે.

રમા—જો, ચા ભરી લાવ. અને મને ટોઇલેટનો સામાન આપ. ચાલ, હું જલદી તૈયારી કરૂં.

[સ્ત્રીનોકર એક નાની ટીપોય ઉપર આયનો, કાંસકી, શીશીઓ, પાઉડર, લીપસ્ટીક વગેરે લાવી મૂકે છે. રમા દેહશૃંગાર શરૂ કરે છે. ધીમે ધીમે રંભા અને રંજન પણ પોતાનાં મુખ ઉપર પાઉડર લગાડે છે.]

ચાલો, હું તૈયાર છું. ગ્રામસેવાનો આપણો ધર્મ આપણે બજાવવોજ જોઇએ. (જતે જતે ગાય છે.)

"કાળે કાળે ભમરે કહો માધુરી શું લૂંટી ?
ફૂલ શાને રીસાયાં ?"

હવે કાંઇ બાકી તો નથી રહેતું ને ? અરે, હા. મોટરમાં મારા વાળ ઊડશે. પેલી બાંધવાની જાળી લાવને.

[સ્ત્રીનોકર માથે બાંધવાની જાળી લાવી આપે છે. ત્રણે જણ જાય છે. જતે જતે રમા ઉત્સાહથી ગાય છે.]

"ફૂલ શાને રીસાયાં ?"

પ્રવેશ ૨ જો

સ્થળ—પાસેના એક નિર્જન મેદાનમાં થઇને જતો રસ્તો; જેની બાજુમાં કાર પડેલી છે.

સમય—બપોરના બાર વાગ્યાનો.

પાત્રો—રમા, રંભા, રંજન, ગોવાળ અને ગોવાળણી.

સૂચન—કાર પાસે આવેલા એક વૃક્ષની છાયા નીચે શેતરંજી તથા તકિયા પાથરી એકબીજાની પાસે ત્રણે સખીઓ બેસે છે અને વચમાં વચમાં સૂવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમા—હવે શું થશે?

રંભા—થવાનું શું છે? મોટર અટકી તેથી જગત તો અટકવાનું નથી કાંઇ?

રંજન—શોફરને પાસેના ગામમાં મોકલ્યો છે. થોડા પૈસા આપીશું, તો માણસો કારને ખેંચીને પાછી પણ લઈ જશે.

રમા—અને ન લઈ ગયા તો?

રંભા—તો ધીમે ધીમે સાંજ પડયે ચાલી નાખીશું.

રંજન—ચાલવાનું સહેલું નથી બહેન, સમજી? ચાર ગાઉ કાપવાના છે. આપણાથી તો આ તાપમાં ના ચલાય...અરે, અરે, જો પેલી ગાયોનું ટોળું દોડયું દોડયું આવે.

[ત્રણે જણ ગભરાટમાં ઊભાં થઇ જાય છે.]

રંભા—નાસ, મારા બાપ, મારી નાખશે બધાંને.

[રબારીઓ સરખો ગાયને બોલાવવાનો સાદ દૂરથી સંભળાય છે.]

રમા—હાશ! ગાયો બાજુએ ચાલી ગઇ! મોતથી ઊગર્યાં. હવે પછી આપણે ગામડે આવવું નથી.

[એક ગોવાળ ખભે ડાંગ નાખી-તેમજ વાંસળી વગાડતો આછું નૃત્ય કરતો આવે છે. સાથે એક ગોવાલણ યુવતી નાચતી, ગાતી ગાતી પ્રવેશ કરે છે.]

ગોવાળણ

હો...............
ગોરી ગોરી ગાવડી!
વહાલી મારી માવડી!
સોને રસેલાં શીંગડાં મઢાવું,
ચાંદલે ચળકતો હીરલો જડાવું,
ઝગમગતી રૂપાની ઝાંઝરી ઘડાવું,
હો..............

× × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી દૂધભરી વાવડી,
એ તો મારી માવડી,
વહાલી મારી માવડી.
એની ખરીમાં ખજાના અમારા,
એની તે આંખડીમાં અમૃતની ધારા,
અંગ અંગ ભરીયા છે લક્ષ્મીના ફુવારા,
હો...........

× × ×

મારા જીવનની નાવડી,
ગોરી ગોરી માવડી,
વહાલી મારી માવડી.

રમા—અરે, એ બહેન ! ગાયવાળી બહેન આ તારી ગાયો મારશે તો નહિ ?

ગોવાળણ—ના રે બહેન, એ તે કાંઇ માનવી છે કે છેડ્યા વગરેય મારે ? એને ઘસડાઇને જાઓ, બોલશે પણ નહિ.

રંભા—ના રે બા. અમને તો બીક લાગે.

ગોવાળણ—તે તમે અહીં ક્યાંથી આવ્યાં, બહેન ?

રંજન—પાસેના ગામમાં જવું હતું.

ગોવાળણ—તે જાઓને ! ચારછ ખેતરવા ઉપર ગામ આવી જશે.

રમા—પણ અમારી છત્રીઓ ન લાવ્યાં એટલે આ તાપમાં કેમ જવાય ?

ગોવાળણ—તે ગામડે શું કામ જાઓ છો ?

રંભા—(પ્રશ્નથી છેડાઇ બાજુએ ફરી સ્વગત બોલે છે) આ ગામડિયા લોકો રીતભાત પણ સમજતા નથી. આપણે શું કામ છે, તે પૂછવાનો એમને શો અધિકાર છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંજન—પણ તું કેમ ભૂલે છે? એમને માટે આવ્યાં છીએ અને એમને કહીશું પણ નહિ?

રમા—કહેવુંજ જોઇએ.

(ગોવાળણ તરફ બધાં ફરે છે)

જુઓ બહેન, અમે ગામડાંને સુધારવા નીકળ્યાં છીએ.

ગોવાળણ—ગામડાંને સુધારવા? કાંઇ સમજ ના પડી.

રંભા—જુઓ, અમે કેવાં દેખાઇએ છીએ?

ગોવાળણ—રૂપાળાં મઢૂમ જેવાં.

રંજન—જો અમારાં જેવાં બનવું હોય તો અમે કહીએ તે શીખો.

ગોવાળણ—શું શીખવશો?

રમા—અમે એવું શીખવીશું કે, તમારૂં મન ફરી જશે, તન ફરી જશે અને એકદમ તમે આગળ આવી જશો.

ગોવાળણ—એવું મન ફરી જાય એ શા કામનું? આગળ આવીને તો શું કરીએ? અમારે તો આ ગાયોની રખવાળી બરાબર થાય, એવું કાંઇ શીખવો.

રંભા—ગાયોની રખવાળી તો અમને ના આવડે.

ગોવાળણ—રખવાળી ના આવડે તો ગાયને બાંધતાં છોડતાં તો આવડે ને?

રંજન—ના, રે, અમને તો ગાય પાસે જતાંજ બીક લાગે ને!

ગોવાળણ—ગાય દોહતાં તો આવડતુંજ હશે.

રમા—ના, રે ના. ગાય પાસે ન જવાય તો એને દોહવાય શી રીતે?

ગોવાળણ—તો પછી મહી વલોવતાં તો આવડતુંજ હશે ને?

રંભા—મહી વલોવતાં નથી આવડતું, પણ એનું ગીત અમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવડે છે. ગીત ગાતે વલોણું વલોવીએ-ખરેખરૂં નહિ.

ગોવાળણ—જોઉં, કેમ વલોવો છો ?

રંભા-રમા-રંજન

(ત્રણે સખીઓ અભિનય સહ ગાય છે.)

હલકે હાથે તે નાથ! મહીડાં વલોવજો,
મહીડાંની રીત ન્હોય આવી રે લોલ,
ગોળી નંદાશે નાથ, ચોળી છંટાશે,
મોતીડાંની માળા તૂટશે રે લોલ-
હલકે હાથે તે નાથ......

[ગોવાળ અને ગોવાળણ એકબીજાની સામું જોઈ આછું આછું હસે છે. ગોવાળ સહજ દૂર જઇ ઊભો રહે છે.]

ગોવાળણ—તમે બધાં પરણેલાં લાગો છો ?

રંભા—(સ્વગત) અમારાં અંગત જીવન વિષે પૂછવાનો કોઈનેજ અધિકાર નથી.

રમા—અમે બાળલગ્ન કરતાંજ નથી.

ગોવાળણ—એટલે ?

રંજન—અમારાથી વહેલાં પરણાયજ નહિ. હજી તો અમે ભણીએ છીએ.

ગોવાળણ—પરણીને પાર ઊતર્યાં હો એવાં તો લટકાં કરો છો !

રંભા—એ તો અભિનય છે-શાસ્ત્રીય અભિનય.

ગોવાળણ—એ જે હોય તે પણ આમ લટકાં કર્યે વલોણું ના વલોવાય. એ તો ધમરધમર હાથ ફરે અને આખો દેહ મરડાઇ જાય. ન તમને ગાય ચારતાં આવડે, ન તમને બાંધતાંછોડતાં આવડે, ન તમને દોહતાં આવડે, ન તમારાથી વલોણું વલોવાય ! ગામડાંમાં આવીને અમને શું શીખવશો, બ્હેન ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંજન—એમ કેમ? તમને ભણાવીશું, સ્વચ્છ રહેતાં શીખવીશું, કપડાં કેમ પહેરવાં તે બતાવીશું.

ગોવાળણ—બહેન, તમે શહેરમાં પાછાં જાઓ. ગામડાંને શીખવવું હોય, તો સાદું ગોવાળું શીખો; નહિ તો અમારે તમારૂં કામ શું? આ તમારૂં શહેરી વલોણું અમારે કામ ન આવે.

(ગોવાળણ ગોવાળને સાથે લઇ જાય છે!)

રમા—કેટલી અભિમાની?

રંભા—અભણ છે છતાં...

રંજન—આપણી સેવાની કદરજ નથી આ લોકને.

પ્રવેશ ૩ જો

સ્થળ:–ગ્રામપ્રદેશનો એક બીજો ભાગ.

સમય:–મધ્યાહ્ન પછીના બે વાગ્યાનો.

પાત્રો:–રમા–રંભા–રંજન અને બે ખેડૂતસ્ત્રીઓ.

સૂચન:–બે ખેડૂતસ્ત્રીઓ ગાતી ગાતી માથે ભારા લઇ આવે છે.

ધરતી તપીને ધોમ ધખિયા,
અંગાર પગે ડંખ્યા,
સૂરજ જરા શીળા પડો હો.

×

વસમી આ વન કેરી વાટે,
કે ડુંગરાની છાટે,
વિસામો લઈ શીળા પડો હો.

×

રંગભરી વાદળી બોલાવું?
કે મેઘને હું કહાવું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂરજ જરા શીળા પડો હો.

×

ચાસમાં ફરે એ અલબેલો,
કે થાકશે અકેલો,
સૂરજ જરા શીળા પડો હો.

પહેલી ખેડૂતસ્ત્રી—પેલીઓ કોણ હશે ?

બીજી ખેડૂતસ્ત્રી—હશે કોઈ પૈસેટકે સુખી. ગામડે ઉજાણી કરવા આવી હશે.

[રમા, રંભા અને રંજન તેમની પાસે થઇ જાય છે. બન્ને ખેડૂતસ્ત્રીઓ સામસામું જોઇ તેમને હસે છે અને જરા દૂર જાય છે]

રમા—જોયું ! આ ગામડાંના લોકો ભોળા કહેવાય છે, પણ આપણને તો બોલાવતાયે નથી.

રંભા—ઊલટાં હસે છે.

રંજન—તો આપણે એમને બોલાવી જોઇએ. એ બાઈ... ભારાવાળી બાઇ...

[બંને ખેડૂતસ્ત્રીઓ અટકે છે અને માથેથી ભારા નીચે નાખી દઈ ઊભી રહે છે.]

પહેલી ખેડૂતસ્ત્રી—કેમ બહેન, શું કામ છે ?

રમા—અમારૂં થર્મોસ તૂટી ગયું અને પાણી ઢોળાઇ ગયું.

બીજી ખેડૂતસ્ત્રી—અમે તો નથી ઢોળ્યુંને બહેન ?

રંભા—ના, ના, અમારે બીજું પાણી જોઇએ છે.

પહેલી ખેડૂતસ્ત્રી—જુઓ, પેલો કૂવો દેખાય. ત્યાં દોરી અને ઘડો રાખેલાંજ છે.

રંજન—કોઇ પરબ નથી બેસાડતું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલી ખેડૂતસ્ત્રી—અમારી પરબ અમારા કૂવા. પરબ તો તમારા જેવાં પૈસાવાળાં હોય તે બેસાડે.

રમા—અરે રંભા! યાદ છે, તે દિવસે આપણે કૂવે પાણી કાઢતાં હતાં ને!

રંભા—હા, કેમ નહિ? ઘડો ગમે તેટલો પછાડીએ તોય ડૂબેજ નહિને?

પહેલી ખેડૂતસ્ત્રી—અહીં તો માટીનો ઘડો છે બ્હેન! જોજો પછાડશો નહિ.

રંજન—અરે! ગાળોજ કરતાં આપણને ક્યાં આવડ્યો હતો?

રમા—અને ખેંચતી વખતે?

રંભા—આપણે ત્રણ ભેગાં થયાં ત્યારે ઘડો ઉપર આવ્યો.

રંજન—હાથની ચામડી સોરાઈ ગઈ એ વધારામાં.

બીજી ખેડૂતસ્ત્રી—તે તમને પાણી કાઢતાં ન આવડતું હોય, તો અમે કાઢી આપીએ.

રમા—અમે પૈસા આપીશું. પૈસા વગર અમે કશું કામ લેતાં નથી.

પહેલી ખેડૂતસ્ત્રી—પૈસા? પાણીના? એ તમારા શહેરમાં લે, અમારાં ગામડાંમાં નહિ.

બીજી ખેડૂતસ્ત્રી—પણ આવું દુઃખ વેઠીને બ્હેન! અહીં કેમ આવ્યાં?

રમા—અમે ગામડાં જોવા નીકળ્યાં છીએ.

પહેલી ખેડૂતસ્ત્રી—ગામડાં જોઇને કરશો શું?

રંભા—ગામડાંનો ઉદ્ધાર કરશું.

બીજી ખેડૂતસ્ત્રી—ઉદ્ધાર તો ભગવાન વગર કોણ કોનો કરે એમ છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંજન—એજ આપણા હિંદુસ્તાનના લોકોની ભૂલ થાય છે ને? જેમાંતેમાં ભગવાન! એટલેજ આપણે આગળ વધતાં નથી ને!

પહેલી ખેડુતસ્ત્રી—જુઓને બહેન, ભગવાન વગર તો શું થાય? અમે રાતદહાડો મજૂરી કરીએ છીએ, પણ તમારા જેવા વૈભવ અમે ક્યાં જોઇએ છીએ? તમને ભગવાને મોટા માણસોને ઘેર જન્મ આપ્યો, માટે તમે મોટા.

રમા—એમ હારી ના જશો. અમે તમને સુખી થવાનો માર્ગ દેખાડવા આવ્યાં છીએ.

બીજી ખેડુતસ્ત્રી—દેખાડો બહેન, ભગવાન તમારૂં ભલું કરશે.

રંભા—પાછા ભગવાન! એ તો આપણેજ આપણા પગ ઉપર ઊભાં રહેવું જોઇએ.

પહેલી ખેડુતસ્ત્રી—તે તો અમે કરીએજ છીએ. જુઓને, આ ખરે બપોરે ભાતું ખેતરમાં લઇને ગયાં અને પાછાં આવતાં આ ભારા ઊંચકી લાવ્યાં.

બીજી ખેડુતસ્ત્રી—ઘેર જઇશું એટલે ઘર, આંગણું અને કોઢ સાફ કરીશું, પાણી ભરીશું અને રસોઇ કરી સહુને જમાડીશું.

રમા—આ ઘણું ખોટું. સ્ત્રીઓને માથે કેટલો બોજો નાખવામાં આવ્યો છે?

રંભા—અને પુરુષો ખેતરમાં મોજ કરતા હશે?

પહેલી ખેડુતસ્ત્રી—મોજ? અરે! એમને ખેતરોમાં કામ કરતા જુઓ ત્યારે તમને ખબર પડે કે મોજ એટલે શું? બિચારા જાત ભાગીને જમીન ભાગે છે ત્યારે તો દુનિયા અન્ન પામે છે.

રંજન—તોપણ મહેનતની વહેંચણી બરાબર નથી. સ્ત્રીઓની મહેનત દેખાય નહિ. બાળઉછેરનું કામ પણ તમારેજ કરવાનું ને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી ખેડુતસ્ત્રી—એ ના સમજાયું.

રમા—જુઓ, છોકરાંને પણ તમારે ઉછેરવાનાં ને ?

પહેલી ખેડુતસ્ત્રી—તે બીજું કોણ ઉછેરે ?

બીજી ખેડુતસ્ત્રી—છોકરાંની ગત તો માજ જાણે. બહેન, તમે તમારાં છોકરાં ઘેર મૂકીને આવ્યાં લાગો છો ?

રંભા—છોકરાં કેવાં ?

રંજન—અમે તો પરણ્યાંજ નથી ને! અને...બનશે ત્યાં-સુધી પરણીશુંજ નહિ! એ બેડીમાં કોણ બંધાય ?

પહેલી ખેડૂતસ્ત્રી—(સ્વગત) ઓય મા! મારી મા જેવડી થઇ તોય હજી પરણી નથી!

બીજી ખેડૂતસ્ત્રી—(સ્વગત) છોકરાં તો છે નહિ અને છોકરાં કેમ ઉછેરવાં એની મોટી મોટી વાતો કરે છે.

પહેલી ખેડૂતસ્ત્રી—(બીજી ખેડૂતસ્ત્રીને) શહેરમાંથી આવી મોટી મોટી વાતો કરી જાય છે, એ બધાંય એવા. પાણી ખેંચતાં તો આવડે નહિ એ જમીનને પાણી શું પાય? એમની વાતોથી આપણું દળદર ના ફીટે.

બીજી ખેડૂતસ્ત્રી—ચાલ, આપણે તો વાતોએ વળગ્યાં. એમ-ને પાણી તો પાઇએ. (ત્રણે જણને) બહેન, જરા શીળે બેસો. અમે તમારે માટે ઘડો પાણી લઇ આવીએ. (જાય છે.)

રમા—રંભા! આપણી કશી ભૂલ થાય છે. ગામડાંને સુધારવાં હોય તો આવાં કપડાં ન પહેરાય.

રંભા—મને પણ એમજ લાગે છે. એમની મહેનત ઉપર આપણા વૈભવ રચાયા છે. એ વૈભવના ડોળ સાથે ગામડે આવીએ તો આપણે આપણાં પાપ સાથેજ લાવીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંજન—અને આપણે અંગમહેનતનું તો નામજ નહિ ને? એમને આપણે શું શીખવી શકીએ? એમની પાસેથી તો આપણે શીખવાનું છે.

રમા—એટલે ગામડે આવવું હોય તો શહેર અને ગામડાં વચ્ચેનો પડદો તોડવો પડે.

રંભા—માનસિક પડદો પણ તોડવો પડે. ગામડે સદ્‌ભાવથી, નમ્રતાથી અવાય.

રંજન—હું તો કહું છું કે, પૂજ્યભાવથીજ અવાય. ગામડિયાને આપણે શીખવીએ એના કરતાં ગામડિયા આપણને વધારે શીખવે એમ છે. ચાલો, એ ભાવથી આપણે ગામડામાં જઇએ.

(ત્રણે સખીઓ ગાતી ગાતી જાય છે.)

ગામડિયા, હો ગામડિયા! પુષ્પ પ્રફુલ્લિત ગામડિયા!
ગામડિયા, ઓ ગામડિયા! કુદરત અંકિત ગામડિયા.

× × × ×

મોર તમારે આંગણીએ, બુલબુલ બેસે નાવણીએ,
કોકલ ડાળે ઝૂલંતી રસના ટહૂકા રેલંતી

× × × ×

રંગ ઝીલો હો ગામડિયા, ગામડિયા ઓ ગામડિયા,
પ્રકૃતિપૂજિત ગામડિયા.

(નવેમ્બર ૧૯૩૯ના "નવચેતન" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૪-ગ્રેજ્યુએટ

(લેખક:-શ્રી. નાનાલાલ ગોવિંદલાલ બ્રહ્મભટ્ટ)

કેળવણીક્ષેત્રમાંથી અભ્યાસ કરીને બહાર પડતા પ્રત્યેક યુવાનની સમક્ષ આજે દેશભરમાં એકજ પ્રશ્ન આવીને ઊભો રહે છે. નોકરી! વેપારી રાજકર્તાઓએ પ્રજાને ભણાવીને માત્ર નોકરી કરવાનુંજ શીખવ્યું છે. યુનિવર્સિટીઓમાંથી પ્રતિવર્ષ બહાર પડતા હજારો પદવીધારીઓ માત્ર નોકરીમાંજ જોડાઈ જાય છે. એમને માટે આ પરાધીન દેશમાં સ્વતંત્ર ધંધાને કે શોધખોળોને માટે સ્થાન નથી. નોકરી એજ એમનો જીવનમંત્ર થઇ ગયો છે.

પરંતુ એ નોકરી મેળવવી, એય કાંઇ સહેલી વસ્તુ નથીજ. એમાંય ભાગ્યશાળીઓ ફતેહ મેળવે છે અને હતભાગીઓ ? હાર પામી બેકારોની સંખ્યામાં સારો એવો વધારો કરે છે.

નિરંજને હૃદયમાં ગોઠવી રાખેલી મોટી મોટી આશાઓ સહ ચાલુ સાલે બી. એ.ની પરીક્ષામાં હાજરી આપી હતી. ભણવામાં હોશિયાર હોઇ લોકોને પણ તેના પ્રત્યે આશાભરી લાગણી હતી. એની શક્તિઓ માટે એના ઓળખીતાઓને તેના પ્રત્યે માન હતું. ચાલુ પરીક્ષામાં સારે નંબરે પાસ થવાની સૌને ખાતરી હતી.

એ ખાતરી આજ સાચી પડી હતી. વર્તમાનપત્રમાં બી. એ. નું 'રીઝલ્ટ' આવી ગયું હતું. નિરંજન "ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસ થયો હતો. મિત્રોએ એને માનથી નવાજી નાખ્યો. સ્નેહીઓનાં સગાંવહાલાંએ એને ભાવથી ભીંજવી નાખ્યો. માનવજીવનનું એક મહામૂલું કર્તવ્ય પૂર્ણ કર્યું હોય, એમ તેને તથા તેનાં સંબંધીઓને લાગતું હતું.

પરંતુ એની સાથેજ બધાના માનસમાં એક પ્રશ્ન ખડો થતો હતો. નિરંજન બી. એ. થયો હતો.

(વોટ નેક્સ્ટ) હવે શું?

એને વણમાગી સલાહો મળવા લાગી.

"એમ. એ.નો અભ્યાસ શરૂ કરો."

"અરે એલ. એલ. બી. થાઓ. આજે વકીલાતની વાહવાહ છે."

"બધુંય જવા દોને ભાઇ. એના મામા પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ છે. ફોજદારમાં ક્યાંય ગોઠવાઇ જવા જેવું છે."

"કલેક્ટર સાહેબની ઑફિસમાં એક કલાર્કની જગ્યા ખાલી છે. દાખલ થઇ જવાય, તો ભવિષ્યમાં લાભ રહે ખરો."

"પોસ્ટ ખાતામાંય એને તો વગ છે. અને તાર–ઑફિસમાંય જોડાઈ જાય એમ છે. ભાઇ વગવસીલાવાળાની વાત થાય?"

"જેને વગ તેના લાંબા પગ." એક અનુભવીએ સનાતન–સૂત્ર ઉચ્ચાર્યું.

મુબારકબાદી આપી સહુ છૂટાં પડ્યાં અને નિરંજન એકલો પડ્યો.

એના મનમાં વિચાર માત્ર એકજ ઘોળાતો હતો. હવે શું કરવું?

શુભેચ્છકોએ આપેલી સલાહો એની દૃષ્ટિ સમક્ષ તરવરવા લાગી. ચલચિત્રની માફક એક પછી એક દૃશ્યો એના આંતરચક્ષુ સમક્ષ ખડાં થવા લાગ્યાં અને એ વિચાર–નિદ્રામાં પડ્યો. ઓરડામાં માત્ર એ એકલો હતો; બાકી નીરવ શાંતિ હતી.

ચલચિત્રનું પ્રથમ દર્શન એને દેખાવા લાગ્યું.

× × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદાલતમાં ન્યાયાધીશ સમક્ષ એ એક કેસનું સમર્થન કરી રહ્યો છે. હડહડતા જૂઠાણાને સત્ય ઠરાવવા એ પોતાની તમામ શક્તિ વાપરી અસીલ પાસેથી ખીસાં તર કરવાની મહાન બાજી ખેલી રહ્યો છે. એની અજબ વાગ્ધારાએ એને વિજય મળે છે. દુનિયા એને સફળ વકીલ તરીકે સ્વીકારી એની વાહવાહ બોલાવે છે.

એના શરીરમાં કંપનું મોજું આવી ગયું. વાહ! વાહ! અને તે જૂઠના ધંધામાં!! માનવતાનું વેચાણ આદરીને!!! વકીલાતના ધંધામાં એને મનુષ્યત્વ હણાતું લાગ્યું. સાચજૂઠનાં ઓઠાં નીચે બુદ્ધિની તાલિમબાજીમાં એને ઠગવિદ્યા જણાઇ. એણે નકારાત્મક રીતે ડોકું હલાવ્યું.

× × × ×

સટાક, સટાક, સટાક, એના હાથમાંથી ચાબુકે ગુનેગારોના વાંસા પર અવાજ ઉઠાવ્યા. મુખમાંથી સરતી સરસ્વતીએ એના કાન પર અથડાઇ એને ચમકાવી મૂકયો.

"......સા......ગુનો કબૂલ કરતા નથી! તમારાં તો ચામડાં ચીરી નાખવાં જોઇએ અને અંદર મીઠું ભરવું જોઇએ, સા...... જંગલી, અજડ જાત. માર વગર તો સીધી થાયજ નહિ ને!" પોલીસ થાણામાં ફોજદારના વેશમાં એણે ઉપરનું ફારસ ભજવાતું જોયું. ત્રાસથી એણે આંખ પર હાથ દીધા.

× × × ×

સિનેમાના પટ પર ત્રીજું ચિત્ર ખડું થયું. "(જુઓ મિ. નિરંજન, હજૂર સવારી કાલે ડિસ્ટ્રિકટમાં ઉપડવાની છે, એટલે આજે રાતના ઓફિસમાં બેસીને પણ આટલા તુમારોનો નિકાલ તમારે આણવાનો છે. સાહેબ બહાદુરની ખાસ આજ્ઞા છે, માટે આજે ઘેર નહિ જતાં કામ પરજ રોકાઈ જજો."

ચારે બાજુએ કાગળિયાંનો ઢગ ઉથલાવતા નિરંજનને હેડકલાર્ક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહેબે સૂચના આપી. સૂચના સ્વીકારતાં એનું હૃદય કમકમી ઊઠ્યું. ત્રણ દિવસથી એને તાવ આવતો હતો. આખા દિવસની સતત લખાણપટ્ટીથી એનું મગજ હમેશાં દુખતું રહેતું હતું. શરીરમાં અશક્તિ આવી હતી. અને......અને......યુવાનીની લાલી અકાળે કરમાઇને ગાલમાં ખાડા પડવા માંડ્યા હતા. કારકુન નિરંજન એ કૉલેજનો નિરંજન નહિ, પણ એનું કબરમાંથી ઊઠેલું ભૂત હોય, એમ જોનારને લાગતું હતું.

એનાથી બૂમ પડાઇ ગઇ: "ભાઇ સાહેબ, એ નહિ બને. મને માફ કરો. મારી તબિયત જુઓ. મારા શરીરમાં તાવ છે..." હેડ કલાર્ક સાહેબ સાંભળવા માટે ઊભાજ રહ્યા નહોતા. એણે મેજ પર હાથ પટક્યો......

× × × ×

"એ બની શકે તેમ નથી મિ. નિરંજન, તાર–ઑફિસમાં નોકરી કરવી અને રજા ભોગવવી એ બે એક સાથે તો નજ બને. અત્યારના સંજોગોમાં તમને તાત્કાલિક રજા મળી શકે તેમ નથી. તમારી જગ્યાએ બીજો કામ કરનાર માણસ આવે તે પછીજ તમને રજા પર જવા દેવામાં આવશે. હમણાં અઠવાડિયું થોભી જાવ. જાઓ કામ પર." ઉપરીએ હુકમ ફરમાવી દીધો.

નીચા મોંએ નિરંજને પોતાની જગ્યા લીધી. દેશમાંથી આજે પત્ર આવ્યો હતો. ઘેર માતુશ્રી બિમાર હતાં. તબિયત ખૂબજ લથડી ગઇ હોવાથી તેને તાકીદે ઘેર આવવા લખ્યું હતું.

પણ તારખાતાની નોકરીમાં એમ ધારી રજા મળેજ નહિ, એ નિરંજને જાણી લેવું જોઇતું હતું. આજે એનું ચિત્ત કામ પર ઠરતુંજ નહોતું. ટકટકારો કરતા વીજળીના યંત્રને ભાંગીને ભૂકો કરી નાખવાની એને તીવ્ર ઇચ્છા જાગી.

× × × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કૉલેજમાં હતો ત્યારે એની બાજુમાંજ એક બાળમંદિર હતું. ત્યાં તે ઘણી વખત જતો. આજે ચિત્રપટમાં પણ એ બાળમંદિર આવીને ઊભું રહ્યું.

"મોટાભાઇ, અમને ગીત ગવડાવોને!" એક બાળકે એની આંગળી પકડીને એને ખેંચતાં કહ્યું.

"અને નિરુભાઇ, અમને કાગડાકાબરની રમત રમાડો ને!" બીજાએ બીજો હાથ પકડીને ખેંચ્યો.

"મોટાભાઇ અમારે તો ચિત્ર કાઢવાં છે, ચાલોને!" એક નાનકડી બાળકીએ પોતાની માગણી રજૂ કરી.

"અને મોટાભાઇ અમારે પેલા હાથીની વાત સાંભળવી છે ચાલોને!" ચોથી તરફથી આમંત્રણ આવ્યું.

નિરંજનથી હસી જવાયું. કેવાં મજાનાં બાળકો? નાનકડાં, સુંદર, નિર્દોષ, પ્રભુની નજદીકના પયગંબરો. જીવનપર્યંત એમની સાથે ખેલવાનું! શાંત ઋષિ જેવું જીવન!

એણે ચારેય બાળકોને એમના સમૂહમાં મનસ્વી કામ સોંપી દીધું અને પોતે 'શિક્ષણ'માં આપવા સારૂ બાળમાનસનો સુંદર લેખ લખવા બેસી ગયો. આજુબાજુનું વાતાવરણ બાળકોના કિલકિલાટથી ભર્યું ભર્યું–જીવન લાગતું હતું.

× × × ×

અને એણે આંખ ઉઘાડી. ઓરડીમાં દીવો મૂકવામાં આવ્યો હતો. સાયંકાળ થઇ ચૂકયો હતો. દીવો મૂકીને ચાલી જતી નાનકડી સરૂએ પાછા વળીને ઉંબરમાંથી મોટાભાઈ તરફ જોયું અને જાગૃત થયેલા ભાઇથી પોતે પકડાઇ ગયેલી જાણી દોડતી દોડતી બહાર ચાલી ગઇ.

નિરંજને દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો, મોં પર બંને હાથ ફેરવી કપાળ પર આવેલા વાળ ઠીક કર્યા. અંતરનો ઉકળાટ શમ્યા પછીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાંત પ્રફુલ્લિતતા એણે અનુભવી લીધી. ભાવી જીવનનો એનો નિર્ણય આજે થઇ ચૂકયો હતો.

સારી મજાની સરકારી નોકરી કરાવવાની આશા સેવતાં સંબંધીઓને આશ્ચર્યમાંજ ડૂબવા દઇ નિરંજને એના ગામમાં એક બાલમંદિર ખોલ્યું, અને સેવેલા સ્વપ્નને મૂર્તસ્વરૂપ આપવાની શરૂઆત કરી.

શહેરી જીવનથી રંગાયેલા નિરંજનને ગામડામાં વસવું વસમું તો પડયું; પરંતુ ‘ દુઃખનું ઓસડ દહાડા ’ માની એણે મન વાળ્યું.

પોતાના ગામ પ્રત્યેની પોતાની ફરજ તેને ગામનાં બાળકોને કેળવવામાં અને બીજી ગ્રામસુધારણામાં જીવન સમર્પી દેવામાંજ જણાઇ અને એણે એ ફરજની માન્યતાને અમલમાં મૂકી.

જાહેર જનતાને ‘ ગ્રેજ્યુએટ ’ યુવકની આ ઘેલછામાં ગાંડપણ ભાસ્યું.

પરંતુ એવું ગાંડપણ આજે હિંદના પ્રત્યેક ગામડાનો એકેકો યુવક ધારણ કરે તો ! હિંદનાં સાતલાખ ગામડાંનો આત્મા જાગૃત થઇ દેશને સ્વર્ગ સમો બનાવે.

શહેરની રાક્ષસી માયા યુવાનોને શહેરમાંજ જકડી રાખે છે. ગામડાં તરફ જોવા દેતી પણ નથી. એ માયાને તોડી શિક્ષિત યુવાનો ગામડાં ભણી વળે તો ?

ભવિષ્ય ઉજમાળું બને !

(૧૯૯૫ ના “ પ્રજાબંધુ, ગુજરાત સમાચાર ”ના દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૫-જીવનદીપક

(લેખકઃ—શ્રી. હોમી ડુમસિયા)

(૧)

"મા, મા, હવે તો મારાથી આ વેદના સહન થતી નથી. દુષ્ટ પ્રભુ કોણ જાણે મોત કેમ નહિ આપતો હોય?" અત્યંત દુઃખની મારી અને લાંબી માંદગીથી ચિડિયા સ્વભાવની થઈ ગયેલી હોવાથી, પ્રભુને ગાળો ન દેવાય એ ભૂલી જઇને એક સોળ વર્ષની છોકરી એક જૂના ખાટલામાં ફાટીતૂટી ગોદડીમાં પડી પડી ધીમે સાદે બોલતી હતી. એક વખતે તે સુંદર હશે એમ તેના ચહેરા ઉપરથી લાગતું હતું, પણ અત્યારે તો ત્રણ મહિનાની લાંબી બિમારીને પરિણામે તે ખાટલામાં હાડમાંસના એક નાના લોચાની જેમ પડી હતી. અશક્તિને લીધે તે એક નાની બાળકી જેટલીજ દેખાતી હતી. તેની પાસે એક જૂના થઈ ગયેલા દેવદારના ખોખા ઉપર એક ભર-યુવાન વયમાંજ ચોરાસીના ચક્કાવામાં પિસાઇ ચૂકેલી, ભાગ્યેજ ત્રીસ વર્ષની એક યુવાન ડોશી બેઠી હતી.

"અરે, અરે, બેટા, પ્રભુને એમ ન કહીએ. એમાં પણ એનો કાંઇ હેતુ હશે." તે બાઇએ શિખામણના શબ્દો કહ્યા.

"હા, હશે માતા," માંદી છોકરી જરા રોશભેર બોલી. "પણ મારી વેદનાનો એ તારા પ્રભુને સહેજે વિચાર હોત તો? એના હેતુ-ને મારે શું ચૂલામાં નાખવો છે! મારી વેદના તારા પ્રભુથી નહિ સમે એ તો સંગીત..."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એમ શીદને બોલે છે બેટા, પ્રભુ માગે તો મારો પ્રાણ આપીને પણ તારી વેદના ઓછી કરૂં. સંગીત...પણ બેટા ગરીબનાં નસીબ ગરીબ. જે અંધ સૂરદાસના ભજનોથી તને ઘણો આરામ દેખાતો, તે પણ અઠવાડિયું થયાં દેવલોક પામ્યા. સંગીત તારી જીવનજ્યોત ચેતાવે ખરૂં ?"

"મા, જો કોઇ મને એક ગાયન સમજાવે, તો જરૂરજ મને આરામ થાય અને કદાચ મારો જીવનદીપક ન પણ બુઝાય. મા, જો બાબુ નીલરત્ન એમના મધુર કંઠે એમના વાયોલીન સાથે એકજ ગીત સંભળાવે, પણ–" જાણે પોતાના શબ્દો કેવા મોટા હતા, આશા કેવી મોટી હતી કે તે પ્રમાણે બનવું કેવળ અશકય હતું, તે જાણી ગઈ હોય તેમ તે બાળા એક નિસાસો નાખી અચકી. એ ઇશારો સમજી ગઇ હોય તેમ તેના સાથીએ પણ એક નિઃશ્વાસ નાખ્યો.

"બેટા, એ પ્રખ્યાત સંગીતકાર આપણા ઝૂંપડામાં આવે, એ કેવળ અશકય અને અસંભવિત છે, છતાં પણ જો આવે તો તેમને પૈસા કયાંથી આપીએ ?"

"મા, ત્યારે આ દીપક બુઝાવાનોજ." તે માંદી બાળાએ ધીમેથી નિરાશાજનક શબ્દો ઉચ્ચાર્યા. એ સાંભળી તેની સામે બેઠેલી સ્ત્રીની આંખમાંથી આંસુના રેલા ચાલવા લાગ્યા. છોકરીના છેલ્લા શબ્દોએ તેના મનમાં કાંઈ નક્કી મજબૂત ઠરાવ કરાવ્યો. પોતાનાં આંસુ બિમારથી છુપાવવા તેણે મોં ફેરવ્યું. પછી જરા શાંત થઇ તે બોલી: "બેટા, એ જ્યોત નહિ બુઝાવા દઉં. કાલાવાલા કરી, પગે પડીને પણ તને આરામ થતો હોય, તો હું બાબુજીને વીનવીશ. જો દયાનો એમનામાં અંશ હશે તો તારી ઇચ્છા જરૂર તેઓ સંતોષશે." આટલું બોલી તે વૃદ્ધ દેખાતી સ્ત્રી પોતાની દરિદ્રતાનાં દર્શન કરાવતાં જૂના ફાટ્યાંતૂટ્યાં કપડાં સાથેજ ઘરમાંથી બહાર પડી, તેની પાસે બદલવા કપડાં હતાંજ કયાં ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)

ઉપલી વાત અમદાવાદના ગરીબોના આવાસમાં આવેલી એક કંગાળ ઝૂંપડીમાં રહેતી ગરીબાઇના અવતાર સમી મંગળા અને તેની એકની એક પુત્રી સરલા વચ્ચે થતી હતી. એક વારની તવંગર અને જાહોજલાલીમાં ગરીબાઇના વિચાર વગર જીવન ગાળી ચૂકેલી મંગળા પોતાની ગરીબ હાલત પર અફસોસ કરતી અને પોતાની પુત્રીને પોતાની દોલત માનીને સંતોષ પામતી. મંગળાના પતિ એક લક્ષાધિપતિ વેપારી હતા; પણ રૂની દલાલીએ અને સટ્ટાના નાદે એમને પાયમાલ કરી નાખ્યા અને ગરીબાઈની કંગાલિયત તથા પત્ની નિરાધાર થશે, એનોયે કાંઈ પણ વિચાર કર્યા સિવાય તેમણે આપઘાત કર્યો. લેણદારોએ તેમની મિલકત વેચી પોતાનું લેણું વસૂલ કર્યું અને મંગળા પોતાની નાની પુત્રીને લઇને પોતાનું જે સ્ત્રીધન હતું તે વડે પોતાનું ગુજરાન ચલાવવા લાગી. તે પોતે લોકોનું કામકાજ કરતી અને પોતાની પુત્રી સાથે આનંદે રહેતી. તેની એ દોલત પણ લૂંટી જવા યમરાજ તૈયાર થયા હતા. પુત્રીના મંદવાડને લઇને જે થોડું ધન હતું, તે પણ ખર્ચાઇ ગયું અને મંગળા કામ પર પણ ન જઇ શકી. અત્યારે તેની હાલત કોડી વગરના એક ભિખારી કરતાં પણ બદતર હતી. ખાનદાનની આબરૂ તેને ભીખ પણ માગવા દેતી ન હતી. પહેલાં હજારો ભિક્ષુકોને દાન દેનારી મંગળા, આજે પોતાની પુત્રીના જીવન માટે એક ગાયનનું દાન લેવા ચાલી. એક વખત એવો હતો કે જ્યારે સંગીતકારો તેના પતિનો આશરો પામતા પણ આજે? એજ ઇશ્વરની લીલા.

(૩)

અમદાવાદ અને તેમાંયે ખાસ કરી સંગીતપ્રિયજનો આજે ખૂબ ઉત્સાહમાં હતા. જગતભરમાં, વાયોલીન ઉપરના પોતાના કાબૂ તેમજ સુંદર કોમળ કંઠથી નામના મેળવનાર બંગાળાના મશહૂર સંગીત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્રી બાબુ નીલરત્ન કોઇ ધાર્મિક સંસ્થાના લાભને માટે જલસો કરવાના હતા. તેઓ એક અઠવાડિયાથી અમદાવાદમાં રોજ પોતાની કળા દેખાડતા હતા, છતાં લોકોનો ઉત્સાહ કમી થયો ન હતો. થિયેટર આગળ માનવમેદની કીડીની માફક ઊભરાઇ હતી. સમય નવ વાગ્યાનો હતો અને નવમાં પાંચ મિનિટ બાકી હતી ત્યારથી લોકોની આંખો સીધી સ્ટેજ તરફ ટીંગાયલી હતી. નવ થયા. હમણાં આવશે, હમણાં આવશે, એમ કરતાં પાંચ મિનિટ, દસ મિનિટ, અને પંદર મિનિટ થઇ, પણ સ્ટેજ પર બાબુનો પત્તો ન મળે. ઓડિયન્સ અધીરું થયું અને ઉશ્કેરાઇને બૂમાબૂમ કરવા લાગ્યું. થિયેટરમાં જ્યારે આ ધાંધલ થઇ રહ્યું હતું, ત્યારે થિયેટરના અંદરના ભાગમાં કંઇ જુદોજ રંગ જામ્યો હતો. બાબુના રોકાવાનું કારણ શું ? બરાબર નવને ટકોરે પોતાના રસાલા સાથે નીલરત્ન બાબુ અંદરથી સ્ટેજ પર જવા નીકળ્યા કે તરતજ ફાટલાંતૂટલાં પણ સ્વચ્છ કપડાંમાં સજ્જ થયેલી એક સ્ત્રી તેમના પગ પર પડીને ગાંડાની માફક બડબડવા લાગી. તેની આંખમાંથી આંસુનો પ્રવાહ વહેતો હતો અને તેનો ચહેરો દયાની યાચના કરતો હતો.

"મહાશય, તે મરતી છોકરીને આનંદ આપી શકે—જીવાડી શકે એવું કોઈ હોય તો તે આપજ છો. તેની ઇચ્છા પૂર્ણ કરો. તેને બચાવો. મારા રત્નના બુઝાતા જીવનદીપકમાં એક ચિનગારી મૂકી તેને પ્રકટાવો. મારી લાડકીને જીવાડીને એક વિધવાના આશીર્વાદ લો."

અચાનક આ વાક્યોનો સમૂહ વહેતો જોઇને તથા બાઇના ચહેરા પરના ભાવો જોઇને તે દયાળુ સંગીતકાર ધીરજથી તેને શાંત કરતાં બોલ્યો:—

"બહેન, જરા શાંત થઇને તમારે જે કહેવું હોય તે મને સમજાવો. શું આપને પૈસાની જરૂર છે? જો એમ હોય તો મારી શક્તિ પ્રમાણે હું સહાય કરીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીલરત્નના મુખમાંથી દયા તથા માયાથી નીકળેલાં વચન સાંભળીને તે બાઇને ધીરજ આવી અને આશાથી તે બોલી: "ભાઈ, ના, પૈસા તો મેં બહુ દીઠા છે અને વાપરી પણ જાણ્યા છે. મને તો મારી દીકરીના જીવનની ભિક્ષા જોઇએ છે. એટલી કૃપા કરો અને મારી પુત્રીને જરા આનંદ અને જિંદગીનું દાન આપો. મને નિરાશ ન કરશો. નિર્દય બનીને મારી પુત્રીને દુઃખમાં ને દુઃખમાં છેલ્લી આશા પૂર્ણ કર્યાં વગર મરવા ન દેશો. તમારી 'ના'માં તેનું મોત છે. 'હા'માં તેનું જીવન છે, તો મારી પુત્રીના મરણનું કારણ ના બનશો."

"બહેન, મને જરા બરાબર સમજાવશો?" બાબુને હજુ કાંઇ સમજ પડી નહોતી.

"મહાશય, મારી પુત્રી મરવા પડી છે. તેને સંગીતનો જબરો નાદ છે. જ્યારે મારા પતિ જીવતા હતા, ત્યારે બે વખત તમારૂં સંગીત સાંભળવા અમે ખાસ અમદાવાદથી મુંબઈ આવેલાં. આજે વિધવા છું, મારી પુત્રીને મરતાં મરતાં તમારા સંગીતથી આરામ થશે એમ લાગ્યા કરે છે. મારા પતિ અને પૈસા ચાલ્યા ગયા છે, આજે દૈવ મારી પુત્રીને પણ લેવા માગે છે. તે ધારે છે કે દેવતાઓનું અમૃત તેને જીવન નહિ આપી શકે, પણ તમારૂં સંગીત તેના બુઝાતા જીવનમાં જ્યોત પ્રકટાવશે." એમ કહી કાલાવાલા કરતી દયા આવે એવી નજર તેણે બાબુ પર નાખી. આ દેખાવ જોઇને તે સંગીતકારની આંખમાં આંસુ આવ્યાં; પણ તે તેમણે ઝટ લૂછી નાખ્યાં અને બોલ્યા:-

"બહેન, ફિકર ન કરો, હું જરૂર તમારી પુત્રીનો આત્મા આનંદિત કરવા મારાથી બનતો પ્રયત્ન કરીશ-પણ મારો આજનો બે કલાકનો પ્રોગ્રામ પૂરો કરીને. તમે બેસો. સ્ટેજ પરથી સીધાં મારી મોટરમાં આપણે જઇશું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપકારના ભારમાં દબાયલી મંગળા હર્ષાવેશમાં એક શબ્દ પણ બોલી શકી નહિ. તે રાહ જોતી ઊભી. બાબુજી સ્ટેજ પર ગયા. પણ આજે તેમનું મન પોતાના કામ પર ન હતું. તેમના સંગીતમાં આજે મધુરતા ન હતી, તેમની વાયોલીનમાં આજે તે નાદ ન હતો. ક્યાંથી હોય ? આજે જે મધુર સંગીત ગાઈ એક પુણ્ય-કાર્ય કરવાના હતા, તે માટે નીલરત્ન બાબુ પોતાના અવાજનું માધુર્ય, વાયોલીનના સૂર અને સંગીત એકઠું કરી મૂકતા હતા. આખરે જલસો પૂરો થયો. સંગીતના મહાજાણકાર બહાર નીકળી બોલ્યાઃ–

"આજે બાબુમાં સંગીતનો લોપ થતો લાગ્યો. આજે રોજનું સંગીત ન હતું !"

(૪)

વાંકીચૂકી ગલીઓમાં થઇને બાબુ નીલરત્નની મોટર મંગળાના નાના, કંગાળ પણ ચોખ્ખા ઝૂંપડા આગળ આવી ઊભી. બંને ઊતર્યાં. મંગળાએ આપેલા ઘરમાં બેસવાના એકના એક સાધન–તૂટેલા ખોખા પર તે સંગીતકાર બેઠો. શારદા માતાની રાહ જોઇ જોઇને તથા આજ જરા વધારે બોલવાથી લાગેલા શ્રમને લઇને ઊંઘી ગઇ હતી. આપેલા આસન પર બેસી વાયોલીન સાથે સૂર મેળવી બાબુજીએ એકચિત્તે પોતાને પ્રિય એવી એક ટૂંકી પણ કરુણાભરી પ્રભુપ્રાર્થના ગાવા માંડી. વાયોલીનનો સૂર સાંભળીને તરતનીજ ઊંઘમાં પડેલી શારદા ઝબકીને જાગી ઊઠી. તે તો બિચારી પહેલાં એમજ સમજી કે, તે સ્વપ્નું જોતી હતી. પોતાના મનનું સમાધાન કરવા તે ટીકી ટીકીને પ્રાર્થના કરતા સંગીતકાર તરફ અજાયબીથી જોવા લાગી. ધીમે ધીમે શારદા તે પ્રાર્થનામાં એકતાન થતી ચાલી. ત્રણ લીટીની તે ટૂંકી પ્રાર્થના નીલરત્ને પાંચ પાંચ વાર ઉલટાવીને પાછી ચલાવી. જેમ જેમ પ્રાર્થના ચાલતી, તેમ તેમ શારદા પોતાનું દુઃખ વીસરવા લાગી. નિરાશાની જગ્યાએ આશા આવી. શારદાને દૂર દૂર આકાશમાં એક ચમત્કારિક પ્રકાશ દેખાવા લાગ્યો અને તે પ્રકાશમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનું દુઃખ અને વેદના પોતાનાથી નાસતાં જોયાં. તેની આંખ ઉપકારનાં આંસુઓથી ભરાઇ ગઇ. પ્રાર્થના પૂરી થઈ. હર્ષથી છલાંછલ થઇ ગયેલ હૃદયે તે બાબુનો ઉપકાર માનવા ગઇ, પણ તેના મોંમાંથી એકે શબ્દ બહાર પડચો નહિ. બાબુ આ સમજી ગયા. પોતાના પ્રયત્નનું આટલા ટૂંક સમયમાંજ આ પરિણામ જોઇને તેમને પણ આનંદ થયો. શારદાને બોલવા ન દેતાં માયાભર્યે હૈયે તેઓ ઊઠચા, શારદા પાસે ગયા અને તેના પાસાંમાં પોતાનું અતિ-પ્રિય વાયોલીન મૂકી, એક હાથે તેનો ચહેરો પસવારતા તથા બીજો હાથ તેના માથા ઉપર મૂકી તેઓ બોલ્યા:-

"બેટા, આરામ લાગે છે ને ? ઇશ્વરનો ઉપકાર. નિરાંતે આરામ કર. કાલે પાછો હું આવીશ." આટલું ગદ્ગદ કંઠે તેઓ બોલ્યા.

કાંઈ પણ બોલ્યા વગર શારદાએ તેમનો એક હાથ પોતાના બંને નાના હાથોમાં લઈ, તેનાથી પોતાની આંખો દાબી તે પર એક ચુંબન લઇને પોતાનો આભાર જાહેર કર્યો. મંગળા કાંઈ બોલવા જતી હતી, પણ બાબુએ તેને તેમ કરતાં અટકાવી. આજે જે તેમણે કર્યું હતું, તેમાં તેમને કોઇનો આભાર લઇને પોતાના કાર્યની કિંમત ઓછી કરવી ન હતી. ફરીથી શારદાને આવવાનું વચન આપી તેઓ ખુશ થતા થતા મોટરમાં બેઠા.

શારદા મા તરફ જોઇ બોલી:

"ઓ મા, તું ખરે દેવીજ છે. બા, મારી બા, મારાથી કદી છૂટી પડીશ મા."

"બેટા," મંગળાએ યાદ દેવડાવ્યું. "ઇશ્વર મહાન કૃપાળુ છે. દરેક કાર્યમાં તેનો કાંઇ વિશિષ્ટ હેતુ હોય છે. તેને દોષ ન દઇએ."

"મા, માફ કર, હવે કદી પ્રભુનું ભૂંડું નહિ બોલું. પાપ નહિ કરું. મા માફ કર. ઓ દયાળુ પ્રભુ! આ રાંક બાળકીને ક્ષમા કરજે."

જવાબમાં મંગળાએ ખાટલા પર પડેલી પુત્રી પાસે જઇને તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાતીસરસી ચાંપી. કોઇ કાંઇ બોલી શક્યું નહિ. દડદડ પડતાં આંસુભરી આંખોએ બંનેએ ઇશ્વરનો આભાર માન્યો.

(૫)

વચન પ્રમાણે બીજે દિવસે સાંજેજ નીલરત્ન બાબુ આવ્યા. આજે તેમણે થોડું વધારે ગાયું. કાંઇક વાયોલીન પર વગાડયું, શારદા જોડે વાત કરી, તેને માટે લાવેલાં ફળો તેને આપ્યાં. પોતાને હાથે એક મોસંબી છોલી તેને ખવડાવી, શારદાની તથા મંગળાની રજા લઈ પાછું બીજે દિવસે આવવાનું કહી ગયા.

ત્રીજે દિવસે, ચોથે દિવસે અને પાંચમે દિવસે નિયમ પ્રમાણે નીલરત્ન બાબુ પોતાની વાયોલીન તથા શારદાને માટે ફળો તથા દવા લઇને રોજ આવતા. ગાવાના, વગાડવાના તથા વાતો કરવાના તેમના કાર્યક્રમમાં રોજ વધારો થતો જતો. આ પાંચ દિવસમાં શારદાને લાગ્યું કે, તે ઠીક થતી જતી હતી. ત્રણ મહિના સુધી ખાટલામાં પડી રહેલી, પણ હવે તેનામાં બેસવાની શક્તિ આવી હતી. તેની તબિયત સુધરતીજ જતી હતી. નીલરત્નના સહવાસમાં જતા તેના ત્રણચાર કલાક તેને દવા કરતાં પણ વધારે આરામ, ઉત્સાહ અને શક્તિ આપતા. તેને લાગ્યું કે, થોડા દિવસમાં તો તે ચાલવાને પણ શક્તિમાન થશે. છઠ્ઠે દિવસે બાબુ શારદા સાથે વાત કરતાં બોલ્યાઃ–

"બેટા શારદા, મરણને લાત મારીને તું ઊઠી ખરી. ખરૂં કહું તો પહેલી રાતે હું આવ્યો ત્યારે તારા મુખ પર મેં જે કાંતિ જોઈ તેથી હું તો એમજ સમજેલો કે, મરણ પહેલાંનું એ તેજ હશે. બેટા, તું ભાગ્યવાન છે. તારી માંદગી ભયંકર હતી, પણ હવે ફિકર જેવું કાંઈ નથી."

પોતે બાબુ નીલરત્નના આભાર નીચે કેટલાં દબાયલાં હતાં, તે જાણી આ માતાપુત્રીએ આભાર કેમ માનવો, તે તેમને સમજ ન પડી. શારદા તો પાણીભરી આંખોએ બાબુ સામે માયાથી જોઇજ રહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ભાન આવતાં તેણે પાસે બેઠેલા નીલરત્નના બંને હાથ પોતાના હાથમાં લઇને તે છાતી સરસા ચાંપી રાખ્યા. તે એટલી બધી ઉશ્કેરાઈ ગઈ હતી કે, તેની આંખનાં આસુથી નીલરત્નના બંને હાથ ભીના થઈ ગયા. તેઓ પણ પોતાના હાથ શારદાના હાથમાં રાખી બેસીજ રહ્યા. તેમની આંખો પણ ભીંજાયલી હતી. આખરે જરા સ્વસ્થ થઇને મંગળા બોલી:-

"ભાઇ, એ બધો ચમત્કાર તમારા સંગીતનોજ છે. તમે દેવજ આ રૂપે આવીને મારી શારદા મને આપી ગયા. તમે તો અમને મા-દીકરીને ઉપકાર નીચે ચગદી નાખ્યાં છે. ભાઈ, તમે ખરેખર દેવ છો."

"ના બહેન!" નીલરત્ને જવાબ આપ્યો. "બેટા શારદા, એમાં મેં તો ફક્ત મારૂં કર્તવ્યજ કર્યું છે. ઉપકાર તો ઇશ્વરનો માનો કે જેણે દયાળુ થઇને મારા કાર્યમાં સહાય કરી મને સફળતા આપી. એક સુંદર અને ભાગ્યશાળી જીવનદીપકને સચેત રાખવાનું પુણ્ય સાથે લઇને હું અહીંથી જઇશ. બહેન! ઉપકાર માનો તે મહાકૃપાળુ પ્રભુનો."

"ભાઈ!" શારદા અને મંગળા સાથે બોલ્યાં."ઇશ્વરનો મહિમા અજબ છે. તેણે તો પોતાની લીલા દેખાડી છે; પણ ભાઈ, અમે ગરીબ તમને શું આપી શકીએ? છતાં તે કૃપાળુ પ્રભુ પાસે એવી પ્રાર્થના કરીએ છીએ કે, તે દીનદયાળ તમને યશસ્વી કરે."

"બહેન, બેટા શારદા, તમારા સાચા હૃદયના આશીર્વાદ છે તો જરૂર મારૂં કલ્યાણજ થશે. બેટા શારદા! મને યાદ રાખજે ને પત્ર લખતી રહેજે. જ્યારે હું અહીં આવીશ ત્યારે તને જરૂર મળીશ." અને શારદાના હાથમાં હજાર રૂપિયાની નોટોનું પાકીટ મૂકી તેઓ બોલ્યા: "લે બેટા, આ મારા તરફની તને એક નજીવી ભેટ છે." માદીકરી સંગીતકારના રૂપમાં આવેલા આ પ્રભુ પ્રત્યે જોઇજ રહ્યાં.

(તા. ૧૧-૮-૩૯ ના "મુંબઈ સમાચાર" સાપ્તાહિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૬-શા માટે ?

(લેખકઃ-શ્રી. ગિજુભાઈ)

મા અને બાપ વિનાનો નાનો એવો એક છોકરો હતો. ઘરમાં એની સાથે રમે એવડું બીજું કોઇજ ન હતું. ઘરનાં બીજાં માણસો ઘરડાં, માંદા, ચીડિયાં અને વઢકણાં હતાં. તેઓ આંગણામાંજ તડકામાં બેસી રહેતાં અને છોકરો કૂદે રમે કે કાંઇ સવાલો પૂછે તો ખિજાતાં.

આ છોકરાનું નામ પોલ હતું. પેટને માટે એને કારખાનામાં નાનપણથીજ કામ કરવું પડતું હતું. પ્રેમથી બોલાવનાર, હેતથી વાંસો થાબડનાર અને પડખે લઇ વહાલ કરનાર એને કોઇ પણ ન હતું. એને લાગી જાય તો પાટો બાંધનાર કે ધીરજ આપનાર પણ કોઇ ન હતું. જેનાતેના ઠપકાને એ સહેતો હતો. કોઇ કોઈ વાર તો એના વાંસામાં સોટીઓ પડતી અને મજૂરોનો શેઠ તો એના ઉપર હમેશ ખિજાયેલોજ રહેતો. દરેક પ્રસંગે પોલ એને પૂછેઃ " એમ શા માટે ! " અને દરેક પ્રસંગે તે છેડાઈ પડે. બિચારો પોલ તો દરેક બાબતનું કારણ જાણવા માટે પૂછતો હતો. કોઇને ચીડવવા માટે એ નહોતો પૂછતો.

જેમ શેઠ એના પર ખિજાતો તેમ શેઠાણી પણ એના પર ખિજાતી. પોલ કાંઈક પૂછે ને શેઠાણી ઘૂરકીને બોલતીઃ " બસ, બસ, એમ વારેઘડીએ તારે પૂછ્યા કરવાનું નથી કે આમ કેમ ને તેમ કેમ. જેમ ચાલે છે એમ ચાલે છે અને એ બધું બરાબરજ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોલે એક વાર આગ્રહથી પૂછ્યું: "પણ બીજા છોકરાઓને માબાપ છે અને મારે કેમ નથી?"

"કારણ તેઓ મરી ગયાં છે."

"પણ તે શા માટે મરી ગયાં?"

"જેવી ભગવાનની મરજી."

"અને ભગવાનની મરજી એવી કેમ થઇ?"

"ચૂપ! ચાલ્યો જા. બધું નકામુંજ પૂછ્યા કરે છે. પૂછીપૂછીને માથું ખાઇ ગયો."

પોતાને સવાલનો જવાબ આપતાં ન આવડ્યો અને ઊલટી શેઠાણી પોલ ઉપર ખિજાણી. એણે સીધેસીધું કહી દેવું જોઇતું હતું કે, "ભાઈ! એની મને ખબર નથી." પણ મુખ્ય તો શેઠાણી બહુ અભિમાની હતી.

છતાં પોલ કાંઇ ગભરાય એવો ન હતો. રાતીચોળ થઇ ગયેલી શેઠાણીને તેણે વળી પાછું પૂછ્યું: "પણ તમે મારી ઉપર એટલા બધા ખિજાઓ છો શા માટે?"

રુઆબમાં શેઠાણીએ પોલના ગાલ ઉપર એક તમાચો ખેંચી કાઢ્યો.

પોલ રડતો રડતો દોડ્યો ગયો, પણ દોડતાં દોડતાં અને રડતાં રડતાં એણે પૂછ્યું: "તમે મને મારો છો શા માટે?"

ત્યાંથી પોલ કૂકડીના વાડા પાસે આવ્યો. વાડાની વચ્ચોવચ્ચ, રંગબેરંગી કૂકડી દમામથી ઊભી ઊભી અભિમાનથી દુનિયાને સંભળાવતી હતી: "મેં ઇંડું મૂક્યું છે, મેં ઇંડું મૂક્યું છે."

ત્યાં તો વાડાની બધી કૂકડીઓ કૂકરી ઊઠી: "અમે ઇંડાં મૂક્યાં છે, અમે ઇંડાં મૂક્યાં છે."

માત્ર કૂકડો ખિજાઇને કરડી નજરે જોઇ રહ્યો, એટલા માટે કે, પોતે ઇંડા મૂકી શકતો ન હતો. આખરે તેણે બૂમ પાડીને કહ્યું: "હું કૂકડો છું-હું કૂકડો છું અને તમે તો કૂકડીઓ છો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં ઘરમાંથી મેરી નામના ચાકરડી આવી અને તેણે ફરાકની ચાળમાં ઇંડાને એકઠાં કર્યાં. બધાં ઇંડા લઇને તે ઘરમાં ગઈ.

પોલે રંગબેરંગી કૂકડીને પૂછ્યું: "આ તમારાં બધાં ઇંડાં ક્યાં જાય છે ?"

કૂકડી કૂકરી: "શહેરમાં."

"ત્યાં એને કોણ ખાય છે ?"

કૂકડીએ અભિમાનથી કહ્યું: "પૈસાદારો, પૈસાદારો."

પોલે દિલગીરીથી પૂછ્યું: "અને એક પણ ઇંડું મને કેમ નથી મળતું ? મને રોજ બહુ ભૂખ લાગે છે."

"કારણકે તું ગરીબ છે. તારી પાસે કશું નથી."

આમ કહેતાં કહેતાં કૂકડીએ પાંખો ફફડાવી અને તિરસ્કારની નજરથી પોલ સામે મિંચકારો કર્યો.

"અને હું ગરીબ ભિખારી શા માટે છું." પોલે તરતજ પૂછ્યું.

શેઠાણીની પેઠે કૂકડી પણ રાતીચોળ થઈ ગઈ. ગુસ્સો કરી બોલી: "ચાલ્યો જા, ચાલ્યો જા. નાહકનો પૂછપૂછ કરી મને થકવી નાખે છે."

પોલને ઘણું માઠું લાગ્યું. એ આગળ ચાલ્યો. બાગનું બારણું ખુલ્લું હતું અને પોલ બાગ બહાર ગયો. આમતેમ જ્યાંત્યાં ભટકતાં આખરે તે એક ગૌશાળા પાસે આવ્યો. ગૌશાળાનું બારણું ખુલ્લું જોઈ પોલ તેમાં પેઠો. ગૌશાળા એક પૈસાદાર ખેડૂતની હતી.

ગૌશાળામાં ધોળી અને રાતી, કાબરી અને કાળી ઘણી જાતની ગાયો હતી. બધીજ એક હારમાં ઊભી ઊભી પોતાની મોટી, માયાળુ આંખોથી પોલ સામે જોઈ રહી.

પોલને ભૂખ ખૂબજ લાગી હતી. તે એક ભલી દેખાતી ગાય પાસે ગયો અને આજીજી કરી બોલ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઓ ભલી ગાવડી! મને તારૂં થોડુંક દૂધ આપને. હું બહુ ભૂખ્યો થયો છું."

ગાયે જવાબ વાળ્યો: "ભાઈ! આ દૂધનો ધણી તો મારો શેઠ છે. મારી હિંમત નહિ કે હું તને એક ટીપું પણ આપી શકું."

પૉલ આશ્ચર્યથી પહેલાં ગાય સામે અને પછી આખી ગૌશાળા સામે જોઇ રહ્યો. ધીમેથી તેણે બધી ગાયો ગણવા માંડી. એક બે, ત્રણ...બાર સુધી ગાયો ગણી અને પછી રહી ગયો. હજી તો ઘણી ગાયો હતી, પણ તેને વધારે ગણતાં નો'તું આવડતું અને તેથી તે આગળ ગણતાં કંટાળી ગયો. કારખાનામાં કોઇએ તેને ગણતાં-બણતાં નહોતું શીખવ્યું. કેમ દબાયેલા રહેવું, કેમ હુકમ ઉઠાવવો, એટલુંજ તેને કારખાનામાં શિખવાયું હતું.

પૉલ વિચાર કરી બોલ્યો: "બાર ગાયો, ખેડૂત બાર ગાયોનું દૂધ પી શકતો હશે? એટલું બધું?"

ભલી ગાયે કહ્યું: "ના રે, એ તો દૂધને શહેરમાં વેચે છે."

પૉલને પેલી રંગીન કૂકડીના શબ્દો યાદ આવ્યા અને તેણે પૂછ્યું: "ત્યાં શહેરમાં ગરીબ માણસોનાં બાળકો દૂધ પીએ છે?"

ગાયે દુઃખ સાથે કહ્યું: "મારા વહાલા પૉલ! તું કેટલો ભોળો અને દુનિયાથી અજાણ છે! દૂધમાંથી તો સુંદર મજાની ક્રીમ કાઢવામાં આવે છે. કેક અને પેસ્ટ્રીઝ ઉપર ક્રીમને લગાડીને ખવાય છે. પૈસાદાર લોકો એ ખરીદી લે છે."

"ત્યારે શા માટે ગરીબ લોકો પણ નથી ખરીદતા? અમને સુંદર મજાની કેક નથી ભાવતી?"

ગાયે કહ્યું: "નાના છોકરા! તારે મને એટલા બધા સવાલો ન પૂછવા. હું એક ભોળી ગાય છું. અને તારા સવાલના જવાબ આપી શકતી નથી. ભલો થઇને તું અહીંથી ચાલ્યો જા. ખેડૂતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવવાનો વખત થયો છે. એ તને અહીં ભાળશે તો વળી ફટકારશે." પૉલે ભલી ગાય ઉપર મમતાથી હાથ ફેરવ્યો અને ચાલ્યો ગયો.

વળી પાછો તે અહીંતહીં ભટક્યો. આખરે તે એક દાણાના ખેતરે આવ્યો. ખેતર ઉપરથી પવન વાઈ રહ્યો હતો. જાણે સોનેરી મોજાં ધીરે ધીરે હલી રહ્યાં હોય તેવું, આખું ખેતર પવનમાં દેખાતું હતું. દાણાની ડૂંડીઓ મૃદુ અવાજે ગાતી હતી; ગાન ઘણું શોકમય હતું. પૉલે તેમાંથી આવું કંઇક સાંભળ્યું: "અરેરે! થોડાજ વખતમાં કાપણીઓ દાતરડા સાથે આવશે અને અમને કાપી કાઢશે અને પછી લોકો અમારી સુંદર મજાની ધોળી એવી બ્રેડ બનાવશે. અરેરે! અરેરે!"

પૉલે જિંદગીમાં સાચેસાચી ધોળી બ્રેડ કદી ખાધીજ ન હતી. તેણે ડૂંડીઓને પૂછ્યું: "ધોળી બ્રેડ કોણ ખાય છે?"

ઘઉંની બધી ડૂંડીઓ આમતેમ પવનમાં હાલી અને ગાતાં ગાતાં બોલી: "પૈસાદારો, પૈસાદારો."

પૉલ મનમાં બબડ્યો: "વળી પાછા પૈસાદારો! શું દુનિયામાં જે બધું છે તે પૈસાદારોનું છે? પૈસાદારો માટે છે?"

ડૂંડીઓએ ધીમેથી પૉલના કાનમાં કહ્યું: "હા, હા, બધું."

"શા માટે?"

સવાલ સાંભળી ડૂંડીઓ ખડખડ હસી પડી. તેઓએ ગાયું:–

"કેવો મૂરખ છોકરડો.
કેવો મૂરખ છોકરડો."

કોઇએ પૉલના સવાલનો જવાબ ન આપ્યો.

પૉલ રડવા જેવો થઇ ગયો. તેણે ગુસ્સાથી પોતાનો પગ પછાડ્યો. "મારે મારા સવાલનો જવાબ જોઇએ છે. શું કોઇ પણ મને જવાબ નહિ આપે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંથી એક શેળો જતો હતો. તેણે ઊંચું મોં કરી કહ્યું: "પેલા જંગલમાં ઊંચા ઓક ઉપર એક ઘુવડ રહે છે. એ સૌથી ડાહ્યું છે. જા અને એને પૂછ. જરૂર એ તને જવાબ આપશે."

"પણ શા માટે........"

આટલું પૉલ બોલ્યો ત્યાં તો શેળાએ પોતાનું મોં અંદર ખેંચી લીધું અને દડો બની તે દડવા લાગ્યો. દડતાં દડતાં તે તીણા અવાજે અને ભોંકાય તેવા શબ્દો સાથે બોલ્યો: "માણસો સાથે તે કોણ કામ પાડે? કેટલા બધા એ મૂરખા! જા ઘુવડ પાસે જા. જોજે, એને ચિડાવતો ના, ચિડાવીશ તો એ તારી આંખો કાઢી લેશે."

સાંજ લગભગ પડી ચૂકી હતી. ચારેકોર અંધારાં ઊતરી ચૂક્યાં હતાં, અને જંગલમાં તો ઘોર અંધારું હતું, છતાં પૉલ તે તરફ ચાલ્યો. તેને થયું: "પેલા ભયંકર કારખાનામાં જવું એના કરતાં તો જંગલમાં જવું વધારે સારૂં."

ઝાડો છેકજ નજીક નજીક ઊભેલાં હતાં. રસ્તા જેવું કશું હતુંજ નહિ. પૉલ લીલી હરિયાળી લીલના ગાલીચા ઉપર ચાલ્યો જતો હતો. જંગલ સુગંધે મધમઘી રહ્યું હતું. ઝાડો ઉપર સુંદર સુવાસિત ફૂલો ઊઘડ્યાં હતાં. નાના પૉલે તે ચૂંટયાં, સૂંઘ્યાં અને તાજગી મેળવી. તે જરા આનંદમાં આવ્યો.

આખરે તે પેલા મોટા ઓક પાસે આવ્યો. તેની એક ડાળે ઘુવડ બેઠું હતું. ઘુવડે મોટાં એવાં ચશ્માં આંખ ઉપર ચડાવ્યાં હતા અને એક લીલી ચોપડી પંજામાં પકડીને વાંચતું હતું.

પૉલ થોડી વાર ઓકના ઝાડ નીચે ઊભો રહ્યો. પછી તેણે સાદ માર્યો: "ઘુવડભાઇ, ઘુવડભાઇ!"

પણ ઘુવડ વાંચવામાં એટલું બધું તલ્લીન થઇ ગયું હતું કે, તેણે પૉલનો સાદ સાંભળ્યોજ નહિ. પૉલે ઘણી અને મોટી મોટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૂમો પાડી ત્યારે ઘુવડનું ધ્યાન ખેંચાયું. ઘુવડે ગુસ્સાથી પૉલની સામે જોયું અને ચિડાઈને તે બોલ્યું: "કહે તો તારે શું જોઈએ છીએ? જોતો નથી હું વાંચવામાં પડ્યો છું. નાહકનો અડચણ કેમ કરે છે?"

પૉલે કહ્યું: "માફ કરો ઘુવડભાઇ. પેલા શેળાએ મને અહીં મોકલ્યો છે. તેણે મને કહ્યું કે, તમે સૌથી ડાહ્યા છો અને ખચીતજ તમે મારા પ્રશ્નનો જવાબ આપી શકશો."

ઘુવડ ઘૂરક્યું: "મને તે શેળાની અને તારા પ્રશ્નોની શી પડી છે? હું તે શું તારા જેવા મૂરખ છોકરાને માટે નવરો છું? ખબર નથી કે, હું માત્ર રાત્રેજ ભાળું છું અને ઉનાળાની રાત્રિઓ તો એટલી બધી ટૂંકી છે કે રાત્રે બહુજ થોડું વંચાય છે. હું પણ પ્રશ્નોના ઉત્તરોની શોધમાં છું. વર્ષોથી એક પ્રશ્ને તો મને હેરાન હેરાન કરી નાખ્યો છે. એનો ઉકેલ શોધતાં હું ઘરડો થયો છું, પણ હજીયે પત્તો લાગ્યો નથી. માણસજાતનું બધુંય જ્ઞાન મને કશાય ઉપયોગમાં આવી શક્યું નથી."

આમ કહી ઘુવડે ઊંડો નિસાસો નાખ્યો અને એના ચહેરા ઉપર દિલગીરી અને દુઃખ દેખાયાં.

ઉત્સુકતાથી નાના પૉલે પૂછ્યું: "અને એ પ્રશ્ન કયો છે?"

તિરસ્કારથી ચાંચ હલાવી, આંખો પટપટાવી ઘુવડે કહ્યું: "તું ધારતો હોઇશ કે, તું એનો જવાબ આપી શકીશ! આ મારા પ્રશ્નમાં બધા પ્રશ્નો સમાઇ જાય છે. એ પ્રશ્ન આ છે: 'માણસો એટલા બધા મૂરખા શા માટે છે?'"

અચંબાથી પૉલે પૂછ્યું: "શું માણસો ખરેખર એટલા બધા મૂરખ છે?"

"હા, તને એટલીયે ખબર ન હોય તો મને શાને પજવે છે? કેટલો બધો ભોળો છે! દુનિયાને જરાયે નથી જોઈ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરભાઇને પોલે કહ્યું: "બહુજ ઓછી જોઇ છે. ભાઇ ઘુવડ, હું એક કારખાનામાં કામ કરૂં છું. ત્યાં મોટાં અને ઘરડાં માણસો ઘણાં છે અને તેઓ બધાં ચાલાક છે."

ઘુવડે ભયંકર અટ્ટહાસ્ય કરી કહ્યું: "ખરેખર માણસજાતની મૂર્ખાઇનો તું એક અચ્છો નમૂનો છે. તું કહે છે કે, કારખાનામાં બધા માણસો હોશિયાર છે. વારૂ, ત્યારે હવે આપણે જોઇએ કે, તારૂં કહેવું સાચું છે કે ખોટું-કહે જોઇએ, કારખાનામાં તું સૌથી વધારે કોને ચાહે છે?"

"મેરીને."

"મેરી કોણ છે?"

"એક નોકરની નાની છોકરી,"

"મેરી શું કરે છે?"

"તે દી બધો કામ કરે છે. એ સવારે પાંચ વાગે ઊઠે છે અને સૌથી છેલ્લી સૂએ છે."

"ત્યારે તો એ ઘણાય પૈસા કમાતી હશે? એની પાસે સારાં સારાં કપડાં હશે અને ખાવાપીવાની તો ખોટજ નહિ હોય.

"નારે, એ તો ઘણીજ ગરીબ છે. બિચારી વારેવારે સાંધીને કપડાં પહેરે છે અને બીજાઓ જે છાંડે છે, તે એને ખાવા મળે છે."

"હં, હા; હં હા, જ્યારે એને કામના બદલામાં કશું મળતું નથી, ત્યારે એ એટલું બધું કામ શા માટે કરે છે?"

નાના પોલે ખૂબ વિચાર કર્યો. ઊંડો વિચાર કર્યો અને તેણે આખરે કહ્યું: "મને ખબર નથી."

"પણ મને ખબર છે. ના, મેરી મૂરખ છે. મેરીને ખબર છે કે, કેટલીક સ્ત્રીઓ એવી આળસુ હોય છે કે, જેઓ તણખલું તોડીને બે કરતી નથી અને છતાં તેઓ સુંદર કપડાં પહેરે છે, મોંઘો ખોરાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાય છે અને મજા કરે છે. મેરીએ કોઇ દી વિચાર સરખોયે કર્યો છે કે, 'હું આખો દી કામ કરીને મરી જાઉં છું અને મને તો કશું મળતુંજ નથી અને પેલી સ્ત્રીઓ કે જેઓ કંઇ કરતી નથી, એમને તો બધું મળે છે.'"

"હું ધારતો નથી."

"ત્યારે તો તારી હોશિયાર મેરી મૂરખ ગણાય; અત્યંત મૂરખ ગણાય. હવે કહે જોઇએ, તારી નજરમાં બીજું કોણ ડાહ્યું છે?"

"ઘરડો જેકબ."

"એ ઘરડો જેકબ કોણ છે?"

"એ એક કારખાનાનો જૂનો મજૂર છે. એ અત્યારે પૂરા એંસી વર્ષનો છે. સિત્તેર વર્ષ સુધી તો એ કારખાનામાં કામ કરતો હતો. હાલ અટકી પડ્યો છે, એના હાથપગ વાયે રહી ગયા છે."

"સાઠ વર્ષો સુધી એણે બીજાઓ માટે કામ કર્યું? અલબત ઘણો લાંબો વખત. ત્યારે તો હું ધારૂં છું કે, બધા ઘરડા જેકબને એક અમીરની જેમ રાખતા હશે! અને એની સેવા કરવા માટે સૌ પડાપડી કરતા હશે! એના થાકી ગયેલા શરીરને માટે એને સુંદર મજાની પથારી હશે, એને માટે સારાં સારાં ભોજન હશે અને ખૂબ શાંતિ અને મજાથી એ રહેતો હશે, નહિ વારૂ?"

"ના રે, ના, ઊલટું જ્યારે એ કહે છે કે, બ્રેડ બહુ કડક છે અને એના દાંતથી નથી ચવાતી, ત્યારે એની શેઠાણી એને ખૂબ ધમકાવે છે અને જ્યારે એ શેઠાણી પાસે જરા તમાકુ માગે છે ત્યારે એ છેડાઇજ પડે છે અને ઘાંટો કાઢી કહે છે કે, "જેકબ ઉદ્ધત છે, જેકબ ઉદ્ધત થઇ ગયો છે."

"જેકબને એની આટલી ઘરડી ઉમરે સારૂં ખાવાનુંયે મળતું નથી, ત્યારે એણે સિત્તેર વર્ષ સુધી કામજ શા માટે કર્યું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મને ખબર નથી."

"કારણકે એ મૂરખ છે. મેરીની પેઠે એ પણ જાણે છે કે, કેટલાક જુવાનો એવા પણ છે કે, જેઓ લેશમાત્ર કામ કરતા નથી અને છતાં બાદશાહ જેમ લહેર કરે છે. ભલા છોકરા, હવે તો કબૂલ કરીશ ને કે, માણસો મૂરખાઓ છે?"

દુ:ખી અવાજે પૉલે કહ્યું: "ખરી વાત છે."

પૉલે પૂછ્યું: "પણ હવે હું આપને પૂછું કે, શા માટે દુનિયામાં લોકો ગરીબ છે અને પૈસાદાર છે?"

"બેવકૂફ! આટલી વાતચીત પછી પણ ન સમજ્યો? કારણ એ છે કે, ગરીબ લોકો મૂર્ખા છે."

"પણ શા માટે તેઓ મૂર્ખા છે?"

ગમે તેમ પણ હવે પેલી શેઠાણી અને મૂરખ જેમ ઘુવડ પણ ખિજાયું:

"મૂરખના જમાદાર! મેં તને ન કહ્યું કે, વર્ષોથી હું આ પ્રશ્નનો ઉત્તર શોધ્યા કરું છું! એંસી વર્ષે પાછો અહીં આવજે. કદાચ હું તારા સવાલનો જવાબ આપી શકું."

"પણ શા માટે......?"

"બસ કર, ચૂપ રહે. જાણતો નથી તેં મારો કેટલો બધો કિંમતી વખત બગાડ્યો છે? જા, પેલી કોયલ પાસે જા અને એને પૂછ."

ગભરાયેલ પૉલે પૂછ્યું: "કોયલ ક્યાં રહે છે?"

પણ ઘુવડે કશોય જવાબ ન આપ્યો. એ તો નાકે ચશ્માં ચડાવી પેલી લીલી ચોપડી વાંચવા મંડી પડ્યું હતું.

"અરેરે! કેવી મારી દશા! હવે વળી કોયલ પાસે જવાનું. કોયલ ક્યાં રહેતી હશે? કોયલ ઘુવડ કરતાં વધારે જાણતી હશે? હવે તો છેક થાકી ગયો છું. મારા પગ તો એટલા બધા થાકી ગયા છે કે બસ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાકીને લોથ થઇ ગયેલ પોલ કોઇ ઊંચા ઝાડના થડ પાસે લીલી ભોંય ઉપર બેસી ગયો. તેને બહુજ લાગી આવ્યું. એને થયું અરેરે! આ દુનિયામાં મારૂં કોઇ પણ નથી, મને કોઇએ જવાબ સરખો ન આપ્યો. વિચાર કરતાં કરતાં તે ચોધાર રડી પડ્યો. ત્યાં તો એકાએક ઊંચેથી ઝીણો રૂપાની ઘંટડી જેવો મધુર અવાજ સંભળાયો.

પેલા મીઠા અવાજે પૂછ્યું: "અલ્યા નાના છોકરા! રડે છે શા માટે?"

પોલે ઊંચે જોયું તો તેણે એક અદ્‌ભુત અને અત્યંત નાનું એવું પ્રાણી જોયું. ઝાડની ડાળે એક પરી જેવી સ્ત્રી બેઠી હતી. એના વાળ સોનેરી અને લાંબા હતા અને તે છેક તેના પગ સુધી પડતા હતા. ચહેરો સુંદર અને ચંદ્રના કિરણ જેવો ઉજળો હતો. તેની આંખો મોટી અને પાંદડાં જેવી લીલી હતી.

પક્ષીના પીંછા જેમ, એ બાઇ નીચે ઉતરી આવી. આવીને તે છોકરાના ખભા ઉપર બેઠી. છોકરાને તો એટલુંજ થયું કે, જાણે ઉપરથી એક પાંદડું તેના પર ખર્યું. ખભા ઉપર બેસી બાઇએ તેનો હાથ છોકરાના મોં ઉપર ફેરવ્યો.

પોલના હૃદયમાં ચેતન આવ્યું, તેની આંખનાં આંસુ સુકાઇ ગયાં. તે નાની બહેન સામે એકીટશે જોઇ રહ્યો અને પૂછી રહ્યો: "તમે કોણ છો બહેન?"

"હું એક દેવતા છું. આ વૃક્ષની હું દેવી છું. દિવસે હું આ વૃક્ષમાં વસું છું. છોકરા! મને કહે જોઇએ, તું આટલો બધો દુઃખી કેમ છે?"

પોલે દેવીને બધી વાત કહી. છેવટે તેણે પૂછ્યું: "શું મારે હમેશ શા માટે, શા માટે, એમ પૂછ્યાજ કરવું? કોઈ મારા સવાલનો જવાબ આપતુંજ નથી. આખો દી મને મારા સવાલનોજ વિચાર આવે છે. મને સ્વપ્નાં પણ એનાંજ આવે છે. અહાહા, કોઇ મને એનો જવાબ આપે તો હું કેટલો બધો રાજી થાઉં. કોણ જાણે કેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાઓ કશો સવાલજ પૂછતાં નથી. હુંજ એકલો પૂછપૂછ કરૂં છું, અને મને સૌ જુદોજ ગણે છે !"

જરા હસીને પણ ધીરેથી દેવીએ કહ્યું:

"પોલ, નાના પોલ, તું ભુલાવામાં છે. તારા જેવા હજારો ને લાખો માણસો તારા જેવાજ દુખિયા છે અને તું પૂછે છે તેજ સવાલ પૂછી રહ્યા છે. જો જમીન ઉપર તારો કાન માંડ અને સાંભળ જોઇએ, તને શું સંભળાય છે. ?"

પોલ સાંભળવા લાગ્યો. પહેલાં તેણે નિસાસા અને દર્દના અસ્પષ્ટ અવાજો સાંભળ્યા. ધીમે ધીમે તેના કાન ઉપર રુદનના અને પીડાના ભયંકર અવાજો આવ્યા. આખરે તે અવાજોમાંથી આવા શબ્દો સ્પષ્ટ સ્પષ્ટ સંભળાયા:

એક રડતા બાળકનો અવાજ આવ્યો: "બાડી, એ બાડી મને કંઇક ખાવા દેને ! મને બહુ ભૂખ લાગી છે; આપણા ઘરમાં કંઇયે નથી, બા ?"

એક નાનો છોકરો ગભરાઇને બોલતો હતો: "અરેરે ! આ ગરમ ગરમ હવામાં મૂંઝાઇ મરૂં છું-આ ગરમ ગરમ હવામાં મૂંઝાઇ મરૂં છું. પૈસાદારનાં બાળકો જેમ હું પણ દરિયાકાંઠે હવા ખાવા ન જઇ શકું ?"

એક સ્ત્રીનો અવાજ દર્દભરી વાણીથી ફરિયાદ કરતો હતો: "અરે ! આખો દી પરસેવો ઉતારી મહેનત કરૂં છું અને છતાંયે પેટનો ખાડો તો કોઇ દી પૂરો ભરાતોજ નથી. રોજ અરધા ભૂખ્યા રહેવું પડે છે."

એક માણસ ઘાંટો પાડી રહ્યો હતો:

"આળસુ શ્રીમંતોને માટે બધું છે અને ગરીબ મજૂરો માટે કશુંજ કેમ નથી ?"

અને પછી તો બધા અવાજો ભેળા થઇ ગયા. રડતા અવાજો, દર્દભર્યા અવાજો, દુખિયા અવાજો, ઘાંટાવાળા અવાજો-બધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાજો; અને એ અવાજોમાંથી એકજ શબ્દ સંભળાતો હતો: "શા માટે? શા માટે? શા માટે?"

પૉલે જમીન પાસેથી પોતાનું માથું ઊંચું લીધું અને પાસે બેઠેલી દેવી સામે જોયું ને તેને પૂછયું: "દેવી ! એ બધા કોણ હતા? કોણ રડતા અને કકળતા હતા?"

દેવીએ જવાબ આપ્યો: "એ ગુલામો છે. એ બધાં તારાં સગાંસંબંધીઓ છે. તેઓ દુનિયાની અનેક ભાષામાં બોલતાં હતાં, છતાં તું એકેએક શબ્દ સમજી શક્યો છે. તું જ્યારે મોટો થઇશ અને દુનિયામાં ફરવા લાગીશ, ત્યારે હજારો માણસો તારી પેઠે પેલો સવાલ પૂછયાજ કરતા સાંભળીશ. 'શા માટે ? શા માટે ?' નવા અને નવા અવાજો જૂના અવાજોમાં ભળતા જશે. નવા ને નવા પૂછનારાઓ વધતા જશે. એમ કરતાં હજારોમાંથી લાખો થશે, લાખોમાંથી કરોડો થશે, અસંખ્ય થશે અને ત્યારેજ તારા સવાલનો જવાબ મળશે અને ત્યારેજ ભૂખ અને તેની સાથેજ અધમતાનો અંત આવશે.

આતુરતાથી પૉલે પૂછયું: "એવું કયારે બનશે?"

"એ હું બરાબર ન કહી શકું ? પણ મને એટલી ખબર છે કે, જ્યારે જ્યારે મેં જમીન પર મારો કાન માંડ્યો છે, ત્યારે ત્યારે મને નવા અવાજો અને વધારે અવાજો સંભળાયા છે. મને લાગે છે કે, મુક્તિનો મહાન દિવસ હવે છેક નજીક આવી પહોંચ્યો છે."

"અને તે દિવસ વધારે નજીક લાવવા માટે કાંઇ ન બની શકે ?"

"બની શકે. હજી ઘણાંયે માણસો કેવળ કશુંજ જાણતા નથી. બીજાઓ કેવી મજા માણે છે અને પોતે કેવા દુઃખી છે, તેનો તેઓને ખ્યાલજ નથી. તેઓ ઢોર જેમ કામ કરે છે અને કદી પૂછતા પણ નથી કે, એટલી બધી મહેનત કરવા છતાં પેટપૂરતું ખાવાનુંયે કેમ મળતું નથી ? આ ગરીબ અંધા માણસોને રસ્તો બતાવવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂર છે. અલબત, એ કામ બહુ અઘરૂં છે. બિચારા કામથી થાકેલા મજૂરોનાં મગજ પણ થાકી જાય છે. તેઓ ભાગ્યેજ પોતાનો વિચાર સરખોયે કરી શકે છે. તેઓ એટલા બધા થાકેલા છે અને છતાં તારે ખૂબ મહેનત કર્યાજ કરવી. તારા જેવા સૌ કે જેઓ શા માટે ? શા માટે? એમ પૂછે છે, તે બધાંએ સખ્ત હાડમારી વેઠવી પડશે. સખ્ત તપ તપવું પડશે અને 'શા માટે? શા માટે? શા માટે?' એ સવાલ રાત ને દહાડો પૂછ્યાજ કરવો પડશે. સમજ્યો પોલ ?"

પોલે પૂછ્યું: "ત્યારે શું મારે રોજ સવાલજ પૂછ્યા કરવો ? શું એજ કામ ?"

"હા, પોલ, એજ કામ. પણ હવેથી તું પૈસાદારોને તારો સવાલ ના પૂછતો. તેઓ તેનો જવાબ નહિ આપે; કારણકે જો તેઓ સાચો જવાબ આપે, તો તેમને કહેવું પડે કે, ગરીબ લોકોને માટે દુનિયા ભયાનક છે. કારણકે અમે પૈસાદારો લોભી, સ્વાર્થી અને અદેખા છીએ! અને આવી વાત કાંઇ પૈસાદારો પોતાને વિષે કહે ખરા કે ? પણ તું ગરીબો પાસે જજે. તેમને પૂછજે. તમે ખૂબ કામ કરો છો, છતાં સૂકી બ્રેડ શા માટે ખાઓ છો ? અને આળસુ પૈસાદારો કેક શા માટે ખાય છે ? શા માટે તમારા બાળકો ફિક્કાં, માંદાં અને હાડકાંચામડાંના માળા જેવાં છે અને શા માટે શ્રીમંતોનાં બાળકો ગોળમટોળ, ગુલાબી અને તંદુરસ્ત છે ? શા માટે આખો દી સખ્ત કામ કર્યાં છતાં તમારે માટે કારખાનું એજ તમારૂં ઘર છે અને આળસુ શ્રીમંત મહેલમાં રહે છે ? ગરીબ લોકોને વારંવાર આ સવાલો પૂછ્યા કરો. એટલી બધી વાર પૂછો કે આખરે તેમનાં મનમાં પણ એજ સવાલ ઊભો થાય અને તે હથોડાની માફક અન્યાયના મંદિરો ઉપર પડીને તેના ભૂકેભૂકા કરી નાખે. નાના પોલ, તું આ કામ કરીશ ?"

પોલે ચળકતી આંખે કહ્યું: "હા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાની દેવીએ પોલના કપાળે ચુંબન લીધું અને ગંભીરતાથી ભાર દઇને કહ્યું: "નાના પોલ! સમજજે કે તારે માટે સખ્ત જીવન છે. જેમને પોતાની મિલકત ચાલી જશે એવો ભય લાગ્યો છે, એવા શ્રીમંતો તારી સામે અનેક વાનાં કરશે, તારા ઉપર જુલમ ગુજારશે અને તારા પ્રશ્નને દાબી દેવા તારૂં ગળું પણ દાબશે; તારો અવાજ કોઇને કાને ન પડે માટે તને કેદખાનામાં નાખશે; પણ છતાં તું કદી હિંમત હારીશ નહિ. તને સવાલ પૂછતાં આવડે છે એ કાંઇ અમસ્તુ ના સમજતો. હજારો મૂંગા ભાઇબહેનોનો તું એક અવાજ છે. તેને બદલે તારે બોલવાનું છે. તને અનેક સાથીઓ મળી રહેશે, ડરતો નહિ, તું કદી એકલો નથી અને નહિ રહે."

આટલું કહી દેવી હસી. તેણે પોલને વહાલથી ગાલ ઉપર ટપલી મારી અને તે ધીમેથી ઝાડની ડાળે જઇ બેઠી.

આતુરતાથી નાના પોલે પૂછ્યું: "દેવી! શું તમે જાઓ છો?"

"પોલ, હવે તું ઘેર જા. ફરી ફરીને અહીં આવજે. હું તને મદદ કરીશ ને રાહત આપીશ."

પોલે અરજ કરી: "જરા ખમો. પેલું ઘુવડ એંસી વર્ષની વાત કરતું હતું. એંસી વર્ષ એ તો બહુ લાંબો સમય, શું એ સાચું કહેતું હતું?"

નાની દેવીએ મીઠા મધુર સ્વરે કહ્યું: "એનો આધાર તો તમારા પર છે—તમે માણસો પર. કદાચ એંસી વર્ષો પણ લાગે. તમે અને તમારા મિત્રો સવાલો પૂછ્યાજ કરો અને અટકો નહિ તો ફક્ત પચાસ વર્ષ લાગે. કદાચ સ્વાતંત્ર્ય અને સુખનો મહાન દિવસ વીસ વર્ષમાં, કદાચ દસ વર્ષમાં પણ આવે."

દેવી વૃક્ષમાં અદૃશ્ય થઇ ગઇ, પણ બધા ઝાડોમાંથી એકજ અવાજ નીકળ્યો: "કાલે, કાલે, કાલે."

("શારદા" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૭–दुःखी मा

(લેખકઃ–શ્રી. મહેંદ્ર એમ. પંડ્યા)

સંસ્કારી, શિક્ષિત કે કહેવાતા શ્રીમંતોનો એ મહોલ્લો નહોતો; પરંતુ ગરીબી, નિર્ધનતા જ્યાં વર્ષોથી ઘર કરીને બેઠી હતી, એવાં જીવતાં હાડપિંજરોનું એ નિવાસસ્થાન હતું. ત્યાં નહોતાં રોનકદાર મકાનો કે નહોતી ભવ્ય ઇમારતો; ત્યાં નહોતા શ્રીમંતાઇના દંભ કે નહોતું સત્તાનું ગુમાન; ત્યાં નહોતા વાડી, વજીફા, બંગલા, મોટરો કે ગાડીઓ; પરંતુ અહીં તો વસતા હતા બિચારા શ્રમજીવીઓ કે જેમના વડે બંગલાવાળાઓ જીવનવિલાસ માણતા હતા; જ્યારે સ્વાશ્રયીના લલાટે ગરીબી! ગરીબી શું ગુનો નથી? ગરીબ–જીવન શું જીવવા યોગ્ય છે? ગરીબી શું દયાને પાત્ર નથી?

લગભગ અગિયાર વાગ્યાનો સુમાર હતો. એક જીર્ણ થઇ ગયેલા ઘરમાં, માતા પોતાના પુત્રને બાજરીનો રોટલો અને શાક પીરસી પ્રેમથી જમાડતી હતી. માતાની વય ત્રીસ વર્ષની હતી, છતાં વૈધવ્યને લીધે તે વૃદ્ધ જેવી લાગતી; તથાપિ એની ગંભીર મુખાકૃતિ એના ભૂતકાળના સુખી–જીવનની યાદ આપતી હતી. પ્રેમાળ પતિના અચાનક અવસાનથી ગંગા ઉપર દુઃખના પહાડ તૂટી પડ્યા. જીવનસાગરમાં રખડતી, રઝળતી, બિનઅનુભવી નૌકા, જગતના પ્રપંચ અને પ્રચંડ ઝંઝાવાતથી ગભરાવા લાગી. સુકાની વિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૌકાની કરુણ સ્થિતિ થઇ પડી, છતાં ઊછરતા ગોપાલની આશામાં માએ પતિસુખ વિસારે મૂક્યું. એક ભવમાં બે ભવ ન કરવા નિશ્ચય કર્યો. જીવનમાં ડાઘ ન પડવા દેવાના નિર્ણય પર આવી, આશાના દીપક સમા પુત્રમાં માએ કાંઇક ભાવી સુખની આગાહી નિહાળી. હરકોઇ માતા શું આવા મનોરથ નહિ રચતી હોય ?

"મા, થોડું શાક મૂકને !" ગંગાએ પોતાને માટે રાખેલા શાકમાંથી થોડુંક પીરસ્યું. "ગોપાલ ! ઓ ગોપાલ ! ચાલ, નિશાળનો વખત થઇ ગયો." મહોલ્લાના બાળવિદ્યાર્થીઓએ હમેશ મુજબ પોતાના સહાધ્યાયીને ટહુકો કર્યો. "દોસ્ત ! ઊભા રહોને ! આવું છું." ગોપાલે પ્રત્યુત્તર આપ્યો. નિર્દોષ વિદ્યાર્થીઓનું આ મંડળ—નિર્દોષ વાર્તાલાપ કરતું, તોફાન કરતું શાળા પ્રતિ કૂચ કરવા લાગ્યું. ગંગા દ્વારમાં ઊભી રહી અને ભાવીજીવનનાં કાલ્પનિક સુખદ સ્વપ્નો સેવવા લાગી. એને બિચારીને ક્યાં ખબર હતી કે આધુનિક કેળવણીથી અર્થ સરે એ 'આકાશકુસુમવત્ હતું ? ગોપાળ ગુજરાતી ચોથા ધોરણમાં હતો.

"ગંગા ! આજે કેમ મોડી આવી ? આમ આળસ કરશે તો રજા આપી દઇશ." શેઠાણી, ધીમા પણ ક્રોધયુક્ત અવાજે તડૂક્યાં. ગંગાના ગૌર પણ ફિક્કા મુખ પર ગ્લાનિની છાયા પથરાઇ. હમેશાં નિયમિત વાસણ માંજવા આવનાર ગંગા આજે જરા મોડી આવી, તેમાં આ 'ઓર્ડિનન્સ' સાંભળ્યો ! શેઠાણી પગાર શું આપતાં હતાં ? કેવળ ચાર રૂપિયા ! આવી રીતે બે ઘરનું વૈતરું કરી ગંગા, પેટપૂરતા માસિક રૂપિયા આઠ મેળવતી—અને ઠપકો નફામાં. સવારના અગિયાર વાગ્યાથી તે સાંજના પાંચ સુધીનો એનો કાર્યક્રમ આ ઘરમાં વહેંચાઈ જતો. પાંચ વાગતાં તરતજ ઉત્સુક હૈયે પુત્ર માટે કાંઇક ખાવાનું લઇ ઘર તરફ દોડી જતી. પુત્રદર્શને ગંગા શાંતરસ અનુભવતી. પુત્ર માટે પ્રાણ પાથરવા તત્પર રહેતી. એનું હર્ષભર્યું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતૃપ્રેમભર્યું હૃદય, ગોપાલના હૃદયમાં પણ મૂર્તિમાન થતું. ગોપાલ વર્ગમાં ઘણોજ પ્રવીણ વિદ્યાર્થી લેખાતો. શિક્ષકોનો એ કૃપાપાત્ર હતો. એ જન્મથી ગરીબ હતો, બુદ્ધિથી નહિ! આમ આ માતા-પુત્રના દિવસો ઊગતા તેવાજ અસ્ત થતા. એમના જીવનના ઉષ:કાળ-ને હજી કેટલીયે વિપત્તિની વાદળીઓ સાથે ખેલવાનું હતું. વિટંબ-ણાઓનો પ્રતિકાર કરવો એ પણ શું પુરુષાર્થ નથી? પુરુષાર્થ કરવા છતાં હજી આ માતાપુત્રનું પ્રારબ્ધ પાંગળું હતું.

આશ્વિન માસ આવી પહોંચ્યો. નિશાળોમાં દિવાળીની રજાઓ પડી હતી. શ્રીમંતોનાં બેટાબેટીઓ અપૂર્વ આનંદનો આહ્લાદ અનુભવતાં, મિષ્ટ ભોજનોને ન્યાય આપતાં, રાત્રે દીપકો પ્રગટાવી દારૂખાનું, ફટાકડા વગેરે ફોડતાં અને દ્રવ્યનો ધુમાડો કરતાં. આ સર્વ બાળકોને ઉલ્લાસથી રાચતાં જોઇ ગરીબ બિચારા ગોપાલનું હૈયું કેમ હાથ રહ્યું હશે? એને શું ફટાકડા ફોડવા જરાયે ઇચ્છા જાગૃત નહિ થઈ હોય? એક દિવસ તો એ પણ પોતાની નિર્ધનતા વીસરી ગયો અને માને કહ્યું: “મા! મોતીશેઠના બાબુ જેવા ફટાકડા મને નહિ અપાવે?” દીનમુખે અશ્રુ છુપાવતી માતા પુત્રને આશ્વાસન આપવા લાગી: “હા બેટા, કાલે તારે માટે ખૂબ દારૂ-ખાનું લાવીશ હો!” ગોપાલ બીજા દિવસની રાહ જોઇ રહ્યો. “પણ મા! હમણાં તું કેમ રોતી હતી?” મા રડતી હતી એ યાદ આવતાં પુત્રે પ્રશ્ન કર્યો. ગંગા અનુત્તર રહી. કેટલાક પ્રશ્નના જવાબ હોતા નથી. દસ વર્ષના પુત્રને મા શું પ્રત્યુત્તર આપે? આટલા દિવસ તો ગોપાલ શેરીમાંથી ન ફૂટ્યા હોય એવા ફટાકડા વીણી લાવતો અને તેમાંથી દારૂ કાઢીને ફોડતો. કોઇ વખત તો વળી જામગરીવાળા ફટાકડા પણ જડી આવતા. આ રીતે એ દીપોત્સવી ઊજવતો, પણ હવે તો માએ ફટાકડા લાવી આપવા હા પાડી હતી ને! બીજો દિવસ થયો. ગંગાએ શેઠાણી પાસેથી કાલાવાલા કરી આઠ આના લીધા. શેઠાણીએ પગારમાંથી કાપી લેવાની શરતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યા. ગંગાના ઉત્સાહનો પાર નહોતો. તેનામાં એકાએક નવીન ચેતન આવ્યું. લક્ષ્મી મળતાં કોને આનંદનાં પૂર નથી ચઢ્યાં ? તે બજારમાં ગઇ. ચાર આનાનું દારૂખાનું લીધું. દુકાનદાર પણ ગંગાની ગરીબીનો લાભ લેવાનું ચૂક્યો નહિ. તેણે પણ એક ઉંદરોએ કાતરી ખાધેલી પેટી સારી છે, એમ કહી જબરજસ્તીથી વળગાડી. હવે રહ્યા ચાર આના. બે આનાનું ઘી, એક આનાની ખાંડ અને એક આનાનો રવો લઇ દીપોત્સવીની ઉજવણી કરવા માતા ઘર તરફ વળી. ધનિકો કરતાં ભૂખે મરતા ગરીબો ઉત્સવની કિંમત સાચી આંકી શકે છે. ગરીબો ઉત્સવ હૃદયથી ઊજવે છે, જ્યારે ધનવાનોમાં દાંભિકતાજ પોષાય છે. ગરીબોની દિવાળી વર્ષમાં એકજ વખત, જ્યારે શ્રીમંતોને મન હંમેશાં દિવાળી હોવાથી આશ્વિન માસની દીપોત્સવીને સાચા સ્વરૂપમાં ન સમજે એમાં આશ્ચર્ય શું ? ગંગા ઘેર આવી. ગોપાલ તો લાંબી ડોક રાખી અનિમેષ દૃષ્ટિએ વાટ જોઇ રહ્યો હતો. “ મા ફટાકડા લાવી ? ” “ હા બેટા ! જો આ રહ્યા. ” ગોપાલે ફટાકડાની પેટી ઝૂંટવી લીધી. “ મા, આ બીજાં શાનાં પડીકાં છે ? ” “ એનો શીરો બનાવીશ, તને ભાવે છેને ? ” માએ પ્રશ્ન કર્યો. ગોપાલ શીરો ખાવાના આનંદમાં આમથી તેમ નાચવા લાગ્યો. ગંગાએ આજ નૂતન વર્ષ હોવાથી શીરો અને પૂરી બનાવ્યાં. કેટલા ઉમંગથી ? કેટલા ઉત્સાહથી ? કેટલી ઉત્સુકતાથી ? એ લાગણીઓ આપણે તો શી રીતે વર્ણવીએ ? ભાવમયતાનું વસ્તુરૂપે શી રીતે નિરુપણ કરવું ? ઘરમાં સૂકાં મરચાં ન હોવાથી પાડોશના મકાનમાં લેવા ગઈ અને જરા વાતોમાં પડી ત્યાં તો ખુલ્લાં બારણાં હોવાથી ઓટલા ઉપરજ બેસી રહેલો ગોપાલનો માનીતો ટપૂડો (કૂતરો) શીરાને ઇન્સાફ આપી આવ્યો. ગંગા આવી. ટપૂડાને જીભ વતી મોં સાફ કરતો જોયો. કઢાઇમાં નજર કરી. લાંબો નિશ્વાસ નાંખ્યો. ગોપાલ રમતમાંથી નિવૃત્ત થઇ, ધીરે અવાજે ગાનો ગાતો ઘરમાં પ્રવેશ્યો. “ મા ! શીરો થઇ ગયો ? ” ગંગાએ પુનઃ કઢાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ દૃષ્ટિ કરી. એના હૃદયમાં કેવો ઉલ્કાપાત મચ્યો હશે ? આનુ નામ તે ગરીબી કે પ્રારબ્ધ ? ગરીબનું નસીબ ! દીપોત્સવી પર્વની ઉજવણી સમાપ્ત થઇ. ધનિકોએ અને ગરીબોએ દીપોત્સવી ઉજવી. ટપૂડાએ પણ ઉજવા.

શાળાઓમાં વાર્ષિક પરીક્ષાઓની શરૂઆત થઇ ચૂકી હતી. ગોપાલ પ્રથમ નંબરે ઉત્તિર્ણ થયો. એના સહાધ્યાયીઓએ તો અંગ્રેજી અભ્યાસ અર્થે પુસ્તકો પણ ખરીદ કરી લીધાં. વિદ્યારસિક ગોપાલની મૂંઝવણનો પાર ન રહ્યો. "મા! હું પણ અંગ્રેજી નિ-શાળમાં દાખલ દઇશ, મને ચોપડીઓ અપાવને! બધા છોકરાઓ તો ક્યારના લઇ આવ્યા!" ગોપાલે માને આગ્રહ કર્યો. ગંગાએ પતિએ કરાવેલા દાગીનામાંથી સ્મૃતિશેષ તરીકે રહેલી મુદ્રિકા ખિન્ન હૃદયે ચોકસીને ત્યાં વેચી! પચીસ રૂપિયાની વીંટીના "રાશી સોનું" કહી ચોકસીએ પંદર આપ્યા. શિકાર મળતાં કયો શિકારી નિશાન ચૂકે? માતા કઇ વિજિગીષાથી પુત્રને વિદ્યાદાન દેતી હશે ? ગોપાલે પાશ્ચાત્ય કેળવણીની ફેરીઓ ખાવી શરૂ કરી. ત્રણ માસ સુધી તો ગંગાએ દાંતે દોરડી દઇ ફી ભરી. હવે તે નિઃસહાય થઇ પડી. શિષ્યવૃત્તિ માટે અરજી કરતાં પ્રત્યુત્તરમાં નિરાશા! "ગોપાલ! બેટા! હવે તારી ફીનું શું થશે ?" ગોપાલનું હૃદય ભાંગીને ભૂકો થઈ ગયું. ફી ન ભરાવાથી એના આશાભર્યાં વિદ્યાર્થી–જીવનનો અંત આવ્યો. સ્વાર્થસાધક યુગમાં ગરીબી અને બેકારીની બેધારી કરવત નીચે ગોપાલ પણ કટકે કટકે કપાવા લાગ્યો. બે ટંકની રોટી પૂરતું પણ મહેનતાણું મળે એવી નોકરીની તપાસ કરવા લાગ્યો. મિલોના ઝાંપાઓ પર ધક્કા ખાધા. શેઠિયાઓની પેઢી પરથી બિભત્સ શબ્દો સાંભળ્યા. બળતા હૃદયમાં ગ્રીષ્મઋતુના પ્રખર કિરણોએ વૃદ્ધિ કરી, છતાં ક્યાંય નોકરીનો પત્તો મળ્યો નહિ. આશા અને નિરાશાના મોજાંઓ વચ્ચે અથડાતો, કુટાતો, બાળગોપાલ જીવતાં છતાં મૃત્યુની વેદના અનુભવવા લાગ્યો! સ્વાર્થી, લંપટ જગતને સમજવા જેટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તીવ્ર બુદ્ધિ ગોપાલ ક્યાંથી લાવે? છેવટે કહેવાતા 'આદર્શ ટી–હૉલ'-ના માલિકને વિનંતી કરતાં તેણે ગોપાલને માસિક રૂપિયા પાંચના પગારથી નોકરી પર રાખ્યો. સ્વાશ્રયથી પ્રસ્વેદનાં બિંદુઓ પાડી ઉદરનિર્વાહ અર્થે જીવનસંગ્રામમાં અગિયાર વર્ષની 'પુખ્ત વયના' બાળકે ઝંપલાવ્યું. "મા! આજે તો મને નોકરી મળી ગઈ." ગોપાલે શુભ સમાચાર માને કહ્યા. ગંગાને નહોતો આનંદ કે નહોતો શોક. અઢારે વર્ણના લોકોના પ્યાલા માંજતો પોતાના પુત્રને જોવા કઇ માતા તૈયાર હોય? છતાં નિર્ધનતા જેવી ભીષણ શત્રુતાનો કોણ પ્રતિકાર કરે? નિર્ધનતારૂપી મશિનગને દસે દિશામાં જ્યાં વિજય-ધ્વજ ફરકાવ્યો હોય ત્યાં એક વિધવાની હેસિયત કેટલી? પ્રાતઃ-કાળમાં શહેરના ટાવરમાં ચારના ટકોરા થયા. માતાપુત્રે મીઠી નિદ્રાનો ત્યાગ કર્યો. સ્નાનાદિથી નિવૃત્ત થઇ ભૂરી, ટૂંકી પાટલૂન અને ખમીસ પહેરી ગોપાલે હૉટેલ તરફ પ્રયાણ કર્યું. એની નોકરીનો સમય સવારના પાંચથી તે કેવળ રાત્રિના દસ સુધીનોજ હતો! પાંચ રૂપિયાના પગારમાં દિવસના ચોવીસ કલાકમાંથી ફક્ત સત્તર કલાકજ નોકરીના ભરવા પડતા! એક કલાક બપોરે જમવા જવાનો મળતો. ગોપાલ હોટેલજીવનના બે માસ વ્યતીત કરી ચૂક્યો અને એ જીવનથી ટેવાઇ પણ ગયો. વિદ્યાર્થીજીવનની બુદ્ધિ, કુશાગ્રતા કે ચપળતા અલોપ થયાં. ચહેરા પર ફિક્કાશનું આવરણ તરવરતું. ચૈતન્ય હતું ત્યાં જડતા પ્રવેશી. નિર્દોષતાનું સ્થાન લુચ્ચાઇએ લીધું. તંદુરસ્ત દેહ ક્ષીણતા અને દુર્બળતાના પ્રતિક સમો દીસતો. હોટેલના ગલીચ વાતાવરણથી નિર્દોષતા, બુદ્ધિમત્તા અને પવિત્રતાના મૂર્તિમંત સ્વરૂપ સમા ગોપાલના જીવનના માનસિક, શારીરિક અને આધ્યાત્મિક વિકાસના અંકુરો સદાને માટે બંધ થયાં. આજ આખાયે ભારતવર્ષમાં પરિમલની પ્રતિમા સરખા આવાં અસંખ્ય કુમળાં પુષ્પો નિર્દયપણે હોટેલરૂપી કતલખાનામાં કચડાઇ રહ્યાં છે. જગત હજી ક્યાંસુધી તેમના પ્રત્યે મૌન સેવશે? જાહેરમાં જેમનાં જીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેંસાઇ રહ્યાં છે, તેમના પ્રતિ કોઈ હમદર્દી નહિ બતાવે ? જાગૃતિની જ્યોત પ્રગટાવી એ અધઃપતનના કૂપમાં ડૂબેલાઓને શું જગત નહિ તારે ? તો પછી બાળમાનસની ખિલવણી જ્યાં અધૂરી રહે ત્યાં ઉન્નત પ્રજાની આશા ક્યાંથી રખાય ? ઊગતા છોડને મૂળમાં ઝેર રેડ્યું હોય તો આયુષ્ય કેટલું ? બાલ્યાવસ્થા વટાવી કિશોરાવસ્થામાં પ્રવેશતાંજ ગોપાલના જીવનવિકાસ પર કારી ઘા પડ્યા.

ચોવીસે કલાક દુર્ગંધમય અને ભેજવાળા વાતાવરણમાં રહેવાથી, રાત્રિના ગોપાલની તબિયત બગડવાથી આજે તે એક કલાક મોડો પડ્યો. ત્યાં તો શેઠનો ક્રોધ હિમાલયના શિખરે જઇ બેઠો. "સા......લા, પગાર હરામનો ખાય છે ? તારા બાપના નોકર બધા અને તું શેઠ ? કેમ ખરૂંને ?" એમ કહી બે તમાચા લગાવી દીધા. ગોપાલ જમણી હથેલી ગાલ પર ફેરવતો, આંસુ ટપકાવતો કામે વળગ્યો.

"શેઠ ! ત્રણ કપ ચા બાદશાહી મોકલો !" પાડોશની કાપડની દુકાનેથી ઓર્ડર આવ્યો. દુકાનમાં પાંચ મહેતાજી, શેઠ બહાર જવાથી પગ લંબાવી જરા આરામથી બેઠા હતા. ગોપાલ ત્રણ કપ બાદશાહી લઈ ગયો. ત્યાં તો મહેતાજી પણ ગરમ થઈ ગયા. "બદ...માસ ! કીટલીમાં કેમ ન લાવ્યો ? જા ! બીજી બે રકાબીઓ લેતો આવ. પાણીના ગ્લાસ પણ લાવજે !" તાબેદાર ગોપાલે મહેતાજીના હુકમનો અમલ કર્યો. "જા ! હવે સામેની દુકાન પરથી પાંચ પાન અને સિગારેટ લઇ આવ." આ વખતે પણ ગુલામ ગોપાલે આજ્ઞા માથે ચડાવી.

"શેઠ ! ત્રણ કપના નવ પૈસા આપો." "ઊભો રહે હવે, સા...નાસી જવાના છીએ ?" આ સાથે પ્રમાણિક મહેતાજીએ બીજા પણ કેટલાક બિભત્સ શબ્દો સંભળાવ્યા; જે અહીં ટાંકવા ઉચિત નથી. છેવટે અર્ધા કલાકે ગોપાલનો છુટકારો થયો. હોટેલના પગથિયાં ચઢતાં શેઠે પણ "કેટલી વાર લાગી ? ક્યાં મરી ગયો હતો ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહી ઝાટકણી કાઢી. હવે અહીં દોષ કોને દેવો? શેઠને, મહેતાજીને, ગોપાલને કે ગરીબીને? આજના આ ગંભીર ગુના બદલ ગોપાલને એક કલાક મોડી રજા મળી. એટલે રાતના અગિયાર વાગે શેઠે કહ્યું: "જા હવે ઘેર." ગંગાની ચિંતાનો પાર નહોતો. સખ્ત પરિશ્રમને લીધે ગોપાલને તાવ ચડયો હતો. તાવની અસર મગજ પર પહોંચી હતી.

"પાડોશની દુકાને ત્રણ કપ લઈ જાઉં છું, શેઠ!" નિદ્રાવસ્થામાં પણ એજ–દિવસના કરેલા કાર્યનું રટન. પ્રાતઃકાળ થયો. ગંગાએ તો રાત્રિ બધી જાગૃતાવસ્થામાં ગાળી હતી. ગોપાલને તાવ હજી ઊતર્યો નહોતો. માતાએ ઘરનાં બારણાં ઉઘાડ્યાં, ત્યાં તો સવારમાંજ કાળી બિલાડી ગંગાની નજરે પડી ગઇ. અપશુકન!

શેઠનું સ્મરણ થતાંજ ગોપાલ સફાળો પથારીમાંથી બેઠો થયો. "મા! હું જાઉં છું." પુત્રઘેલી માએ ઘણીયે ના પાડી છતાં શક્તિહીન શરીરે શેઠનો વફાદાર નોકર નોકરી પર ગયો. ગંગાનું ચિત્ત ભ્રમણે ચડયું: "ગોપાલ! કાલે એક કલાક મોડો છોડ્યો, છતાં તારી કુટેવ ન ભૂલ્યો કે?" શેઠે સજાનું સ્મરણ કરાવ્યું. ગોપાલ આજે કોઇ પણ કામ કરવા અશક્ત હતો. હોટેલના બીજા નોકરોનાં દિલ દયાથી ઊભરાતાં હતાં, પણ મરસીપ્રૂફ હૃદયમાં અસર થાય તો એમના માલિકપણાને લાંચ્છન ન લાગે? સામેની ચોકસીની પેઢીમાંથી બે કપ દૂધનો ઓર્ડર આવ્યો. "ગોપાલ! જા લઇ જા! ઢોંગ કરીને પડી રહ્યો છે તે!" શેઠે આજ્ઞા કરી. ધ્રૂજતા શરીરે દૂધના પ્યાલા લઇ સડક ઓળંગવા જાય છે ત્યાં તો માંદો ગોપાલ ચક્કર ખાઈ જમીન પર પટકાયો.

"પોંપ! પોંપ!" પૂર ઝડપથી આવતી મોટરનો અવાજ થયો, પરંતુ ગોપાલ બેઠો થાય તે પહેલાં મોટરનાં આગલાં પૈડાં એનાં દુર્બળ દેહ પર ફરી વળ્યાં. લોકો બૂમો પાડી ઊઠ્યા. "એક્સિડન્ટ!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અકસ્માત!" જનસમુદાય ટોળે વળી ગયો. કોઇએ મોટરવાળાનો વાંક કાઢ્યો, તો કોઇએ "છોકરાજ અવળચંડા છે" એમ કહી ટીકા કરી. પોલીસ આવી પહોંચી. ભારે શરીરે ગાદીતકિયા પર બેઠેલા શેઠ પણ દોડતા આવ્યા. પંચકયાસ થયો. ગોપાલના ક્ષીણ શરીરનો ત્યાગ કરીને આત્મા–ગુલામ આત્મા આઝાદ થઈ ઊડી ગયો. ઘનઘોર આકાશમાં ગડગડાટ થયા, વિદ્યુતના ચમકાર થયા; તેજ ક્ષણે ગભરાયેલી ગંગાના બ્હાવરા નયનમાં, ધબકતા હૃદયમાં અને કચડાતા આત્મામાં પણ એક અલૌકિક તેજનો તરંગ છેક ઊંડે ઊંડે ચમકી ગયો. કોઇએ પ્રાણઘાતક સમાચાર ગંગાને કહ્યા. હૈયાફાટ રુદન કરતી, કરુણ વિલાપ કરતી મા આવી. દુઃખી મા પુત્રના શબને શબવત્ બની જોઇ રહી. ગોપાલના અવસાન સાથેજ ગંગાની આશાઓનું પણ અવસાન થયું. મૃતદેહને મોટરમાં નાખી "પોસ્ટ મોરટમ" માટે હોસ્પિટલમાં લઇ ગયા. મા–ગાંડી મા–દુઃખી માએ કલ્પાંત કર્યું.

("સંદેશ" ના એક દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૮–સમુની સુવાવડ

(લેખકઃ–શ્રી. ડૉકટર 'વિનોદ')

"અરે બાઇ, બાર બાર વરસ ઘરવાસ ચાલ્યો, તોય ભગવાને ઘેર ઘોડિયું બંધાવ્યું નહિ. વહુ તો બાપડી નસીબદાર કે ચુંદડી ઓઢીને ગઇ, પણ મારો અમીચંદ તો નાનો બાળ છે. ભગવાન એની લીલી વાડી કરે."

અમીચંદ ઘરભંગ થયો ત્યારથી કમુકાકીને આ ચિંતા થવા લાગી હતી. ઘરની સ્થિતિ સારી, વળી ચાર ભાઈ વચ્ચે કાંઇ પ્રજા નહિ, એટલે અમીચંદનાં નવાં લગ્નથી પ્રજા–વંશ રાખવાની ખાસ ઇચ્છા કમુકાકીને હતી. ગામડાની છોકરી હોય, શરીરે જરા ભરેલી હોય અને ભાઇભાંડુથી ભરપૂર ઘર હોય તેવે ઠેકાણે જો સગપણ થાય તો ઠીક; એમ કમુકાકીને લાગ્યું. કમુકાકીએ પ્રેમચંદના પિતરાઇ મારફત પ્રેમચંદની સમુનું માગું મોકલ્યું. સમુની ઉંમર હજી બાર વરસની હતી ને લગ્ન ઘડિયાં કરવાનાં હતાં, એટલે પ્રેમચંદ જરા મૂંઝાયો, પણ પિતરાઇએ રસ્તો કાઢ્યો કે, "લગ્ન તો બહાનાં કાઢીને ઠેલશું, અત્યારે તો તું હા કહે." પ્રેમચંદ પીગળ્યો તો ખરો; પણ ત્યાં વળી નવી આફત ઊભી થઇ.

અમીચંદ જરા સુધરેલ વિચારનો હતો. તેને બીક લાગી કે, ગામડામાં સગપણ કરવા જતાં ક્યાંક કાણું, કૂબડું ભુડથલ પનારે પડે તો. એટલે સગપણ કરતાં પહેલાં છોકરીને નજરે જોઇ લેવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને વધારે યોગ્ય લાગ્યું. આમ તો સમુના વાનમાં કે ઘાટમાં કંઇ વાંધો કાઢી શકાય તેમ નહોતું; પણ કદાચ તેની ઉંમર નાની જોઇને અમીચંદ ફરી બેસે, એવી બીક પ્રેમચંદને લાગી. પોતાના પિતરાઇને તેણે આ વાત કરી; પણ પિતરાઈ તો જમાનાનો ખાધેલ હતો. એણે તરતજ રસ્તો શોધી કાઢયો: "ભલે જુએ; શહેર તો વંઠી જવા બેઠું છે. સગપણ કરવા મુરતિયો જાતે ઊઠીને જાય એવું ક્યાંય સાંભળ્યું છે? પણ જમાનો બદલાઇ ગયો. ભલે જોવા આવે. જોઈ જોઇને મોઢા સિવાય બીજું શું જોશે? ખાનદાની, સ્વભાવ, રીતભાત, ગુણદોષ; આ તે રોજના સહવાસીઓ જાણી શકે, કે એક વખત બધી તૈયારી પછી નાટકી ઢબે દષ્ટોદષ્ટનો સીન ગોઠવાય તેનાથી સમજાય? હશે,સુધારાને ધપવા દો. ભલે અમીચંદ સમુને જોઇ જાય."

"જોઈ જાય તેમાં વાંધો કાંઈ નથી; પણ સમુ જરા નાની લાગે છે, તેનું શું?"

"અરે ભલા માણસ! એમાં તે મૂંઝાવાનું હોય? આ મારી કાશી હમણાંજ સાસરેથી આવી છે. સમુનો ને તેનો ચહેરો લગભગ મળતો આવે છે. અમીચંદ આવશે ત્યારે બતાવશું કાશીને, ને પરણાવશું સમુને!"

"ચાલશે?"

"અરે ચાલે નહિ શું? કંઇક કરી નાખ્યાં એવાં તો."

× × ×

અમીચંદ હીંડોળાખાટે બેઠા. કન્યા એક ઓરડામાંથી બીજા ઓરડામાં ગઈ તે તેમણે જોઇ. પિતરાઇએ કન્યાનાં ભારોભાર વખાણ કર્યાં. કન્યાનો ચહેરો પણ અમીચંદને ગમ્યો ને અમીચંદને બધી વાતે સંતોષ થયો.

વિજયાદશમીએ વેવિશાળ થયું. તાબડતોબ સમુરતું ચડાવ્યું. માગશર માસમાં લગ્ન કરવાની બધી તૈયારી ચાલવા લાગી. પ્રેમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ મૂંઝાયો, પણ પિતરાઇએ તો ઠંડે પેટે બધું કામ કર્યે રાખ્યું. કારતક મહિનામાં મુહૂર્ત જોવરાવતાં પિતરાઇના જોશીને માહ મહિના સિવાય લગ્ન ના સૂઝયાં. પોષની આખરે પ્રેમચંદના સાસરિયામાં કોઇકનું મરણ થયું અને લગ્ન ઠેલાયાં. આમ બહાનાં પર બહાનાં ચડતાં બીજે વરસે છેક માહ મહિનામાં લગ્નની સાચી વેળ સાંપડી. લગ્ન થયાં ને સમુબહેન સાસરે સિધાવ્યાં.

× × ×

શહેરમાં ત્રણચાર મહિના રહી ત્યાં તો સમુ સાવ બદલાઇ ગઈ. મૂળ ઉજળો વાન, ઘાટીલું શરીર, ઊંચું કાઠું, ભરેલું હાડ, નમણો ચહેરો; આ બધામાં ફેશનેબલ લૂગડાંલત્તાં ને ઘરેણાં ભળતાં સમુ પર પુરુષમાત્રની મીઠી નજર વરસવા લાગી. હોંશભરી જુવાની, બીજ વરનાં લાડ, આખા કુટુંબની આશ, આ બધાંથી સમુ સ્વર્ગના સુખની લહાણ અનુભવવા લાગી.

તેમાંય સારા દિવસની આશા બંધાતાં તો આખા કુટુંબમાં સમુનાં માન વધી પડ્યાં. વડીલો પણ વાતવાતમાં સમુનાં ભારોભારજ વખાણ કરે. સાસુજીનો તો હરખજ ન માય. સમુને તે હમેશાં નવાં નવાં લૂગડાં પહેરાવીને પોતાની સાથે દેવદર્શને ને સગાંવહાલાંને ત્યાં લઈ જાય.

"વહુ, હમણાં બેટા તમે ઉદાસ કેમ રહો છો?" સમુનું મોં બેચાર દિવસ થયા બરાબર નહોતું લાગતું, એટલે સાસુજીએ એને પૂછ્યું. સમુ કંઈ ન બોલી. સાસુએ ફરી ફરીને પૂછ્યું, પણ સમુ તો મૂગી ને મૂંગી બેસી રહી; પણ સમુની નાની નણંદ બોલી ઊઠીઃ "ભાભીને શું પૂછો, બા? ભાભીએ ચાર દિવસ થયા ખાધું છે ક્યાં? આખો દિવસ ઊલટી ને ઊલટીજ કર્યા કરે છે; પથારીમાં સૂઈ રહે છે ને રડ્યા કરે છે."

સાસુનું મોઢું મલકયું ને એમણે સમુને હિંમત આપીઃ "હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ તો દીકરા, મૂંઝાઇએ નહિ હો. એ તો હેળનું થાય. મનેય આમ તમારી જેમ ઊલટી થયા કરતી. ચારઆઠ દિવસમાં મટી જશે બધું."

"મટી તો જશે; પણ ભાભીના પેટમાં ચાર દિવસ થયાં અન્ન નથી ટકતું તેનું શું?" સમુની નણંદે પૂછ્યું.

સમુની સાસુએ ઘરગથ્થુ બધા ઇલાજ અજમાવી જોયા, પણ ઊલટી તો દિવસે દિવસે વધવા લાગી. આખો દિવસ મોળ ને ઊલટી, અન્ન તો મુદ્દલ લઇજ શકાય નહિ. આમ સમુની તબિયત લથડતી ચાલી.

"બા, આમ ને આમ ઊંટવૈદું ક્યાંસુધી કરશો?" અમીચંદે કંટાળીને એક દિવસ પોતાની બાને કહ્યું. "કાંઈક સારો ઈલાજ તો કરો. આ તો ક્યાંક જીવની જશે."

બાની ભમ્મર જરા સંકોચાઈ. "એમ બહાવરા ન થઇએ, ભાઈ! વહુ કાંઈ અમને દોહ્યલી હશે? અમે કાંઈ ઉપાય નહિ કરતા હોઇએ? બાયડીઓની દવામાં અમે બાયડીઓ વધારે સમજીએ કે તમે પુરુષો? તમે તમારું કામ કરોને. બહુ વહુઘેલા ન થઇએ."

અંતે સાસુસસરા અને મોટાભાઇઓએ મળીને દવા કરાવવાનું તો ઠરાવ્યું; પણ અંગ્રેજી દવા નહિ, કારણકે તે ગરમ પડે. સાસુજી જાતે વૈદ્યરાજને ત્યાં ગયાં અને સમુની બધી હકીકત કહીને, તેમને ત્યાંથી પડીકાં લઈ આવ્યાં. બે દિવસ સમુએ તે પડીકાં ખાધાં, પણ કાંઈ અસર થઇ નહિ. વૈદ્યરાજને ઘેર બોલાવ્યા. વૈદ્યે સમુની નાડીપરીક્ષા કરી.

"નાડીમાં કંઇ લાગે છે? વૈદ્યરાજ!" સાસુએ પૂછ્યું.

"હા, નાડી ભારે લાગે છે."

"બરાબર જોઈ તમે, વૈદ્યરાજ? સાચેજ નાડી ભારે લાગે છે?" સાસુએ ફરીથી પૂછ્યું ને વૈદ્યરાજે પોતાનો દશશેરો ઊંચો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચો કર્યો. સાસુજી હકાર સમજી ગયાં ને આનંદમાં આવી ગયાં. વૈદ્યરાજે ખોરાકમાં ખાટું, તીખું કે વાયડું ખાવાની ના પાડી. બીજાં અકસીર પડીકાં આપ્યાં અને મધમાં ચાટવાનું કહ્યું.

સમુના પેટમાં પાણીનું ટીપુંયે ટકતું ન હતું, ત્યાં ખોરાકની તો વાતજ શી? એટલે વૈદ્યે ખાવાપીવાની પરહેજી બતાવી હતી, તેમાં તો કંઇ હરકત નહોતી. બે દિવસ તો લગભગ લાંઘણનાજ સમુએ ખેંચી કાઢ્યા ને પરિણામે તેનામાં હરવાફરવાની તો ઠીક, પણ પથારીમાંથી ઊભા થવાનીયે તાકાત ન રહી.

સમુની સાસુએ સકુ દાઇને બોલાવી. સુધરેલા વિચારના અમીચંદને આ ન ગમ્યું. "તુંયે તે કેવી છે, બા? અભણ દાઈ તે આમાં શું સમજે?" તેણે પોતાની બાને ઠપકો આપ્યો. જીભ ને શરીરે જોરાતી, આધેડ ઉંમરની સકુ દાઇએ આ શબ્દો સાંભળ્યા ને ઓરડામાં દાખલ થતાંજ એ બોલી:

"અમે આમાં શું સમજીએ, અમુભાઇ? અમારા ઘરમાં તો સાત પેઢીથી આ કામ પેઢીઉતાર ચાલ્યું આવે છે. આગળ તો રાજારજવાડામાં પણ અમારાં માન હતાં, પણ હવે તમારો સુધારો આવ્યો એટલે અમારાં માન ઘટ્યાં ને નર્સો ને મડમોનો પગપેસારો થયો. સુવાવડની કેટલીયે અઘરી ને અટપટી વાતો અમે અમારા કુટુંબ સિવાય કોઈ બહારનીને શીખવીએ નહિ. અમારા જેવું સાત પેઢીનું વારસામાં મળેલું જ્ઞાન, આખા શહેરમાં કોઈ બીજીમાં હોય તો બતાવજો! ચોપડી વાંચીને ચતુર ન થવાય—આમાં તો અનુભવનું ને ગુરુગમનું કામ છે."

"હશે," અમીચંદ બોલ્યો. "પણ દાઇઓમાં જો આટલી બધી વિદ્યા અને આવડત હોય તો અમારા હિંદુઓમાંથી ઉચ્ચ કુટુંબની બાઇઓ શા માટે એ ધંધામાં નથી પડતી? અમે હિંદુઓ આ કામમાં નથી પડતા એટલે બીજું કંઈ નહિ તોયે એ કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હલકું તો હશેજ ને?"

"હલકું છે કે નહિ તે તો પ્રભુ જાણે, પણ કોઇ પ્રાણીઓએ કે ધર્મે પ્રસવકાળને અસ્પૃશ્ય નથી ગણ્યો. અસ્પૃશ્યતાને ઊભી કરીને પાંચછ કરોડના માનવસમૂહના જીવનને બરબાદ કરનાર હિંદુ-ધર્મના વિધાતાનાં પાપ ધોવા માટે પ્રભુએ ઘડીભર એની બુદ્ધિનો સંભ્રમ કર્યો હશે; તેથીજ તો તેણે પ્રભુના પ્રિય માનવબાળના જન્મકાળે, જન્મતા બાળકને અને જન્માવતી માતાને અસ્પૃશ્ય ગણ્યાં. ઋતુધર્મના સમયને અસ્પૃશ્ય બનાવવાનું કારણ તો સમજી શકાય તેવું છે. પુરુષની વિષયવાસનાનો અતિરેક અવરોધવાના શુભ હેતુથી કદાચ એ અસ્પૃશ્યતા જન્મી હોય, પણ જન્મકાળને અસ્પૃશ્ય બનાવવામાં તો અસ્પૃશ્યતા ઉદ્ભવવાનો શાપજ ફળ્યો લાગે છે. પ્રસૂતિકાળને અસ્પૃશ્ય બનાવ્યો એટલે પછી એ હલકોજ ગણાય ને? પ્રસૂતિકાળ હલકો ગણાયો, પછી તમારા બ્રાહ્મણ–વાણિયા-ની સ્ત્રીઓ દાઈ ક્યાંથી બને? અમારા ધર્મમાં તો આભડછેટનું નામ નહિ, એટલે અમારામાંથી તો સારાસારા કુટુંબની બાઇઓ પણ દાઇનું કામ કરે; પણ હિંદુધર્મમાં અસ્પૃશ્યતાના ભૂતને લીધે દાઇનો ધંધો હલકો ગણાય છે, તેથીજ તો હિંદમાંથી હજામ કે એવી હલકી કોમની અથવા મુસલમાન બાઇઓજ આ ધંધો કરે છે. જમાનો સફાઇની જરૂરિયાત બતાવે તો અમે પણ સફાઇ બતાવીએ! બાકી અત્યારની નર્સો ને મડમો સુધરેલી દાઇઓ નથી તો બીજું શું? અમે તો માત્ર એકજ વાત જોઇએ. પ્રસૂતિકાળની વેદના ઓછી કેમ થાય? મા અને બાળકની તબિયત સારી કેમ રહે? અને બધું ખેમકુશળ પાર કેવી રીતે ઊતરે? દાઈ કહેશો તો થોડે ખરચે પતશે ને નર્સ કે મડમ કહેશો તો મોટા ખર્ચના ખાડામાં ઊતરશો, એટલુંજ. બાકી દાઈ, નર્સ કે મડમના ભેદની શી જરૂર છે, ભાઈ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સકુ બોલ્યે જતી હતી. અમીચંદ આભો બનીને તેને સાંભળી રહ્યો હતો. સકુની દલીલોનો તેની પાસે જવાબ નહોતો, એટલે મૂંગે મોઢે ત્યાંથી ચાલ્યો ગયો. દાઇએ સમુને તપાસી ઓસડિયાં બતાવ્યાં. સમુએ એ બેત્રણ દિવસ વાપર્યાં, પણ ઊલટી અટકી નહિ. અમીચંદની પણ ધીરજ ખૂટી ને તેણે સમુને સ્ત્રીઓના કોઈ ડૉક્ટરને બતાવવાનું નક્કી કર્યું.

ડૉ. રજનીકાંત સ્ત્રી–દર્દોના નિષ્ણાત હતા. તેમણે ખાનગી સુવાવડખાનું ખોલ્યા પછી સ્ત્રીઓની આલમમાં સારું નામ કાઢ્યું હતું. સમુ, તેનો વર ને તેની સાસુ ત્યાં ગયાં. પટાવાળાએ અઢારમા નંબરનું કાર્ડ સમુના હાથમાં આપ્યું અને તેને નંબરસર બેસવાનું કહ્યું, પણ કાર્ડનો અર્થ સમુ કે તેની સાસુ સમજ્યાં નહિ. એકાદ કલાક તો તેમણે ત્યાં તપ કર્યું, પણ ન દેખાયા ડૉક્ટર કે ન આવ્યું કોઈ તપાસવા. આ તરફ સમુ, ઊલટી ને નબળાઇને લીધે પાટલી પર વધારે બેસી શકે તેમ ન હતી, એટલે તેની સાસુએ પટાવાળાને પૂછ્યું: "ડૉક્ટર સાહેબ ક્યાં છે? બાઇથી બેસાતું નથી એટલે જલદી તપાસી લે તો ઠીક."

"તમારા કાર્ડનો નંબર શું છે?" પટાવાળાએ પૂછ્યું. સમુએ તેને કાર્ડ બતાવ્યું અને તે બોલી ઊઠ્યો:

"ઓહોહો! આ તો છેક અઢારમો નંબર છે! બેસો, હજી વાર લાગશે. હજી તો છ નંબર પણ પૂરા નથી થયા!"

"પણ ભાઇ, તું મને ડૉક્ટર સાહેબની પાસે તો લઇ જા. હું એમને સમજાવીશ. બાઇની તબિયત બહુ ખરાબ છે, તેનાથી જરાય બેસાતું નથી." સમુની સાસુએ કહ્યું.

"તે કાંઇ ન બને. અહીં તો બધા આવનાર બિમારજ હોય. બધું નિયમસર થાય. એમ ડૉક્ટર સાહેબની પાસે તમને તેડી ન જવાય." પટાવાળો ચાલ્યો ગયો. મૂંઝાયેલી સાસુ ડૉક્ટરની તપાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા જાતે ઊભી થઇ અને આખા કાચનું બારણું ઉઘાડવા માંડ્યું. "પટાવાળા," અંદરથી ડૉકટર સાહેબની બૂમ સંભળાઇ અને પટાવાળાએ ડોશીને તેને સ્થાને બેસાડી દીધી.

"કોણ બારણું ખખડાવતું હતું ?" બહાર ડોકું કાઢીને ડૉકટરે પટાવાળાને પૂછ્યું. પટાવાળો જવાબ આપે તે પહેલાંજ ડોશી તેમની પાસે પહોંચી અને રડતાં રડતાં સમુની હકીકત કહેવા લાગી. "હમણાંજ તપાસી આપું છું હો, મા ! આ એક કેસ પૂરો થાય એટલે તમને બોલાવું છું." ડૉકટરે મીઠાશથી કહ્યું. કેસ પૂરો કરીને તેમણે સમુને તપાસી. "આના ગર્ભસ્થાન વગેરેની તપાસ કરવી પડશે." ડૉકટરે કહ્યું. "શું કહ્યું. ભાઇ ?" ડોશીએ પૂછ્યું. નર્સે તેમને સમજણ પાડી, પણ સમુ કે સમુની સાસુ એમાંથી કોઇ પુરુષ પાસે આવી તપાસ કરાવવાને કબૂલ ન થયાં.

"ત્યારે આટલી હકીકત અને તપાસ પરથીજ દવા આપોને, સાહેબ !" ડોશીએ કહ્યું.

"એમ અટકળે દવા આપ્યાનો અર્થજ નથી, મા. દરદ હોય તેને અંગે શરમ રાખવાની જરૂર નથી. વળી નર્સ અને તમે બન્ને હાજર છો. ડૉકટર તો સહુનાં માબાપ ગણાય." ડૉકટરે કહ્યું. પણ ડોશીમાને ગળે આ વાત ન ઊતરી. અંતે ડૉકટરે દવા લખી આપી ને અમીચંદને બધી વાત કહી.

અટકળે લખી આપેલ દવા તે કેટલુંક કામ કરે ? સમુએ ત્રણ-ચાર દિવસ સુધી ડૉકટરની દવા પીધી, પણ ખાસ ફરક ન પડ્યો. અને ડૉકટર પાસે તપાસ ન કરાવવા માટે અમીચંદ તેની બા પર ખિજાયો, પણ ડોશીમા તો પોતાની હઠ પકડીનેજ બેસી રહ્યાં.

"એમ ભાઇડામાણસ પાસે વહુને તપાસાવીએ પછી ગામમાં અમે શું મોઢું લઇને ફરીએ ?" એમણે દલીલ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તો ગામમાં લેડી-ડૉક્ટર ક્યાં નથી? કોણ કહે છે કે, તમે રજનીકાંતનેજ બતાવો." અમીચંદ ગુસ્સે થઇને બોલ્યો.

અને તેજ સાંજે લેડી-ડૉક્ટર પાસે સમુની તપાસ કરાવવામાં આવી. લેડી-ડૉક્ટરની દવા શરૂ થઈ અને ત્રણચાર દિવસે સમુની તબિયતમાં થોડો સુધારો દેખાવા લાગ્યો. સમુને આ મંદવાડમાં ખૂબ નબળાઇ આવી ગઇ હોવાથી, લેડી-ડૉક્ટરે તેને ઇંજેકશન લખી આપ્યાં અને આરામ લેવાની, નિયમિત ફરવા જવાની, દર મહિને પેશાબ તપાસરાવવાની અને ગર્ભસંરક્ષણના નિયમોની સૂચના આપી.

બીજા બે મહિના શાંતિથી પસાર થયા.

સમુનું પાચન જરા નબળું પડી ગયું હતું. ઝાડાપેશાબની કબજિયાત રહેતી અને તેનું શરીર જરા પીળું પડવા લાગ્યું. વસ્તારીનું ઘર; એટલે કામકાજ તો રહેજ; એટલે નાની વહુવારૂથી ખાટલે પડયું ન રહેવાય. મહેનતનું ખાસ કામ ન હોય, તોપણ ઘર બહાર નીકળવાનો વખત સમુને ન મળે. તેમાંય શહેરનું મકાન એટલે ત્રણ ઓરડીઓ. હવાપ્રકાશ કરેડામાં ઠીક રહેતાં; બાકી અંદરનો ભાગ તો અંધારિયોજ હતો. સામાન્ય સંજોગોમાં તો આવા મકાનમાં પણ આરોગ્ય જળવાવાની શક્તિ કેળવાઇ ગઇ હતી, પણ એ શક્તિ સગર્ભાવસ્થાના સમયમાં અપૂર્ણ નીવડી. સમુને શહેરના પાણીનો પ્રભાવ લાગવા માંડચો. ભૂખ, પાચન બગડવા લાગ્યાં. જે તે ખાવાની અભિરુચિ થવા માંડી. આવું ખાવાની રુચિ ઘરમાં તો તૃપ્ત ન થઈ શકે, પણ બપોરના ફેરિયાઓએ આ સ્વાદને સંતોષવાની અનુકૂળતા કરી આપી. ખાટાં, તીખાં તમતમતાં, ગરમાગરમ, ઠંડા, ઊના, જાતજાતના ખાદ્ય અને પેય પદાર્થો પૈસા બે પૈસામાં મળવાથી, સમુએ રોજ છાનાંછપનાં ખાવા માંડયા. જીભને તો તે ઠીક લાગ્યા પણ પેટને ન પોસાયાં. છતાં થોડા દિવસ તો જીભના સ્વાદને સમુએ તૃપ્ત કર્યો. પેટનું પાચન વિશેષ બગડયું. પેટનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાજ પરબારો ન પહોંચતાં પેટે જીભ પર અંકુશ મૂક્યો. જીભ પર ચાંદાં પડ્યાં અને ખોરાક તો ઠીક પણ પાણી સરખુંયે પીતાં બળતરા થવા લાગી.

આ અતિ સ્વાદની સજારૂપે હોય કે ગમે તેમ હોય, પણ લેડી–ડૉક્ટરે થોડા દિવસ તો રોજ એરંડિયું આપ્યા કર્યું. ખાવાની બિલકુલ મનાઇ કરી અને સમુને દૂધ અને છાશ પરજ રાખી. વધારામાં તેને પાચનની પીવાની દવા અને ઇંજેક્શન આપ્યાં. આમ પાચનની અથડામણ થતાં ચારે તરફથી બંધનો આવી પડ્યાં. ડૉક્ટરે ફરવા જવાની સલાહ આપેલી તે પ્રમાણે અમાસને દિવસે અમીચંદ સમુને બગીચામાં ફરવા લઇ જતો, પણ હમેશાં તેને રજા મળે નહિ ને સમુથી નિયમિત ફરવા જઈ શકાય નહિ.

× × ×

અઘરણીનો મહિમા હિંદુઓ જેટલો કદાચ કોઇએ નહિ ઉજવ્યો હોય. તેમાંય કાઠિયાવાડ તો બધામાં અગ્રે આવે. અઘરણીનો અર્થ અગૃહિણી થતો હોય અને તેને ગૃહિણી તરીકેની બધી ફરજોમાંથી નિવૃત્ત થવાની સૂચના મળતી હોય, તો તો આપણે આપણા પૂર્વજોને ડાહ્યા અને અગમચેતીવાળા કહેવા પડશે. ગર્ભસમયે, વધારે સંભાળ લેવાની હોવાથી, પાંચમે મહિને તેમણે ‘ રક્ષાબંધન–રાખડી ’ નો પ્રસંગ સર્જ્યો.

પાંચમે મહિને સમુને રાખડી બાંધીને માતાની ને ગર્ભની શારીરિક અને આકસ્મિક કષ્ટોથી તેની સાસુએ રક્ષા યોજી તો ખરી, પણ બીજા બે મહિના પસાર થયા તોપણ સમુની તબિયતમાં ખાસ સુધારો ન થયો. સમુ દિવસે દિવસે દૂબળી દેખાવા લાગી અને પેટ પણ જરાય નીકળતું ન હોવાથી સમુની સાસુ સીમંત ઉજવવું કે કેમ તેની મૂંઝવણમાં પડ્યાં. પાડોશીના માધવરાય ભાઇના દીકરાની વહુનું સીમંત બે વરસ પહેલાં ઉજવાયું હતું, પણ પછી તે બાઇને સુવા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડજ ન આવી ને નાતજાતમાં ફજેતી થઈ. સુયાણીએ માધવરાય ભાઇને પૂરી ખાતરી આવી હતી કે, બાળક ફરકે છે. બાઇની પોતાની ઉંમર પણ નાની ન હતી. તે પણ બાળક ફરકતું હોવાનું કહેતી હતી અને બધાં ભૂલ ખાઈ ગયાં. સમુની સાસુને આ પ્રસંગ યાદ આવ્યો, તેથી સમુને ફરીથી લેડી-ડૉક્ટર પાસે તે લઈ ગઈ.

લેડી-ડૉક્ટરે સમુને તપાસીને દવા લખવા માંડી, પણ સાસુ અધવચ્ચેજ બોલી ઊઠયાં: "દવા પછી લખજો, પહેલાં મને ખાતરી કરી આપો કે વહુને ગર્ભ છે કે નહિ. સમુનું શરીર ખાતરી નથી આપતું, પેટ પણ કાંઈ નથી લાગતું એટલે મને મનમાં વહેમ રહે છે. ન કરે નારાયણ ને કાંઈક ભૂલ થઈ જાય, તો પછી અમારે ગામમાં મોઢું બતાવવું ભારે થઈ પડે."

"ગર્ભ તો છેજ, પણ એમની તબિયત જરા નબળી હોવાથી શરીર પર બીજી અસર નથી દેખાતી. મારી તમને ખાસ ભલામણ છે કે, જો તમે બાઈનું અને બાળકનું હિત ચાહતાં હો તો સુવાવડ કોઇ સારા પ્રસૂતિગૃહમાં કરાવજો. ઘર આગળ સુવાવડ કરીને નકામું જોખમ ન લેશો.

સાસુએ સમુનું સીમંત ઊજવ્યું. સમુને કપડાંલત્તાંથી શણગારી, તેનો ખોળો ભર્યો. સગાંવહાલાં બધાંને જમાડ્યાં અને સમુનાં પિયરિયાં તેને સુવાવડ કરવા માટે તેડવા આવ્યાં.

સામાન્ય રીતે પહેલી સુવાવડ પિયેર કરાવવાનો નિયમ છે. હિંદુ-સમાજે આ નિયમ શા માટે કર્યો હશે તે સમજાતું નથી. હિંદુ-સમાજમાં વહુનું ને તેમાંય નાની વહુનું સ્થાન સંયુક્ત કુટુંબમાં એટલું નિર્માલ્ય છે કે, પહેલી સુવાવડ જેવો પ્રસંગ સાસરે ન કરતાં જ્યાં તેનાં માન વિશેષ હોય, જ્યાં તે વધારે છૂટથી રહી શકતી હોય, કામકાજમાંથી જ્યાં તેને મુક્તિ મળતી હોય, જ્યાં માતાના હેતના પાઠ સહેલાઇથી શીખી શકાતા હોય અને નાના પતિની પાશવવૃત્તિથી જ્યાં નિરાંતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બચી શકાતું હોય; તેવે કોઇક સ્થળે સ્ત્રીજીવનની કસોટીનો આ પહેલો પ્રસંગ પસાર થાય તો સારૂં, એવી ભાવનાથી થયો હશે.

પિયરિયાં તેડવા આવ્યાં એટલે સમુને તેમની સાથે તેની સાસુએ મોકલી તો ખરી, પણ મોકલતાં મોકલતાં તેના ભાઇને લેડી–ડૉકટરનો મત કહીને તેમણે ખાસ સૂચના આપી કે, "વહુની તબિયત નબળી છે, તો ઘેર સુવાવડ ન કરતાં, કોઈ સારા પ્રસૂતિગૃહમાં સુવાવડ કરાવજો."

પણ પ્રસૂતિગૃહમાં સુવાવડ કરાવવાની વાત સમુની માને ગળે ક્યાંથી ઉતરે? મૂળ તો ગામજ નાનું ને તેમાં વસ્તી બધી અભણ એટલે પ્રસૂતિગૃહનું નામ લેતાંજ સુધરી ગયા જેવું લાગે. મિશનની એક બાઇએ ગામને પાદર નાની સરખી હૉસ્પિટલ ખોલેલી; પણ ઢેઢભંગી સિવાય બીજું કોઈ એનો લાભ-ભાગ્યેજ લેતું. ઑપરેશન માટે કોઇ કોઇ બાઈ ત્યાં જતી ખરી; પણ સાજે શરીરે એ હૉસ્પિટલમાં સુવાવડ કરાવવા જતાં કોઇની હિંમત ચાલતી નહિ.

સમુનાં સાસરિયાંએ કહ્યું હોવા છતાં, તેની માએ તો શિવકોર કાકીનેજ સુવાવડ કરવા રહેવાનું કહ્યું. શિવકોર કાકી પીઢ અને અનુભવી હતાં, એટલે ગામમાં પણ સહુ એમની સલાહ લેવાને દોડ્યાં આવતાં. એમાં વળી કાકી હતાં એકલે પંડ; એટલે સમુની બાએ કહ્યું કે તરતજ કાકી સુવાવડે રહ્યાં અને સુવાવડ માટે વ્યવસ્થા કરવાનું શરૂ કરી દીધું.

ફાતમા દાઇને એમણે કહાવી દીધું. પોતાની અંગત દેખરેખ નીચે એમણે કોલસાની ભૂકીનાં ને લીંડીનાં છાણાં થપાવ્યાં. વહાણનો ખાટલો, માચી, ચપ્પુ, શેક માટે વેકરિયો પાણો, બાળોતિયાં, ઝભલાં, સુવાવડીનાં કપડાં વગેરે બધી વસ્તુઓ તૈયાર કરાવી. સમુને નવ મહિના પૂરા થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દસ દિવસ ગયા ને સમુને પેટમાં કંઇક થવા લાગ્યું. કાકી તરત સમજી ગયાં. ભંડકિયાની બાજુની ઓરડીમાં તેમણે ખાટલો પથરાવ્યો ને તેના પર જૂની ગોદડી નાખીને સમુને સુવાડી. પાડોશી-ની દિવાળી અઠવાડિયું થયાં સમુ પર નજર રાખી રહી હતી. તે બપોરે સમુને મળવા આવી. સમુને ન જોતાં તે ઘરમાં દોડી, પણ શિવકોર કાકી કાચાં ન હતાં. તેમણે તો દિવાળીને જરાય વહેમ ન પડે તેવી રીતે આડીઅવળી વાતો કરીને રવાના કરી દીધી ને પછી બારણું બંધ કરીને ઉપર તાળું લગાવી દીધું.

" આવી બધી ગામખબરી ડાકણો વાત ફેલાવી દે તો મારી સમુ કષ્ટાઈ કષ્ટાઇને કાયર થઈ જાયને ? " તેમણે સમુની બાને કહ્યું ને સુયાણીને બોલાવવાને માણસ મોકલ્યો. કુંડામાં છાણાં સંધૂકી-ને સુયાણીના આવતાં પહેલાં તો તેમણે બધી તૈયારી કરી લીધી.

સુયાણી આવી. સમુના પેટ પર તેણે હાથ ફેરવ્યો ને કહ્યું: " પેલોઠી છે એટલે હજી વખત લેશે. " બધો સામાન એણે જોઈ લીધો ને પછી એ પોતાને ઘેર ગઈ.

રાત્રે નવ વાગે એ પાછી આવી. સમુને ચૂંક આવતી હતી પણ ધીમી ધીમી, કલાકે, અર્ધા કલાકે. સમુ ના પાડતી હતી, તોયે તેણે અને શિવકોર કાકીએ તેને ઘીમાં કાલવીને મરી ચટાડચાં ને ગરમ દૂધ અને ઘી પાયાં. શિવકોર કાકીને ભલામણ કરીને અગિયાર વાગે દાઈ ઘેર ગઈ. સમુને રાત આખી ઊંઘ ન આવી. જરા હર-ખાઇને શિવકોરકાકીએ સમુની બાને કહ્યું: " જોયુંને ? વેણ આકરી છે, એટલે જરૂર આપણે દીકરાનું મોઢું જોઈશું. ટાઢી હોય તો પાણો (દીકરી) આવત. "

બીજે દિવસે સવારે સુયાણી આવી. પોસ્ટ ઑફિસેથી પોતે લાસ કોયદાન લાવી તેનો ફાકો તેણે સમુને ભરાવી દીધો. વેણ જરા જલદી જલદી આવતી હતી, છતાં હજી તેમાં જોર નહોતું આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેલમાં આંગળીઓ બોળીને દાઇએ અંદરના ભાગની તપાસ કરી, પેટ પર હાથ મૂકીને તપાસ કરી. "હજી વાર લાગશે" એ બોલી. "સમુનું ગજું શું ને વાત શી? કાલની આવડી છોકરી સમુડી, તેમાં વળી શહેરમાં ગઈ એટલે હાડ ગળી ગયાં હોય, એટલે જોર પણ ક્યાંથી કરી શકે?"

સમુને તેણે ઊભી કરીને તેની પાસે ખૂબ આંટા મરાવ્યા. બારેક વાગે તેને અસાળિયાની રાબ પાઈ, પણ તોયે સાંજ સુધી વેણમાં કંઈ ફરક પડયો નહિ. રાત્રે અગિયાર પછી વેણ જરા જલદી ઊપડી. સમુથી ખમાયું નહિ એટલે તેનાથી ચીસો પડાઈ ગઈ અને તે આકુળવ્યાકુળ થઇ ગઇ. એકએ વાર તો હાથપગ પણ પાણી પાણી થઈ ગયા. સુયાણીએ તેલવાળી આંગળીઓથી ફરીથી તપાસ કરી. સહજ ટશિયો બહાર દેખાયો. એ અર્ધોએક કલાક ગયો, તોયે ટશિયો ફૂટયો નહિ, એટલે સુયાણીએ નખ ભેરવીને તે ફોડી નાખ્યો, ને માથું દેખાયું. શિવકોર કાકીએ તરત વેળા લખાવી. માથું જરા નીચે સરકયું ને સમુને વેણ ઉપર વેણ આવવા લાગી. પણ માથું કેમે કરીને આગળ આવે નહિ. સમુ બિચારી સૂયાણી કહે તેમ જોર કરે, અકળાય, પણ માથું તો અટકયું તે અટકયું. સુયાણીએ કાનજી ઝવેરીને ત્યાંથી કમળનું ફૂલ લાવવા શિવકોરકાકીને કહ્યું. દાગીનો મૂકીને સમુના બાપા ફૂલ લાવ્યા. ફૂલને પાણીમાં નાખ્યું. ફૂલ ફૂલ્યું પણ ખરૂં, પણ સમુની સ્થિતિ તો હતી તેની તે રહી. સૂયાણીના દેવ શેરણીની સવાપાંચ આનાની માનતા કરી.

પાંગતના પાયામાં પગ ભરાવીને સમુ જોર કર્યા કરે; વળીમાં બાંધેલું દોરડું ઝાલીને જોર કરે, મોઢું બંધ કરીને શ્વાસ રોકે ને આમ સુયાણી કહે તે રીતે સમુ જોર કર્યા કરે.

સુયાણી પણ પેટ ઉપર હાથ મૂકીને જોરથી દબાવવા લાગી. તેલ લગાવી પેટ ચોળ્યું. શિવકોર કાકી પણ ગળગળાં થઈ ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમુની મા તો મૂળથી ઢીલી એટલે એ તો ઘડીએ ઘડીએ રડયાજ કરે. સુયાણી હિંમત આપતી જાય ને પેટ ચોળતી જાય.

ત્યાં તો સમુએ ચીસ પાડીને ખૂબ જોર કર્યું. માથું કંઈક નીચે સર્યું, કાન દેખાયા. એટલે દાઇએ તેલવાળી આંગળીઓ બન્ને કાનમાં ભેરવી અને માથાને નીચે સેરવ્યું. માથું નીચે આવ્યું એટલે ઝટ ખભામાં આંગળીઓ ભેરવી આખું શરીર નીચે સરકાવી દીધું. બાળક નીચે પડયું કે તરત ભરેર ભરેરનો અવાજ ઓરડામાં ગાજી ઊઠ્યો.

સુયાણીએ શિવકોરકાકીને વધામણી ખાવાનું કહ્યું ને ભવિષ્યમાં બાળક બીકણ ન થાય તે માટે જોરથી થાળી વગાડી. એ ઉદ્દેશ કેટલો સચવાયો તે તો કોણ જાણે, પણ એનાથી બાળજન્મની બધાને ખબર તો મળી ગઈ.

પાએક કલાક ગયો, પણ થાકીને લોથપોથ થઈ ગયેલી સમુથી મુદ્દલ જોર થઈ ન શકે. સુયાંણી જરા તાડૂકી: "હવે છેડે આવીને આમ મુડદાલ શું થઈ ગઈ? એક વેણ ખા કે તારો ને મારો જલદી છૂટકો થાય."

શિવકોરકાકીએ સમુને બાજરાનો લોટ ફકાવ્યો. સમુને કોરો લોટ ફાકતાં ઉધરસ આવી ને પેટ દબાવ્યું. સુયાણી તો ખૂબ ભાર દઇને પેટ દબાવી રહી હતી. બે વેણ અને ઓળ પડી. સુયાણીએ ચપ્પુ લઇ દૂંટીથી મૂઠી માપીને ઓળ કાપી અને સાદો સૂતરનો દોરો બાંધીને છેડા પર હળદર છાંટી. પછી સમુને ઊભી કરીને બધો બગાડ નીકળી જાય તે માટે તેના પેટમાં સુયાણીએ પોતાનું માથું ભરાવ્યું ને પછી સમુને સુવાડી ને તેના પેટ પર કડણ પાટો બાંધી દીધો.

છોકરાને ટાઢે પાણીએ નવરાવી, ધોઇને, બાળોતિયું વીંટી માંચી ઉપર સૂવાડ્યો. સમુના ખાટલા પર બીજી ગોદડી નાખી. ખાટલા નીચે ચોકીમાં ભારેલો દેવતા ઉભારીને શેક નાખ્યો ને બાજુના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તગારામાં દેવતા પર ભૂખરિયો પાણો ગરમ થવા મૂકીને એ તપે એટલે સહેવાય તેવો શેક કરવાનું સમુને કહ્યું.

ત્યાં શિવકોરકાકી ગળથૂથી તૈયાર કરી આવ્યાં ને સમુની માએ બાળકને ગળથૂથી પાઈ. બાળકનો સ્વભાવ ગળથૂથી પાનાર જેવો થાય કે ન થાય તે જુદી વાત છે, પણ ગોળથી બાળકનો પ્રથમ મળ તો જરૂર સાફ થાય. ત્રીજે ટંકે પાંચ વાગ્યે બાળકને વળગાડવાનું શિવકોરકાકીએ નક્કી કર્યું ને બોલ્યાં: "ભગવાન! પાછા વળતાં ધણની દૂધભરેલી ગાયો જેટલું ધાવણ મારી સમુને આપજે."

બે દિવસ તો બધું ઠીક ઠીક ચાલ્યું, પણ ત્રીજે દિવસે ખૂબ ટાઢ વાઈને સમુને સખ્ત તાવ ચડી આવ્યો. એકબે દિવસ થયા પણ તાવ તો વધતોજ ચાલ્યો, એટલે સમુની તબિયત એકદમ લથડી. સમુના પિયરિયાં મૂંઝાયાં. સમુનો વર અને જેઠ આવ્યા. મિશન હોસ્પિટલની બાઇને એમણે તબિયત જોવા બોલાવી અને અંતે સમુને હોસ્પિટલમાં લઈ જવી પડી.

સમુને સેપ્ટિકફીવર લાગુ પડ્યો હતો. ગર્ભના અવયવોદ્વારા પ્રસૂતિ સમયે પૂરેપૂરી સ્વચ્છતા સચવાઈ શકી ન હોવાથી, જંતુઓનો પ્રવેશ થયો હતો. ઇંજેકશન અને મડમની પૂરી માવજત અને દેખરેખ નીચે આઠ દિવસે તાવ ઊતર્યો અને તબિયત ધીમે ધીમે રસ્તે ચડવા લાગી. સમુના વરે તો સુયાણી પરજ બધો રોષ ઠાલવવો શરૂ કર્યો, પણ મડમે કહ્યું: "અભણ દાઇ ઉપર આટલો રોષ કાઢવાનો કંઈ અર્થ નથી. જ્યાં સમગ્ર હિંદ અજ્ઞાન દશામાં સડી રહ્યું હોય, જ્યાં કોઇક જ્ઞાનનાં કિરણ પામે તે પણ નરી ઉદાસીનતા અને દુર્લક્ષ્ય સેવી રહ્યું હોય, ત્યાં ગરીબ, અભણ દાઈ પાસેથી તમે શી આશા રાખી શકો? પશ્ચિમમાં સો વર્ષ પહેલાં આજ દશા હતી, પણ ત્યાં પ્રસૂતિજ્વરનો ભેદ સમજાયો અને એ લોકોની ટેવ પ્રમાણે એક વખત ભેદ સમજાયો-એટલે ચીવટ અને ખંતથી એ બાબતનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાય થયો. પશ્ચિમમાં આજે પ્રસૂતિશુદ્ધિ બરાબર સચવાય છે અને આવો પ્રસૂતિજ્વર તો લગભગ નાબૂદજ થયો છે.

"આપણે ત્યાં તો સુવાવડ સુવાવડજ નથી રહી, પણ કસુવાવડ બની ગઈ છે. તેમાંથી બચવા માટે આખી જનતાએ જ્ઞાન પામવું જોઇશે અને કર્તવ્યપરાયણ થવું પડશે. પૂર્વજોના ગૌરવની વાતો કરી કરીને પેટ ભરવાની હિંદની પ્રથા હવે કામ નહિ આવે. તમારા પૂર્વજોનાં હાડ મજબૂત હશે અને તેમનાં શરીર ચૈતન્યથી ને સ્ફૂર્તિથી ભર્યાંપૂર્યાં હશે; એટલે તેઓ જંતુઓના આક્રમણ સામે ટકી શકતા હશે, પણ આજે તેવું નથી. હવે તો આપણે જંતુઓને ઓળખવા પડશે, તેમના આક્રમણને અવરોધવું પડશે.

"હિંદમાં દરરોજ ૨૨૦૦૦ બાળકો જન્મે છે. તેમાંથી ૪૫૦૦ તો મહિના પહેલાંજ મરણને શરણ થાય છે અને ૬૫૦૦ વર્ષ પહેલાં મૃત્યુ પામે છે. રોજ ૧૧૦ માતાઓનો પ્રસૂતિમાં ભોગ લેવાય છે. હિંદનું જીવનધન આમ વેડફાઇ રહ્યું છે, તેની ખબર પણ ભાગ્યેજ એકાદ ટકા જનતાને હશે. આ બધાં માટે આપણે જ્ઞાનનો પ્રચાર કરવો જોઇશે અને કર્તવ્યપાલન કરવું જોઇશે. જ્ઞાન અને કર્તવ્ય-પરાયણતાના યુગ જ્યારે બેસશે ત્યારેજ હિંદમાં પ્રસૂતિપ્રસંગ મંગળમય નીવડશે."

(જુન-૧૯૩૭ ના "નવચેતન" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૬-ગરીબાઈ

(લેખકઃ-શ્રી. નારાયણજી ગો. કળસારકર)

(૧)

કૃષ્ણનગરમાં મણિરામનો ગૃહસંસાર બહુજ ગરીબ હતો. તેઓ સંસ્કારી ને વિદ્વાન હોવા છતાં વ્યવહારનો પાકો અનુભવ ન હોવાથી ઘણી વાર વ્યવહારજ્ઞાનમાં ભૂલ ખાઇ જતા. ઉપજ તરફ નજર રાખી ખર્ચ કરવાની પાકી સમજણમાં તેઓ આવ્યા ન હતા અને તેથી ઘણી વાર સ્થિતિ તરફ નજર ન રાખતાં દરજ્જાનો લોભ કહો કે પ્રતિષ્ઠાના લોભે પણ અણધાર્યો ખર્ચ કરી બેસતા.

તેમની પત્ની કાન્તા સુશીલ, સરળ તથા વ્યવહારની આવડતવાળી હતી; પણ પતિની ઇચ્છા આડે આવવું ઠીક નહિ, એમ વિચારી પતિદેવની સેવા તથા ગૃહવ્યવસ્થામાં પોતાનો સમય વ્યતીત કરતી. ઘણી વાર ગરીબાઇથી હતાશ થયેલું પતિનું સુકાઇ ગયેલું વદન જોતી ત્યારે તે બહુજ દુઃખ પામતી અને પૂછવાથી પતિની ચિંતામાં વધારો થશે, એમ વિચારી હૃદયમાં સમજી બેસી રહેતી, પણ પતિનું અંતઃકરણ ઓળખી તેમના સુખદુઃખમાં સલાહકાર રહી યોગ્ય ઉપાય દર્શાવવાની તક તે મેળવતી નહિ.

વખત જતાં મણિરામનું દેવું વધી પડ્યું. આવકનાં સાધનો નિષ્ફળ થવા લાગ્યાં એટલે પોતાની જ્યોતિષ-વિદ્યામાં તેઓ નિપૂણ હોવા છતાં દુર્ભાગ્યવશાત્ સમાજની તેમના પર અરુચિ થવા માંડી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેણદારો સખ્ત થવા માંડ્યા તેમ દેવારૂપી ચિંતાનો ભડકો વધારે ઊછળી તનમનને સૂકવવા લાગ્યો. વારંવાર દેવાદારની સ્થિતિમાં તેઓ મૂંઝાવા લાગ્યા અને દૈવ પ્રત્યે ઠપકો આપતા સ્વગત કહેવા લાગ્યા: “હે દૈવ! પ્રમાણિકપણે વ્યવહાર ચલાવવા છતાં નિર્ધનતાના તાપથી તું મને બાળે છે; ત્યારે બીજી તરફ ખોટાનું સાચું કરનાર હલકા ડહાપણવાળા નીતિભ્રષ્ટોને લક્ષ્મીના લાલ બનાવી મોજ મણાવે છે. એ તારી કેવી વિચિત્ર લીલા? હું શું કરૂં? ક્યાં જાઉં? કોઇ પણ ઉપાય સૂઝતો નથી. દુનિયાને છેતરી અથવા તો દંભનો દેખાવ કરી પૈસા મેળવવાની રીતિ મને પસંદ નથી. એ રીતિએ તો હું બમણો દેવાદાર બની જાઉં, આ લોક અને પરલોક બન્નેમાં મારી ઋણી, પાખંડી, કપટી વગેરે નિકૃષ્ટ જાતિમાં ગણના થાય. એમ તો નજ કરવું! પ્રભુ, તું કરે તે ખરૂં.”

તેના લેણદારોમાં કેટલાક દૈવી સ્વભાવના હતા. તેઓ તો મણિરામની દેવાદાર સ્થિતિથી દુ:ખી થયા, પણ કેટલાક આસુરી સ્વભાવના વ્યાજખાઉ લોભીલાલો હતા, તેઓ તો વધારે તાકીદ કરવા માંડ્યા. લેણદારોએ સમય પરત્વે લેણું પતાવવામાં કાળજી રાખવી જોઇએ, પણ દેવાદાર પાયમાલ સ્થિતિમાં હોય ત્યારે તેને ગમે તેટલો તાવે તથાપિ લેણું વસૂલ થતું નથી. ઊલટું દાઝયા પર ડામ પડવાથી તે ન કરવાનું કરી બેસે છે ને કાં તો નીતિભ્રષ્ટ થઇ જાય છે. તેવા સમયમાં તેને ધીરજ આપવી જોઇએ, પણ લક્ષ્મીના મદનો કેફ શું કરાવે છે, તે તો કુદરત જાણે.

મણિરામની ચિંતા વધવા લાગી. રાત્રિદિવસ લેણદારોની ઘટમાળ ફરવા લાગી. આવતી કાલે બસોનો વાયદો, પરમદિવસે ચારસો દેવાના છે, આવતે ગુરુવારે આઠસોનું દેવું ચુકવવાનું છે. અહો! આ જીવતરમાં શું સાર? ખરૂં છે કે:—

“ उत्पद्यन्ते विलीयन्ते निर्धनानां मनोरथाः । ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)

આવી મહા ચિંતામાં તેઓ વગર અગ્નિએ સળગવા લાગ્યા. ભાઇબંધો, કુટુંબીઓ વગેરેની મદદ લેવાને તેઓ તદ્દન નારાજ હતા, તોપણ દેવાની મૂંઝવણથી લેવાયા તેટલા પૈસા સાચાખોટા વાયદા આપી તેઓ લાવવા માંડ્યા, પણ જ્યાં આભ ફાટે ત્યાં થીંગડું કેમ દેવાય? ચાર હજારના દેવામાં ચારસોની રકમ શેષવત્ થઇ જાય. કેટલાક લુચ્ચા લેણદારોએ તેમની નબળી સ્થિતિમાં ટેકો આપવાને બદલે તેમની આબરૂ તોડી પાડવા માટે દાવાફરિયાદો કરી. કેટલાક મારવાડી વૃત્તિવાળા ધનિકોએ ડિક્રીઓ કરાવી, વૉરંટ કઢાવ્યાં અને મણિરામને જેલ જવાનો વખત પણ આવી લાગ્યો.

કાશીનાથ તેનો સહૃદય મિત્ર હતો. તેની પાસે મણિરામે પોતાનું હૃદય ઠાલવ્યું ન હતું, તોપણ તેણે આસપાસની વાતો તથા મણિ-રામના લેણદારોની ગર્વોક્તિ ભરી ધમકીઓથી મિત્રની કફોડી દશા જાણી લીધી. પોતે નોકરસ્થિતિનો માણસ અને કંઇ રકમ આપવા જાય તો મણિરામ ના પાડે અને કહેઃ "અરે ભાઇ! તમારો સંસાર મુશ્કેલીથી ચાલે છે તેમાં હું મદદ લઇ ગાબડાં પડાવી મારા જેવી સ્થિતિમાં તમોને મૂકવા નથી ઇચ્છતો." કોઇ વાતે કાશીનાથની મદદ ન સ્વીકારાય ત્યારે ગુપ્તપણે, ટપાલ મારફત સુદામાના તાંદુલની ભેટ એમ લખી સુદામો મિત્ર મણિરામને ઘણી વખત ટેકારૂપ થતો.

રહેવાનું ઘર, ઘરેણાં, ઉત્તમ વસ્ત્રો અને સારાં રાચરચીલાં તો અત્યાર પૂર્વે મણિરામ વેચી ચૂક્યા હતા. માત્ર ઈશ્વરપ્રાર્થના કરી તેની સહાય મેળવવા સિવાય બીજી કાંઈ પણ મિલકત તેની પાસે રહી નહોતી. આવતી કાલે સવારે એક દુષ્ટ લેણદાર દીવાની વૉરંટ-દ્વારા પોતાને પકડાવનાર છે, એવા સમાચાર મણિરામને મળી ચૂક્યા હતા.

આટલી વિષમ અને દુઃખની છેલ્લી તક આવતા સુધી પત્નીથી તેમણે તમામ છાનું રાખ્યું, પણ પછી દુઃખના ઊભરા નીકળવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડયા. પત્નીની ફિકર પણ સાથે એવડી વધવા માંડી, બન્નેએ અન્ન-જળનો ત્યાગ કરી ઇશ્વરપ્રાર્થના કરવા માંડી: "હે દયાનિધિ ! અમારૂં વ્યવહારરૂપી નાવ બૂડે છે તેને તમે તારો."

મણિરામ વિદ્વાન હતો. તેને માનવઇચ્છાઓનું મિથ્યાત્વ નામક પ્રસિદ્ધ કાવ્યની નીચેની પંક્તિઓ યાદ આવી.

"વિદ્વાન જીવન પર કેવાં કેવાં સંકટો આક્રમણ કરે છે તે તો જુઓ ! વૈતરૂં, ઇર્ષા, તંગી, આશ્રયદાતાનો અભાવ અને છેવટે કારા-ગૃહનિવાસ એ પંડિતના ભાગ્યમાં લખેલાંજ હોય છે."

મદદની જરા પણ આશા ન રહી, મૂંઝવણમાં મન ઘેરાઇ ગયું, બુદ્ધિ કુંઠિત થઈ ગઇ, આંખે અંધારાં આવવા લાગ્યાં અને દશે દિશ કાળો પડદો જ્યારે તેને ભાસવા લાગ્યો ત્યારે પતિપત્ની બન્નેએ વિષપાન કરી આત્મહત્યા કરવાની છેલ્લી તક સાધવાનો ઉપાય કરવા માંડ્યો.

(૩)

મરતાં પૂર્વે ભગવાન શંકરનાં દર્શન કરવાની સહજ ઇચ્છા તેને થઈ આવી. પત્નીને કહ્યું: "હું ભીડભંજન મહાદેવનાં દર્શન કરી આવું ત્યાં તું વિષપ્રયોગ કરી રાખ એટલે હું આવું છું." પતિના આ બોલ ઉપર પત્નીને શંકા આવી અને પોતાથી દૂર થવાનું સ્વામીનું આ વચન છે એમ વિચારી સાથે આવવાની ઇચ્છા દર્શાવી અને કહ્યું: "પ્રિય નાથ ! તમારે માથે વિપત્તિનાં વાદળ ભમ્યા કરે છે, પ્રાણ જેવી અમૂલ્ય ચીજ ખોવાને આપ તૈયાર થયા છો, તેવા સમયમાં મને મૂકીને તમે એકલા જાઓ તે કેમ બને ? હું આપની અર્ધાંગના, આપની છાયા અને ગૃહસંસારની ભાગીદાર. આ વખતે પતિને ચિંતામાં એકલા મૂકી બેસી રહું તે ઘટિત નથી. પતિ પહેલાં પત્ની-નું મરણ થાય એના જેવું બીજું એકે ઉત્તમ નથી, મારા વિના આપ આત્મહત્યા કરી બેસો અને હું અહીં વાટ જોતી રહું, તો પછી મારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વર્ગમાં સથવારો કોનો ગોતવો ?"

પત્નીની આ કરુણ પ્રાર્થનાથી મણિરામનું દુઃખી દિલ કંપવા લાગ્યું. સંસાર ખારો ઝેર લાગવા માંડ્યો અને કહ્યું: "પ્રિયે ! તૈયાર થાઓ, વિષપ્રયોગ કરતાં ભગવાન ભીડભંજન સન્મુખ આપણે આ છરી વતી પ્રાણ કાઢી નાખીએ, પણ કાશીનાથ સવારમાં શું જાણશે ? એક પત્ર લખી દઉં:-"

"ભાઈ કાશીનાથ !

"આવતી કાલે સવારમાં હું કેદ જાઉં ને નાદારીમાં નોંધાઉં, તે કરતાં સંસારમાં ન રહેવું બહેતર છે, એમ વિચારી કાન્તાસહ મેં પરલોક પ્રયાણ કર્યું છે.

સ્નેહાધીન, મણિરામ."

ઉપરનો પત્ર પૉસ્ટ કરી રાત્રિના અગિયાર વાગે બન્ને શિવાલયમાં ગયાં, નિઃસ્તબ્ધપણે મૌન રહી દર્શન કર્યાં, ચરણામૃત લીધું. કાન્તાથી દુઃખમાં દબાયલા અવાજે બોલી જવાયું: "હે પાર્વતીપતિ ! દયાળુ દેવ ! ભીડને ભાંગવાવાળા ! અમો તમારે શરણે છીએ, આબરૂના રક્ષણ માટે અમો આત્મત્યાગ કરીએ છીએ, તેમાં આપ ક્ષમાદૃષ્ટિથી જોઇ પરભવમાં પણ નિર્ધનતાનું દુઃખ અમોને આપશો નહિ, એવી અમારી પ્રાર્થના છે !!"

(૪)

શિવાનંદ સ્વામી આદર્શ સંન્યાસી હતા. થોડાકજ દિવસથી તેઓ કૃષ્ણનગરમાં આવ્યા હતા અને ભીડભંજન મહાદેવની બહારની ધર્મશાળામાં ઉતર્યા હતા. શિવાલયમાં આ વખતે કોઈ ન હતું. સ્વામીજી ધ્યાનમુક્ત થઈ હમણાંજ ભીડભંજન મહાદેવનું શિવાલય બંધ કરવા આવતા હતા, કારણકે વ્યવહારમાં ગૂંચવાયેલો પૂજારી તેમને ભલામણ કરી ગયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવાલયમાં થયેલી પ્રાર્થના તેઓએ સાંભળી. અંતરમાં ઊંડો શ્વાસકો પડ્યો. વ્યવહારની દીનતાનું તેમને વધુ ભાન થયું. નિર્ધનતાના પડ નીચે ચગદાતાં બે માણસોની કરુણ દશાથી તે દ્રવિત થઇ ગયા. પૈસાથી શ્રીમંત નહિ પણ દિલના શ્રીમંત સંન્યાસી સંસારીને મદદ કરવા ઉત્સુક થયા. ભર્તુહરિએ સત્ય કહ્યું છે કે:—

"संतः स्वयं परहितेषु कृताभियोगाः।"

સ્વામીજીને જોઇ દંપતી ગભરાઇ ગયાં અને અવાક્ બની ગયાં. આંખોમાંથી ચોધાર આંસુ ટપોટપ સરી પડવા લાગ્યાં. સ્વામીજીએ કહ્યું: "નિર્ભય રહો. દુનિયા દુઃખીને દિલાસો આપતી નથી, પણ ગરીબનિવાજ ભગવાન ભીડભંજન તમને સહાય કરશે." એમ કહી તેમનો દુઃખી–વૃતાંત પૂછવા લાગ્યા.

સંપૂર્ણ રીતે તેમની સ્થિતિ સાંભળી લીધા પછી સ્વામીજીએ કહ્યું: "ધીરજ રાખો. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે, **अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यंति जंतवः।** અજ્ઞાનને લીધે થઇ આવેલો અનેક પ્રકારનો મોહ છે અને એ મોહમાં બુદ્ધિ ઢંકાય એટલે મન મૂંઝાય છે, પણ વસ્તુતઃ તેમ નથી. "બીજ તેવું વૃક્ષ, વાવે તેવું લણે." એ ન્યાયોક્તિ પ્રમાણે દેવું કર્યા પછી તેની ચિંતા પાછળજ હોય છે. મિથ્યા ખર્ચમાં સમજણપૂર્વક ન જોવાય, તો પછી પાછળથી આ વિષમ દશા થાય છે, એમાં ગભરાવાનું નથી. દેવું આપવું છે એવું નિશ્ચય બળ છે, તો તે અવશ્ય આપવાના પ્રયાસો કરવા માંડો એટલે પતી જશે. 'નિરાશને આશાનું કિરણ હિંમત' છે. મિથ્યાખર્ચનો મોહ તથા દરજ્જા અને પ્રતિષ્ઠાના સવાલ આડે સ્થિતિને વીસરતા નહિ. ભગવાન ભીડભંજન જરૂર તમારી મદદે ધાશે. તમે આજે અહીં રહો, ભયનો લેશ પણ અહીં સંભવ નથી. જ્યારે નિશ્ચય બળ તથા હિંમત દઢ થશે, ત્યારે આત્મઘાત કરવાના વિચારો માટે તમને જરૂર પસ્તાવો થવાનોજ. દરેકનું યોગક્ષેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાળવનાર પરમાત્મા સર્વદા તત્પર છે.” એવી રીતે તે દંપતીના હતાશ હૃદયમાં આશા તથા હિંમતનો સંચાર કર્યો.

કાશીનાથને સવારમાં મણિરામનો પત્ર મળ્યો, એ શબ્દો ટૂંકા પણ હૃદયને વીંધી નાખે તેવા મોટા હતા. તે મૂર્ચ્છાવશ થઇ ગયો. પોતાને કહ્યા વિના મણિરામે આ સાહસ કર્યું, તે માટે તેને ઘણું લાગી આવ્યું; પણ તે હિંમતવાન હતો. મણિરામના કાકા જગન્નાથ ભટ્ટ પાસે તે દોડયો ગયો. સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો અને અગ્નિમાં ઘીની આહુતિ અપાય તેમ તેની ચિઠ્ઠી આપી. “જગન્નાથ કાકા! બહુ થઈ, તમારાથી હવે શું બનશે?” જગન્નાથ કાકો ઘરડું શરીર, તેને સળગતાં શી વાર?

“અરે! મારી પાસે એક હજાર રૂપિયા હતા, મને મણિરામે વાત કરી હોત તો તમામને સમજાવી ઠેકાણે પાડત; પણ તું જા, જો તેને ઘેર શું થયું છે! ચાલ હું પણ દૂબળા પગે આવું છું.” એમ કહી બન્ને મણિરામને ઘેર ગયા. ત્યાં તાળું વાસેલું જોયું. બપોર થયા, પત્તો ન લાગ્યો. બુઢ્ઢો કાકો સાંજે દર્શને ગયા, ત્યાં ભત્રીજાની વહુને ઘૂંઘટો કાઢી જતી જોઈ.

તરત તે મણિરામને મળ્યા, કાશીનાથને બોલાવ્યો, જગન્નાથ કાકા તથા કાશીરામને નવું સ્વર્ગ મળ્યું હોય તેવો આનંદ થયો. ઘેર લાવી કાકાએ તમામ લેણદારોને સમજાવી દીધા, પોતાના પુત્રની દુકાનમાં મણિરામને ભાગીદાર કરાવી ધંધે ચડાવ્યો અને આશા તથા હિંમતથી તાજો થયેલો મણિરામ પાંચ વર્ષમાં દેવામુક્ત થઇ વગરહરકતે પોતાનો વ્યવહાર ચલાવવા લાગ્યો. આ રીતે તેણે દુનિયાને “સ્થિતિ તથા આવકના પ્રમાણમાં ખર્ચ કરવાનો” ઉપદેશ આપ્યો.

(તા ૧૦ ડિસેમ્બર ૧૯૩૯ના “ગુજરાતી પંચ”માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૦—वेदान्तविषयक वार्ता

(કર્મ)

કોઈ એક મહાન ક્ષેત્રને ઠેકાણે એક શાંત એવા મઠની અંદર કોઇ એક બ્રહ્મચારી રહેતો હતો. પ્રાતઃકાળે તીર્થોદકનું સ્નાન અને મધ્યાહ્નકાળે મધુકરીવૃત્તિ, એ સિવાય બાકીનો જે વખત રહે તે વખતમાં વેદાધ્યયન, શાસ્ત્રાધ્યયન, કાવ્યપરિશીલન, ભગવચ્ચિંતન ઇત્યાદિ બાબતોમાં તે બ્રહ્મચારી સન્માર્ગમાં પોતાનો કાળ નિર્ગમન કરતો હતો. તેનો બાંધો મજબૂત, શરીરયષ્ટિ ઊંચી, રંગ ગોરો, નાક સરળ, આંખો પાણીદાર અને મુખશ્રી અતિશય તેજઃપુંજ દેખાતી હતી. આ જન્મમાં તેનું આચરણ અત્યંત શુદ્ધ હતું અને જીવનપર્યન્ત તે તેવુંજ કાયમ રાખવું એવી તેની અંતઃકરણની ઇચ્છા હતી. તેનાં માબાપ નાની વયમાં અને ગરીબ સ્થિતિમાંજ મૃત્યુ પામ્યાં હતાં. આથી દારિદ્રય એ તેની નિસર્ગસિદ્ધજ અવસ્થા હતી. તોપણ એને માટે તેને કદી પણ ખેદ થતો નહિ. તે હમેશાં સંપૂર્ણ સંતોષી અને આનંદી જીવન ગુજારતો, એટલુંજ નહિ પણ તેની નિર્લોભવૃત્તિ એટલી બધી તીવ્ર હતી કે, દ્રવ્યનો તેને હમેશાં માટે તિરસ્કાર રહેતો. આવી રીતે તે પોતાની પૂર્વવયના દિવસ પરમ આનંદમાં સુખસમાધાનથી વિતાવતો હતો, એવામાં એક દિવસ રાત્રે પરોઢિયાના વખતે તેને એક સ્વપ્ન આવ્યું. એ સ્વપ્નમાં કોઈ એક પુરુષ તેની પાસે આવ્યો અને કહેવા લાગ્યોઃ "ઊઠ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂતો છે શું? તને હવે હું શ્રીમંત બનાવનાર છું!" સ્વપ્નમાં આવેલા પુરુષની અને બ્રહ્મચારીની વચ્ચે એ સ્વપ્નની અલ્પ મર્યાદામાં પણ કેટલુંક સંભાષણ થયું. ધર્મનિષ્ઠતા અને મધુકરીવૃત્તિમાં ઊછરેલા એ બ્રહ્મચારીને તો શ્રીમંત થવાની કલ્પના સ્વપ્નમાં સુધ્ધાં સાંભળતાં કંઈનું કંઈ થયું! અને તે એકદમ આવેશથી બોલ્યો: "હું શ્રીમંત થવાનોજ નથી!"

પુરુષ—કાં વારૂ?

બ્રહ્મચારી—મને શ્રીમંતાઇ પસંદ નથી-ગમતી નથી.

પુરુષ—ટેવ પડવાથી સહુકંઇ ગમવા લાગે છે. હમણાં તને આ મધુકરીવૃત્તિ અને બ્રહ્મચર્યાશ્રમ ગમે છે, એનું પણ કારણ શું? ટેવ સિવાય બીજું કંઇ નહિ. ભિક્ષા માગવી અને સ્ત્રીસુખથી વંચિત રહેવું, આ બાબતો જે સહુકોઇને મોટી દુ:ખદ લાગે છે તે તને ટેવે જો આટલી પ્રિય કરી આપી છે, તો વિપુલ સંપત્તિ, સુંદર સ્ત્રીઓ અને નાના પ્રકારના સુખોપભોગ વગેરે બાબતો પણ તને ટેવ પડવાથી પસંદ નહિ થાય કે નહિ ગમે-એમ કદી બની શકવાનું છે ખરૂં કે?

બ્રહ્મચારી—ટેવ, મનુષ્યના હાથે જે જોઇએ તે કરાવે છે, એ બીના મને કબૂલ છે. ટેવ વિષને અમૃત અને અમૃતને વિષ કરે છે. પરંતુ વિચારશીલ માણસે વિષને અમૃત માની લેવાની ટેવ પાડી લેવી કે નહિ એજ માત્ર મુખ્ય પ્રશ્ન છે. મને તો આ શાંત અને સમાધાનવૃત્તિના અમૃતને ફેંકી દઇ તે પ્રાપંચિક સુખના વિષની ચટક લગાડી લેવાની બિલકુલ ઇચ્છા નથી.

પુરુષ—મને ઇચ્છા નથી! કેવડો મોટો 'હું!' અરે તારી ઇચ્છાને પૂછે છે કોણ? તને શું એમ લાગે છે કે, તારી ઇચ્છાથીજ આ આખું જગત ચાલે છે? આમ પ્રત્યેકની ઇચ્છા પ્રમાણે જો આ જગત ચાલવા લાગે તો તે એક ક્ષણવાર સુધ્ધાં ચાલવાનું નહિ!

બ્રહ્મચારી—ભલેને ન ચાલે. એના વિના શું કોઇનું અડી રહ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે? આવું દુ:ખદાયક જગત ચાલુ રહે તે કરતાં બંધ પડેલુંજ સારૂં! પણ જગત ચાલે યા ન ચાલે, એ બાબત કંઇ મારા તાબામાંની નથી; પરંતુ મારી ઇચ્છામાત્ર મારા પૂર્ણ તાબામાંની છે!

પુરુષ—નહિ! તે સુધ્ધાં તારા તાબામાંની નથી. હમણાંની તારી ઇચ્છા એ પહેલાંની તારી અનેક ઇચ્છાઓ વડે નિયંત્રિત થયેલી છે અને તારી ભાવી શ્રીમન્તાઈની પરિસ્થિતિ સુધ્ધાં તારાં પૂર્વનાં કૃત્ય વડે નિશ્ચિત થઇ રહેલી છે. તે તારાથી હવે ટાળી શકાય તેમ નથી. પહેલાંના એક જન્મમાં એક બ્રાહ્મણને તેં જે કેટલુંક દાન આપ્યું હતું, તેજ હમણાં તને મળવા સારૂ ફલોન્મુખ થઇ રહ્યું છે. તે લીધા સિવાય તારો છુટકોજ નથી. સારાંશ, તારે શ્રીમંત થવુંજ જોઇએ એવી સ્થિતિ આવી પહોંચી છે.

બ્રહ્મચારી—એ પ્રસંગ મારા ઉપર ન આવે તો બહુજ સારૂં થાય. અને એ સિવાય પણ શ્રીમંત થવાને હું એક મહત્ત્વના કારણથી બિલકુલ નાલાયક છું, એમ તમને નથી લાગતું?

પુરુષ—તે કારણ કયું?

બ્રહ્મચારી—તે કારણ એ કે, મારામાં વિદ્વત્તા ઉત્પન્ન થયેલી છે. મારૂં તમામ વેદાધ્યયન પૂરૂં થયું છે. શાસ્ત્રની અંદર મારી ગતિ એટલી થયેલી છે કે, આજ આખા ક્ષેત્રમાં મારી બરોબરી કરી શકે એવો કોઇજ નથી. કાવ્યાદિકનાં પરિશીલનથી અને વ્યવહારના પ્રત્યક્ષ અનુભવથી મારામાં જરૂર જોગું ડહાપણ પણ આવેલું છે. તો પછી હું શ્રીમંત કેવી રીતે થાઉં? શ્રીમંતાઇનો જે મુખ્ય ગુણ તે મારામાં યત્કિંચિત્ સુધ્ધાં ન હોવા છતાં, તમે મને મારીકૂટીને શ્રીમંત બનાવશો તો મને શ્રીમંત કોણ કહેશે? હું જો શ્રીમંતાઇનું આ વિદ્યાની અડચણને લીધે એક પણ લક્ષણ ન બતાવી શક્યો, તો તમારી આ બધી મહેનત નકામી જશે. તેથીજ હું કહું છું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, શ્રીમંત બનાવવા સારૂ તમે બીજા કોઈને પકડો! મારા જેવા નિરપરાધી મનુષ્યને તમે વિનાકારણ શા સારૂ ત્રાસ આપો છો?

પુરુષ—જેને શ્રીમંત બનાવવો હોય તે મૂળથીજ મૂર્ખ હોય તો ઉત્તમ; કારણકે પછી મોટી વયમાં મૂર્ખતાનો ગુણ ખરા વખતે ઉત્પન્ન કરવો બહુ કઠણ થઈ પડે છે. કારણકે, મૂર્ખપણામાં નિષ્ણાત બનાવનારી નિશાળો અદ્યપિ કોઇએ સ્થાપન કરી નથી; તેથી તારુણ્ય, વિષયોપભોગની નિ:સીમ લાલસા, કુસંગતિ ઇત્યાદિ બાબતો વડે મનુષ્યમાં જેટલી કંઇ મૂર્ખતા ઉત્પન્ન થાય તેટલામાંજ સંતોષ માનીને સ્વસ્થ બેસવું પડે છે. છતાં પણ આ બાબતોની અંદર શ્રીમંતાઇનો ઉમેરો થાય એટલે બહુધા શ્રીમંતાઇના દાઠ જેટલી મૂર્ખતા મનુષ્યનામાં ઉત્પન્ન થાય છેજ-થાય છે. તે સિવાય શ્રીમંતાઈની સાથે વિદ્વત્તા નજ હોવી જોઇએ એવો પણ કંઇ સખત નિયમજ કરેલો છે એમ પણ નથી. ભૂલેચૂકે જો કંઇ પણ અપવાદ ઉત્પન્ન થાય તો એમાં કંઇ બગડે છે એમ બિલકુલજં નથી, પણ એની ચિંતા તારે કરવાનું કારણ નથી. તું શ્રીમંત થવાને કબૂલ થા એટલે તું મૂર્ખ થયોજ સમજ. શ્રીમંતાઇના અંગમાં તમામ વિદ્વત્તાને ભૂંસી નાખવાનો બહુ મોટો અજબ ગુણ છે! તેથી તું હા કહે એટલે થયું.

બ્રહ્મચારી—જીવ જાય તોપણ હું શ્રીમંત થવાને કદી પણ કબૂલ થવાનો નથી. તમે મને ફસાવીને કે બેભાન બનાવીને શ્રીમંત કર્યા સિવાય હું મારી પોતાની રાજીખુશીથી મારી સંમતિ કદી પણ આપવાનો નથી. પણ તમે મારા ઉપર આવી બળજબરી શા માટે કરો છો? તમને મારી દયા નથી આવતી? પ્રભુ, તને તો મારી દયા આવવા દે! મેં એવું કયું પાપ કર્યું હતું કે, જેને માટે તું મને આ શ્રીમંત થવાની શિક્ષા આપે છે! હું જ્યારથી થોડું ઘણું સમજતાં શીખ્યો છું ત્યારથી તો ધર્માચરણથી વર્તું છું, છતાં એને માટે શું મને આ શ્રીમંતાઈનું પ્રાયશ્ચિત્ત!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ બોલતાં બોલતાં તે બ્રહ્મચારી સ્વપ્નમાં રડવા લાગ્યો; "મારા ઉપર નિષ્કારણ આ શ્રીમંતાઈનો ગજબ ગુજારનાર નિર્દય અને નિષ્ઠુર એવો પ્રાણી તું છે પણ કોણ ?" આમ રડતાં રડતાં તે પેલા પુરુષને પૂછવા લાગ્યો. "હું કર્માધિકારી છું" એવો આ પ્રશ્નનો અસ્પષ્ટ ઉત્તર આપતાં આપતાં પેલા પુરુષની આકૃતિ ધીમે ધીમે અદૃશ્ય થઇ ગઇ અને તે બ્રહ્મચારી પરોઢિયે ઊઠીને જાગૃત થયો. પૂર્વ તરફ શુક્રનો તારો થોડાજ વખત પર ઊગીને ઉપર આવ્યો હતો, તેને જોઇને બ્રહ્મચારીનું મન પ્રસન્ન થયું અને સ્વપ્નમાંનો બનાવ ભૂલી જઇને તે પોતાના નિત્યકર્મમાં પ્રવૃત્ત થયો.

× × × ×

એક મોટા નામાંકિત શહેરમાં કોઇ એક વૃદ્ધ મનુષ્ય રહેતો હતો. તેના સુખમાં કંઇ ખામી નહોતી; પરંતુ માત્ર સંતતિમાં તેને કંઈજ નહોતું. પુત્રપ્રાપ્તિને માટે તેણે શક્ય એવા તમામ પ્રયત્ન કર્યા, પણ દુર્દૈવને લીધે તેને એકમાં સુધ્ધાં યશ આવ્યો નહિ. લગ્નની ત્રણ સ્ત્રીઓ અપુત્ર મરણ પામવાને લીધે તેણે પાંચ છ વર્ષ પહેલાં ચોથી વારનું લગ્ન કર્યું હતું, તોપણ તેને પુત્રમુખ જોવાનો યોગ આવ્યો નહિ. દત્તકપુત્ર સિવાય બીજો માર્ગજ તેને રહ્યો નહિ, ત્યારે પોતાના વંશમાંના નજીકના અથવા દૂરના કોઇ પણ ઈસમને દત્તકપુત્ર તરીકે લેવાની ઇચ્છાથી તેણે તપાસ કરવાને મોકલેલો ઉપાધ્યાય–ગોર–ઉપર જણાવેલ બ્રહ્મચારી જે ક્ષેત્રમાં રહેતો હતો ત્યાં આવીને તપાસ કરવા લાગ્યો. એ વેળાએ તેને કર્મધર્મસંયોગે તીર્થગોરના ચોપડાની વંશાવળી ઉપરથી એમ જણાઇ આવ્યું કે, ઉક્ત બ્રહ્મચારી ઉપલાજ ગૃહસ્થના વંશનો પણ કંઇક દૂરનો સગો છે ! અને બ્રહ્મચારીને એ બાબતમાં ખાતરી કરાવી આપીને દત્તવિધાનને માટે તેની સંમતિ મેળવવાની બાબતમાં તે પ્રયત્ન કરવા લાગ્યો. બ્રહ્મચારીના મનનું વલણ પોતાની મધુકરીવૃત્તિ તરફજ કાયમ હતું, તોપણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા ઉપાધ્યાયનું કહેવું તે શાંતપણે સાંભળી લેતો હતો અને તેના કહેવાનું થોડું થોડું પરિણામ પણ તે બ્રહ્મચારીના મન પર થતું આવ્યું છે, એવાં ચિહ્નો પણ દેખાવા લાગ્યાં હતાં. પોતાના સંભાષણમાં ઉપાધ્યાય તેના ભાવી સુખનાં અને વૈભવનાં ચિત્રો બહુ મોહકતાથી આલેખતો હતો. એક પ્રસંગે તેનું મન કેટલુંક વળેલું જોઇને તે ઘણા આગ્રહથી બ્રહ્મચારીને કહેવા લાગ્યો, "તમારૂં દત્તવિધાન થયા પછી તમને શું કમી છે? મજાથી બેઠાં બેઠાં ખાવું! આવી સ્થિતિ હોવા છતાં તમને આ માધુકરીની ઝોળીની એટલી બધી શી પ્રતિષ્ઠા લાગે છે? અમે ત્યાં આગળ તમારૂં લગ્ન કરી દેશું એટલે તમે સુખમાં રહી શકશો. આવી તક પોતાની મેળેજ ઘર પૂછતી આવેલી હોવા છતાં તમે ના શા માટે કહો છો? તમને ધર્માચરણથી ચાલવાની અભિરુચિ હશે, તો શ્રીમંત થઇને ગૃહસ્થાશ્રમમાં રહેવાથી ધર્માચરણ કરવામાં શું કંઇ પ્રત્યવાય આવે છે? સિવાય બીજી બાબત એ છે કે, બ્રહ્મચર્ય અને આ ધર્માચરણ એ શા સારૂ આચરવાનાં હોય છે? પુણ્યને માટેજ કે નહિ? તો પછી મને કહો કે, પરોપકારના જેવું બીજું પુણ્ય કયું છે? તમારા કુળમાંનો એક વૃદ્ધ મનુષ્ય મરણોન્મુખ થઇને પુત્ર પુત્ર કરતો રડી રહ્યો છે; પોતાના વંશમાં ઔરસ નહિ તો નહિ, પણ નિદાન દત્તકપુત્ર તો નામ ચલાવવાને જોઇએ અને તે પોતાના નામથી પિંડદાન કરે એટલે પોતે અને પોતાના પૂર્વજ ઉધરી જાય એવી તેની દૃઢ ભાવના છે. આવા મનુષ્ય પર ઉપકાર કરવાનું સાધન ફક્ત તમારા એકલાનાજ હાથમાં છે, બીજા ઉપકાર આ લોકનાજ હોય છે; પરંતુ આ ઉપકારને લીધે તો તમારૂં નામ ઠેઠ પરલોક પર્યંત જશે! આ બધી હકીકત તમે ધ્યાનમાં લો. લોક પોતાનું નુકસાન વેઠીને પણ પોતાને પરોપકાર કરવાની તક મળે એને માટે વાટ જોઇ રહ્યા હોય છે; અને આ બાબતમાં નુકસાન તો બાજુએજ રહ્યું પણ ઊલટો તમોને ફાયદો કરી આપનારો આ પરોપકારનો પ્રસંગ પોતેજ તમારી પછવાડે લાગ્યો છે! તમે તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપેક્ષા કરશો તો તેમાં તમારૂં ધર્માચરણ શું ? આવા સુપ્રસંગે પણ જે પરોપકાર ન કરે તે ઊલટો પાતકનોજ ભાગીદાર થાય છે એ તમારે લક્ષમાં રાખવું જોઇએ. પ્રભુને ત્યાં તમારા આ નિષ્ઠુર-પણાને માટે તમને ક્ષમા મળે એમ મને તો લાગતું નથી. પિતૃ-લોકમાંના તમારા વંશના પહેલાંના તમામ પૂર્વજો તમને શું કહેશે, અને તમારી અને તેમની વચ્ચે ભવિષ્યમાં ક્યારેય પણ જ્યારે મુલાકાત થશે ત્યારે તેઓ તમારૂં સ્વાગત કેવી રીતે કરશે એ બધી કલ્પનાઓ તમે તમારા મનમાં બરાબર આણો ! અત્યારે સુધ્ધાં—કદા-ચિત્ આ વખતે—હું આ વાત તમને કહું છું એ વેળાએ—તે—તમારા પૂર્વજ ઉત્કંઠિત થઈને તમે શું ઉત્તર આપો છો તે સાંભળવા સારૂ કદાચિત્ અહીં—કદાચિત્ ત્યાં—કદાચિત આ ઠેકાણે—કદાચિત્ તે ઠેકાણે—ઊંચે—નીચે—કોણ કહી શકે ક્યાં ?—આવીને ઊભા રહ્યા હશે ! શું એ બધાઓને તમે નિરાશ કરશો ? અને તેમનો ગુસ્સો તમારા પોતાના પર વહોરી લેશો ?”

ઉપાધ્યાયનું આ ભાષણ સાંભળીને બ્રહ્મચારી બિલકુલ મૂંઝાઇ ગયો. દયા, પરોપકાર, બીક ઇત્યાદિ અનેક મનોવિકારોએ તેના મનમાં એટલી ભયંકર ગડમથલ મચાવી મૂકી કે, તેને હા કહ્યા સિવાય બીજો કંઇ માર્ગજ સૂઝ્યો નહિ. તેથી ‘હું તમારી સાથે તમારા યજમાનને ત્યાં આવું છું,” એમ તેણે કબૂલ કર્યું અને એ પ્રમાણે તેજ દિવસે સાયંકાળે એ બન્ને જણા તે તીર્થક્ષેત્રને નમસ્કાર કરીને નીકળ્યા. નીકળતી વેળા પોતે પહેલાં એક વાર સ્વપ્નમાં જે પુરુષને જોયો હતો તેનીજ આકૃતિ પોતાની સામે અસ્પષ્ટ રીતે દેખાય છે એવો તે વેળાએ બ્રહ્મચારીને ભાસ થયા જેવું લાગ્યું. પરંતુ એ તરફ વિશેષ લક્ષ ન આપતાં દુર્લક્ષજ કર્યું અને ઉધ્પાયાયની સાથે તે માર્ગસ્થ થયો.

× × × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમળાપુરમાં જઇ પહોંચ્યા બાદ થોડાજ વખતમાં દત્તવિધાનનો સમારંભ થયો. બ્રહ્મચારીનું સ્વરૂપ, ડહાપણ તેમજ આચરણ જોઇને દત્તકજનકના મનનું સમાધાન થયું, પરંતુ તે હમેશાં તેના તરફ જોઇને દુઃખથી નિસાસા મૂકતો હતો. દત્તકપુત્રનું નામ ભોળાનાથ એવું રાખવામાં આવ્યું અને એક સુસ્વરૂપ છોકરી જોઇને તેનું તેની સાથે લગ્ન પણ કરી દેવામાં આવ્યું. તેની દત્તકમાતા એટલે તેના દત્તકપિતાની ચોથી બૈરી સુધ્ધાં બહુ સુંદર હતી અને તેનું વય પણ ખરી જુવાનીનુંજ હતું. તે ભોળાનાથની ઉપર નિઃસીમ પુત્રપ્રેમ રાખતી અને ભોળાનાથ પણ તેના પ્રત્યે સગી જન્મદાતા માતાની પેઠેજ પૂર્ણ માતૃભક્તિ રાખીને તેની સાથે અત્યંત નમ્રતાથી અને મોકળા મનથી વર્તતો હતો. પરંતુ ભોળાનાથની નવીન વધૂ એ જેવી બાહ્યસ્વરૂપથી બહુ સુંદર હતી, તેવું તેનું અંતર રમણીય નહોતું. એનો સ્વભાવ કંઇક ખૂની અને સંશયી હતો. સાસુ અને વહુની વયમાં બે ચાર વર્ષના કરતાં કંઇ વધારે ફરક નહોતો. બન્ને સરખીજ જુવાન અને સરખીજ સ્વરૂપવાન હતી. બન્નેમાં ફરક માત્ર એટલોજ હતો કે, ભોળાનાથની વહુનું મન મેલું તેમજ પાપી હતું, ત્યારે માતાનું મન પવિત્ર અને ખુલ્લું હતું. આવી સ્થિતિ હોવાથી ભોળાનાથ અને તેની દત્તકમાતાના પરસ્પરના વર્તનમાંની કેટલીક સાદી અને સ્વાભાવિક બાબતોને માટે પણ ભોળાનાથની વહુના મનમાં ભળતા કુતર્ક ઉત્પન્ન થઈ તે દૃઢ થતા ચાલ્યા હતા. ભોળાનાથ અને તેની માને આ બાબતની કલ્પના સુધ્ધાં નહોતી. એથી માતા અને પુત્ર વચ્ચેના પ્રેમને લીધે તેઓ એકબીજાની સાથે બહુજ લાડથી અને પ્રેમથી વર્તતા હતાં. પરંતુ ગિરિજાવહુની સંશયગ્રસ્ત દૃષ્ટિને આ બધા પ્રકારમાં ભળતી બાબતોની છાયા દેખાતી હતી. નિષ્કપટપણામાં કપટ, માતૃપ્રેમમાં વિષયાંધતા અને સહજવૃત્તિમાં નિર્લજ્જપણું, આવી જાતનાં ઊલટાં પ્રતિબિમ્બો મત્સરના અરીસામાં ગિરિજાવહુને દેખાવા લાગ્યાં. પરંતુ આ ભાવી સંકટનું જનકકારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદ્યપિ બાલ્યાવસ્થામાંજ હતું. છતાં ત્યાંસુધી ભોળાનાથ અને તેની-માતાના મનને બિલકુલજ સ્વસ્થતા હતી એમ નહિ; એટલુંજ નહિ, પણ તેમનાં મન એક ભયંકર ચિંતાને લીધે અત્યંત અસ્વસ્થતાના વમળમાં સપડાયલાં હતાં. ભોળાનાથના દત્તકપિતાનું ગાંડપણ દિવસે દિવસે વધતું જતું હતું અને તે ઓછું થવાની બિલકુલજ આશા નહોતી. એની પેડેજ એનો પિતા, પ્રપિતા અને પિતામહ વગેરે પણ ગાંડા થયેલા હતા. એવો પોતાના કુટુંબનો પૂર્વઇતિહાસ ભોળાનાથના કાન પર આવ્યો હતો; એથી તેના મન પર પણ આ પૂર્વપરંપરાનું બહુ વિલક્ષણ પરિણામ થવા લાગ્યું. આ ગાંડાના વંશમાં આવી પડવાથી પોતે પણ વૃદ્ધાવસ્થામાં આવીજ ગાંડી સ્થિતિમાં આવી પડશે કે શું, એવી દહેશતથી તે પોતાના તારુણ્યમાંજ ગાંડો થયા જેવો થયો હતો. આ આનુવંશિક ગાંડપણની બાધા ક્યાં અને કેવી રીતે ઉત્પન્ન થાય છે એ બાબતમાં તેણે ઘણી ઘણી તપાસ કરી; પરંતુ ચતુર્થ સંબંધની હમણાંની માતા સિવાય જૂની પેઢીઓની માહિતી આપે એવા ઉપાધ્યાયજી વગેરે કોઇ હયાત ન હોવાથી એ બાબતનો તેને કંઇજ પત્તો લાગ્યો નહિ. એથી તે ભ્રમિષ્ટની જેમ ફરવા લાગ્યો. પરંતુ એના કરતાં એના પિતાનું ભ્રમિષ્ટપણું તેમજ ગાંડપણ દિવસે દિવસે વધારેજ અનિવાર્ય થવા લાગ્યું. હવે પોતે વધારે દિવસ બચનાર નથી અને પોતાનો અંતકાળ નજીક આવ્યો છે એમ સમજીને એક દિવસે મધ્યરાત્રિના અરસામાં ઘરનાં તમામ માણસો સૂઇ ગયાં ત્યારે તેણે ભોળાનાથને ઊંઘમાંથી જગાડ્યો અને તેનો હાથ પકડીને તેની સાથે બોલતાં બોલતાં તે વૃદ્ધ પોતાના ઘરમાંના એક દૂરના પડી ગયેલા બુરજના દરવાજા તરફ જવા લાગ્યો.

રસ્તામાં જતાં તે ભોળાનાથને કહેવા લાગ્યોઃ “ભોળાનાથ, આપણે આ ઉત્તર તરફના બુરજ તરફ જઇએ છીએ. આજ તે ઉત્તર દિશા. આ ઝાડની ઉપરજ ક્યાંય પણ ધ્રુવ નક્ષત્ર હોવું જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં મને તે સારી રીતે દેખાતું હતું; પરંતુ હમણાં હમણાં તે મને દેખાતું નથી. એટલું દૂર શા માટે? મારા નાકની દાંડી પણ મને હમણાં હમણાં દેખાતી નથી! આખી રાતમાં મને ઊંઘ તો કદી આવતીજ નથી અને જ્યારે આવે છે ત્યારે મને એવાં ભયંકર સ્વપ્નાં આવે છે કે, એમાંથી હું જાગું છું કેવી રીતે એનુંજ મને આશ્ચર્ય થાય છે! ભયંકર અવાજ સંભળાય છે! કિકિયારીઓથી કાનના ધાક પડી જાય છે! વિકાળ યમદૂતો મારી આસપાસ નાચવા લાગે છે અને પોતાનો પાશ મારા ઉપર નાખવાનો પ્રયત્ન કરવા લાગે છે! આવી સ્થિતિમાં હવે હું વધારે દિવસ જીવીશ એમ મને લાગતું નથી. મારી પાછળ તું બધી વ્યવસ્થા બરાબર ચલાવશેજ; પરંતુ તને જ્યારે ખરચવા સારૂ પૈસા જોઇશે ત્યારે તે ક્યાંથી અને કેવી રીતે મળશે એટલુંજ માત્ર બતાવી આપવાનું રહ્યું છે અને એટલા સારૂંજ હું તને આ પડી ગયેલા બુરજ તરફ લઇ જાઉં છું. તે પૈસા તને ફક્ત દર અમાસે તેમજ પુનમના દિવસેજ મળશે!" આમ કહેતો કહેતો તે વૃદ્ધ આગળ ચાલ્યો અને આશ્ચર્યચકિત થયેલો ભોળાનાથ કંઇ પણ ન બોલતાં તેની પાછળ પાછળ ચાલ્યો. વૃદ્ધે બુરજની બહારના દરવાજાનું તાળું ઉઘાડી અંદર ગયા બાદ એક જીનો ઊતરીને તે બંને નીચા ગયા. ત્યાર પછી તેણે એક સપાટ ફરસબંધીમાં એક ઝીણો ચીરો અગાઉથી કરી રાખ્યો હતો તે કૃત્રિમ સાધન વડે બિલકુલજ ઊંચકીને બાજુમાં સેરવ્યો. તેની નીચે બીજો એક માર્ગ જણાયો. એ પગથિયાં પરથી નીચે ઊતર્યા બાદ તે વૃદ્ધે ત્યાં આગળ એક બારીક દીવો સળગાવ્યો અને તે લઇને તેણે આગળના એક મોટા ભવ્ય પથ્થરના ઓરડાનું બારણું ઉઘાડ્યું. બારણું ઉઘાડતાંજ તે ડોસાના હાથપગ એટલા ધ્રૂજવા લાગ્યા કે, તેના હાથમાંનો દીવો નીચેજ પડત; પરંતુ ભોળાનાથે તે પોતાના હાથમાં લઈ લીધો. ડોસો પોતે એટલો બધો ગભરાયો હતો તોપણ પોતાના છોકરાને તેણે કહ્યું: " બીશ નહિ, ગભરાઇશ નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારા શરીરે આ ધામ શાનો છૂટયો છે? આ જો, આપણી સર્વ સંપત્તિ આ ઠેકાણે ભરી રાખેલી છે." આ શબ્દ સાંભળતાં સાંભળતાં ભોળાનાથનું લક્ષ દીવાના ઝાંખા પ્રકાશમાં અસ્પષ્ટ દેખાતા તે ઓરડામાંના ભયંકર દેખાવ તરફ ગયું! એ ઓરડામાં સોનાની મહોરોથી ભરેલા મોટા મોટા અનેક ચરુઓ મૂકેલા હતા, પરંતુ એ ચરુઓ પર જ્યારે ભોળાનાથની નજર ગઇ, ત્યારે તેની નજરને ત્યાં શું દેખાયું? પ્રત્યેક ચરુ ઉપર કોઇ ને કોઇ એકેક ભયંકર અને વિકરાળ સ્વરૂપનું ભૂત બેઠેલું છે એમ તેની નજરે પડયું! આ ભૂત કોના હતાં? કેટલાક ચરુ પર વૃદ્ધ માણસોનાં ભૂત બિલકુલ હાડપિંજર જેવા ભયાનકરૂપે બેઠેલાં હતાં! કેટલાક ચરુ પર અનાથ વિધવા સ્ત્રીઓનાં ભૂતો કરુણાજનક સ્વર કાઢતાં અને કેટલાંક પોતાની છાતી કૂટી રહેલાં હતાં! કેટલાક ચરુ પર વિષપ્રયોગથી કાળાં ઠીકરાં જેવા થઇ પડેલાં અને છરીઓના જખમથી લોહીલોહાણુ થયેલાં બાળકોનાં ભૂત ચિચિયારી પાડી રહ્યાં હતાં! આવી રીતે તે ભવ્ય ઓરડો પણ તમામ ભૂતોથી, પિશાચોથી અને માથાં વિનાનાં ધડોથી ચિકાર ભરાઈ ગયેલો હતો. કેટલાક ચરુ પર શરીરે વેંત વેંત જેટલા કેશ વધેલા અને આંખમાંથી જ્વાળા વરસાવનારા એવા વીસ વીસ હાથ લાંબા અને હાથીની સૂંઢ જેવા જાડા મહાભુજંગો પોતાના દેહનું ગૂંચળું વાળી પોતાની ફેણ વડે ફુત્કાર કાઢતા બેઠા હતા. કેટલાક ચરુમાંથી આગની જ્વાળાઓ નીકળતી હતી! અને કેટલાક ચરુમાંની મહોરો ક્ષણમાં સોનાની દેખાતી તો ક્ષણમાં એ બધીના કોલસા થઇ જતા! એ પથ્થરના ઓરડાનાં કમાડ ઉઘાડેલાં જોઇને ત્યાંના તે તમામ ભૂતો આ દુષ્ટ અમારું દ્રવ્ય હરણ કરવા સારૂ આવ્યો છે એમ કહીને એકદમ બૂમો પાડવા લાગ્યાં, ચિચિયારીઓ પાડવા લાગ્યાં અને ગાંડાંની પેઠે આમતેમ દોડીને દરવાજા આગળ તેને અંદર ન આવવા દેવાના ઇરાદાથી ખૂબ ગિરદી કરવા લાગ્યાં! એ વખતે ગભરાટમાં જીભ ટૂંકી થઇ જવાથી ડોસાએ અસ્પષ્ટ શબ્દ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડે પોતાના છોકરાને કહ્યું: "હં, થા આગળ; અને આમાંના એક ચરુમાંથી તારા ખોબામાં આવે તેટલી મહોરો ચટ દઇને લઇ આવ. આ બધાં ભૂત તારા ઉપર ધસી આવે તોપણ તું બીતો ના. એની સાથે મારામારી કરીને અને તેને બાજુમાં ધકેલી દઇને તું એ ચરુમાંની મહોરો લઇ આવ." આમ ડોસાએ કહ્યું, પરંતુ ભોળાનાથની તેમ કરવાની છાતી ચાલી નહિ! છેવટે છોકરાને પથ્થરની જેમ સ્તબ્ધ અને ઠંડોગાર થઇ ઊભો રહેલો જોઇને ડોસો આગળ વધ્યો અને એક ચરુમાંથી મહોરો કાઢવા લાગ્યો. એ વેળાએ તેનું અને તે ભૂતોનું જે યુદ્ધ જામ્યું તે જોઇને તો ભોળાનાથ બિલકુલજ મૃતપ્રાય થયો. પછી થોડીક શુદ્ધિ પર આવીને તેણે પોતાના બાપને પોતાને તાબે લેવાનો પ્રયત્ન કર્યો. એ ડોસાને ભૂત એક બાજુમાં ખેંચતાં હતાં અને તેનો છોકરો બીજી બાજુમાં ખેંચતો હતો. છેવટે ભોળાનાથે મહામુસીબતે તેના બાપને એ પથ્થરના ઓરડાની બહાર ખેંચી આણ્યો અને ઝટ દઇને તે ઓરડાનાં બારણાં મજબૂત વાસી દીધાં. થોડી વાર પછી તેનો પિતા શુદ્ધિમાં આવ્યો અને પોતે કેટલી મહોરો કાઢી આણી છે તે ગણી ધોતિયાને છેડે બાંધી લઇને છોકરાના ખભે માથું મૂકીને આવેલ રસ્તે પાછો આવ્યો. છોકરો ભોળાનાથ પોતાના પિતાને સંભાળતો સંભાળતો એ પડી ગયેલા બુરજના દરવાજામાંથી બહાર પડ્યો, ત્યાંજ તે બુરજ ઉપર તેને પૂર્વે સ્વપ્નમાં દેખાયેલી પેલા પુરુષની આકૃતિ ઊભી રહીને પોતાના તરફ જોઇ રહેલી નજરે પડી!

× × ×

માતા—તારા પિતા હમણાં જેવા માંદા પડ્યા છે તેવાજ તે દર અમાસ અને પૂનમ પછી પડતા હતા. દર અમાસ અને પૂનમે મધ્ય રાત્રિએ ઊઠીને જતા અને સોનાની મહોરો લઇ આવતા, પણ તે ક્યાં જાય છે અને મહોરો ક્યાંથી આણે છે તે મારાથી કંઇજ સમજી શકાતું નહિ. મહોરો લઇને આવ્યા પછી તેમના હાથપગ કાંપતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, શરીરે ધામ છૂટેલો હોય અને પછી ટાઢિયો તાવ ભરાઇને તે ઢગલા જેવા થઇને પડતા. એ તાવની ધૂનમાં કોઇ વાર તે બેશુદ્ધ થઇ જતા અને કોઇ કોઇ વાર ભૂતપલિતની બાબતમાં કંઇ કંઈ બડબડતા! મને આજ સુધી એ બધાનો કંઇજ અર્થ સમજાતો નહોતો, પણ ભોળાનાથ, તેં હમણાં જે ભયંકર હકીકત કહી એ ઉપરથી તમામ હકીકત મારા લક્ષમાં આવવા લાગી છે!

ભોળાનાથ—માતા! એ ભયંકર હકીકતનું તે શું કહેવું! શું એ મૂએલાં માણસોની જીવંત વાસના! અને શું તે બળી ગયેલાં શરીરનાં ભયંકર અને બિભત્સ રૂપાંતરો! મને લાગે છે કે, આવો દેખાવ કોઇએ પણ જોયો નહિ હોય! નહિ નહિ, તેનું સ્મરણ સુધ્ધાં મને નહિ જોઇએ! આખી દુનિયાની સંપત્તિ આપવાનું મને કોઇ કહે તોપણ હું ફરીને એ જગાએ જવાનો નહિ! મને લાગે છે કે, ત્યાં હમણાં જેટલાં ભૂતો થઇને રહ્યાં છે તેટલાંની સંપત્તિ અમારા કોઈ પણ પૂર્વજે અન્યાયથી તેમને લૂંટીને કે મારી નાખીને છીનવી લીધી હશે! કેવો આ સંપત્તિનો મોહ! સોનામહોરોથી ભરેલા આટલા બધા ચરુ એક કુટુંબને માટે—એક વ્યક્તિને માટે—એક યઃકશ્ચિત માનવપ્રાણીના ક્ષણિક સુખને માટે—બીજા સેંકડો લોકોને કંગાલ બનાવીને એક ઠેકાણે સંગ્રહી રાખવામાં શો ફાયદો? જે વંશના પૂર્વજોએ પોતાના એકલાના પેટનો ખાડો પૂરવા સારૂ આવી રીતે હજારો લોકોને સતાવી તેમના જીવ લીધા, તેની આગલી પેઢીમાં ઔરસ સંતતિ ન થાય તો તેમાં આશ્ચર્ય તે શાનું? બધાંનાં ગળાં કાપીને એકજ જણ જો કહે કે, તે બધાની સંપત્તિ હું મારા પોતાનાજ ચરુમાં મૂકી દઉં તો તેનું તે કાર્ય ન્યાયી પરમેશ્વરને કેવી રીતે માન્ય થાય? એટલા આત્માઓનો તડફડાટ અને એટલી વાસનાઓના શાપ જેના માથા પર પડે છે તેને ચેન કેવી રીતે પડે? અને તેની સંતતિ નષ્ટ કેમ ન થાય? આટલાં ભયંકર પાતકો જેના પૂર્વજોના હાથે થયેલાં છે તેના વંશમાંની કોઇ પણ સ્ત્રીના પેટમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગર્ભ હોય તો તે ગળીજ પડવો જોઇએ ! ગળી ન પડે તો, ગર્ભાશયની અંદરજ આ પાતકોના નિખારાથી તે બળીને ખાક થઇ જવો જોઇએ !

માતા—હાં હાં ! ભોળાનાથ, એવું ન બોલ. સહજ આવેશમાં તારા મોંમાંથી નીકળનારાં આ શાપવચનો કોને લાગુ પડે છે અને તે કોને બાધક થવાનો સંભવ છે એની તને કલ્પના સુધ્ધાં નથી ! તું તારી પોતાની માને એવો શાપ ન આપ ! તું તારા પોતાના ભાઇને આવાં કઠોર શાપવચનોથી બાળીને ભસ્મ ન કર ! હું હજુ સુધી કોઇની પાસે કંઇ બોલી નહોતી; પરંતુ પુત્રપ્રેમ બહુ કઠિન છે. આ વખતે મારાથી બોલ્યા સિવાય રહેવાતું નથી—ભોળાનાથ, તું આમ ચમકે છે કાં ? અને આ સાંભળીને તારા કપાળમાં આ ગુસ્સાની કરચલીઓ કેમ પડી ? મને પુત્ર થાય, તો તને બિલકુલ હાંકી કાઢવામાં આવશે કિંવા તે તારી સંપત્તિનો અરધો ભાગીદાર થશે, એથીજ શું તને આ સાંભળીને વસમું લાગ્યું કે ?

ભોળાનાથ—નહિ ! નહિ ! માતા, તારા ચરણના સોગન ખાઇને કહું છું કે, એ વિચાર મારા મનને સ્પર્શ્યો સુધ્ધાં નથી. મને આ નવકોટ સંપત્તિ પૈકી અને પેલા સેંકડો ચરુઓ પૈકી એક કણનીયે ઇચ્છા નથી. જે ધર્મબંધને અને જે ધર્મસંસ્કારે મને તમારા દત્તક પુત્ર તરીકે બનાવ્યો છે, તે બંધનો જો મારાથી તોડી શકાય તેમ હોય અને તે સંસ્કાર જો માનવપ્રાણીથી તુચ્છ માની શકાતા હોય, તો આ તમારા વંશની સાથે જોડાયલો મારો સંબંધ તોડી નાંખવાને હું એકપગે તૈયાર છું ! હું ભિક્ષા માગીને મજેથી પેટ ભરીશ. આ બધી સંપત્તિ તને થનારા છોકરાને મુબારક હો !

માતા—નહિ ! નહિ ! ભોળાનાથ, મારા એ નાનકડા બાળક પર તું આટલો નિષ્ઠુર ન થા. જે ભાર સહન થવો તને સુધ્ધાં શકય લાગતો નથી, તે ભાર હજુ જન્મમાં સુધ્ધાં ન આવેલા તે કોમળ અર્ભકના પર નાખીને તું તારૂં અંગ કાઢી લે છે એ શું તને શોભે છે કે ? તને ઠીક લાગે છે કે ? જ્યાંસુધી કેવળ સંપત્તિનીજ આશા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી, ત્યાંસુધી તું બીજા મનુષ્યને પણ પોતાનો બાપ કહેવાને તયાર થયો ! અને હવે એ સંપત્તિ પર ખવીસ અને કબંધ ભૂત વગેરે બેઠેલાં છે એ જોતાંની સાથેજ તું મારા પેટમાંના ગોળાને આગળ કરવાને તૈયાર થાય છે ! આને શું તારી માતૃભક્તિ કહેવી કે તારા બંધુપ્રેમ તરીકે તેનું વર્ણન કરવું ?

ભોળાનાથ—માતા, ત્યારે તુંજ કહે કે હવે મારે શું કરવું ?

માતા—એ સંપત્તિ ઉપર જો આટલાં બધાં ભૂતો બેઠેલાં હોય તો ગમે તેમ કરીને મારૂં આ બાળક એ ભાવી સંકટમાંથી બચી જવા પામે એવો કંઇ પણ તોડ કાઢ.

ભોળાનાથ—ઠીક છે. પ્રત્યેક અમાસે અને પૂનમે એ ભૂતની ભયંકર યાતનાઓ મારે વેઠવી કે ભવિષ્યમાં જન્મનારા મારા ભાઇએ વેઠવી, એજ પ્રશ્ન છે. પણ એમાં પ્રશ્ન તે શાનો ? એ યાતના વેઠ-વાની જવાબદારી અને જોખમ હું મારા પોતાના માથે લઉં તો એ અર્ભકનું જીવન સુખ અને આનંદમાં જાય એમ છે, તો પછી બીજા-ને સુખ આપવા સારૂ હું દુઃખ વેઠવાને કેમ તૈયાર ન થાઉં ? પરો-પકારને માટે માતા, તું કહેશે તે સંકટ વેઠવાને હું તૈયાર થઇશ !

માતા—ઠીક છે. મને જો છોકરો થાય તો તેને આ ભયંકર યમયાતના વેઠવાનો કદી પણ પ્રસંગ ન આવે એટલા સારૂ આ આપણા આનુવંશિક દુઃખનો ભાર તું તારા માથે લઇને મારા એ ભાવી બાળકને એવી કોઇ જગાએ દૂર લઈ જઇને રાખ કે, તે આ કુળમાંનો છે એમ તેને કિંવા બીજા કોઇને કયારેય જાણવામાં ન આવે ! માત્ર હમણાં વખત મારી લેવાના ઇરાદાથી હા કહ્યે કંઈ ચાલવાનું નથી; ગમે તેમ થાય તોપણ હું એ વ્યવસ્થા કરીશ એવું મને વચન આપ !

ભોળાનાથ—માતા ! જો હું એમ કરૂં તો કેવળ ધનલોભથી તેમજ પોતાના નાના ભાઇનો હક ડુબાડવાના હેતુથી-હું મારા માર્ગમાં આડો આવતો કાંટો કાઢી નાખવાને પ્રવૃત્ત થયો છું એમ કહી લોકો મને બદનામ કરશે, તોપણ પૂજ્ય માતા, તારા શબ્દને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમજ પરોપકારને માટે હું તારા ચરણમાં મસ્તક નમાવીને કહું છું કે, હું તારી ઇચ્છા પ્રમાણે વ્યવસ્થા કરીશ અને તેને પ્રત્યેક અમાસ તેમજ પૂનમની મધ્યરાત્રે ભૂતની સાથે યુદ્ધ કરવાની કે ગાંડા બની ચીસો પાડવાની મહાયાતનામાંથી મુક્ત કરીશ!

માતા—ઇશ્વર તારૂં કલ્યાણ કરો!

"પોતાનો ધણી અને પોતાની સાસુ એ બન્ને કેટલી વારથી એકાંતમાં બેઠાં છે! હજુ પણ તેમની મસલત પૂરી થઈ નથી કે? મનની નહિ તો નહિ, પણ જનની તો લાજ મનુષ્યને જોઇએ કે નહિ?" આમ બોલતી બોલતી ભોળાનાથ અને તેની માતા જે દીવાનખાનામાં એકાંતમાં વાતો કરતાં બેઠાં હતાં ત્યાં આગળ તે મત્સરથી કલુષિત થયેલી ગિરિજાવહુ આવી અને બારણાંની પછવાડે લપાઇને જોવા લાગી, તો ભોળાનાથ પોતાની માની સામે ઘૂંટણિયે પડી તેની પ્રાર્થના કરી રહ્યો છે, એ અવસ્થામાં તેની નજરે પડચો; ત્યારે તો તેનો મત્સરાગ્નિ ખૂબજ ભભૂકી ઊઠચો અને ભળતીજ કલ્પનાથી તેનો સંશય અતિશય બળવાન બન્યો. એટલામાં ભોળાનાથ બારણું ઉઘાડીને બહાર આવ્યો, તો બારણા આગળ પોતાની વહુને ઊભી રહેલી જોઇને તેને બહુ આશ્ચર્ય થયું! પરંતુ તેની પછવાડેજ થોડે દૂર પેલા સ્વપ્નમાંના પુરુષની ઝાંખી ઝાંખી આકૃતિ જોઇને તો તેને જે આશ્ચર્ય લાગ્યું એની કોઇનાથી કલ્પના સુધ્ધાં થઇ શકે નહિ. આ આકૃતિ પેલા કર્માધિકારીની! એ પુરુષ જ્યાં ત્યાં મારી પછવાડેજ હોય છે તે શા માટે? એનો હેતુ શો? એણે પોતાનું નામ કર્માધિકારી તરીકે મને એ સ્વપ્નની વેળાએ જણાવ્યું છે તેનો અર્થ શો? આવા અનેક પ્રશ્ન તેના મનમાં ઉદ્‌ભવ્યા. પરંતુ એના કરતાં તેની એ વખતની ચિંતાઓ વધારે મહત્ત્વની હતી; કારણકે તેના દત્તકપિતાની પ્રકૃતિ બિલકુલજ અસ્વસ્થ થયેલી હતી.

ભોળાનાથના પિતાના મરણ બાદ તેની ઉત્તરક્રિયા વગેરે વિધિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યથાશાસ્ત્ર થઈ. ફક્ત તેનાં અસ્થિ ક્યાંય પણ તીર્થમાં લઈ જઇને નાખવાનાં રહ્યાં હતાં. એ સિવાયનાં બાકી તમામ કામ થઈ જઇને બધી સત્તા અને સંપત્તિ ભોળાનાથના હાથમાં આવી, પણ એની સાથે સુખ અને સમાધાન માત્ર આવ્યાં નહિ અને તે કદી આવતાં પણ નથી. મધ્યરાત્રી થાય કે તેના શરીરના રૂંવાડાં ઊભા થતાં! અને ભૂતકાળમાં જોયેલાં ભૂતોનું સ્મરણ થતાં તે ઘામથી તરબોળ થઇ જતો! આવા કારણથી તેને રાત્રિભર કદી ઊંઘ સુધ્ધાં આવતી નહિ. પોતાની આજુબાજુનાં તમામ માણસોને સુખશાંતિથી ગાઢ ઊંઘમાં પડેલા જોઇને તેને ખૂબ ઈર્ષા થતી. એઓ કેટલા ભાગ્યવાન છે અને હું આટલો શ્રીમંત હોવા છતાં કેટલો ભાગ્યહીન છું, એમ તેને લાગતું. એક દહાડો એક ભિખારી રસ્તેથી જતો હતો તેણે ભોળાનાથને જોઇને શ્રીમંતાઇ, વૈભવ અને ભાગ્યશાળીપણાની બાબતમાં તેની ખૂબ સ્તુતિ કરવા માંડી. તે સાંભળીને ભોળાનાથનાં નેત્રમાંથી આંસુનાં પૂર વહેવા લાગ્યાં! બિચારાની પાસે સોનાની એક મહોર સુધ્ધાં નહિ હોય એ ખરૂં; પણ તેને ભૂતોની સાથે લડવાનો પ્રસંગ કદી પણ નહિ આવતો હોય. એના એ ભિક્ષાના પાત્રમાં જે સુખ ભર્યું છે તે મારા આ સોનાચાંદીનાં વાસણમાં નથી! એના શરીર પરનાં ચીંથરામાં જે સમાધાનવૃત્તિ ભરી રાખેલી છે તે મારા આ રેશમી વસ્ત્રોમાં નથી. શ્રીમંતાઇના કરતાં ગરીબાઈ બહુજ સારી! પણ તે મારા જેવા અભાગીને આપે છેજ કોણ! હું આ ભિખારીની પાસે એનું ભિખારીપણું માગવા લાગું અને મારૂં શ્રીમંતપણું તેને આપવા લાગું, તોપણ ખરી સ્થિતિ જાણ્યા પછી તે તેમ કરવાને કદી પણ કબૂલ થવાનો નહિ! આ સંપત્તિમાંથી અને તે ભૂતોનાં સંકટમાંથી મને કોણ છોડાવશે? આવા પ્રકારના અનેક વિચારતરંગ અનેક વેળા તેના મનમાં આવતા હતા.×

× આ પછીનો ભાગ નહિ મળવાથી આ લેખ અહીંથી અધૂરો રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૧-ચાના બગીચામાં

(લેખકઃ-શ્રી. ચંદુ દેસાઈ)

(૧)

"નાથા પટેલ, એ નોકરીજ એવી છે કે બસ, બેઠે બેઠે પગાર ખાયેજ જાવ."

"હેં!"

"હા, બેઠાં બેઠાં જેવુંજ. ચાના બગીચામાં નહિ જેવું કામ કરવાનું અને પગાર શો આપીશું ખબર છે?"

"કેટલો આપશો?"

"મરદને બાર મહિને રૂપિયા બસો અને બૈરાંમાણસને ખાસ્સા રૂપિયા સવાસો સમજ્યા?"

"પણ એટલે બધે દૂર કોણ આવે? ત્યાં તો ન મળે કોઇ નાતીલો કે ન મળે કોઇ ઓળખીતુપાળખીતું."

"અરે! શું વાત કરો છો? આસામ દેશ બહુ દૂર કહેવાય? આટલા પગારે તો લોકો દરિયાપાર જવા તૈયાર થાય છે અને વળી ત્યાં તમારી નાતના કેટલાયે માણસો છે; બસ ખાય છે, પીએ છે ને લહેર કરે છે, સમજ્યા? ત્યાં તો સ્વર્ગ ઊતર્યું છે, સ્વર્ગ!"

નાથા પટેલને ગળે આ વાત ઊતરી ગઇ અને કુટુંબકબીલા સાથે આસામમાં ચાના બગીચામાં કામ કરવા જવા કબૂલ થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસામમાં ચાનું વાવેતર કરાવતી અંગ્રેજ પેઢી માટે મજૂરો લાવી દેતા દલાલને નાથા પટેલના આ નિશ્ચયથી હર્ષ થયો, પણ એ દંભી દલાલે હર્ષની લાગણી મુખ પર દેખાવા દીધી નહિ. લાગ જોઇ એણે પાસો ફેંક્યો.

"લો, ત્યારે પટેલ, મારો આના પર મતું." એણે પટેલ સામે એક છાપેલું કાગળિયું ધર્યું.

"શી બાબતનું છે?" સહેજ શંકા અને સહેજ કુતૂહલતાના મિશ્ર ભાવોથી પટેલના અવાજે કંપ અનુભવ્યો.

"કંઈ નહિ, એ તો આ સરકારનું લફરૂંસ્તો, બીજું શું? ગુજરાતમાંથી આસામમાં જવા માટે સરકારમાં અરજી નાખવી પડે ને? તે આ અરજી છે. તમે તમારે સહી કરોને એટલે થયું. બીજું કામ હું પતાવી લઈશ." પટેલ અભણ છે એ વાત જાણતાં દલાલે સહજ અવાજે કહ્યું.

"ભાઇશા'બ! હું તો અભણ છું. મારી સાથે ઠગાઇ તો નથી-કરતા ને?" નાથા પટેલે પૂછ્યું.

"શિવ, શિવ, શિવ, શિવ! આ શું બોલ્યા પટેલ? માથે હજાર હાથવાળો અને અગણિત આંખોવાળો બેઠો છે, એનીયે મને બીક તો હશે ને? હું તો તમારૂં ભલું કરવા ઇચ્છું છું પછી તો તમારી મરજી. હું તો આ હાલ્યો." અભણ ખેડૂતોની પાસેથી પોતાનું કામ કેમ કઢાવી લેવું એની ચાવી હાથ કરી દીધેલ આ રીઢા દલાલે ઊઠી ચાલ્યા જવાનો ડોળ કર્યો.

"બેસો, બેસો, ભાઇ, ખોટું ન લગાડશો; મને ગરીબને મરતો બચાવવાજ ભગવાને તમને મોકલ્યા હશે, પણ ભાઈશા'બ, મને સહી કરતાં તો નથી આવડતી."

"કંઇ વાંધો નહિ પટેલ, લાવો તમારો ડાબા હાથનો અંગૂઠો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગૂઠો પાડવા નાથા પટેલનો લાંબો થયેલો હાથ ધ્રૂજી ઊઠયો. "સરકારમાં નાખવાની અરજી છે ને? મને છેતરવા માટેનું બીજું કાગળિયું તો નથી ને?" ફરી એક વખત પટેલે સંશય-પૂર્વક પૂછ્યું. ખાતરી કર્યા સિવાય એમ ને એમ અંગૂઠો પાડી આપવો એ નાથા પટેલને રુચતું ન હતું અને એથીજ એમનો હાથ કંઇક અચકાતો હતો.

"અરે રામ! તમનેય શું થઇ ગયું છે? એક અંગૂઠો પાડી આપવો છે એમાં તે કયાં છોકરાછોકરીનાં લગ્ન કરવાનાં હતાં વળી?" અત્યાર સુધી શાંતિથી પૂરી વાતચીત સાંભળી રહેલી નાથા પટેલની પત્ની સૂરજને પતિની રકઝક પસંદ ન પડી. એને મન બધું ચોખ્ખું ચટ જેવું હતું.

પણ દંભી દુનિયાની દાંભિકતાથી એ ગ્રામસુંદરી છેકજ અજાણ હતી, આથીજ તેણે પટેલને અંગૂઠો પાડી આપવાનું જણાવ્યું. ભોળા બિચારા અભણ નાથા પટેલે છેવટે આ પરદેશી લુચ્ચા દલા-લના વચનમાં ભરોંસો મૂકી અંગૂઠો પાડી આપ્યો. કુટુંબનાં બીજાં માણસોના પણ અંગૂઠા લેવાઈ ગયા અને એ દંભી દલાલે એ કાગળો સંભાળપૂર્વક ખીસામાં મૂકી દીધા. એના મુખ પર લુચ્ચું હાસ્ય તરવરી રહ્યું.

(૨)

બીજેજ દિવસે નાથા પટેલે પોતાના વતનમાંથી ઉચાળા ભર્યા! વતન છોડતી વખતે તેમનું હૈયું ભરાઇ આવ્યું. બાપદાદાનું ઘર છોડી જતાં ભલભલા પશુનું હૃદય રડી ઊઠે છે, તો પછી બિચારા નાથા પટેલ તો કોણ માત્ર? એમની આંખમાંથી આંસુ સરી પડ્યાં.

પણ એમને આખરે વતન છોડયેજ છૂટકો હતો. છેલ્લાં ચાર વર્ષથી તે પાયમાલીને પગથિયે જઈ બેઠા હતા. દેશમાં અતિવૃષ્ટિએ અને અનાવૃષ્ટિએ જાણે એકેક વર્ષના વારા કર્યા હતા. એણે તો ઢીમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢાળી દીધાં હતાં. ચાર ચાર વર્ષથી ખેડૂતોને સૂકો રોટલો મેળવવો મુશ્કેલ બન્યો હતો. કુદરતે પાકને નિષ્ફળ કરવામાં કચાશ તો નો'તી રાખી. ખેડૂતોની કરીકારવી મહેનત અંતે પાણીમાં જતી હતી. હિંદ ખેતીપ્રધાન દેશ મટી વેપાર અને ઉદ્યોગપ્રધાન દેશ થશે તોજ સુખી, સ્વતંત્ર અને સમૃદ્ધ થઈ શકશે, એવા સંદેશા કુદરત પોતેજ મોકલી રહી હતી. ગમે તેમ પણ છેલ્લાં ચાર વર્ષમાં કેટલાંયે આબરૂદાર ખેડૂત કુટુંબો ખેદાનમેદાન થઇ ગયાં હતાં. કેટલાયે મજબૂત સશક્ત દેખાતા યુવાનોના દેહ હાડપિંજરનું ભાન કરાવતા હતા.

આ સ્થિતિનો લાભ ઉઠાવવા આસામમાં ચાનું વાવેતર કરાવતી અંગ્રેજ પેઢીઓના અસંખ્ય દલાલો, મજૂરો મેળવવા માટે સારાયે હિંદને ગામડે ગામડે ઘૂમી રહ્યા હતા અને ભોળા તેમજ અભણ ખેડૂતોને પગારની મોટી લાલચો આપી, વાતોના સુખનો અનુભવ કરાવી તથા આડુંઅવળું સમજાવી કરારપત્રોમાં તેમના અંગૂઠા લઇ, આ દલાલો તેમને આસામમાં મોકલી આપતા. મોઢે તે લોકો ખેડૂતોને 'ઓછા-નહિ જેવાજ કામ માટે ભારે પગાર આપવામાં આવશે' એમ સમજાવતા. જ્યારે કરારપત્રોમાં એથી ઊલટુંજ લખાણ હતું, કે જેથી ખેડૂતો ઓછા-નહિ જેવા પગારથી સખ્ત કામ કરવા જિંદગીભર બંધાતા હતા.

(૩)

"નાથા પટેલ છે કે?"

પોતાના બાપને ખોળતો આવનાર આ માણસને જોઇ રામાને નવાઈ લાગી. હજી તો એમને ત્યાં આવ્યે પૂરા બે કલાક તો થયા ન હતા. આસામ પ્રદેશથી તેમનું કુટુંબ સાવ અજાણ્યું હતું. ન તો તે ત્યાં કોઇને ઓળખતા, કે ન તો ત્યાંનું કોઈ તેમને ઓળખતું. આવા સંજોગોમાં નાથા પટેલની ખબર કાઢતો આવનાર આ માણસ કોણ હશે? એમ વિચારતો રામો કંઇ જવાબ આપે તે પહેલાંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડે દૂર ખાટલા પર હુક્કો ગગડાવતા નાથા પટેલનો સાદ સંભળાયો. "કોણ છે ભા? એ જે હોય તે અહીં આવો." આવા અજાણ્યા મુલકમાં ગુજરાતી ભાષા બોલતા અજાણ્યાને જોઇ નાથા પટેલને હર્ષ થયો અને વગર ઓળખ્યે એને પોતાના મહેમાનની જેમ આવકાર આપ્યો. અજાણ્યો આવીને નાથા પટેલ પાસે બેઠો. "નાથા પટેલ, મારું નામ કાનજી છે. હુંયે ગુજરાતનો વતની છું. આજે ખેતરમાં કામ કરતા વાત સાંભળી કે, નાથા પટેલ નામના કોઇ ગુજરાતી કુટુંબ સાથે અહીં આવેલા છે. તપાસ કરતાં વાત ખરી લાગી એટલે હું તમને મળવા આવ્યો."

"ભલે આવ્યા ભાઇ, ભલે આવ્યા બાપુ. પણ કાનજીભાઇ, અમને તો અહીંયાં ક્યાંયે ગોઠતું નથી." નાથા પટેલે ફરિયાદ કરી.

"ગોઠશે ભાઇ, બધુંયે ગોઠશે." નાથા પટેલે આપેલા હુક્કાની નળી મોમાં ઘાલતાં કાનજીએ વિચિત્ર ભાવોથી કહ્યું. "પણ નાથાભાઇ, ગુજરાતમાં કેમતું છે?"

"હવે તો એવુંજ ભાઇ. વર્ષો મહાખરાબ આવ્યાં, અને હિંદની લીલી વાડી ગુજરાત પણ હવે તો સુકાઇ ચિમળાઈ ગઇ છે. એને લીધે તો અમારે છેક આટલે દૂર આવવું પડ્યું; નહિ તો વતન છોડવું કોને ગમે?" બોલતાં બોલતાં પટેલની આંખમાં આંસુ આવી ગયાં.

પછી તો બન્ને વચ્ચે વાતો ચાલી. વતનની વાતો થઇ અને કાનજીએ આસામ પ્રદેશનીયે વાતો કહી. કાનજીએ ચાના બગીચામાં કામ કરતા મજૂરો ઉપર દેખરેખ રાખનાર ગોરા અમલદારોના જુલમોનું વર્ણન કર્યું. "ચાના બગીચામાં કામ કરવું અને નરકમાં સબડવું સરખુંજ છે." એ કાનજીની વાતોનો સાર હતો. અને નાથા પટેલને ત્યારેજ ખબર પડી કે, પોતાના કુટુંબે જેના પર અંગૂઠા આપ્યા હતા, તે એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં જવા માટે સરકારને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરજી ન હતી, પણ તેમને ઘણાજ ઓછા બલકે નામનાજ પગારથી જિંદગીભર ચાના બગીચામાં વૈતરું કરવાને બંધન કરતું કરારપત્ર હતું. "કરારપત્ર પર અંગૂઠો આપી ચૂકેલો ખેડૂત જો નાસી છૂટવાનો પ્રયત્ન કરે, તો તેને ગમે ત્યાંથી પકડી લાવી આ ગોરા અમલદારો શિક્ષા કરે છે એ પણ કાનજીએ પટેલને જણાવી દીધું.

જ્યારે કાનજી ઘેર જવા ઊઠ્યો, ત્યારે હુક્કામાંના રહ્યાસહ્યા પાંચેક અંગારા બુઝાઇ ગયા હતા. પૃથ્વી પર અંધકાર જામતો હતો. નાથા પટેલની સ્થિતિ અવર્ણનીય હતી. કાનજીની વાતોએ તેમને ઘેલા જેવા બનાવી મૂક્યા હતા. તેમનું મગજ ઘણીજ ઝડપથી કામ કરી રહ્યું હતું. "હાય, હવે અહીં આવ્યા તે આવ્યાજ. કદીયે ફરી દેશ જવાનુંજ નહિ?" નાથા પટેલ બબડ્યા. થોડાઘણા રૂપિયા ભેગા કરી સારાં વર્ષો આવે એટલે દેશમાં પાછા જઇ પહેલાંની માફક ખેતી કરવી એવી છાની ઇચ્છા પટેલના હૃદયના એક ખૂણામાં વાસ કરી રહી હતી. આસામમાં પાંચેક વર્ષજ રહેવાનો એમનો ઇરાદો હતો. હજી તો વતન જઇ તેમની નાની રૂખીને ધામધૂમથી પરણાવવાના પટેલ કોડ સેવતા હતા. પણ હવે? પટેલે આંખો મીંચી દીધી. વતનમાં જવાની ઇચ્છા જાણે એમની મશ્કરી કરતી, હસતી આકાશમાં અદૃશ્ય થઈ ગઇ! પૌત્રીને પરણાવવાના કોડ એમની આંખમાંથી નીકળતાં ઊનાં આંસુમાં ઓગળી જઇ જમીન પર સરી પડ્યા. મનમાં ચાલતી આ ભાંજગડને લીધે નાથા પટેલ બેચેન બની ગયા અને વિચારશૂન્ય બની એમણે ખાટલામાં લંબાવ્યું.

(૪)

નાખી નજર ન પહોંચે તેવી, ચાનાં લીલાંછમ ખેતરોની લાંબી લાંબી હરિયાળી હારો દૂર દૂર ચાલી જતી હતી. હજુયે મજૂરો ત્યાં કામ કરી રહ્યા હતા. દૃશ્ય સુંદર હતું. પૃથ્વીએ જાણે સ્ત્રીપુરુષોની રંગબેરંગી ટીપકીની લીલી ઓઢણી ઓઢી ન હોય! પણ હાય! એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃશ્ય જેટલું સુંદર હતું, તેટલુંજ કરુણ હતું. ઠેર ઠેર ઘૂમતા દારૂના નશામાં ચકચૂર બનેલા, મજૂરોને અનેક જાતની બિભત્સ ગાળો દેતા, કોઇ કોઇ મજૂરને વિનાકારણે મારતા અને સ્ત્રી વર્ગ તરફ કુદૃષ્ટિએ જોતા અંગ્રેજ અમલદારો નરકની સજા કરતાં પણ વધારે ભયંકર લાગતા હતા. એશઆરામ અને બીજાની પીડાની દરકાર કર્યા સિવાય પોતાની ઇચ્છાઓને પોષવાની અમલદારોને ટેવ પડી ગઈ હોય છે. દિવસમાં દોઢસોથી બસો મજૂરોને ચાબુકથી ફટકાર્યા સિવાય એમને ચેનજ ન પડે! પાંચ દસ સ્ત્રીઓના નિસાસા લીધા સિવાય એમને જંપજ ન વળે! તેમાંયે જેકસન, વિલિયમ અને ડેવિડની ત્રિપુટીની તો આ પ્રદેશમાં હાક વાગતી હતી. આ ત્રિપુટી મજૂરો પર જુલમો વરસાવવામાં કાંઈ બાકી ન રાખતી. એ લોકો પોતાને એ પ્રદેશના રાજા માનતા. એ અમલદારોની જાલીમ ચક્કીમાં પિસાઇને ત્યાંના મજૂરો જીવંત હાડપિંજર બની ગયા હતા. એક પણ દિવસ એમને કામમાંથી રજા તો મળેજ શાની? મજૂરોનો એકે દિવસ એવો જતો નહિ કે, જ્યારે તેઓ આ સાહેબોની બીભત્સ ગાળો અને તેઓના શરીર પર ચાબુકના સપાટા સિવાય તે ઝૂંપડીઓમાં પાછા ફર્યા હોય. ચાબુકને ફટકે ફટકે ઊછળતી લોહીની છોળોથી કેટલાએ ચાના છોડ રંગાતા હશે! નિર્દોષ મજૂરોની હાયવરાળોથી એ છોડ કાળા પડી જતા હશે! અને...અને નિર્દોષનાં લોહીથી રંગાયેલ, નિર્દોષનાં હૃદયની હાયવરાળોથી કાળી પડી ગયેલી એ ચાનું આપણા કેટલાયે દેશબાંધવો આનંદથી સેવન કરતા હશે! લોહીનો પાસ બેસવાથી રાતું પડેલું ચાનું ઊકળતું પાણી જોઇનેજ ગરીબ બિચારા નિર્દોષ મજૂરોની, ચા-ભક્તોને દયા કેમ નહિ ઊપજતી હોય? ગરમ ચામાંથી નીકળતી મજૂરોની હાયવરાળો દેખીને પણ એ ભક્તોનાં દિલ કેમ દાઝતાં નહિ હોય? હશે! હિંદ કદાચ અંદર અંદરના કુસંપોને લીધે બેહાલ બન્યું હશે, પણ હિંદીઓ પોતાનાજ દેશબાંધવોના દુઃખે, પોતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખ અનુભવવા હિંદવાસીઓની કાળમીંઢ ભાવનાને લીધેજ હિંદ બેહાલ બન્યું છે. આસામના પ્રદેશમાંથી આનંદ તો જાણે આંદામાનના કાળા પાણીની સજાએજ મોકલી દેવામાં આવ્યો છે! પણ આનંદ તો આંદામાનમાંયે નથી; એટલે કદાચ એ આંદામાન લઇ જતાં અધવચ દરિયામાંજ ડૂબકી મારી તળિયે જઇ બેઠો હશે! 'ઉત્સવ' જેવો કોઈ શબ્દજ આસામના ચાના ખેતરોમાં કામ કરતા મજૂરોની ડિક્ષનેરીમાંજ નહિ હોય! અને તેમાંયે મજૂરો પર દેખરેખ રાખનાર ગોરા અમલદારોનું તો પૂછવુંજ શું? વિશ્વાસઘાત જેમનો ધંધો છે, નિર્દયતા જેમનો એશઆરામ છે, સખ્તાઈ અને જુલમ જેમનો જીવનમંત્ર છે, ગાળો જેમની ગીતા છે, પૈસો જેમનો પરમેશ્વર છે, દારૂ જેમનો દેવ છે, વિષયલંપટતા જેમનો જીવનરસ છે, રંક સ્ત્રીઓને રંજાડવામાં તેમજ શિયળ સાચવતી સતીઓને સતાવવામાં જેઓ શૂરાપણું અને સાધુતા સમજે છે, દૂબળા દેશીઓને દમદાટી દેવામાં જે દિવ્યતા અનુભવે છે, માર મારવામાંજ જે સાચી માનવતા સમજે છે, એવા અમલદારોની જાલિમ ચક્કીમાં મકાનોના ચણતર માટે ચૂનો જેમ તૈયાર થાય છે, તેમ આસામના મજૂરોને આ જાલિમ ચક્કીઓ પરમેશ્વરના દરબારમાં મોકલવા માટે જલદી તૈયાર કરે છે.

(૫)

આ જુલમી ચક્કીમાંથી નાથા પટેલનું કુટુંબ પણ બચી શક્યું નહિ. એમનાં શરીર પિસાઇ પિસાઇને જીવંત હાડપિંજર સમાં બની રહ્યાં. જુવાન રામાને પણ આવું જીવન આકરૂં લાગ્યું, તો પછી વૃદ્ધતાને આરે ઉભેલા નાથા પટેલને તો કેવુંય લાગ્યું હશે? આશાભરી, કોડભરી, જુવાનીનાં જોમ અને ઉલ્લાસથી ભરેલ રામાની ખડતલ પત્ની જીવીને પણ જીવન અસહ્ય થઇ પડ્યું હતું, તો તેની વૃદ્ધ સાસુ સૂરજને તે કેવુંક થઇ પડ્યું હશે? સવારે છ વાગે કામ પર જવું, મધ્યાહ્ને ધોમધખતા સૂર્યના તાપમાં બેસી સવારના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેલાં ઊઠી બનાવી રાખેલા ટાઢા રોટલા ખાવા, વળી પાછું સાંજના સાત વાગ્યા સુધી એકસરખું કામ કરવું, સાથે સાથે ગોરા અમલદારોની ગાળો અને ચાબુકો ખાવા લોહી નીતરતા અંગે રાત્રે ઘેર આવી લૂખુંસૂકું ખાઇ મોડી રાતે સૂવા પામવું, આ ત્યાંના લોકોનો નિત્યક્રમ હતો. આ દિવસભરના સખ્ત પરિશ્રમ પછી થાકી લોથપોથ થઇ ફક્ત ૭ કલાકની ટૂંકી ઊંઘમાં કોઇ એમનામાં ચાવી ભરી દેતું અને પછી ચાવી મુજબ બીજા દિવસનું કામ યંત્રવત્ ઉકેલાતું.

(૬)

સતત કામને અંતે રામો સજળ નયને સૂર્ય અસ્ત થવાની રાહ જોતો ઊભો હતો, એટલામાં તેના કાને કોઈના ઘ્રુસકાનો અવાજ આવ્યો. એણે ચમકીને પાછળ જોયું તો ગભરાયેલી હરણીની માફક હાંફતી અને ઘ્રુસકાં ખાતી જીવી દોડતી આવતી હતી. એનાથી થોડે દૂર એક ગોરો અમલદાર હસતો હસતો દોડ્યો આવતો હતો. જીવી આવી રામુને બાઝી પડી. એની હાંફ માતી ન હતી, ગભરાટ સમાતો ન હતો. એણે રામાની છાતી પર માથું ઢાળી દઇ આંખો મીંચી દીધી. એ બોલી શકતી ન હતી. રામાએ વહાલથી તેને માથે હાથ ફેરવતાં પૂછપરછ કરવા માંડી; તે દરમ્યાન પેલો ગોરો અમલદાર લગોલગ આવી પહોંચ્યો અને આ યુગલ સામે આવી ઊભો. કંઇક ધીરજ આવતાં પતિની સોડમાં લપાયેલ જીવીએ આંખો ખોલી તો સામેજ જાલિમ જમદૂત શો જેકસન જોયો અને તેણે એક કારમી ચીસ નાખી ફરી આંખો મીંચી દીધી. "મને...મ...ને બચા...વો ...આ...કા... ળમુખો...મને...મા :.. રી નાખશે." ભાંગ્યાંતૂટયા શબ્દોમાં જીવીએ કહ્યું. રામો એકજ ક્ષણમાં બધો મામલો પામી ગયો. સાહેબ જીવીનું શિયળ લૂંટવા પ્રયત્ન કરતો હતો, એ વાત તેના લક્ષમાં આવી ગઇ. જેકસને હાથમાંનો ચાબુક તેને લગાવ્યો અને બબડ્યો: "યુ કાલા મેન, બડમાશ, ઈદર કયું ખડે હો ? કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ કરટા, ટુમ ઇન્ડિયન કુટ્ટા?" રામાને જેકસન સાહેબની આ વર્તણુંક ભારે પડતી લાગી હશે, કારણકે બીજીજ ક્ષણે "ઊભો રહે બચ્ચાજી, હિંદી કૂતરો અંગ્રેજી માંકડાને કેમ મારી જાણે છે તે જોઇ લે." એમ કહેતાંજ તેની ગળચી પકડી, દાંત કચકચાવી, હોઠ પીસી, જેકસનના ગળાની આસપાસ વીંટાળેલા બંને હાથને જોરથી સાણસા માફક દાબ્યા. ક્ષણ બે ક્ષણમાં જેકસન હતો ન હતો થઈ ગયો. એની કારમી ચીસ સાંભળી બીજા ગોરા સાહેબો ત્યાં દોડી આવ્યા. રામો એક ગાંડાની પેઠે શબને હજી લાતો મારી રહ્યો હતો. જીવી કોઈ આરસની પૂતળીની જેમ એકીટશે આ દશ્ય જોઇ રહી હતી. રામાના બરડા પર એક સજ્જડ ચાબખો પડ્યો. તેણે ઊંચું જોયું તો આસપાસ ગોરા અમલદારોથી પોતાને ઘેરાયેલો જોયો. ગોરાના લોહીનો તરસ્યો હોય તેમ તરતજ તે પીઠ પર ચાબુક મારનાર ડેવીડ પર ધસ્યો. પણ બધાએ એને પકડી લીધો. પૃથ્વી પર પથરાતા આછા ઘેરા અંધકારમાં રામા તથા જીવીને ઘસડી જતા ગોરા અમલદારો દૂર દૂર અદશ્ય થઈ ગયા.

(૭)

પોતેજ ફરિયાદીઓ, પોતેજ સાક્ષીઓ અને પોતેજ ન્યાયાધીશો; એટલે પછી નિઃસંશય રામુને ઠાર કરવાનું નક્કી થયું. બીજે દિવસે સાંજે ચૂંથાઇ ગયેલી બેભાન હાલતમાં જીવી મળી આવી! આ કરુણ અને અપમાનજનક બનાવોથી નાથા પટેલે તેજ રાતે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો. આખા દિવસની છાતી ફૂટી પછી માંડ માંડ જંપી ગયેલી સૂરજ વહેલી સવારે ઓચિંતી ઝબકી ઊઠી. સામેજ નાથા પટેલને ટિંગાયેલા જોયા. એના હૃદયમાં એકદમ ધ્રાસકો પડ્યો. હૃદયના ધબકારા વધી ગયા અને તેના મુખમાંથી ન તો ચીસ પડાઇ કે ન તો એકે શબ્દ નીકળ્યો. બીજીજ પળે તે પણ પોતાના પતિની સેવામાં ચાલી ગઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે તો જીવી અને તેની ચાર વર્ષની નાની છોકરી એટલાંજ રહ્યાં. જીવી પહેલાંના જેવી જીવી હવે ન રહી. એ તદ્દન સુકાઇ ગયેલી, કાંઇક તાવથી પીડાતી અને દૂબળી પડેલી ભારે હૈયે ખેતરમાં કામ કરી રહી હતી. બાજુમાં રૂખી કાંકરા રમતી હતી. એટલામાં ડેવીડ સાહેબ રૂખીની આગળ થઇને પસાર થતા હતા, તેવામાં રમતમાં રૂખીનો એક કાંકરો સાહેબની હેટ પર પડ્યો. સાહેબનો મિજાજ ગયો અને એ બિચારી નિર્દોષ છોકરીને બેચાર ધોલો લગાવી દીધી. છોકરી રડવા લાગી. જીવીનું ધ્યાન એ તરફ ખેંચાયું. સાહેબ રૂખીને મારી રહ્યા હતા એ જોઇ તે ત્યાં આવી.. "સાહેબ, બિચારી છોકરીને શું કામ મારો છો? એનો શું ગુનો છે?" સાહેબનો પીતો ઊછળ્યો. "ચલેજાવ તુમ ઇધરસે, કામ છોડકર ઇધર કયું આઈ? સુનટી નહિ?" અને સાહેબનો ડાબો પગ ઊંચો થયો, સહેજ પાછળ ગયો અને પછી જોરબંધ આગળ ધસ્યો, જીવીને સજ્જડ લાત વાગી; ઊથલીને તે ચાર ડગલાં દૂર જઈ પડી! એનું માથું ત્યાં પડેલા એક ધારદાર પથ્થર સાથે અફળાયું. લોહીની ત્યાં ધારાઓ છૂટી, પણ આછા અંધકારમાં સાહેબના જોવામાં તે કદાચ નહિ આવ્યું હોય. કારણકે તે તો ત્યાંથી ચાલ્યો ગયો હતો. થોડીજ વારમાં જીવી પડી હતી ત્યાં લોહીનું ખાબોચિયું ભરાઈ ગયું. જીવીનું પ્રાણપંખેરૂં ઊડી ગયું. ચાદેવીના ખપ્પરમાં એકજ કુટુંબનાં ચાર માણસોનાં બલિદાન દેવાયાં! કોણ જાણે આવાં તો કેટલાયે નિર્દોષ મજૂરો ચાદેવીના ખપ્પરમાં હોમાતા હશે!

રૂખી હજી રડતી હતી; એની માતા પાસે આવીને બોલાવતી હતીઃ "મા.........મા... .....મા.........માં!"

(તા. ૭–૫–૩૯ ના "મુંબઈ સમાચાર" સાપ્તાહિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૨-સતી

(લેખક:-શ્રી. 'મયૂર')

(૧)

અંધારી રાત્રિનાં કાજળકાળાં હૈયાં માનવી જીવનની કાલિમા સમા જગતને આવરી રહ્યાં હતાં.

તે વખતે સતીએ તૈયારી કરી, "ત્યારે હું જઇ આવું."

પીપો ભગત પ્રભુભજનની ધૂનમાં એકતાર હતા. તેમને કાને સતીના શબ્દો પડ્યા નહિ.

"ત્યારે તમારો વિચાર મોળો છે?" સતીએ ભગતના મૌનનું જુદુંજ કારણ માની લીધું.

ભગત ચમક્યા. તેમની ભક્તિમાં જાણે કોઇ ખલેલ પાડી રહ્યું હતું. તેમણે માળા નીચે મૂકી અને સતી સામું જોયું. દીવાની ઝાંખી જ્યોતમાં સતીના વદન પર વેદનાની રેખાઓ અંકાતી તેમણે જોઇ: "સતી!"

"હું આજ્ઞાની રાહ જોઇ રહી છું."

બહાર રાત્રિ જામતી હતી. એના ગાઢા અંધારાને ઓપ ચડાવવા વાદળનાં થર આકાશમાં ચડી રહ્યા હતા. એના બિહામણા સ્વરૂપને વધુ ભયંકર બનાવવા મેઘની કારમી ગર્જના રહી રહીને ગરજી રહી હતી. એવી આંધી છાઇ હતી કે, દીપકના ઝાંખા પ્રકાશની મદદ ન હોત તો પાસે ઊભેલાં સતી પણ ભગતની દૃષ્ટિએ ન પડત. ભગતે માથું ધુણાવ્યું. "સતી! તમે બહુ મોડું કર્યું. જુઓ, બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાત્રિની ભયાનકતા કેટલી વધી પડી છે? પ્રભુની આરાધના કરો કે, આપણે માથે હત્યાનું પાતક ન ચડે."

"ભગત!" ભગતના આ શબ્દે સતી વધુ મૂંઝવણમાં પડી.

"પ્રભુની આરાધના કરો, સતી. તમે બહુજ મોડું કર્યું. મધ-રાત છાંડી ગઇ છે, એટલી વારમાં તો વાણિયો બિચારો ઝૂરી ઝૂરીને મૃત્યુ પામ્યો હશે. પ્રેમની વેદનાને તમે વેરાગી શું સમજો? શા માટે આટલું મોડું કર્યું? દાનનો સંકલ્પ કર્યો, તો પછી એના સમર્પણમાં વાર શા માટે?" ભગત શાંત ચિત્તે સતીના ભાવ વાંચી રહ્યા.

"હું તો આજ્ઞા માટે સહેજ ઊભી છું."

"સતી! કર્તવ્ય બજાવતાં આજ્ઞાની જરૂર શી? સમર્પણની સિદ્ધિમાં રાહ કેવી? હજુય મોડું નથી-જવુંજ હોય તો."

"આજ્ઞા, પ્રભુ!" સતીએ ભગતના ચરણમાં મસ્તક નમાવ્યું.

"સિધાવો."

સતીએ પગલાં બહાર ઉપાડ્યાં. બહારની કારમી ભયાનકતા તેમની નજર પડી. તેમના પગ ખમચ્યા.

ભગતે એ જોયું. તેમનાથી બોલાઇ ગયું: "સતી!"

સતીના પગ થંભી ગયા. તેમણે ભગત સામે જોયું. ભગતની આંખમાં કંઇક જુદાજ ભાવ તરવરી રહ્યા હતા.

"સતી! તમે છેતરપિંડી રમી રહ્યાં છો!"

"છેતરપિંડી!" સતી અવાક બની ગયાં.

"હા, છેતરપિંડી. તમેજ વિચાર કરોને! ઊપડતાં ઊપડતાં તમારા પગ ખમચે છે. જતાં જતાં તમારા હૈયામાં કંપારી છૂટે છે. એવા દેહનું તમે દાન કર્યું છે?"

"ભગત! એ તો સહજ. રાત્રિની આવી ભયાનકતા..."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અને રસ્તાની વિકટ સ્થિતિ. આ થરથરતે પગલે અને આ હૈયાનો ભાર વેંઢારી ત્યાં પહોંચતા પહોંચતામાં તો તમે અરધાં થઇ જશો. તમારા દેહનું સૌંદર્ય અને કાંતિ..."

"એની મને દરકાર નથી. ભગત! મેં એક વસ્તુ દાનમાં દીધી છે. સાધુ પુરુષોનો સત્કાર કરવા મેં મારા દેહનું બલિદાન દીધું છે. એ પૂરું કરવા સ્થિતિ અને સમય કોરે મૂકી હું જઇશ. મારો દેહ એને ચરણે ધરીશ. દેહનો બલિ આપ્યો છે, તે જેવો સાચવી શકત તેવો અર્પણ કરીશ. આત્માની એને ક્યાં જરૂર છે? ભગત, હું જઇશ, છતાંય તમે છેતરપિંડી કહેશો? શું હું વચન પાળતી નથી?"

"ના, એટલેજ હું કહું છું કે, તમે છેતરપિંડી રમી રહ્યાં છો. બપોરે તમે તમારા દેહની અને સૌંદર્યની મૂલવણી કરાવી, વાણિયે એનું મૂલ્યાંકન કર્યું અને પરિણામે આપણા સંતો ભોજન પામ્યા. તમે ચોક્કસ કહો છો કે, જે વસ્તુના બદલામાં તમે સંતોનું ભોજન લઇ આવ્યાં એજ વસ્તુ તમે આપવા જાઓ છો?"

"તો આટલી વારમાં શું મારા સૌંદર્યમાં ફેર પડી ગયો? શરીર એનું એ છે. સૌંદર્ય એનું એ છે. વાણિયાને બીજા શાની જરૂર છે?"

"તમે કહો છો એનું એ છે. હું કહું છું, એનું એ નહિ રહે. એકના ઓઠા નીચે તમે ભળતીજ વસ્તુ આપવા જાઓ છો; અને એનું નામજ છેતરપિંડી."

"ભગત!" સતી ભગત સામું જોઇ રહી.

"ના, એમ નહિ થઇ શકે. જે સૌંદર્ય અને જે કાયાનું તમે આજે બપોરે બલિદાન આપ્યું છે, એ જેવાં ને તેવાં વાણિયાને ચરણે ધરવાં જોઇએ; તોજ એ સમર્પણનો મહિમા છે. તમે આ અંધારી રાતે વિષમ રસ્તામાં એકલાં જાઓ. બીક અને વેદનાથી તમે અધ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂઆં થઇ જાઓ, પછી એ ચેતના અને ઉલ્લાસ વિનાની કાયાના સમર્પણનો મહિમા શો? એ પતન હું નહિ જોઇ શકું. હું તમારી સાથે આવીશ, તમારા શરીર અને સૌંદર્યનું રક્ષણ કરીશ. તમે મારા ખભા ઉપર બેસશો. હું તમને ત્યાંસુધી ઊંચકી જઇશ અને દાનમાં દીધેલી વસ્તુ નખશિખ પહોંચાડી કૃતકૃત્ય થઇશ. તમારા બલિદાનનો મહિમા ઓછો નથી. એમાં ભાગ પડાવવાનું મનેય મન થઇ આવે છે. ચાલો." ભગતે કેડ બાંધવા માંડી.

"ભગત! તમે..."

"મારી આજ્ઞા માનવી એજ તમારૂં કર્તવ્ય!"

(૨)

ઊગતો પહોર હતો. સૂર્યના નવવર્ચસથી ભગતનાં આંગણાં ઊભરાઇ રહ્યાં હતાં. તુલસીક્યારા પાસે બેઠા બેઠા ભગત માળા ફેરવી રહ્યા હતા અને દૂર દૂર સતી ગવરીનાં દૂધ દોહી રહી હતી. આસપાસની હરિયાળી ભોમકામાં વાછરડાં અને હરણાં કિલકિલાટ મચાવી રહ્યાં હતાં.

તે વખતે જગ્યામાં સંતજનોનું એક ટોળું દાખલ થયું. "પ્રભુભક્તિનો જય, સંતજી!"

"પ્રભુભક્તિનો જય, પધારો." ભગતે સંતોને સત્કાર્યા.

સંતોએ સ્વચ્છ આંગણામાં બેઠક જમાવી. ભગતે માળા સંકેલી અને સતી સામે જોયું: "સતી!"

"આજ્ઞા પ્રભુ!" કહેતાં સતી ભગત પાસે આવ્યાં.

"સતી! સંતોએ આજે આપણાં આંગણાં પાવન કર્યાં છે."

"ધન્ય દહાડો. સંતોની ચરણરજ શીર પર." સતીએ પૃથ્વીને હૈયે હાથ ફેરવી નેત્રાચમન કર્યું.

"એમના સ્વાગતની તૈયારી કરો. પંથ-થાક્યા હશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આજ્ઞા!" સતીએ પર્ણકુટી તરફ પગલાં કર્યાં.

"ઉતાવળ નથી, ભગત!" સંતોએ કહ્યું.

"હા, આપ સ્નાનકર્માદિથી પરવારો; દરમિયાન સતી સર્વ તૈયારી કરી નાખશે."

સતીએ પર્ણકુટીમાં ચારે તરફ દૃષ્ટિ ફેરવી. દૃષ્ટિ ઠારવા જેવું કાંઇજ ન હતું. થોડાંક દર્ભાસનો, થોડાંક વાસણો અને થોડાંક વસ્ત્રો એ પર્ણકુટીની સંપત્તિ હતી. પ્રભુભક્તિ સાથેજ જેને વહેવાર હતો, દૂધ અને વનફળજ જેનો આહાર હતો, એવા ભગતની પર્ણકુટીમાં બીજું હોય પણ શું? બપોરના ફળાહાર માટે લાવી રાખેલાં ફળ અને તાજું દોહેલું દૂધ એ બે વસ્તુથી સંતમંડળીનો સત્કાર શી રીતે થઇ શકે? મહેમાનોને પોતાના આકરા ત્યાગથી કેમ સન્માની શકાય? અને આંગણે આવ્યાનો અનાદર થાય, તો ભક્તિને કલંક લાગે. સતી ક્ષણેક જેમની તેમ ઊભી રહી. ખરેખર, તેમની આકરી કસોટી થઈ રહી હતી. જીવનભરની સાધનાનાં દ્વાર જાણે બંધ થઇ રહ્યાં હતાં.

જે દિવસે દુનિયાની જંજાળ, રાજખટપટના કાવાદાવા અને વહેવારની આંટીઘૂંટીનો ત્યાગ કરી પીપા ભગતે ભક્તિમાર્ગનું અવલંબન કર્યું અને સતી તેમની પાછળ પરવર્યાં, ત્યારે સંન્યાસીનેય સંસારની પરંપરા મૂંઝવશે એવો ખ્યાલ તેમને ન હતો. ભક્તિનો રંગ લાગ્યો અને પીપા ભગતે ગાંગરગઢનું રાજ્ય તજ્યું. રાણીઓ ઝરૂખે રોતી રહી, પૂરજનો સિમાડે કરગરતા ઊભાં રહ્યાં અને પીપો ભગત તો આગળ અને આગળ રંગ અને રાગથી દૂર, વાસના અને વમળની ગંધ પણ ન આવે તેવા સ્થળની શોધમાં પ્રભુભજનનાં ગીત ગૂંજતા ચાલી નીકળ્યા.

એ ભક્તિભાવમાં ઓતપ્રોત થઇ એક બીજું માનવપ્રાણી ભગતની પાછળ પાછળ ચાલી રહ્યું હતું, અને એ હતી ભગતની વર્ષોથી ત્યજાયલી રાણી સીતા. રાજમદની ઘેલછામાં કે યુવાનીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉન્માદમાં પીપાએ એનો તિરસ્કાર કર્યો, છતાંય એના જીવનમાં પીપો એકજ જીવનના સાર સમો હતો. પીપાએ મહાપ્રયાણ કર્યું, એટલે તપસ્વીજીવન જીવતી સીતાએ એનું અનુગમન કર્યું. નિજ જીવનની સાધના પૂરી કરવા તે પતિને પગલે પરવરી. જીવનભરની સેવા અને સાધના એજ એનું એક માત્ર ધ્યેય હતું. રાજમહેલની ઊંચી અટારીઓમાં કે રંકજનની તૂટીફૂટી ઝૂંપડીમાં, સાહ્યબીની છોળો વચ્ચે કે મુસીબતોના મહાસાગરમાં પતિને સાથ આપવો, પતિને ચરણે નિજ કાયાનું બલિદાન આપવું, એજ એના જીવનની એક માત્ર વાંછના હતી.

પાછળ પાછળ પળતી સીતાની સામું એક દિવસ ભગતે જોયું: "સતી! શા માટે દુઃખી થાઓ છો?

"મને કાંઈજ દુઃખ નથી, પ્રભુ!"

"સતિ! તમે પાછાં સિધાવો."

"પ્રભુ! મારી સેવા સ્વીકારશો તો હું મારૂં જીવન ધન્ય માનીશ. હું આપને જરા પણ અંતરાયરૂપ નહિ બનું."

ભગતે ત્યાર પછી એક શબ્દ પણ સીતાને કહ્યો નહિ અને સીતા તે દિવસથી નિજ જીવનમાં ભક્તિ અને ચેતનાના નવઅંકુરો ભરતી ભગતની સેવા કરી રહી હતી.

આજે એની સાધનાની કસોટીનો વખત હતો. સંતજનોના સત્કાર માટે ચરણે ધરવા સરખું કુટીમાં કાંઇજ ન હતું, એ ઊણપનો ખ્યાલ ભગતના કાન ઉપર નાખી ભક્તિમાં ખલેલ પાડવી એ સતીને રુચ્યું નહિ. ક્ષણભર તેણે વિચાર કરી લીધો અને બીજી પળે તેનાં ઉતાવળાં પગલાં ઝાલાપૂર તરફ દોડી રહ્યાં.

એક સવારે પીપા ભગતે આ સ્થળે આવી થોડી જમીન સાફ કરી પોતાની મઢૂલી બનાવી ત્યારથીજ લોકોને એ સંત પુરુષમાં આસ્થા જન્મી હતી. ધીમે ધીમે એ ભક્તિનો રોજગાર ધમધોકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલી નીકળ્યો. આસપાસના મુલકમાં એ ભક્તિનાં તેજ ફરી વળ્યાં અને લોકોનાં પૂર એ જગ્યા તરફ ઊભરાયાં.

છતાં ઝાલાપૂરના વાણિયાને એ બધા ઢોંગ અને ધતિંગજ લાગતાં હતાં. દુનિયાના અનેક પાખંડોમાંનું આયે એક પાખંડજ તેને લાગતું હતું. જગતના આંધળા પ્રવાહ તરફ તે હસતો અને લોકોને એ પાખંડજ છે, એમ મનાવવા પ્રયાસ કરતો; છતાં ભગત પ્રત્યે લોકોની શ્રદ્ધા એટલી બધી હતી કે, વાણિયાનું કાંઇ ચાલતું નહિ. લોકો વાણિયાની અનેક દલીલો સામે એકજ દલીલ મૂકતા કે, "ભાઇ જો સાચોસાચનો વૈરાગ્ય ન આવ્યો હોય, તો એક રાજા જેવો રાજા રાજપાટ, રાજસાહ્યબી છોડી અહીં વનનાં ઝાડવાં વચ્ચે આવી વસેજ નહિ."

વાણિયો દલીલ આગળ ચલાવતો: "એ બધી ગપ. વળી રાજ કેવાં અને રાજા કેવા? એ બધી પાખંડની વાતો." છતાં લોકો તેના તરફ હસતાં.

આજે એજ વાણિયાની દુકાને સતી કરગરી રહી હતી: "દસેક મહેમાન આવ્યા છે. થોડી સામગ્રી આપશો?"

વાણિયાને મજા પડી. "ઓહો! સીતાબાઈ! તમે આજે કાંઇ ભૂલાં પડ્યાં?"

"ભિક્ષા માગવા આવી છું."

"તમારે વળી ભિક્ષા માગવાની કેવી?" ભગતને કહેવું'તું'ને એક ચમત્કાર કરી બતાવે. તમારે તો અખેપાત્ર હોય છે ને?"

"અખેપાત્ર પ્રભુભક્તિનું અને ચમત્કાર પ્રભુનામનો શેઠ! થોડોઘણો સામાન આપશો તો સાધુપુરુષોનાં મન સંતોષાશે."

"અરે એમ તે હોય? તમે તો મૂએલાંને જીવતાં કરો, આંધળાંને દેખતાં કરો. તમારી વાત થાય? દેશદેશમાં તમારી માનતા થાય તમારાં......"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શેઠ! એ બધી વાત જે કરતાં હોય તેને કરવા દો. મારી તો અત્યારે એક યાચના છે......"

"અમે તો વાણિયાભાઇ. દાનપુણ્યનો મહિમા નાં જાણીએ. ભગતભિખારાંમાં અમને શ્રદ્ધા નહિ. અમારો તો એક નિયમ, દામ સાટે માલ આપીએ." વાણિયો અર્થસૂચક હસ્યો.

"ભિખારીને ચપટી ભીખ આપવાનો તમારો ધર્મ નહિ?" સીતાએ શેઠની સામું જોયું.

"ભીખને સાટે શું આપશો?" વાણિયો સીતા સામું જોઇ રહ્યો. સીતાના મુખ પર સૂર્યનાં કિરણો અનેક તરંગે રમી રહ્યાં હતાં; એના રૂપમાં નવનવી ભાત પાડી રહ્યાં હતા.

"સાધુપુરુષ પાસે આપવા જેવું શું હોય?"

"તમારી પાસે તો છે." વાણિયો સીતાના રૂપનું એકીટશે પાન કરી રહ્યો હતો.

"મારી પાસે આપવા જેવું શું છે?"

"આ તમારૂં રૂપ કાંઇ વગર કિંમતનું છે?"

"શેઠ!"

"સાધુપુરુષને સંતોષવા હોય, તો એનોય મોહ જતો કરવો ઘટે."

સીતા ક્ષણભર વિચારમાં પડી ગઈ. વખત વહી જતો હતો અને આશ્રમમાં સંતજનો ભોજનની રાહ જોઇ રહ્યા હશે. ભગત "સીતા"ના નામની બૂમો દઇ રહ્યા હશે અને સાધુજનોને સંતોષવા માટે સામગ્રી ખરીદવા પૂરતી પોતાની પાસે સમૃદ્ધિ હતી! એ ભાન થતાં સીતાના મુખ પર આવેશની રેખાઓ ફરી વળી. તેણે દૃઢ સ્વરે પૂછ્યું "શેઠ! તમારે શું જોઈએ?"

"ફક્ત એક રાત."

"ફક્ત એકજ રાત?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, તમારા રૂપનું અમૃત પી, મારી જીવનભરની તૃષા મટાડવા માટે ફક્ત એકજ રાત."

"જાઓ, આજેજ આવીશ. સામગ્રી તોળી આપો."

"ચોક્કસ આવશે ?"

"સાધુનું વચન છે."

શેઠે તોળી દીધેલી સામગ્રી લઈ સતી આશ્રમ તરફ ઉતાવળે પગલે પરવરી. સાધુજનો આનંદથી ભોજન પામી રસ્તે પડયા અને તે રાતે સતીનું વચન પૂર્ણ કરવા ભગત પોતાની ખાંધ પર સતીને બેસાડી ઝાલાપુરને નિર્જન માર્ગે પગલાં ભરી રહ્યા હતા.

(૩)

રાત્રિની સૂમસામ નિઃસ્તબ્ધતામાં સતીએ બૂમ મારીઃ "શેઠ !"

કાંઈજ પ્રત્યુત્તર મળ્યો નહિ. રાત્રિ વધુ ભયાનક બનતી હતી. વરસાદ અવિરત ધારાએ પૃથ્વીનું હૈયું પલાળી રહ્યો હતો. સતીએ ફરીથી અવાજ દીધો, છતાં એનો કઈજ જવાબ મળ્યો નહિ.

ભગતે સતી તરફ જોયું. "સતી ! પ્રભુની આરાધના કરો."

"પ્રભો ! રક્ષણ કરો." સતી મંદ પડતા અવાજે બોલી અને ફરીથી તેણે શેઠના નામની બૂમ દીધી.

આ વખતે અંદરથી ઊંડો ઊંડો અવાજ સંભળાયોઃ "કોણ ?"

"શેઠ ! એ તો હું, બારણાં ઉઘાડો."

"હું તે કોણ ?" અવાજ હવે સ્પષ્ટ આવતો હતો.

"શેઠ ! હું આવી છું—મારૂં વચન સાચું પાડવા."

"કોણ સીતાબાઇ ?" વાણિયાએ બારણું અધખૂલું કર્યું. "મને આશા ન હતી. આવા વરસાદમાં..." પરંતુ તેની જીભ બહારનું દશ્ય જોતાંજ તાળવે ચોંટી ગઇ. "કોણ ભગત ?" તે ફાટી આંખે ભગત સામું જોઇ રહ્યો. તેની ખાંધ પર બેઠેલી સીતા જોગમાયા જેવી લાગતી હતી.

"સાધુપુરુષનું વચન મિથ્યા ન જવું જોઇએ." ભગતે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અરે પણ..." વાણિયાની વાચા જાણે ગુમ થઈ હતી.

"એમાં શું? અને સતીને આ અંધારી ભયાનકતામાં એકલી મોકલીયે શી રીતે શકાય? તોય મોડું થઈ ગયું. અરધી રાત તો તમારી એઝ્યે ગઈ. સતી! હવે વાર લગાડો મા. વચન પૂર્ણ કરો. શેઠ! હું સવારે સતીને લેવા આવીશ."

"માબાપ! મારી ભૂલ થઈ. મને માફ કરો." વાણિયો ભગતના પગમાં પડ્યો.

"ભૂલ શા માટે? તમે તમારો નગદધર્મ બરાબર બજાવ્યો અને સતીનું વચન પૂરું થાય એટલે અમારી ભક્તિને ઓપ ચડે શેઠ! વાર લગાડો મા, વરસાદ મને અને તમને બધાંને ભીંજવી રહ્યો છે."

"ભગત! મારી ભૂલ થઇ. મારી માતા પર મેં કુદૃષ્ટિ કરી! તમારી ભક્તિ અને ભેખને હું પામર ઓળખી શક્યો નહિ. પ્રભુ! મને માફ કરો. મારો અપરાધ ક્ષમા કરો." વાણિયો ભગતના પગમાં આળોટી રહ્યો.

આકાશનાં પડળ ચીરીને બરાબર તેજ વખતે જ્યોતિપુંજ સમી વીજળી ચમકારા કરી ઊઠી. અને મેઘરાજે અટ્ટહાસ્ય સમું કારમું ગર્જન કર્યું. આભ અને આભના દેવો જાણે ભક્તિની મહા-પૂજા કરી રહ્યા હતા.

વાણિયો જેમનો તેમ અવનત મસ્તકે ભગતનાં ચરણ નિજ અશ્રુજળે પખાળી રહ્યો હતો અને તેના ઉપર વરસાદની અમૃતધારા પુણ્યગંગા સમી વરસી રહી હતી.

ભગતે આંખ ઊંચી કરી સતી સામું જોયું: "સતી! ભક્તિ કરતાં બલિદાનનું માહાત્મ્ય ચડે."

"આજ્ઞા પ્રભુ!" સતી જાણે જીવનના મંત્રો બોલી રહી હતી અને એ બોલનો પ્રતિઘોષ કરતા મોરલા ડાળીએ ડાળીએથી ટહુકી ઊઠ્યા. ("શારદા" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૩-અણઉકલ્યો પ્રશ્ન

(લેખકઃ-શ્રી. સોમાભાઇ ભાવસાર)

પશ્ચિમમાં ક્ષિતિજ ઉપર સૂરજ છેલ્લા ઝગારા મારી રહ્યો હતો. દિવસના પ્રકાશની દીપ્તિ ઝાંખી થતી જતી હતી અને અંધારું આવું આવું કરી ડોકિયાં કરી રહ્યું હતું. ત્રણચાર દિવસ પછી આજે વાદળ ફાટ્યાં હતાં. શિયાળાના દિવસો અને પવનનું જોર પછી પૂછવુંજ શું ? જોતજોતામાં સૂરજ આભને છેડેથી પૃથ્વીમાં સમાઇ ગયો. પ્રકાશ અલોપ થઇ ગયો અને અંધારાએ પોતાના પડદાથી જગતને આવરી લીધું. એ અમાવાસ્યાની રાત્રિ હતી. કડકડતો પવન જોસભેર આવી જતાંઆવતાં માનવીને ઘડીભર થોભાવી દેતો.

બરાબર આજ વખતે એક માણસ શહેર તરફ જઇ રહ્યો હતો. એના શરીર પર એક પણ વસ્ત્ર ન હતું. દેહને ઢાંકી રાખવાને માટે એક નાનકડી ધોતલી એણે કેડે વીંટાળેલી હતી. ઠંડીથી એનું શરીર કંપતું હતું. ઠંડીથી બચવાને એ ઘણો પ્રયત્ન કરતો હતો. છાતીને રક્ષણ મળે એ માટે એણે બંને હાથને ડાબેજમણે ખભે સખ્ત રીતે પકડી રાખી છાતી ઉપર દબાણ કરી રહ્યો હતો. ચાલવાની ગતિમાં પણ એણે સહેજ ઉતાવળ કરી, પરંતુ એથી ઠંડીનો સામનો થઈ ન શક્યો. એની ચાલવાની ઉતાવળી ગતિ થોડે આઘે જતાંજ પાછી મૂળની સ્થિતિએ થઇ ગઈ. છાતી પરના હાથની આંકડી પણ છૂટી ગઇ અને દાંતનો કડકડાટ વધ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શહેરના દરવાજામાં પ્રવેશ્યા બાદ જ્યારે પોતે સહીસલામત છે એવું એને ભાન આવ્યું ત્યારે "હાશ!"ની એક ધીરી બૂમ એના મુખમાંથી નીકળી. થોડો વખત તો એ ત્યાંજ ઊભો રહ્યો. આજનો-જ દિવસ જો પોતે ક્યાંક કાઢી નાખે તો કાલે તો એ ગમે તેમ કરીને દંડીનો સામનો કરી શકશે, એમ એને થયું. કોઇ પણ રીતે આજની રાત એને પસાર કરવી હતી. શહેરની ધર્મશાળામાં જરૂર કંઈક રક્ષણ મળશે એ વિચારે એણે એ દિશા તરફ મુખ ફેરવ્યું અને ચાલવા માંડયું.

શહેરના બીજા છેડા પર આવેલી ધર્મશાળાના પગથિયા ઉપર જ્યારે એણે પગ મૂકયા ત્યારે આઠના ડંકા ટન્‌ ટન્‌ કરતા પાસેની કચેરીમાંથી વાગતા એને કાને અથડાયા. સામાન્ય રીતે શહેરની ધર્મશાળાઓમાં નવદસ વાગ્યા પછી કોઇને દાખલ કરવામાં આવતા નથી, એવો નિયમ હોય છે, એટલે આઠના ડંકા સાંભળતાં પોતે મોડો થયો નથી એવી એને ખાતરી થઇ.

"કૌન હૈ?" ધર્મશાળાના ગર્ભદ્વારમાં એને પ્રવેશતો જોઇને ધર્મશાળાનો રખેવાળ બોલ્યો.

"એ તો હું......મુસાફર" પ્રવેશનારે અચકાતાં અચકાતાં પ્રશ્ન પૂછનારને જવાબ આપ્યો અને એની નજર પ્રશ્ન પૂછનાર તરફ ગઇ. ધર્મશાળાના છેડેના રસ્તા પર પડતી ઓરડીની બહાર એક માંચી ઉપર બીડીના ધુમાડા કાઢતો એક પઠાણ બેઠો હતો. પૂછનાર ધર્મશાળાનો રખેવાળ હશે, એમ એણે કલ્પી લીધું.

"મુસાફીર તો સહી, લેકિન કહાંસે આતા હૈ, કહાં જાના હૈ, વો સબ હમકો બતાના ચાહીયે! તુમ તો કુછ બોલતે ભી નહિ ઔર સીધે ચલે જાતે હો. ઇધર આઓ!" પઠાણે એને પોતાની પાસે બોલાવ્યો.

"ઠીક શિકાર હાથમાં આવ્યો છે." પોતાના પ્રશ્નના જવા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બમાં નવીન આગંતુક અનુત્તર રહેતાં પઠાણને થયું. ઘણી વખત એમ બનતું કે, કોઇ પરદેશી મુસાફર રઝોખઝો સંજોગોવશાત ધર્મશાળામાં આવી પડે અને એને આવતાં સહેજ મોડું થઇ જાય તો પઠાણ એની પાસેથી પૈસા કઢાવતો; જો કે અંધારાને લઇને નવા આવનારનો પહેરવેશ વગેરે એ જોઇ શક્યો નહોતો, છતાંય ચારઆઠ આના તો પાકીજ ચૂક્યા છે એમ એને થયું અને પૈસાની પ્રાપ્તિનો વિચાર આવતાં એના મુખ ઉપર લાલી તરવરી ઊઠી. સળગાવેલી બીડીનો છેલ્લો દમ લઇને એને ફેંકી દીધી અને એક ખોંખારો ખાઈ તે માંચી પર ટટાર થઇને બેઠો.

"કેમ પઠાણ સાબ ?"

આવનારને પોતાની પાસે ઊભેલો જોઇને પઠાણ તાજૂબ બની ગયો. એનો પહેરવેશ જોતાં પોતાનાં સ્વપ્ન ઊડી જતાં હોય એમ એને થયું. પોતાનાં રચેલાં સ્વપ્નાં જ્યારે બીજાને લીધે ઊડી જાય છે, ત્યારે આપણને એના પર ક્રોધ ચઢે એવો માનવસ્વભાવ છે, એ મુજબ પઠાણને પણ સહેજ ગુસ્સો ચઢયો. 'જાણે શું કરી નાખું' એમ એના મનમાં થઈ ગયું. પણ એને ગમેતેમ કરે તોય કાંઇ પૈસા મળવાના હતા ? અને છતાંય આ શિકારને એમ ને એમ પણ શે છોડી દેવાય ? વળી શંકા ઊઠી. કંઇક કરવું તો જોઇએ. આખરે એણે નક્કી કર્યું અને પોતે એનો બદલો મેળવશે એ વિચાર આવતાં કોઈ મહાન યુદ્ધના વિજયનો આનંદ તેણે અનુભવ્યો. "ઇતની દેરીસે ક્યોં આયે ? તુમ જાનતે હો કી ધર્મશાળામેં રહના હો તો શામ પહલાં આ જાના ચાહિયે ?" "પણ......" નવો આવનાર કંઇક બોલવા જતો હતો ત્યાં એને બોલતો અટકાવી પઠાણ બોલ્યોઃ

"પણ–બણ નહીં મંગતા. તુમ શામકો ક્યોં નહિ આયે ? અભી ક્યોં આયે ? અબ મૈં નહિ રખ સકતા. હમારે શેઠકા હુકુમ નહિ હૈં." પઠાણનો આ હુકમ સાંભળતાં આવનાર ચમકી ઊઠયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પઠાણ પોતાને શાથી કાઢી મૂકે છે એ પણ એ જાણતો હતો, પણ એની પાસે એક પાઇ પણ નહોતી કે જેથી એ પઠાણને આપી ધર્મશાળામાં રહી શકે. પોતે જશે ક્યાં ? એ પ્રશ્ન એને ઉદ્ભવ્યો. અત્યારે હવે શહેરમાં પોતે કયે સ્થળે જાય કે જ્યાં એને એક રાત રક્ષણ મળે. શહેરમાં માત્ર ધર્મશાળાઓજ એવી હોય છે કે જ્યાં નિરાશ્રિતોને રક્ષણ મળી શકે છે. ત્યાં સ્થાન મળવુંજ જોઇએ એમ એ સ્પષ્ટ જાણતો હતો, છતાં હવે પઠાણ કોઇ પણ રીતે હા પાડશેજ નહિ, એમ એને ખુલ્લું જણાતું હતું. તેમ છતાંય એણે પઠાણને આજીજી કરી, પણ પઠાણે એની એ આજીજી સ્વીકારી નહિ.

"અબ કહાં જાઉં ? યે શહરમેં હમારા કોઇ પહિચાનવાલા નહિ હૈ, નહિં તો ઇધર નહિ આતા. હમકો એક રાત રહને દોગે તો બહુત મહેરબાની હોગી." એણે છેવટનો પાસો નાખવાનો વિચાર કર્યો.

"ઐસી મહેરબાની હમકો નહિ ચાહતી; હમકો રખનેકા અબ હુકમ નહિ હૈ." પઠાણે છેવટનું પરખાવી દીધું.

આવનારે જોયું કે હવે બોલવામાં સાર નથી. પઠાણનો ક્રોધ એ જોઇ શક્યો. પોતાને ચોક્કસ હવે સ્થાન નહિજ મળે, એ તો નિર્વિવાદ હતુંજ. એને શું કરવું તે સૂઝ્યું નહિ. ધર્મશાળાનાં પગથિયાં ઉતરી રસ્તા પર એણે પગ મૂક્યો. ત્યાં પવનના એક ઝપાટાએ આવી એને થોભાવી દીધો અને એક સખ્ત હુમલો થયો હોય એવો ભયંકર કંપ એણે અનુભવ્યો. પણ હવે થોભ્યે તો ચાલે એમ ન હતું. આઠ થઈ ગયા હતા, એટલે જો હવે પોતે વધારે વખત કાઢશે તો બધાંજ ઘર બંધ થઇ જશે અને પછી તો ક્યાંય ઉભા રહેવાનું પણ સ્થાન નહિ મળે. શહેરમાં વળી કોક દયાળુના ઘરમાં આશ્રય મળશે, એમ એને લાગ્યું અને એણે ચાલવા માંડયું.

આભમાંથી વીજળી તૂટીને જો પોતાની ઉપર પડી હોત તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદાચ એ સહન થઇ શકત, પણ આજે આશ્રયવિહોણા થઇને આમ રખડવું એ એને માટે અસહ્ય હતું. ઠંડી એટલી સખ્ત હતી કે એક એક ડગલું જાણે આજે એક એક ગાઉનું થઇ પડ્યું હતું.

એકથી બીજે અને બીજેથી ત્રીજે એમ ત્રણચાર રસ્તા વટાવ્યા બાદ એક જાહેર રસ્તા પર આવી નજર નાખી. કોઇનુંયે ઘર ઉઘાડું ન હતું. આઠના ડંકાને અડધો કલાક ભાગ્યેજ થયો હતો. ત્યાં શહેરનાં ઘરો વસાઇ ગયાં હતાં. ક્યાંય દીવો સરખો પણ બળતો જણાતો ન હતો; પણ શહેરના આટલાં બધાં ઘરોમાંથી એક પણ ઘર ખુલ્લું નહિ હોય! એમ તો બનેજ નહિ, એમ એને થયું અને વળી ચાલવા માંડયું. પણ આટલી ઠંડીમાં કયું ઘર ખુલ્લું હોય? મોતને માથે વહોરવું હોય તોજ આટલી ઠંડીમાં કોઇ ફરવા નીકળી શકે એમ હતું; એથી ઘરમાં દરેક જણ ગુપચુપ પોતાની જાતની સહીસલામતી અર્થે સૂઇ ગયાં હતાં.

હવે તો એનાં અંગો અકડાઇ ગયાં હતાં. પગમાંથી ચાલવાની શક્તિ પણ ઘટી ગઇ હતી. આંખો પણ જોવાનું કાર્ય કરી શકતી ન હતી. જો આમ થોડી વાર વધુ ચાલે તો તો... ..એ વિચાર એના હૃદયને કંપાવતો હતો.

ત્યાં થોડે દૂર એક ઘરમાં દીવો બળતો એણે જોયો. દીવાને બળતો જોતાં એના મનમાં આશાની એક ચિનગારી પ્રગટી. ઠંડીથી થીજી ગયેલા શરીરમાં કોઈ સરસ ગરમ મજાની હૂંફ મળી હોય એમ એને ભાસ્યું અને ચાલવાની ગતિમાં પણ કંઇક આપોઆપ વધારો થયો.

આખરે એ એક ઘર પાસે આવ્યો. ઘર વિશાળ હતું. દેખાવ પરથી ગામના કોઇ શેઠિયાનું હશે એમ લાગતું હતું. દરવાજા પાસે આવી એ થોભ્યો. બારણાં બંધ હતાં, પણ ઘરની અંદર વાતચીત થતી હતી; એટલે હજુ કોઇ સૂતું નથી, એમ જણાતું હતું.

"બા! આપણે ઘરમાં બેઠાં છીએ છતાં આટલી ઠંડી લાગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, તો બિચારા પેલા ભિખારીઓનું શું થતું હશે? એમને તો પહેરવાનાં કપડાં કે રહેવાને પણ ઘર નથી હોતાં." એક નાના બાળકનો અવાજ એને કાને અથડાયો. "શું કરે બિચારા! ગમે એ રીતે દિવસો કાઢે!" એની બાએ જવાબ આપ્યો.

"પણ બા! આપણે એને માટે કંઈ ન કરી શકીએ?" માતાના જવાબથી બાળકને સંતોષ ન વળ્યો એટલે બીજો પ્રશ્ન કર્યો.

"આપણે શું કરીએ બેટા? આપણે તો એવું હોય તો વધારેમાં વધારે પાઇપૈસો આપી છૂટીએ."

"એમ કેમ બા? એમ કેવી રીતે છૂટી જઇએ. બાપાજી આમ તો બીજી ખૂબ સખાવતો કરે છે તો એ લોકો માટે થોડાય પૈસા ન ખરચી શકે? એમના માટે કોઇ ધંધાની ગોઠવણ, એમનાં બાળકો માટે કોઈ ભણવાની વ્યવસ્થા વગેરે ન થઇ શકે? આટલું તો આપણે સહેલાઇથી કરી શકીએ."

માતાપુત્રથી થોડેજ દૂર બાળકના પિતા બેઠા હતા. એમના મુખમાં હુક્કાની રબરની ટોટી હતી. અત્યારની ટંડીમાં હુક્કો એમના શરીરને ઠીકઠીક ગરમી પહોંચાડતો હતો. એમને બાળકના આ પ્રશ્નો રુચતા નહોતા. બાળકને બોલતો બંધ કરૂં, બંધ કરૂં એમ એમને થતું હતું, પણ અત્યાર સુધી દબાવ્યા કર્યું; છેવટે એમનાથી સહન ન થયું. અત્યાર સુધીની દાબી રાખેલી વાણીનો ઊભરો ઊછળ્યો અને સોડાવૉટરની શીશીના ફીણની જેમ ઊભરાઇ ચમકવા લાગ્યો.

"કરશે હવે! કરશે! બાપાજી બધુંય કરશે! રે'વા દે! તમે મોટા થાઓ ત્યારે કરજો; અમે તો નવરા નથી." બાપાજીને આમ ક્રોધે ભરાયેલા જોઇને બાળક આભો બની ગયો. બાળકે ધાર્યું ન હતું કે બાપાજી પોતાના પ્રશ્નોથી આટલા ગુસ્સે થશે. એટલે બાપાજીના બોલ્યા પછી એ મૌનજ રહ્યો અને વાર્તાલાપ એટલેથીજ અટક્યો.

"બોલશો કે?" એક અવાજ બારણેથી આવ્યો. અવાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળતાં શેઠ સહેજ ચમક્યા. અત્યારે કોણ હશે ? એમ વિચાર કરતાં તેઓ ઊઠ્યા અને બારણું ખોલી બહાર આવી પૂછ્યું:

"કોણ છે ભાઇ?"

"મુસાફર છું, શેઠ સાહેબ ! આજની રાત આશરો લેવો છે."

"આશરો લેવો છે? અને તે અહીં? અહીં આશરો કેવો? તારાં કપડાંનું ઠેકાણું તો છે નહિ! ચોર હોય, લૂંટારો હોય, કેવોય હોય-કોણ જાણે? એની અમને કેમ ખબર પડે? અને અમારાથી એમ ને એમ તપાસ કર્યાં વિના રાખી પણ કેમ શકાય?" શેઠે સીધેસીધું પરખાવ્યું.

"એની તો શેઠ કેવી રીતે ખાતરી આપું ? પણ જો મારા બોલ પર વિશ્વાસ હોય તો હું તમને કહું છું કે, હું ચોર હઇશ, લૂંટારો હઇશ, ગમે તે હઇશ પણ આજે તો તમારા ઘરમાંથી એક પાઇનો પણ સામાન લઇશ નહિ, એની સામે નજર પણ નહિ કરૂં, એની ખાતરી આપું છું. મારે તો આજની રાત કાઢવી છે. કાલે સવારે તો બીજે ક્યાંક રહેવાની ગોઠવણ કરી લઇશ."

"ના, ભાઇ ! ના! એમ અહીં નહિ બને. તું તારે બીજે ક્યાંક જગ્યા મેળવી લેજે. ગામની ધર્મશાળામાં જઇને રહેજે, પણ અમારાથી એમ અજાણ્યાનો વિશ્વાસ ન રખાય."

"શેઠ! રખડી રખડીને થાકી ગયો છું. ધર્મશાળામાં પણ ગયો હતો. ત્યાંય આશરો ન મળ્યો ત્યારે અહીં આવ્યો. હવે ક્યાં જાઉં? દસના ટકોરા હમણાંજ થયા. અત્યારે કોણ જાગતું હોય? ગલીગલીએ ભટકીને આવ્યો ત્યારે માત્ર તમારૂં ઘર ખુલ્લુ જોયું અને હવે તો આ ઠંડીથી મારી કાયા ઠંડીગાર બની ગઇ છે, ગાત્રો શિથિલ થઇ ગયાં છે. જો આજે આટલી બધી ઠંડી ન હોત, તો તો ગમે ત્યાં પડી રહેત; પણ આહ! ઠંડી તો આજે એટલી બધી છે કે અહીં થોભવું એ પણ મને ભારે થઇ પડયું છે. એક ડગલું પણ આગળ ભરવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારામાં હવે શક્તિ રહી નથી. શેઠ ! તમારા ઘરના એક ખૂણામાં પડી રહેવા દેશો તો મોટો ઉપકાર થશે. ઇશ્વર તમારૂં ભલું કરશે, શેઠ !"

"એવો ઉપકાર અમે નથી કરતા, ભાઇ ! તું તારી જાતે બીજે ક્યાંક સ્થાન મેળવી લેજે." કહીને શેઠે બારણાં વાસી દઇ સાંકળ ચડાવી દીધી.

"આવા કેટલાય ભામટાઓ હશે ! આ કોઇ પણ જગાએ ઠેકાણું ન પડયું એટલે આવ્યા આશરો લેવા ! અમે તે કંઇ ધર્મશાળા માંડી છે કે શું? અને ધર્મશાળા હોય તોય શું ? આવા અજાણ્યાઓને એકદમ રખાય પણ કેમ? આજકાલ તો આવા કેટલાય માણસો હોય છે, જે આંગળી આપતાં પહોંચો પકડે છે. પણ શેઠ એવાથી ક્યાં અજાણ્યા છે? શેઠે તો પોતાની આટલી ઉંમરમાં આવા કેટલાય માણસો જોઇ નાખ્યા છે, એટલે હવે એ છેતરાય એમ નથી !" સ્વગત બબડતા બબડતા શેઠ પોતાના ઓરડામાં જઇ પલંગમાં સૂતા અને થોડી વારમાં નિદ્રાધીન થઈ ગયા.

પરંતુ પેલા બાળકને ઊંઘ આવતી ન હતી. બાપાજીની સાથે ઊભા રહી પેલા ભાઇની વાત સાંભળ્યા પછી એને ગોઠતું ન હતું. બાપાજીએ એમ ના પાડી બારણાં વાસી દીધાં, એ જોઇ એને ખૂબ લાગી આવ્યું, પણ બાપાજીની પાસે પોતે કંઇજ કરી શકે એમ ન હતો, એ વિચારે વળી એ વધારે દુઃખી થતો હતો.

"ચોર હોય કે લૂંટારો હોય એથી શું ? બહુ તો પાંચપચીસ રૂપિયાની વસ્તુઓ લઇ જાય, એથી વધારે તો કંઇ નુકસાન નજ થાય-ને? પરંતુ આજે પેલા માણસને આશ્રય ન આપતાં આટલી ઠંડીમાં જો એનું મૃત્યુ નીપજે તો એથી કેટલું નુકસાન થશે? એકાએક એના મગજમાં આ વિચાર આવતાં કંપારી છૂટી. "ઘર ખોલીને બોલાવી લાવું ?" એને વિચાર આવ્યો, પણ બાપાજીની સખ્ત ધાક હતી, એટલે એમ તો થઇ શકે એમ હતું નહિ. એથી એ વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડી વાળ્યો. ત્યારે બીજું કરવું શું? આવા આવા અનેક તર્ક-વિતર્કોની પરંપરામાં ગૂંચવાતો બાળક ક્યારે નિદ્રાધીન થઈ ગયો, એની એને ખબર ન પડી.

આખા શહેરનાં માણસો ઠંડીના ભયથી ઘરમાં ગોદડાની હૂંફમાં ભરાઇને પોતાની જાતને બચાવવા પ્રયત્ન કરી રહ્યાં હતાં. માત્ર એકજ માણસ એવો હતો કે જે આશ્રયહીન રખડતો હતો. ધર્મશાળામાંથી કાઢી મૂકયા પછી આખા શહેરમાં રખડતાં રખડતાં માત્ર શેઠનું ઘર ખુલ્લું જોયું, પણ ત્યાં એને સ્થાન આપવાની ના પાડવામાં આવી. ઠંડી ધીરે ધીરે વધતી જતી હતી. એવીજ રીતે એ માણસના બદનમાંથી શક્તિ પણ ચાલી જતી હતી. ઠંડીના ભયથી ધ્રૂજતાં આખરે એણે આકાશ તરફ નજર નાખી. 'ઘૂ ઘૂ' કરતી કાળી રાત્રિના તારલાઓ એના સામું જોઇ ખડખડાટ હસી રહ્યા હતા. પ્રકૃતિનું એ સ્વરૂપ એનાથી જોઇ ન શકાયું. પૃથ્વી ઉપર અંધારી રાત્રિએ જેવો કાળો પડદો પાડી દીધો, તેવોજ કાળો પડદો પ્રકૃતિએ એના મુખ ઉપર પાડી દીધો.

આખરે ઠૂંઠવાતાં એણે પગ ઉપાડ્યો, પણ ચાલવાની શક્તિ હવે ક્યાં રહી હતી? સામેના ઘરના ઓટલા પર નજર નાખી. ઓટલો ખાલીજ હતો અને ખાલી ઓટલો એનું આશ્રયસ્થાન બન્યું. એ પછી ઠંડીના કેટલાય સુસવાટા એની પર થઇને પસાર થઇ ગયા, પણ એની એને ખબર પડી નહિ.

પૂર્વમાં ગગનની ક્ષિતિજ ઉપર સૂરજ દેવતાએ પોતાનાં મુખ-દર્શન દીધાં અને જગતને નિદ્રામાંથી જગાડયું. પ્રકાશના ભયથી તિમિર પણ આછું થઇ ભાગી ગયું અને તેજથી સર્વ દિશાઓ ઝળહળી ઊઠી. પંખી કલ્લોલ કરતાં ઊઠ્યાં. સર્વ કોઈ ઉઠીને સવારના કાર્યક્રમથી પરવારી, પોતાનાં કામ પર જવાની તૈયારી કરતાં હતાં.

એકાએક ઘર પાસે કોલાહલ થતાં બાપદીકરો જાગી ઊઠ્યા. બારી ઉઘાડી, આંખો ખોલી શેઠ નજર નાંખે એ પહેલાં તો સૂર્યનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક તીણું કિરણ શેઠની આંખ પર પડ્યું અને એમની આંખો મિંચાઇ ગઈ. એ અરસામાં પેલા બાળકે જોયું તો સામેના ઓટલા ઉપર એક માણસને પડેલો જોયો. કેડે વીંટાળેલી ધોતલી સિવાય એનાં શરીર પર બીજું વસ્ત્ર પણ ન હતું. મહોલ્લાના લોકોનું ટોળું એનાથી સહેજ દૂર એકત્ર થયું હતું અને એના વિષે અનેક તર્ક-વિતર્ક કરતું હતું. આ બધું જોતાં બાળકના મુખમાંથી દુઃખની એક કરુણ ચીસ નીકળી પડી.

"શું છે?" કે'તાં શેઠે બાળકના વાંસા ઉપર એક ધીરી લપાટ લગાવી અને નીચે દૃષ્ટિ નાખી. સામેના ઓટલા ઉપર જોયું, તો ગઇકાલવાળા માણસને જોયો. શું થયું હશે તે શેઠ તરતજ કલ્પી શક્યા. એમના મુખ ઉપરની એક પણ રેખા બદલાઇ નહિ. જાણે કંઇજ બન્યું ન હોય એમ ધીરેથી બાળકને "ચાલ" કહી હાથ પકડી ઘરમાં લઇ ગયા.

બાળકને એના પિતા પર ખૂબ રોષ ચઢ્યો હતો. પેલા બિચારાનો જીવ ચાલ્યો જતો હતો, છતાં પોતાના પિતાને એની કંઇજ પડી નહોતી. બાપાજીને ખબર નહિ હોય કે, પોતે એક બાળકના પિતા છે એવો એ પણ કોઈ બાળકનો પિતા હશે. જેવો પોતાને જીવ છે એવો એને પણ જીવ હશે.

જગતમાં આવા તો બિચારા કેટલાય હશે જેઓ અન્ન વિના, વસ્ત્ર વિના ટળવળતા હશે અને બીજા પણ એવા ઘણાય હશે કે જેઓ પોતાના મોજશોખમાં મસ્ત હશે. એમને ખબર પણ નહિ હોય કે, જગતમાં એમના સિવાય બીજા કોઇ વસે છે. આવા અનેક વિચારોની પરંપરાએએ બાળકના કુમળા મગજને ઘેરી લીધું, પરંતુ એ પ્રશ્નનો તોડ કઇ રીતે લાવવો એની એને સૂઝ પડી નહિ. બાળકને મન એ પ્રશ્ન અણુઉકલ્યોજ રહ્યો.

("નવયુગ" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૪–હોલો ભગત

શિયાળાની કડકડતી ઠંડીમાં પટેલની વાડીએ બળદ બાંધવાના ભંડકમાં, પરાળની બનાવેલ પથારીમાં હૂંફથી નીંદર આવી ગઈ છે. અધરાત ભાંગતાં ટાઢનો ચમકાર વધે છે ને અચાનક નીંદર ઊડી જાય છે. ત્યાં કાને અવાજ પડે છે:—

"પરભૂ...તું, એકજ...તું;
હે શિવ...તું, એકજ...તું!"

કાળી ઘોર રાતમાં આખો વગડો ઝમ...ઝમ...બોલી રહ્યો છે, કાળાં અંધારાંને વધુ ઘેરાં બનાવતાં ઝાડનાં જૂથ પહેરેગીરની પેઠે મૂંગાંમંતર થઇને ઊભાં છે. અંધારાં ભેદતો અવાજ સંભળાય છે: "પરભૂ...તું!"

બળદને નીરણ કરવા ઊઠેલ પટેલને પૂછું છું: "પટેલ, આ હોલો અત્યારે કાં બોલે?"

"ભાઇ, હોલો તો ભગવાનનો ભગત કહેવાય. ઇ ભગત-પંખીને રોજ પરભુના નામની માળા ફેરવવાનું નીમ. અધૂરી રહી ગયેલ માળા રાતે જાગીનેય પૂરી કરે એવાં એનાં વરત. હોલો કાંઇ અમથો ભગત કહેવાય છે?"

અને તરત વગડાને વીંધતો પાછો એનો એ ઘેરો અવાજ કાને ભટકાય છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પરભૂ...તું, એકજ...તું."

આપણા લોકમાં ભગતનું રૂડું બિરદ પામેલો હોલો કોણે નથી જોયો? સવારમાં કે બપોરે, રોંઢા ટાણે કે ઢળતી સાંજ વેળાએ, ક્યારેક તો વળી મધરાતે ઝાડની ટોચે કે ઘરને મોભારે બેસી એ પોતાની એકધારી વાણીમાં પ્રભુસ્મરણ કરતો હોય છે.

"ભગત"નું નામ પામેલ હોલાના શરીરે પણ ભાતભાતના રંગનો ઠઠારો નથી. આખા ડિલ ભર એકજ રંગ. ભભૂતિયો–રાખોડી. આપણે ત્યાં ઉત્તર હિંદમાંથી આવતા ખાખી બાવાઓને જોયા છે? તાજુંજ સ્નાન કરીને આખે ડિલે ખાખ ચોળી હોય તેવોજ હોલાના દેહનો વાન. ખાખી બાવો આખે ડિલે ભભુત ચોળે, પણ કાંડાં સુધી હાથપગ ધોઇ નાખે. એમજ હોલાની પૂંછડી અને પાંખોના છેડા ધોયેલ જેવા, આછા સફેદ. બાવાને ગળામાં રુદ્રાક્ષ કે તુલસીની માળાનો ગંઠો હોય તેમ હોલાનેય અર્ધા ડોકમાં કાળો કાંઠલો ને કાંઠલા પડખે નાના સફેદ લીટા હોય. ઊડતો હોય ત્યારે જાણે ભભૂતીનો ગોળો દોટાવ્યો હોય તેવોજ લાગે. એકલા ખાખી રંગમાંયે સૌંદર્ય હોય છે, એ જોવું હોય તો ઊડતા હોલાને જોજો.

હોલો છે કબૂતરનોજ ભાઇ; એની રહેણીકરણી, જીવનવ્યવહાર બધું પારેવા જેવુંજ. માત્ર રૂપરંગમાં ફેર એટલુંજ. કબૂતર વસે છે આપણી પાડોશમાં. હોલોય આપણી પાડોશમાં વસે છે ખરો, પણ એને વધારે તો વગડોજ ગમે છે. ઝાડેઝાડે ઊડતો જાય, પ્રભુ-રટણ કરતો જાય અને ખેતરમાં ચારો ચરતો જાય. મોટાં શહેરોમાં હોલો ઓછો દેખાય છે.

રૂપેરંગે જેમ હોલો ભગત, તેમ એના જીવનવ્યવહારમાં પણ ભગત. ભગતને સાંસારિક માથાકૂટ ઝાઝી ન ગમે. આપણા હોલા-રાણાને પણ માળાની માથાકૂટ ન ગમે. બીજાં પંખીના માળા મજ-બૂત હોય, સુરક્ષિત સ્થળે બાંધ્યા હોય; હોલાને એવું કાંઇ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડાંક સાંઠીકડાં મૂકી, ઇંડાં મૂકવા જેવું બને એટલે પત્યું. ભલે પછી ઇંડું પડે ને માળોય પડે; ફરીથી બાંધવા લાગી જાય. કર્મમાં માનનારો, એના ફળમાં નહિ.

પણ હોલો ભગત તો બની ગયો છે શિકારીઓનું મીઠું ખાણું. એનું માંસ ખૂબ ગરમ ગણાય છે. કહેવાય છે કે, સંધિવા જેવાં દરદોમાં એનું માંસ દવા તરીકે વપરાય છે. આથી ગામડાંના શિકારીઓ હોલાને દીઠો મૂકતા નથી.

ઇંડાં તો વરસના જુદાજુદા સમયે ધોળા રંગનાં મૂકે, પણ ગ્રીષ્મ ઋતુ દરમ્યાન એનામાં ઉન્માદ આવે છે. નરમાદા ઘર કે ઝાડ પર બેઠાં હોય; હોલો તરત ઊડવાનો. ઊંચે ઊડી, પાંખો પહોળી કરી તરતો તરતો ઊતરી, માદા પાસે બેસી જાય. ઊતરતો હોય ત્યારે બલૂનજ ઊતરતું હોય તેવો લાગે. ઊતરતી વેળા દેહ અને મોઢું એવાં ગંભીર રાખવાનો કે આપણે જોઇજ રહીએ. આપણને થાય કે હોલો ભગત બીજાં પંખીને ઊંચે ચડ્યા પછી હેઠે ઊતરવાનું ગૌરવ તો નહિ શીખવતો હોય?

ક્યારેક નાનું અંતર ઊડીને બેસવાનું હોય ત્યારે રૂઉ...રૂઉ .. એવો અવાજ કરે છે. એમાંયે મીઠાશ ખરી. ત્રીજો કોઇ અવાજ કાઢે છે કે કેમ તે ખબર નથી.

ભગત મનાયેલો આ હોલો લડતી વખતે એની ભગતાઇ ભૂલી જાય છે. પારેવાં તો બિચારાં ક્યારેક બાઝતાં હશે, બાકી વગડામાં ચારો ચરતા હોલા પાસે બીજો હોલો જઇ બેઠો હોય તો ફટાફટીજ બોલવા લાગે. ફટ્...ફટ્... પાંખોના ફડાકા એકબીજા વચ્ચે ઊડે અને સબળો નબળાને દૂર તગડીને મૂકી આવે ત્યારેજ જંપે. આથીજ તો બાળકોને એની ભગતાઇ કરતાં બીજું જોડકણું જોડવું ખૂબ ગમ્યું છે કેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઘુઘૂ.....ઘુ......વાગડ જાઉં,
પીલું ખાઉં, જાડો થાઉં, ઘુઘૂ......ઘુ."

"કુકુ...કુ...કુ...કુકુ ડોશી...કરગઠડી" એવા શબ્દો મોભારા માથે સંભળાય કે તરતજ "ઊભી રે'જે...રાંડ" કહેતાં ઘરમાં બેઠેલાં ડોશીમા પાણો લઇને ઊઠવાનાં અને કેડ વાંકી વળી ગઈ હોય તોયે એ અવાજ કરતા પંખીને મારીને ઉરાડી મૂકવાનાં. શેરીનાં છોકરાં દેખી જાય તો તરતજ ચીસ પાડી ડોશીને ખીજવવાનાં કે, "ડોશી...કરગઠ...ડી!" આ સાંભળી, પંખીને ઉરાડી મૂકી ડોશી એમની પાછળ પડવાનાં: "ઊભાં રે...જો, મારાં રોયાં."

આપણી શેરીમાં રોજ દેખા દેતા આ સંગ્રામનું મૂળ તો આપણા હોલાની બીજી જાત, જે આપણી ફળીમાં રોજ ફરતી હોય છે તે હોલડી. "હોલડી ઘર માથે બોલે તો નાનાં છોકરાં માંદાં પડે અને ડોશી હોય તો છ મહિનામાં મરી જાય," એ ડોશીશાસ્ત્રનું જોર સાઠ વર્ષનાં ડોશીનેય હાથમાં પથ્થર લેવરાવે છે!

બિચારી હોલડી! નથી એને આપણા કોઈ રોગ કે રોગના કારણ સાથે સબંધ, છતાં એના બોલી અપશુકનિયાળ ગણાઈ ગઈ છે.

આખો દિવસ આંગણામાં કબૂતર, ચકલાં કે કાગડા સાથે એ ફર્યા કરે, જીવડાં વીણ્યા કરે; હોલા ભગતની જેમ ક્યારેક અચ્છો લડાયક સ્વભાવ પણ રજૂ કરે.

હોલાનો વાન ભૂખરો, તો આ હોલડીનો વાન આછો લાલ. કદ ભભૂતિયા હોલાથી જરાક નાનું. વળી ડોક આસપાસ કાળાંધોળાં ટપકાં. બોલતી વખતે ગરદન ફુલાવે ત્યારે એ કાણાંની જાળી જોવા જેવી બની જાય છે.

વિશેષે તો આપણી પાસેજ વસવા છતાં વગડામાં પણ એનો વાસ ખરો. ક્યારેક સાંજને વખતે કોઈ સૂકા ઝાડની ડાળીઓ પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારે બાજુ બેસી ગયેલ હોલડીનું ટોળું ગામમાં વેચવા આવતા વેડવાંવાઘરીના હાથમાં શોભતી ફરફરિયાથી ભરપૂર છડીનોજ દેખાવ ઊભો કરે.

આ હોલાનીજ જાતનો એક ત્રીજો લાલ હોલો થાય છે. એ આપણી નજરે ઓછો ચડે છે, કારણકે એ સંખ્યામાં ઓછો છે તથા વગડામાંજ વસનારો છે. શરીરનો વાન લાલ, પાંખો સહેજ વધારે રાતી, કાંઠલો તો એનેય ખરો. માથું ભભૂતિયા રંગનું. માદા જુદા રંગની હોય છે એમ કહેવાય છે, મારી નજરે નથી ચડી. ગામડાંમાં આ હોલાને "રાતડિયો" કહે છે.

હોલાની એક ચોથી જાત પણ આપણે ત્યાં વસતી કહેવાય છે. કાબરથીયે નાની અને "કુકકૂ...કૂ કૂ કૂ" શબ્દો બોલતી ગુજરાતમાં હોય તો ભલે, કાઠિયાવાડ, ઝાલાવાડ કે ગોહિલવાડમાં મારી નજરે ક્યાંય નથી ચડી.

(તા. ૧૫–૧૨–૩૯ ના "ફૂલછાબ" સાપ્તાહિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

९५-फूटेली चलमनी आत्मकथा

(લેખકઃ-શ્રી. સુમતિચંદ્ર પોપટલાલ શાહ)

આ જગતમાં મારા જેવું દુખાર્ત તથા પાપી કોઇ ભાગ્યેજ હશે. મારો ઉપયોગ કરીને આનંદ માણતા લોકોને ભાગ્યેજ ખ્યાલ હશે કે મારી કાયા દુઃખથી તથા પાપથી ઘડાઇ છે અને નહિ કે હર્ષના ઉન્માદથી.

મારૂં મૂળ સ્વરૂપ માટીનું હતું. મારી કોઇ ભાગ્યશાળી બ્હેનને તાવડીરૂપે મનુષ્યજાતિની સેવા કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું, પણ મારા જેવી હતભાગીને માટે એ સેવા ન હતી.

હું મારી માતા ધરતીના પેટમાં સૂતી સૂતી મોટી મોટી મહત્ત્વાકાંક્ષાનાં સ્વપ્નાં રચતી હતી. એક દિવસ મેં ચારેક માણસોને મારી પાસે વાતો કરતા સાંભળ્યા. મને તે દિવસ મારા ભાગ્યોદયનો લાગ્યો. મને માણસો પ્રત્યે ભલી લાગણી ઉત્પન્ન થઇ તથા એમ પણ લાગ્યું કે માણસો ઉદાર તથા દયાળુ હોય છે. પણ મારી તે લાગણી તથા કલ્પના ક્ષણભરજ ટકી. તેઓની વાત પૂરી થતાંજ તેઓએ મારા દેહ પર તેમની સાથે લાવેલાં હથિયારો (કોશ, પાવડા, કોદાળી વગેરે)નો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. ઘા ઉપર ઘા પડવા લાગ્યા. મારી માતા રોવા લાગી છતાં પણ પેલા ક્રૂર માણસોએ મારી માતા પર દયા ન આણી અને તેના અંગેઅંગના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કટકા (ઢેફાં) કરીને મને મારી માતા (ધરતી) પાસેથી ખૂંચવી લીધી.

તેઓ મને તેમની સાથે લાવેલા ગધેડા પર છાલકામાં ભરી ઘેર લાવ્યા. મને ફળિયામાં એક ખૂણે નાખી. તેઓની ક્રૂરતાની પ્યાસ હજી પણ છીપી નહોતી, તેથી તેઓએ મને ખૂબ ગૂંદી અને પાણી નાખીને ચીકણી બનાવી. જો કે એક રીતે મને તેઓના પર પ્રેમ આવ્યો, કારણકે હું તડકાંને લઇને ખૂબ તરસી થઇ હતી અને તેમણે મને પાણી પિવડાવ્યું હતું; પણ તે ક્ષણભર માટે. પછી મને ચલમના રૂપમાં ફેરવી નાખી.

અત્યાર સુધી મારા તરફ તેઓએ ખૂબ ક્રૂરતા બતાવી હતી, છતાં પણ હજી તેઓની ક્રૂરતાની પ્યાસ પૂરી ન થઇ હોય એમ તેમણે મને ભઠ્ઠીમાં નાખી. પણ એક રીતે એથી મને આનંદ થયો કારણકે ત્યાં મારી બીજી બહેનો પણ હતી. અમે બધી પેલા લોકો ઉપર ગુસ્સે થતી હતી અને શેકાતી શેકાતી એક-બીજીને દિલાસો આપતી હતી. બીજે દિવસ થયો ત્યારે અમને બહાર કાઢી. મેં જોયું તો મારી કેટલીક બહેનોને અંગે બહુ દાઝ-વાથી કાળા ડાઘા પડી ગયા હતા. ત્યાંથી અમને એક વેપારીને ત્યાં વેચી દીધી.

આ કહી મારી દુઃખગાથા. હવે સાંભળો મારી પાપગાથા. મેં અનેક ભેખધારીઓના ભેખ અપવિત્ર કર્યા છે. મેં અનેક માણસોને મારા ગુલામ બનાવ્યા છે. મેં અનેકનો જીવ લીધો છે. મારા માટે તમાકુ વાવવામાં આવે છે, અને એને લીધે કેટલાંય જીવજંતુના પ્રાણ જાય છે.

હવે તમે જુઓ છો તેવી ફૂટેલી સ્થિતિમાં હું કેવી રીતે આવી તેની કરુણ કથની સાંભળો. એક ખૂબ વ્યસની ગામડાના માણસે મને પેલા વેપારીને ત્યાંથી ખરીદી. તે માણસ એક દિવસ પોતાના ઘરને ઊંચે ઓટલે બેસીને મારા મોઢામાં તમાકુ ભરીને પીતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અચાનક તેની છાતીમાં ધુમાડો ભરાઇ જતાં તેને ખૂબ મૂંઝવણ થઇ આવી. તે જોઇ મને એટલો બધો પશ્ચાત્તાપ થયો કે મને આપઘાત કરવાનું મન થઈ આવ્યું. તેથી મેં તેના હાથમાંથી નીચે પડતું મૂકયું; પણ અફસોસ! હું મરી જવાને બદલે અપંગ બની! (થોડીક ફૂટી ગઇ.)

આ મારી પાપગાથા તથા દુઃખગાથા. તમે જે જે ચલમ જુઓ છો તેની પાછળ દુઃખના, પાપના, પારાવાર કરુણતાના સાગર ઊછળે છે, એટલુંજ જો તમે જાણો તથા તમે ચલમ પીતા હો તો ન પીઓ, અથવા જે પીતા હોય તેમને ન પીવાનો બોધ દો તોપણ મારો કહેવાનો શ્રમ સફળ ગણી શકાય. બાકી આવી કરુણ કહાણી વાંચ્યા પછી કે સાંભળ્યા પછીય માણસજાત ચલમ બનાવવાનું તથા વાપરવાનું છોડી દે તો કેવું સારૂં?

(આષાઢ-૧૯૯૪ના "કિશોર" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

६६-चोर कोण?

(લેખકઃ-શ્રી. રામભાઇ પટેલ)

એક વાર એક શેઠના ઘરમાંથી રાત્રે ગલ્લો ખોવાયો. શેઠ તો શિયાવિયા થઇ ગયા. એમણે કોટવાળને ખબર કરી. કોટવાળે ચોરની શોધ કરવા ખૂબ ફાંફાં માર્યાં, પણ ચોરનો પત્તો લાગે નહિ. વાત રાજા પાસે પહોંચી.

શેઠે રાજાને કહ્યું કે, "આપના રાજ્યમાં માલમિલકતની સલામતી નથી. એવા મુલકમાં અમારે રહેવું નથી."

રાજા મૂંઝાયો. એને થયું રાજમાંથી શેટશાહૂકારો ચાલ્યા જશે તો રાજની આંટ તૂટી જશે. એણે કોટવાળને બોલાવ્યો. રાજાએ એને ધમકાવીને કહ્યું કે, "ત્રણ દિવસમાં ચોરની શોધ કરી લાવ, નહિ તો શૂળીએ ચડાવવામાં આવશે."

કોટવાળ તો બિચારો રાજાનો ગુસ્સો ને પોતાનું મોત આવેલું જાણી લેવાઇજ ગયો. એ તો ઘેર જઇને વલોપાત કરવા લાગ્યો. પણ એથી શું વળે? પણ રાજાનો વજીર ભારે ઉસ્તાદ માણસ હતો. એને બિચારા કોટવાળ ઉપર દયા આવી. એ તો પહોંચ્યો રાજા પાસે.

રાજાને કહ્યુંઃ "જહાંપનાહ! તમે નિર્દોષને શું કામ ગરદન મારો છો? ચોર પકડી લાવવાનું હું માથે લઉં છું. કોટવાળની સજા માફ કરો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા ચિડાઇ રહ્યો હતો. ખીજમાં ને ખીજમાં એણે ભરડી નાખ્યું: "જા, કોટવાળનું ઉપરાણું લેવા આવ્યો છું, પણ જો ત્રણ દીમાં તારાથી ચોર ન પકડાયો તો તને ગરદન મારવામાં આવશે."

"વારુ." કહીને વજીર વિદાય થયો.

વજીરે કોટવાળ મારફતે શેઠને બોલાવ્યા ને કહ્યું: "શેઠજી, ચોર તમારા ઘરમાંજ છે, ને નાહકના તમે કોટવાળને શા માટે હેરાન કરો છો?"

"એવું કેમ બને? મારા ઘરમાં કોઇ એવું માણસ છેજ નહિ." શેઠે આશ્ચર્યથી કહ્યું.

"તમારી વાત ખોટી છે, શેઠ! તમારા ઘરમાં ને ઘરમાંથીજ ચોર નીકળે તો તમારે ચોરાયેલા ગલ્લામાંથી અડધું કોટવાળને આપવું પડશે." વજીરે કહ્યું.

પછી તો વજીરે શેઠના જૂના ને જાણીતા નોકરચાકરોને બોલાવ્યા. પછી એમને કહ્યું: "હું ચોર પકડવાનો જાદૂ જાણું છું. તમારામાંથીજ એક જણ ચોર છે. પણ ચોર કયો છે તે હજી મારા જાદૂમાં નથી માલૂમ પડયું. આજે રાતના હું એને માટે મંત્ર ભણવા બેસવાનો છું." આમ કહીને એણે આગળથી લાવી રાખેલ સરખા માપની સોટીઓની ભારીમાંથી દરેકને એકેક સોટી આપીને કહ્યું:

"જુઓ, તમારામાંથી જે ચોર હશે એની લાકડી આજે રાત્રે હું મંત્ર ભણવા બેસીશ એના પરચાથી, એક આંગળ જેટલી વધી જશે, અને બીજા બધાની લાકડી સરખી રહેશે." પછી એણે બધાને મોકલી દીધા.

હવે વાત એમ બની કે એ લોકોમાંથીજ એક જણે ગલ્લો ચોર્યો હતો. રાતે એણે વિચાર કર્યો કે, પોતે વજીરની અક્કલને પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી ભરાવે ત્યારેજ ખરો. એણે પોતાની લાકડી એક છેડેથી એક આંગળ જેટલો ભાગ સાચવીને કાપી નાખી. એણે માન્યું કે મંત્રના બળથી લાકડી આગળ વધતાં એની લાકડી પણ સરખી થઇ રહેશે.

બીજે દિવસે બધાને વજીરે લાકડી સાથે બોલાવ્યા. જાણે રાતે જબરો જાદૂઈ મંત્રનો જાપ કરવામાં રોકાઇ ગયો હોય એવો એણે દેખાવ કર્યો ને દરેકની લાકડી ભેગી કરીને સરખાવી જોઇ. જેણે પોતાની લાકડી કાપી નાખી હતી તેની લાકડીનો છેડો એક આંગળ ટૂંકો નીકળ્યો.

"બસ ચોર પકડ્યો!" કહીને વજીરે પેલા લાકડી કાપનાર ચોરની પક્કાઇ ઉઘાડી પાડી દીધી ને એને કડીની સજા કરી. શેઠને ચોરાયેલો ગલ્લો પાછો મળ્યો ને કોટવાળને અડધો બદલો મળ્યો. કોટવાળ તો બિચારો વજીરે પોતાની જિંદગી બચાવી એ બદલ પાણી પાણી થઇ ગયો.

રાજાને વજીરની અક્કલહોશિયારીની ખબર પડતાં એ પણ એના ઉપર ખુશખુશ થઇ ગયો ને દરબાર ભરી એને માન આપી સારી બક્ષિસ પણ આપી. એમ ત્યારે! જાદૂના કરતાં પણ બુદ્ધિનો ચમત્કાર કંઈ ઓછો હોય છે?

("કિશોર" માસિકના એક અંકમાંથી)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૭-મોટાની વાણી

(લેખકઃ-શ્રી. નગીનદાસ પારેખ)

એક દિવસ એક રાજા પોતાના પ્રધાન અને નોકરોને સાથે લઇને ફરવા નીકળ્યો. ફરતાં ફરતાં તેઓ એક જંગલમાં જઇ પહોંચ્યા. ત્યાં રાજાને તરસ લાગી. તેણે પોતાના નોકરને કહ્યું કે, “ કોઇ જગ્યાએથી પાણી લઈ આવ.”

પાસેજ એક ઝૂંપડી હતી. તેમાં એક આંધળો સાધુ રહેતો હતો. પેલા નોકરે ઝૂંપડી આગળ જઇને કહ્યુંઃ “ અરે અંધા, તારી પાસે પાણી હોય તો અમને આપ.”

સાધુએ કહ્યુંઃ “ હું નીચને પાણી નથી આપતો, ચાલ્યો જા.”

નોકરે રાજા પાસે જઇને કહ્યુંઃ “ મહારાજ ! આંધળો બડો દુષ્ટ છે. પાણી નથી આપતો.”

રાજાએ પ્રધાનને પાણી લઇ આવવાની આજ્ઞા કરી.

પ્રધાને સાધુ પાસે જઇને કહ્યુંઃ “ ભાઈ આંધળા ! થોડું પાણી જોઇએ છે.”

સાધુએ કહ્યુંઃ “તું પ્રધાન થયો તેથી શું થયું ? જા હું પાણી નહિ આપું.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રધાન ખાલી હાથે પાછો ગયો. ત્રીજી વાર રાજા પોતે ઝૂંપડી આગળ ગયો અને તેણે કહ્યું: "મહાત્માજી! મને તરસ લાગી છે. કૃપા કરીને થોડું પાણી નહિ આપો ?"

સાધુએ કહ્યું: "મહારાજ ! પધારો, બેસો, હું હમણાં પાણી લઈ આવું છું."

રાજાએ કહ્યું: "પાણી તો હું પછી પીશ. પહેલાં કૃપા કરીને મને એ કહો કે, તમને દેખાતું તો છે નહિ છતાં તમે શી રીતે જાણ્યું કે, હું રાજા છું અને મારી પહેલાં આવેલો તે વજીર છે ?"

સાધુએ કહ્યું: "મેં બોલ ઉપરથી જાણ્યું. 'અરે અંધા' કહેનાર નોકરોજ હોય છે. પ્રધાનની વાણી નોકર કરતાં સારી હતી, પણ આપનાં વચન આદર અને સત્કારભર્યાં હતાં. જે જેટલા ઊંચા દરજ્જાનો માણસ હોય છે, તેની વાણીમાં તેટલી વધારે મીઠાશ અને બીજાને માટે તેટલો વધારે આદર અને વધારે નમ્રતા હોય છે."

(મે-૧૯૩૯ના "કિશોર" માસિકમાંથી)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૮–રાજાની ભેટ

(લેખકઃ–ડૉ. શિવપ્રસાદ કુ. ત્રિવેદી)

રાજા રૂપસુંદરને ભારે રોગ થયો છે. એમને બિલકુલેય ઊંઘ નથી આવતી. ભલભલા વૈદ્યો અને હકીમો દવા કરી કરી થાક્યા. જંતરમંતરવાળા પાછા પડ્યા. જતિભૂવાઓ ભોંઠા પડ્યા. રાજા સો મણ રૂની તળાઇમાં સૂતા, તેમાં સુગંધી અત્તર છંટાયાં. તે વાંકા સૂતા, આડા સૂતા, વૈદ્યો કહે તેમ સૂતા; પણ એમને ઊંઘ ન આવી તે નજ આવી.

પછી તો જેમ વાર્તાઓમાં આવે છે તેમ, રાજા રૂપસુંદરે ઢંઢેરો પિટાવ્યો કે, "રાજાનો રોગ મટાડનારને મનમાગી ભેટ આપવામાં આવશે." દેશપરદેશના વૈદ્યરાજો આવ્યા, પણ એમની દવાની ટિક્કી ના લાગી. વિખ્યાત ગવૈયાઓનો ગાઈ ગાઇને કંઠ બેસી ગયો, કોઇએ હાલરડાં ગાયાં, ઘણાં પગચંપી કરી કરી થાક્યા; પણ રાજાને ઊંઘ ન આવી તે નજ આવી.

હવે તો રાજા ખૂબ કંટાળ્યા. ઊંઘ નહિ આવવાથી એમનું શરીર પણ કથળ્યું. સ્વભાવ ચીડિયો બની ગયો અને એમને જીવવું કડવું ઝેર થઈ પડ્યું.

કૃપાલ અખાડાબાજ હતો. તેણે રાજાનું દરદ મટાડવા અખતરો કરવા વિચાર્યું. રાજાને વિશ્વાસ બેસાડવા એણે સંન્યાસીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેશ લીધો, ભગવી કંથા પહેરી, હાથમાં કમંડળું અને દંડ લીધાં, પગમાં પાવડીઓ પહેરી પટ્ પટ્ પટ્ કરતો, તે રાજમહેલમાં જઇ ઊભો અને દરવાનને ખબર આપવા કહ્યું.

રાજા તો વૈદ્યમાત્રથી કંટાળી ગયા હતા, પણ આ વળી સંન્યાસી એટલે મહારાજને અંદર આવવા દેવા હા પાડી.

સંન્યાસી રાજા સમીપ જઇ ઊભા. હસતાં હસતાં તેમણે કહ્યું: "અહોહો! તમારૂં દરદ શી વિસાતમાં છે? ક્ષણમાં તમને ઉંચાડી દઉં. ચાલો, મારી સાથે જંગલમાં. જડીબૂટી શોધી દઉં."

રાજા રૂપસુંદર સંમત થયા. સંન્યાસીએ કહ્યું: "મને એક કોદાળી અપાવો."

સંન્યાસીએ કોદાળી ખભે ટેકવી જંગલ ભણીનો રસ્તો લીધો. તેમને પગલે પગલે રાજાએ ચાલવા માંડયું.

બન્ને પાંચછ માઇલ દૂર ઊપડી ગયા. તળાવ સમીપ આવી પહોંચ્યા. સુંદર તળાવ હતું. એમાં કાચ જેવું નિર્મળ પાણી લહેરિયાં લઈ રહ્યું હતું. તળાવની પાળ ઉપર તરુમાળા હતી. ત્યાં આગળ બન્ને જણ થોભ્યા.

સંન્યાસી બોલ્યા: "રાજાજી! તમે આ સ્થળે ખોદો. ખોદતાં ખોદતાં જડીબૂટી હાથ લાગશે. વૈદકશાસ્ત્રમાં દરદીએ જાતે ખોદવાનું વિધાન લખ્યું છે."

રાજા તો દરદથી ત્રાસ્યા હતા. દરદ નિવારવા કોઈ પણ ઉપાય કરવા તત્પર હતા. ત્યાં રાજાને કોઇ જુએ તેમ પણ ન હતું, એટલે તેમણે કચવાતે મને ખોદવા માંડયું.

રાજાએ તે વળી કયે દિવસે આવી મહેનત કરી હોય? થોડુંક ખોદ્યું અને તેમનું શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયું. ખૂબ થાક લાગ્યો. જેમતેમ કરી ખોદવા લાગ્યા. હાથવેંતેક ખાડો ખોદતાં તો એ હાંફી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જોઈ સંન્યાસીએ કહ્યું: "રાજાજી! હવે રહેવા દો. તમે આરામ કરો. થાક ઉતારવા આ તળાવમાં સ્નાન કરો.

રાજા તળાવમાં નાહવા ઊતર્યા. ખૂબખૂબ નાહ્યા. પછી શરીર લૂછી આડા પડ્યા. થોડી વારમાં તો એમની આંખ ઘેરાવા લાગી. ઊંઘ આવી. ખરબચડી અને કઠણ જમીન ઉપર રાજાને ઘસઘસાટ નીંદર આવી ગઇ!

રાજા ઊંઘ્યા ઊંઘ્યા તે ચારપાંચ કલાક! ઊંઘમાંથી જાગૃત થતાં તે ઘણા આનંદિત હતા, પ્રફુલ્લિત હતા. સંન્યાસી કહે: "રાજાજી! ખોદવાનું કાલ પર રાખો. ચાલો પાછા વળીએ."

આવી રીતે સંન્યાસી અને રાજા ત્રણ વાર જંગલમાં આવ્યા. રાજા ખોદે, થાકે ત્યારે નહાય અને તરત એમને ઊંઘ આવે. હવે તો રાજાનો રોગ નાબૂદ થયો. રાજાજીને ચિંતા ટળી અને હર્ષ થયો. પ્રજાજનોને આનંદ થયો.

પણ હજુ રાજાને થોડી શંકા હતી કે, કદાચ ફરીથી રોગ લાગુ પડ્યો તો? એમણે સંન્યાસી પાસે દવા માગી. સંન્યાસી કહે: "રાજાજી! દવા તો તમને મળી ગઇ છે! જમીન ખોદી જડીબૂટી મેળવવાની વાત ખોટી હતી. તમને કસરત કરાવવા મેં યુક્તિ કરી હતી. રાજકારણથી તમારૂં મગજ થાકી ગયેલું, આથી તમને કસરતની જરૂર હતી." આમ કહી સંન્યાસીએ પોતાની ઓળખાણ આપી. રાજા કહે: "હેં! તમે વેશપલટો કેમ કર્યો હતો?"

કૃપાલ કહે: "આપને વિશ્વાસ બેસે એ ખાતર." બીજે દિવસે દરબાર ભરાયો. રાજાએ હસતે મોંએ કૃપાલને મનમાની ભેટ માગવા કહ્યું. કૃપાલે કહ્યું: "તમારૂં પ્રિય જાનવર મને ભેટ આપો." રાજાને શ્વેત હાથી પ્રિય હતો. શ્વેત હાથી તો દેવાંશી ગણાય. તેને ન વેચાય કે ન ભેટ અપાય. હવે શું થાય? પંડિતોની સભા ભરાઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે તોડ કાઢ્યો કે, શ્વેત હાથીના વજનનો સોનાનો હાથી બનાવી ભેટ કરો. રાજાએ કહ્યું: "કબૂલ".

પણ શ્વેત હાથીનું વજન શી રીતે લેવું ? જીવતા હાથીને તોળવો શી રીતે ? એ મૂંઝવણ ઊભી થઇ. વળી પાછા દેશપરદેશના પંડિતો ટોળે વળ્યા. પંડિતોની બુદ્ધિ ન ચાલી. એક પંડિત કહે: "મહાકોશલના ખૂણામાં એક વૈજ્ઞાનિક રહે છે તેને તેડાવો."

મહાકોશલથી વૈજ્ઞાનિક આવ્યો. તેને હાથીનું વજન કરવાનું કામ સોંપ્યું. તે કહે: "ઓહો ! એમાં શું ?"

પંડિત નદી કિનારે ઊપડ્યા. વહાણમાં શ્વેત હાથીને ઊભો કર્યો. પછી વહાણને ભર નદીમાં ઊભું રાખ્યું. જ્યાંસુધી વહાણ પાણીમાં ડૂબતું હતું, ત્યાં સુધી પંડિતે નિશાન કર્યું. પછી કિનારે પાછા વળ્યા.

ફરી વહાણને નદીની મધ્યમાં લઇ ગયા. નિશાન સુધી વહાણ ડૂબ્યું ત્યાંસુધી એમાં સોનું ભર્યું. આ પ્રમાણે હાથીના વજન જેટલું સોનાનું માપ કાઢ્યું. કારીગરે એ સોનામાંથી સુંદર હાથી બનાવ્યો.

રાજા રૂપસુંદરે, સોનાનો હાથી કૃપાલને ભેટ આપ્યો.

(મે-૧૯૩૯ ના "કિશોર" માસિકમાંથી)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૧—ઇ ન્સા ફ

(લેખકઃ—શ્રી. નગીનદાસ પારેખ)

એક વખત એક માણસ કાજી પાસે ગયો અને ફરિયાદ કરવા લાગ્યોઃ "કાજીસાહેબ, મેં એક ડોસાને સો રૂપિયા આપ્યા હતા, પણ હવે તે પાછા આપતો નથી."

કાજીએ તે ડોસાને બોલાવીને પૂછ્યુંઃ "કેમ ડોસા, આ વાત સાચી છે?"

ડોસાએ તરત જવાબ આપ્યોઃ "ના કાજીસાહેબ, એણે મને રૂપિયા આપ્યાજ નથી."

કાજીએ પેલા માણસને પૂછ્યુંઃ "તારો કોઇ સાક્ષી છે?"

"ના જી. સાક્ષી તો કોઇ નથી."

ત્યારે કાજીએ પેલા ડોસાને કહ્યું કે, "ડોસા! તું કસમ ખાય, તો જવા દઉં."

પણ પેલો માણસ બોલી ઊઠ્યોઃ "સાહેબ, મને એના કસમનો વિશ્વાસ નથી. એ તો ખોટા કસમ ખાય એવો છે."

"તો તું કંઇ સાબિતી રજૂ કર."

"સાહેબ, સાબિતી તો શી રજૂ કરૂં? મેં જ્યારે એને રૂપિયા આપ્યા, ત્યારે બીજું કોઇ ત્યાં હતુંજ નહિ. એ એકલો એક ઝાડ નીચે બેઠો હતો."

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તો પછી કોઇ સાક્ષી નથી એમ શાનો કહે છે? આવો મોટો સાક્ષી છે ને! તું તારે જઇને તે ઝાડને બોલાવી લાવ."

"પણ સાહેબ, ઝાડ શી રીતે અહીં આવશે?"

કાજીએ કહ્યું: "તું મારો હુકમ લઇને જા અને ઝાડને કહે કે, 'તને કાજીસાહેબ બોલાવે છે.'"

પેલો માણસ તો કાજીનો હુકમ લઇને ઝાડ પાસે જવા નીકળ્યો. થોડી વાર થઈ એટલે કાજીએ પેલા ડોસાને પૂછ્યું: "હવે તો તે ઝાડ પાસે પહોંચી ગયો હશે નહિ? મારે હજી બીજાં ઘણાં કામ પતાવવાનાં છે."

ડોસાએ કહ્યું: "હજી તો તે રસ્તામાંજ હશે. ઝાડ કાંઇ પાસે નથી."

કાજી ચૂપચાપ બેસી રહ્યો. થોડી વારમાં પેલો માણસ પાછો આવ્યો અને કહેવા લાગ્યો કે, "સાહેબ, ઝાડે તો આપનો હુકમ ન માન્યો."

કાજીએ કહ્યું: "અરે, ઝાડ તો ક્યારનું સાક્ષી આપી ગયું."

આ સાંભળી પેલો ડોસો ગભરાઇને બોલ્યો: "ક્યારે? મેં તો કોઇ ઝાડને આવતું જોયું નથી!"

કાજીએ કહ્યું: "ખરી વાત છે. કોઇ ઝાડ મારી પાસે આવ્યું નથી, પણ તેણે સાક્ષી પુરાવી છે. જો તને એ ઝાડની ખબર નથી તો પછી તને એ ખબર ક્યાંથી પડી કે તે કેટલે દૂર છે. હવે એના રૂપિયા આપ્યા વિના તારો છૂટકો નથી. આપી દે એના રૂપિયા."

ડોસો ખસિયાણો પડી ગયો અને તેણે પેલા માણસના રૂપિયા તરત જ ચૂકવી આપ્યા.

("કિશોર" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૦-રામલો સાથી

(લેખકઃ-શ્રી. સુમનલાલ અમૃતલાલ દેસાઇ)

(૧)

માઝમ નદીની ભેખડ પાસે એક વાડી હતી. ઊંચા એકબીજા-ને ખભે બેસતા કાળા પથ્થરો, માથે વરસતી લૂ અને ચકચકતી નદીની રેતીથી લાલ-પીળાં જોતી આંખો એ હરિયાળી વાડી જોઈ શાંત થતી. નદી ઊતરી આવતા ગાડાવાળાઓ, ઘર માટે ચારો કે બળતણના ભારા લઈ જતી શ્રમજીવી સ્ત્રીઓ અને ચરતી ગાયોને છોડી રબારી કે રસ્તે જતો વટેમાર્ગુ તેની છાયામાં વિસામો શોધતો. દૂરથી નિર્જન શાંતિને ભેદતો "કીચૂડ" "કીચૂડ" અવાજ સૌ તરસ્યાં-થાક્યાંને ઠંડા પાણી માટે આમંત્રતો ને રામજી સાથી ગરી-બાઇનું આતિથ્ય બીડી-સૂકાથી છૂટથી કરતો.

" હેં...હોં...હોં...ઊભી રહે...પાછી " એમ ટહુકો કરી ચાડિ-યાને ન ગાંઠનાર વાંદરાના ટોળાને એ ગોફણનો સ્વાદ ચખાડતો, એના અવાજે ગુલાંટ ખાતાં વાંદરાં બહાર દોડી જતાં, લીલા બાજરી-ના ડૂંડાં કે ફળને સૂડા કે બીજાં પક્ષીઓ ન બગાડે માટે ઝાડની ટોચે બાંધેલો પતરાનો ડબો એ નીચેથી વગાડી તેમને ઉરાડતો. વાડ તો એવી કે ઢોરઢાંખરનો ભાર શો કે તોડી મોલ ભેળે ?

વજુભાની વાડીનો રખો, કોસિયો અને સાથી જે કહો તે રામજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. લોકો એને "રામલો" કહેતા અને "જી" પ્રત્યય પોતે પણ ગરીબોને છોડી મોટા લોકોની સેવામાં તેમના નામ પાછળ બેસી જવા દોડ્યો હતો.

સાંઠીસરબટની બાંધેલી એક ઝૂંપડીમાં રામલો અને તેની વહુ રૂખી રહેતાં હતાં. પૂળાની છાપરી નીચે ચાર વાંકાચૂકા થાંભલા હતા, તે બળદની કોઢને ખીલા તરીકે કામ આવતા. ઓસરીમાં વહાણનો ખાટલો, ખૂણામાં રૂખીની ઘંટી અને મોભિયે નાના પૂંજિયાનું ખોખું લટકતું હતું.

રામલાવાળી આ લીલુડી વાડી ગામનું નાક હતું. વાડ પાસે પપૈયાની હાર રામજીએ કાળજીથી ઉછેરી હતી. કેળાનું ઝૂંડ અને વચ્ચે આંબા અને જાંબુડા એ એની મહેનતનું પરિણામ હતું. વાડી કૂવેતર એટલે શિયાળુ અને ચોમાસુ પાક પણ સારો થતો.

વજુભા દરબાર ભોજપરના ચાર આની ભાગીદાર, ભૂતકાળના ગૌરવની સાલ દેતા ગામની ડેલીયે કેડ–બંધણિયું બાંધી "બાપુ" તરીકે બેસતા. ભીંતે જૂનું મ્યાન અને સોનેરી ઝળક ઊતરેલી મૂઠ-વાળી લટકતી તલવાર દરબારી સમયની યાદ આપતી. રૂપાનો હુક્કો, ને રૂપાના તાર ગૂંથેલી માટીની મોટી ચલમ ગતવૈભવના સ્મરણ-ચિહ્નરૂપે હતાં.

રામજી એમની વસ્તી હતો. મજૂરિયો વર્ગ અને મહેનતુ માણસ હોઇ જાતમહેનત અને ખંતથી વજુભાએ એને સાથી તરીકે રાખ્યો હતો. ગામના શેઠશાહુકાર ગરીબ રામજી–રામલા–ને ઓળખતા અને તેના બોલ પર પાંચ રૂપિયા ખુશીથી ધીરતા. તેની વહુ રૂખી બ્રાહ્મણવાણિયામાં દળણુંખાણિયું અને ફેરોફાંટો કરી ઘરનું તેલમરચું કાઢતી.

"આ માથે બપોર આવ્યા. બિચારા બળદને તો હવે પોરો ખાવા દો." મોઢે ફીણુ પાડતા બળદોને જોઇ આંબા નીચેથી એણે ટહુકો કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"...ને મને?" બળદને જોતરેથી છોડતો, તાપમાં કામથી થાકેલો રામલો આંબા નીચે, પાસે આવી બોલ્યો.

"તમારે ક્યાં શરીર છે? ટાઢ, તડકો, ભૂખતરસ તમને ક્યાં લાગે છે? ગેલા ભવના વજુભા દરબારના દેણિયા તે આ ભવે મથ્યા કરો છો. બળ્યું હુંયે વાડી થઈ હોત તો, મારીય આટલી સેવા તો થાત!" સહેજ ટોળથી હસી પાણીથી ભરેલી દંડી ભંભલી અને ભાત-શાકનું છાલિયું નીચે મૂકતાં કહ્યું.

"લે રાખ્ય હવે, આપણે મજૂરી ન કરીએ તો કોણ શાહુકાર કરશે?" પરસેવો લૂછતો શ્રમિત થયેલો રામલો આંબાની છાયામાં નીચે બેસી બોલ્યો.

"આ જુઓને તમારું શરીર? દસ વરસ ઉપર રામજી ઠાકોર સામું તો જોવાય-નામ તો કોણ દે? હાથમાં ઝળકતું ધારિયું અને ધમકારા દેતી હેંડચા રસ્તે માગ મુકાવે, પણ હવે તો..."

"હવે તો શું?" શરીર અને ખભા તરફ જોતાં રામજીએ કુતૂહલતાથી પૂછ્યું.

"શું? જુઓને, આ મોં ઉપર કરચલીઓ પડી! છાતીનાં હાડકાં ને પાંસળાં દેખાયાં! આમ ને આમ વાડી ઉપર ગાંડાની જેમ મચ્યા રહેશો તો મને અને પૂંજિયાને ક્યાંક રખડાવી પાડશો." રૂખીએ વહાલથી ગંભીર ચેતવણી આપી.

"તું તો ગાંડી છે, તે ગાંડા ગાંડા વિચાર કરચ. આપણા મજૂરિયા શરીરને કંઇ ઘાયે નથી પડતા." બેદરકારીથી મોં મલકાવી રોટલોશાક ખાવાનું શરૂ કરતાં તેણે કહ્યું.

આંબાની ટાઢી છાયા, સીમની પવનલહરીઓ અને સામે અમીભરી વહાલસોઇ આંખો મસ્તી પ્રેરવા પૂરતાં હતાં. રામલાને જુવાની સાંભરી, પંદર પળ જેવાં પંદર વરસ જાણે કાલેજ પસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયાં હોય તેમ લાગ્યાં. "મદભરી રૂખી તે દી કેવી લાગતી'તી!" તે વિચારવા લાગ્યો.

"લે ને, જાણે હું તો ઘરડો થયો, પણ પેલી ભેંસ પાછળ ભારો લઇ આવતી નાની રૂખી ક્યાં જતી રહી?" હસતી આંખે તેણે પૂછ્યું.

"ક્યાં? આ તમારા કૂબામાં. છ મણ બાવટો, ચાર મણ બાજરો ને જાર તથા બે જોડી લૂગડાંમાં તમારૂં ઘર ચાલે છે કેમ? બે સાલથી તો વરસના વીસ રૂપિયાયે બાપુ ક્યાં આલે છે? હજી તો પૂંજિયાને ઉંટડિયા માતાની બાધા બાકી છે, પણ રોકડા એટલા પૈસા હાથમાં જોઉં તો બોલું ને?" રૂખીએ હૃદય ખાલી કરતાં કહ્યું.

ઉત્તરમાં રામજીએ શાંતિથી જમવાનું શરૂ રાખ્યું. ત્યાં સામે બાંધેલું પૂંજાનું ખોઇયું હાલ્યું. "જોને, પેલો ઊઠ્યો. અહીંયાં છાંયામાં માંચી લાવીને મૂકને કે પવનમાં રમ્યા કરે?" લાગણીથી ઊભરાતાં તેણે સૂચવ્યું.

તરત રૂખી ઊઠી અને પૂંજિયાને ખોળે લઈ વાતો કરવા બેઠી. નાના હાથપગ ઉછાળી પૂંજિયો રમી રહ્યો હતો. "બ્રાહ્મણવાણિયા જેવો ઊજળો થશે હોં કે; ને આંખો જોને, બરાબર તારા જેવી નમણી દેખાય છે." નજર છોકરા ઉપર ઠેરવતાં તેણે કહ્યું.

બાળકનાં વખાણ કઈ માને રીઝવતાં નથી? પૂંજાને ખોળામાં રમતો જોઈ રૂખીએ માતૃત્વની સફળતા અનુભવી. ઘડીક શ્રમજીવી સંસારનાં સુખદુઃખ એના હાસ્યમાં ભૂલી જતાં બોલી: "વાણિયા-બ્રાહ્મણનું કરમ લઇને આવ્યો હોત તો? અહીંયાં તો રાતદી ખેતી; કોસ ખેંચી લોહીનાં પાણી કરશો, ત્યારે બટકું રોટલો ખાવા મળશે, સમજ્યા?"

ઉત્તરમાં પૂંજાએ કિલકિલાટી કરવા માંડી. રામલો જમીને બેઠો કે રૂખીએ માટીની હુકલી ભરી આપી. ગડગડતી હુક્કાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેહથી ધુમાડા કાઢતાં રામલાને થયું, "માળી: રૂખડીએ શું ખોટું કહ્યું? આ પંદર પંદર વરસ બાપુનું હળ હાંક્યું ત્યારે પેટિયું નીકળ્યું, પણ ગામમાં એક ખોરડું કે બારણે ભેંસ નો બંધાણી તે નો બંધાણી. મારી રૂખડી માટે હાંસડી જેટલું ક્યાં બચ્યું? ને કાલે દરબાર કાઢી મેલે તો..." એ વિચારે એને કંપારી આવી. ફાટલું કેડિયું પાછું પહેર્યું, જેમાંથી ખભા દેખાતા હતા. ત્યાં કસે બાંધેલી ચિઠ્ઠી જોઇ એ ટટાર થયો.

બાપુની ચિઠ્ઠી હતી. નાથાશેઠને ગામમાં તાકીદે પહોંચાડવાની હતી. ચિઠ્ઠી જોઇ રામલાને થયું: "વજુભા બાપુની ચિઠ્ઠીમાં શું હશે? નાથાલાલ શેઠનું શું કામ હશે? બાપુને શી ટાંચ પડી હશે?" એમ વિચારતો એ ઊઠ્યો. ઝૂંપડીએ જઈ ડાંગ લીધી ત્યાં રૂખી બોલી ઊઠી: "કેમ પાછા ક્યાં હેંડ્યા? આ લૂ જુઓને, વાંદરાંનાં માથાં ફાટી જાય તેવી છે."

"આ બાપુની ચિઠ્ઠી નાથાશેઠની પેઢીએ ગામમાં જઈ આલવાની છે, તે કંઇ ગયા વગર છૂટકો છે?" જોડા પહેરતો રામજી બબડ્યો. પેલી કેળો અને જામફળી તરફ પાણી આજે વાળવાનું બાકી છે, તે આવીને હજી કરવું છે." હાથથી બતાવી તેણે ચાલવા માંડ્યું.

"માંડ પેટપૂર ખાવામાં આટઆટલું જમીન ઉપર વૈતરું ને ઉપર વેઠ કરવાની! બળદ બિચારા હળ ખેંચી ખોરો લે છે, પણ તમારે તે પણ નહિ. ભલા ભગવાન! કેટલાંય પાપ કર્યાં હશે, તે આ ભવે ખેડુને ઘેર જનમ આવ્યો! ચોરે પટેલ દબડાવે ગામમાં શેઠ-શાહુકાર જાસો કરે. મિયાંસાહેબ મારેપીટે ને બાપુ તો રેંશી નાખે, ત્યારે અમારી આ કથની કોને કહીએ? એમનાં તો હાડકાં ખખડે છે અને ચામડું લટકે છે!" અદૃશ્ય થતું રામલાનું ફાળિયું જોઇ મનોવ્યથાની જ્વાળા કાઢતી રૂખી મનમાં બબડી.

બળદને ખડ નાખ્યું, પૂંજાને ખોયે નાખી ભારે દિલે ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથે એ તેને હીંચોળવા લાગી. એ ઊંધ્યો કે તેણે પાણી ભર્યું, ખાટલાની મેલી ગોદડીને થીગડાં મારવાનું કાઢ્યું ને શેર દળતાં તો સાંજ પડી ગઈ.

બહાર જુએ છે તો સૂરજ દેવતા લીલૂડી ઝાડની ઘટા પાછળ ડૂબતા હતા. ગાયોનું ધણ ગામ તરફ પાછું ફરતું હતું. ઊંચે આકાશમાં ઊડતાં પક્ષીઓ કલ્લોલતાં પોતાના માળા તરફ ઊડી રહ્યાં હતાં. રૂખીને શાથીયે વધારે એકલતા લાગી. "હજી એ કેમ નો આવ્યા!" એ ઉત્કંઠાથી વિચારવા લાગી. "ભોંય તો બે ગાઉ. જતાં ને આવતાં તેમાં ચાર કલાક શા? આજે તો વીઆવાનું કામે અધૂરું રહ્યું...પણ હજીયે કેમ ન આવ્યા?"

(૨)

સહકારી કે ખેડૂત બેંકો ગામડે પહોંચી ન હતી, ત્યારે ખભે ખડિયો અને દોરીલોટો લઇ ગામડેગામડે ફરી નાથાશેઠે ધીરધારની પેઢી જમાવી હતી. વ્યાજ શાહુકારી આપવું પડતું, પણ પૈસા ગીરો, વેચાણ, માલ કે વાયદા ઉપર તરત મળતા. "આમ અરજી કરો," "આનું સરટિફિકેટ લાવો," વગેરે બેંકની રીતિનીતિથી ગભરાતા અભણ ગામડિયાને નાથાશેઠની પેઢી સુગમ પડતી.

"કેમ અલ્યા રામલા, કેમ આવ્યો?" ચોપડામાથી ચશ્મા નીચા કરી ઊંચું જોતાં નાથાશેઠે પૂછ્યું.

"બાપા, વજુભા દરબારે મોકલ્યો છે." કહી તેણે કેડિયેથી પેલી ચિઠ્ઠી છોડી શેઠના હાથમાં આપી ને શેઠ સામું જોઇ રહ્યો.

ચિઠ્ઠી જોઇ શેઠનું મોં મલક્યું. વિચાર આવતાં તેણે પૂછ્યું: "અલ્યા, તું તો બાપુનો ખેડુ છો?"

"હા બાપા, નદીની ઉપરની એમની વાડીનો સાથી છું. એ વાડી તો મારા હાથની ઉછેર છે." લાગણીથી રામલાએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તારી વાડી કેવીક છે? ઠીક છે કે એવીજ?" ચોપડાને નીચે મૂકી, તકિયે અઢેલી કસ કાઢતાં નાથાશેઠે સવાલ કર્યો.

"સા'બ, વાડી તો એવી છે! કેળા અને પાયરીના આંબા અને બે થાળાનો કૂવો અને પંદર હાથ પાણી." આંખમાં તેજી લાવી રામલાએ વાડી વખાણી.

"મને તો ખબર છે, પણ આ તો તુંજ સાથી એટલે તને પૂછ્યું. ચાલો ત્યારે એમાં તો ખોટમાં નથી." નાથાશેઠે ધીમેથી કહ્યું.

રામજીના કાન તે સાંભળી ચમકયા. એની ચિઠ્ઠીમાં વાડી વેચવાની વાત હતી. ને વાડી વેચાય તો...

વાત તાગવા રામલાએ ફરીથી એજ વાત આગળ ચલાવી: "વાડી તો દરબારની દુઝણી ગા છે, તે હાલે છે, નહિ તો એમની ખોટ કોણ પૂરે?"

"વાડી તો વેચવા કાઢી છે. કાલે તાલુકે દસ્તાવેજ થશે, પછી શું બાપુ ભૂખે મરશે?" વાણિયે વાતને હસી કાઢતાં કહ્યું.

પણ રામલાનું તે સાંભળી મોં પડી ગયું. શરીરે પરસેવો વળ્યો ને ધારિયાને ઝટકે માથું ધૂમે તેમ શેઠની વાતે તેનું માથું અને મન ઘુમરડી ખાઇ ગયું. "હું, મારા હાથે મોકાણના સમાચારની ચિઠ્ઠી લઇ ખરે બપોરે હું દોડી આવ્યો! વાડી વેચાશે ત્યારે હું શું કરીશ? મારી રૂખડી અને પૂંજિયો..." એમ ઉપરાઉપરી વિચારના વેગથી એ માથે હાથ દઇ બેસી રહ્યો.

"તારા બાપુને આ ચિઠ્ઠી આપજે." એમ કહી એક કાગળના કકડા ઉપર ઉતર લખી આપી રામલા તરફ ફેંકયો, ને નાથાશેઠે લખવા માંડયું.

રામલો તો બેસી રહ્યો. હૃદય વલોવાઇ જતું હતું, પગ પાણી પાણી થઇ જતા હતા. બધી હિંમત એકઠી કરી તેણે પૂછ્યું: "તમે અહીયાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસી વાડીને શું કરશો ? મને સાથી રાખશો, તો હું..."

"અમારે તો એવા અફીણી દરબાર જેવું ન ફાવે. રોકડી દાણ મળે એટલે થયું. ગામની મજાની વાડી છે, ઘણાય કણબી પડાપડી કરશે. અખાત્રીજને હવે દસ દિવસજ બાકી છે ને ?" નાથા-શેઠે શુદ્ધ વણિકવૃત્તિનું સૂચન કર્યું.

રામલાને તો કાપે તો લોહી ન નીકળે. એ તો જમીન સાથે જડાઇ ગયો હોય તેમ શેઠનો ઉત્તર સાંભળી બેસી રહ્યો. મનમાં થયું:... "હું વાડી દાણે રાખું તો ? ને તેની સાથે બળદની જોડ, ગાડું, કોસ વગેરે માટે ધીરે કોણ ?" વગેરે વિચારે નિરાશ થતો એ ગૂંચવાડામાં પડી ગયો.

"તારા બાપુને જઇ ચિઠ્ઠી આજેજ આપી આવજે." શેઠે બેઠેલા રામલાને ફરીથી કહ્યું. તેની વિચારમાળા તે સાંભળી અટકી.

રામજી ઊઠ્યો, જોડા પહેર્યા અને દુકાન છોડી ડાંગને ટેકે ધીમેથી ચાલવા લાગ્યો. એ ગાઉનો રસ્તો કેમે ખૂટતો નહોતો. "દસ દિવસ પછી હું શું કરીશ ? રૂખડી ને પૂંજિયાને હું ક્યાં રાખીશ ?" વગેરે વિચારે ગભરાતો-મૂંઝાતો ભાગલે પગે ભોમપરે બાપુની ડેલીએ આવ્યો, વજુભાને ચિઠ્ઠી આપી અને એ રડી પડ્યો: "બાપુ, તમારી ગાય છું ! મારો કે જીવાડો. અરેરે ! મારી સગી આંખે આ દી જોવાનો. હું બેઠે મારી વાડીમાં બીજો ફરશે ?"

રામલા સામું જોઇ વજુભા ટટ્ટાર થયા. હોકાની નળી બાજુ મૂકી એ બોલ્યા: "રામલા ! ભાગતા દી આવ્યા તે શું કરીએ ? બે વર્ષથી ગામની જમીનમાંથી કંઇ આવ્યું નહિ. જપ્તી આવે, ખોરડાં વેચાય, ત્યારે બીજું શું કરીએ ? મારી પાસે તો હવે અફીણ ખાવાનો આ એકજ રૂપિયો છે."

"પણ બાપા ! આ હાડકાં ને લોહીનું વાડી ઉપર પાણી કર્યું ને મારા બે સાલના ચાળીસ રૂપિયા-તમો તો રાજવંશી, બાપા ! પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું ગરીબ તો મરી ગયો રે!" કહી ફાળિયું દરબારને ખોળે મૂકી એ પોકેપોક રડી ઊઠ્યો.

મર્દ જેવો મર્દ હારી જઇને રડી ઊઠે, ત્યારે તેની મનોવ્યથાનો કોણ ચિતાર આપી શકે? વજુભાની આંખો ભીની થઇ. થરથરતે સ્વરે એમણે ઉત્તર આપ્યો. "આકાશ ફાટે ત્યાં ક્યાં હાથ દઇએ? હુંયે રડું પણ એથી શો દી વળે? ઇ તો જોયું જાશે."

બાપુએ તો કસ વગરનો ઉત્તર દીધો. મન હળવું થતાં એ ઊઠ્યો ને વાડીને રસ્તે ચાલવા લાગ્યો. વાડીએ દૂરથી જુએ તો ઉત્કંઠાથી રૂખડી ઝાંપા પાસે આવી ઊભી ઊભી તેની વાટ જોઇ રહી હતી. "કેમ કંઇ બહુ રોકાણા?" રૂખીએ પૂછ્યું.

ઉત્તરમાં "ખાટલો ઢાળને, આજે મને સુવાણ નથી." રામલે ટૂંકેથી કહ્યું ને ઝૂંપડીએ નિસાસો નાખી બેઠો.

(૩)

લીલીકચ જેવી વાડી હમણાંથી ઝાંખી અને પીળી પડી ગઇ હોય તેમ ઊંઘરેટી ફૂવડ સ્ત્રી જેવી નિસ્તેજ દેખાતી હતી. કોસ પણ ફરતો ન હતો, કારણકે રામલાને છ સાત દિવસથી સખ્ત તાવ આવતો.

"રૂખી, જોને. ઓલ્યા પપૈયે વાંદરા ચઢ્યા તે, હાંકયને." ખાટલામાં પડ્યે પડ્યે તેણે કહ્યું. હાથના ઉછેરને કોઇ રંજાડે તો કેવી લાગણી થાય? તેવા ભાવે રામલો તે તરફ જોઇ રહ્યો.

"હવે આપણે શું? હું તો વાંદરા હાંકું કે તમે 'હાય' લઇને આવ્યા છો તેને હાંકું? એવી ચિંતા કોઇ કરતું હશે?" માથે હાથ ફેરવતાં બેઠેલી રૂખીએ શાંત કરતાં કહ્યું. "આ તાવ લોઢા જેવો ધીકે છે ને પડ્યા રહેવાતું નથી? વાડી, વાડી! પૂળો મૂકોને વાડીમાં હવે તો?"

"તુયે ખરૂં કહે છે. તોયે વિખાતી વાડી મારાથી શે જોવાય? ચાર કરેણી આંબાને ઓણસાલ સારા મોર બેઠા છે. પેલા પપૈયા કાઢી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખજે. એ તો નર નીકળ્યા ! જોને પેલી તરફથી રોઝડાં પડચાં હશે તે ?" એમ તાવના ઉકળાટમાં રામલાએ બબડવા માંડ્યું.

"તમને કહ્યુંને કે હમણાં તો પડ્યા રહો. સાજા થાવ ત્યારે સૌ જોજો ને ?" રૂખીએ લીલવાળું ઠંડું કપડું ધીકતા માથા પર સરખું મૂકતાં કહ્યું.

"હાશ...હા...શ, ઓ ભગવાન ! તું કરે તે ખરૂં. રૂખી મારે ને વાડીને પંદર વરસનો સંબંધ તે જવા બેઠી છે, ને તું તો રહીશને ? હાય ! અરેરે ! હવે તો હું રસ્તે બેસવાનો. મજૂરી હોત, કડિયા કામે કે મિલે ગયો હોત તો બાયડીછોકરાં માટે છાંયો કરવા છાપરી હોત, પણ હવે તો નાથાશેઠ..." એ હાંફવા લાગ્યો અને લોથતો આમથી તેમ પાસાં ફેરવવા લાગ્યો.

રૂખી જાણતી હતી કે રામલાને તાવ "હાય" લાગ્યાનો હતો. શરીર દબાવતી, આંસુ સારતી, એ કઠણ હૃદય કરી આશ્વાસન આપતીઃ "ઓહો, આપણે શહેરમાં જઈ મજૂરી કરીશું. પેટ આપ્યું છે તે પરભુ ભરશે નહિ ? ભાયડા થઇને આવા ઢીલા શું થઇ જાવ છો ?"

"લે ત્યારે આ સૂતો. ઓ પરભુ !...જો પેલા નાથાશેઠ આવે...એનો ખેડુ જો, પેલો ચાસ પાડે...મારે બેઠે...હાથની ઉછેર." એમ લવતો તે ઊઠબેસ કરવા લાગ્યો.

"આ દૂધ લોને ? કરુણાશંકર વૈદ્યનાં પડીકાં ગરમ પડ્યાં." માથે તાવથી લવરી વધી હશે એમ વિચારતી રૂખીએ વાડકો ધર્યો.

"હવે તો પૂંજિયાને આલજે. આ મોંયે દૂધના કટોરા હોત તો...ભગવાનને કહું છું કે, આવતે ભવે તો ઘાંચીનો બળદિયો કે વૈતરૂં કરતા કુંભારના ગધેડાનો જન્મ આપજે, પણ મહીકાંઠાનો સાથી કે રેવાકાંઠાના હળીનો જન્મ ન આપીશ. હાશ...હા...શ, મારી રૂખી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારો પૂંજિયો–હાયરે, ઓ...ય...રે" લોથતો એ બખડાટ ઉપર ચઢતો હતો. છાતી કૂદી રહી હતી. હાથ કપડાં ખેંચતો હતો.

(૪)

આજે અખાત્રીજ હતી. મોંબદલા, જમીનબદલા અને ખેડૂતબદલા આ દિવસે થતા. રામલા સાથીના જીવનમાં જીવન-બદલાની. ઘડી આવી હતી! એના શ્રમજીવી જીવનમાં અનેક યાતના-ઓ, ત્રાસ અને દેહકષ્ટ ભોગવી ગૂંગળાતો માનવઆત્મા બહાર નીકળવા પછાડા મારતો હતો. ભારે દિલે અને બેબાકળી આંખે ગરીબની ગૃહિણી ખાટલાની પાંગતે પતિના પગ દબાવતી બેઠી હતી.

આંખો આમથી તેમ ફેરવતો, ઘડીકમાં રૂખીને જોઈ બંધ કરતો અને ઉઘાડતો રામલો ઊંડા શ્વાસ લઇ રહ્યો હતો. આંસુ સારતી રૂખીની આંખો તેજહીન થતી, રામલાની આંખો જોઇ રહી હતી.

સામે વડ ઉપર જુએ છે તો વાંદરા કૂદાકૂદ કરી દાંત કકડા-વતા હતા. તેમને વાડીમાથી ગોફણને ગોળે હાંકી કાઢનાર પોતે વાડી છોડી ચાલ્યો જતો હતો! પક્ષીઓ ટોળે મળી લીલા કણ ભરેલ ડૂંડાં ઉપર નિઃસંકોચ ઊતરી રહ્યાં હતાં. તેમને ઉરાડનાર રામલા હુત્વાનો આત્મા ખુદ પોતે દેહપિંજરથી ઊડી રહ્યો હતો. હજારો મણ અનાજ પકવનાર એક ગરીબ ખેડૂત ઘર માટે મૂઠી બાજરીને બદલે તીવ્ર ભૂખમરો, દરિદ્રતા અને રૂખી માટે વૈધવ્ય મૂકી જતો હતો! ઉપર નિઃશબ્દ આકાશ, નીચે ધીકતી ધરતી અને વાડીનાં મૂક વૃક્ષો સ્થિર બની રૂખી સાથે સમદુઃખિયાં હોય તેમ આ કરુણાન્ત જીવનની છેલ્લી ઘડીઓ ગણી રહ્યાં હતાં.

("શારદા" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૧–आगळ बुद्धि वाणियो

(લેખકઃ–શ્રી. "દેખિયા જાળિયા")

એક સાધારણ ગામમાં હીરાચંદ નામે વણિક ગૃહસ્થ રહેતો હતો. પૈસેટકે સુખી અને વ્યાપારમાં એકલપીઠ એટલે આસપાસમાં સારી આબરૂ મેળવેલી. કોઇ પણ માણસને પોતાનો કરી લેવાની તેનામાં અજબ બુદ્ધિ હતી. ગામના હવાલદાર રહેમતખાંને દોઢે નફે ઉધાર માલ આપીને બહુ ઉપકાર કર્યે જતો, એટલે રહેમતખાં હરવખત શેઠને કહ્યા કરતો કેઃ—

"શેઠ, અમારા જેવું કામકાજ કોઇક વખત કહીને ખાતરી કરો કે, પઠાણ બચ્ચા અહેસાનનો બદલો કેવો આપે છે ?"

શેઠ તેને હસીને જવાબ આપતા કે, "અહહઅહહ ! બાપલા તમારા જેવાંનું તો હજારૂં કામ પડે એમાં શું ? જરૂર તમારા જેવું કામકાજ કે'શું."

આમ ઘણા લાંબા વખત સુધી જમાદારને શેઠે પોતાના તરફથી કાંઈ પણ કામ પાડેલ ન હતું; એટલે જમાદારને બહુજ થયા કરતું કે, "હીરાચંદ જીવ માગે તો જીવ પણ આપી દઉં."

શેઠનું મકાન સાધારણ મકાન જેવું હતું. ગામડું ગામ અને ધૂળિયાં મકાન એટલે કોટવલણ પણ સાધારણ હતું. મતલબ કે, ગામના પ્રમાણમાં બધું છાજે તેવું હતું. વળી શેઠશેઠાણી બે માણસ હતાં. બાલબચ્ચાં કાંઇ હતાં નહિ. એક દિવસ શેઠાણી તલવટ ખાંડવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે એઠાં. સાંબેલાના ધબકારાથી જમીન ધ્રૂજતી હતી, ત્યાં ઉપર ખપેડામાંથી માલવળા પર એક નાગણી દીવાલ પરના દરમાં જવા માગતાં માલવળામાં લાગેલી ઝીણી રજ પરથી લપસી અને સાંબેલાના ધબકારાથી નીચે આવી પડી. તે સીધી ખાંડણિયામાં પડતાં ઉપરથી બેચાર સાંબેલાના ઘા પડી ગયા અને લગભગ અરધી ખંડાઇ ગઇ ત્યારે શેઠાણીનું ધ્યાન પડયું, એટલે ચમકી ગઇ. ઘરમાં બીજું કોઈ હતું નહિ એટલે ગભરાઇ ગઇ. ત્યાં શેઠ દુકાનેથી આવ્યા અને શેઠાણીને ગભરાયેલી જોઇને પૂછયું:—

"શું છે?"

"કાંઇ નહિ, જુઓ આ તલવટમાં કાંઇક પડી ગયું છે. હવે શું કરૂં?"

"તે ગભરાય છે શા માટે? આ તો નાગણી છે. મરી ગઇ છે. હવે ડરવાનું કાંઇ કારણ નથી. હવે પૂરૂં ખાંડી નાખ અને તેના લાડુ વાળીને ઘડામાં ભરી મોઢે કપડું બાંધી એક તરફ રાખી દે. ઝેર પણ કોઇક વખત કામ લાગે સમજી? કોઇને કહીશ નહિ." હીરાચંદે શેઠાણીને સમજૂત કરી.

શેઠાણીનો ગભરાટ દૂર થઈ ગયો. તેણે શેઠના કહેવા પ્રમાણે કરી ઘડામાં લાડુ ભરી કપડું બાંધી દીધું અને ઘડો પાણિયારા નીચે ખાનામાં રાખી દીધો. પછી સાબુથી બન્ને હાથને ખૂબ સાફ કરી, બીજી રસોઇ કરી શેઠને જમાડી દીધા.

આ વાતને ઘણો લાંબો સમય થયો. એક દિવસ અંધારી રાત્રે જાણભેદુ ચોરલોકો હીરાચંદના ઘરમાં ખાતર પાડવા આવ્યા. રાતના અગિયાર વાગ્યા પછી હીરાચંદ દુકાન બંધ કરી ઘેર આવેલ એટલે તેને હજુ ઊંઘ આવી ન હતી. ઘરની પાછળ ઝીણો ઝીણો અવાજ થતો હોય તેમ તેને લાગ્યું અને વહેમ પડ્યો, એટલે તેની કાગાનીંદ પણ ઊડી ગઈ અને તે તરફ વધારે આતુરતાથી કાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડી રહ્યો. ચોરોએ ચૂપકીથી મકાનમાં બાકોરું પાડવાનું શરૂ કર્યું અને ઝીણો ઝીણો માટી પડવાનો ખળભળાટ શેઠને સંભળાવા લાગ્યો; એટલે તે સમજી ગયો કે, "નક્કી ચોર લોકો આવ્યા છે, અને જો તરકીબ નહિ કરું તો માર્યો જઇશ." આમ વિચાર કરી તેણે શેઠાણીને ચૂપકીથી જગાડી અને એકબીજાના કાનમાં સંતલસ કરી દીધી. પછી ચોર લોકો સાંભળી શકે તેમ મોટેથી બગાસું ખાઇને હીરાચંદ બોલ્યા:

"શેઠાણી, એ શેઠાણી!" બે ત્રણ અવાજ કરી શેઠાણીને જગાડતો હોય તેવો શેઠે ડોળ કર્યો. શેઠાણી પણ અચાનક ઊંઘમાંથી ઊઠીને જવાબ આપતી હોય તેવો ડોળ કરીને બોલી:

"કાં પણ શું છે? તમે તો અરધી રાત હોય તોપણ સુખ ન લેવા દો, સૂઇ જાવ્તે!"

"અરે! પણ સાંભળ તો ખરી, અમે આખો દી વેપારમાં થોડા નવરા હોઇએ, તે તારી સાથે વાત કરવાનો વખત મળે? અત્યારે માંડ તારી સાથે બે વાત કરવાનો વખત મળ્યો હોય, ત્યાં તું ઊંઘી જાય, પછી અમારે શું કરવું?" હીરાચંદે કહ્યું.

"હવે અટાણે શું તમારે વાત કરવી હોય? સવારે કહેજો ને જે કે'વું હોય તે? અમને ઊંઘ આવે. ને તમને વાતું કરવાનું સૂઝે!" શેઠાણીએ છણકો કરતાં કહ્યું.

"ઠીક લે, પછી સૂઇ જા, મારે તને પૂછવું હતું કે, ઓલા આફ્રિકાથી આપણા વેવાઇએ દીવાળીની ભેટમાં અમૃત મેળવેલા લાડુ મોકલ્યા હતા, એ તેં ક્યાં રાખ્યા છે? મને તો પાછું યાદજ ન આવ્યું કે તેનો ઉપયોગ કરીએ. રાત દી વેપારની માથાકૂટમાં અને નામાંલેખાંનાં કામકાજમાં બધુંય ભૂલી જવાય છે. લે જોને આજ કેટલે દિવસે યાદ આવ્યું? હા, પણ વાત તો કર! તેં એ લાડુ ક્યાં રાખ્યા છે?" શેઠે બનાવટ શરૂ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઇ તો એમ ને એમ મોઢું બાંધેલ ઘડો તમે મને આપ્યો અને કહ્યું કે, આમાં અમૃતના લાડુ છે, સાચવો, એટલે મેં તો પાણિયારા નીચે ખાનામાં રાખી દીધો. પાછું મનેય યાદ આવ્યું નહિ." શેઠાણીએ જવાબ આપ્યો.

"અરરર...ભારે કરી, તેં બહુ ભૂલ કરી છે, પણ હવે સવારના પો'રમાં ઊઠતાંવેંતજ એ ઘડો લઈ આપણે એક એક લાડુ ખાઇ લેવો અને બીજા લાડુ પટારામાં મૂકી ખંભાતી તાળું વાસી દેજે. તને ખબર છે એમાં શું ગુણ છે?" હીરાચંદે અફસોસ કરતાં કહ્યું:

"ના, ના, મને તમે કાંઇ વાતજ ક્યાં કરી છે કે, મને ખબર હોય?" શેઠનો વાંક કાઢતાં શેઠાણીએ કહ્યું.

"હા એ ખરૂં, પણ જો એ લાડુમાં અમૃત છે, એટલે જે ખાય એને રોગ ન થાય, આવરદા હોય એથી ચાર ગણો થાય; એવા એમાં ગુણ છે, પણ આપણે તો ભૂલમાંજ ગયું. હવે સવારે ભૂલીશ મા. આપણે નાસ્તામાંજ તેનો ઉપયોગ કરવાનો છે, સમજી? કદાચ હું ભૂલી જાઉં, પણ તું ભૂલીશ મા સમજી?" શેઠે ભાર-પૂર્વક કહ્યું.

"ઠીક, લો હવે સમજી, હવે સૂઇ જાવ; સવારની વાત સવારે." શેઠાણીએ કહ્યું.

ચોર લોકો તેમને જાગતાં જાણી સ્તબ્ધ થઇ ગયા હતા. આ બંને જણે વાતો બંધ કરી ઊંઘી જવાનો ડોળ કર્યો. તેમનો વાર્તાલાપ ચોર લોકોએ અક્ષરેઅક્ષર સાંભળ્યો હતો, એટલે અરધા કલાક સુધી વાટ જોઇ, જ્યારે શેઠશેઠાણીના ઊંઘી જવાનો અને નસકોરાં બોલવાનો અવાજ આવવા લાગ્યો, ત્યારે ચોરોએ અરસ-પરસ ખાસાપીસીમાં વાત શરૂ કરી.

"બીજું તો બધુંય હવે પછી કરવું, પણ પ્રથમ ઓલા અમૃતના લાડવા હાથ કરો, એટલે જિંદગીભર ચોરી કરવાની મજા પડશે. વળી આવરદા વધી જશે ને રોગ પણ નહિ થાય" એકે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા બરાબર છે. હાલો, મકાનની વંડી ઠેકીને ઓસરીમાં પાણિયારા નીચેથી ઘડો હું લઇ આવું છું. લાડવા ખાઇ નિરાંતે બીજું કામ કરશું." બીજો ચોર બોલ્યો.

"પણ હવે ઝટ કરો. ધરમના કામમાં ઢીલ નઇ." ત્રીજો બોલ્યો.

"જીભાઈ, જા જલદી લઈ આવ્ય." ચોથાએ બીજાને ઉશ્કેર્યો.

મસલત કરી ત્રણ જણ શેઠના મકાનના પાછળના નવેળામાં રોકાયા અને એક જણ શેઠના મકાનના આગળના ભાગમાં વંડી નીચી હોવાથી તે પર ચઢી ફળીમાં ઊતર્યો અને ઓસરીમાં પાણિયારા નીચેથી ઘડો ઉપાડી સાવચેતીથી વંડી પર ચઢી પાછો ઊતરી નવેળીમાં લઇ આવ્યો. ચારે જણે લાડુ પેટ ભરીને ખાધા. થોડીવારે દરેકને ઝેર ચડતાં ત્યાં ને ત્યાં લાંબા થઇ ગયા. મતલબ કે ચારે જણ જીવ ખોઇ બેઠા અને મર્યા પછી પાપની સજા ભોગવવા અમર થઇ ગયા.

હીરાચંદ શેઠ સવારના ચાર વાગે પથારીમાંથી ઊભા થયા. તેમણે ઊંઘ તો કરીજ નહોતી. તેમનું અનુમાન સાચું હતું. પોતાના મકાનમાંથી નવેળામાં જવાની નાની પણ મજબૂત નાહાબારી હતી. તેનું તાળું ખોલી નવેળામાં આવી જોયું, તો ચારે ચોરને મરેલા પડેલા જોયા. શેઠાણીને વાકેફ કરી ખાનગી સૂચના કરી, એટલે એક પછી એક દરેકને પોતાના ઘરમાં ખેંચી લાવી નાહાબારી બંધ કરી અને તેમાંથી એક લાશને પોતાના ફળિયામાં વંડી પાસે ચતી સુવાડી પોતે ઉતાવળે પગે રહેમતખાંભાઇને ઘેર જઇ સાદ કર્યો કે,

"અરે રહેમતખાભાઇ! એ રેમતખાં ભાઇ!"

રહેમતખાં ઊંઘમાંથી જાગી ઊઠ્યો અને શેઠનો અવાજ ઓળખી જતાં એકદમ પથારીમાંથી ઊઠ્યો અને કમાડ ઉઘાડતાં બોલ્યોઃ

"કોણ, હીરાચંદ શેઠ? ઓહો! અત્યારે શું કામ છે? બોલો બોલો, શેઠ અત્યારે શું કામ પડ્યું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બાપા ! જરાક ઘરે ચાલોને, અત્યારે તમારૂં ખરૂં કામ પડ્યું છે." વાણિયો ગભરાયેલે અવાજે બોલ્યો.

"હા ચાલો." કહેતો રહેમતખાં ત્વરિત ગતિએ શેઠને ઘેર આવ્યો. હીરાચંદે જમાદારને પોતાને ઘેર લાવી ફળીમાં પડેલી લાશ બતાવતાં ખાનગીમાં કહ્યું કે,

"જુઓને રહેમતખાંભાઈ, આ કોક હરામખોર આવેલ તો હશે ચોરી કરવાજ, પણ મારા સારા નસીબે અને બાપદાદાના પુન્યથી હું બચી ગયો ને આને પછી કાળોતરો કરડ્યો હોય કે ગમે તેમ થયું હોય પણ અહીંજ મરી ગયો છે ! તમે તો જાણો છો કે આ મડદું કોક ભાળે તો મારા માથે અટાટનીજ આવી પડે અને હું વગર વાંકે માર્યો જાઉં. હવે તમે કાંઈક રસ્તો કરો. તમે હવાલદાર છો, તો કાંઇક મારો બચાવ કરો. આજ આ તમારા જેવું કામ ચીંધવાનો મારે વખત આવ્યો છે, તો તમને તકલીફ દઉં છું."

"અરે શેઠ ! એમાં તકલીફ શું ? તમને ઊની આંચ ન આવે પછી શું છે ? તમારૂં કામ ઉઘાડે પગે કરી દઉં. ચાલો હમણાંજ આ લાશને બહાર જંગલમાં ફેંકી આવું. તમારે હૈયે ચાર તસુ પાણી રાખજો. તમારૂં નામ કોઇ લે તો જીભંજ ખેંચી લઉં પછી શું ?" જમાદારે શેઠને હિંમત આપતાં કહ્યું.

"હા બાપલા ! રહેમતખાંભાઇના મોઢામાંથી તો એવા શબ્દજ નીકળશે એવી ખાતરી હોય તંઇજ અત્યારે કાળી રાતે પેટની વાત થાય ને ? લ્યો બાપા ! ઝટ કરો, વાર લગાડો મા." શેઠે જમાદારને ફુલાવવા માટે શબ્દો ઉચ્ચાર્યા.

જમાદાર રહેમતખાં શરીરે મજબૂત અને એવડિયે બદને હતો એટલે લાશની ગાંઠડી માથે ઉપાડી અને ત્વરિત ગતિએ ગામની પછવાડે થઈ થોરના ઘૂમરામાં લાશને ફેંકી પાછો હીરાચંદને ઘેર આવ્યો. હીરાચંદે બીજું બારદાન તેજ સ્થળે ગોઠવી રાખ્યું હતું. અંધારું હતું અને ચારે ચોરનો પહેરવેશ એકજ તરેહનો હતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે કાંઇ પણ શંકાને સ્થાન ન હતું. રહેમતખાંએ હીરાચંદ શેઠ પાસે આવીને કહ્યું:

"લ્યો શેઠ બસ? હવે કાંઇ કામ છે?"

"અરે ભાઇ, આ તો કૌતુક લાગે છે! તમે ગાંઠડી બાંધીને ફેંકવા ગયા અને હું ઘરમાં દાતણ ગોતવા ગયો, જ્યાં પાછો બહાર આવ્યો ત્યાં તો આ મડદું પડ્યું છે! જુઓ આ રહ્યું! અરરર! હવે શું કરવું? રહેમતખાંભાઇ, આ શું ગજબ?" હીરાચંદે ગભરાટ અને આશ્ચર્યમિશ્રિત અવાજે કરગરતાં કહ્યું.

રહેમતખાં પણ તાજુબ થયો કે, આમ કેમ બને? પરંતુ તે તો મહાહિંમતવાન હતો એટલે શેઠને કહ્યું કે, "ગભરાવ મા શેઠ! આ વખતે તો એવે ઠેકાણે નાખીશ કે તે બલા હશે તોપણ પાછી નહિ આવી શકે." આમ કહી વળી પાછી તે લાશની ગાંઠડી બાંધી માથે ઉપાડી પ્રથમ ગયેલ તેથી ઉલટી દિશામાં ચાલ્યો; દૂરદૂર નદીની ભેખડમાં નાખી ત્વરિત ગતિએ પાછો આવ્યો અને હીરાચંદને કહ્યું: "કેમ શેઠ, બસ ને?"

આ વખતે શેઠ તો ત્રીજું બારદાન તેજ જગ્યાએ ગોઠવીને બેઠો હતો. તે જમાદારને જવાબ આપતાં બોલ્યો:

"રહેમતખાંભાઇ! આ તે મારા કરમની કઠણાઇ છે કે શું છે? આ કોઇ ભૂતપલીત તો નહિ હોય? જુઓને તમે ગયા ને હું લોટો લેવા ગયો, પાછો બહાર આવ્યો ત્યાં તો આ કોણ જાણે પાછું ત્યાં ને ત્યાં ક્યાંથી હાજર થાય છે? અરરરર! તમનેય આજ ભારે મેંનતમાં નાખી દીધા હો ભાઇસાહેબ! પણ હવે તો હદ થાય છે." શેઠે બહુજ આશ્ચર્ય સાથે દિલગીર થતાં કહ્યું.

જમાદારના મનને પણ આશ્ચર્યનો પાર નહોતો. જીન, ભૂત, પલીતમાં નહિ માનનારો આજે વહેમાવા લાગ્યો. પરંતુ હિંમત હારે તેમ ન હતો, તેને તો એની એ લાશ પોતાના આવ્યા પહેલાં મૂળ જગ્યાએ પહોંચી જાય છે, તે બહુજ અજાયબીભરેલું લાગતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. પણ તેને એટલું તો ચોક્કસ થયું કે આ કાંઇક કૌતુક છે. તેણે શેઠને કહ્યું કે. " શેઠ ગભરાવ માં, હું પણ હવે તેનો પીછો છોડવાનો નથી, ભલે મને મહેનત પડે. ચાલો, આ વખતે તો આને એવી જગ્યાએ નાખીશ કે તે બલાની દેન નથી કે પાછી આવી શકે."

"તો તો સારૂં રહેમતખાંભાઈ! નકર હવે તો રાત બહુ થોડી રહી છે." હીરાચંદે રડતે અવાજે કહ્યું.

રહેમતખાં ત્રીજી ગાંસડી બાંધી ઉતાવળો જોસભેર બંને વખતથી ત્રીજી દિશામાં રવાના, થયો અને બાવળની ઝાડીમાં ફેંકી દોડતો પાછો આવ્યો. તેને શ્વાસ ચડી ગયો હતો, તેથી હાંફતાં હાફતાં શેઠને પૂછ્યું: " કાં શેઠ! બસ?"

હીરાચંદે તો ચોથી બલા તેજ જગ્યાએ સુવાડી દીધી હતી એટલે તે બહુજ આજીજીથી કહેવા લાગ્યો, " રેમતભાઇ! મારા માથે આજ આભ તૂટ્યું છે! અરેરે, હવે મારે શું સમજવું? જુઓને તમે ગયા ને હું ઘરમાં શેઠાણીને જગાડવા ગયો, જગાડીને પાછો આવ્યો ત્યાં તો આ ભાઈ 'કયાંય નથી ગયા'ની જેમ પડ્યા છે! ઓલો હવે શું થશે? હે ભગવાન! હાયરે હાય, હું તો હવે થાકચો, રેમતખાંભાઇ!!" શેઠે કલ્પાંત કરતાં કહ્યું.

રહેમતખાંને પણ હવે ગુસ્સાનો પાર રહ્યો ન હતો. તેણે પણ નિશ્ચય કર્યો કે, ગમે તેમ થાય પણ આ વખતે તો તે લાસ પાછી નજ આવે તેમ કરવું!

"શેઠ! હવે ગભરાવ નહિ, હું પણ આજ આનો અંત લાવીશ. ગમે તે હો પણ આ વખતે તો તે પાછો આવીજ નહિ શકે, એવો હું ઘાટ ઘડીશ. બસ ચાલો, હવે જોઇએ છીએ કે તે કેમ પાછો આવે છે?" આમ કહી રહેમતખાંએ ફરીથી ગાંઠડી બાંધી, ચોથા બારદાનને માથે ઉપાડી ચાલ્યો. તેણે વિચાર કર્યો કે, "હર વખત આ ભૂત મારા આવ્યા પહેલાં પહોંચી જાય છે, તો આ વખતે ગામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને પાદર મસ્જિદના કૂવામાં નાખું. મસ્જિદનો કૂવો નાળવાળો છે અને નાળને પગથિયાં છે, એટલે ઉપરથી ગાંઠડી ફેંકી નાળને દરવાજે આડો ઊભો રહું, પછી ક્યાં જશે?" આમ વિચારી ગામ બહારના મસ્જિદના કૂવા ઉપર તે આવ્યો.

પરોઢિયું થઈ ગયું હતું એટલે મસ્જિદના મુલ્લાંજી કૂવાના પાણીમાં વજુ કરવા માટે નાળનાં પગથિયાં ઊતરી છેલ્લે પગથિયે બેસી દાતણ કરતા હતા. રહેમતખાંએ કાંઠા ઉપરથી ગાંઠડી કૂવામાં પડતી મૂકી અને દોટ દઈ નાળને દરવાજે આડો ઊભો રહ્યો. સાડાત્રણ મણની ગાંઠડી કૂવામાં પડતાં ધુબ્બાંગ દેતે મોટો અવાજ થયો અને ચોતરફ પાણી ઊડયું. મુલ્લાંજી ચમકયા.

"લા હૌલ વલા કુવ્યતા......યેહ કયા બલા હુઈ?" કહેતા મુલ્લાંજી ભાગ્યા, ત્રણ ત્રણ પગથિયાં પર છલંગો મારતા નાળને દરવાજે આવ્યા. રહેમતખાં તો વાટજ જોઇને ઊભો હતો. તેણે મુલ્લાંજીને બહાર નીકળતાંજ બાથ ભરી:

"તેં મને બહુ હેરાન કર્યો છે, હવે કયાં જવાનો છે?"

"અરે છોડભાઈ છોડ, તું કોન બલા હૈ? તોબા તોબા, અરે છોડ દે!" મુલ્લાંજીનો સાદ ફાટી ગયો.

"હવે છોડયાં છોડયાં, વાર છે ગગા, મને બહુ છેતર્યો છે. માંડ હાથ પડયો છે, એમ કયાં છોડી દઉં?" રહેમતખાંએ મુલ્લાંજીને મજબૂત બાથ ભરી દબાવતાં કહ્યું.

"અરે તારો સત્યાનાશ જાય......મુજે છોડ દે, મેરા નમાજ કા ટેમ જાતા હે!" મુલ્લાંએ પણ સામી બાથ ભીડી જોર અજમાવતાં ગુસ્સાથી કહ્યું.

બેમાંથી એકે હારે તેમ ન હતો. શરીરમાં ભીમનાથના ખૂંટિયા જેવા હતા. એકબીજાને ધક્કામુક્કી કરતાં કરતાં ગામના ઝાંપા સુધી પહોંચ્યા; પરંતુ એકબીજાને છોડે તેમ ન હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હીરાચંદ શેઠ હાથમાં લોટો લઈ નદીએ જવા નીકળ્યો. ઝાંપે આવતાં બન્નેને બાથંબાથ આવેલા જોઇ બધી પરિસ્થિતિ સમજી ગયો. તેણે હવે બન્નેને છૂટા પાડવાની તરકીબ વિચારી અને પાસે જઈ મુલ્લાંજીને કહ્યું: "અરે મુલ્લાંજી, તમને આ શું સૂઝયું ?"

રહેમતખાંએ હીરાચંદ સામે જોયું, મુલ્લાંજી પણ શેઠ સામે જોઈ-ને બોલ્યા: "હીરાચંદ શેઠ ! મુજે ઇસ બલાસે છુડાવો, મેરી નમા-જ કા વખત જાતા હે !"

"અરે હમણાં છોડા દું, બાપલા મુલ્લાંજી! તમારી પાસે એકાદા રૂપિયા હે ?" હીરાચંદે ઉર્દૂનો ખીચડો કરતાં વેપાર માંડ્યો.

"હા, હા, લો ભાઇ ! અભી છુડાવ તો રૂપિયા એક નહિ દો નીકાલ દું." મુલ્લાંજીએ કહ્યું.

હીરાચંદે રહેમતખાંને સંબોધી કહ્યું: "રેમતખાંભાઇ, મૂકી દો, એ તો મુલ્લાંજી છે. પરોઢિયે જીન, ભૂત, પલીત, ડેણ, ડાકણ કાંઇ રહે નહિ, એ તો બધાં અંધારામાંજ ચમત્કાર કરે. હવે અત્યારે કાંઇ હોય નહિ, માટે મૂકી દો. એ તો આપણા મુલ્લાંજી છે."

"બસને શેઠ ? હવે આપણે કંઇ વાંધો નથીને ?" રહેમતખાંએ શેઠની ખાંતરી માટે પૂછ્યું.

"ના, ના, બસ હવે થઇ રહ્યું. સવાર થઇ ગયું એટલે ખલાસ, લ્યો હાલો હવે." હીરાચંદે રહેમતખાંને છૂટો પાડ્યો.

મુલ્લાંજીએ બે રૂપિયા ખીસામાંથી કાઢી હીરાચંદને આપ્યા અને ઉતાવળા નમાજ પઢવા ચાલ્યા ગયા.

મીઠા શબ્દોથી રહેમતખાંનાં વખાણ કરતા અને શાબાશી આપતા, બહુ આનાકાની કરવા છતાં પણ પરાણે એક રૂપિયો હીરાચંદે રહેમ-તખાંને આપ્યો અને એક રૂપિયો પોતાની કેડે ધોતિયામાં ચડાવ્યો.

("શારદા" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૨–મ શ્ક રી !

(લેખકઃ—શ્રી. લક્ષ્મીચંદ છ. સંઘવી)

(ત્રિચિનોપલીમાંના સુપ્રસિદ્ધ માધવજીના મંદિરમાંની મૂર્તિ ઉપર જે મુગટ છે, તે એક વેશ્યાએ સાડાત્રણ લાખની કિંમતનો તૈયાર કરાવી કેવી રીતે ચડાવ્યો, એ ઐતિહાસિક વસ્તુ પર આ નવલિકા લખવામાં આવી છે.)

એ સમયે અકબર ભારતસમ્રાટ હતો. એ શહેરની પ્રસિદ્ધ વેશ્યા રેણુબાઇ મૃત્યુ સમયે અગિયાર વર્ષની લલિતાકુમારી નામની એક પુત્રી, ચાર લાખ રૂપિયા રોકડા, તેમજ સારૂં એવું ઝવેરાત મૂકી ગઇ હતી. તેનું મકાન એટલે ચાર માળની સુંદર હવેલી. રેણુબાઇ શાહી–વેશ્યા હતી. વર્ષમાં ત્રણ વખત તેને બાદશાહી દરબારમાં નૃત્ય કરવું પડતું. વાર્ષિક એક લાખ રૂપિયા તેનો પગાર હતો. જે સમયે રેણુબાઇ–જે સમયનો રાગ ગાતી–ઉપસ્થિત પ્રકૃતિમાં એજ દશ્ય તાદશ થતું. અમુક ગીત ગાતાં ગાતાં તે બે નાગણીઓ પકડી લેતી હતી; જે નાગણીઓ "શાહી–સિપાઇઓ" મારફત ઝેરી દાંતો કાઢયા વગર ખાસ મંગાવવામાં આવતી. એક ગીતદ્વારા તે વાદળીને બોલાવતી; તો એક ગીત એવું ગાતી–કે સુંદર કોયલ તેના અંગ પર આવી બેસી જતી. રેણુનાં ગીતો પર અનેક વાર કોયલો બોલતી અને મોરો નાચતા. અવલ નંબરની વેશ્યા "વિશુદ્ધ ગાયિકા" હોય છે. કેટલીક વેશ્યાઓ આજન્મ બ્રહ્મચર્ય સેવી મૃત્યુને વરે છે. રેણુબાઇનો એક વાર બાદશાહથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંયોગ થયો હતો. લલિતા તે સંયોગની સ્મૃતિ હતી.

એ દિવસે સાયંકાળનો સમય હતો. દિવસ સાથે રાત્રિની સંધિ થઇ રહી હતી. લલિતા બીજે માળે પોતાના ઓરડામાં ગાદી ઉપર બેઠી હતી. વય હતી ચૌદ વર્ષની. રંગ શ્યામ પણ મનમોહક. એ ઓરડામાં સર્વ તરેહનાં વાજિંત્રો હાજર હતાં. કબાટમાં સારા સારા કવિઓના કાવ્યગ્રંથો પણ મોજૂદ હતા. એ સમયે તે એકલી હતી.

એકાએક ઓરડાના દ્વાર પર એક બ્રહ્મચારી નવયુવક સાધકને જોઇ લલિતા હેબતાઇ ગઇ.

લલિતા—નીચે મારો સિપાઇ નહોતો ?

બ્રહ્મચારી—કોઇ ન હતું.

લલિતા—આપ અહીં કયા વિચારથી પધાર્યા છો ?

બ્રહ્મચારી—રસ્તે જતાં એક માણસને મેં પૂછ્યું કે, કોઇ "સત્સંગપ્રિય સજ્જન"નું મકાન બતાવો, રાતના વિશ્રામ પણ થઇ શકે ને સત્સંગનો આનંદ પણ પ્રાપ્ત થાય. એ માણસે મને તમારૂં મકાન ઇશારાથી બતાવ્યું ને હું અહીં ચાલ્યો આવ્યો.

લલિતા—એ માણસ મોઢેથી કાંઇ નહોતો બોલ્યો ?

બ્રહ્મચારી—નહિ.

લલિતા—ઠીક, પછી શું થયું ?

બ્રહ્મચારી—પછી હું આપની સામે આવી રહ્યો.

લલિતા—અને સિપાઇ ?

બ્રહ્મચારી—સિપાઇ કેવો ?

લલિતા—દરવાજા પર શું કોઇજ નહોતું ?

બ્રહ્મચારી—કોઈ નહિ. હું આપને કોઇ શેઠ માની ચાલી આવ્યો છું. આપને તકલીફ થઈ એ માટે હું ક્ષમા ચાહું છું.

લલિતા—આપ એમ ને એમ ન ચાલ્યા જાઓ. ભોજન કરીને જજો. આપને એક રૂપિયો દક્ષિણા તરીકે મળશે. પરંતુ આપ નીચે જઇ, જે કોઇ દરવાજા પર હોય તેને બોલાવી લાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડો વખત પછી બ્રહ્મચારી એક પંદર વર્ષના છોકરા સાથે ઉપર આવ્યો. છોકરો નીચા મસ્તકે બન્ને હાથ જોડી સામે ઊભો રહ્યો.

લલિતા—મહમદ !

મહમદ—જી સરકાર !

લલિતા—જ્યારે આ સાધુજી આવ્યા, ત્યારે તું ક્યાં હતો ?

મહમદ—પેશાબ કરવા ગયો હતો, હજૂર !

લલિતા—કેટલે દૂર ગયો હતો ?

મહમદ—બાજુનીજ ગલીમાં.

લલિતા—તેં આ સાધુને ઉપર આવતાં જોયેલા ?

મહમદ—જોયા હતા, ગરીબપરવર !

લલિતા—તો તેં તેમને કેમ ન રોક્યા ?

મહમદ—પેશાબ કરી રહ્યો હતો, હજૂર !

લલિતા—પણ બોલ્યો કેમ નહિ ?

મહમદ—પેશાબ કરતી વખતે શાસ્ત્ર બોલવાની મના કરે છે.

લલિતા—અચ્છા, પછી તું ઉપર કેમ ન આવ્યો ?

મહમદ—મેં વિચાર્યું કે, આપજ નીચે આવશો.

લલિતા—કેમ સાધુજી ! જ્યારે આપ આ હવેલીના દરવાજા ઉપર આવ્યા ત્યારે આ છોકરો ત્યાં હતો યા નહિ ?

બ્રહ્મચારી—હતો એટલે શું ? અરે ! આ છોકરાએ તો મને "સત્સંગી શેઠનું મકાન" બતાવ્યું !

લલિતા—કેમ રે ? ચૂપ કેમ થઇ ગયો બદમાશ ! અચ્છા. જા, તને રજા આપવામાં આવે છે. મારી સાથે આ ચાલચલગત ? આ મશ્કરી ? અને ઊભો કેવો છે-મૂઢ જેવો ! જાણે કંઇ જાણતોજ નથી કાં ?

બ્રહ્મચારી—નહિ બાઇજી, મને એટલીજ ભિક્ષા આપો કે, મારે માટે આ છોકરા પર કોઇ અત્યાચાર ન થાય. હું તમારો રૂપિયો નથી ઇચ્છતો. મને ખબર પડી ગઇ છે કે, હું આ છોકરાની મશ્કરીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વેશ્યાના મકાનમાં આવી પડ્યો. હું બ્રહ્મચારી અને ત્યાગી છું. મારે માટે પણ શાસ્ત્ર મના કરે છે. હું તમારો રૂપિયો કદી નહિ લઇ શકું. હા, એટલી ભિક્ષા અવશ્ય માગું છું કે, આ છોકરાને ક્ષમા બક્ષો.

લલિતા—સાધુજી! આપ જે ત્રણ આશાથી આ મકાનમાં આવ્યા, એ ત્રણે હું પૂરી કરીશ.

બ્રહ્મચારી—કઇ ત્રણ આશા?

લલિતા—પ્રથમ રાત્રિવિશ્રામ, બીજી ભોજનવ્યવસ્થા અને ત્રીજો સત્સંગ; પણ માલિકની મશ્કરી કરનારને નહિ રાખું.

બ્રહ્મચારી—અહીં હું એ ત્રણેમાંથી એક પણ ગ્રહણ નહિ કરી શકું. બાળકે મશ્કરી જરૂર કરી છે, પણ તેની એ મશ્કરીની શું આટલી બધી કિંમત?

લલિતા—આપે ત્રણ વાતો ગ્રહણ કરવી આવશ્યક છે. આપ મને એક છોકરી તરીકે શા માટે જોઇ રહ્યા છો? મને એક "સત્સંગી શેઠ"ના રૂપમાં જોવામાં આપને શી હાનિ છે? શું આટલુંજ આપનું જ્ઞાન છે? આત્માને જોતા ફરો છો યા રૂપને? દેહ નહિ, ધ્યેય જુઓ સાધુજી!

લલિતાકુમારીની મનોવૃત્તિ ફકીરી શી હતી. એણે બ્રહ્મચારીને એક અઠવાડિયા સુધી પોતાના મકાનમાં રોકી રાખ્યા. સર્વથી ઉપરનો ચોથો માળ તેમને માટે ખાલી કરી દેવામાં આવ્યો હતો અને એક બ્રાહ્મણ છોકરો સેવાશુશ્રૂષા માટે રોકવામાં આવ્યો હતો. સાતમે દિવસે તે બંને વચ્ચે નીચે મુજબ વાતચીત થઇ:—

બ્રહ્મચારી—આજ રાતના ઊઠી હું ચાલ્યો જઇશ.

લલિતા—કેમ?

બ્રહ્મચારી—સાધકે એક સ્થળ પર વધુ સમય રહેવું, એ ફકીરી કાનૂનથી વિરુદ્ધ છે-મના છે.

લલિતા—હું પણ તપશ્ચર્યા કરવા ચાલીશ-આપની સાથે.

બ્રહ્મચારી—અને તમારી આ સંપત્તિ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લલિતા—સાડાત્રણ લાખનો મુગટ કરાવી માધવજીને ચડાવીશ!

બ્રહ્મચારી—અને બાકીના રૂપિયા?

લલિતા—ધર્માદામાં અર્પીશ.

બ્રહ્મચારી—પછી?

લલિતા—આપની સાથે ચિત્રકૂટના જંગલમાં મંગલ કરીશ!

બ્રહ્મચારી—સ્ત્રીઓથી બ્રહ્મચર્ય રાખી શકાય કે?

લલિતા—જરૂર!

બ્રહ્મચારી—આ વખતે પણ મારી હાર થઇ; ઠીક, એક વધુ સપ્તાહ રોકાઇ જઇશ.

એ ગુરુવારનો યાદગાર દિવસ હતો. સારા શહેરનાં વાજાંઓ અને સારા શહેરની વેશ્યાઓ લલિતાના દ્વાર પર એકઠી થઇ છે. સોનાના થાળમાં સાડાત્રણ લાખના જવાહિરથી જાજ્વલ્યમાન કંચનમુગટ રાખવામાં આવ્યો છે. સફેદ સાડી પરિધાન કરેલી અને ફૂલોના શંગારથી શોભતી લલિતાએ થાળ ઉપાડ્યો. ગેરુઆં વસ્ત્ર પરિધાન કરેલ બ્રહ્મચારી સાથે ચાલે છે. આ માનવસમુદાય વાજતાંગાજતાં મંદિરના પ્રવેશદ્વારે આવી પહોંચ્યો. સારા શહેરની માનવમેદની ત્યાં હતી. પોલીસ વ્યવસ્થા જાળવી રહી હતી. સર્વ વેશ્યાઓ નૃત્ય કરી રહી હતી. વચમાં લલિતા બ્રહ્મચારી સહિત ચાલી આવે છે. નૃત્ય ને ગાયન સાથે ફૂલોનો વરસાદ વરસી રહ્યો છે. પૃથ્વી પર એક નવી ઘટના બની રહી છે. સારાયે શહેરમાં કોલાહલ મચી રહ્યો છે.

મંદિરના પૂજારીસમુદાયે કહ્યું કે, "એક વેશ્યાના પૈસાથી બનેલો મુગટ માધવજી કદી પસંદ નહિ કરે." આ દલીલ પર સર્વ ચૂપ થઇ ગયા. બ્રહ્મચારીએ આગળ આવી કહ્યું: "માધવજી સમક્ષ નૃત્યગાન થશે. પછી લલિતા પોતાના હાથમાં મુગટ ઉપાડશે. એ સમયે જો ઠાકોરજી પોતાનું મસ્તક નમાવે તો, મુગટ પહેરાવવો, નહિ તો નહિ."

પૂજારીસમુદાયે આ "સત્યાગ્રહ" માન્ય કર્યો ને મંદિરાને દરવાજો ખોલવામાં આવ્યો. એક કલાક સુધી ઠાકોરજી સમક્ષ નૃત્યગાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતું રહ્યું. લલિતા ને બ્રહ્મચારી વચમાં ઊભાં હતાં. એ પછી બન્ને મૂર્તિ સમક્ષ ગયાં. જેવો લલિતાએ થાળીમાંથી મુગટ ઉપાડી હાથ આગળ કર્યો, તેવાજ "વ્યાપક ઠાકોરજી"એ "મૂર્તિ-મસ્તક" નમાવી દીધું. ઠાકોરજી માટે એ કાર્ય કઠિન ન હતું. સારોય પૂજારીસમુદાય ચૂપ થઇ ગયો. માનવસમુદાયે લલિતાનો જયઘોષ કર્યો. ઠાકોરજીનાં મસ્તક પર એક વેશ્યાએ મુગટ પહેરાવ્યો. ભક્તિને દ્વારે આ કેટલી મોટી ઘટના છે!

લલિતા—ચાલો હવે.

બ્રહ્મચારી—તમારી સાથે મારાથી તપશ્ચર્યા નહિ થાય!

લલિતા—કેમ?

બ્રહ્મચારી—સ્ત્રીપુરુષે સાથે સાથે તપશ્ચર્યા કરવાની મના છે.

લલિતા—ત્યારે?

બ્રહ્મચારી—આ શહેરમાં રહી તપશ્ચર્યા કરો. ચાર રોટલી માગી ભોજન કરો ને મંદિરના પાછલા ભાગમાં રાત વ્યતીત કર્યા કરો.

લલિતા—ઠીક, એમજ થશે.

બાર વર્ષ પછી, એ બ્રહ્મચારી એ શહેરમાં ફરી આવ્યો. મંદિર પાસે જઇ તપાસ કરી તો ખબર મળી કે, એક વર્ષ થયાં લલિતાએ ક્ષણભંગુર શરીરનો ત્યાગ કર્યો છે. સાધુ એના સમાધિ-સ્થાને ગયા. એ સમાધિના દર્શને મહમદ હમેશાં આવતો. એ પણ આવી પહોંચ્યો. બન્નેએ પરસ્પરને ઓળખ્યા.

મહમદ બોલ્યો: "જોઇ મારી મશ્કરી?"

(સને ૧૯૩૮ના "ગુજરાતી"ના દીપોત્સવી અંકમાંથી)

નોંધ—આપણા વૈષ્ણવ કવિ દયારામભાઇએ "ભક્તવેલ" કાવ્યમાં ગાયું છે કે, "ગણિકાનો મુગટ લીધો, માગીને શ્રીરંગજી!" તે ઉપલી રમણીય કથાને અનુલક્ષીનેજ છે, એમ સુજ્ઞ વાંચનારાઓ સમજશે.

—સંપાદક "ગુજરાતી"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૩-તૂમ તા ના....ના....!

(લેખકઃ–કુમારશ્રી મોતીસિંહજી મહીડા)

(૧)

"અન્ની! એ વાતજ ન કરતી. તારો અને મારો મેળ શી રીતે મળે?"

"કેમ ન મળે? જ્યાં હૃદયેહૃદય ખેંચાય, ત્યાં પછી ભિન્નતા કેવી? તાનસેન! હું સાચુંજ કહું છું કે, તારૂં સંગીત સાંભળીને હું ઘેલી બની છું. તારા પ્રત્યે મને અનુરાગ ઉત્પન્ન થયો છે. તારા ચરણે મારૂં જીવનસર્વસ્વ અર્પણ કરી દેવા હું તત્પર છું."

"હશે."

તાનસેનના આ ટૂંકા અને ટાઢા ઉત્તરથી અન્ની આભી બની ગઇ! બીજો કોઇ હોત તો અન્ની તેને ન કહેવાનું કહી બેસત, પરંતુ આ તો તાનસેન! જેને પોતાનો હૃદયહાર બનાવવા તે માગતી હતી, તેને શું કહી શકાય? કોઇ પણ રીતે તેને મનાવી લીધા સિવાય તેનો છૂટકોજ નહોતો!

"તાનસેન! આમ નઠોર કાં બનો છો? તમે નારીહૃદય વાંચી શકતા હો–મારા અંતરમાં અત્યારે કેવી અકળામણ થઇ રહી છે તે જાણી શકતા હો, તો મારી માગણીને આપ કદી ન નકારો!"

"અન્ની! ક્ષણિક આવેશમાં તને અશકયતાનું પણ ભાન રહ્યું નથી. નથી જાણતી કે, જ્ઞાતિરૂપી અભેદ્ય દીવાલ આપણી વચ્ચે ઊભી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે?" તાનસેને સ્પષ્ટીકરણ કરવા માંડયું.

"એ તો માત્ર લૂલો બચાવ છે. જ્યાં સત્ય પ્રેમ હોય ત્યાં જ્ઞાતિબંધનની શી પરવા?"

"પરવા કદાચ તને ન હોય, પણ મને તો છે. અન્ની! પ્રેમ પરસ્પર હોવો જોઇએ. એકપક્ષી પ્રેમ એવાં બંધનોને તોડી શકતો નથી."

"ત્યારે શું તું મને ચાહતો નથી?"

"નહિજ."

"તાનસેન! હું કોણ છું તે જાણે છે?" અન્ની છેલ્લે પાટલે બેઠી.

"તને ન જાણું? બાદશાહ–બેગમની બાંદીને ન ઓળખું?"

વચનમાં નર્યો કટાક્ષ ભર્યો હતો. અન્નીનું અભિમાન ઘવાયું.

"બાંદી ખરી, પણ જેવીતેવી નહિ. તું જાણે છે કે હું મરિયમ બેગમની કેટલી માનીતી છું?"

"ખૂબ સારી રીતે જાણું છું." જવાબમાં ભારોભાર બેદરકારી ભરી હતી.

"છતાંય તું મારી અવગણના કરવાની હામ ભીડે છે?"

"બીજું શું થઈ શકે?" તાનસેન એ પીડા પતાવવા અધીરો બન્યો.

"જોજે હો, પસ્તાવું પડશે, મારા આ અપમાનનાં કડવાં ફળ ચાખવાં પડશે." કોઇ સત્તાભિમાની સમ્રાજ્ઞી આજ્ઞા કરતી હોય તેમ અન્નીએ છેવટની ચેતવણી આપી.

"ગમે તેમ થાય, પરંતુ એમાં બીજો કંઇ ઉપાયજ નથી." તાનસેને છેવટનો ઉત્તર વાળ્યો. અન્ની પાસે વધુ વખત ઊભા રહેવાનું પણ તેને યોગ્ય ન લાગ્યું.

અન્ની–આશાભંગ બનેલી અન્ની–સ્વસ્થતાથી ચાલ્યા જતા તાનસેન તરફ ક્રોધભરી નજરે જોઇ રહી. છંછેડાયલી નાગણ ફૂંફાડા મારતી હોય તેમ તેના મુખમાંથી આવેશભર્યાં વચનો નીકળી પડ્યાં:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઠીક છે બચ્ચા! વખત આવવા દે, તને ખુવાર ન કરી નાખું તો મારૂં નામ અન્ની નહિ!"

(૨)

દિલ્હીના દરબારમાં આજે અજબ ઉત્સાહ ફેલાયો હતો. તાનસેન લાંબા સમયની ગેરહાજરી પછી આજે દરબારમાં પોતાના સંગીતની લહાણ આપવાનો હતો. મોગલસમ્રાટ અકબર અને આખો દરબાર એનું કર્ણપ્રિય સંગીત સાંભળવા અધીરો બન્યો હતો. ચકની પાછળ બેઠેલી જનાનખાનાની રમણીઓનાં આતુર નયનો પણ તાલ–સૂર મેળવતાં તાનસેન ઉપર મીટ માંડી રહ્યાં હતાં!

તાનસેને સંગીત છેડયું. જાતજાતની રાગરાગિણીઓથી દરબારનું વાતાવરણ સંગીતમય બન્યું. સૌના મુખમાંથી "વાહ! વાહ!" અને "આફ્રીન"ના પોકારો નીકળવા લાગ્યા.

એટલામાં અકબરના સિંહાસનની પાછળનો એક ચક ઊપડ્યો. એક બાંદી આવીને ઉતાવળમાંજ અકબરના કાનમાં કંઇક કહી ગઇ. વીજળી ઝબકે અને પાછી અલોપ થઇ જાય તેમ, તે દાસી બહાર આવી અને પોતાનું કાર્ય બજાવીને પાછી અદૃશ્ય થઇ ગઇ.

ચાણકય–બુદ્ધિવાળા તાનસેનના લક્ષ બહાર આ વાત રહેવા પામી નહિ. સંદેશો આપવા આવેલી બાંદી તરફ તેની નજર ગઈ. ચાર આંખો મળી. બાંદીની આંખોમાં વિજયનો મદ એણે નીરખ્યો અને એ વસ્તુસ્થિતિ પામી ગયો.

એ બાંદી બીજી કોઈ નહિ, પણ તાનસેનના પ્રેમથી વંચિત રહેલી આશાભંગ અન્ની હતી!

તરતજ શહેનશાહના મુખમાંથી આજ્ઞા નીકળી: "તાનસેન! દીપક રાગ સંભળાવો!"

"દીપકરાગ?" તાનસેન વિચારમાં પડ્યો! "જરૂર આ અન્નીનાં કારસ્થાન છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનયપૂર્વક તેણે અરજ ગુજારી: "જહાંપનાહ! એ બાબતમાં આપની માફી ચાહું છું. દીપકરાગમાં આ સેવકે હજી પૂરી પ્રવીણતા મેળવી નથી."

પરંતુ બેગમની ઇચ્છા! એને અવગણવાનું શી રીતે બને? અજી હમણાંજ આવીને કહી ગઇ હતી કે, મરિયમ બેગમ તાનસેનના મુખે દીપકરાગ ગવાતો સાંભળવાની ખાસ ઇચ્છા ધરાવે છે. મરિયમ બેગમને-પોતાની માનીતી બેગમને-નારાજ કરવાનું અકબરને કેમ ગમે? તેણે ફરીથી આગ્રહ કર્યો.

"ગરીબપરવર!" તાનસેને ખુલાસો કરવા માંડ્યો. "દીપકરાગમાં હું પારંગત નથી બન્યો. ક્વચિત્ મારા ગુરુજી સમક્ષજ એ રાગ હું ગાતો-તેમની ગેરહાજરીમાં કદી નહિ. દીપકરાગ ગાનારાના શરીરમાં એ રાગ ગાવાથી ઉત્પન્ન થતા અગ્નિને શાંત કરવાનું જ્ઞાન મેં હજી મેળવ્યું નથી."

પરંતુ રાજહઠ! એને કોણ પહોંચી શકે? બાદશાહે તો જીદ પકડી; બેગમોએ ફરીથી આગ્રહભર્યો સંદેશો કહાવ્યો; ઈર્ષાખોર દરબારીઓએ એ વાતને ઝીલી લીધી.

અજીની ઇચ્છા પાર પડી! તાનસેન માટે બીજો ઉપાયજ ન રહ્યો. તેણે દીપકરાગ ગાવાનો પ્રારંભ કર્યો.

(૩)

આખો દરબાર દિગ્મૂઢ બન્યો. પોતે કદી ન સાંભળેલા એવા આ રાગમાં તાનસેનની આટલી બધી કુશળતા જોઇ સૌ મુગ્ધ બન્યા. સંગીત-પ્રવાહનો વેગ આગળ વધવા લાગ્યો.

અને એ વેગ જેવો પૂર્ણતાએ પહોંચ્યો તેવોજ એક ચમત્કાર થયો. દરબારમાં ઓલવી નાખેલા દીવા પોતાની મેળેજ સળગી ઉઠ્યા! દરબાર દીપકોના પ્રકાશથી ઝળહળી રહ્યો!

"વાહ વાહ! બહોત ખૂબ!" દરબાર પ્રશંસાના સૂરોથી ગાજી ઉઠ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ અફસોસ! આખો દરબાર જ્યારે હર્ષપ્રફુલ્લ બની રહ્યો હતો, ત્યારે એ હર્ષ ઉપજાવનાર-દીપકરાગનો ચમત્કાર બતાવનાર તાનસેન વિહ્‌વળ બની રહ્યો હતો. દીપકરાગ પૂરો થતાંજ તે મૂર્છાવશ બન્યો. એ રાગથી ઉત્પન્ન થયેલા અગ્નિનો દાહ એ શમાવી ન શક્યો. એનું રક્ત શોષાયું-શરીર સુકાવા લાગ્યું.

× × × ×

તાનસેને બાદશાહને પોતાની દુર્દશાનું ભાન કરાવ્યું. તેમની હઠને લીધે પોતાને સોસવું પડેલું દુઃખ પણ નજરે બતાવ્યું અને એ દુઃખનું નિવારણ કરવા માટે-ઔષધોપચાર કરવા માટે આગ્રા છોડી જવાની પરવાનગી માગી.

"અહીં વૈદ્યહકીમોની શી ખોટ છે? તાનસેન, તમને કહો તે સગવડ અહીંજ કરાવી દઉં." બાદશાહે વિવેક કર્યો.

"એમાં હકીમની હિકમત ચાલે એવું નથી. જહાંપનાહ! આ દર્દની દવા તો કોઈ વિરલો સંગીતાચાર્યજ જાણે!"

"તો શું એવી કોઇ વ્યક્તિ આટલામાં નથી?

"જી, ના; અહીં તો નથીજ, તેમજ તપાસ કરવાથી પણ કંઇ દહાડો વળે તેમ નથી. એ તો ભાગ્યમાં હોય તો અનાયાસે ક્યાંક ભેટો થઇ જાય, તેથીજ હું યાત્રાર્થે જવા ઇચ્છું છું."

દીપકરાગ ગવરાવવાની પોતાની હઠથી તાનસેનની આવી દુર્દશા થયેલી જોઇ અકબરના અંતરમાં ખૂબ ક્ષોભ થયો. તેણે તાનસેનને યાત્રાર્થે જવાની રજા આપી-સાથે તેની સગવડ સાચવવા માટે ધન અને નોકરચાકરોની જોગવાઇ પણ કરી આપી.

(૪)

"તાનાબહેન, જો જો, આ પાલખીમાં બેઠેલો મહાપુરુષ દીપકરાગથી બળીઝળી રહેલો લાગે છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાનસેનના કાન ચમક્યા. તેણે એ અવાજ આવ્યો એ દિશામાં નજર કરી. બે યુવતીઓ વાત કરતી તેના તરફ જોઇ રહી હતી!

"મને પણ એમજ લાગે છે બ્હેન! તૂમ!" તાના પોતાની સંમતિ દર્શાવતી તાનસેન તરફ તાકી રહી હતી.

તાનસેન આગ્રાથી નીકળી મથુરા અને જયપુર થઇ રજપૂતાનામાં ઘૂમી ગુજરાતમાં આવ્યો. એ સમયે અમદાવાદ ગુજરાતનું પાટનગર ગણાતું અને મિરજાવંશના નવાબની ત્યાં હકુમત હતી. અકબરના રાજ્યની સીમા એ સમયે કાલિંજરની આસપાસ હતી. અમદાવાદ એ વખતે એના રાજ્યમાં ભળ્યું નહોતું.

ગુજરાતમાં ફરતાં ફરતાં તાનસેન સોરઠમાં વંથળી આગળ આવી પહોંચ્યો. તેણે સાંભળ્યું હતું કે, પોતાના ગુરુ દ્વારકામાં છે. દ્વારકા જઇને પોતાના ગુરુનાં દર્શન કરી, તેની સંગીતકળાની સિદ્ધિના પ્રતાપે પોતાની ક્ષીણ થઇ ગયેલી શક્તિને પુનઃ પ્રાપ્ત કરવા તે આતુર બન્યો હતો. દરમ્યાન માર્ગમાં કોઇ પણ સંગીતપ્રેમી સાધુસંત મળી આવે તો તે, તેના સત્સંગનો લાભ લેતો. વંથળીની નજીકમાં એવા એક સંતપુરુષની જાણ થતાં, તાનસેન તેના દર્શને જઇ રહ્યો હતો.

તેવામાં માર્ગમાં તેણે એ બહેનોને પોતાના રોગ સંબંધી ઇશારો કરતી જોઈ અને તે આશ્ચર્યચકિત બન્યો. તેણે તરતજ પાલખી ઊભી રખાવી. તેમાંથી ઝપાટાબંધ તે ઊતર્યો અને દોડતો જઇને એ બહેનોના પગમાં પડ્યો.

"બહેન! કહો ન કહો પણ તમેજ મારા રોગનું નિવારણ કરી શકશો એમ મને ખાતરી છે."

"કોણુ અમે? અમે બાઇમાણુસ તે શું કરી શકીએ?".

હું આગ્રાથી ફરતો ફરતો-ગામેગામ રખડતો અહીં સુધી આવ્યો, પરંતુ કોઇ મારો રોગ કળી શક્યું નથી. આપે એ તરત પારખી લીધો છે. મારી ખાતરી છે કે, આપ મારા સુકાતા દેહને પુનર્જીવન આપી શકશો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૂમ અને તાના બન્ને રજપૂત બહેનો હતી. ચંદ્રગિરિસિંહ નામના રજપૂત સરદાર સાથે એ બંને બહેનોનાં લગ્ન થયાં હતાં. અમદાવાદના મિરજાએ ચંદ્રગિરિસિંહને ગુજરાતની સેનાનો ઉપનાયક બનાવીને પોરબંદરની આસપાસના પ્રદેશની વસૂલાતનું કામ તેને સોંપ્યું હતું. પોતાની કામગીરીને અંગે ચંદ્રગિરિસિંહ વંથળી આવ્યો હતો. ત્યાં વગડામાં ફરતાં ફરતાં તૂમ અને તાનાની નજર તાનસેનની પાલખી ઉપર પડી અને તરતજ તેમને ખાતરી થઇ કે, દીપકરાગથી બળી રહેલી તેની કાયા કરમાઇ ગઈ છે!

તાનસેનની વિનંતીને સ્વીકારી, તૂમ અને તાનાએ તેનો યોગ્ય અતિથિસત્કાર કર્યો. તેની દુઃખદ સ્થિતિ જોઇ એ દયાળુ બહેનોનું હૃદય દ્રવ્યું. પરોપકારના સદ્‌ગુણથી વિભૂષિત થયેલી એ બહેનોએ "મેઘમાળા" અર્થાત્ મેઘરાગ ગાઇ સંભળાવ્યો.

તાનસેનની ક્ષીણ થયેલી શક્તિ ધીમે ધીમે પાછી આવવા લાગી. તેણે એ બહેનો પાસેથી "મેઘમાળાનું" પૂર્ણ જ્ઞાન મેળવી લીધું. એ જીવનદાતા બંને બહેનોનો અંતઃકરણપૂર્વક આભાર માની તેણે વિદાય માગી.

"ભાઇ, એક વાત લક્ષમાં રાખજો, આ વાત કોઇને ન જણાવશો." તૂમ અને તાનાએ તાનસેનને ચેતવણી આપી.

"આપની એ ઇચ્છા હું જરૂર લક્ષમાં રાખીશ, બહેનો!" તાનસેને વચન આપ્યું.

(૫)

નવો અવતાર આવ્યો હોય તેમ, સાજોતાજો થઈ ગયેલો તાનસેન પાછો આગ્રા આવી પહોંચ્યો.

બાદશાહ અને દરબારીઓ તો એનો નીરોગી દેહ અને એની દેદીપ્યમાન કાંતિ જોઇ દિગ્મૂઢ બની ગયા.

"તાનસેન! ભલા કહો તો ખરા, તમે ગુમાવેલી શક્તિ શી રીતે પાછી મેળવી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાનસેને વિસ્તારપૂર્વક યાત્રાવર્ણન કરી બતાવ્યું. "મેઘમાળા"-ના પ્રતાપે પોતે સાજો થયો એ પણ જણાવ્યું; પરંતુ "મેઘમાળા"-નો લાભ ક્યાંથી–કોની પાસેથી મળ્યો એ વાત ઢાંકી રાખી.

અકબર જેવા વિચક્ષણ બાદશાહના લક્ષ બહાર આ વાત રહેવા પામે? તેણે ગંભીરતાપૂર્વક પ્રશ્ન પૂછ્યો: "હાં, પણ એ 'મેઘમાળા'નું જ્ઞાન આપનારા મહાપુરુષ કોણ છે?"

"છે કોઇ ખુદાનો બંદો, જહાંપનાહ, બહુ રત્ના વસુંધરા!" તાનસેને વાત ઉડાવવા માંડી.

પરંતુ અકબર હઠે ચડ્યો. જેમ જેમ તાનસેન લોચા વાળવા મંડ્યો, તેમ તેમ બાદશાહની જીદ વધુ જોર પકડતી ગઇ.

"કૃપાનાથ! એ વાત જવા દો, હું એ વ્યક્તિનાં નામઠામ નહિજ જણાવી શકું." તાનસેને પોતાની મુશ્કેલી જણાવી.

"મારાં વચનોની અવગણના? અરે કોણ છે હાજર! જાઓ! આ નાફરમાન ગવૈયાનો શિરચ્છેદ કરો!" અકબરની આંખ ફાટી–મુખમાંથી જહાંગીરી ફરમાન નીકળી પડ્યું.

ગરીબ બિચારો તાનસેન! કાયાની માયા કોને ન હોય? જીવન-ના મોહમાં, તૂમ અને તાનાને પોતે આપેલું વચન ફોક કર્યા વિના તેને નજ ચાલ્યું. તેણે તૂમ અને તાનાનું નામઠામ આપ્યું અને સઘળી હકીકત જણાવી દીધી.

(૬)

સ્ત્રીજાત અને તે સંગીતમાં આટલી બધી પ્રવીણ? અકબરને તૂમ અને તાના તરફ પૂજ્યભાવ પેદા થયો. એ ક્ષત્રિયાણીઓનાં દર્શન કરવાને તેણે નિરધાર કર્યો.

ઇ. સ. ૧૫૭૩ લગભગ અકબરે ગુજરાતના શાસનકર્તા સિરજા-ઓનો પરાજય કરીને, ગુજરાતને પોતાના વિશાળ સામ્રાજ્યમાં ભેળવી દીધું. ખુદ બાદશાહ આ વિજય વરવા ગુજરાતમાં આવ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૂમ અને તાનાના દર્શન કરવાની ઊંડી ઊંડી અભિલાષા પણ તેના અંતરમાં હતી.

અને એ અભિલાષા પૂરી કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે તેણે જોયું કે, જેને મળવા પોતે આતુર છે એ બંને બહેનો તો ગુજરાત-ના સૂબાઓના પક્ષે લડતાં લડતાં વીરમૃત્યુ પામેલા પોતાના પતિની પાછળ સતી થવાની તૈયારી કરી રહી છે!

દર્શનાભિલાષી અકબ્બર વેગપૂર્વક એ સ્થળે જઇ પહોંચ્યો. સોળે શણગાર ધરીને સતી થવા માટે તત્પર બનેલી એ રજપૂત યુવતીઓને જોતાંજ અકબ્બર એમનાં સૌંદર્યથી અંજાયો. એનો પૂજ્ય-ભાવ મોહમાં પરિવર્તન પામ્યો. જે ક્ષણે જીવન અને મૃત્યુ વચ્ચેનું અંતર ઓછું થતું જતું હતું—જ્યારે મૃત્યુ માટે માત્ર ચિતા પર ચડવાનીજ વાર હતી—ત્યારે અકબરના હૃદયમાં પિશાચી વૃત્તિ જાગી! મોહની એ કેવી રાક્ષસી માયા!

અકબ્બરે પ્રપંચપાસો ફેંકયો. એમના જેવી કોમલાંગીઓ અગ્નિ-માં બળીને ભસ્મીભૂત થઇ જાય એ માનવહૃદયને કંપાવનારી ઘટના છે એમ જણાવી તેણે તેમને સતી થતાં અટકાવવાનો પ્રયત્ન કર્યો; પરંતુ આર્ય સન્નારી એવાં પ્રલોભનો કે ધમકીઓથી થોડીજ ડરી જાય કે પાછી પાની કરે? જેને પોતાના પતિ પાછળ આત્મવિસર્જન કરવું હોય તેને અગ્નિદાહ એ એકજ ઇલાજ છે એવું કંઇ નથી. તેમને ખાતરી થઇ કે સૌંદર્યપિપાસુ અકબ્બર પોતાને ચિતા પર ચડવા નહિ દે, ત્યારે તેમણે પોતાની કમરમાંથી કટાર કાઢી અને રજપૂતાણીની સદાની જીવનસંગાથી સમી એ કટારીને વીર નારીની નીડરતાથી પોતાની છાતીમાં હુલાવી દીધી.

અકબ્બર આશ્ચર્યચકિત બન્યો. એની તો મનની મનમાંજ રહી ગઈ.

પરંતુ રજપૂતાણીઓના એ શૌર્યે એનો મોહરૂપી નશો ઉતારી નાખ્યો. સંગીતકળામાં પારંગત બનેલી આવી રજપૂત-રમણીઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિતાપ્રવેશ કરતાં અટકાવવાની પોતાની ધૃષ્ટતા માટે તેને પારાવાર પસ્તાવો થયો. એ પશ્ચાત્તાપનો કીડો એનું અંતર કોરી નાખવા લાગ્યો.

અને તાનસેન ! વિશ્વાસઘાતનું કલંક કાયમને માટે પોતાના કપાળે ચોંટ્યાની ખીના જ્યારે તેના જાણવામાં આવી ત્યારે તેના પશ્ચાત્તાપનો પણ પાર ન રહ્યો. પોતાને જીવનદાન આપનાર એ રજપૂત રમણીઓનાં નામો અમર કરવાની તેણે અકબરને પ્રાર્થના કરી અને તાનસેનની સૂચનાને માન આપીને, અકબરે એવો નિયમ કરાવી દીધો કે, જ્યાંસુધી "તૂમ તાના......ના......!"નો આલાપ ન થાય ત્યાંસુધી કોઇ સંગીતાચાર્ય કંઈ પણ સંગીત ન ગાય.

આજ સુધી એ નિયમનું પાલન થતું જોવામાં આવે છે અને એ આલાપ તૂમ અને તાનાની સંગીત-પ્રવીણતાનું સ્મરણ કરાવી તેમનાં નામો અમર બનાવે છે.

(સને ૧૯૩૬ ના "ગુજરાતી"ના દીપોત્સવી અંકમાંથી)

નોંધ:—પ્રકારાંતરે આવીજ વાત તાના અને રિરિ નામની બે ભગિનીઓના સંબંધમાં કહેવામાં આવે છે. વળી વડનગરના નાગરોમાં એવી દંતકથા પ્રચલિત છે કે, તાનસેનને દીપકરાગથી દેહમાં બળતરા થતાં આ બે નાગરાણીઓએ વડનગરમાં મલાર રાગ ગાઇ તેને ઠંડો કર્યો અને તે પછી અકબરે વડનગર તોડયું. વડનગર તૂટવામાં એ કારણભૂત બની. કેટલાકો તાના અને રિરિને નરસિંહ મહેતાની સમકાલીન સખીઓ માને છે. આદ્યકવિ નરસિંહ મહેતા મેઘમલાર રાગ ગાવા માટે સુવિખ્યાત છે. ચૈત્ર માસમાં કુંવરબાઇને સાસરે ઉના ગામમાં વેવાણે અત્યંત ઉષ્ણોદક માટે શીતળ જળ ન આપ્યું અને મેઘમલાર ગાવાનું કહ્યું ત્યારે ભક્તરાજે મેઘમલાર ગાઈ નાગરોને ગભરાવ્યા હતા, એ કથા જાણીતી છે. "મેહૂલો ગાજે ને માધવ નાચે" આ પદ તેનું જાણીતું છે. એનાં હીંડોળાનાં મનોહર પદો ગુજરાતી ભાષામાં અજોડ છે. —સંપાદક "ગુજરાતી"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૪-ક્રોડ પચાસે કાગબાઈ

(લેખકઃ-શ્રી. "મયૂર")

"ઘોડા! ઘોડા!"

"વાય ઘોડા! વાય ઘોડા!"

તળાજાની ઊભી બજારે બસ એજ વાત થઇ રહી હતી. ચોરે અને ચૌટે બસ ઘોડાનીજ ચર્ચા થઇ રહી હતી. એવા રૂપાળા અણી-શુદ્ધ કાઠિયાવાડી ઘોડા તળાજાને પાદર પડ્યા હતા અને આખું ગામ એ સૌંદર્ય અને શક્તિનો થનગનાટ નજરભરી નિહાળવા પાદરે ઊમટ્યું હતું.

વાજા હરરાજ મુંજરાજને ખબર પડી કે, તળાજાને પાદર અવનવા ઘોડા આવી પડ્યા છે. એવા દેવાંશી રૂપરૂપના અંબાર સમા ઘોડા તો રાજદરબારે શોભે. આખી ઘોડાર દીપી ઊઠે એવા એ જાતવંત ઘોડા હતા.

"કોઈ ખબર તો કાઢી આવો કે ઊભી બજારે જે વાત વેગે ચડી છે તે સાચી છે કે નહિ?" વાજાનો હુકમ છૂટ્યો.

અને એક કહેતાં એકવીસ ઊપડ્યા.

પાદર જાણે ઘોડાની બજાર ભરાણી હતી. ચારે કોર "વાય ઘોડા! વાય ઘોડા!" થઇ રહ્યું હતું. ઘોડાની મૂલવણી થઇ રહી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આની પાંચહજાર કોરી, આની દસહજાર, આ તો બાપા પંદર હજારેય નો પતે." અને લોકો ઘોડાના વખાણ કરતા હતા અને મોંમાં આંગળી નાખતા હતા.

બાબરિયાતના ચારણ બાપદીકરો પોતાના એકએકથી ચડિયાતાં ઘોડા વેચવા મુલક પરમુલક જાવા નીસર્યા હતા અને તળાજાને પાદર વિસામો ખાવા રોકાણા હતા.

ચાકરોએ વાજાને આવી ખબર દીધાઃ "બાપુ! વાત તો સાચી છે. એવા ઘોડા તો આપણી ઘોડારમાંય નથી. જો રાખી લીધાં હોય, તો દેશાવર જોવા મળે એવી ઘોડાર દીપી ઊઠે."

"તો આપણે રાખી લીયોને." વાજાએ કહ્યું.

"પણ કિંમત ઘણી કરે છે. કોકની પાંચહજાર કોરી, કોકની દસહજાર કોરી; કોકની તો વળી પંદરહજારની વાતું કરે છે."

"એ, તો ઠાલી બોલીયું. ઘોડાની તે ક્યાંય એવી કિંમત હોતી હશે? હાલો હું આવું. સાટું સુધારી દઇએ."

"પણ બાપુ! એમ માને એવા નથી. ચારણ છે."

"તે શું થઈ ગયું? એ તો આપણે પાદર આવ્યા એટલે આપણાજ થઈ ચૂકયા."

વાજો હરરાજ પાદરે આવ્યો અને ઘોડા જોઈ હરીજ ગયો. એવા જાતવંત, એવાં રૂપવંતા, એવા જોબનવંતા થનગનતા ઘોડા હતા, એનાથીય બોલાઇ ગયુંઃ "માળા ઘોડા તો ભારી સરસ છે ને શું?"

"આનો માલિક કોણ છે?" એણે પૂછયું.

"ઓલ્યા બાપદીકરો, ઘોડાની વચમાં આંટાફેરા મારે છે તે."

"બોલાવો."

ચાકરોએ બાપુને ઢોલિયો ઢાળી દીધો. વાજો હરરાજ તેના ઉપર લાંબો થયો અને હોકાની નળી મોંમાં લીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાકરોએ સોદાગરને બૂમ દીધી: " એલા ભાઇ સોદાગર! ઓરો આવજે! બાપુ ઘોડા લેવા આવ્યા છે."

ચારણ બાપદીકરો ઓરા આવ્યા અને બાપુ જાણી સલામ ભરી.

"તમારા ઘોડા છે?" બાપુએ પૂછ્યું.

"હા, બાપુ."

"માળા ભારી સરસ ઘોડા છે?" બાપુથી બોલાઇ ગયું.

"બાપુ પંડનો પથારો એના ઉપર કર્યો છે. પેટના પુતર જેમ પાળ્યાં છે."

"તે વેચવાને નીસર્યા છો?"

"ધણીય વેચવાની તો ઇચ્છા ન હતી. પેટના પોતરાનાં મૂલ કેમ આંકી શકાય બાપલા? પણ વરસ મોળું આવ્યું. પંડમાં હતું ત્યાંસુધી તો નિચોવી નિચોવીને ખવરાવ્યું, પરંતુ હવે તો પંડ ઉપર પૂરાં લૂગડાંય રહ્યાં નથી. એટલે હવે એમ થયું કે બચાડા ભૂખે તરફોડા નાખે તે કરતાં કોઈ સકરમીને પનારે પડે તો સુખી તો થાય. એ વિચારે આ પેટના પોતરાની લાજ લૂંટાવવા નીકળ્યા છીએ. માગ્યાં મૂલ મળે અને સુખમાં પડતાં હોય તો વિચાર ખરો." ચારણે કહ્યું. તેની આંખ ભીની થઇ.

"તો પછી બાપુની સાથેજ સાટું સુધારી લો ને. આવા ઘોડા તો રાજદરબારે શોભે. રાજદરબારથી વધારે સુખ વળી બીજે ક્યાં મળશે?" એક ચાકર વચ્ચે બોલી ઊઠ્યા.

"બહુ ડાયલો તો." બાપુએ ચાકરને ડાર્યો.

"અમારે તો રાજા કે રંક બધાય સરખા. જે મૂલ કરી જાણે તે મૂલવે. અને જેનામાં ઇ તેવડ હશે તેને એની ચાકરી કરતાં જરૂર આવડશે."

"તો પાડો નામ." બાપુએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બાપુ બોલે."

"ના, તમારો માલ તે તમેજ બોલો."

"બાપુને કીયો ઘોડો જોઇએ?"

"બધાય."

"બધાય?"

"હા બધાય. તમારેય તરખડ મટે."

"ભલે એથી રૂડું શું?" ચારણે કહ્યું. તેણે એક પછી એક બધાં જાનવર ઉપર નજર ફેરવી લીધી, કાંઇક ગણતરી કરી અને કહ્યું: "બાપુને બધાંજ જોઇએ છીએ ત્યારે કાંઇ એકએકની કિંમત થોડી કહેવાશે? પચાસ હજાર કોરી આલજો."

"પચાસ હજાર કોરી? મારૂં સાબદું રાજ્યજ માગી લેવું'તું ને?" વાજાએ ચારણ સામું કરડી આંખે જોયું.

"તો પછી બાપુ કરે તેમ!"

"આ તો થોડાંક વખાણ કર્યાં ત્યાં તો શુંનું શું માની બેઠા? કાંક સમી રીતે તો બોલો. જાનવરની તે આવડી કિંમત થતી હશે?"

"બાપુ! નામ પાડીપાડીને એકએકની કિંમત કરવા બેસીએ તો હિસાબ કરવા વાણિયાને બોલાવવો પડે. આ તો એમ કે બધાનો એક સાથે ઘરાક મળી જાય છે. અમારેય મુલક પર મુલક ભટકવું નહિ અને રાજદરબારમાં જાનવર પણ સુખી થાય; એટલે વાજબીજ કિંમત કરી છે."

"પણ કાંઈ આટલા મૂઠી જાનવરમાં પચાસ હજાર કોરી સામે?" બાપુએ કહ્યું.

"ઈ તો જાતવંત જાનવર હોય તો એની કિંમતજ નો થઇ શકે."

"બાપુ! એમ સાટું નહિ સુધરે, વચમાં કોક હોય તો અડ ભાંગે. અલીશાહને બોલાવશું?" એક ચાકરે બીતાં બીતાં કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, માળો વાણિયો ડાહ્યો છે. ઈ ઠીક છે, બોલાવો એને." બાપુની દાઢ ઘોડા જોઇને ખરેખર ગળી હતી.

અલીશાહ આવ્યો. મેલાંઘેલાં લૂગડાં પહેરેલાં અને કાને કલમ ખોસેલી. જેવો ઉપરનો મેલો, તેવોજ મનનો મેલો. ચાકરે વાત કરી રાખેલી એટલે આવતાં વેંતજ ચારણને કહેવા લાગ્યો: "તમેય શું મારા ભાઇ. બાપુને ઘોડા જોઇએ છીએ, પછી કિંમત હોય? શું સમજ્યા?"

"તો પછી એમ ને એમ રાખી લીયો."

"ઈ નો બને. બાપુને એવું હરામનું નો જુવે. કેમ બાપુ? હા, બીજે ક્યાંક ગયા હોત તો ઘોડાય આંચકી લેત અને બે તમાચાય મારત, પણ અમારા બાપુનું એવું નહિ, શું સમજ્યા?"

"તો શેઠ, અમેય જાતના ચારણ છીએ ઈ જાણો છો ને?"

"અરે! અરે! અરે! ઈ વાત કોણ બોલે છે? અમે તો વાણિયાભાઇ. બાધવાનું કે ત્રાગા કરવાનું અમારૂં કામ નહિ. આ તો વેપારની વાત છે. જો વેચવાજ હોય તો નામ પાડું."

"પાડોને, ઈ માટે તો નીસર્યા છીએ."

"જુવો બાપુ! મીઠું મૂકીને વાત છે!" વાણિયાંએ વાજા સામે આંખ મચકોડી.

"બહુ થાશે હો શેઠ!"

"અરે હવે બહુ ને બહુ. જ્યારે લેવાજ છે ત્યારે પાંચપચીસ આઘાપાછા. જુઓ ગઢવી! તમારૂંય ગયું ને અમારૂંય ગયું. પૂરી પાંચ હજાર કોરી ગણી લીયો અને ઘોડા બાપુની ઘોડારમાં બાંધી દીયો." વાણિયે નામ પાડ્યું.

"પાંચહજાર કોરી?" બાપુથી બોલાઇ ગયું.

"પાંચહજાર કોરી?" ચારણ મોં ફાડી રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શેઠ! પાંચહજારમાં તો આમાંથી એકેય નહિ આવે."

"ત્યારે આની ફૂટી બદામ પણ કોણ આપવાનું હતું? આ તે કાંઇ ઘોડાં છે? લાંબા લાંબા કાન જાણે રોગાં ખચ્ચર અને ત્રણ પગાળાં, ચોથો પગ માંડવાનીય તેવડ ક્યાં છે? હાલો બાપુ! એમાં કાંઇ નથી. મફતમાંય કોણ રાખવાનું હતું? આ તો એમ કે ગમેતેમ તોય ગઢવી તો છો?" વાણિયો ખેસ ખંખેરવા લાગી ગયો.

એણે હાથ પકડી બાપુને એક તરફ લીધા: "બાપુ! સોદો આમ તો સુધરે એમ લાગતું નથી. ખરેખરા જાતવંત ઘોડા છે. કાંઇ નહિ, કાંઇ નહિ તો...પણ એ તો થઇ હિસાબની વાત. એનો તો ગોટો વાળી દેત; પણ જાતના ચારણ છે, ભારે તંતીલા."

"તો પછી એમ ને એમ ઘોડારમાં હાંસી દઇએ."

"ઇ કાંઇ વાજા માટે રૂડું કહેવાય? અને વળી ચારણનો માલ. ત્રાગુંબાગું કરે તો માથે આળ બેસે. એ કરતાં પાંચહજાર કોરી વધારે આપીએ......"

"હજી બીજી પાંચહજાર! આ પાંચહજારે કોને આપવી છે?"

"એમાં તો હવે કાંઇ હાલે તેમ નથી; પણ આ વધારાની તો વદાડની વાત. શિયાળાનો વદાડ કરવો, પછી દીના ક્યાં દુકાળ છે?"

"તો ભલે, બાકી......"

"બેફિકર રહો. વાણિયાની માએ કાંઇ વાણિયો અમથો જણ્યો હશે?"

ચારણ બાપદીકરો તો ઘોડા તરફ વળી ગયા હતા અને મુકામ ઉપાડવાની વેતરણમાં પડ્યા હતા. અલીશાહ તેમની પાસે ગયો: "બોલો ગઢવી! ઘોડા વેચવા છે કે નહિ?"

"વેચવા તો છે."

"તો પછી વેપારીની રીતે બોલોને. આ કાંઇ તમારી વેપાર કરવાની રીત છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ શેઠ! કાંક પોસાણ તો થવું જોઇએને? પંડનો પથારો બધો એના ઉપર કર્યો છે. વરસોનાં વરસો સુધી રળીરળીને બધું એમના પંડમાંજ ભર્યું છે. એનો તો વિચાર કરવો જોઇએને! તમારેય વેપાર છે. તમેજ કહોને કાંઇ ખોટનો વેપાર કોઇ કરે ખરો?"

"અમારા વેપારનું તો બધું એવુંજ, સમજ્યાને? સોળના બસોળ અને બસોળના સાઠ, એવી અમારી વાણિયા-વિદ્યા, સમજ્યાને? વખત તેવો વરતાવ, સમજ્યાને? પણ મારા ભાઇ, હવે મમત કરવામાં માલ નથી; એટલામાં માની જાવ, સમજ્યાને?"

"પણ..."

"તમે ભાઇ એમ નહિ માનો. હવે સાચી વાત કહી નાખું? આ દરબારનો વિચાર તો બધા ઘોડા એમ ને એમ ઘોડારમાં ઠાંસી દેવાનો છે સમજ્યા ને?"

"તો પછી અમેય ચારણ છીએ, શેઠ!"

"હા, હા, ત્રાગું કરશો, કાં? પણ એમાં તો ઘોડાય ખોશો અને જીવના જાશો. એ કરતાં હું કહું એમ કરો. અમે તો વાણિયાભાઇ, સમજ્યા? વાણિયા વિના તો રાવણનું રાજ્ય ગયું, સમજ્યા ને? ચાલો તમારુંય ગયું અને અમારુંય ગયું. પાંચહજાર કોરી રોકડી અને પાંચહજાર શિયાળાના વદાડે..."

"પણ શેઠ..."

"વળી ઇ વખતે દરબારને કહેશું કે કાંક જાણશે."

"અરે પણ આ જાનવર..."

"હવે બોલે એને સમ છે." વાણિયો બાપુ તરફ ફર્યો. "બાપુ સોદો નક્કી થઇ ગયો. પાંચહજાર કોરી રોકડી અને પાંચહજાર શિયાળાના વદાડે."

"એટલી બધી..." બાપુએ ખોંખારો ખાધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હવે બોલ્લે એને સમ છે."

"પણ શિયાળે નો પતે તો?" ચારણ આખરે ગળ્યો.

"હા, નો પતે તો એનો જમાન હું.'' અને અલીશાહ ખેસ ખંખેરી પાછો ઊભો થઇ ગયો.

વાજાના ચાકરો તરતજ ઘોડાને ઘોડારમાં દોરી ગયા. ચારણ બાપદીકરાની આંખમાં આંસુ ડબકી રહ્યાં. એમના પ્રાણ જાણે કોક હરી જતું હતું. કોરીઓ ગણતાં ગણતાં કોરી દીઠ જાણે મોંઘામૂલનાં આંસુડાં તેઓ વટાવી રહ્યા હતા.

(૨)

પછી તો ઉનાળો વીત્યો અને ચોમાસું શરૂ થયું. લોકોએ ઉછરંગે ખેતર વાવ્યાં. આશામાં ને આશામાં મોલ ઉછેર્યા, નદીઓ ગાંડીતૂર બની ઉફાળે ચડી અને ડુંગરાએ હરિયાળા વાઘા પહેર્યા. એમ રંગેચંગે ચોમાસું પૂરૂં થયું અને શિયાળો બેઠો. ખેડૂતોએ ખળાં ટોર્યાં અને રૂપાળી ગાર કરી આભલા જેવાં બનાવ્યાં. ચોકડે ચોકડે ડૂંડાં સાર્યાં અને પગર નાખી મલણાં જોડ્યાં.

ચારણ બાપદીકરાએ તળાજાના આંટાફેરા શરૂ કર્યા. "આજ આવજો ને કાલ આવજો, બે દિવસ પછી આવજો અને હમણાં જોગ નથી, આ ખળાં તૈયાર થઇ રહેવા દો,'' વગેરે બહાનાં બતાવી મુદત ઉપર મુદત પડવા લાગી.

ખેડૂતોનાં ખળાં તૈયાર થયાં અને બાજરાના ઢગલા થયા. દરબારનો વજે ભાગ જુદો પાડી લોકો પોતપોતાની કમાણી ગાડામોઢે ઘરે સારવા લાગ્યા. વાણિયાનાં નામાં સમજાણાં, વસવાયાનાં માપ ભરી આપ્યાં અને કારીદુકાળ માટે લોકોએ કોઠીઓ ભરી છાંદી દીધી; તોય ચારણના આંટા પૂરા થયા નહિ. વદાડ ઉપર વદાડ કર્યે જાય, મુદત ઉપર મુદત પડયે જાય અને એમ ચારણ બાપદીકરાનાય ટાંટિયા હવે તો ભાંગવા માંડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલીશાહનું જમાનગતું હતું એટલે હવે તો થાકીને ચારણે વાણિયાને પકડ્યો. "હા, આજ જઇએ ને કાલ જઇએ. દરબાર પાસેની ઉઘરાણી ક્યાં ખોટી છે? જઇએ એટલીજ વાર. તેજૂરીમાં-થી ગણી આપે એટલીજ વાર." વાણિયોય એમ વદાડે ચડ્યો.

"પણ શેઠ! હવે અમારો કાંઇ વાંકગનો? ખળાંય તૈયાર થયાં અને દરબારનો વજેય ભરાઇ ગયો. અમે કાંઈ દાત્યના થોડાજ માગી-એ છીએ? પેટના પોતરા જેવા ઘોડા આપ્યા છે."

"હા, હા, તે તમારી કોરીઓ કાંઈ ખોટી છે? સાવ સોના-મહોર જેવી. દરબારની તેજૂરીમાં છે તે તમારા પટારામાંજ છે એમ માની લ્યો." વાણિયે આંખ પટપટાવી.

"પણ એમાં કાંઇ છોકરાં ઘૂઘરે રમ્યાં? ઘરે તાવડી પોરો લઇ જાય તેવું છે. શેઠ! જમાન થયા છો, ઉઘરાણી પતાવી આપો. હવે આંટાફેરા થઇ શકે તેમ નથી." ચારણ આકળો થઇ ગયો.

"હમણાં અઠવાડિયું–પંદર દિવસ જાળવી જાઓ. મારેય ઉઘ-રાણીપાઘરાણીનું કામ છે. મોસમમાં નોં પતે તો પછી થઇ રહ્યું, અને દરબારનોય વજે હજુ વેચાણો નથી. પછી તમારી ઉઘરાણી પતાવી દઇએ." એમ વાણિયે વળી પાછો પંદર દિવસનો વદાડ નાખ્યો.

"ઠીક, અઠવાડિયું–પંદર દિવસ પછી. પણ હવેને આંટે જો નહિ પતે તો પછી જોયા જેવી થશે, સમજ્યાને શેઠ? જમાનગતું છે એ ધ્યાનમાં રાખજો."

"હા, હા, જમાનગતું–વાણિયાનું જમાનગતું. તમે તમારે બે-ફિકર રહો." અને વાણિયો હસ્યો.

અને ખરેખર એ વાણિયાનું જમાનગતું હતું. વાણિયાભાઇ વાતું કરે, સાચાખોટા આંટા ખાય અને પછી "હીહીહી" દાંત કાઢી ઊભા રહે, એટલે તેનું જમાનગતું પૂરૂં થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરા પંદર દિવસ વીત્યા એટલે વળી પાછા ચારણ બાપદીકરો વાણિયાની દુકાને આવી ઊભા રહ્યા: "ચાલો શેઠ."

"હેંહેંહેં! આવ્યા ગઢવી!" બહુ હાવકું મોઢું રાખીને અલીશાહે ગઢવી સામું જોયું.

"ચાલો ઉતાવળ કરો, શેઠ! આજ હવે ખોટી થવાય તેમ નથી." ગઢવીએ ચડ્યે ઘોડેજ વાત કરી.

"અરે પણ ઊતરો તો ખરા, જરીક વિસામો તો ખાવ. જવાય છે, શી ઉતાવળ છે? એલા છોકરા, ટાઢું પાણી લાવ." શેઠે નિયમ પ્રમાણે છોકરાને બૂમ પાડી. છોકરો ત્યાં હતો કે કેમ તે જોવાની તેને જરૂર ન હતી.

"શેઠ! એ બધી વાત જવા દો. આજ તો કોરી ફાંટે બાંધ્યા પહેલાં પાણી પણ પિવાય તેમ નથી. ચાલો."

"અરે કોરી કોરી શું કરો છો? કોરી કડાકાબંધ તેજૂરીમાં પડી છે. જઇએ તેટલીજ વાર. દરબાર છે કે કંઈ વાતું?"

"તો પછી વાર કરો મા, ઊઠો."

"બહુ ઉતાવળ છે, એમ? હાલો ત્યારે." તે ઊભો થયો. વળી પાછો બેસી ગયો અને નિરાંતે પલાંઠી વાળી ઇસકોતરામાંથી જાણે કાંક ગોતવા લાગ્યો.

"શેઠ! ઊઠો છો કે નહિ?" ચારણનો દીકરો ઉતાવળો થઈ ગયો. તેણે ઘોડી દુકાન નજીક લીધી.

"છોકરા, અથર્યો થા મા."

"શેઠ, ઊભા થાઓ. તડકો થાય છે."

વાણિયાને લાગ્યું કે, હવે બહાનું ચાલે તેમ નથી. મામલો ખરેખર ગંભીર બની ગયો છે. પહેલાં તો એને થયું કે, અહીંથીજ રોકડું પરખાવી દઉં કે કોરી કેવી ને વાત કેવી? દરબાર એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોકડોય પરખાવવાના નથી. વળી એને થયું કે, એમ ઉતાવળા સો બાવરા. ભલેને ગઢ સુધી આંટો ખાય. બપોર સુધી બહાર તપશે. સાંજને પહોર સંભળાવશું કે, ભાઇ! દરબાર તો ના પાડે છે. પછી હું છું ને ઇ છે. તે દુકાનનાં પગથિયાં ઊતર્યો: "હાલો બાપા! કાંઇ ના કહેવાશે? જમાનગતું છે ને? સો કામ પડતાં મૂકી આ કામ પહેલું. છોકરા! થડો સાચવજે." કોણ જાણે એનો છોકરો ક્યાં હતો તેની એને એકનેજ ખબર હતી.

દરબારગઢ પાસે પહોંચીને અલીશાહે ચારણને કીધું: "ગઢવી! અહીં વાટ જોજો. હું તમારી પતાવટ કરી આવું."

"ભલે શેઠ! પણ જોજો બહુ વખત ન થાય હો."

"અરે અબઘડી." તેણે ચપટી વગાડી.

અને વાણિયો ગઢના દરવાજા પાછળ સંતાઇ ગયો.

દિવસ ચડતો ગયો. બપોર થયા. ચારણ બાપદીકરો ઘોડાનાં ચોકડાં હાથમાં રાખી અલીશાહની રાહ જોઇ રહ્યા છે. રસ્તે જતા-આવતા લોકો તેમની સામું તાકી રહે છે. કોઇનામાં તેમને સાચા શબ્દો કહેવાની તાકાત–તેવડ નથી. આખા ગામમાં મૂંગી મૂંગી પણ આ એકજ વાત ચર્ચાઇ રહી છે. વાજાએ ચારણના ઘોડા ખરીદ્યા અને અલીશાહે જમાનગતું આપ્યું ત્યારથીજ લોકોને ખાતરી હતી કે, ચારણની ઉઘરાણી પતી રહી; અને વદાડ પ્રમાણે બાપદીકરાએ આંટા ખાવા શરૂ કર્યા, ત્યારે બધાને એ વાતની પ્રતીતિ થઇ. પરંતુ આવી વાત કરી ધણી સાથે વેર કોણ બાંધે? લોકોને એ બાપ-દીકરાની દયા આવતી, પરંતુ એ દયા દરેકનાં અંતરમાંજ સમાઇ રહેતી અને બાપદીકરો જેમના તેમ ભૂખ્યા અને તરસ્યા હાથમાં ઘોડાનાં ચોકડાં રાખી તડકે રોકાયા હતા.

છેક નમતે પહોરે વાણિયાએ ગઢની બારીમાંથી ડોકું કાઢ્યું, "ગઢવી, શા સારૂ ખુવાર થાઓ છો? અહીં કોઇ કોરીબોરી પર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાવે તેવું નથી. નકામા ભૂખ્યે મારો મા અને કામધંધે લાગી જાઓ." અલીશાહનું મોઢું પાછું અંદર પેસી ગયું.

"વાજો કોરી નહિ આપે? અમારી વદાડની? અમારા પેટના પોતરા વટાવી મેળવેલી......?"

"વદાડ કેવો ને વાત કેવી? સાવ ચોખ્ખી ના કહે છે."

"અને શેઠ તારૂં જમાનગતું?"

"હું શું કરૂં ગઢવી? મેં તો બહુ કીધું. અટાણ સુધી ભૂખ્યા-તરસ્યા વષ્ટિ કરી, પણ કાંઇ કારી ફાવી નહિ."

"અને તારૂં જમાનગતું...?" ગઢવીનો શ્વાસ રૂંધાઇ રહ્યો હતો, તેનાથી બોલી શકાયું નહિ.

"જમાનગતું સાચું, પણ અમે વાણિયાભાઇ બીજું શું કરીએ? વાત કરીએ, વષ્ટિ કરીએ, તમે કહો તો હાટડી બંધ કરી હડતાલ પાડીએ. અમારાથી કાંઇ ત્રાગું કરાશે?"

"ત્રાગું?–ના તારાથી ત્રાગું નહિ થાય, શેઠ! તારૂં એ કામ નહિ, ત્રાગું અમે કરશું. ચારણના ઘોડા વાજાને વાયડા પડી જશે. હજુય કહે શેઠ! હજુય તારા દરબારને સમજાવ. રાત આડી છે, ત્યાસુધીમાં માની જા. ચારણનો માલ આમ નો ઓળવાય. હજુય વખત છે. સવારે પછી વાત હાથમાં નહિ રહે."

"તે ગઢવી, ત્રાગું કરશો?" અલીશાહે જરા બહાર આવીને પૂછ્યું.

"ત્રાગું કરીશ, લોહી છાંટીશ. મા ખોડિયાર જે મત સુઝા-ડશે તે કરીશ. જા, હજુય રાત આડી છે. તારા રાજાને સમજાવ! જા શેઠ..." ચારણની આંખમાંથી અંગારા વરસી રહ્યા હતા.

"પણ નહિ માને તો મારા જમાનગતાનું શું?" વાણિયો ચારણનું રૂપ જોઈ ધ્રૂજવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“જા શેઠ! તું છૂટો. અમે અમારો હિસાબ સમજી લેશું. મા ખોડિયાર!” અને ચારણ બાપદીકરો તે ટાણે તો ત્યાંથી ચાલી નીકળ્યા.

(૩)

આઠ આઠ દિવસથી ચારણ ગામતરે ગયો છે, આઠ આઠ દિવસથી નાગલબાઇ વાટ જુએ છે, પરંતુ બાપદીકરાના ક્યાંય વાવડ નથી. નાગલબાઈ રોજ સવારે ઊગતા સૂરજ સામી હાથ જોડી અરજ કરે છે: “હે સૂરજદાદા! મારા ધણી અને દીકરાને સાજા-નરવા ઘેર પહોંચાડજો.” મા ખોડિયારના ફળા સામે ઘૂંટણિયે પડી વિનવણી કરે છે: “મા ખોડિયાર! મારી લાજ તારે હાથ છે.” ઊગતા સૂરજ થાય ત્યારથી તે રુંઝુહુંઝુ વેળા સુધી રસ્તા ઉપર મીટ માંડી બેસી રહે છે. ક્યાંય બાપદીકરાના વાવડ નથી. રાત આખીના ઉજાગરા થાય છે, પણ સ્વપ્નામાંય સગાના સમાચાર સાંપડતા નથી. બાબરિયાતને નેસડે એમ નાગલબાઇ કાગને ડોળે ચારણની વાટ જુએ છે, પણ ચારણ ક્યાંયથી છતો થતો નથી.

નવમા દિવસની સવારે છાશ વલોવતી વલોવતી નાગલબાઇ ઊભી રહી ગઇ. ગોળીમાં એક વાર જોયું, બે વાર જોયું, વારે વારે જોયું. પોતાનાં અંગેઅંગ તપાસી જોયાં, ક્યાંય ઉઝરડો સરખોય થયો નથી. ઊંચે મોભારે જોયું, ત્યાંય કાંઇ નથી; ત્યારે ગોળીમાં લોહીના ત્રસકા ક્યાંથી? નાગલબાઇએ નેતરું મૂકી દીધું, ઓશરીમાં દોટ દીધી. ઊગતા સૂરજ સામે મીટ માંડી રહી. સૂરજને મોઢેય જાણે કોઇએ લોહીના ત્રસકા છાંટ્યા હતા. મા ખોડિયારના થાનક પાસે પહોંચી. થાનકનેય જાણે કોઇએ લોહીના થાપા દીધા હતા. આમ જોયું, તેમ જોયું, ચારે તરફ જોયું; ચારે તરફ જાણે લોહીનાં ધાબાં તરવરતાં હતાં.

ચારણિયાણી બોલી ઊઠી: “મા ખોડિયાર! મા ખોડિયાર!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતાવરણ આખુંય સૂમસામ પડ્યું હતું, જગતને આંગણે સવારની સુરખી ન હતી. ચારણિયાણીને આંગણે પ્રભાતની સ્ફૂર્તિ ન હતી, બધેજ લોહીનાં ધાબેધાબાં નજર સામે ફરી વળતાં હતાં.

ગાંડાની જેમ ચારણિયાણીએ દોટ દીધી. તેને દોડતી જોઇ નેસડાના ચારણ તેને વીંટી વળ્યા: "આઈ, શું થયું ?"

"લોહીના ત્રસકા દેખાણા બાપ! ગોરસમાં લોહીના ત્રસકા. મા ખોડિયાર!"

"શું થયું છે આઇ? અટાણમાં આ અપશુકન ક્યાંથી વાવર્યા?"

"ત્રાગું, બાપ! ચારણનાં કરમે એ વણ બીજું શું હોય?"

"ત્રાગું! મા ખોડિયાર!" બધા બોલી ઊઠ્યા.

"મને તો ખબરજ હતી. જે દીના તળાજે ઘોડાં દીધાં, ત્યારની ખબર હતી કે, ચારણ ત્રાગું કરશે. ગામતરે ગયા ત્યારેય અપશુકન થયા હતા. મા ખોડિયાર! મા ખોડિયાર!" તે દોડયે જતી હતી.

"પણ તમે ક્યાં જશો આઇ?"

"તળાજે. સગાની ભાળ તો લેવી જોશે ને?"

"પણ આમ એકલાં?"

"બીજાનું ત્યાં કામ નહિ. તમે નેસડું સાચવો. નેસડું રેઢું કેમ મુકાય?"

"પણ આઈ! એકાદને તો સાથે લો."

"ના, મારે કોઇનું કામ નથી." તે ફરીથી દોડવા લાગી. બધાં સમસમીને ઊભાં રહી ગયાં.

નાગલબાઇ એકાએક ઊભી રહી ગઇ અને પાછી ફરી. "દીકરાઉં, હું તળાજે જાઉં છું અને ચારણે ત્રાગું કર્યું, ઇ કાંઈ વાત બોન કાગબાઇને કાને નો જાય હો. બોન કાગબાઇ ગામતરેથી આજકાલજ આવશે. એને જો ખબર પડશે તો ભૂંડી થશે. આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરમે તો જે થવાનું હતું તે થઇ ગયું. કાગબાઇને ખબર પડશે તો બીજાનાય કરમનો સાથે ભૂંસડિયો વળી જશે. કાગબાઇનો પરચો તમે જાણો છો? જાઓ, એટલી ચોકસાઈ રાખજો." અને નાગલબાઇએ તળાજાનો રસ્તો લીધો.

તળાજાની ઊભી બજારે નાગલબાઇ કળેળે છે. કોઇનામાં તેને ઊભી રાખવાની, ધીરજ આપવાની તાકાત નથી. સહુનાં હૈયાં શિયાવિયા થઇ ગયાં છે.

નાગલબાઇએ દરબારગઢને દરવાજે આવી એ કારમું દૃશ્ય જોયું, બાપદીકરાની લોથ ઢળી પડી હતી, અને લોહીનાં ખાબોચિયાં ભર્યાં હતાં. ગઢનાં બારણાં બંધ હતાં અને દરવાનેય ત્યાં દેખાતો ન હતો.

"વાજા! વાજા!" બાઇએ સમળીની જેમ ચીસ દીધી.

સૂમસામ વાતાવરણનાં હૈયાં ચીરતી એ ચીસ તળાજાની સૂની શેરીઓમાં કંપી રહી. કાનમાં પૂમડાં ભરાવી દરબારગઢના ઊંડા ઊંડા ઓરડામાં સંતાઇ રહેલા વાજાના કાનના પડદા જાણે એ ચીસથી ફાટી ગયા. દરબારગઢના તોતિંગ બારણાંની ભોગળો જાણે તૂટવા લાગી.

બાઇએ ફરીથી ચીસ પાડી: "વાજા! વાજા!"

ગઢને કાંગરે બેઠેલો એક કાગડો એ ચીસ સાંભળી "કા, કા" કરી ઊડ્યો. ગઢનાં બારણાં પવનના ઝપાટે ઘડીભર ભડભડી પાછાં શાંત બની રહ્યાં. કોઇજ જવાબ આપે તેમ ન હતું.

બાઇએ ઊંચુ જોયું. તેની આંખમાં વિકાર ન હતો, તેના શરીરમાં કંપ ન હતો. નિશ્ચલ પ્રતિમા સમી તે ઊભી રહી. તેની સ્થિર આંખો વાજાના ગઢ અને તે ઉપરના ગોખ ઉપર ચોંટી. ક્યાંય કોઇજ ન હતું. એક કાળો કાગડો ગઢને કાંગરે બેઠો બેઠો "કા, કા" કરી રહ્યો હતો. તેય ચારણિયાણીની દૃષ્ટિ પડતાં પાંખો ફફડાવી ઊડી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બસ, આથમી ગયું? ઘડીકવારમાંજ? વાજા! તારૂં રાજ્ય અને તારો વંશવેલો, તારી સાજ–સાણ્ણમી અને તારા નોકર--ચાકર ઘડીકમાંજ અલોપ થઈ ગયા! એક ચારણના કળેળાટેજ! કેવળ કાગડોજ રહ્યો! કાળો કાગડો! કારમી કળેળાટી કરતો! ખમ્મા! મા ખોડિયાર!" અને ફરીથી એવીજ એક દૃષ્ટિ એ ગઢ ઉપર ફેરવી તે ત્યાંથી ચાલી નીકળી.

ઊભી બજારે સહુને મોઢે જાણે મેશ ઢળી હતી. કોઇનામાં જાણે જીવ ન હતો.

તે અલીશાહની હાટડીએ આવી. જોગમાયા સરખી ચારણિયા-ણીને આવતી ભાળીને અલીશાહના તો ઘરણુજ મરી ગયા. તેણે ભડાભડ હાટડી બંધ કરવા માંડી.

ચારણિયાણીએ રીડ દીધીઃ "વાણિયા, હાટડી સંકેલ્ય માં, સંકેલો સારો નહિ."

"મ...મ...મ......મારો કાંઇ વાંક નથી..." વાણિયાને દેવી આવી અને તે આખે અંગે ધ્રૂજવા લાગ્યો.

"વાણિયા, બી મા. તને નહિ ભરખું, તારો કાંઇ વાંક નથી. તું તો જમાન......"

"પણ આઈ! હું શું કરૂં? મેં તો ઘણુંય કહ્યું, પણ મારૂં માને ત્યારે ને? અને મારા ગરીબના ઘરમાં પાંચ હજાર કોરી ક્યાંથી હોય? એક ફૂટી બદામ પણ નથી."

"તારા ઘરમાં ક્યાંથી હોય? એક ફૂટી બદામ પણ નહિ હોય. વાણિયા, પેટીપટારા વીંખી જો, ખૂણેખાંચરે ફરી વળ. તારા ઘરમાં એક ફૂટી બદામ પણ નહિ નીકળે. બધું જમાનગતામાં ગયું..."

"આઇ! ખમૈયા કરો, હું ગરીબ વાણિયો માર્યો જઇશ."

"તું નહિ માર્યો જા, વાણિયા. તું તો જમાન છો. ચારણ ત્રાગું કરે, કાંઇ વાણિયાથી ત્રાગું થાય? વાણિયો તો વાતું કરે, વષ્ટિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે અને જમાનગતું પૂરું થાય." આઇની આંખમાંથી લોહી વરસી રહ્યું હતું. તેના તેજમાં વાણિયો બળી રહ્યો હતો.

"આઈ! ખમૈયા કરો! ખમૈયા કરો!" વાણિયો નાગલબાઇના પગમાં ઢળી પડ્યો.

"જા વાણિયા! તને મરતાને મર શું કહેવું? પણ હવે જો જીવ બચાવવો હોય તો મંડ ભાગવા. ભાગ્યો જા. ભાગ્યો જા, જ્યાંસુધી ટાંટિયા ખેંચી જાય, ત્યાંસુધી મંડ ભાગવા......"

"આઇ! ખમૈયા! ખમૈયા!"

"જા, ઊભો રહે મા. નહિતર હમણાં ઢગલો થઇ જઇશ. ભાગવા માંડ. પાછું વાળીનેય જોઈશ મા."

વાણિયો ભાગ્યો. કાછડીનો છેડો ખોસતો, પડતોઆખડતો પંડ સલામત રાખવા વાણિયો દેવલીને રસ્તે ભાગ્યો.

આઇ પોતાના ધણી અને દીકરાની લોથો પડી હતી તે તરફ વળી.

(૪)

તળાજે તલમેર તણી સાતે ગાઉ હતી શિખર;
પેડો પતાજે! કોપ તારો કાગબાઈ.

નાગલબાઈ તળાજાને પંથે પડી અને પાછળથી કાગબાઈ ગામતરેથી ઘેર આવી. તેણે બગોયો ઓસરીમાં પડતો મૂક્યો અને ગાંડીની જેમ બોલી: "બોન નાગલબાઈ! શું થયું છે! મને રસ્તામાંજ જાણે થયું કે, કાંક બન્યું છે એટલે હું એકદમ પાછી આવી."

પરંતુ તેનો જવાબ દેવા નાગલબાઇ ત્યાં હતી નહિ. તે તો તળાજાને રસ્તે દોડી રહી હતી.

નેસડાના ચારણ કાગબાઇને આવી જાણી તેની પાસે આવ્યા. કાગબાઇએ ઘર જોયું, વાડો જોયો, ઢોરનાં એકઢાળિયાં જોયાં, પરંતુ નાગલબાઇ ત્યાં ન હતી. "બોન! ક્યાં ગઈ, ભા?" તેણે ભેગા થયેલા ચારણો તરફ જોયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હમણાં આંહીં હતાં ને!"

"ને પછી ક્યાં ગયા?"

"હશે ક્યાંક આઘાંપાછાં."

"બનેવીના કાંઇ ખબર આવ્યા છે?"

"ના કાંઇ જાણ્યા નથી."

"ત્યારે તો......"

"આઈ હમણાંજ આવશે, જ્યાં હશે ત્યાંથી."

"પણ બેન ગઇ ક્યાં? આજ મને જાણે જીવને સુખ નથી. કાલ રાતના જાણે સ્વપ્નું આવ્યું કે, બનેવીએ ત્રાગું કર્યું ને બેન ગાંડા જેવી તળાજાને રસ્તે દોડી રહી છે......"

"એવું કાંઈ નથી, મા." એક ચારણે કહ્યું.

"અને જાણે કે બેન તળાજાની બજારે કરાંસી રહી છે અને..." તે સફાળી દોડવા લાગી.

"આઈ કાગબાઇ! ક્યાં જાઓ છો? નાગલ આઇ હમણાં આવશે."

"હા હમણાં આવશે. તમે બધા અહીંજ રહેજો. આપણે હજુ ઘણું કામ છે. હું તળાજે આંટો દઈ આવું."

"તળાજે આઇ શું કામ છે? હજુ તો ગામતરેથી ચાલ્યાં આવો છો." ચારણોને ધ્રાસકો પડ્યો.

"તમને ખબર નથી બાપુ, તળાજે બનેવીએ ત્રાગું કર્યું છે."

"કોણે કહ્યું? ખોટી વાત. અમે તો કાંઈ સાંભળ્યું નથી."

"પણ મને ખબર છે ને!" અને કાગબાઇએ દોટ દીધી.

"આઇ! ઊભાં રહો! ઊભાં રહો!" એમ કરગરતા ચારણો પાછળ દોડ્યા, પરંતુ કાગબાઇને આંબવાની તેમની શક્તિ ન હતી. એ તો દેવાંશી હતી. એને જાણે પાંખો આવી હતી.

અને કાગબાઇએ તળાજાને ડુંગરે બેસી બધું જોયું. બાપ-દીકરાની લોથ નિહાળી. ઊભી બજારે કરાંસતી નાગલબાઇને જોઇ, સૂમસામ પડેલો વાજાનો દરબારગઢ જોયો, સૂની બજારો જોઇ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસોનાં મેશ ઢળેલાં મોઢાં જોયાં અને કળેળતા કાગડાયે જોયા.

તેણે બધું જોઇ લીધું અને બધું જાણી લીધું. તે બોલી ઊઠી, તેનાથી બોલાઇ ગયું: "અરે આગ લાગે રે તારે ડુંગરે અને તારે દરબાર ગઢે, વાજા! તેં આ કાળો કામો કર્યો?"

અને એ વેણ વછૂટતાં તો જાણે અગ્નિના મુખમાંથી સહસ્ર શગ્યુ નીકળતી હોય, તેમ તળાજાનો તલમેર ડુંગરો ચારેકોરથી સળગવા લાગ્યો. એના સાત સાત ગાઉના લાંબા શિખર ઉપર અગ્નિના ભડકા આભને દઝાડતા ઊડવા લાગ્યા. લીલી નાઘેર જેવાં ઝાડપાન, પશુપક્ષીઓ એ અગ્નિમાં ખાખ થવા લાગ્યાં. ચારે તરફથી ચીસ ઊઠી: "એ ડુંગરે દવ લાગ્યો."

કાગબાઇ હજુય જાણે કાંઇક શોધતી હતી; એની નજર ચારે તરફ ચકરવકર ફરી રહી હતી. "પણ ઓલ્યો વાણિયો જમાન થયો હતો તે ક્યાં ગયો?"

વાણિયો તો તે વખતે મૂઠીઓ વાળી દેવલીને રસ્તે દોડી રહ્યો હતો.

"વાણિયો ક્યાં? વાણિયો ક્યાં?" કાગબાઈ ફરી બોલી.

અને વાણિયાની વાંસે જાણે અગ્નિના ભડકા ઊડવા લાગ્યા, તોય વાણિયો તો જાય ભાગ્યો. "એ બળ્યો! એ બળ્યો!" એના મનમાં થઇ રહ્યું હતું, છતાંય એ જોર કરી કરીને દોડી રહ્યો હતો. આઇ નાગલબાઇએ પાછળ જોવાની ના પાડી હતી.

"વાણિયા! વાણિયા!" ફરીથી કાગબાઇએ ડુંગરે બેઠાં બેઠાં બૂમ દીધી.

"ઓય મા." વાણિયાને જાણે એમ થયું કે, પોતાની કાછડીએ આગનું ઉમાડિયું ચોટયું. તેનાથી પાછળ જોવાઇ ગયું.

આખો ડુંગરો હુતાશનના દાવાનળ સમો સળગી રહ્યો હતો અને વચ્ચે જોગમાયા તાંડવ આદરી બેઠી હતી.

વાણિયે ડુંગરાનો દવ જોયો. "એલા ડુંગરો સળગ્યો!" તે બોલી ઊઠ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ એટલી વારમાં તો કાગબાઇએ તેને ઓળખી કાઢ્યો. "એ જાય! એલા જમાનગતું જતું કરીને ભાગ્યો ક્યાં? ચારણ ત્રાગું કરે ને જમાન ભાગે એવું તે હોય? જમાનનેય ભેગું ત્રાગું કરવું જોઇએ." અને તે ઊડી-સમળીની જેમ પાંખો પહોળી કરીને ઊડી.

વાણિયો તો વળી ભાગવા લાગ્યો હતો. પરંતુ હવે તેના ટાંટિયામાં જોર ન હતું. તે લથડતો જતો હતો. બેચાર ડગલાં દોડ્યો હશે, ત્યાં તો ઠેસ વાગી ને તે પડી ગયો. પડ્યો કે ઉપરથી એક મોટો જબ્બર પાણો તેના ઉપર પડ્યો.

વાણિયો ચીસ પાડી ઊઠ્યો: "ઓય મા! મરી ગયો."

"હજુ તો જીવતો છે! તારેય ત્રાગું કરવું પડેને બાપ? જમાનની તો઼ ઇ રીત કહેવાય." કાગબાઈ તેને આંબી ગઇ હતી.

વાણિયાએ જોયું અને તેના ધરણ મરી ગયા. "રામ! આ જોગમાયા હવે જીવતો શે જવા દે?"

તે ઊભો થવા જાય છે, ત્યાં તો ધડાધડ ધડાધડ પાણા પડવા લાગ્યા અને થોડી વારમાં તો વાણિયો હતો ન હતો થઇ ગયો.

"હાશ!" કાગબાઈ બોલી. "ચારણ ત્રાગું કરે. તળાજાનો તલમેર બળે, વાજાના વંશનો લોપ થાય અને તું સથવારો છોડી ભાગે, વાણિયા! તું તો જમાન! હા...શ હવે નિરાંત થઇ."

અને તે તળાજા તરફ પાછી ફરી. એમ દેવી કાગબાઇના શાપે તળાજા અને તલમેરનું, વાજા અને વાણિયાનું નિકંદન વળી ગયું. પછી તો બન્ને બહેનો ચારણની લોથ ઉપાડી બાબરિયાત ગઇ અને ત્યાં સતી થઇ. એ સતના પરચા હજુય જાણે જગતમાં પરવરી રહ્યા છે.

તલમેર ને વાજા તણો આઇ કરી ઉથાપ,
માડી વધીયું માપ ક્રોડ પચાસે કાગબાઇ.

("શારદા" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૫–સ્વાતંત્ર્યની શોધમાં

(લેખકઃ–શ્રી. જગન્નાથ દેસાઈ)

"સ્ત્રીજાત પ્રત્યે આટલા બધા અન્યાયો ?" ઓગણીસ વર્ષની સવિતાનું દિલ સદાય કકળી ઊઠતું. ઉપલા વર્ગમાં ચડવા મથતા છતાં સંજોગાનુસાર નીચલા વર્ગમાં ઘસડાઈ જતા મધ્યમ વર્ગના કુટુંબમાં સવિતા જન્મી હતી. ગજવે ગરીબ છતાં ભાવનાશીલ શિક્ષક–પિતાના પ્રોત્સાહનથી સવિતા મૅટ્રિક સુધી ભણી હતી. પુત્રીને ગ્રૅજ્યુએટ સન્નારી બનાવીને પોતાના અપૂર્ણ જીવનની ભાવનાઓ પુત્રી મારફત વ્યક્ત કરાવી શકે તે પહેલાં તો સવિતાના પિતા સન્મુખરાય ટાયફૉડની ઓચિંતી બિમારીથી પટકાઇને સ્વધામ પહોંચી ગયા હતા.

પિતાના અવસાન કરતાં પણ અવસાનના પરિણામનો આઘાત સહેવો સવિતાને મુશ્કેલ થઇ પડ્યો. પિતાની ઓથ અને હૂંફે પોતાની માતા અને બીજાં સગાંઓના વિરોધને અવગણીને તેને બી. એ. સુધીનો અભ્યાસ કરવાની હોંશ હતી. પોતાની આજુબાજુના વાતાવરણમાં સ્ત્રીઓ પ્રત્યે નાનપણથી જે તુચ્છકારભાવ દર્શાવવામાં આવતો, સ્ત્રીઓને અબૂધ અને અવિકસિત રાખવાનો જે અજ્ઞાનમૂલક પ્રયાસ થતો, તેથી તેને અત્યંત લાગી આવતું. બાજુનો છગન પંડ્યો તેની સ્ત્રીને વારતહેવારે છૂટે હાથે મારતો એ તે જોતી. શેરીના મનસુખ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામની પત્નીને ગુજરી ગયાને હજી મહિનોય પૂરો નહોતો થયો ત્યાં મનસુખરામ "હાંડલું ફૂટયું એટલે નવું વસાવો" એ ન્યાયે બીજી પત્ની લઇ આવ્યા હતા. કૉલેજની ઉચ્ચ કેળવણી પામેલો નવનીત પોતે કમાઇ ન શકતો હોય છતાં ફાંકડા થઇને ફરવાનો શોખ પૂરો પાડવા માટે, શ્રીમંત સસરા પાસેથી પૈસા ઉઠાવવા પત્નીને અનેક રીતે સતાવતો હતો, એ પણ તેણે સાંભળ્યું હતું. બે છોકરાના બાપ બની બેઠેલ અમુલખરાય ૪૫ વર્ષની પ્રૌઢ વયે વિધુર થતાં નિઃસંકોચપણે કોઇ ઘાતકી પિતાને ત્યાંથી સોળ વર્ષની કન્યાને ખરીદી આવ્યા હતા અને નવયૌવનના (!) લહાવા માણવાની હાસ્યાસ્પદ તરકીબોથી પાડોશીઓના મશ્કરીપાત્ર બન્યા હતા. શેરીને નાકે રહેતી ગરીબ વિધવા ડાહી તનતોડ મહેનતમજૂરી કરીને પોતાના બે છોકરાનું પોષણ કરતી હોવા છતાં, શેરીનાં માણસો અનેક જાતની ટીકા અને વ્યંગપૂર્ણ વાતોથી તેના દુઃખમય જીવનને વધુ દુઃખભર્યું બનાવવાનો અધમ અવસર ચૂકતાં નહિ. પચાસ વર્ષની વયે પણ જેમને ત્યાં સુવાવડનો દ્વિવાર્ષિક ક્રમ અટક્યો નહોતો એવા જયેષ્ઠારામ અને તેમનાં પત્ની મંગળા પોતાની ૧૮ વર્ષની પુત્રી લલિતાનું વૈધવ્ય અખંડ રહે તે માટે શહેરની છૂપી પોલીસને પણ શરમાવે તેવી કડક ચોકી રાખતાં હતાં અને તે માટે જ્ઞાતિજનોમાં અભિમાન સાથે ફરતાં હતાં. સવિતાની નજર સમક્ષ બનતા સેંકડો બનાવોના આ નમૂનાઓ હતા. સવિતાની ઉંમર નાની છતાં પુસ્તકોના વાચનને કારણે અને પિતાના સદ્બોધને કારણે તેનું મન પ્રૌઢ બની ગયું હતું. તેની સરખી ઉંમરની છોકરીઓમાં તે વિનાપ્રયત્ને વડેરી બની જતી. તેની દલીલો અને વાતચીતો સાંભળ્યા પછી બીજી છોકરીઓ તેના આ દાવાનો કદી ઇન્કાર કરતી નહિ; પણ પોતાના સમાજ કરતાં સવિતા કોઇ નવીન સમાજનું પ્રાણી છે એમ આ છોકરીઓને લાગતું હતું.

"હવે તમારે આ સવિતાને પરણાવવી છે કે આમ ને આમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટીજ કર્યે જશો? એના બાપને તે કાંઇ રીતવ્યવહારની ખબર નહોતી પણ તમે તો કાંઇ સમજો!"

સવિતાના પિતાના અવસાન પછી તેની માતાને કુટુંબના બીજા વડીલો અને પોતાના કરતાં પારકા કુટુંબની વધુ દેખરેખ રાખનારી પીઢ સ્ત્રીઓ તરફથી આવી શિખામણો વારંવાર મળતી. ભોળા અને ભલા સન્મુખરાયને લોકો અવ્યવહારૂ સિવાય બીજી ઉપમા આપી શકે તેમ નહોતું. "હા, પણ તમે મોટા છો તે સારૂં ઠેકાણું ગોતી આપો ને?" સવિતાની લાચાર મા ઉપલો પ્રત્યુત્તર વાળતી.

જવાબમાં કોઇની કાકીનો ભાઇ તો કોઇની માસીનો દિયર, તો કોઇની ફઇનો જેઠ એમ અનેક ઠેકાણાં સવિતા માટે સૂચવાવા મંડયાં. સવિતાની માતાને આ બધાં ઠેકાણા ગમતાં નહિ, છતાં સીધી મોઢા ઉપર ના પાડવાનું કામ તેને માટે ઘણું કઠિન થઈ પડયું હતું.

"બા, તું મારી કાંઇ ચિંતા કર નહિ. મારે તો હજી ભણવું છે."

સવિતાએ તેની માને આશ્વાસન આપ્યું. સવિતાએ તરતજ પોતાના મામાનો દીકરો નાથાલાલ કે જે લોકો કહેતા તેમ "ગાંધી ભેળો" ભળ્યો હતો તેને કાગળ લખ્યો. નાથાલાલે તરત આવીને થોડી સિફારસ કરીને સવિતાને કોલેજમાં દાખલ કરાવી અને મહિલા-છાત્રાલયમાં તેને માટે ગોઠવણ કરાવી. માને જેમતેમ સમજાવીને સવિતા છાત્રાલયમાં દાખલ થઇ.

× × × ×

કોલેજ અને છાત્રાલયના સ્વતંત્ર વાતાવરણમાં સવિતાના માનસ-ઘડતરમાં નવા રંગ પુરાયા. પાશ્ચાત્ય સાહિત્યના વાચનથી સ્ત્રી-જાતિના હકો અને અધિકારો વિષેની તેની માન્યતા વધુ દૃઢ અને તીવ્ર થઇ. પાશ્ચાત્ય સંસ્કૃતિમાં સ્ત્રીને પુરુષ સમોવડી આલેખવામાં આવે છે. આર્યસંસ્કૃતિમાં સ્ત્રીનું સ્થાન પુરુષથી ચડિયાતું લેખ-વામાં આવે છે. પશ્ચિમનું સાહિત્ય પુરુષને સ્ત્રીદાક્ષિણ્ય શીખવે છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે પૂર્વનું સાહિત્ય સ્ત્રીને પૂજનીય ગણવા પ્રેરે છે. પશ્ચિમનું સાહિત્ય હકો અને અધિકારોની ઘોષણાથી ભરેલું છે, જ્યારે આર્ય-સંસ્કૃતિમાં હક અને અધિકાર કરતાં ફરજનોજ નિર્દેશ મુખ્યત્વે કરવામાં આવ્યો છે. એકમાં રજસની સવિશેષતા છે, તો બીજામાં સત્ત્વગુણની અધિક માત્રા છે. એકમાં અન્યાયો સામેનો પુણ્યપ્રકોપ ભભૂકે છે, તો બીજામાં "કર્મણ્યેવાધિકારસ્તુ મા ફલેષુ કદાચન" જેવી જ્ઞાનજલની શીતળ ગંગા વહે છે. એકમાં બુદ્ધિ, દલીલ અને તર્કની તેજસ્વીતા છે, બીજામાં જ્ઞાન અને મંથનના અર્ક સમાં સૂત્રોની પ્રૌઢ ગંભીરતા છે.

પિતાના બ્રાહ્મણ–સ્વભાવે પુત્રીમાં નાનપણથી આર્યત્વનાં બીજ રોપ્યાં હતાં. પરંતુ સમાજમાં પ્રચલિત અનાચાર અને સ્ત્રીજાતિ પ્રત્યેનો પુરુષોનો તુચ્છભાવ જોઇને તેને જે માનસિક ઉકળાટ થતો તેને આ આર્યત્વથી સાંત્વન મળતું નહોતું. અંગ્રેજી શિક્ષણ અને અંગ્રેજી સાહિત્યના વાચને તેના મનની તીવ્રતાને વધુ ઉગ્ર બનાવી. ઇંગ્લેંડ અને યુરોપના બીજા દેશોમાં સ્ત્રીઓએ પુરુષોના સરખા હકો મેળવવા માટે જે ઝુંબેશ ઉઠાવી હતી તેના વાચને તેને પણ સમાજમાં સ્ત્રીઓના હકો માટે જબરી ઝુંબેશ ઉઠાવવાનું મન થતું. કૉલેજની તેની સહાધ્યાયીઓમાં તેણે પોતાને અનુકૂળ વિચારોવાળી છોકરીઓની મૈત્રી સાધવા માંડી, પણ ગમે તે કારણે બીજી વિદ્યાર્થિનીઓને મન સવિતા એકમાર્ગી, ધૂની અને પુસ્તકોથી વધુ દોરવાઇ જતી હોય તેમ લાગતું.

"તમને આવા અન્યાયથી લાગી નથી આવતું? તમારૂં મન ઊકળી કેમ નથી ઊઠતું?" સવિતા કોઇ કોઇ વાર ઉશ્કેરાઇને તેની બહેનપણીઓને ઠપકો આપતી.

"અન્યાય તો પુસ્તકોમાં દેખાય છે, પ્રચારમાં દેખાય છે, પણ વાસ્તવિક જીવનમાં અમને નથી દેખાતો." તેની એક મોટી ઉંમરની બહેનપણીએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમને દેખાતો નથી? તમારી આંખ આડાં પડળ હોવાં જોઇએ, કાં તો તમે મનને ખૂંટું બનાવી દેતાં હશો." સવિતાએ ચિડાઇને કહ્યું.

"અમારી આંખ સામે પડળ નથી, પણ તમે તમારી આંખે રંગીન ચશ્માં ચઢાવ્યાં છે, એટલે તમને બધે એવુંજ દેખાય છે. અને તમે જગત જેવું છે તેવું નથી જોતાં, પણ તમે માનો છો તેવું જુઓ છો." તેની બહેનપણીએ ઠંડે પેટે કહ્યું. સ્ત્રીઓ પ્રત્યે અન્યાય થાય છતાં સ્ત્રીઓનેજ ભાન થાય નહિ એ વસ્તુ સવિતાને અસહ્ય થઈ પડી. ઘણી જાહેરસભાઓમાં તેણે સ્ત્રીજાતિ પ્રત્યે પુરુષોના અન્યાયોનાં લાંબાં પારાયણો પુરુષ વ્યાખ્યાતાઓને મોઢેથીજ સાંભળ્યાં હતાં. પરદેશી યાત્રીઓ પાસેથી પણ હિંદમાં સ્ત્રીઓને સામાન્યતઃ કેવો અન્યાય થઇ રહ્યો છે, એ વસ્તુ સેંકડો વખત સાંભળ્યા છતાં આજ વસ્તુનો તેની બહેનપણીઓ બચાવ કરતી હતી!

"ગુલામીના અનુભવે તમને ગુલામી પણ સદી ગઇ છે!" રાજકીય ભાષણખોરની અદાથી સવિતાએ ખિજાઇને કહ્યું.

છોકરીઓની આ મોટે અવાજે થતી વાતચીત સાંભળીને બાજુના ખંડમાંથી છાત્રાલયનાં નિરીક્ષિકા (લેડી સુપ્રિન્ટેન્ડેન્ટ) કપિલા-બહેન બહાર આવ્યાં.

"સવિતા પુરુષો સામે બળવો ઉઠાવવાની તૈયારી કરી રહી છે." એક છોકરીએ અર્ધ રમૂજમાં કહ્યું.

"બળવો? શા માટે?" કપિલાબહેને પૂછ્યું.

"પુરુષોના જુલમ સામે સ્ત્રીજાતિને જાગૃત કરવા."

"બહુ સારી વાત છે, પણ તેનો બળવો લગ્નની શરણાગતિમાં ન ફેરવાઇ જાય તો સારૂં." કપિલાબહેને કહ્યું.

"હું લગ્ન કરવાનીજ નથી." સવિતાએ કહ્યું.

"સારૂં, સારૂં; શિયાળાનો ઉત્સાહ ઉનાળો આવતાં ઠરી ન જાય તો સારૂં." કપિલાબહેને પોતાનો વર્ષોનો અનુભવ કહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જોજે ત્યારે." સવિતાએ કહ્યું.

"પણ તું બળવો કોની સામે કરીશ એજ મને ખબર પડતી નથી. પુરુષો તરફથી સ્ત્રીઓને થતા અન્યાયો સામે બળવો કરીશ કે સ્ત્રીઓ તરફથી પુરુષોને થતા અન્યાયો સામે બળવો કરીશ? કે બન્નેને સમાજ તરફથી થતા અન્યાયો સામે બળવો કરીશ? બાકી સ્ત્રી-પુરુષનો સંબંધ એટલો અવિચ્છિન્ન, અર્થપૂર્ણ અને સર્વગ્રાહી હોય છે કે તેમને વિખૂટાં પાડવા કે તેમાં ભેદભાવ પડાવવા મથતા સર્વ બળવાખોરોના શંખનાદો લગ્નની શરણાઇમાં ફેરવાઇ ગયા છે. તારૂં તેમ ન થાય તે જોજે."

× × × ×

વાતને વર્ષો વીત્યાં. ભણેલી સ્ત્રીઓ કરતાં ખરૂં દુઃખ અભણ સ્ત્રીઓને છે એમ જાણીને સવિતાએ અભ્યાસ પૂરો કર્યા પછી મહિલા-મંડળનું કાર્ય ઉપાડ્યું. તેના ઉત્સાહ અને કાર્યશક્તિથી તે ટૂંક વખતમાં સૌની પ્રિયપાત્ર થઈ પડી. વધુ ને વધુ પુરુષો પોતાની સ્ત્રી-ઓ અને બહેનોને મંડળમાં મોકલવા માંડ્યા. પણ આથી સવિતાની ધારણા બર આવી નહિ. સ્ત્રીઓનો મોટો વર્ગ સંગીત, ભરતગૂંથણ અને બીજી લલિતકળાઓજ શીખવા આવતો. પુરુષના ઉપર પરા-વલંબી રહેનાર અને પુરુષોના અહંને પોષનારી આ લલિતકળા-ઓ શીખવા માટે સ્ત્રીઓ શા માટે આટલી પડાપડી કરતી હશે તે સવિતાને ન સમજાયું. આર્થિક દૃષ્ટિએ અને બીજી રીતે પુરુષથી સ્વતંત્ર બને તેવી પ્રવૃત્તિઓ લેનારી સ્ત્રીઓની સંખ્યા ગણીગાંઠી હતી, જેમાં મોટા ભાગની વિધવા સ્ત્રીઓજ હતી. તેના હાથ નીચે બે વર્ષની તાલીમ લેનારી બાળાઓ પણ આખરે તો લગ્નકૂપમાંજ ઝંપલાવતી હતી. અને અધૂરામાં પૂરૂં પોતાના પતિરાજોને ગમે તેવી સર્વ ચેષ્ટાઓ કરીને સવિતાને જાણે ચીડવવા માગતી ન હોય એવો ભાસ થતો હતો. આખરે મહિલામંડળની મહિલાઓથી સવિતા થાકી.

શિક્ષણદ્વારાજ નવી ભાવના અને નવા સંસ્કરોનાં બીજ કન્યા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાં રોપી શકાશે એવી આશાથી સવિતાએ આખરે એક મહિલા-વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે નોકરી સ્વીકારી. શિક્ષિકાનું કામ કરવા ઉપરાંત સવિતા સ્થાનિક મહાસભાની પ્રવૃત્તિઓમાં પણ રસ લેતી. જાહેર સભાઓ અને મંડળોમાં સવિતા અવારનવાર દેખાતી; છતાં લોકો અને બીજા કાર્યકરો તેનાથી એક જાતની માનસિક અસ્પૃશ્યતા અનુભવતા.

સવિતા રહેતી તેની બાજુમાંજ એક વણિક–કુટુંબ થોડો વખત થયાં રહેવા આવ્યું હતું. કુટુંબમાં પતિપત્ની અને એક બાળક એમ ત્રણ જણા હતાં. પતિનો સ્વભાવ આકરો હોવાથી ઘણી વાર તે પત્ની ઉપર ખિજાઇ જતો અને પતિપત્ની વચ્ચે રિસામણાંમનામણાં-નું નાટક થતું હતું. પતિ કોઇ વાર ખિજાઇને પત્ની ઉપર રીસ કાઢે ત્યારે પત્ની તદ્દન શાંત બની જતી અને મૂંગે મોઢે સાંભળી લેતી; પણ સાંજે પતિ કામેથી પાછો આવે ત્યારે પતિપત્ની અને બાળક ત્રણે જણાં કોઇ અનેરા ગેલમાં કિલ્લોલ કરતાં હોય ! સવિતા કોઇ કોઇ વાર તેમને ત્યાં બેસવા પણ જતી.

"તમે આ બધું કેમ ચલાવી લો છો ? તમારૂં સ્વમાન પણ સચવાતું નથી." સવિતાએ એક વાર પતિની ગેરહાજરીમાં તેની સ્ત્રી શાંતાને પૂછ્યું.

"શું ચલાવી લઉં છું ? અમારી વચ્ચે સ્વમાન કે માનઅપમાનનો સવાલજ ઉભો થતો નથી." શાંતાએ જવાબ વાળ્યો.

"અરે, તમને ઘણી વાર તુચ્છકારી કાઢે છે, છતાં તમે બધું મૂંગે મોઢે સહન કરી લો છો. આવો તે ઘરસંસાર હોય ? તમારા હકનું પણ તમને ભાન નથી !"

"હક, માન, અધિકાર જે હતું તે બધું મેં અમે ચોરીમાં બેઠાં તે દિવસથીજ તેમને સોંપી દીધું છે; એટલે હવે અમારા હક, માન કે અધિકાર જે કહો તે નોખા નથી રહ્યા. જ્યાં પ્રેમ વગરનું ઉજ્જડ વેરાન છે ત્યાં પુરુષનો હક અને સ્ત્રીનો હક એવા રેતીના અલગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેકરા ઊભા કરવા કોઇને ઠીક લાગતા હશે; પણ બહેન, જ્યાં પ્રેમનું એકજ સરોવર છે, ત્યાં અમે અલગ ટેકરા ક્યાં ઊભા કરવા જઇએ?"

બહુ ભણેલી નહિ એવી શાંતાના આ શબ્દોએ સવિતાને વિચાર કરતી કરી મૂકી. તેના વિચારોના કિલ્લામાં પહેલી વાર ખળભળાટ જામ્યો. વિચારોનું તુમુલ યુદ્ધ શરૂ થયું. તેની હક અને અધિકારો ઉપર રચાયેલી વિચાર-ફિલસૂફી ખોટી હતી? તેના તર્કવાદ, બુદ્ધિ અને દલીલોમાં ન આવી શકે એવું કોઈ બીજું સબળ તત્ત્વ અસ્તિત્વમાં છે? શું પ્રેમ. એવું તત્ત્વ છે કે જે બધા તોલા-ત્રાજવાથીય પર છે? બધી દલીલો, તર્ક અને વ્યવહારને ઠોકરે માર-નાર આ પ્રેમતત્ત્વની ગણના ન કરવામાં પોતે ભયંકર ભૂલ કરી હતી? પ્રેમની આ અજબ સુરંગ વિષે તેને ભાનજ નહોતું? સૂર્ય સિવાયના અજવાળાની પોતે કલ્પના દોડાવી હતી? આમ અનેક તરંગોએ તેના મનને હચમચાવી મૂક્યું

"સવિતાબહેન! તમે લગ્ન કરી નાખો ને?" શાંતાએ તેની વિચારમાળામાં ખલેલ પાડી.

"ના રે, આમ પુરુષની ગુલામી કરીને ઇંડાં મૂકયે જવાં એ તે કાંઇ જિંદગી છે?" મનમાં હતું તે સવિતાએ હોઠે આણ્યું.

"હા, પોતે ઇંડાં નથી મૂકતાં તો પછી તમે પારકાનાં ઇંડાંનું જતન કરો છો." પ્રજોત્પત્તિને "ઇંડા મૂકવાં" જેવા તુચ્છ શબ્દો-થી સંબોધવાથી શાંતાએ સવિતાને ટોણો માર્યો.

"તમને અમારી સ્વતંત્ર જિંદગીનો ખ્યાલ નથી એટલેજ તમે આમ કહો છો. શિક્ષણપ્રવૃત્તિ, સામાજિક પ્રવૃત્તિ, વગેરેમાં અમે કેટલો ભાગ લઇ શકીએ છીએ; જ્યારે તમારે તમારા નાના વર્તુલ-માંજ પુરાઇ રહેવું પડે છે." સવિતાએ સામે જવાબ આપ્યો.

ચર્ચા તત્ત્વને બદલે વ્યક્તિગત થઇ ગઇ. બંને જાણે જુદા-જુદા વિચારસમૂહોના પ્રતિનિધિ ન હોય તેવી તીખાશથી દલીલો કરવા લાગ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમને તમારી ધમાલિયા પ્રવૃત્તિથી સંતોષ હોય તો સારી વાત છે. અમને તો એમ લાગે છે કે, તમારા લૂખા જીવનની ભૂખ ભાગવા તમે અહીંથી તહીં બાચકાં ભરો છો. તેથી સંતોષ મળતો હશે કે કેમ એ તો તમે જાણો."

"તમારા ગૃહજીવનથી તમે જેટલો સંતોષ મેળવો છો, તેના કરતાં આ પ્રવૃત્તિઓથી અમે વધુ માનસિક સમાધાન મેળવી શકીએ છીએ. અમારા જીવનની સમાજને જરૂર છે એમ અમને લાગ્યા કરે છે." સવિતાએ અર્ધફિલસૂફીભર્યાં વાક્યો ઉચ્ચાર્યાં.

"મને શંકા છે કે તમારા જીવન અને પ્રવૃત્તિની સમાજને જરૂર છે એ પણ તમારો ભ્રમ છે. સમાજને તમારી જરૂર છે, પણ તે તમારા આત્માની નહિ. તમારા સમગ્ર અસ્તિત્વની નહિ પણ માત્ર તમારી શારીરિક અને બૌદ્ધિક મજૂરીની. જ્યારે મારા ઘરમાં મારા પતિને ને મારા બાળકને મારા આત્માની, મારા સમગ્ર અસ્તિત્વની જરૂર છે સમજ્યાં ?"

સવિતાના માનસદેહ ઉપર આ બીજો ફટકો પડ્યો.

સાદી, સરળ ગૃહિણી શાંતા પાસેથી શું તેને જીવનના પાઠો શીખવા પડશે ? સાદા લાગતા આ શબ્દો પાછળ રહેલા હૃદયવેધક સત્યનો તે ઇન્કાર કરી શકે તેમ નહોતું. વધુ કાંઇ બોલવા જાય તે પહેલાં શાંતાના પતિના બૂટનો અવાજ સંભળાયો.

"ઠીક ત્યારે સવિતાબહેન, એ આવ્યા; હવે પછી વાત કરશું." એમ કહીને શાંતા પોતાના બાળકને લઇને બારણામાં પતિ સામે દોડી.

શાંતાના પતિએ શાંતાને ટપલી મારીને બાળકને ચુંબનથી નવરાવી નાખ્યું; સવિતાએ પોતાના ઘર તરફ જતાં પાછા ફરતાં આ નાનકડા કુટુંબની સુખ-પળને નીરખી અને તેનાં હૃદયમાં અને જીવનમાં પહેલી વાર અદેખાઇની એક હળવી લહરી આવી ગઇ.

સવિતાના મનને શાંતાએ જબરો ફટકો માર્યો હતો. જે પાયા ઉપર તે ઊભી હતી, તેનેજ હચમચાવી નાખ્યા હતા. તે ઘેર જઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પલંગ ઉપર ઢગલો થઇને પડી. વિચારોની માળા શરૂ થઇ:

"શું ખરેખર મારૂં જીવન ખાલી છે? મારી સમાજમાં કોઇને જરૂર નથી? શું જરૂર હોય તો માત્ર મારી મજૂરીનીજ છે?"

સવિતાને લાગ્યું કે, ખરેખર તેના જીવનમાં કંઈક ઊણપ છે. તેના કામને વખાણનારાઓ પણ તેના ઉપરછલ્લા અસ્તિત્વનેજ માગે છે. પોતે શિક્ષિકાનું કામ છોડે તો બીજી શિક્ષિકા તે જગ્યાએ બૌદ્ધિક મજૂરી આપવી શરૂ કરશે, પણ શાંતા તેનું કામ છોડે તો? તેના બાળક અને પતિને તેની કેટલી ખોટ પડે? તેમનાં જીવનમાં શાંતાનું સ્થાન અનિવાર્ય હતું. પોતે કોને માટે અનિવાર્ય હતી? "મારી આટલી બધી હોંસ, ભાવનાશીલતા છતાં શાંતા મારા કરતાં ચઢે? સંસારમંદિરમાં તેની પૂજા વધુ ચડે? શાંતા પોતાના જીવનસર્વસ્વનું નૈવેદ્ય ધરે છે, ત્યારે હું માત્ર બુદ્ધિથી સેવા કરનારી મજૂરણજ છું."

સવિતાનું મન ચકડોળે ચડ્યું. વિચારોની પરંપરા મધરાત સુધી ચાલી. ઊંઘને અભાવે એકલીઅટૂલી સવિતા પથારીમાં આળોટતી આળોટતી બબડવા લાગી:

"શું ખરેખર સૌને મારી મજૂરીનીજ જરૂર છે? મારા આત્માની નહિ, મારા સમગ્ર અસ્તિત્વની નહિ?"

પોતે કોઇ કામ માટે અથવા કોઈ વ્યક્તિ માટે અનિવાર્ય છે એવી લાગણીઓનો અનુભવ માણસને નથી થતો ત્યાંસુધી તેના અસ્તિત્વનો આવિષ્કાર નથી થતો. સર્વ પ્રવૃત્તિઓ અથવા કામનાઓ પાછળ પોતાના અસ્વિત્વને સિદ્ધ કરવાનો તલસાટજ રહેલો હોય છે એ સત્ય એક યા બીજા સ્વરૂપમાં સવિતાને મૂંઝવવા લાગ્યું.

કેવળ નિસ્તબ્ધતાનું સામ્રાજ્ય સર્વત્ર હતું. છતાં મધરાતે પણ ચારે કોરથી આવતા પવનના સૂસવાટામાં "મજૂર, મજૂર, કેવળ મજૂર!" એવા અવાજો સવિતાને કાને અફળાયા.

(૧૯૯૪ના "મુંબઈ સમાચાર"ના દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

७६–बे जीवतां पुस्तको

રામાયણ અને મહાભારત

હજારો વર્ષ પર મહર્ષિ વાલ્મીકિએ રામાયણ રચ્યું અને ભગવાન વેદ વ્યાસે મહાભારતની રચના કરી, ત્યારથી તે આજ સુધીના દરેક કાળમાં આ બે મહાન ગ્રંથોએ કરોડો સંતો, ભક્તો, જ્ઞાનીઓ અને મુમુક્ષુઓ, રાજાઓ અને ગરીબોને પ્રેરણા આપી છે. હિંદુ સંસ્કૃતિના આ બે આદ્ય ગ્રંથોએ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર સૌને સરખીજ પ્રેરણા આપી છે. વેદો અને ઉપનિષદો સૂત્રાત્મક હોવાથી સામાન્ય આમ જનતાને એ દુર્બોધજ રહ્યાં અને તેથી વેદો સામાન્ય આમ જનતાને પહોંચીજ ન શક્યાં. વેદો સમજવા એટલા અઘરા ગણાતા કે, આજે પણ કોઈ સહેલું કામ હોય તો લોકો કહે છે કે, "એમાં ક્યાં વેદ ભણવાના છે?"

રામાયણ અને મહાભારત રસભરપૂર અને કથાત્મક હોવાથી સામાન્ય આમ જનતાના ઘરેઘરમાં આ પવિત્ર ગ્રંથોનું નામ સર્વ જાણે છે.

સંત તુલસીદાસે વ્રજભાષામાં તુલસી રામાયણ રચ્યું અને તે એટલું બધું લોકપ્રિય થયું છે કે, આજે પણ અસંખ્ય ભક્તો ભક્તિપૂર્વક અનન્ય ભાવે એનું પારાયણ કરે છે. એક કાળે ઘેરઘેર તુલસી રામાયણની ચોપાઇઓ ગવાતી હતી.

× × × ×

યુધિષ્ઠિર ધર્મના અવતાર તરીકે મનાતા હોવાથી સર્વ શ્રોતાઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના પ્રત્યે પૂજ્યભાવ ઊપજે છે. અર્જુનનું અપ્રતિમ શૌર્ય, સહદેવ જોશીની વિચિત્રતા અને નકુળની વરણાગી આ બધુંજ શ્રોતાઓને રસ ઉપજાવે છે. જેમની જેવી પાત્રતા તે મુજબ આ પાત્રોમાંથી પોતાને મનપસંદ સર્વ ગ્રહણ કરે છે.

કુંતી અને માદ્રી, દ્રૌપદી ને સત્યભામા, ગાંધારી ને હેડંબા ઇત્યાદિ વિવિધ સ્વભાવનાં સ્ત્રીપાત્રો મહાભારતમાં આલેખાયાં છે. ભીષ્મ પિતામહ, ભક્ત વિદુર, પાંડુ, સ્વાર્થાંધ ધૃતરાષ્ટ્ર ઇત્યાદિ વડિલ પાત્રોનું આલેખન પણ અનુપમ છે અને આ બધાને આવરી લેતા ભગવાન શ્રીકૃષ્ણનું તેજસ્વી ચરિત્ર આલેખવામાં કાંઇ મણા રહી નથી. સાચેજ માનવસ્વભાવનાં ઉચ્ચ અને હીન સર્વ પ્રકારનાં ચિત્રો મહાભારતમાં જોવા મળે છે.

મહાભારતમાં રાજનીતિ, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને એ બધાને આવરી લેતું ધર્મશાસ્ત્રનું સંપૂર્ણ નિરૂપણ થયું છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર વર્ણો અને બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એમ ચાર આશ્રમો અને તેનાં ધર્મકર્મનું નિરૂપણ પણ મહાભારતમાં વિસ્તારથી થયું છે. ઐહિક વિદ્યાનું નિરૂપણ પણ ઘણી જગાએ જોવામાં આવે છે. દાખલા તરીકે દ્રૌપદીના સ્વયંવરની રચના વાંચતાં તે વખતની સ્થપતિશાસ્ત્રની ખિલવણી કેટલી બધી હશે તે જાણવા મળે છે. એવુંજ પાંડવોના મહેલનું અને લાક્ષાગૃહનું વર્ણન બેનમૂન છે. આ હજારો વર્ષના પુરાણા ગ્રંથમાં વિમાનનું વર્ણન પણ ઘણી વાર આવે છે. 'ટેલિવિઝન'ના પર્યાય તરીકે 'સંજયદૃષ્ટિ' શબ્દ વપરાવા લાગ્યો છે તે સૂચક છે. મહાભારતમાં શું નથી? ખરેખર મહાભારત એ મહાભારતજ છે. એમાં સર્વ સંસારની ચિત્રવિચિત્ર લીલાઓ સમાઈ ગઇ છે. આવા ચિત્રવિચિત્ર સંસારમાં માનવીનું કર્તવ્ય શું છે? તેણે કેવી રીતે વર્તવું? તેનું માર્ગદર્શન પણ મહાભારતમાં કરાવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમદ્ ભગવદ્‌ગીતા આ મહાભારતમાંજ આવેલી છે. ગીતાનાં દુનિયાભરની ભાષાઓમાં ભાષાંતરો થયાં છે. ગીતાની પ્રતિષ્ઠા એટલી બધી છે કે, કોઇ પણ ધર્મવચનને જો ગીતાની સંમતિ ન હોય તો તે નકામું ઠરે છે.

× × × ×

ગાંધીજી ગીતાના પરમભક્ત છે. તેઓ લખે છે: "જ્યારે જ્યારે હું મૂંઝવણમાં હોઉં છું, ત્યારે ત્યારે ગીતામાતા પાસે દોડી જાઉં છું અને આજ સુધી કોઇ ને કોઈ શ્લોકે મારી મૂંઝવણમાંથી માર્ગ બતાવ્યો છે. આજ સુધી ગીતાએ મને કદી નિરાશ કર્યો હોય એવું મને યાદ નથી."

અને જરા વિચિત્ર લાગશે, પણ આપણા જાણીતા નવલકથાકાર શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઇનું પ્રિય પુસ્તક ગીતાજ છે. તેઓ કહે છે: "બીજાં આધુનિક અંગ્રેજી પુસ્તકોના થોકડાઓ સાથે ગીતાનો નાનો ગુટકો હું સંતાડી રાખું છું અને વચ્ચે વચ્ચે બેચાર શ્લોકો જોઇ જઇ સાંત્વન મેળવી લઉં છું."

અને આ ગીતા મહાભારતનોજ એક ભાગ છે, એ જ્યારે વિચારીએ છીએ ત્યારે મહાભારતની મહત્તા કેટલી બધી છે તેનો કંઈક ખ્યાલ આવે છે. છત્રપતિ શિવાજી મહારાજે રામાયણમહાભારતની વાતોમાંથી પ્રેરણા પીધી હતી એ જાણીતી વાત છે. કેટલાક મુસ્લિમ બાદશાહો પણ રામાયણમહાભારતનો અભ્યાસ કરતા હતા. પાશ્ચાત્ય વિદ્વાનો મેક્ષમૂલર અને રોમેરોલાં જેવા મહાપુરુષોએ પણ રામાયણમહાભારતનાં મુક્ત કંઠે વખાણ કર્યાં છે; અને થિયોસોફિકલ સોસાયટીનાં પ્રાણરૂપ મરહૂમ ડૉ. એનીબિસન્ટે રામાયણ અને મહાભારત ઉપર અનેક વ્યાખ્યાનો આપ્યાં હતાં. આ બધા વિદ્વાનોએ રામાયણ, મહાભારત અને બીજાં હિંદુશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો હતો, ત્યારે આપણે ત્યાં કહેવાતા આધુનિકો રામાયણમહાભારતને જરીપુરાણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોથાં ગણી કાઢી બેદરકાર રહે છે એ દુઃખની વાત છે.

રામનું એકપત્નીવ્રત, રાવણની બીભત્સલીલા, શબરીની ભક્તિ અને હનુમાનની સ્વામીનિષ્ઠા, અહલ્યાનું તપ અને સીતાની પતિભક્તિ, દશરથનો પુત્રપ્રેમ અને કૈકેયીનો દ્વેષ, ભરતનો બંધુપ્રેમ અને રામનું પિતૃવચન પાલન માટે વનગમન, સીતાહરણ, જટાયુનું સ્વાર્પણ, વાનરોનું સૈન્ય, લંકાદહન અને અયોધ્યામાં વિજય પ્રવેશ, આ બધું સાચેજ અદ્‌ભુત છે.

અનેકરંગી મનુષ્યના અનેકરંગી સ્વભાવો વિવિધ પાત્રોદ્વારા આબેહૂબ વર્ણવવાની મહર્ષિ વાલ્મીકિ અને વેદવ્યાસની અપ્રતિમ શક્તિ જોઈ પૂજ્યભાવથી આપણું માથું નીચે નમે છે.

આ ગ્રંથો રચાયાને હજારો વર્ષ થઈ ગયાં છતાં આવી અદ્‌ભુત રચના આજ સુધી થયેલી જાણી નથી. રામાયણ અને મહાભારત આજે હજારો વર્ષે પણ અજોડ રહ્યાં છે.

આ બે મહાન પુસ્તકોએ આર્યાવર્તની સમસ્ત પ્રજાને એક સૂત્રે બાંધી છે. ઉત્તરમાં કાશ્મીરનો પંડિત અને દક્ષિણમાં રામેશ્વરનો મદ્રાસી કે દ્રાવિડી રામ અને કૃષ્ણ, રાવણ અને દુર્યોધનને એક સરખી રીતે પિછાને છે. આ વિશાળ ખંડ જેવડા દેશમાં એક પ્રાંતનાં લોકો બીજા પ્રાંતના લોકોની ભાષા સમજી શકતા નથી, છતાં આ મહાગ્રંથોએ દરેક પ્રાંતના હિંદુઓ ઉપર એકસરખી અસર કરી દેશ સમસ્તની અદ્‌ભુત એકતા સિદ્ધ કરી છે. આમ હિંદુ-સંસ્કૃતિની રચના આ બે મહાગ્રંથોએ કરી છે. સંસ્કૃતિની રચના, પોષણ અને સંવર્ધન કરવાની અનુપમ શક્તિ ધરાવનારા આ બે મહાગ્રંથોનો અભ્યાસ સૌએ કરવોજ જોઇએ.

આ મહાજ્ઞાનથી ભરેલા ગ્રંથોનો આદિથી અંત સુધી દરેકે અભ્યાસ કરવા જેવો છે. એ ગ્રંથોનું કદ જોતાં ભય લાગે તેવું છે, પણ રત્નોની ખાણ જેવા એ ગ્રંથો વાંચવાની શરૂઆત કરશો કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલો બધો રસ પડશે કે તે પૂરા કરવાની આતુરતા વધશે. ગાંધીજીએ જેલમાં મહાભારત વાંચ્યું હતું. તેઓ કહે છે: "પ્રથમ તો મહાભારતનું કદ જોઇ હું ભય પામી ગયો, પણ વાંચવાની શરૂઆત કરી કે મને એટલો બધો રસ પડ્યો કે તે પૂરૂં વાંચવાને હું અધીરો થયો. રામાયણ અને મહાભારત કિંમતી રત્નોની ખાણ સમાન છે. જેમ જેમ તેમાં ઊંડા ઊતરો તેમ તેમ વધુ કિંમતી રત્નો મેળવો."

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયે તુલસીરામાયણ અને વાલ્મીકિ રામાયણ તેમજ સંપૂર્ણ મહાભારત પ્રગટ કરેલાં છે.

બાળકોને ઉપયોગી બાલરામાયણ અને બાલમહાભારત પણ પ્રગટ થયાં છે. કિશોરો માટે તેમજ બહેનો માટે શ્રી. નાનાભાઇએ રામાયણનાં પાત્રો અને મહાભારતનાં પાત્રો લખ્યાં છે. જેઓ મોટાં પુસ્તકો વાંચવાની ધીરજ ધરાવતા નથી તેમને પણ એ ઉપયોગી થશે; પણ એ બધું વાંચ્યા પછી પણ સંપૂર્ણ મહાભારત વાંચવાની જિજ્ઞાસા થશેજ.

આ ગ્રંથોનો પરદેશીઓ અભ્યાસ કરે છે અને સાંત્વન મેળવે છે, ત્યારે આપણે પોતે આપણા પોતાનાજ આ ધર્મગ્રંથોનો અભ્યાસ ન કરીએ એ વિચિત્ર લાગે છે.

થોડીક લટકાળી નવલકથાઓ નહિ વંચાય તો ચાલશે, થોડાંક જાતીયવિજ્ઞાનનાં પુસ્તકો નહિ વંચાય તો ચાલશે, થોડાંક ફૂટપાથ પરનાં રદ્દી ફરફરિયાં નહિ વંચાય તો કાંઇજ વાંધો નથી; પણ આપણી પોતાની સંસ્કૃતિના સ્તંભરૂપ રામાયણ અને મહાભારત વાંચ્યા વગર તો ચાલેજ નહિ.

(નવેમ્બર–૧૯૩૯ ની "શિષ્ટ સાહિત્ય પત્રિકા"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૭–પ્રણાલિકાની પેલી પાર

(લેખક:–આચાર્ય શ્રી. દિનકરાય જાદવરાય વૈષ્ણવ)

અર્જુનની શંકા પ્રથમદર્શને અને ફરી ફરી ઊંડો વિચાર કર્યા બાદ પણ આપણને એક ઉદાત્ત, ધીરવીર નાયકને સંપૂર્ણ શોભે એવીજ લાગે તો એ આશ્ચર્યની વાત ન કહેવાય. શ્રીભગવાન અર્જુનની રીતને અયોગ્ય ઠરાવે એ માટે તે અયોગ્યજ એમ શ્રદ્ધાળુ જન જલદીથી માની લે; પરંતુ અશ્રદ્ધાળુ અથવા જિજ્ઞાસુ વિદ્યાર્થીને પણ શ્રીમદ્ ભગવદ્ગીતાનાં કાવ્ય તેમજ તત્ત્વજ્ઞાનનાં સ્વતંત્રપણે, પોતાની બુદ્ધિ, કલ્પના તથા રસિકતાને બળે પિયૂષપાન કરવાનો પૂરો અવકાશ મળે છે. ગીતા એ એવો ગ્રંથ નથી કે માત્ર શ્રદ્ધા પર ટકે. ગમે તે કસોટીએ ચડે પરંતુ એક મહાકાવ્ય તરીકે તેમજ તત્ત્વજ્ઞાનના પુસ્તક તરીકે વસુંધરાનાં થોડાંઘણાં સાચાં રત્નોની અંદર તે પોતાનો પ્રકાશ અનેરો પાડશે. ગીતા અમર છે અને રહેશે; કારણકે કાવ્યોનું એ કાવ્ય છે અને તત્ત્વોનું તે તત્ત્વ છે. તેનો પ્રકાશ સર્વકાલીન તથા સર્વવ્યાપક છે; કારણકે મનુષ્ય–હૃદયમાં ચાલતા સનાતન મહાયુદ્ધનું તે ભીષણ અને ભવ્ય, સુંદર અને સુરેખ મહાકાવ્ય છે; તત્ત્વ તથા કાવ્યનો ત્યાં સાયુજ્ય સંયોગ છે.

તેમાં અર્જુન નાયક અથવા ઉપનાયક છે. સાક્ષરો હજુ નક્કી નથી કરી શકતા કે, મિલ્ટનના 'પૅરેડાઈઝ લૉસ્ટ'માં નાયક શયતાન છે કે ઈશ્વર? શ્રદ્ધા કહે છે કે, ઇશ્વરને બુદ્ધિ કહે છે કે શયતાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતાજી પરત્વે શ્રદ્ધા એવું કહે કે શ્રીકૃષ્ણ અને બુદ્ધિ એમ કહે કે અર્જુન; તો આપણે ગભરાઈશુ નહિ.

ગુલામી—ભલે પરમાત્માની-તેની સામે બંડ જગાવવામાં શયતાનની શી ભૂલ? એવો તેનો શો અપરાધ કે જેનાથી તે પ્રથમ પંક્તિમાં પ્રથમ દરજ્જાના ફિરસ્તામાંથી શયતાન થઇ ગયો અને કહેવાયો? આ પ્રશ્નનો ઉત્તર અપેક્ષયા સહેલો હશે; પરંતુ અર્જુન તે એવું શું કહે છે અથવા કરે છે કે જેથી ભગવાન તેને ઉપદેશ આપી ઠેકાણે લાવવાનું યોગ્ય ધારે છે?

અર્જુન કહે છે કે, "મને ત્રિભુવનનું રાજ્ય મળે, તોપણ હું મારા વડીલો, ગુરુઓ અને બાંધવો સામે કદી નહિ લડું." આવી વૃત્તિ અને આવાં વચનો ભગવાનને શ્રીમુખે ઉચ્ચ પ્રશંસા પામવાને બદલે નિંદા કેમ વહોરે છે? ઊંચામાં ઊંચા આપભોગ, સત્ય અને અહિંસાના ઉપાસક વીર અર્જુનને શ્રીપરમાત્મા ઠપકો શા માટે આપે છે? શું આપણે બધા એમજ ન ઇચ્છીએ કે, આપણે અથવા આપણા પુત્ર-શિષ્યો એવા વીર થાય કે ત્રણે લોકના રાજ્યની ખાતર પણ પોતે પોતાના વડીલ, ગુરુ કે બાંધવની જોડે યુદ્ધ ન કરે? અર્જુન આ આદર્શ ઉચ્ચારે છે એટલુંજ નહિ, પરંતુ અમલમાં મૂકવા તત્પર છે તથા શક્તિમાન છે. તે આદર્શ કરતાં વધારે ઉચ્ચ આદર્શ હોઈજ કેમ શકે? ધર્મની રીતિએ, વ્યવહારની રીતિએ કે નીતિની દૃષ્ટિએ એ સરસમાં સરસ નથી શું? એજ પરમકલ્યાણમાર્ગ છે એમ અર્જુનને તેમજ આપણને અચૂક લાગે છે, છતાં ગીતાજીનો ઉપદેશ આટઆટલો તાત્ત્વિક છે, એ શા માટે? ગીતાજી વિદ્વદ્ભોગ્ય તેમજ લોકભોગ્ય, સર્વમાન્ય, સર્વપૂજ્ય શા માટે? ઉચ્ચગામી દરેક વ્યક્તિ કે દરેક પ્રજાના જીવનના વાણાતાણામાં સીધી કે પરોક્ષ રીતે ગીતાજીનું અજબ આકર્ષણ શા માટે?

ઇશ્વર અને શયતાન વચ્ચે તો યુદ્ધ હોયજ; એ કલ્પવું, રચવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજવું કે સમજાવવું અપેક્ષયા સહેલું છે અને સ્વાભાવિક છે. દેવદાનવ વચ્ચેનાં યુદ્ધ, શીતઉષ્ણ, પાપપુણ્ય વગેરેનાં દ્વંદ્વો સૌ કલ્પી શકે છે; પરંતુ અર્જુન અને શ્રીકૃષ્ણ, ધર્મ અને ધર્મ, યોગ અને યોગીનાં યુદ્ધ ચાલે ત્યારે સમજવું શું ?

પોતાના દિવ્ય તેજથી લ્યૂસિફર શ્રેષ્ઠ ફિરસ્તો બન્યો, પરમાત્માથી માત્ર એકજ પગથિયું દૂર રહ્યો. એ દિવ્ય તેજના ચમકારથી તેને ખુદ ખુદાનું પદ પ્રાપ્ત કરવાનું મન થયું. દિવ્યતેજને લઇ ઉત્કટ અભિલાષા જાગી—જેમ રાવણ, હિરણ્યકશિપુ કે શિશુપાળને જાગી હતી તેમ; પરંતુ એ અભિલાષામાં સ્વાર્થ અને અભિમાન હતાં માટે તેમનાં દિવ્ય તેજ ઘડીભર દાનવી બન્યાં અને તેમનું પતન અથવા સંહાર થયો; મરણ વખતે રાવણ વગેરેનાં અભિમાન ઓસરી ગયાં એટલે એ તેજ તરતજ પાછાં દિવ્ય બન્યાં અને તેમને મોક્ષ મળ્યો; શયતાનનાં પ્રાયશ્ચિત્ત હજુ થયાંજ નથી,એ અસમંજસ નથી શું ?

અર્જુનના ખેદમાં—લડવાની ના પાડવામાં અભિમાન હતું ? સ્વાર્થ હતો ? અથવા હોય તો એવું ઉચ્ચ અભિમાન અને એવો પરમાર્થી સ્વાર્થ શ્રેયસ્કર નથી શું ? અર્જુનની અને શયતાનની કે રાવણની સરખામણી હોયજ કેમ ?

ગીતાજીનો આધ્યાત્મિક અર્થમાત્ર લઇએ અને એમ માનીએ કે, ભગવાન લડાઇની કે હિંસાની વાતજ કરતા નથી, એ તો માત્ર દૈવી અને આસુરી સંપત્તિ વચ્ચેના યુદ્ધની વાત છે, તો પ્રશ્નજ ઉદ્ભવતો નથી; પરંતુ ગીતાજીનો અર્થ એટલોજ કરવો બહુ મુશ્કેલ છે, એટલે આ પ્રશ્ન ઊભોજ છે.

ઉત્તરમાં એટલું કહી શકાય કે, જ્યારે શયતાન અને રાવણ પોતાનાં તપ તથા તેજને પ્રતાપે પ્રણાલિકા એટલે કે સામાન્ય માનવધર્મની પેલી પાર પહોંચી, સ્વાર્થી અભિમાનને લીધે પરતંત્ર અને સ્વચ્છંદી થયા છે, ત્યારે અર્જુન પ્રણાલિકાની અંદર રહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્માભિમાનથી પોતાના અંતઃકરણના અને પોતાના વ્યક્તિત્વના બંધનમાંથી છૂટ્યો નથી, એટલે તેટલે અંશે એ પણ સ્વચ્છંદી તથા પરતંત્ર છે; સર્વધર્મનો ત્યાગ કરી એ હજુ પરમાત્મશરણ ગયો નથી; તેના આત્માને આત્મબંધન નડે છે.

રાવણને જેમ પોતાનાં તપ અને પ્રચંડ શક્તિનું અભિમાન છે, તેમજ અર્જુનને પોતાના ગુણનું છે; જેમ વિશ્વામિત્ર વગેરે ઋષિઓને અમુક અમુક ભૂમિકાએ હતું તેમ. અર્જુન પૂરણભક્ત નથી કારણકે હજુ તેને પોતાના ધર્મનું અને પોતાના ઉચ્ચ ગુણનું અભિમાન છે, જો કે બાહ્યદષ્ટિએ તે વિનીત તથા બુદ્ધિમાન જણાય છે.

રાવણ તેમજ અર્જુન એવી અસામાન્ય શક્તિ ધરાવે છે કે, ભગવાન તેમને વિશ્વદર્શનના અને મોક્ષના અધિકારી ગણી એકને સંહારે છે અને બીજા પાસે સંહાર કરાવે છે. રાવણને સંહારે છે, કારણકે તેને "અમરપણાનું" અભિમાન હતું અને અર્જુન પાસે સંહાર કરાવે છે, કારણકે "હું નજ મારૂં" એવું તેને ગુમાન હતું.

પ્રણાલિકાની પેલી પાર જઈ રાવણ દુશ્મનભાવે પરમાત્મપ્રાપ્તિ કરવા મથતો હતો; અર્જુન પ્રણાલિકામાં પુરાઇ મિત્રભાવે દર્શન માગતો હતો. ભગવાન એમ કહે છે કે, "પ્રણાલિકાને ઓળંગી પ્રેમભાવે આવો, કારણકે દરેક પ્રણાલિકા ભલે તે ગમે તેટલી પવિત્ર અને સુદઢ હોય, તોપણ મોક્ષના અધિકારી મુમુક્ષુને માટે અભિમાનજનક તથા બંધનકારી છે અને દુશ્મનાવટ પણ તેવીજ વસ્તુ છે."

એ ખરૂં છે કે, ભગવાન પ્રથમ તો અર્જુનની શૂરવીરતાને અને પછી ક્ષત્રિય તરીકેના તેના ધર્મને ટકોરે છે; પરંતુ તે એટલા માટેજ કે અર્જુન હજુ પ્રણાલિકાવાદમાંજ મચ્યો રહેલો; જેમ જેમ વિષય વિસ્તરે છે, તેમ તેમ ધીમે ધીમે ભગવાન તેને પ્રણાલિકાની પેલી પાર દર્શન કરવાની દિવ્ય દષ્ટિ આપે છે.

શૂરવીરધર્મ, કુલધર્મ, વર્ણધર્મ, આશ્રમધર્મ એ સૌ, સૌસૌના અધિકાર પ્રમાણે સુંદર અને સાર્થક વસ્તુ હોવા છતાં, મનુષ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે સાન્તને આરે આવી ઊભો હોય અને અનંતમાં નિમજ્જન કરવાની તૈયારીમાં હોય ત્યારે તેને ઘટે છે કે એ સર્વધર્મથી પ્રકટતા ભાન અને અભિમાનનો ત્યાગ તે કરે અને વ્યક્તિત્વ સમેટી લઇ સમષ્ટિમાં પ્રવેશ પામે.

હિંસા, અહિંસા, કર્તવ્ય, અકર્તવ્યનો વિચાર એ પણ છેવટ તો એક પ્રકારનું અભિમાનજ છે, કારણકે એમાં "હું વિચારૂં છું" એવું હુંપણું આવીજ જાય છે અને જે પૂરણભક્ત હોય તે તો "હું કરૂં, હું કરૂં એજ અજ્ઞાનતા" તજવી પડે છે.

વિરાટદર્શન થયા સિવાય આવો અધિકાર કોઇને પ્રાપ્ત થતો નથી, એટલે સંપૂર્ણ નિષ્કામી ન હોય તેવો કોઇ પણ અર્જુનનું અનુકરણ કરવા જાય, અભિમાનપૂર્વક કે સ્વાર્થથી ધર્મપ્રણાલિકાઓ તથા નીતિમર્યાદાઓનું ઉલ્લંઘન કરે, તેનું પતનજ સંભવે અને તે હાસ્યાસ્પદ લેખાય; પરંતુ એક આદર્શ એવો છે ખરો કે જે ગીતાજી ખડો કરે છે, જેથી સર્વ ભેદ ભાગી જાય છે અને જે આ દુનિયામાં દૂર દૂર પણ દેખાતો નથી, છતાં એવી ભ્રાંતિ નહિ, પરંતુ ખરી લાગણી જેના વિષે મનુષ્યહૃદયમાં ઊંડે ઊંડે રહેલીજ છે, એ આદર્શનું ચિત્ર સમર્થમાં સમર્થ લેખક કે કવિ પણ વિરોધાભાસ સિવાય સળંગ ઉતારી શકે નહિ; બુદ્ધિથી પર શ્રદ્ધા વગર એ સમજાય નહિ અને કર્મમાં તેનું અનુસરણ સત્ય, વિશ્વપ્રેમ અને નિષ્કામવૃત્તિ વગર નિરુપયોગી તો શું પણ ભયંકર થઇ પડે.

તથાપિ મનુષ્યના દિલનું દિલ સાક્ષી પૂરે છે કે, સર્વ પ્રણાલિકાથી પર આત્મભાવ ભૂલી પરમાત્મશરણ સાધનારને માટે હિંસા-અહિંસા, પાપપુણ્ય, કર્મઅકર્મ, વ્યક્તિસમષ્ટિ વગેરે સર્વ દ્વંદ્વો અથવા વિરોધો અર્થશૂન્ય થઇ રહે છે; કારણકે તેવો આત્મા પરમાત્મહસ્તક કેવળ નિમિત્ત બની જીવ લેવાની તેમજ દેવાની, સંહાર તેમજ સર્જન તથા પાલનની શક્તિ પ્રાપ્ત કરે છે.

આ આદર્શ એવો ઉચ્ચ અને સૂક્ષ્મ છે કે, તેનું હૃદયથી કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિથી પણ દર્શન કરવું સહેલું નથી; એટલા દર્શનની તાલાવેલીમાં પણ તડપી તડપીને દિલ લગભગ તૂટી જાય તો નવાઈ નહિ; અનેક આવી ઉત્કંઠાથી ચિત્તભ્રમ બન્યા છે અને અનેકને અજીર્ણ થયું છે.

શક્તિ પ્રાપ્ત કરવી એ જેટલું કઠિન છે, તેના કરતાં પણ વિશેષ કઠિન તેને જીરવવી એ છે. પરિણામે ઘણાની શક્તિ અશક્તિ બની જાય છે અને કર્મવિકાસ સાધવાને બદલે કર્મહ્રાસ અથવા અકર્મ-વિકાસ ઉપજાવે છે.

એટલે પ્રભુકૃપા સિવાય–પ્રભુઆહ્વાન વગર આવી તાલાવેલી એ પાગલપણું અથવા દંભ છે. પાગલપણું હજુ કદાચ કોઇ વખત પવિત્રતાની પૂર્વભૂમિકાનું અંગ હોઇ શકે; પરંતુ દંભથી તો પાપજ પ્રગટે અને વિસ્તરે.

તેથીજ ગોપાલ, સર્વ ઈંદ્રિયોના સ્વામી–શ્રીકૃષ્ણ પરમાત્માને નામે આજે આપણે ઘણી વાર બાયલા બનીએ છીએ, ન કરવાના નાચ કરીએ છીએ અને ન ગાવાના ગરબા ગાઇએ છીએ; જેના રોમરોમમાં નરી નિઃશસ્ત્ર શૂરવીરતા ભરી હતી અને જેને પગલે પગલે પવિત્રતા પાંગરતી હતી, એ પૂર્ણાંશ પરમાત્માને નામે આપણે દંભી–પાગલ બન્યા છીએ. ઉત્તમમાં ઉત્તમ વસ્તુનો બગાડ ગંદામાં ગંદો હોય છે; મનુષ્યશરીર–જેની રચના ઉત્તમ તેના મુડદાનો સડો સૌથી વિશેષ ગંધાતો; ઉત્તમ દૂધનું દહીં પણ ઉત્તમ; પૂર્વનો સૌથી લાંબો વળાંક તે પશ્ચિમ; ગીતાજીનું અમૃત; શ્રીકૃષ્ણજીવનનાં પીયૂષ કાળક્રમે ઘણાને માટે ઝેર.

આર્થરનું રાઉન્ડટેબલ, તેની અપૂર્વ વીરમંડળી છિન્નભિન્ન થઈ જાય છે અને તેનો સ્થાપક, પિતા અને પ્રાણ આર્થર પોતે પણ મૃત્યુ પામવાની અણી ઉપર હોય છે, ત્યારે સર બેડીવિયર, તેનો એકનો એક જીવંત વીર કલ્પાંત કરે છે કે, બીજો આર્થર અને બીજું રાઉન્ડટેબલ દુનિયાભરમાં કોઇ કાળે ક્યાં જોવાનું મળશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે આર્થર આશ્વાસન આપે છે કે, ઇશ્વર જૂનાંનો નાશ અને નવાંનું સર્જન હમેશાં કરે છે, નહિતર ઉત્તમ વસ્તુ કાળક્રમે કનિષ્ટ થઇ જાય અને પાપ પ્રસરાવે.

ઉત્તમ હિંદુધર્મ વિષે આ ભય સદા ઊભોજ છે, છતાં હજુ એ જીવંત છે; કારણકે વિદ્વાનોએ નહિ, ધર્માચાર્યોએ નહિ, પરંતુ નરસિંહ મહેતા, મીરાંબાઈ અને ગાંધીજી જેવાં અનેક સંત સ્ત્રીપુરુષોએ વેદવેદાંતનો ભાવ ગીતાજીદ્વારા પ્રાપ્ત કરી, આમવર્ગને ઉપયોગી એવા પોતાના જીવન તથા કથનમાં તે ઉતારી એ પીયૂષને ઝેર થતાં અટકાવ્યાં છે.

ગીતાજી લોકપ્રિય છે; કારણકે લોકોને અગમ્ય એવાં વેદ ઉપનિષદનાં મિષ્ટપાન ગીતાજીએ લોકગમ્ય ભાષામાં અને લોકગમ્ય ભાવથી લોકો પાસે પીરસ્યાં છે; એ વિદ્વદ્ભોગ્ય છે; કારણકે વિદ્વાનોના પણ વિદ્વાનો ગોથાં ખાય એવા ઉત્તુંગ વિચારો ગીતાજીએ ગંભીર ભાષામાં અને ગંભીર ભાવથી ધર્યા છે, ગુરુઓના ગુરુ થવાનું ગીતાજીમાં ગૌરવ છે. શબ્દનું, અર્થનું તેમજ ધ્વનિનું, કંઈકંઈનાં દિલ તે ચીરે છે અને અંદર રામ છે કે કામ, આરામ છે કે અભિમાન એ ખોલી બતાવે છે. ગીતા એ શબ્દમાત્ર સભ્ય–અસભ્ય સર્વ હિંદુઓનાં તથા અભ્યાસીઓનાં અંતઃકરણમાં અમુક પ્રકારનું ગીત છેડે છે.

વિદ્વાનોને બુદ્ધિ કે વાણીનો વિલાસ જોઇતો હોય તો ગીતાજીમાં એવા વિલાસનો કૈલાસ છે; ભક્તોને ભગવત્પ્રેમ જોઇતો હોય તો ગીતાજીમાં પ્રેમગંગા શ્રીકૃષ્ણાર્જુને વહાવી છે; લોકોને શ્રદ્ધા અને ભક્તિ જોઈતાં હોય તો ત્યાં બન્નેના અખૂટ ભંડાર છે.

પ્રણાલિકાની અંદર કે પેલી પાર, જીવનમાં કે મરણમાં, સંપત્તિ કે વિપત્તિ વખતે, કોઈ કાળે, કોઇ દેશે ગીતાજીમાંથી કંઇજ ન મળે એવું બનશે, તે પહેલાં તો ચંદ્ર અને દિવાકર સનાતન અસ્ત પામ્યા હશે.

(૧૯૯૪ ના “ પ્રતાપ ” સાપ્તાહિકના દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૭૯–ખાતરનો ગૃહઉદ્યોગ

(લેખકઃ-શ્રી. "ગ્રામસેવક")

સામાન્ય રીતે આપણાં ગાંમડાંઓમાં ઢોર મરી જાય એટલે હરિજનો એને ઢસડીને ગામની ભાગોળે લઈ જઈ એનું ચામડું ઉતારી લે છે અને મુડદાલ માંસનો ખાવામાં ઉપયોગ કરી નાખે છે. હાડકાં અને બીજો ન ખાઇ શકાય એવો ભાગ ભાગોળમાં પડચો રહે છે; કૂતરાં એની ખેંચાખેંચ કરી રમત કરતાં હોય છે. બેદરકારીથી ઉતારેલું ચામડું હરિજનોને નજીવી કિંમત આપે છે.

બોન મિલના દલાલો ગામડાંમાં ભટકી આ રખડતાં હાડકાં એકઠાં કરાવે છે, ને પાણીને મૂલે મોટાં શહેરોમાં ચડાવી દે છે, જ્યાં એનો મોટાં યંત્રોદ્વારા ઝીણો ભૂકો કરી પરદેશ ચડાવવામાં આવે છે.

મરેલાં ઢોરના એકએક અવશેષનો વૈજ્ઞાનિક પદ્ધતિએ ઉપયોગ શોધી, એમાંથી મળતો અર્થલાભ લેવામાં આવે તો એક ઢોર નહિ નહિ તો દસથી બાર રૂપિયાની આવક આપે, એવી ગણતરી થઇ છે. આપણા હરિજનોને તો કેળવણીને, વિજ્ઞાનને કે નવી શોધને સો ગાઉનું છેટું. એમને એ વસ્તુ સમજાવે કોણ ?

મરેલાં ઢોરના અવશેષના મુખ્ય ત્રણ ભાગ છે. ચામડું, મુડદાલ અને હાડકાં. એ સિવાય નાના નાના ભાગ ઘણા અને એમાંથી નાનીમોટી ઘણી ઉપયોગી ચીજો બનાવી શકાય છે. પ્રથમ ચામડું લઇએઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧–ચામડું

ઢોર મરી જાય છે, એટલે હરિજનો ઢોરને ઢસડીને લઇ જાય છે. આથી ચામડાંમાં ઉઝરડા તથા કાણાં પડે છે. એથી કરીને ચામડાંની કિંમત ઘટી જાય છે. બીજી વાત; ઢોર મરી ગયા પછી કલાકો સુધી એ એવી દશામાં પડયું રહે છે, એથી પણ ચામડાંની કિંમત ઘટી જાય છે. ઢોર મરે કે જેમ બને તેમ જલદી એનું ચામડું ઉતારી લેવું જોઇએ. ત્રીજી વાત; ચામડું ઉતારીને પછી સાચવવાની રીતને અભાવે ઘણાખરાં ચામડાં દાઝી જાય છે, સડી જાય છે અને ખવાઇ જાય છે. ચામડાંને બરોબર સૂકવીને યોગ્ય રીતે સાચવ્યાં હોય, તો આવું નુકસાન ન લાગે અને હરિજનોને એવાં ચામડાંની સહેજે વધુ કિંમત ઊપજે. કમનસીબે આપણાં મુડદાલ ઢોરનાં ચામડાંમાંથી મોટો ભાગ તો પરદેશ ચાલ્યો જાય છે.

૨–હાડકાં

અત્યારે આપણા દેશમાં બોન–મિલ : હાડકાંની ચક્કીઓ ઘણી છે, પણ એમનું મુખ્ય કામ તો ગામડાંમાંથી દલાલો મારફત હાડકાં ભેગાં કરાવી એનો મોટાં યંત્રોદ્વારા ભૂકો કરાવી, તે ભૂકો પરદેશ ચડાવવાનું છે. આ ભૂકાનો ખાતર તરીકે સારામાં સારો ઉપયોગ થાય છે.

આને બદલે ગામડાંમાંજ એ ઉદ્યોગ કરી શકાય, તો એનું વળતર સીધું એના ઉત્પાદકનેજ મળે. હાડકાં સુકાઇ ગયા પછી એનો ભૂકો કરવો મુશ્કેલ છે. મોટાં યંત્રોમાં તો એનો ભૂકો સહેલાઇથી થઇ જાય છે. હાડકાંનો ભૂકો સહેલાઇથી કરવા માટે હાડકાંને શેકી નાખવામાં આવે છે અને ચૂનો પીસવાની ચક્કીમાં એનો ભૂકો કરી શકાય છે. હાડકાં શેકવાથી એમાં રહેલા નાઇટ્રોજનનો ભાગ નાબૂદ થાય છે. ઘણાખરા પાકને તો નાઇટ્રોજનની ખાસ જરૂર નથી, એટલે આ ખાતર વધુ સારૂં.

સામાન્ય રીતે કારખાનાંનો હાડકાંનો ભૂકો પંચોતેર રૂપિયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટન વેચાય છે. આ ભૂકામાં બીજી મેળવણી હોય છે, એથી એ ખાતર એટલું અસરકારક નથી હોતું. એના કરતાં આ રીતે પથ્થરની ચક્કીમાં તૈયાર કરેલો ભૂકો વધુ કિંમતી હોય છે. જો હરિજનો આ રીતે હાડકાંનો ભૂકો કરીને વેચે તો સારી આવક થાય અને ખેડૂતો-ને ચોખ્ખું સસ્તું ખાતર મળે.

દરેક ગામડે ગામડે આ રીતે કદાચ ચક્કી ન પોસાય; પણ બબ્બે ચારચાર ગામડાં વચ્ચે અગર અમુક ગામડાંનાં ઝુમખા વચ્ચે આવું એક કેંદ્ર કર્યું હોય, તો તે સફળતાથી ચાલે અને આપણા બેકાર હરિજનો માટે એક સારો એવો ગૃહઉદ્યોગ હાથ આવે.

એક કેંદ્ર ચલાવવા માટે ઓછામાં ઓછાં પાંચહજાર મણ હાડકાં એકઠાં કરવાં જોઇએ. ઓછાં હાડકાં હોય, તોપણ એ સહઉદ્યોગ તરીકે ચાલી શકે. આપણે એક કેંદ્રની વાત કરીએ.

પાંચહજાર મણ હાડકાંને શેકવા માટે એના આઠમા ભાગનું બળતણ જોઇએ. જો સાંઠી કે એવું બળતણ હોય તો વધુ જોઇએ, પણ લાકડાના ફાડા આઠમા ભાગના ચાલે. એ ઉપરાંત એક મજૂર, એક બળદ ગાડી, એક પથ્થરની ચક્કી અને એક વ્યવસ્થાપક કે પ્રચારક જોઇએ;

એ માટે ખર્ચનો નીચે પ્રમાણે અંદાજ માંડી શકાયઃ—

૫૦૦૦ મણ હાડકાં : ૨૫૦ ખાડી, દર ખાંડીએ– રૂ. ૮) લેખે	રૂા.	૨૦૦૦–૦–૦
૬૨૫ મણ બળતણ : દર. ૦–૪–૦ લેખે.	રૂા.	૧૫૬–૪–૦
વેતન એક મજૂરનું વાર્ષિક	રૂા.	૧૨૫–૦–૦
દેખરેખ અને પ્રચાર	રૂા.	૨૫૦–૦–૦
એક બળદ ગાડી તથા માણસનું ખર્ચ	રૂા.	૩૦૦–૦–૦
ઇતર ખર્ચ	રૂા.	૧૦૦–૦–૦
કુલ	રૂા.	૨૯૩૧–૪–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજ્ઞાન તો કહે છે કે, શેકવા અને પીસવામાં હાડકાંની દસ ટકા ઘટ આવે, પણ અનુભવીઓ ત્રીસથી પાંત્રીસ ટકા ઘટ જણાવે છે. આપણે ચાલીસ ટકા ઘટ ગણીએ, તોપણ પાંચહજાર મણ હાડકાંમાંથી ત્રણ હજાર મણ ભૂકી તૈયાર મળે. બજારમાં જે ભૂકી મળે છે તે સેળભેળવાળી હોય છે, છતાં સવા રૂપિયે મણ લેખે વેચાય છે. આપણે એક રૂપિયે મણ વેચીએ તોપણ પોસાઇ શકે.

આ રીતે એક કેંદ્ર ચલાવવામાં આપણે હરિજનોને હાડકાંના બેહજાર રૂપિયા આપીએ, બળતણ માટે સ્થાનિક મજૂરોને દોઢસો રૂપિયા આપીએ, બીજા બે મજૂરોને રોજી આપી શકીએ. એક શિક્ષિત યુવાનને કામ આપી શકાય અને ખેડૂતોને સસ્તે ભાવે ચોખ્ખું ખાતર પૂરૂં પાડી શકાય.

૩-મુડદાલ

હરિજનો આનો ખાવામાંજ ઉપયોગ કરતા હોય છે. આ ટેવ છોડાવવી એ હરિજનસેવકો માટે કપરામાં કપરૂં કામ છે.

આ મુડદાલનું પણ જો ખાતર બનાવવામાં આવે, તો એની હરિજનોને સારી આવક થાય. હરિજનોને બીજો પૌષ્ટિક ખોરાક મળી રહેતો હોય, તો મુડદાલ માંસ ખાવાનું એ પસંદ નહિ કરે. એ પૌષ્ટિક ખોરાક આવા ઉદ્યોગો અને આવાં આવકનાં સાધનો એમના હાથમાં આપવાથી મળી શકશે.

મુડદાલનું ખાતર—એ માટે આ રીત અમલમાં મૂકવા જેવી છે કે, મુડદાલ માંસના નાના નાના ટુકડા કરી, એને પદ્ધતિપૂર્વક ખાડામાં દાટી, એના ઉપર માટીનો થર દઇ દેવો. ત્રણ મહિને એ મુડદાલ માંસનું ચોખ્ખું ખાતર થઈ જશે. આ ખાતર ઘણું કિંમતી ગણાય છે અને ફળઝાડ ઉપરાંત પીતના વાવેતરમાં ઘણું ઉપયોગી થઇ પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણત્રણ મહિને ખાડો ફેરવી નાખવો જોઇએ. હરિજનો આ પદ્ધતિનો સ્વીકાર કરે, તો દરેક ગામમાં થોડાઘણા પ્રમાણમાં પણ ખાતર તૈયાર થાય. હરિજનોને એમાંથી આવક થાય, જેમાંથી તેઓ ચોખ્ખો પૌષ્ટિક ખોરાક ખરીદીને ખાઇ શકે.

"ચરબી" પણ સારી આવક આપનારો ભાગ છે. આજે એ ચરબીનો ઉપયોગ ચોખ્ખા ઘીમાં ભેળવીને વેચી લોકોને છેતરી ગંદું ઘી ખવરાવવામાં થાય છે. એને બદલે ચામડાં કમાવવામાં કે યંત્રો-માંજ એનો ઉપયોગ થાય તો વધુ લાભદાયી થાય.

ત્રિવિધ ફાયદા

આ વાત હરિજનોને ગળે ઉતારવી અઘરી છે. એ માટે ઠી-ઠીક પ્રચાર અને મહેનત જોઇએ. પણ જો એનો સ્વીકાર થાય, તો હરિજનો આવો હલકો ખોરાક ખાઇ પોતાના શારીરિક અને માનસિક આરોગ્યને હાનિ પહોંચાડે છે એ દૂર થશે અને ખેડૂતોને સસ્તું છતાં અમૂલ્ય ખાતર મળશે. દેશમાં આજે ફળઝાડ અને પીતનું વાવેતર વધતું ચાલ્યું છે. ખેડૂતોને ખાતરનો પ્રશ્ન હમેશાં મૂંઝવતો જાય છે. સુધરેલા ખેડૂતો પરદેશી ખાતર વાપરી પ્રશ્નનો ઉકેલ શોધે છે, પણ એ સાચો ઉકેલ નથી. દેશના હિતને નજર સામે રાખી ઉપરનો ઉકેલ શોધ્યેજ છૂટકો.

(તા. ૧૫-૧૨-૧૯૩૯ના "ફૂલછાબ" સાપ્તાહિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

७९-दाननी दिशा

(લેખકઃ-શ્રી. કાંતિપ્રસાદ લાલશંકર ત્રિવેદી)

જો તમારે કોઇ બ્રાહ્મણને દાન આપવાની ઇચ્છા હોય, તો પુસ્તકાલય એ એક બ્રાહ્મણજ છે, કેમકે તેનાં પુસ્તકો હમેશાં સાચા બ્રાહ્મણના ધર્મરૂપ અજ્ઞાનતાનો અંધાપો ટાળી, દરેક જાતનું ઔપદેશિક શિક્ષણ આપી રહ્યાં છે.

× × × ×

જો તમારે કોઇ વિદ્યામંદિરમાં દાન આપવાની ઇચ્છા હોય તો પુસ્તકાલય એ પણ એક વિદ્યામંદિરજ છે; કેમકે વિદ્યા એટલે સરસ્વતીનો વાસ અહોનિશ ત્યાંજ રહેલો છે.

× × × ×

જો તમારે કોઇ અપંગને તેની દયા ખાઈ દાન આપવાનું હોય, તો સાથે સાથે પુસ્તકાલયને પણ સંભારશોજ; કેમકે માનવીમાત્રના અજ્ઞાનતારૂપી અપંગપણાને તે મટાડે છે ને માણસોના જ્ઞાનનું અપંગપણું પણ ક્યાં ઓછું દયાપાત્ર છે?

× × × ×

જો તમારે કોઇ આંખના દવાખાનામાં દાન આપવાનું હોય તો સાથે સાથે પુસ્તકાલયને પણ રખે ભૂલતા; કેમકે માનવીઓની નજરશુદ્ધિ કરી જ્ઞાનચક્ષુ દેવામાં તેનો ફાળો કંઇ ઓછો નથી.

× × × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો તમારે તમારી નામના કરવા કોઇ દાન કરવું હોય, તો પુસ્તકાલયો બંધાવશો અને પોષશો કે જેથી તે તમારી કીર્તિનું સદા સ્મારક બને.

× × ×

જો તમારે ત્યાં કોઇ શુભ પ્રસંગે લહાણી કરવી હોય, તો તે પ્રસંગને અનુરૂપ પુસ્તકોનીજ લહાણી કરશો, કે જેથી તેમાં રહેલી ક્ષતિ બીજા પ્રસંગે દૂર થાય; અને પુસ્તકોની લહાણી એ જ્ઞાનની લહાણીજ છે ને !

× × ×

જો તમારે બીજાઓની શારીરિક નબળાઇ ટાળવા વ્યાયામ-શાળાઓમાં દાન કરવું હોય તો સાથે સાથે તેમની માનસિક નબ-ળાઇ ટાળવા તે વિષયનાં પુસ્તકોનું દાન કરવાનું પણ રખે ચૂકતા, કે જેથી તમારા દાનની અપૂર્ણતા પણ ટળશે.

× × ×

જો તમારે કરવાના દાનનું ધ્યેય લોકસેવામાં રહેલું હોય, તો તો પુસ્તકાલયજ તમારી તે પ્રવૃત્તિનો વેગ વધારી દેશે; કેમકે પુસ્તકો-દ્વારા તેમની અજ્ઞાનતાનો અંધાપો ટળી જઇ તેમને સાચો માર્ગ શોધતા કરી મૂકશે.

× × × ×

દાનનાં ક્ષેત્રમાં ઘેર બેઠાં ગંગા જેવું જો કોઇ સર્વોત્તમ સાધન હોય તો તે માત્ર પુસ્તકાલયજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૦-જીવનચરિત્રો અને તેનું વાચન

(લેખકઃ-શ્રી. કૃષ્ણલાલ રણછોડલાલ ત્રિવેદી)

જગતકલ્યાણનો હેતુ, ચરિત્રો પુણ્યવાનનાં;
કરે છે ચિત્તની શુદ્ધિ, યશોગાન મહાનનાં.
(—મળેલું)

એક અંગ્રેજ લેખકે ત્રણ પ્રકારના મહાપુરુષો ગણાવ્યા છેઃ- (૧) જન્મથી મહાન-તે ઇશ્વરી વિભૂતિઓ, (૨) પ્રયત્નથી મહાન-તે યોદ્ધાઓ, દેશનાયકો, વિજ્ઞાનવીરો, સાહસિકો વગેરે; અને (૩) બળ, બુદ્ધિ કે કર્મ વગર મોટાઇ લાધી હોય તેવા રાજ કે ધનવાન કુટુંબના નબીરાઓ. આ ત્રણ પ્રકારમાંથી જગતને પહેલા બેનાંજ જીવનચરિત્રો ઉપયોગી છે.

જન્મથી મહાનઃ—ભગવાન શ્રીકૃષ્ણ, રામ, બુદ્ધ, ક્રાઇસ્ટ વગેરેના જીવનમાંથી-તેમનાં જીવનચરિત્રો વાંચવાથી આપણને તત્કાલીન યુગધર્મ-ક્ષાત્રધર્મ, અહિંસા, સત્ય, દયા, અસ્તેય, પરોપકાર, જ્ઞાન-ચારિત્ર્ય, નીતિ, અભય, **वसुधैव कुटुंबकम्**ની ભાવના વગેરે જાણવા મળે છે અને જીવનનો આદર્શ ઉપરોક્ત સદ્ગુણોમાંથીજ પ્રાપ્ત થઇ શકે, જીવન તેનાથીજ પવિત્ર અને ચારિત્ર્યવાન બની શકે ને એવા વાચન-દ્વારા પોતાનું તથા બીજાનું હિત સાધી કલ્યાણના પરમ પવિત્ર માર્ગે જવાનું લક્ષ સાધી શકાય. એટલે જન્મથીજ મહાન વિભૂતિઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇશ્વરાવતાર હોય છે અને મોક્ષ એજ તેમના જીવનનો સાર-લક્ષ્ય-બિંદુ હોય છે.

પ્રયત્નથી મહાનઃ—નેપોલિયન, સિકંદર, સિઝર, મહારાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી મહારાજ, મહાત્મા ગાંધીજી, શ્રીમંત સયાજીરાવ મહારાજા સાહેબ, ઇશ્વિરચંદ્ર વિદ્યાસાગર, થોમસ આલ્વા એડિસન, એંડ્રુ કાર્નેગી, બૂકર ટી. વોશિંગ્ટન, અકબર, આઇન્સ્ટાઇન, અબ્રાહમ લિંકન, જવાહરલાલ નેહરૂ વગેરે. આ મહાન પ્રતિભાશાળી નરપુંગવોનાં જીવનચરિત્રોમાંથી અહિંસા, સત્ય, દયા, ક્ષાત્ર-ધર્મ, દેશસેવા, દેશપ્રેમ, માતૃભૂમિની સ્વતંત્રતા, જગતને ઉપયોગી વિજ્ઞાન, જીવનની સાદાઇ ને પવિત્રતા વગેરે ગુણો ખીલવી શકાય છે તથા અન્યમાં સ્વપ્રયત્નથી ઉત્પન્ન કરી શકાય છે. જીવનના ગમે તે પ્રસંગે-ગમે તેવા કટોકટીના સમયે હિંમત ન હારતો ને સહુને ડારતો મહાન વીરનર નેપોલિયન આપણને અભય ને સમાનતાનાં સૂત્રો શીખવે છે. સિકંદર, સિઝર, શિવાજી, પ્રતાપ ને અકબરનાં ચરિત્રો આપણને મહત્ત્વાકાંક્ષી થવાનું સૂચવે છે. અર્વાચીન જગતની મહાવિભૂતિ-માનવસંપત્તિ-મહાત્મા ગાંધીજીના જીવનમાંથી સમાનતા, અહિંસા, સત્ય ને દયાના પરમ સદ્‌ગુણો મળે છે. મહાત્મા ગાંધીજીમાં દૃઢ આત્મબળ (વીલ પાવર) ન હોત, તો હિંદુસ્તાન અત્યારે આઝાદીના માર્ગે આટલું આગળ નજ હોત ને પૃથ્વી પર અહિંસાનો આટલો વિસ્તૃત પ્રચાર ન હોત. તેવાજ મહાન નૃપતિ શ્રી. સયાજીરાવ મહારાજા સાહેબે પોતાના રાજ્યમાં પ્રાથમિક કેળવણી મફત અને ફરજિયાત ન કરી હોત, તો અત્યારે રાજ્યભરમાં કેળવણીનું પ્રમાણ અત્યારના જેટલું ન હોત-અર્થાત્ વડોદરા રાજ્યની પ્રજા આટલી આગળ વધેલી ન હોત.

જગતમાં અત્યારે જે પોતાનેજ હાથે લખાયેલ જીવનચરિત્રો છે, તેમાં મહાત્મા ગાંધીજીની આત્મકથા અગ્રગણ્ય છે; કેમકે તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

.Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારી કે નરસી, સત્ય કે અસત્ય, બધી બાજુઓ વગર છુપાવ્યે લખાઇ છે. સત્ય ને અસત્ય વચ્ચે ચાલતા પ્રબળ આત્મમંથનના પરિણામે સત્યની જીત, સત્યનો પંથ કેવો વિકટ છે, તે કેવા કેવા ભોગો-બલિદાનો માગી લે છે અને સત્ય-અહિંસાને પંથે જનારને કેવો આત્મભોગ આપવો પડે છે, તેનો સરસ ચિતાર આ આત્મકથામાં છે.

આ સિવાય મહારાણા પ્રતાપ, શિવાજી, અકબર, વિજ્ઞાનવીર એડિસન, અબ્રાહમ લિંકન, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ વગેરેના જીવનમાંથી પણ મનુષ્યને પ્રેરણા મળે છે; માટે અન્ય સાહિત્ય કરતાં જીવનને ઉન્નત બનાવે તેવું સાહિત્ય વાંચવા-વિચારવામાં જીવનચરિત્રો બહુજ અગત્યનો ભાગ ભજવે છે; માટે મુખ્ય ઉપયોગી સાહિત્યમાં તો જીવનચરિત્રોજ ગણાવાં જોઇએ. કાવ્ય, નાટક કે નવલિકા પણ ઉપયોગી છેજ, પરંતુ તે ઉપરાંત જીવનચરિત્રોનું સ્થાન ઉચ્ચતર છે. એક મનુષ્યને જિંદગીમાં અભ્યાસ કરવાનો મુખ્ય વિષય કોઈ હોય તો તે અન્ય મનુષ્ય છે, એમ માનસ-શાસ્ત્રીઓનું ધારવું છે.

વળી હિંદુધર્મમાં પણ દર્શાવાયું છે કે, હમેશાં સત્સંગ કરવો. સાધુપુરુષોના મુખની વાણી સાંભળવી ને ધાર્મિક પુસ્તકો વાંચવાં. તેનું કારણ એજ કે, જીવન-વિગ્રહ એવોજ છે કે, તેમાં જાણેઅજાણે મનસા, વાચા, કર્મણાથી પાપ થઇજ જાય છે. માટે જો હમેશાં સત્સંગ હોય, ધાર્મિક પુસ્તકોનું વાચન-શ્રવણ હોય, તેમજ સારાં જીવનચરિત્રો વંચાતાં હોય તો સામાન્ય રીતે આપણને આપણી દિનચર્યા તપાસવાની તમન્ના જાગે અને તેના પરિણામે જીવનચરિત્રો વાંચીને આપણે આત્મનિરીક્ષણ કરતાં શીખીએ અને અંતે જીવન-માંથી અસત્ય, પાપ જતું રહી પરમસત્યની ઝાંખી થાય ને આત્મ-દર્શન લાધે. સંસારથી ત્રાસીને પણ છેવટે માનવઆત્મા સત્સંગ શોધેજ છે. ફરક એટલોજ કે નવધા-ભક્તિ એ આત્મદર્શનનાં પગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થિયાં છે. માટે હમેશાં સત્સંગ, ધાર્મિક પુસ્તકોનું વાચન-શ્રવણ ને જીવનચરિત્રોનું નિરીક્ષણ એ કલ્યાણનો માર્ગ સરળ બનાવે છે ને આત્મદર્શનના દરવાજા ખોલે છે. આત્મદર્શન એ બ્રહ્મદર્શનની મુખ્ય સીડી છે; માટે હમેશાં જીવનને ઉપયોગી થાય, જીવનને ઉન્નત બનાવે તેવાં જીવનચરિત્રો વાંચવાં જોઇએ.

જાપાનની પાઠશાળાઓમાં નેપોલિયનનું જીવનચરિત્ર ફરજિયાત ભણાવાય છે. નેપોલિયન કહેતો કે, ગજવામાં પ્લૂટાર્કનાં જીવન-ચરિત્રો તથા કમરે તલવાર રાખી હું જગત જીતીશ. રામાયણ, મહાભારતની કથા સાંભળતાં શિવાજી હિંદુત્વના ઉદ્ધારક થયા. આમ જીવનચરિત્રોનું વાચન નકામું જતું નથી. તે કંઇ ને કંઇ પ્રેરણા આપે છે. માટે આપણે પણ ઇચ્છીએ કે, આપણા જીવનમાં સત્સંગ, ધર્મ તથા જીવનચરિત્રો હમેશાં વંચાય, વિચારાય ને તેદ્વારા આપણું જીવન પવિત્ર તથા ઉદાત્ત બને ને આપણે આપણા જીવનને પ્રભુતા-ને પરમપંથે લઈ જઇએ.

("પુસ્તકાલય" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૧–માર્ક્સનું આત્મનિવેદન

સામ્યવાદ (કૉમ્યુનિઝમ) ના પિતા જેવા ગણાતા કાર્લ માર્ક્સ જર્મન વિદ્વાન હતા. એમને લૉરા અને જેની નામે બે પુત્રીઓ હતી. નાનપણમાં એ બંને છોકરીઓ એમની સાથે "કન્ફેશન્સ" (નિવેદન)-ની રમત રમતી. એ રમતમાં એક જણ ઉપરાઉપરી અનેક સવાલો પૂછ્યે જાય છે અને સામો માણસ તેના ઉત્તર તાબડતોબ આપ્યે જાય છે. માર્ક્સને આવા વીસ સવાલો પૂછ્યા હતા અને તેમણે આપેલા જવાબો નોંધી રાખ્યા હતા. આ સવાલજવાબ હમણાં માર્ક્સનાં સંસ્મરણોના ગ્રંથમાં પ્રકટ થયા છે તેમાંથી કેટલાક નીચે ઉતાર્યા છેઃ–

સવાલ—તમારો માનીતો સદ્‌ગુણ કયો?

જવાબ—સાદાઇ.

સ૦—પુરુષોમાં તમને કયો ગુણ ગમે?

જ૦—સામર્થ્ય.

સ૦—સ્ત્રીઓમાં તમને કયો ગુણ ગમે?

જ૦—નાજુકતા.

સ૦—તમારો ખાસ ગુણ કયો?

જ૦—કાર્યમાં તન્મયતા.

સ૦—સુખ શામાં છે?

જ૦—સતત પુરુષાર્થ કર્યા કરવામાં.

સ૦—દુઃખ શામાં છે?

જ૦—ગુલામગીરીમાં.

સ૦—કયા દુર્ગુણની તમને વિશેષ ચીડ છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ૦—અંધવિશ્વાસ.

સ૦—કયા દુર્ગુણનો તમને અતિશય તિરસ્કાર છે?

જ૦—ગુલામીવૃત્તિ.

સ૦—તમને કોના ઉપર તિરસ્કાર છૂટ છે?

જ૦—માર્ટિન ટપર. (માર્ટિન ટપર તે જમાનાનો અંગ્રેજ કવિ હતો. ૧૮૫૦ માં તેણે "પ્રોવર્બિયલ ફિલોસોફી" નામે કવિતાનું પુસ્તક લખ્યું હતું. ઇંગ્લેંડમાં તે એટલું તો લોકપ્રિય નીવડયું હતું કે, તેની દસ લાખ ઉપરાંત નકલો ખપી ગઇ હતી. પણ ખરૂં જોતાં એ પુસ્તકમાંની કવિતાઓ છેક સામાન્ય કોટિની હતી. ટીકાકારોએ એનો ખૂબ ઉપહાસ પણ કર્યો હતો. આવો નાલાયક કવિ ઇંગ્લેંડમાં લોકપ્રિય થઇ પડ્યો, એથી માર્કસને ખૂબ નવાઈ લાગી હતી અને ઇંગ્લેંડના લોક અરસિક છે એની તેને ખાતરી થઈ હતી. તેણે પોતાના વિખ્યાત ગ્રંથ "કેપિટલ"માં લખ્યું છે કે, "તત્ત્વવેત્તામાં જેવો બેન્થામ તેવો કવિઓમાં ટપર. ઇંગ્લેંડમાંજ આવાં રત્નો પાકી શકે!")

સ૦—તમને કયું ફૂલ ગમે છે?

જ૦—ડેફ્ને.

સ૦—તમને કયો રંગ ગમે છે?

જ૦—લાલ.

સ૦—તમને કયાં નામો ગમે છે?

જ૦—લૌરા અને જેની.

સ૦—તમને કયું સૂત્ર ગમે છે?

જ૦—"નિહિલ હ્યુમેનમ્ એ મી એલાયેનમ પ્યુટો." મારે કોઇ પારકો નથી **वसुधैव कुटुम्बकम्।**

સ૦—તમારૂં ધ્યાનસૂત્ર?

જ૦—દરેક વાતમાં શંકાવૃત્તિ રાખો.

(જયેષ્ઠ-૧૯૯૧ ના "કિશોર" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૨–બગાસું

(લેખકઃ–શ્રી. શિવપ્રસાદ કુ. ત્રિવેદી)

"ઊંઘે બગાસું મોકલ્યું, જા બગાસા તું:
તારૂં કહ્યુ ના માને તેને, ઢોળી પાડીશ હું."

આ લોકોક્તિમાં, ઊંઘના પ્રતિહારીરૂપે આપણે બગાસાને પિછાનીએ છીએ. ઊંઘ એ મનોશાંતિની દવા છે. થાકેલા અને કંટાળેલા મગજનો આરામ અને શાંતિનું ચિહ્ન છે. એટલે આ દૃષ્ટિએ બગાસાને પણ થાકેલા કે કંટાળેલા મગજના અવાજરૂપ આપણે જાણી શકીએ.

વડીલો આપણને શિખામણ આપતા હોય, શિષ્ટાચારને ખાતર આપણે કોકની વાત સાંભળી રહ્યા હોઇએ, કલાસમાં પ્રોફેસરનું શુષ્ક લેકચર ચાલતું હોય કે પછી કોક અપ્રિય અને અગમ્ય વાત આપણે સાંભળી રહ્યા હોઇએ, ત્યારે આપણને બગાસાં આવે છે. આવીજ રીતે આપણને કોકનું સાંન્નિધ્ય પ્રિય ન હોય, તો આપણે ખોટાં બગાસાં ખાવાની સહાય લેવા પ્રેરાઇએ છીએ. આથી આગંતુક આપોઆપ ઊઠવાની તૈયારી કરે છે.

બગાસું એ સ્વાભાવિક ક્રિયા છે. ધાર્યા મુજબ આપણે સાચું બગાસું ખાઈ શકતા નથી; તેમજ ઉપરાઉપરી આવતાં બગાસાંને રોકતાં આપણે થડકારો અનુભવીએ છીએ. બગાસું ખાતી વખતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોઢું પહોળું થાય છે, ગળાનો પડદો ખુલ્લો થાય છે અને હવાનો ઊંડો ઘૂંટ શ્વાસમાં પુરાય છે; સાથે સાથે પ્રશ્વાસની ક્રિયા પણ થાય છે. શ્વાસ અને પ્રશ્વાસ વખતે એક પ્રકારનો અવાજ પણ થાય છે. બગાસું ખાતી વખતે આપોઆપ આપણા હાથ ઊંચા થઈ જાય છે, છાતી ફૂલે છે, મોઢાની અને મહાપ્રાચીરાની માંસપેશીઓ સાથે શ્વાસપ્રશ્વાસની ક્રિયાની અન્ય માંસપેશીઓ ગતિમાન થાય છે. સાધારણ રીતે એમ કહી શકાય કે, બગાસું એટલે ઊંડો લીધેલો શ્વાસ.

ત્યારે બગાસું આવવાનું કારણ શું? એનું કારણ હવાની ભૂખ છે. થાકેલા માણસના લોહીમાં જ્યારે પ્રાણવાયુનું પ્રમાણ ઘટે અગર તો તેના મગજમાં જતા લોહીનું પ્રમાણ ઘટે, ત્યારે તેના દેહના સ્નાયુઓ (ટિસ્યુઝ) પ્રાણવાયુની ખોટ વાસ્તે મગજમાં આવેલા "શ્વાસ-નિયામક" સ્થાને સંદેશો મોકલે, એટલે તેને બગાસું આવે. આથી સ્નાયુઓને કે દેહના અણુઓને પ્રાણવાયુનો જથ્થો મળે. બગાસું ખાતી વખતે, હાથ ઊંચા કરવાથી, પગનાં આંગળાં ઉપર ઊભા રહી દેહ લંબાવવાથી લોહીનું પ્રસરણ ઝડપી બને છે. આથી હૃદયમાંથી લોહી ત્વરિત ગતિએ ફેફસાંમાં આવે છે. ત્યાં બગાસાંદ્વારા પુરાયેલો પ્રાણવાયુ તરતજ લોહીમાં ભળી જાય છે.

બગાસું કાંઇ ફક્ત શ્રમિત મગજનું કે આરામસૂચક નથી. ઘણી વાર મનની એકચિત્તતાથી બગાસું આવે છે. ધારો કે, તમે પત્તાંની રમત ખેલી રહ્યા છો. રમતમાં રંગ જામ્યો હોય, સામા પક્ષની ઊતર ઉપર હારજીતના ગણેશ મંડાયા હોય, આ વખતે તમારા જ્ઞાનતંતુઓ તંગ બને છે, મનની ગડભાંગ જાય છે, શંકા કે આનંદના હાવભાવ મોં ઉપર નહિ લાવવા સખ્ત અંકુશ રાખવો પડે છે; આ વખતે તમને બગાસું આવ્યા વિના નહિ રહે. તમે આ વખતે કંઈ થાકયા કે કંટાળ્યા નથી હોતા, પણ આ ક્ષણે તમારા હૃદયની ગતિ ઘણી વધી પડે છે. પત્તાંની ઊતર જોવા તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડીભર શ્વાસ થંભાવો છો અને આ સર્વ ક્રિયાઓને અંગે ઉદ્ભવેલી પ્રાણવાયુની ખોટ પૂરવા તમે બગાસાંનાં ભોગ બનો છો. ઘણી વાર તીવ્ર લાગણી, મનોમંથન વગેરેનાં પરિણામરૂપે બગાસાં આવે છે.

ઘણી વાર બગાસાં એ રોગસૂચક પણ છે, આ જાણી તમે નવાઇ પામશો; પણ કેટલીક વાર તાવમાં, ખાલી હોવાથી કે ખરાબ ખોરાકથી જઠર સણસણી ઊઠ્યું હોય ત્યારે ખરાબ બગાસાં આવે છે. છેલ્લાં દર્શાવેલાં કારણમાં લોહીમાં ખરાબ ખોરાકનું ઝેર ભળે છે, એ નિર્મૂળ કરવા પ્રાણવાયુની જરૂર પડે છે અને આથી બગાસાં આવવાં સ્વાભાવિક છે. હિસ્ટિરિયા, ન્યુરેસ્થેનિયા અને ફેફરાંના દર્દમાં બગાસાંની અધિકતા સાધારણ રીતે નજરે પડે છે.

બગાસું અદેખું છે. (સીમ્પેથેટિક એકશન) કોઇને બગાસું ખાતાં જોઈ, આપણને અનિચ્છાએ પણ બગાસું આવે છે. ઘણી વાર એની વાંછના માત્રથી એ આપણને નવાજે છે (રીફ્લેકસ એકશન).

અંતમાં, એક પ્રશ્ન પૂછી લઉં. આ વાંચતાં તમને બગાસું તો નથી આવ્યું ને? જો એમ બન્યું હોય તો તે, લેખ વાંચી કંટાળાને લીધે નહિ, પણ આ તમે રસપૂર્વક વાંચ્યું એના પરિણામરૂપે છે, એમ માની લેજો.

(આષાઢ-૧૯૯૪ ના "કિશોર" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૩–मंत्र शक्ति

મંત્રશક્તિનું માહાત્મ્ય આજે હિંદુસ્તાનની પ્રજામાં નવું શીખવાનું કે અજાણ્યું નથી. મંત્રથી તે ધારેલું મેળવે છે અને કરે છે. આપણાં વેદશાસ્ત્રો અને પુરાણોમાં સેંકડો સ્થળે મંત્રશક્તિનું પ્રતિપાદન કર્યું છે. ઇતર ધર્મીઓમાં પણ આગમ ઇત્યાદિદ્વારા મંત્રશક્તિની આઘોષણા કરી છે.

મંત્ર એટલે થોડામાં ઘણો અર્થ સમાયલો હોય, એવા ચેતનમય જીવનરૂપ શબ્દોને એકઠા કરેલા જેમાં હોય તે સમૂહને મંત્ર કહેવામાં આવે છે; અને એન્જિનમાં એકઠી કરેલી નાનીસરખી વરાળ જેમ મોટાં મોટાં વેગનો અને ડબ્બાઓને હજારો માઇલ દૂર સુધી લઇ જાય છે તેમ આ મંત્રોના સમૂહના શબ્દોના ઉચ્ચારથી વાતાવરણમાં એવું તો અદ્‌ભુત, શુદ્ધ બળ જામે છે કે તે જ્યાંથીત્યાંથી તે મંત્રના દેવતાને આપણી સમીપ આકર્ષી લાવે છે અને તેથીજ કહ્યું છે કેઃ—

मननान्मंत्र इत्याहुः समाधौ चित्तरोधनात्।
जपित्वा विधिपूर्वं वै नरः कल्याणमृच्छति॥

કોલાહલ વિનાના શાંત સ્થળમાં બેસી મંત્રનું મનન કરવાથી ચિત્તની નિરોધાવસ્થા સધાઇ સમાધિ–ધ્યાન પ્રાપ્ત થાય છે. તે વિધિપૂર્વક જપ કરવાથી મનુષ્ય પોતાના કલ્યાણને મેળવે છે.

मंत्रग्रहण मात्रेण नरो नारायणो भवेत।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંત્રને યથાર્થ રૂપમાં ગ્રહણ કરવાથી મનુષ્ય નારાયણસમો બની જાય છે.

મંત્રની શક્તિ અદ્દભુત છે. તેના સામર્થ્યની સીમા નથી; પણ ગુરુથી પ્રાપ્ત થયેલી તે શક્તિ હોવી જોઈએ. તમારો અધિકાર બીજો કશોજ ન હોય તોપણ ગુરુથી પ્રબોધાયલા મંત્રનો જપ કરશો તો કાર્યસિદ્ધિ અનુભવશો.

જીવનમાં જેમ આપણે તેને નિભાવવા માટે ખોરાક ગ્રહણ કરીએ છીએ, તેવીજ રીતે જપ પણ નિયમિત આત્માના વિકાસ માટે રોજ કરવા. ભાવ ન પ્રકટે તોપણ વારંવાર મનને જપમાં જોડીને અસ્ખલિત ધારા ચલાવવી. બગડેલી બાજીને સુધારવાનો આ એક અમોઘ ઉપાય છે.

આશ્ચર્ય થાય છે કે આટલી સરળતા અને સુલભતા હોવા છતાં મનુષ્યનું મન એવું દુર્જય છે કે તે અહીંથી તહીં વાનરની જેમ કૂદકા માર્યાજ કરે છે. આ વિકારી મનની ગતિને સદ્દવિકારી કરવાનું સાધન જપજ છે અને તેને પ્રસન્નતાપૂર્વક નિયમિત સાધી જીવનને ઉચ્ચ બનાવવું. અમને જપ કરવાનો વખત મળતો નથી એટલે જપ કેમ કરીને કરીએ? એ પણ જેને જપ નથી કરવા તે મનુષ્ય માટે બહાનું છે. મનુષ્યને હરવાફરવાનો વખત મળે છે, મિત્રોને મળવાનો વખત મળે છે, ખાવાપીવાનો વખત મળે છે, નાટકો અને સિનેમા જોવાનો વખત મળે છે, નોકરી કરવાનો વખત મળે છે અને જપ કરવાનો વખત મળતો નથી. આવી નિર્માલ્યતા છોડી દો અને જપસાધનને આજથી સાધવા માંડો. इति ॐ

("વિશ્વજ્યોતિ" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૪-શેરડીના અદ્‌ભુત ગુણ

(લેખકઃ-વૈદ્ય નંદરામ પ્રાગજી પંડ્યા)

શેરડીને સર્વ કોઇ સારી રીતે પિછાને છે. એ એક સાધારણ ખાદ્ય વસ્તુ છે. પિત્તના નીચેના રોગો ઉપર અનેક વખત વાપરતાં જે અલૌકિક ગુણ તેણે બતાવેલ તે અને નિઘંટાદિ શાસ્ત્રોમાં તથા અન્ય પુસ્તકોમાં નથી તેવા નીચેના રોગો ઉપર તેનો અપરિમિત અકથનીય ગુણ અનુભવેલો છે, તે નવીન બાબત પ્રસિદ્ધિમાં લાવવાનો આ લેખનો હેતુ છે.

માત્ર ગળપણ માટે શેરડી સર્વ કોઇ ખાય છે; પરંતુ ગળપણમાંજ તેના ગુણ પર્યાપ્તિ પામતા નથી. વિધિવિધાનસર યોગ્ય મુદત સુધી તેનું સેવન કરવામાં આવે તો તેમાં પણ અમૃત રહેલું છે અને તેથીજ તેને ત્રિદોષટાળક, બળપ્રદ, વીર્યવર્ધક, તૃપ્તિકર્તા, વીર્યપ્રદ, પુષ્ટિપ્રદ, વૃષ્ય, સંજીવનીય, શ્રમનાશક, કાંતિપ્રદ, રક્તવિકારહર, પિત્તદાહ-વાયુનાશક વગેરે અમૂલ્ય ગુણવાળી અમૃતરૂપે ગણેલ છે..

માત્ર માણેકઠારી પૂનમને દિવસે ચંદ્રકિરણમાં સાકર મૂકીએ, ને કવખતે તે જરા ખાવામાં આવે તેથી શું તેના શાસ્ત્રવર્ણિત ગુણો પ્રાપ્ત થઇ જાય ખરા કે? અમૃતનો પણ વિધિવિધાનસર યોગ્ય મુદત ઉપયોગ થાય તોજ ને અમુક મુદતે પોતાના ગુણ અવશ્ય બતાવેજ.

પંચામૃત-ઘી, દૂધ, દહીં, સાકર અને મધ એ પાંચને શાસ્ત્રે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમૃતની સંજ્ઞા આપી છે. રોજ દેવસેવામાં તેનાથી દેવને સ્નાન કરાવી તેનું ચરણામૃત લેવા શાસ્ત્રીય વિધાન ઋષિમુનિઓ અને વેદે પણ બતાવેલું છે. તેના ગુણનો વિચાર કરી રોજના જરૂરી કર્તવ્ય મુજબ તેનું સેવન કરવામાં અને નિત્ય નૈમિત્તિક કર્મ કરાય છે ખરૂં ?

આયુર્વેદનાં અમૃતોને તજી વિદેશી દવાઓ ઉપર વિમોહિત બનનારે કંઇક વિવેકબુદ્ધિ વાપરી, આયુર્વેદના અમૃતોનો કાયાકલ્પ તરીકેજ ઉપયોગ અમુક કાળ (વૃદ્ધપણે) ન કરતાં વિધિસર સદોદિત ઉપયોગ થાય તો તે સદ્ય કાયાકલ્પજ છે.

"પુષ્ટિ, બળ, શુક્ર વગેરે વિશેષે વધારનાર પૃથ્વી પર બહુ રસાયણ છે; પરંતુ હે સતી! કંદર્પ વધારનાર, દીર્ઘાયુષ અને તંદુરસ્તી આપનાર પંચામૃત સમાન મહાન પ્રયોગ બીજો નથી એવો મારો ખાસ મત છે." (વૈદજીવન). શેરડી પણ આ માંહેનું એક અમૃતજ છે.

શેરડીની ત્રણ જાતો છે:-(૧) ધોળી, (૨) રાતી અને (૩) કાળી. તેનાં નામો તથા ગુણો નિઘંટાદિમાં આ પ્રમાણે વર્ણવ્યાં છે:—

નામ:—સંસ્કૃત-ઇક્ષુ ગુડકાષ્ટ, પર્વયોનિ, રસાળુ, ખડગપત્રક. ગુજરાતી-શેરડી. મરાઠી-ઊસ. હિંદુસ્તાની-ગાંડા, પોડા, ઉસ, ગડરી; ફારસી-નેસકર અફરદે, અરબી-કસબુ સકર. કર્ણાટકી-કબુ. તૈલંગી-ચિરક. અંગ્રેજી-શુગર કેન. લેટીન-સેકકેર આલ્બે. વર્ગ આમીનોસી.

ગુણ:—શેરડી રક્તપિત્ત ટાળક, બળપ્રદ, વૃષ્ય, કફકર, સ્વાદિષ્ટ, સ્નિગ્ધ, ગુરુ, મૂત્રલ ને ઠંડી છે. ધોળી શેરડી-સ્નિગ્ધ, તૃપ્તિકર્તા, પુષ્ટિપ્રદ, સંજીવનીય, સ્વાદિષ્ટ, શ્રમને ટાળનાર, વૃષ્ય, રક્તપિત્ત ટાળક, કફકર છે. કાળી શેરડીનો ગુણ ધોળી શેરડીના જેવોજ છે તથા વૃષ્ય, તૃપ્તિ દેનાર અને દાહટાળક છે. રાતી શેરડી શીતળ, પાકમાં મધુર, મૃદુ, વીર્યપ્રદ, બળપ્રદ, કાંતિકર, સપ્ત ધાતુને હિતકર, ભારે, જરા તૂરી, પિત્ત, દાહ, વિસ્ફોટક, મૂત્રઘાત, મૂત્રકૃચ્છ તથા રક્ત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિકારનો નાશ કરનાર છે. મૂળિયાંમાં મધુર રસ, મધ્ય ભાગમાં પણ તેવો રસ છે. ગાંઠો–છોતાં–આગલામાં ખારાશ પડતો રસ છે. કાચી કફકર્તા, મેદકર, પ્રમેહકર, અર્ધપક્વ, વાતનાશક, સ્વાદિષ્ટ, જરા તીક્ષ્ણ, પિત્તનાશક છે. પૂર્ણપક્વ–રક્તપિત્ત શામક, ક્ષતનિવારક, બળ અને વીર્યને આપનાર છે.

દાંતથી ચાવી ચૂસી ખાવાના ગુણ:—રક્તપિત્તનાશક, વીર્યવર્ધક, દાહટાળક, શીતળ, મધુર, પુષ્ટિપ્રદ, સ્નિગ્ધ, હૃદ્ય, નેત્રને હિતકર્તા, કફકર્તા. સારક, મૂત્રલ, શ્રમહરનાર, મેદવર્ધક, શાંતિપ્રદ, ત્રિદોષનાશક, ઇંદ્રિયોને તૃપ્તિ આપનાર અમૃત સમાન છે.

ચીંચોડાથી પીલી કાઢેલ રસ:—મૂળિયાં, ગાંઠો, છોતાં તથા અગ્રભાગસહિત પિલાયેલનો રસ મલિનતા વાળો, વધારે સમય પડ્યો રહેવાથી જરા ખટાશ પડનો થયેલ દુષિત ગણેલો છે. તે દાહક, મળવર્ધક, ભારે ગણેલો છે. વાયુનાશક છે; તેથી ગુલ્મ, ઉદાવર્ત, યકૃત અને બરોલ ટાળવામાં જૂનો રસ સારો છે; ભેદક તથા મૂત્રલ છે. પકાવેલ રસ ભારે, સ્નિગ્ધ, તીક્ષ્ણ, કફવાતનાશક, ગુલ્મ, આફરાને ટાળક તથા જરા પિત્તકર્તા છે.

સમય પરત્વે ગુણ:—ભોજન પહેલાં સવારમાં ચૂસી ખાવાથી પિત્તનાશક અને ભોજન પછી ખાવાથી વાતને કોપાવનાર છે.

રસથી બનેલ ચીજો:—તૃષા, દાહ, મૂર્છા, રક્તપિત્ત, વાત, મોહ તથા વિષદોષ હણનાર છે. પાચનમાં જરા ભારે, સ્વાદે મધુર, બળપ્રદ, સ્નિગ્ધ, સારક, વીર્યવર્ધક, શીતળ તથા પુષ્ટિકારક છે.

પકવતાં જરા ઘાટો થયેલ રસ ફણિત કહેવાય છે. નેત્રને હિતકર્તા, વીર્યપ્રદ, વાત, પિત્ત તથા શ્રમને દૂર કરનાર, મૂત્ર તથા બસ્તીને શોધનાર છે.

ઘણો ઘાટો જરા પાતળો રસ મત્સદી કહેવાય છે. તે ભેદક, બળપ્રદ, હલકો, વાતપિત્ત શામક, મધુર, પુષ્ટિકર્તા, વીર્યવર્ધક તથા લોહીના વિકારોને ટાળનાર છે. ટૂંકામાં આવી સસ્તી અને પુષ્કળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળી શકતી શેરડીનું નીચે પ્રમાણેના વિધિસર સેવન કરવાથી પિત્ત-પ્રકોપનાં દરદો ચોક્કસ નાબૂદજ થાય છે.

રસ પડ્યો રહેવાથી ખાટો બને છે, તેને સરકો-વીનેગર કહે છે. તે ઉદરનાં દરદો જેવાં કે યકૃત, બરોલ, વિદ્રધિ, પેટમાંની ગાંઠો, ગુલ્મ, આફરો અને અપચો ઇત્યાદિનો ટાળક છે.

શાસ્ત્રવર્ણિત ગુણો ઉપર મુજબ વર્ણવાયા. હવે ખાસ જાત-અનુભવની અજબ અસરકારક બીનાનું નીચે વિધિસર વિવેચન આપવામાં આવે છે, તેથી શેરડીમાં કેવા મહાન ગુણો છે તે જણાશે.

રાતી, ધોળી કે કાળી ત્રણમાંથી ગમે તે મળી શકે તે શેરડીને છોલી, રાત્રે ચંદ્રકિરણમાં મૂકી, સવારમાં સૂર્યોદય પહેલાં ઊઠી તેને તૃપ્તિ થતાં સુધી ચાવી રસ ગળવો; તેથી થોડાજ દિવસમાં નીચેનાં દરદો જે બીજા ઉપાયોથી નહિ મટેલા તે નિશ્ચય નાબૂદ થાય છે, એવો અમારો ખાસ જાતઅનુભવ છે.

(૧) પિત્તના નિમ્નલિખિત ૪૦ રોગો. (૨) કમળો ત્રણ દિવસમાંજ નાબૂદ થાય છે. (૩) પાંડુ આઠ દિવસમાં મટે છે. (૪) હલીમક તથા કુંભક કમળો. (૫) રક્તાતિસાર-લોહીયુક્ત મરડો, જે કોઇ ઉપાયે મટતો ન હોય તે ત્રણ દિવસમાં બંધ થાય છે. (૬) આમણ-ઉપર મુજબ રસ સેવવો અને ગાયના છાણની પોટલીથી આમણને શેક કરવો. (૭) પિત્ત સંગ્રહણી-વારંવાર મુખપાક થઇ આવતો હોય, ઝાડા થયા કરતા હોય તો સંગ્રહણી ઉપર સેવન કરવું. (૮) પ્રદર (રક્ત-પ્રદર) ઉપર સેવવી. (૯) રક્તપિત્ત-રસમાં અરધું લીંબુ નીચોવી દિવસમાં ૩-૪ વખત પીવો. (૧૦) મૂત્રાઘાત (મૂત્રકૃચ્છ્ર)-શેરડી ઉપર મુજબ ચંદ્રકિરણમાં મૂકેલ પેટપૂર સેવવી તથા સોડાવૉટર પુષ્કળ પીવું. (૧૧) રક્તાર્શ-શેરડી સેવવી. (૧૨) ઊનવા. (૧૩) દાહ-તૃષા. (૧૪.) રક્તવિકાર ટાળવા સેવવી. રક્તવિકાર પિત્તાધિક દોષનું કારણ છે.

("વૈદ્યકલ્પતરુ" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૫–લીંબડાના વૃક્ષના નાશના ભણકારા

(લેખકઃ–શ્રી. વૈદ્ય નૂરમહમદ હમીર)

(હિંદની મહાન ઔષધિ ઉપર ઊતરેલ કોપ.)

" પહેલાં ગયા થોર, પછી ચાલ્યાં ઢોર અને હવે ચાલ્યો લીંબડાનો મોર. "

આજે છેલ્લા દશકામાં હાથલા થોરનો નાશ થયો. એને માટે કોઇએ દરકાર ન કરી. હવે આજે ફરીવાર એજ કુદરતનો કોપ લીંબડાના વૃક્ષ ઉપર ઊતરેલ છે. છેલ્લાં બે અઠવાડિયાંમાં પાલીતાણા તથા આસપાસમાં ભયંકર રોગ આવેલ છે, એમ અમારા મુસ્લિમભાઇ અબ્દુલગની એન. પાયક, જમીદાર (ચોક દાઠા થાણા) જગજાહેર છપાવવા કહે છે. રોગનાં લક્ષણોઃ—

(૧) પ્રથમ પાંદડાં પીળાં થવા લાગે, પછી પાતળી ડાળી ઉપર સફેદ ગૂમડાં જેવું લાગે, પછી જાડી ડાળોને અને છેવટે આખા વૃક્ષને ધોળી જીવાત ઘેરી લે છે. છેવટે વૃક્ષ નિર્જીવ બને છે. લીંબડાની અનહદ મૂગી સેવાઓ છે. તેનાં છાલ, પાંદડાં, પાંદડાનો રસ તેમજ તેના પર થતા ગળોના વેલા અને તેનો શીતળ છાંયડો, એ દરેક વસ્તુ કુદરતી દવા તરીકે વપરાય છે. લીંબડાનું વૃક્ષ અનેક દર્દના જંતુનો નાશ કરનાર છે. લીંબડાના વૃક્ષના અસ્તિત્વને લઇ હજારો ગરીબ માણસો વગર પૈસે સાજા થાય છે. કાઠિયાવાડની અંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે વૃક્ષ વધારવાની જરૂર છે, ત્યારે જો આ દરદ ઉપર ચાંપતા ઇલાજ નહિ લેવામાં આવે, તો દેશ ઉપર અનેક દરદોનો દાવાનળ સળગશે; માટે ચેતો. વરસાદ લાવવામાં આ ઉપયોગી વૃક્ષો નાબૂદ થતાં દેશમાં દુષ્ટ કાળની ભીતિ વધી જશે.

લાખો લીંબડાનાં વૃક્ષોનો નાશ થાય તે પહેલાં ચેતવાની ખાસ જરૂર છે. હાલમાં અત્યારે બીજાં ઝાડો ન વાવી શકો, પણ જે છે તે જરૂર બચાવો, નહિ તો થોરની માફક તેનો નાશ થશે; કારણકે આ દરદની જીવાત થોરને લગતીજ છે.

દરેક માણસ જોશે તો જોતજોતામાં આ ધોળી જીવાત ફેલાઇ જશે, માટે હજુ વખત છે. આ લીંબડાનાં વૃક્ષ ઉપર સર્ચલાઇટ ફેંકવાની જરૂર છે, માટે તાત્કાલિક ઉપાય શું છે અને શાથી બચશે તે શોધવાની પણ ખાસ જરૂર છે. દરેક વર્તમાનપત્રોએ આ હકીકત બહાર લાવવાની જરૂર છે.

આ વૃક્ષ નાબૂદ થયા પછી એની મહાન ખોટ જણાશે. જેની શીતળ છાયા નીચે બેસવાથી કંઇક દરદોને નાબૂદ કરે એવું એ ઔષધના ભંડારરૂપી વૃક્ષ, જેના આકર્ષણથી મેઘરાજાને પણ પૃથ્વીની સપાટી પર આવવું પડે છે તે ઉત્તમ પ્રાણવાયુ આપનારૂં એ વૃક્ષ દુનિયાને છેલ્લી સલામ કરવા તૈયારી કરી રહ્યું છે, માટે ચેતો, ઔષધના ભંડારને રોકો. વરસાદ લાવવા માટે હજુ એની પૃથ્વી ઉપર ખૂબ જરૂર છે. માનવવસ્તી વધે છે, સાયન્સ આગળ વધે છે. એ બંનેમાંથી નીકળતા કાર્બન-ડી-ઓક્સાઇડને પ્રાણવાયુમાં ફેરવે છે, એવા ઉત્તમ વૃક્ષને બચાવવા કોણ નહિ પ્રયત્ન કરે?

હાલ તરત તો રોગિષ્ટ વૃક્ષને બાળી ભસ્મીભૂત કરવામાં આવે તો જીવાતનો આપોઆપ નાશ થવા સંભવ છે.

૧. લીંબડાના વૃક્ષ તળે ગંધકની ધૂણી આપવાથી લીંબડાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાશ કરતાં જંતુ નાશ પામશે.

૨. લીંબડાના પાન સૂકવી લીંબડાના વૃક્ષ તળે બાળવાથી તેના ધુમાડાથી લીંબડાનો નાશ કરનાર જંતુ નાશ પામશે.

૩. પાણીમાં કપૂર ભેળવી પાણીની પિચકારી લીંબડાના વૃક્ષ પર મારવામાં આવે તો તે જંતુઓ નાશ પામે.

૪. લીંબડાના મૂળ પાસે કીડા મારી ખાતરરૂપે દાટી દેવાથી રોગિષ્ઠ લીંબડો જંતુથી બચી શકશે.

જો આ કાર્ય રાજામહારાજા તથા સરકાર હાથ ધરે, તોજ લીંબડો બચી શકશે અથવા આ કામ દરેક મહાજન ઉપાડી લેશે તો લીંબડો બચી શકશે; માટે લીંબડાને નીમનારાયણ કહેનારા ભક્તો લીંબડાનો બચાવ કરો. હિંદની એક મહાન ઔષધિ લીંબડા ઉપર ઊતરી રહેલ કોપમાંથી તેને ઉગારો.

("વૈદ્યકલ્પતરુ" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

८६-केटलुंक जाणवा जेवुं

ખરૂં વાચન : ખરૂં પુસ્તકાલય

(લેખકઃ-સર પ્રભાશંકર પટ્ટણી)

ચારિત્ર્ય એટલે શું? તો કે માણસ અંધારામાં રહીને જે કરે છે તે; એટલે કે અંધારામાં એકલા હોઇએ, કોઇ દેખે નહિ અને સામે સૌંદર્ય કે રત્નના ભંડાર આપણી માલિકીના ન હોય તેવા પડેલા હોય, છતાં તે લેવા હાથ લાંબો ન થાય કે મન ચંચળ ન થાય અને હલકું કામ ન કરે તેનું નામ ચારિત્ર્ય. ચારિત્ર્ય વગરનું વાચન તે મારે મન તો કોથળામાં રાખેલાં રત્ન જેવું-કિંમત વગરનું છે. વર્તન જાણવા માટે મિત્રો કોણ એમ પૂછવામાં આવે છે; પણ હું તો મિત્રો કરતાં તે કયાં પુસ્તકો વાંચે છે તે જાણું, તો તરતજ કહી દઉં કે, આ ભાઇ આ સ્વભાવના કે આવા વર્તનવાળા છે. જે જાતનાં પુસ્તક વાંચે તે ઉપરથી તે માણસનું ચારિત્ર્ય કેવું છે તે ચોક્કસ કહી શકાય. તેથી જે પુસ્તકો ચારિત્ર્ય સુધારે નહિ, ઉપયોગી જ્ઞાન આપે નહિ તેવાં પુસ્તકો પુસ્તકાલયમાં નહિ જોઇએ. દરેક યુવક પુસ્તક વાંચે અને તેનો મંત્ર વા નિચોડ શોધી તે ચારિત્ર્યમાં ધારણ કરે તેનું નામ ખરૂં વાચન અને તે ઉદ્દેશ સફળ કરી શકે તેવી સંસ્થા હોય તેજ ખરૂં પુસ્તકાલય.

ઈસુ

મદ્રાસનાં ડેપ્યુટી મિ. એસ રામસ્વામી આયર બી. એ. એલ.

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર. એ. એસ., તેમણે જાહેર કર્યું છે કે ઈસુખ્રિસ્ત વિશ્વકર્માના વંશના બ્રાહ્મણ હતા. તેઓ જનોઇ પહેરતા, સુતારી કામ કરતા. તેમની માતા મેરી હિંદુ સ્ત્રીઓની જેમ સાડી, બંગડીઓ વગેરે પહેરતી અને કપાળમાં વિભૂતિ ધારણ કરતી. (આ બાબત કોઇને શંકા હોય તો લેખક સપ્રમાણ સાબિત કરી આપશે.)

જૂનવાણી માનસ

"ચોપડીઓ વાંચવાથી બૈરાંછોકરાં બગડી જાય છે, ન શીખવાનું શીખી જાય છે; સામા બોલવાની અને ઉડાઉ જવાબ દેવાની ટેવ પડી જાય છે અને અમારા કહ્યામાં તો રહેતાજ નથી એટલે નાહક ચોપડીઓમાં પૈસા ખર્ચી અમારૂં ઘર બગાડવું નથી."

આજ ગૃહસ્થ પોતે પોતાના બૈરાંછોકરાં સાથે ઘોડાગાડી કે ટેક્સીમાં બેસીને ગમે તે સિનેમાની નવનવ આના કે ચૌદચૌદ આનાવાળી ટિકિટો કપાવે છે. બે આનાની સિનેમાની ચારછ પાનાંની આકર્ષક છબીઓવાળી ચોપડી લે છે. વચમાં આઈસક્રીમ, સોડા, શરબત કે છેવટે મગફળી ખાઇને સંતોષ માને છે અને બેત્રણ કલાકમાં બેત્રણ રૂપિયા ખર્ચીને ઘેર આવે છે.

તેઓ કહેશે કે ત્યાં જઇને બૈરાંછોકરાંઓને શું શિખવાડી આવ્યા?

પ્રાચીન ઇરાનનું શિક્ષણ

પ્રાચીન કાળમાં ઇરાનના લોકો પોતાનાં બાળકોને ત્રણ વાનાં નાનપણથીજ શીખવતાઃ-(૧) ઘોડેસવારી કરતાં; (૨) અચૂક નિશાન તાકી દક્ષતાથી બાણ મારતાં અને (૩) સાચું બોલતાં.

સારો સાબુ કેમ બનાવવો?

ઘેર બનાવવાના ધોવાના સાબુમાં વૉશિંગ સોડાને બદલે 'સોપ સ્ટોન પાઉડર' નાખવાથી બજારના કરતાંયે સારો સાબુ બનશે. ૧ શેર કૉસ્ટિક સોડા, ૪ શેર પાણી, ૩/૪ શેર સોપ સ્ટોન પાઉડર, ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેર કોપરેલ આ પ્રમાણે લેવું અને સોપ સ્ટોન પાઉડર કોસ્ટિકથી ગરમ થયેલું પાણી ઠંડું થયા બાદ નાખવું. (પો. કુ. પંચાલ)

જમતી વેળા

કઢંગી રીતે બેસવાની ટેવ હોય, મોટા સબડકા ભરવાની આદત હોય, કોળિયો જમીને આંગળાં ચાટતાં કે છાંટતા હો, સામા માણસને ગમે કે ન ગમે છતાં વાતો કરતા હો, બીજી વાનીઓની ઉપેક્ષા કરી તમને ગમતી વાની પરજ હાથ ચલાવતા હો અને જમી રહ્યા પછી જે હાથમાં આવ્યું તે વડે દાંત ખોતર ખોતર કર્યા કરતા હો, તો જરૂર માનજો કે બીજા કોઇને ત્યાં પણ જમનાર તરીકે તમે અળખામણા થઇ પડવાના.

અજમાવી જોજો

દરિયાકાંઠાનો કાંકરો જો મોંમાં રાખીને ચૂસ્યા કર્યો હોય તો વહાણના ઝોલાંને લીધે ફેર ચડે છે તે ચડતા નથી અને ઊલટી વગેરે થતું નથી.

શું ન ખાવું ?

શ્રાવણ દૂધ, ભાદરવે દહીં, આસોજ કાકડી, કારેલાં કારતક મહીં; આંગણ (માગશર) આંબળાં, પોષ ધાણા, માઘ મીશ્રી, ફાગણ ચણા, ચૈત્ર ગોળ, વૈશાખે તેલ, જેઠ મહિને કાંદો મેલ; અષાડ મહિને આદુ ખાય, મરે નહિ તો માંદો થાય.

समाप्त

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યશવંત
બુકબાઇન્ડીંગ વર્કસ,
ઢાલગરવાડ,
અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar